G.U.P. 731-276-2-61

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૧ના જા-યુઆરી માસની સભા શનિવાર, તા. ૭-૧-૧૯૬૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. એમ. ડી. રાજપાલ, સંચાલક, શિક્ષણખાતું	હાજર
૩. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૮. શ્રી. ધનશ્યામભાઈ સી. ઓઝા	હાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર
૧૪. ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર
૧૫. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	હાજર
૧૬. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭. પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ	હાજર
૧૮. પ્રિન્સિપલ વલ્લભરામ વી. વૈદ્ય	હાજર

૧. તા. ૩–૧૨–૧૯૬૦ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૬૦ના ડિસેમ્બર માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૩–૧૨–૧૯૬૦ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૦ના ડિસેમ્બર માસની સભાના કામકાજની નોંધમાં, બાબત નં. ૫૮માં નીચેનો સુધારો કરવામાં આવ્યો તે પછી સુધારા સાથે નોંધ મંજૂર કરવામાં આવી :

બાબત નં. ૫૮ ઉપરના ઠરાવની કલમ (૪) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

(૪) પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી) સિવાયની પરીક્ષાઓ માટે કેન્દ્રો માટેની જે અરજીઓ આવી હોય તે અરજીઓ પરત્વે નીચેના મુદ્દાઓ લક્ષમાં લઈને ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) ઇન્ટરમીડિયેટ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની પરીક્ષાઓમાં ઓછામાં ઓછા ૨૦૦ રેગ્યુલર વિદ્યાર્થીઓ બેસવાના હોય તો જ કેન્દ્ર આપવું; જ્યારે બી.એ. તથા બી.એસસી.ની પરીક્ષાઓમાં ઓછામાં ઓછા ૧૦૦ રેગ્યુલર વિદ્યાર્થીઓ બેસવાના હોય તો જ કેન્દ્ર આપવું;

(૨) મુદ્રણાલયની જરૂરી વ્યવસ્થા છે કે કેમ;

(૩) વિજ્ઞાનની વિદ્યાશાખાની પરીક્ષા માટે કેન્દ્ર આપવાનું હોય તો તે બાબતમાં પ્રયોગશાળા માટે ઘટતી વ્યવસ્થા છે કે કેમ.

૨. ફાઇન આર્ટ્સના ડિપ્લોમા–અભ્યાસક્રમોને આવરી લેવા માટે સ્ટે. ૧૭૯માં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટ્યુટ નં. ૧૭૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

"S. 179 :

The University shall grant the following Diplomas to such persons as have undergone the prescribed courses at any College or Colleges affiliated to, or any Institution or Institutions recognised by, or Department of, the University under the Act and have passed the qualifying examination for the same in accordance with the Ordinances and Regulations :

Faculty of Arts including Education :

1. Diploma in Teaching (Dip.T.)
2. Diploma in Journalism (Dip.J.)
3. Diploma in Labour Welfare (D.L.W.
4. Diploma in Drama (Dip.Dra.)

5. Diploma in Music (Dip.Mus.)
6. Diploma in Painting & Sculpture (Dip.P. & S.)
7. Diploma in Architecture (Dip.Arch.)
8. Diploma in Dancing (Dip.Dan.)

Faculty of Law :

9. Diploma in Labour Laws and Practice (D.L.P.)
10. Diploma in Taxation Laws and Practice (D.T.P.)

Faculty of Medicine :

11. Diploma in Ophthalmology (D.O.)
12. Diploma in Anaesthesia (D.A.)
13. Diploma in Paediatrics (D.Paed.)
14. Diploma in Public Health (D.P.H.)
15. Diploma in E. N. T. (D.L.O.)
16. Diploma in Gynaecology & Obstetrics (D.G.O.)
17. Diploma in Veneriology and Dermatology (D.V. & D.)
18. Diploma in Medical Radiology & Electro-Therapeutics (D.M.R.E.)
19. Diploma in Pharmacy (Dip.Pharm.)

Faculty of Commerce :

20. Diploma in Statistics (D.S.)
21. Diploma in Business Management (D.B.M.)
22. Diploma in Industrial Management (D.I.M.)

and such other Diplomas in such Faculties as the Senate may, from time to time, institute in accordance with sub-clause (*xvii*) of Section 18 (1) of the Gujarat University Act, 1949."

૩. ત્રૈવાર્ષિક તપાસ તથા અધ્યાપકગણમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિઓના સભ્યો શ્રી. એચ. પી. શુક્લ તથા શ્રી. ટી. એ. દેસાઈ અનુક્રમે સેનેટના સભ્યપદે તથા ઇજનેરી વિદ્યાશાખાના ડીન તરીકે ન રહેતા હોવાથી તેઓની જગ્યાએ અન્ય સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, (૧) ત્રૈવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિ તથા (૨) અધ્યાપકગણમાં થતા ફેરફારો અંગેની સ્થાયી સમિતિ એ બેઉ સમિતિઓ ઉપર, શ્રી. એચ. પી. શુકલ અને શ્રી. એ. દેસાઈનાં સ્થાને શ્રી. આઈ. એમ. નાણાવટી અને પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયકની નિમણૂક કરવી.

૪. સિન્ડિકેટની તા. ૧-૧૦-૧૯૬૦ની બેઠકમાં ઠરાવ્યા મુજબ સુધારેલો ઑર્ડિ. ૧૨૦-એ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલો ઑર્ડિનન્સ નં. ૧૨૦-એ મંજૂર કરવો, તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

(સુધારેલા ઑર્ડિનન્સ નં. ૧૨૦-એ ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫. કુ. પી. એ. અગાસકરને અંગ્રેજીનાં લેક્ચરર તરીકે લાયક ગણવા અંગે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૭-૧૨-૧૯૬૦ના પત્રાંક ૩૯૭૮ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. પી. એ. અગાસકરને અંગ્રેજીનાં લેક્ચરર તરીકે લાયક ગણી શકાય નહિ.

(**નોંધ.**—અંગ્રેજીના પ્રૉફેસર તથા લેક્ચરરની જગ્યાઓ માટે, યુનિવર્સિટીએ નિયત કરેલાં ધારાધોરણો પ્રમાણે સંલગ્ન કૉલેજોમાં યોગ્ય વ્યક્તિઓ મળતી ન હોવાથી સામાન્ય ફરિયાદ આવતી જણાય છે, તો આ બાબત સ્વતંત્ર રીતે કાર્યાલય તરફથી ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવાનું રાખવું.)

૬. સંલગ્ન કૉલેજોમાં યુનિવર્સિટીએ ઘડેલા નિયમો અનુસાર લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂકોની માન્યતા બાબતમાં શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્ય શ્રી. ય. પ્રા. શુક્લના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોઈ કૉલેજના આચાર્ય કે માન્ય થયેલી સંસ્થાના અધ્યક્ષ તરફથી, શિક્ષકોની લાયકાત બાબતમાં સ્પષ્ટતા કરવા અંગે, વેળાસર કાંઈ પૂછપરછ કરવામાં આવે તો તે બાબત અધ્યાપકગણમાં થતા ફેરફારો અંગેની સ્થાયી સમિતિને પૂછવાનું રાખવું.

(**નોંધ.**—સ્થાયી સમિતિની સલાહ પ્રમાણે નિમણૂક કરવાની હોય તેવા કેસોમાં કૉલેજોના આચાર્યો તથા સંસ્થાઓના અધ્યક્ષોએ ઠીક ઠીક અગાઉથી યુનિવર્સિટી કાર્યાલયને લખવાનું રહેશે.)

(શ્રી. હ. કા. આર્ટ્સ કૉલેજના આચાર્યના પત્રની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૭. મુંબઈ મુકામે તા. ૨૧થી ૨૩ ફેબ્રુઆરી ૧૯૬૧માં મળનાર "લૉ ઍનર્જી ન્યુક્લિયર ફિઝિક્સ" ઉપરના પાંચમા પરિસંવાદમાં યુનિવર્સિટીના એક પ્રતિનિધિને મોકલવાની વિનંતી કરતા મધ્યસ્થ સરકારના ઍટોમિક ઍનર્જી વિભાગના ઉપમંત્રીના તા. ૬-૧૨-૧૯૬૦ના પત્રાંક ૧૫-૩-૬૦-ટેક-૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૮. નવી દિલ્હી મુકામે "અપર ઍટ્મોસ્ફિયર" અને "આઈ. જી. વાય. ૩૭" પર, આગામી વર્ષના ફેબ્રુઆરી માસની તા. ૧૩થી ૧૭ દરમિયાન પરિસંવાદ યોજનાર હોઈ,

આ માટે, આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા, "ધી ઇન્ટરનેશનલ જિયોફિઝિકલ ઇયર"ના મંત્રી તરફથી આવેલ તા. ૨૩-૧૨-૧૯૬૦ના પત્રાંક ડી.એ. આઈ.જી.વાય.-૫૭-૧-૬૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે, વિજ્ઞાન-ભવનના ભૌતિકવિજ્ઞાનના રીડર ડૉ. કે. એમ. કોટડિયાને મોકલવા.

૯. કોઇમ્બતુર મુકામે તા. ૯થી ૧૧ ફેબ્રુઆરી ૧૯૬૧માં મળનાર "એસોસિયેશન ઑફ પ્રિન્સિપલ્સ ઑફ ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂશન્સ (ઇન્ડિયા)"ના વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે મજકૂર સંસ્થાના માનદ મંત્રી તરફથી આવેલ તા. ૧૨-૧૨-૧૯૬૦ના પત્રાંક એકશન-એ-૨૨૫૬૭ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ એસોસિયેશનના વાર્ષિક અધિવેશનમાં, આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે, પ્રિન્સિપલ એસ. કે. કાત્રકને મોકલવા.

૧૦. સોશિયોલોજી અને એન્થ્રોપોલોજીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાએ મંજૂરી આપી છે તે અંગે વિચારણા કરવા બાબત:

અભ્યાસસમિતિની ભલામણ

"..આ બોર્ડ વધુમાં ઠરાવે છે કે, એમ. એ. સોશિયોલોજીના જૂના અભ્યાસક્રમ પ્રમાણે જે વિદ્યાર્થીએ ૪ સત્રો ભર્યાં હોય અને પરીક્ષામાં બેઠા હોય અને નાપાસ થયા હોય અગર સત્રો રાખ્યા પછી તે પરીક્ષામાં બેઠા ન હોય અને નવા અભ્યાસક્રમ પ્રમાણે એમ.એ. (સોશિયોલોજી)ની પરીક્ષામાં બેસવા ઇચ્છતા હોય તો તેવા વિદ્યાર્થીઓને એક સત્ર વધુ રાખીને ગ્રુપ "એફ" પેપર ૪નું "માસ્ટર એસેઝ" તૈયાર કર્યા પછી નવા અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષામાં બેસવા દેવાની પરવાનગી આપવી.."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૧. ગૃહવિજ્ઞાનમાં એમ.એ. નો અનુસ્નાતક પદવી માટેનો અભ્યાસક્રમ આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨. ઑલ-ઇન્ડિયા કાઉન્સિલ ઑફ ટેકનિકલ એજ્યુકેશનના "નેશનલ સર્ટિફિકેટ કોર્સ" પાસ કરનાર વિદ્યાર્થીને ઇજનેરી શાખાના પદવી અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા બાબતના ભારત સરકારના સૂચન ઉપર ઇજનેરી વિદ્યાશાખાએ તેની તા. ૨૩-૮-૧૯૬૦ની સભામાં દર્શાવેલો નીચેનો અભિપ્રાય:

ઇજનેરી વિદ્યાશાખાનો અભિપ્રાય

"...the standard attained in the subjects of English, Physics, Chemistry and Mathematics upto the Final National Certificate Exami-

nation in Engineering, is lower than the standard of Inter Science of Gujarat University. So also there are practically no students on this side of the country preparing and appearing for the National Certificate Course in Engineering. Also the students who, after passing such examination, desire to join the Engineering Colleges affiliated to the Gujarat University, will necessarily be students not knowing Gujarati language which is intended to be the medium of instruction in the Gujarat University."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑલ-ઇન્ડિયા કાઉન્સિલ ઑફ ટેકનિકલ એજ્યુકેશનનો "નેશનલ સર્ટિફિકેટ કોર્સ" પાસ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીની ઇજનેરી શાખાના અભ્યાસક્રમમાં પ્રવેશ આપી શકાય નહિ.

૧૩. ઑ. ૧૨૭ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

O. 127:

If a candidate is allowed to join the next higher class, because he has obtained exemption from all subjects but one in which he has failed, he will not be permitted to appear for the higher examination, unless—

(*i*) he has previously passed in the single remaining subject of the lower examination; or

(*ii*) he appears in that subject of simultaneously with his appearance at the higher examination.

In the latter case, however, he will, in no circumstances, be considered to have passed the higher examination or in any part thereof, unless he passes in the aforesaid single subject (with such necessary percentage in that single remaining subject as laid down for passing in the total, if the total is also a head of passing) at the same examination season or within two years from the examination season in which he has secured passing marks at the higher examination, where his result has not been declared, provided that a candidate who does not pass in the remaining subject in the lower examination as hereinabove stated, he will forfeit all benefits accruing from the marks obtained by him in the higher examination. The terms kept by him, however, for such higher examination will be available to him for any further appearance at that examination.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ નં. ૧૨૭ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારવો, તથા સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૧૪. એમ.બી., બી.એસ.ની પરીક્ષાનો અભ્યાસક્રમ પાંચ વર્ષનો કરવાથી તથા શિક્ષણોત્તર તાલીમ (ઇન્ટર્નશિપ)નો સમય છ મહિનાનો કરવાથી ઑ. ૨૫૫, ૨૫૭, ૨૬૩, ૨૭૨ અને ૨૭૨-એ નો પાઠ સુધારવાની તથા ઑ. ૨૫૫ના સુધારા પ્રમાણે ઑ. ૨૫૬, ૨૫૭, ૨૬૩, ૨૭૨ તથા ૨૭૨-એ ને જૂન ૧૯૬૦માં જે વિદ્યાર્થીઓ પહેલી એમ.બી., બી.એસ.ના અભ્યાસક્રમમાં દાખલ થતા હોય તેમને લાગુ પાડવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણો મંજૂર કરવી, તથા તે પ્રમાણે ઑર્ડિનન્સોનો અમલ કરવો.

(સુધારેલા ઑર્ડિનન્સોના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.

૧૫. ડિપ્લોમા-ઇન-ટ્યુબરકુલોસિસ અંગે મેડિસિન-સર્જરીની અભ્યાસસમિતિની તા. ૪-૮-૧૯૬૦ની સભાની તથા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની ભલામણો:

અભ્યાસસમિતિની ભલામણ

"ડિપ્લોમા-ઇન-ટ્યુબરકુલોસિસના અભ્યાસક્રમ અંગે તથા પાસ થવાના ધોરણ અંગે વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે—

૧. ડિપ્લોમા-ઇન-ટ્યુબરકુલોસિસ અંગેના ઑ. ૩૬૪, ૩૬૪–એ, ૩૬૪–બી, ૩૬૪–સી તથા રેગ્યુ. ૨૪૩ તથા ૨૪૩–એ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા.

૨. Examiners shall be as follows:

Two T. B. Specialists (one internal and one external),
One Chest Surgeon."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, મેડિસિન–સર્જરીની અભ્યાસસમિતિની તા. ૪–૮–૧૯૬૦ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે ઑર્ડિનન્સ ૩૬૪, ૩૬૪–એ, ૩૬૪–બી, ૩૬૪–સી તથા રેગ્યુ. ૨૪૩ અને ૨૪૩–એ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૧. આથી ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમા-ઇન-ટ્યુબરકુલોસિસ અંગેના ઑર્ડિનન્સ નં. ૩૬૪, ૩૬૪–એ અને ૩૬૪–બી તથા રેગ્યુલેશન નં. ૨૪૩ અને ૨૪૩–બીના પાઠ સુધારીને ફરીથી જૂ કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી:

૧. ડૉ. જે. જે. દેસાઈ;
૨. શ્રી. આઈ. એમ. નાણાવટી;
૩. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમા-ઇન-ટ્યુબરકયુલોસિસની પરીક્ષા માટે પરીક્ષકોની નિમણૂક માટે નીચે પ્રમાણે નિયમ રાખવો :

"The Examiners shall be as follows :

Two T.B. Specialists (one internal and one external); and
One Chest Surgeon."

૧૬. તા. ૧૨-૯-૧૯૬૦ના રોજ મળેલ સોશિયોલોજી અને એન્થ્રોપોલોજીની અભ્યાસ-સમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"The Board recommends that it is desirable that at least one Internal Examiner should generally be appointed for each paper."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવની નોંધ લેવી.

૧૭. તા. ૧૨-૯-૧૯૬૦ના રોજ મળેલ પોલિટિકલ સાયન્સની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"ભવિષ્યમાં પેનલો કરતી વખતે જે અરજીઓ આવી હોય તેમાં અનુભવ, ડિગ્રી વગેરેનો જુદો કોઠો બનાવી સભ્યોને મોકલવો જેથી પેનલો બનાવવાનું કામ સુગમ બને."

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષક/પ્રાશ્નિકની નિમણૂક માટેના અરજીપત્રમાં ઘટતો સુધારો કરવાનું રાખવું, તથા પરીક્ષક/પ્રાશ્નિકના પદ માટે આવેલી અરજીઓનું તારણ કાઢીને તેમાં પ્રત્યેક અરજદારની શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ તથા પરીક્ષક/પ્રાશ્નિક તરીકેના અનુભવની વિગતો દર્શાવતું તારણ કાર્યાલયે બનાવીને પ્રત્યેક અભ્યાસસમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૮. પ્રી-ક્લિનિકલ વિષયની અભ્યાસસમિતિની તા. ૩-૮-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ના રોજ મળેલ સભાએ મંજૂર કરી છે તે અંગે વિચારણા કરવા બાબત :

(1) Same Examiners for papers and practicals be appointed in Pre-Clinical subjects.

(2) In Anatomy, Physiology and Pharmacology, not more than one Clinical Teacher should be appointed as an Examiner.

આથી ઠરાવવામાં આવે છે કે —

(૧) ઉપરની ભલામણ નં. (૧) પરત્વે સિન્ડિકેટને કાંઈ કહેવા-કરવાપણું લાગતું નથી.

(૨) ઉપરની ભલામણ નં. (૨) મંજૂર કરવી.

૧૯. સિન્ડિકેટે તેની તા. ૧૬-૭-૧૯૬૦ની સભામાં બાબત નં. ૬૩થી નીમેલ સમિતિની તા. ૨૨-૧૧-૧૯૬૦ના રોજ મળેલી સભા-ની ભલામણો પર વિચારણા કરવા બાબત :

સદરહુ રિપોર્ટ ઉપર લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

૧. કેન્દ્રો પરથી પરીક્ષકને ઉત્તરવહીઓ મજબૂત લોખંડની પેટીમાં તાળું વાસી મોકલાવાય તેવી વ્યવસ્થા યુનિવર્સિટી કાર્યાલયે કરવી, અને આને માટે પ્રત્યેક કેન્દ્ર ઉપર, યુનિવર્સિટી કાર્યાલયે,

લગભગ ૫૦૦થી ૬૦૦ આખી ઉત્તરવહીઓ સમાય તેટલા કદની લોખંડની પેટીઓ તાળાકૂંચી સાથે પહોંચાડવી.

૨. હાલ જુનિયર સુપરવાઇઝરને ભરવાના રિપોર્ટ અંગેનું જે ફૉર્મ છે તેને એસ.એસ.સી.ના ધોરણ પર વિસ્તૃત કરવું, કે જેથી પ્રત્યેક કેન્દ્ર ઉપરની, પ્રત્યેક પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓની વિગતવાર હાજરીની હકીકત મળી શકે.

૩. ઉત્તરપત્રોનાં પાર્સલો ઉપર, પ્રત્યેક પરીક્ષક/મૉડરેટરે, પાર્સલો યુનિવર્સિટી કાર્યાલયને પહોંચાડતી વખતે, યુનિવર્સિટી તરફથી તૈયાર કરવામાં આવેલાં લેબલો ચોંટાડવાં.

(**નોંધ.**—પરીક્ષા, પ્રશ્નપત્ર, વિભાગ તથા વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતાં લેબલો તૈયાર કરાવીને કાર્યાલયે પ્રત્યેક પરીક્ષક/મૉડરેટરને પહોંચાડવાનું રાખવું.)

૪. જે ઉત્તરવહીઓનાં પાર્સલો ટપાલ મારફત કે રેલવે મારફત પરીક્ષકો તરફથી યુનિવર્સિટી કાર્યાલયને મોકલવામાં આવે તેની કાચી (provisional) પહોંચ લાગતાવળતા પરીક્ષકોને કાર્યાલયે મોકલવી, અને ત્યાર બાદ પ્રત્યેક પાર્સલમાંની ઉત્તરવહીઓ બરાબર ગણી વિદ્યાર્થીઓના ક્રમાનુવર્તી નંબરમાં ગોઠવી, જેટલા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ મળી હોય તેટલી ઉત્તરવહીઓની જ પાકી પહોંચ બનાવી પરીક્ષકને મોકલી આપવી, અને તેની એક નકલ યુનિવર્સિટીના દફતર ઉપર રાખવી. આ અંગે ઘટતી સૂચના પરીક્ષકો, મૉડરેટરો વગેરેને આપવી.

૫. પરીક્ષક અને/અથવા મૉડરેટર પાસેથી આવેલાં ઉત્તરપત્રોનાં પાર્સલો યુનિવર્સિટી કાર્યાલયમાં સીલબંધ રાખવાં, તથા જે તે પરીક્ષાનું પરિણામ જાહેર થયા પછી જરૂર પડે ત્યાર પછી જે તે પાર્સલ યુનિવર્સિટીના કોઈ એક જવાબદાર અધિકારીની હાજરીમાં ખોલવાનું રાખવું.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૦. ભારત સરકારના Atomic Energy Department તરફથી તા. ૭–૬–૧૯૬૦ના પત્રાંક ૧૪–૧–૧૯૬૦ ટેક./I આપણી યુનિ.ના પૂર્વ-સ્નાતક વિદ્યાર્થીઓને ભૌતિકવિજ્ઞાન-રસાયણ વિજ્ઞાનના વિષયો માટે વરસમાં દસ માસ માટે માસિક રૂ. ૧૦૦ની એક એવી બે શિષ્યવૃત્તિઓ આપવા બાબતનો પત્ર આવેલ ત્યારે તેમાં જણાવ્યા પ્રમાણે વરણીસમિતિ પર આપણે ત્રણ સભ્યો નીમ્યા હતા (આઇટેમ નં. ૧૧૩—ઑગસ્ટ ૧૯૬૦ સિન્ડિકેટ). ત્યાર બાદ સદરહુ સમિતિએ ક્રમાનુવર્તી પસંદ કરેલ પાંચ વિદ્યાર્થીઓ પૈકી નીચેનાં પહેલાં બે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપવામાં આવેલી છે:

૧. શ્રી. વી. આર. સોહની, સેંટ ઝેવિયર્સ કૉલેજ;

૨. મિસ એલ. આર. બુટાલા, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૧. શ્રી. કે. એમ. તલાટીએ અર્થશાસ્ત્રના વિષયમાં પીએચ.ડી. પદવી માટે રજૂ કરેલા મહાનિબંધ તપાસવા માટે રેફરીની નિમણૂકમાં થતા વિલંબ બાબતમાં આચાર્ય એ. આર. દેસાઈના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. એમ. તલાટીનો પીએચ.ડી.ની પદવી માટેનો મહાનિબંધ તપાસવા માટે, બહારના રેફરી તરીકે ડૉ. જ્ઞાનચંદની નિમણૂક કરવી.

૨૨. ઑર્ડિ. ૩૭ અનુસાર સિન્ડિકેટના પ્રતિનિધિ તરીકે આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટી ઉપર, પ્રિન્સિપલ એલ. આર. દેસાઈની જગ્યાએ તા. ૧૫-૧૧-૧૯૬૩ સુધી બીજા એક પ્રતિનિધિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટી ઉપર, પ્રિન્સિપલ એલ. આર. દેસાઈની ખાલી પડેલી જગ્યાએ, તા. ૧૫-૧૧-૧૯૬૩ સુધીની મુદત માટે, શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈની નિમણૂક કરવી.

૨૩. આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની શનિવાર, તા. ૧૭-૯-૧૯૬૦ના રોજ મળેલી પંદરમી બેઠકની કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૨૪. આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની બુધવાર, તા. ૭-૧૨-૧૯૬૦ના રોજ મળેલી સોળમી બેઠકની કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૨૫. ઑર્ડિ. ૧ (૪) અનુસાર પ્રકાશન મંડળ ઉપર સિન્ડિકેટના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિ. એલ. આર. દેસાઈની ખાલી પડેલી જગ્યાએ તા. ૧૫-૧૧-૧૯૬૩ સુધી બીજા એક પ્રતિનિધિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ નં. ૧ (૪) અનુસાર, પ્રકાશન મંડળ (યુનિવર્સિટી બોર્ડ ઑફ પબ્લિકેશન્સ) ઉપર, પ્રિન્સિપલ એલ. આર. દેસાઈની ખાલી પડેલી જગ્યાએ, તા. ૧૫-૧૧-૧૯૬૩ની મુદત સુધી, પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટની નિમણૂક કરવી.

૨૬. ગુજરાતી પરિભાષા અંગે ડૉ. વિક્રમ સારાભાઈના તા. ૧-૧૨-૧૯૬૦ના પત્રાંક યુનિવર્સિટી/૩ (૭)/૧૯૬૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીએ તૈયાર કરેલી પરિભાષાનું કામ ફરીથી જોઈ જવા માટે પ્રત્યેક વિષયની પરિભાષા માટે જુદી જુદી સમિતિઓ નીમવા વાસ્તે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(નોંધ.—સદરહુ સમિતિઓની રચના કરતી વખતે, પ્રત્યેક વિષયના નિષ્ણાત લેખકો હોય તેમનો અને એક ગુજરાતી ભાષાના વિદ્વાન સહિત ત્રણથી પાંચ સભ્યોની સમિતિ રચવી, એમ સૂચન કરવામાં આવ્યું હતું.)

(ડૉ. વિક્રમ સારાભાઈના પત્રની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૨૭. ઑ. ૪૭ (૫) હેઠળ બૉર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ ઉપર તા. ૩૧-૧-૧૯૬૨ સુધીની મુદત માટે મ્યુનિસિપલ સ્કૂલ બૉર્ડ્ઝના સેનેટ પરના પ્રતિનિધિઓ પૈકી એકની ખાલી પડેલી જગ્યા પર નિમણૂક કરવા બાબત.

(**નોંધ.**—હાલ સેનેટ ઉપર મ્યુનિ. સ્કૂલ બૉર્ડ્ઝના નીચેના પ્રતિનિધિઓ છે :

૧. શ્રી. ભાઈલાલભાઈ નાથાભાઈ અમલભટ્ટ, નડિયાદ;

૨. શ્રી. ચીમનલાલ ચંદુલાલ દેસાઈ, ગોધરા.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ નં. ૪૭ (૫) હેઠળ, બૉર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ ઉપર, તા. ૩૧-૧-૧૯૬૨ સુધીની મુદત માટે, શ્રી. ચીમનલાલ ચંદુલાલ દેસાઈની નિમણૂક કરવી.

૨૮. ઑર્ડિ. ૪૧ અન્વયે, ફૉરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો પર નીચેના સભ્યોની તા. ૪થી માર્ચ ૧૯૬૩ પર્યન્ત ખાલી પડેલી જગ્યાઓ પૂરવા બાબત :

૧. શ્રી. લિંમતલાલ પ્ર. શુકલ;

૨. શ્રી. વાય. ટી. દેસાઈ;

૩. શ્રી. ડી. એન. કેસરબાની.

આથી ઠરાવવામાં આવે છે કે, ફૉરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો ઉપર ખાલી પડેલી ત્રણ જગ્યાઓ ઉપર, તા. ૪થી માર્ચ ૧૯૬૩ સુધીની મુદત માટે, નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. પ્રિન્સિપલ એચ. એસ. સંઘવી;

૨. પ્રિન્સિપલ એમ. કે. દેસાઈ;

૩. પ્રિન્સિપલ વલ્લભરામ વી. વૈદ્ય.

આ પછી, સભાગૃહની સંમતિથી, બાબત નં. ૩૦થી ૩૫ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. આઈ. એસ. પઠાણને તા. ૩૧-૧૦-૧૯૬૦થી છૂટા કરેલ હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત :

(**નોંધ.**—તેઓ તા. ૨૯-૬-૧૯૬૦થી ફરજ ઉપર હાજર થયા હતા એટલે યુનિવર્સિટીનો ફાળો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આઈ. એસ. પઠાણને, તેમના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૩૧. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં કામ કરતા પટાવાળા શ્રી. ડી. સી. વાઘેલા ગુજરી ગયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીનો ફાળો તેમના વારસને પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્વ. શ્રી. ડી. સી. વાઘેલાના ખાતે નીકળતી, યુનિવર્સિટીના ફાળા સહિતની પ્રૉવિડંટ ફંડની રકમ, તેમના વારસદારને, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૩૨. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. બેચરજી ચેલાજીનું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીનો ફાળો આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બેચરજી ચેલાજીને, તેમના ખાતે નીકળતી, યુનિવર્સિટીના ફાળા સહિતની પ્રૉવિડંટ ફંડની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૩૩. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં કામ કરતા શ્રી. ડી. સી. વાઘેલા સાત વર્ષ કરતાં વધારે સેવાઓ આપી ગુજરી ગયેલા હોવાથી તેઓના વારસદારને ગ્રેજ્યુઇટી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્વ. શ્રી. ડી. સી. વાઘેલાના વારસદારને, ગ્રેજ્યુઇટીની રકમ, યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર આપવી.

૩૪. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. બેચરજી ચેલાજીનું રાજીનામું મંજૂર થયેલ છે અને તેમણે કાર્યાલયમાં સાત વર્ષ કરતાં વધારે સમય માટે ફરજ બજાવેલ હોવાથી યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ગ્રેજ્યુઇટીની રકમ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બેચરજી ચેલાજીને, ગ્રેચ્યુઇટીની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આપવી.

૩૫. પહેલાંના મુંબઈ રાજ્યની હદ બહાર રહેતા પરીક્ષકો અને પ્રાશ્નિકોને મુસાફરીભથ્થાં તથા રોકાણભથ્થાં (Halting Allowance) બાબતમાં નીચેના નિયમની પુનર્વિચારણા કરવા બાબત:

"Paper-setters and Examiners living beyond the limits of Bombay Province (including the territory of Saurashtra) who are not members of this University, shall be paid three first class fares for the meeting of the Examiners for the purpose of setting the question-papers or for conducting the practicals at the place or places at which they are required to be present. They will also be paid a Halting Allowance of Rs. 10/- per day for each day spent by them for the purpose of such meetings and Practical Examinations, including any holidays that may intervene between the days of the Practical Examinations."

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષકો અને પ્રાશ્નિકોને મુસાફરીભથ્થાં તથા રોકાણભથ્થાં આપવાના સવાલનો, ગુજરાત રાજ્યમાં અને ગુજરાત રાજ્યની બહાર રહેતા પરીક્ષકો અને પ્રાશ્નિકોના સંદર્ભમાં સમગ્ર રીતે વિચાર કરવા માટે, આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

આ પછી, બાબત નં. ૨૯, જે બાકી રાખવામાં આવી હતી તે લેવામાં આવી અને તે પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

૨૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં ખાલી પડેલ રસાયણ વિભાગના પ્રોફેસરની જગ્યા માટેની વરણીસમિતિની સભાની તા. ૨૬-૧૦-૧૯૬૦ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એ. એમ. ત્રિવેદીને, આ યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૭૫૦થી, રસાયણ-વિજ્ઞાન વિભાગના સીનિયર રીડર અને રસાયણવિજ્ઞાન વિભાગના વડા તરીકે, બે વર્ષના પ્રોબેશન ઉપર નીમવા, તથા તેમને નિમણૂકપત્ર મોકલતાં પહેલાં, સભાગૃહમાં થયેલી ચર્ચા અનુસાર, ડૉ. ત્રિવેદી સાથે ઘટતી વાતચીત કરી લેવા ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

(વરણીસમિતિની તા. ૨૬-૧૦-૧૯૬૦ની નોંધની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૩૬. સને ૧૯૫૯-૬૦ના હિસાબમાં મંજૂર કરેલા અંદાજ કરતાં અમુક મથાળા હેઠળ થયેલા વધારાના ખર્ચને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૯-૬૦ના વર્ષમાં થયેલો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા વધારાના ખર્ચની વિગતો, તેમ જ કાર્યાલયની નોંધની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૩૭. યુનિવર્સિટીને મળેલી નીચે પ્રમાણેની ગ્રાન્ટની નોંધ લેવા બાબત:

ગુજરાત રાજ્ય સરકાર ...	રૂ. ૧,૨૪૯·૯૪ ...	૧૯૫૭-૫૮ના ખર્ચ માટે ઑલ-ઇન્ડિયા સર્વિસ કોચિંગ ફેસિલિટી માટેના યુ. પી. એસ. સી. વર્ગો માટેની ગ્રાન્ટ.
યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ...	રૂ. ૮૫,૦૦૦·૦૦ ...	છેલ્લો હપ્તો વિજ્ઞાન વિદ્યાશાખાનાં પુસ્તકો અને જર્નલો માટેની રૂ. ૨,૧૦,૦૦૦ પૈકીની ગ્રાન્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી.

૩૮. યુનિવર્સિટી તરફથી બંધાતા નૉન-રેસિડન્ટ સ્ટુડન્ટ્સ સેન્ટરના બાંધકામ માટે સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણા સાથે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નૉન-રેસિડેન્ટ સ્ટુડન્ટ્સ સેન્ટરના બાંધકામ માટે, સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણા સાથે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો, તથા યુનિવર્સિટી તરફથી તે કરારનામું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(કરારનામાના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૩૯. ગ્રંથાલય સમિતિના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

ઠરાવ નં. ૨૯:

"અમદાવાદની જાહેર સંસ્થાઓના હેવાલો, અલભ્ય અને જૂનાં પુસ્તકો, હસ્તલિખિત ગ્રંથો, જાહેર સંસ્થાઓના જૂના હેવાલો વગેરે મેળવી તેનો સંગ્રહ કરવાની વ્યવસ્થા કરવાનું

ઠરાવવામાં આવે છે. વધુમાં ઠરાવવામાં આવે છે કે, આવી ખરીદી માટે શ્રી. ગ્રંથપાલને તેમને યોગ્ય લાગે તે રીતે (in his discretion) રૂ. ૧૦૦·૦૦ સુધીનો ખર્ચ કરવાની સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલય સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૦. ગ્રંથાલય સમિતિનો નીચેનો ઠરાવ (જાણ સારુ):

ઠરાવ નં. ૨૧:

"ગ્રંથાલયના ઉપયોગની માહિતી દર્શાવતા જુલાઈ ૧૯૬૦થી સપ્ટેમ્બર ૧૯૬૦ સુધીના ત્રૈમાસિક પત્રકની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

(ગ્રંથાલયના ઉપયોગની માહિતી દર્શાવતા મજકૂર ત્રૈમાસિક પત્રકની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૪૧. ચંદીગઢ મુકામે તા. ૨૭થી ૨૯ ડિસેમ્બરના રોજ મળનાર ઇન્ડિયન મેથેમેટિકલ સોસાયટીની પરિષદમાં ડૉ. પી. સી. વૈદ્ય ઉપરાંત પ્રૉ. એચ. એન. રાવળને વધારાના પ્રતિનિધિ તરીકે નીમ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—આવતે વર્ષે સદરહુ સોસાયટીનું અધિવેશન આપણી યુનિવર્સિટીના આશ્રયે મળવાનું હોઈ આ વખતે બે પ્રતિનિધિઓ મોકલવાનું ઇષ્ટ જણાયું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૨. રૂરકી મુકામે તા. ૩થી ૯ જાન્યુ. ૧૯૬૧ દરમિયાન યોજાનાર "ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ" ના અધિવેશનમાં આ યુનિવર્સિટીના ત્રણ પ્રતિનિધિઓ પૈકી (૧) આચાર્ય ડૉ. વાય. જી. નાયક અને (૨) આચાર્ય એસ. કે. કાત્રકે જવાની અશક્તિ દર્શાવેલ હોઈ ડૉ. સી. આર. મહેતાની આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૩. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ, માટે નિમાયેલી ત્રૈવાર્ષિક તપાસસમિતિના એક સભ્ય શ્રી. સુબ્બારાવનું અવસાન થયેલું હોવાથી તેમની જગ્યાએ હાલના એમ. એસ. યુનિ. ઑફ બરોડાની ઇજનેરી વિદ્યાશાખાના ડીન શ્રી. માઢનની ઉપકુલપતિશ્રીએ કરેલી નિમણૂકની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૪. નીચેના વિદ્યાર્થી તરફથી તેના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ અંગે રેફરીના રિપોર્ટને અનુલક્ષીને તેઓને પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. વિશ્વનાથન્ જી. એસ.	ભૌતિકવિજ્ઞાન	એમ.એસસી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૫. સેનેટે તેની તા. ૧૬-૧૦-૧૯૬૦ની સભામાં પસાર કરેલ સુધારેલ સ્ટે. ૨૦૪નો નીચેનો પાઠ કુલપતિની મંજૂરી માટે મોકલવા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

St. 204 :

"The scales of monthly salaries in the Department, in addition to the usual allowances that may be fixed by the Syndicate from time to time, will be as under:

1. Professor	:	Rs. 800–50–1250
2. Reader	:	Rs. 500–25–800
3. Lecturer	:	Rs. 250–25–500
4. Research Fellow	:	Rs. 200 fixed (consolidated)
5. Demonstrator or Tutor	:	Rs. 200–10–300."

(નોંધ.— મૂળ પાઠમાં સુધારા સૂચવતી વખતે અગાઉના પાઠમાંનું નીચેનું વાક્ય રહી જવા પામેલું છે. છતાં આ બાબત સિન્ડિકેટની સત્તાની હોઈ ફરીથી સ્ટેટ્યુટ સુધારવાની જરૂર જણાતી નથી:

"Provided it shall be open to the Syndicate to start him on a salary above the minimum of the grade.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સેવકોને માટે મુકરર કરવામાં આવેલાં પગાર-ધોરણોમાં, યોગ્ય લાગે તેવા કેસોમાં, ઓછામાં ઓછા પગાર કરતાં વધુ પગાર આપવાની, સિન્ડિકેટને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦(XX) હેઠળ જરૂરી સત્તા હોઈ, સ્ટે. નં. ૨૦૪માં વિશેષ સુધારો કરવાની જરૂર જણાતી નથી.

૪૬. સેનેટે તેની તા. ૨૦-૧૨-૧૯૬૦ની સભામાં સિન્ડિકેટને "રિફર" કરેલા નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

સેનેટની તા. ૨૦/૨૧-૧૨-૧૯૬૦ની સભામાં રજૂ થયેલો પ્રસ્તાવ

"The Senate requests the State Government and the State Legislature to take early steps to amend Sections 21, 23 and 25 of

the Gujarat University Act as follows:

1. In Section 21 (1), Class II (*i*), referring to the Principals, substitute 'Seven' for 'Three' so that the amended Section would read as under:

'(1) Seven representatives of Principals of Colleges elected by them from amongst themselves.'

2. To Section 23 (2), add at the end of Class II:

"**Class III.**—Chairmen of the Boards of the Faculties concerned as are not included in Classes I and II."

3. Delete Section 25 (2) and substitute—

"**Section 25 (2).**—Each Board shall consist of the members as follows:

Ex-officio Members

(*a*) Such members of the Senate as are teachers in that subject and have elected to be on the Board:

PROVIDED THAT—

(*i*) No member shall elect to serve on more than one Board;

(*ii*) The election once made shall not be changed during the term of office of the member.

Teacher Members

Six teachers in the subject in the affiliated colleges, recognised institutions and University Departments:

PROVIDED THAT—

(*i*) Each teacher will hold office for a period of 2 years;

(*ii*) The selection of the teacher would be by rotation according to seniority of total teaching experience from amongst the heads of the departments in the affiliated colleges, recognised institutions and University Departments.

Co-opted Members

Upto three members who are experts in the subject but are not teachers in the University."

4. Delete Section 25 (3) and substitute—

"Section 25 (3).—The Chairman shall be elected by the members of the Board."

5. Delete Section 25 (4) and substitute—

"Section 25 (4).—The term of office of the ex-officio and co-opted members shall be five years."

The Senate further resolves that on the enactment of the above-mentioned amendments of the Act, the Bodies concerned should forthwith be reconstituted."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી.

૪૭. સેનેટે તેની તા. ૨૦/૨૧-૧૨-૧૯૬૦ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલા નીચેના ઑર્ડિનન્સો ઉપર વિચારણા કરવા બાબત:

ઑર્ડિ. નં. ૧૩૯, ૧૪૧-બી, ૨૬૮, ૨૭૮, ૨૯૧, ૩૬૫, ૩૬૫-એ, ૩૬૫-બી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૩૯, ૧૪૧-બી, ૨૬૮, ૨૭૮, ૨૯૧, ૩૬૫, ૩૬૫-એ અને ૩૬૫-બીના પાઠમાં સુધારા સૂચવવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. ઉપકુલપતિશ્રી;
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ;
૩. શ્રી. બટુભાઈ હ. દેસાઈ;
૪. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ.

૪૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ની ભલામણ અનુસાર સુધારેલા રેગ્યુલેશન નં. ૧૮૫ અને ૧૮૮ મંજૂર કરવા બાબત તથા રે. ૧૮૮-એ રદ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. શ્રી. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતા પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી સાથે કરવાના કરારનામાના મુસદ્દાને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૦. ટ્યુબરકયુલોસિસ રિલીફ ઑર્ગેનિઝેશન, અમદાવાદના "ટી. બી. સીલ" વેચાણ સપ્તાહ દરમિયાન "ટી. બી. સીલ" ખરીદીને કાર્યાલયની જતી ટપાલ ઉપર વાપરવા

અંગેના તા. ૧૪-૧૨-૧૯૬૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે રૂા. ૩૦૦/-નાં "ટી.બી.સીલ" ખરીદવાં.

૫૧. ગ્રંથાલય સમિતિના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પુસ્તકો માટે ગ્રાન્ટ મળી નહિ હોવાથી ચાલુ સાલના બજેટમાં પુસ્તક-ખરીદી માટે રૂ. ૨૦,૦૦૦ની વધારાની જોગવાઈ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

ગ્રન્થાલય સમિતિની ઉપરની ભલામણ સભાગૃહે વિચારણા માટે હાથ ધરી ત્યારે શ્રી. રજિસ્ટ્રારે જાણ કરી કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૩૧-૧૨-૧૯૬૦ના પત્રથી, Humanitiesનાં પુસ્તકો ખરીદવા માટે, રૂા. ૫૦,૦૦૦ની ગ્રાન્ટ ચાલુ વર્ષ માટે મંજૂર કરી છે.

તે પછી સભાગૃહે ઠરાવ્યું કે, સદરહુ ગ્રાન્ટની નોંધ લેવી, તથા ચાલુ વર્ષના અંદાજપત્રમાં Humanitiesનાં પુસ્તકો ખરીદવા માટે રૂા. ૫૦,૦૦૦ની અંદાજી જોગવાઈ કરવી.

૫૨. વિભાજનને કારણે ગુજરાત રાજ્યનું અલગ એસ.એસ.સી. બોર્ડ થતાં મહારાષ્ટ્ર સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન બોર્ડ, પૂનાની એસ.એસ.સી. પરીક્ષાના રે. ૭માં નીચે મુજબ ઉમેરો કરવા બાબત:

Name of the Board	*Name of the Examination*
The Maharashtra Secondary School Certificate Examination Board, Poona	.. S.S.C.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. ૭માં ઉપર મુજબ ઉમેરો કરવો તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશનને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુલેશન ૭ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૩. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ની ભલામણ અનુસાર સુધારેલો રેગ્યુ. ૯ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલો રેગ્યુલેશન ૯ મંજૂર કરવો.

(સુધારેલા રેગ્યુલેશન ૯ની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૫૪. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ની ભલામણ અનુસાર રેગ્યુ. ૨૩માં નીચેનો ઉમેરો મંજૂર કરવા બાબત:

"Provided further that a candidate offering a language as a Principal subject may, at his option, be allowed to offer two papers on linguistics in lieu of the subordinate subject."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર રેગ્યુલેશન ૨૩માં ઉપરનો proviso ઉમેરવો, તથા સુધારેલા રેગ્યુલેશન ૨૩ને તાત્કાલિક અમલમાં લાવવો.

૫૫. પ્રાણીશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૦-૯-૧૯૬૦ની સભાની તથા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ની સભાની ભલામણો અનુસાર ૧૯૬૨ અને ૧૯૬૩ના વર્ષમાં થનારી બી.એસસી. (પ્રિન્સિપલ) ઝૂલોજીની પરીક્ષા માટે નીચે જણાવ્યા પ્રમાણે નિબંધો નિયત કરવા બાબત:

For the Examination of 1962:

(1) Natural Selection; (2) Mutations and Evolution; (3) Polymorphisms; (4) Sex-determination; (5) Cephalization in vertebrates; (6) Animal Colouration; (7) Animal Associations; (8) Deep-sea Funa; (9) Protoplasm; (10) Animal Behaviour; (11) Living Fossils; (12) Organs of Alimentation; (13) Migrations of Marine Animals; (14) Corals and Coral Reefs.

For the Examination of 1963:

(1) Variation and Evolution; (2) Inheritance of Acquired Characters; (3) Developmental Mechanics; (4) Fertilization; (5) Metamorphosis; (6) Evolution of Amphibia; (7) Fossils and Evolution; (8) Plankton; (9) Hormones and Vitamins; (10) Parasities; (11) Plant Animals; (12) Methods of Reproduction in Animals; (13) Distribution of Mammals in India; (14) Protozoa and Geology."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી, તથા તે અનુસાર ૧૯૬૨ અને ૧૯૬૩માં થનાર બી.એસસી.ની પરીક્ષા માટે, ઉપર જણાવ્યા પ્રમાણે નિબંધો નિયત કરવા.

૫૬. મુંબઈ યુનિવર્સિટીની એમ.ડી., ભાગ ૧ પાસ કરેલ વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટીમાં એમ.ડી.ની પરીક્ષા આપવા ઇચ્છા કરે તો તેને આ યુનિવર્સિટીની એમ.ડી., ભાગ ૧ની પરીક્ષામાં મુક્તિ (Exemption) આપવા અંગેની મેડિકલ ફેકલ્ટીની તા. ૨૨/૨૩-૬-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ, જેને મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ની સભાએ ભલામણ કરી છે તે ઉપર વિચારણા કરવા બાબત:

"મુંબઈ યુનિવર્સિટીની એમ.ડી., ભાગ ૧ની પરીક્ષા પાસ કરેલા વિદ્યાર્થી ડૉ. પ્રભુની વિનંતી ઉપરથી આ યુનિવર્સિટીની એમ.ડી., ભાગ ૧ની પરીક્ષામાં મુક્તિ (Exemption) આપવા અંગેની બાબત ઉપર વિચારણા કરવામાં આવી હતી અને ઠરાવવામાં આવ્યું કે મુંબઈ યુનિવર્સિટીની એમ.ડી., ભાગ ૧ની પરીક્ષા પાસ કરેલ આ વિદ્યાર્થી આ યુનિવર્સિટીમાં એમ.ડી.ની પરીક્ષા આપવા ઇચ્છે તો તેમને આ યુનિવર્સિટીની એમ.ડી., ભાગ ૧ની પરીક્ષામાં મુક્તિ (Exemption) આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, મુંબઈ યુનિવર્સિટીની એમ.ડી., ભાગ ૧ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીની એમ.ડી., ભાગ ૧ની પરીક્ષામાંથી મુક્તિ આપવી.

૫૭. પરીક્ષાશુદ્ધિ સમિતિના સદસ્ય શ્રી. એલ. આર. દેસાઈની ઉપકુલપતિ તરીકે નિમણૂક થઈ હોવાથી સદરહુ સમિતિની ખાલી પડેલી જગ્યા ઉપર અવેજી નિમણૂક કરવા બાબત તેમ જ શ્રી. હિંમતલાલ શુકલની જગ્યાએ કોઈને નીમવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાશુદ્ધિ સમિતિ ઉપર, શ્રી. એલ. આર. દેસાઈ તથા શ્રી. એચ. પી. શુકલની ખાલી પડેલી જગ્યાઓએ નીચેના સભ્યોને નીમવા :

૧. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ;
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ.

૫૮. રાજ્યનીતિશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૨-૯-૧૯૬૦ની સભાની તથા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ની સભાની નીચેની ભલામણો પ્રમાણે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી માટેનો તેનો મહાનિબંધ તપાસવા માટે, તેના નામ સામે જણાવેલ રેફરીઓની બહારના રેફરીઓ તરીકે, ક્રમાનુવર્તી નિમણૂક કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	ડિગ્રી	વિષય	રેફરીનું નામ
"શ્રી. બી. પી. દલાલ	પીએચ.ડી.	Regionalism in Asia with particular reference to post-war years.	૧. શ્રી. એન. આર. દેશપાંડે, ડિપાર્ટમેન્ટ ઑફ પોલિટિક્સ, નાગપુર યુનિવર્સિટી, નાગપુર; અથવા ૨. રો. આપાદુરાય, ડાયરેક્ટર, સ્કૂલ ઑફ ઇન્ટરનેશનલ સ્ટડીઝ, સપ્રુ હાઉસ, ન્યૂ દિલ્હી; અથવા ૩. શ્રી. સુબિમલકુમાર મુકર્જી, ડિપાર્ટમેન્ટ ઑફ પોલિટિકસ, કલકત્તા; અથવા ૪. શ્રી. જી. એલ. મહેતા, ઇન્ડસ્ટ્રિયલ ક્રેડિટ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન, મુંબઈ-૧."

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. પી. દલાલનો પીએચ.ડી.ની પદવી માટેનો ઉપરોક્ત વિષય ઉપરનો મહાનિબંધ તપાસવા માટે, ઉપર તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૫૯. રેફરીઓની નિમણૂક અંગે તર્કશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને રાજકીય તત્ત્વજ્ઞાનની સમિતિની તા. ૧૨-૯-૧૯૬૦ની તથા અકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ પ્રમાણે નીચેના વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ ડિગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે તે સામે જણાવેલ રેફરીઓની નિમણૂક કરવા બાબત:

નામ	ડિગ્રી	વિષય	રેફરીનું નામ
"૧. શ્રી. એમ. એફ. કુરેશી	પીએચ.ડી.	ફિલોસોફી "ધી ઇપિકલ આરપેક્ટ્સ ઑફ ઇસ્લામિક કલ્ચર."	શ્રી. એમ. આઈ. કાઝી, એમ.એ., કાઝીવાડા, ગોધરા (પંચમહાલ); અથવા પ્રો. બી. એમ. ગાઈ, એમ.એ., પીએચ.ડી., ઇસ્માઇલિયા કૉલેજ, ન્લેગેશ્વરી, મુંબઈ.

નોંધ.—શ્રી. જે. એસ. નેશીનો મહાનિબંધ ગુજરાતીમાં લખાયેલો હોઈ નીચેના રેફરીની ભલામણ છે:

નામ	ડિગ્રી	વિષય	રેફરીનું નામ
૨. શ્રી. જે. એસ. નેશી	પીએચ.ડી.	"મિસ્ટિસિઝમ ઇન મિડિયેવલ ગુજરાતી પોએટ્રી."	શ્રી. જી. એચ. ભટ્ટ, એમ.એ., "શકુન્તલા", ખારીવાવ, વડોદરા; અથવા શ્રી. જ્યોતીન્દ્ર એચ. દવે, સોમૈયા કૉલેજ, ઘાટકોપર, મુંબઈ."

અકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તર્કશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને રાજકીય તત્ત્વજ્ઞાનની સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી તથા ઉપર જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી માટે તેમના મહાનિબંધ તપાસવા માટે બહારના રેફરીઓ તરીકે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૧. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. એફ. કુરેશીનો પીએચ.ડી.ની પદવી માટેનો ઉપરોક્ત વિષય ઉપરનો મહાનિબંધ તપાસવા માટે, નીચે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૧. પ્રોફેસર બી. એમ. ગાઈ, એમ.એ., પીએચ.ડી.,
ઇસ્માઇલિયા કૉલેજ, ન્લેગેશ્વરી, મુંબઈ;

અથવા

૨. શ્રી. એમ. આઈ. કાઝી, એમ.એ.
કાઝીવાડા, ગોધરા, પંચમહાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. એસ. ન્લેશીનો પીએચ.ડી.ની પદવી માટેનો ઉપરોક્ત વિષય ઉપરનો મહાનિબંધ તપાસવા માટે, તેમના નામ સામે જણાવેલ ઉપરના રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૬૦. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૦-૯-૧૯૬૦ની સભાની તથા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ની સભાની ભલામણ પ્રમાણે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ ડિગ્રી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ તપાસવા માટે નીચે મુજબ રેફરીની નિમણૂક કરવા બાબત :

નામ	ડિગ્રી	વિષય	રેફરીનું નામ
"શ્રી. એસ. વાય. ગુપ્તા	એમ.એસસી. (બૉટાની)	Botany "Studies on Algal Ecology of two fresh water lakes of Ahmedabad (N.G.)."	Smt. E. Gonzalves, M.Sc., Professor of Botany, Institute of Sciences, Mayo Road, Bombay-1; *or* Dr. M. S. Balkrishna, Reader in Botany, Poona University, Poona."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા, તથા તે પ્રમાણે ઉપર જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી માટેનો તેમનો મહાનિબંધ તપાસવા માટે તેમના નામ સામે જણાવેલા રેફરીઓની, બહારના રેફરીઓ તરીકે, ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. વાય. ગુપ્તાનો એમ.એસસી.ની પદવી માટેનો ઉપરોક્ત વિષય ઉપરનો મહાનિબંધ તપાસવા માટે, તેમના નામ સામે જણાવેલા ઉપરના રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૬૧. ડૉ. આર. કે. યાજ્ઞિક શિષ્યવૃત્તિ અંગેની શરત નં. ૧માં 'મુંબઈ રાજ્યના એસ.એસ.સી. બોર્ડ'ને બદલે 'ગુજરાત રાજ્યના એસ.એસ.સી. બોર્ડ' મૂકીને સુધારો કરવા બાબત.

સુધારેલો નિયમ નં. ૧ નીચે પ્રમાણે વંચાશે :

"1. Every year, a scholarship of Rs. 25/– in cash per month, in the name of "Dr. R. K. Yagnik" shall be awarded to a candidate who has appeared at the S.S.C. Examination of the Gujarat State from centres in Saurashtra only and who has joined a College affiliated to this University and who has secured the highest percentage of marks amongst such students."

આથી ઠરાવવામાં આવે છે કે, "ડૉ. આર. કે. યાજ્ઞિક શિષ્યવૃત્તિ" અંગેની શરત નં. ૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી.

૬૨. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ પર ઓ. ૪૭ (૫) (૬) (૭) મુજબ જુદે જુદે વખતે નિમાયેલા સભ્યોની મુદત તા. ૧-૨-૧૯૬૨ સુધી નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ એક્સ્ટ્રા-મ્યુરલ સ્ટડીઝ ઉપર નિમાયેલા સભ્યોની મુદત તા. ૩૧-૧-૧૯૬૨ સુધીની રાખવી.

૬૩. સ્ટાફ અંગેના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૯-૧૨-૧૯૬૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૪. બાંધકામ-સમિતિની તા. ૨૨-૧૨-૧૯૬૦ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બાંધકામ-સમિતિની તા. ૨૨-૧૨-૧૯૬૦ના રોજ મળેલી સમિતિની, ભલામણ નં. ૩ સિવાયની, બધી ભલામણો મંજૂર કરવી.

મંજૂર ભલામણો પૈકી ભલામણ નં. ૩ પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આરોગ્યકેન્દ્ર પાસે થઈને સિન્ડર-ટ્રેક સુધી જતા રસ્તાને એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સથી શરૂ થતા સિમેન્ટ-કૉન્ક્રીટના રસ્તાની માફક બન્ને બાજુવાળો (ડબલ) રસ્તો બનાવવો; તથા ગ્રીડ લાઇનને સમાંતર પસાર થતા, ઓપન-એર થિયેટરથી છાત્રાલય સુધીના રસ્તાને, ૨૦ ફૂટની પહોળાઈ (મારીકામની પહોળાઈ ૩૫ ફૂટ)નો રસ્તો બનાવવો. પણ આ બેઉ રસ્તાઓને સિમેન્ટ-કૉન્ક્રીટના નહિ બનાવતાં ડામરના રસ્તા બનાવવાનું રાખવું, તથા તે માટે અંદાજી ખર્ચની વિગતો કઢાવીને આ બાબત સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

(બાંધકામ-સમિતિની મજકૂર સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૬૫. તા. ૨૨-૧૨-૧૯૬૦ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફાઇનાન્સ કમિટીની તા. ૨૨-૧૨-૧૯૬૦ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૬૬. સિન્ડિકેટે નીમેલ શ્રી. રવીન્દ્રનાથ ટાગોર શતાબ્દી સમિતિની તા. ૧૨-૧૨-૧૯૬૦ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રવીન્દ્રનાથ ટાગોર શતાબ્દી ઉજવણી માટે, આ સાથે જોડેલા **પરિશિષ્ટ "દ"** પ્રમાણેનો કાર્યક્રમ મંજૂર કરવો.

(શ્રી. રવીન્દ્રનાથ ટાગોર શતાબ્દી સમિતિની ભલામણો તથા મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૬૭. સ્થાયી સમિતિની તા. ૨૮-૧૦-૧૯૬૦ના રોજ મળેલી સભાની નીચેની ભલામણોની વિચારણા: સિન્ડિકેટે તેની તા. ૩-૧૨-૧૯૬૦ની સભામાં મોકૂફ રાખી હતી તે પર વિચારણા કરવા બાબત.

"૩. સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૮-૧૦-૧૯૬૦ના રોજ મળેલ સભાની નીચેની ભલામણોની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

(૧) યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક કર્મચારીઓની આવેલી તા. ૨૪-૯-૧૯૬૦ની અરજી ઉપર વિચારણા કરવામાં આવી અને નીચે પ્રમાણે મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું :

સિન્ડિકેટે તેની તા. ૭-૯-૧૯૫૮ની સભામાં ઠરાવ્યું હતું કે સિન્ડિકેટે મંજૂર કરેલ પગારધોરણના અમલ કરતાં જે કર્મચારીનો પગાર, પગારધોરણમાં બે પગથિયાં વચ્ચે આવતો હોય તેઓને પગારધોરણ નીચેનો પગાર આપવો અને ઉપરની રકમ અંગત પગાર (personal pay) ગણીને ભવિષ્યના વધારા કે વધારાઓમાં ગણી લેવી :

(ક) આ સમિતિ ઉપરના ઠરાવની પુનર્વિચારણા કરીને સિન્ડિકેટને આ બાબતમાં ભલામણ કરે છે કે, જે કર્મચારીઓનો પગાર, સુધારેલા પગારધોરણને કારણે તા. ૧-૭-૧૯૫૭ના રોજ તે પગારધોરણનાં બે પગથિયાં (stages)ની વચ્ચે આવ્યો હોય તેમને ઉચ્ચક વધારો આપીને ઉપરના પગથિયા (higher stage) પર મૂકવા.

(ખ) વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઉપર (૧) પ્રમાણેનો લાભ આપ્યા પછી જ એક જ કક્ષા (cadre)ના કોઈ જુનિયર કર્મચારીને પગાર-વધારાની તારીખ સીનિયર કર્મચારીના પગારવધારાની તારીખ પહેલાં આવતી હોય અને તેથી તે જુનિયર કર્મચારીઓનો પગાર સીનિયર કર્મચારીઓના પગાર કરતાં વધી જતો હોય તો સીનિયર કર્મચારીઓનો પગારવધારો જુનિયર કર્મચારીના પગારવધારાની તારીખે આપવો, અને તે પછી તે તારીખ પ્રમાણે ભવિષ્યના વાર્ષિક પગારવધારા ગણવાનું રાખવું.

(ગ) ઉપરની બાબતો સિવાયની બીજી માગણીઓ નામંજૂર કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ભાષાંતરકારની એક જગ્યા યુનિવર્સિટી કાર્યાલયને માટે રૂા. ૨૦૦-૧૦-૪૦૦ના પગારધોરણમાં ઊભી કરવા અને તે માટેની લાયકાત નીચે પ્રમાણે રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"M.A. with English and Gujarati and experience of translation to be considered as an additional qualification."

(૩) સિન્ડિકેટની તારીખ ૧-૧૦-૧૯૬૦ની સભાના ઠરાવ પ્રમાણે નીચેના સભ્યોની પગારવધારાની અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત :

૧. શ્રી. પી. ડી. પાઠક, રીડર ઇન ફિઝિક્સ;
૨. શ્રી. કે. એમ. કોટડિયા, રીડર ઇન ફિઝિક્સ;

૩. ડૉ. કે. એ. ઠાકર, રીડર ઇન કેમિસ્ટ્રી;
૪. શ્રી. એસ. આર. પટેલ, લેક્ચરર ઇન કેમિસ્ટ્રી.

સદરહુ માગણીઓ અંગે ઝીણવટથી વિગતો તપાસવામાં આવી; તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. પી. ડી. પાઠક, શ્રી. કે. એમ. કોટડિયા, ડૉ. કે. એમ. ઠાકર તથા શ્રી. એસ. આર. પટેલની પગારવધારાની માગણીઓ સ્વીકારવી નહિ.

(૪) કાર્યાલયનિયામક શ્રી. જી. એ. દેસાઈને, તેઓને એક્સ્ટ્રાઓર્ડિનરીનું ભથ્થું ચાલુ રાખવા અંગેની તા. ૮–૧૦–૧૯૫૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

એક્સ્ટ્રાઓર્ડિનરી પ્રવૃત્તિઓના કામકાજ અંગે પોતાને પહેલાં અપાતું ભથ્થું ચાલુ રાખવાની કાર્યાલયનિયામક શ્રી. જી. એ. દેસાઈની અરજી બાબતનો નિર્ણય સિન્ડિકેટ લે તેમ આ સમિતિ માને છે.

(૫) યુનિવર્સિટી છાત્રાલય માટે એક વધુ સફાઈ કામદારની નવી જગ્યા ઊભી કરવા માટેના શ્રી. રેક્ટરના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી છાત્રાલય માટે એક વધારાની સફાઈ કામદારની જગ્યા ઊભી કરવાનું મંજૂર કરવું.

(૬) યુનિવર્સિટીનાં મકાનોની દેખભાળ અંગેના એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત :

યુનિવર્સિટીનાં મકાનોની દેખભાળ અંગેના એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટના રિપોર્ટ ઉપર વિચારણા કરવામાં આવી હતી અને ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે નીચેની વધારાની સફાઈ કામદારની જગ્યાઓ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. યુનિવર્સિટી કાર્યાલય માટે : ૩ (આ સમિતિએ તેની તા. ૧૨–૧૦–૧૯૬૦ની સભામાં ભલામણ કરેલી એક જગ્યાનો આમાં સમાવેશ થાય છે.)
૨. સમાજ વિદ્યાભવન માટે : ૧

(૭) યુનિવર્સિટી કાર્યાલય માટે પ્લમ્બરની એક જગ્યા ઊભી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય માટે Plumber-cum-Watermanની એક જગ્યા રૂા. ૬૦–૪–૧૦૦ના પગારધોરણમાં મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૮. નીચે દર્શાવેલી કૉલેજોનું તેમનાં નામ સામે દર્શાવેલ વિષયો માટેનું જોડાણ જૂન ૧૯૬૦માં પૂરું થતું હોઈ સદરહુ વિષયના વિદ્યાર્થીઓને આગામી પરીક્ષામાં બેસવા વાસ્તે પરવાનગી આપવા બાબત:

(૧) નવયુગ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પોરબંદર ... ઇન્ટર કૉમર્સ
(૨) નૂતન કેળવણી મંડળ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, વલસાડ ... બી.એ. (સ્પે.) અને (જન.) અર્થશાસ્ત્ર અને ગુજરાતી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીઓને આગામી પરીક્ષાઓમાં બેસવા માટે પરવાનગી આપવી.

૬૯. જરૂરી લાયકાત ધરાવતા ડેમોન્સ્ટ્રેટરો ન મળવાથી નીમવામાં આવેલ સર્વશ્રી. એન. વી. પટેલ અને સી. એ. અમીનને ચાલુ વર્ષ પૂરતા લાયક ગણવા સર પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરાના આચાર્યશ્રીની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ ભાઈઓ બી.એસસી. પાસ વર્ગ ધરાવે છે. તેમણે એમ.એસસી.નાં સત્રો ભર્યાં છે અને ૧૯૬૧ની પરીક્ષામાં બેસવાના છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એન. વી. પટેલ અને શ્રી. સી. એ. અમીનની નિમણૂકને ફક્ત ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવી, તથા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, આગામી શૈક્ષણિક વર્ષની શરૂઆતથી, તેમની જગ્યાએ, યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે જરૂરી લાયકાત ધરાવનાર ડેમોન્સ્ટ્રેટરોની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૭૦. નવયુગ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પોરબંદરમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. મૂલ્યેના જવાથી ખાલી પડેલ જગ્યાએ લાયકાત ધરાવતી વ્યક્તિ ન મળવાથી અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. એચ. પી. પંડ્યાને કામ સોંપ્યાની ગોઠવણ મંજૂર કરવા માટેની મજકૂર કૉલેજના આચાર્યશ્રીની વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં, શ્રી. એચ. પી. પંડ્યાને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકનું કામ સોંપ્યાની ગોઠવણને ફક્ત ચાલુ વર્ષ પૂરતી મંજૂર કરવી, તથા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, શ્રી. મૂલ્યેની ખાલી પડેલી જગ્યાએ, યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે જરૂરી લાયકાત ધરાવનાર અધ્યાપકની નિમણૂક આગામી વર્ષની શરૂઆતથી કરવી આવશ્યક રહેશે.

૭૧. ગુજરાતીમાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવા અંગે શ્રી. ચં. ચુ. શાહ તરફથી આવેલ તા. ૨૪-૮-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ બાબત પરત્વે સિન્ડિકેટની તા. ૩-૯-૧૯૬૦ની સભાએ કરેલા ઠરાવ અન્વયે રાજ્ય સરકારે નીમેલી પાઠ્યપુસ્તકો અંગેની સમિતિની કામગીરી, સમયમર્યાદા વગેરે વિગતો રાજ્ય સરકાર પાસે મગાવેલી, જેના જવાબમાં રાજ્ય સરકારના શિક્ષણ અને શ્રમ ખાતાના તા. ૯-૧૨-૧૯૬૦ના પત્રાંક પી. ૨(૭)(૯) આવેલો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સિન્ડિકેટે નીમેલી પ્રકાશન યોજના સમિતિની વિચારણા માટે મોકલી આપવી.

(શ્રી. ચન્દ્રવદન ચુ. શાહ તથા રાજ્ય સરકારના શિક્ષણ અને શ્રમ ખાતાના પત્રોની નકલ પરિશિષ્ટ "ન" તરીકે સામેલ છે.)

૭૨. યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ૧૭ વર્ષની વયમર્યાદા સાચવવાની ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની આ યુનિવર્સિટી તરફેણ કરતી નથી, એમ ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડને જવાબ આપવો.

૭૩. યુનિવર્સિટીની પરીક્ષાઓમાં વર્ગ આપવા અંગે ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડની સ્ટેન્ડિંગ કમિટીની મદ્રાસ મુકામે મળેલી તા. ૩૦-૯-૧૯૬૦ની સભાના નીચેના ઠરાવ ઉપર અભિપ્રાય વ્યક્ત કરવા બાબત:

Resolution:

"The Standing Committee suggests a revision in regard to grades as follows:

D plus to represent Distinction, 85 % or over.

D to represent Distinction, 75 % and above but below 85 %.

A plus to represent First Class, 68 % and above but below 75 %.

A to represent First Class, 68 % and over but below 68 %.

B plus to represent Second Class, 55 % and over but less than 60 %.

B to represent Second Class, 50 % and over but less than 55 %.

C plus to represent Third Class, 45 % and over but less than 50 %.

C to represent Third Class, 40 % and over but less than 45 %."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની આ યુનિવર્સિટી તરફેણ કરતી નથી, એમ ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડને જવાબ આપવો.

૭૪. ઇન્ટર-યુનિ. બૉર્ડ ઑફ ઇન્ડિયાની ૩૫મી વાર્ષિક સભાએ કરેલા ઠરાવ ક્રમાંક ૬(૬, ૩); ૨(૨, ૩); ૩, ૪(૪), ૬(૨, ૪), તથા ૧ (એ, ડી, ઈ, એફ, જી, એચ, આઈ) ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતો ઉપર, યુનિવર્સિટીના નીતિનિયમોને લક્ષમાં રાખીને ઘટતો જવાબ આપવા ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

(ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાના મજકૂર ઠરાવોની નકલ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.

૭૫. દાક્તરી વિદ્યાશાખાની તા. ૨૩-૮-૧૯૬૦ની તથા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ની સભાઓની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

દાક્તરી વિદ્યાશાખાની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી. (મેડિકલ)માં કન્સેશન્સ આપવા અંગે

નીચે મુજબ ઑર્ડિનન્સ ઉમેરવો તથા તેને યોગ્ય ક્રમાંક આપવો :

Notwithstanding anything contained in above rules, a person who is teaching in a Department of an affiliated college continuously for five years, may be allowed to appear at the M.Sc. (Med.) Examination in the subject that he is teaching without filling up any term, provided he submits a dissertations according to above rules and registers himself one year before appearing at the examination. Such a candidate must have passed the B.Sc. (Med.) Examination at least one term before appearing at the M.Sc. (Med.) Examination."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ફાકલ્ટરી વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે ઑર્ડિનન્સ મંજૂર કરી તેને ક્રમાંક ૩૦૦ (૯) આપવા અને તેને તાત્કાલિક અમલમાં લાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે નવો ઑર્ડિનન્સ નં. ૩૦૦ (૯) મંજૂર કરવો, તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૭૬. વિજ્ઞાન ભવનના અધ્યક્ષ તરીકે, વહીવટી કામકાજની વ્યવસ્થા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વનસ્પતિવિજ્ઞાન વિભાગના પ્રાધ્યાપક પ્રોફેસર જે. જે. ચિનોયને વિજ્ઞાન વિદ્યાભવનના કાર્યકારી અધ્યક્ષ તરીકે નીમવા.

૭૭. રેગ્યુ. ૨૦૪ની નોંધ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે અને તેને ઉપકુલપતિશ્રીના આદેશની તારીખથી એટલે કે તા. ૨૯-૯-૧૯૬૦થી અમલમાં લાવવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ની સભાએ સિન્ડિકેટને કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

Note.— Allotment of marks in the question-paper on 'Salesmanship and Publicity' shall be as follows:

Salesmanship	..	65 marks
Publicity	..	35 marks."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૨૦૪ની નોંધ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી, તથા તેને તા. ૨૯-૯-૧૯૬૦થી અમલમાં આવેલી ગણવી.

૭૮. જુનિયર સુપરવાઇઝરને જે સૂચનાઓ આપવામાં આવે છે તેમાં વિદ્યાર્થીઓને આપવામાં આવેલી સૂચનાઓ પૈકી સૂચના નં. ૧૨માં નીચેની સૂચના (IV) તરીકે ઉમેરવા બાબત:

"(*iv*) Take some-body else's answer-books or allow deliberately or through carelessness, your answer-book to be taken by some other candidate."

ઉપરોકત સૂચના ઉમેરતાં આખી સુધારેલી સૂચના નં. ૧૨ નીચે પ્રમાણે વંચાશે:

"12. You will be instantaneously expelled and your name will be reported, if you—

(*i*) bring any book, notes or scribbling paper into the examination hall;

(*ii*) speak to, or communicate in any other way with, another candidate while the examination is going on;

(*iii*) take with you any answer-books written in or blank, while leaving the examination hall; or

(*iv*) take some-body else's answer-book or allow deliberately or through carelessness, your answer-book to be taken by some other candidate."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર સૂચવ્યા પ્રમાણે સૂચના નં. ૧૨ સુધારવી.

૭૯. ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવાની છેલ્લી તા. ૩૧–૧૨–૧૯૬૦ સુધી સિન્ડિકેટે લંબાવી હતી. પરંતુ આશરે ૨૫૦ જેટલા નિયમિત વિદ્યાર્થીઓએ તેમ જ આશરે ૪૦૦ જેટલા બહારના વિદ્યાર્થીઓએ ઉપરોકત સમયમાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નથી તેમને માટે તે સારુ તા. ૩૧–૧–૧૯૬૧ સુધી મુદત લંબાવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષ દરમિયાન ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવાની મુદત તા. ૩૧–૧–૧૯૬૧ સુધી લંબાવવી.

૮૦. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯–૧૧–૧૯૬૦ની બેઠકની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯–૧૧–૧૯૬૦ના રોજ મળેલી સભાની ભલામણો, ભલામણ નં. ૧(ક)માં "કુ. ઇન્દુકળા હીરાનન્દ ઝવેરીને, પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કરવા માટે માન્ય કરવાં", એ સુધારા સાથે મંજૂર કરવી.

(બોર્ડની સદરહુ સભાની ભલામણો **પરિશિષ્ટ "ફ"** તરીકે સામેલ છે.)

૮૧. અનુસ્નાતક નિયમ નં. ૪૪ મુજબ એમ.એસસી. (સંશોધન)ના વિદ્યાર્થીઓને માટે પ્રયોગશાળાના ખર્ચ માટે અનુસ્નાતક કેન્દ્રોમાં જે ધોરણે આર્થિક સહાય (સબસિડી) અપાય છે તે ધોરણે માન્ય અનુસ્નાતક સંસ્થાઓમાં સંશોધન કરતા એમ.એસસી. (સંશોધનથી)ના વિદ્યાર્થીઓએ જે તે સમયથી (retrospectively) લાગુ પાડવાનું વિચારવા બાબત.

(નોંધ.— અનુસ્નાતક સંસ્થાઓને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે સહાય આપવાની નીચે પ્રમાણે જોગવાઈ છે:

This rule regarding financial assistance shall also apply *mutatis mutandis* to recognised institutions in respect of students working for their Ph.D. Degree.)

આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક નિયમ નં. ૪૪નો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો, તથા તેને નિયમ નં. ૪૪ ઘડવામાં આવ્યો તે તારીખથી, એટલે કે તા. ૪-૧૨-૧૯૬૦થી અમલમાં આવેલો ગણવો:

"This rule regarding financial assistance shall also apply *mutatis mutandis* to affiliated Colleges and recognised institutions in respect of students working for their M.Sc. and Ph.D. Degrees."

૮૨. સિન્ડિકેટની તા. ૩-૧૨-૧૯૬૦ની સભામાં ઠરાવ્યા પ્રમાણે "વિદ્યા"ના વિનયન અંક માટે સંપાદકમંડળના સભ્ય તરીકે તા. ૯-૧૨-૧૯૬૦થી ત્રણ વર્ષ માટે નીમવામાં આવેલ સભ્ય શ્રી. રસિકલાલ છો. પરીખે સદરહુ સભ્યપદનો સાભાર અસ્વીકાર કર્યો હોઈ તેમની જગ્યાએ અન્યની નિમણૂક કરવા બાબત.

(નોંધ.— ઉપરોક્ત મંડળમાં અન્ય સભ્યો નીચે પ્રમાણે છે:

૧. પ્રો. ઉમાશંકર જોષી;
૨. પ્રો. બી. આર. શેનોય;
૩. ડો. પી. એચ. પ્રભુ;
૪. પ્રિન્સિ. એમ. એસ. પંડિત.)

આથી ઠરાવવામાં આવે છે કે, "વિદ્યા"ના વિનયન અંક માટે સંપાદકમંડળ પર, શ્રી. રસિકલાલ છો. પરીખની જગ્યાએ, શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈની નિમણૂક, તા. ૬-૧૨-૧૯૬૩ સુધીની મુદત માટે કરવી.

૮૩. શ્રી હિંમતલાલ પ્ર. શુકલ સિન્ડિકેટના સભ્ય તરીકે ચાલુ રહેતા ન હોવાથી તેમની જગ્યાએ સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (Legal) સમિતિ પર બીજા કોઈ સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. હિંમતલાલ પ્ર. શુકલની ખાલી પડેલી જગ્યાએ, સદરહુ સ્થાયી સમિતિ ઉપર શ્રી. ધનશ્યામભાઈ છો. એઝાની નિમણૂક કરવી.

૮૪. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં રિસર્ચ ઍસિસ્ટન્ટ તરીકે કામ કરતાં કુ. મૃદુલા એડનવાલાને કાયમ કરવા બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧૬-૬-૧૯૬૦ની સભામાં ઠરાવ્યું હતું કે તેમને વધુ એક વર્ષ માટે ચાલુ રાખવાં તથા આ રિસર્ચ ઍસિસ્ટન્ટની જગ્યા કાયમી કરવા બાબતમાં શ્રી. અધ્યક્ષનો અભિપ્રાય મગાવવો. તે પ્રમાણે મગાવેલ શ્રી. અધ્યક્ષના નીચેના અભિપ્રાય ઉપર વિચારણા કરવા બાબત.

"મારો અભિપ્રાય છે કે ઉપરની બે રિસર્ચ ફેલોની જગ્યાઓ ઉપરાંત એક રિસર્ચ ઍસિસ્ટન્ટની આ જગ્યા ચાલુ રાખવી (ભવનમાં એ સિવાય અધ્યક્ષ અને રીડર એટલો જ કાર્યકરસમુદાય છે). કાંઈ નહિ તો છેવટે બે રિસર્ચ ફેલોની જગ્યાઓ ભરાય ત્યાં સુધી તો રિસર્ચ ઍસિસ્ટન્ટની જગ્યા ચાલુ રાખવી જોઈએ એવો મારો અભિપ્રાય છે. પણ આખા ભવનમાં અધ્યક્ષ અને એક રીડર ઉપરાંત સંશોધનકાર્ય માટે એક રિસર્ચ ઍસિસ્ટન્ટ અને બે રિસર્ચ ફેલોની વ્યવસ્થા અત્યારે છે તે ચાલુ રહે અને એ બધી જગ્યાઓ ભરાય તો વધુ સારું એમ મને લાગે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં રિસર્ચ ઍસિસ્ટન્ટની જગ્યા કાયમ કરવી, પણ તે જગ્યા પરની નિમણૂક એક-એક વર્ષ માટે કરવાનું રાખવું.

૮૫. બાઈ રૂક્ષ્મણી ચીમનલાલ કપૂરચંદ વૈષ્ણવ મંદાન ટ્રસ્ટની રૂ. ૨૫,૦૦૦ની સખાવતના નિયમ નં. ૨ અન્વયે આવકની બાકીની આશરે રૂ. ૨,૦૦૦ની રકમમાંથી તેના નિયમ પ્રમાણે શ્રીમદ્ વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન (પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત) અથવા અનુભાષ્યમ્ પર સંશોધનના પ્રકાશન માટે કે વ્યાખ્યાનો માટે કેવી રીતે ઉપયોગ કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

નિયમ નં. ૨:

The balance left after deducting the amount of scholarship mentioned in No. 1 above from the net revenue of the Endowment, shall be utilised for a research publication or lectures on Shrimad Vallabhacharya's Shuddhadwaita Philosophy (Pushtimargiya Siddhanta) or Anubhashyam as and when possible and necessary."

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન (પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત) અથવા અનુભાષ્યમ્ પર વ્યાખ્યાનો આપવા માટે, પ્રોફેસર પી. એમ. મોદીને નિમંત્રણ આપવું, તથા તેમની સાથે વ્યાખ્યાનોના વિષય, તારીખો વગેરે નક્કી કરીને તેમની સાથે કરવાના કરારનામાનો મુસદ્દો સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૮૬. રૂ. ૧૦૦નું "ડૉ. વૃન્દાવનદાસ પારિતોષિક" એમ.બી., બી.એસ.માં પ્રથમ આવનાર વિદ્યાર્થીને આપવામાં આવે છે. આ પારિતોષિકને બદલે માર્ચ/એપ્રિલ તેમ જ તે પહેલાંની ઑક્ટોબરની બાઈને બન્ને પરીક્ષામાં ત્રીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષામાં મુક્તિ રાખ્યા વગર બેસનાર વિદ્યાર્થીઓ પૈકી ગાયનેકોલોજી અને ઑપ્સ્ટેટ્રિક્સ વિષયની લેખિત તેમ જ

પ્રાયોગિક પરીક્ષામાં થઈને સૌથી વધારે ગુણાંક મેળનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવાનું જણાવતા શ્રી. એ. વી. શાહના તા. ૧૬-૧૧-૧૯૬૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— આ માટે રૂ. ૨,૭૦૦ની વધારાની સખાવત આપેલ છે. તેમણે રૂ. ૬,૦૦૦નું દાન આપેલું છે, જેમાંથી ઉપરનું ઉપરાંત બીજું રૂ. ૧૦૦નું ઇનામ આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સખાવતનો સાભાર સ્વીકાર કરવો, તથા એમ.બી., બી.એસ.ની પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને રૂા. ૧૦૦નું "વૃન્દાવનદાસ પારિતોષિક" આપવામાં આવે છે તે બંધ કરવું, તથા તેને બદલે માર્ચ/એપ્રિલ તેમ જ તે પહેલાંની ઑક્ટોબરની થઈને બેઉ પરીક્ષાઓમાં, ત્રીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષામાં મુક્તિ રાખ્યા વગર બેસનાર વિદ્યાર્થીઓ પૈકી, ગાયનેકોલોજી અને ઑબ્સ્ટેટ્રિક્સ વિષયની લેખિત તેમ જ પ્રાયોગિક પરીક્ષામાં થઈને સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને "ડૉ. વૃન્દાવનદાસ સુવર્ણચંદ્રક" આપવો.

૮૭. "શ્રીમતી શાન્તાગૌરી નટવરલાલ શાહ પારિતોષિક"ના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "શ્રીમતી શાંતાગૌરી નટવરલાલ શાહ પારિતોષિક"ના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૮૮. પ્રિ. ટી. એ. દેસાઈ હવે સિન્ડિકેટના સભ્ય તરીકે ચાલુ રહેતા નહિ હોવાથી ધી બૅન્ક ઑફ ઇન્ડિયા લિ., નવરંગપુરા, સાથે યુનિવર્સિટીનાં ચાલુ ખાતાં (૧) યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ, (૨) યુનિવર્સિટી બિલ્ડિંગ ફંડ એકાઉન્ટ, તથા (૩) યુનિવર્સિટી ઇયરમાર્ક્ડ ફંડ એકાઉન્ટ નાં ખાતાંની લેવડદેવડ કરવા માટે તેમની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, બૅન્ક ઑફ ઇન્ડિયા લિમિટેડ, નવરંગપુરા, સાથે ચાલતાં યુનિવર્સિટીનાં (૧) યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ, (૨) યુનિવર્સિટી બિલ્ડિંગ ફંડ એકાઉન્ટ તથા (૩) યુનિવર્સિટી ઇયર-માર્ક્ડ ફંડ એકાઉન્ટનાં ખાતાંની લેવડદેવડ કરવા માટે, પ્રિન્સિપલ ટી. એ. દેસાઈની જગ્યાએ, પ્રિન્સિપલ એમ. વી. દેસાઈને સહી કરવા માટે સત્તા આપવી.

૮૯. યુનિવર્સિટીનાં ફાજલ નાણાં ટૂંકી મુદતની, મુદતી થાપણ તરીકે કે બિનમુદતીમાં રોકવા માટેના ધી ગુજરાત સ્ટેટ કો-ઑપરેટિવ બૅન્ક લિ.ના તા. ૨૨-૧૨-૧૯૬૦ના તેમ જ ધી બૅન્ક ઑફ ઇન્ડિયાના તા. ૧૯-૧૨-૧૯૬૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં ફાજલ નાણાં, ટૂંકી મુદતની, મુદતી થાપણ (fixed deposit) કે બિનમુદતી થાપણ (call desposit) તરીકે મૂકવા માટે ગુજરાત સ્ટેટ કો-ઑપરેટિવ બૅન્ક તથા બૅન્ક ઑફ ઇન્ડિયાને પણ માન્ય કરવી, તથા તે પ્રમાણે થાપણ મૂકવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૯૦. સિન્ડિકેટે તેની તા. ૫/૬-૧૧-૧૯૬૦ની સભામાં ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળાની પ્રથમ શ્રેણીમાં અપાયેલ વ્યાખ્યાનો પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવા માટે પ્રથમ આવૃત્તિ માટે કુલ છપાયેલ પ્રતોની છપેલી કિંમતના ૧૦ ટકા જેટલી રૉયલ્ટી આપે તથા સદરહુ પુસ્તકની પ્રતોની વેચાણકિંમત યુનિવર્સિટીને પૂછીને નક્કી કરવામાં આવે તે શરતોએ સદરહુ પુસ્તકની પ્રથમ આવૃત્તિ યુનિવર્સિટી તરફથી છાપવા માટે મેસર્સ એન. એમ. ત્રિપાઠીને પરવાનગી આપવાનું વિચારી શકાશે એમ ઠરાવેલ છે. આ શરતો શ્રી. એન. એમ. ત્રિપાઠીને સ્વીકાર્ય છે એમ જણાવતા તેમના તા. ૮-૧૨-૧૯૬૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એન. એમ. ત્રિપાઠીની કંપની સાથે કરવાના કરારનામાનો મુસદ્દો તૈયાર કરીને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવો.

૯૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧-૧૨-૧૯૬૦ના પત્રાંક એફ/૬૦/૩૦-૬૦ (એચ)થી મંજૂર કરેલી નીચેની યોજનાઓ અંગે આગળ પગલાં લેવા બાબત:

	અંદાજી રકમ	યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો હિસ્સો	
૧. ૧૦૦ વિદ્યાર્થીઓ માટેની હૉસ્ટેલ...	૪,૦૦,૦૦૦	૨,૦૦,૦૦૦	૫૦ ટકા
૨. ૧૦૦ વિદ્યાર્થીઓ માટેની હૉસ્ટેલ...	૪,૦૦,૦૦૦	૩,૦૦,૦૦૦	૭૫ ટકા
૩. લેડી સુપરિન્ટેન્ડેન્ટ માટે રહેઠાણ...	૨૫,૦૦૦	૧૨,૫૦૦	૫૦ ટકા

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની યોજનાઓના પ્રત્યેક બાંધકામ માટે તેના નામ સામે જણાવેલ અંદાજી રકમ મંજૂર કરવી, તથા પ્રત્યેક બાંધકામના આલેખ તથા અંદાજી ખર્ચની વિગતો રજૂ કરવા માટે સદરહુ બાબત બાંધકામ સમિતિને મોકલી આપવી.

૯૨. વાણિજ્યની વિદ્યાશાખામાં આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતના ધોરણ બાબતમાં નીચે પ્રમાણે સ્પષ્ટતા કર્યાના કાર્યકારી ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

"વાણિજ્ય વિદ્યાશાખાના શિક્ષકોની લાયકાત નક્કી કરતા વિષયોમાં જ્યાં જ્યાં બી.કૉમ., એમ.કૉમ.ની પદવીઓનો ઉલ્લેખ કર્યો હોય ત્યાં સ્ટેટિસ્ટિકસના વિષયની લાયકાત નક્કી ઠરતી વખતે તે વિષયમાં અનુક્રમે સ્નાતક અને માસ્ટરની પદવીઓ સમજવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૯૩. ફરકી મુકામે તા. ૩થી ૯ જાન્યુઆરી ૧૯૬૧ દરમિયાન યોજનાર "ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ"ના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના ત્રણ પ્રતિનિધિઓ પૈકી (૧) આચાર્ય ડૉ વાય. જી. નાયકે, અને (૨) આચાર્ય એસ. કે. કાત્રકે જવાની અશક્તિ દર્શાવિલ હોઈ પ્રૉ. જે. જે. ચિનોયની આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૯૪. નવી દિલ્હી ખાતે, ૩૦મી ડિસેમ્બર ૧૯૬૦થી ૧લી જાન્યુઆરી ૧૯૬૧ દરમ્યિાન યોજનાર "નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સીઝ ઑફ ઇન્ડિયા"ની ૨૬મી વાર્ષિક સભામાં,

આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સી. આર. મહેતાની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૯૫. માર્ચ/એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયન પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી શ્રી. મુગટરામ સંતરામ કલાલે ગુજરાતની વડી અદાલતમાં દાખલ કરેલ રિટ અરજી અંગે યુનિવર્સિટીના વકીલ તરીકે શ્રી. હરિપ્રસાદ ઠાકોરને રોકવા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૯૬. આ યુનિવર્સિટીની દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થી જો તેને ગણિતના વિષયમાં મુક્તિ મળી હોય તો દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં રે. ૧૪ મુજબ ગણિતના વિષયમાં મુક્તિ રાખી શકે છે. તે પ્રમાણે પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિજ્ઞાનની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થી જો તેને ગણિતના વિષયમાં મુક્તિ મળી હોય તો પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં ગણિતના વિષયમાં મુક્તિ રાખી શકે તેવો કોઈ નિયમ નહિ હોવાથી તે અંગે નિયમોમાં સુધારો કરવા નીચેનો ટ્રાન્ઝિટરી રે. ૨-બી મંજૂર રાખવા બાબત તથા બહાલીની અપેક્ષાએ તે પ્રમાણે ચાલુ વરસે ઉપકુલપતિશ્રીએ કરેલી વ્યવસ્થાને બહાલી આપવા બાબત:

Transitory Regulation 2–B :

"Candidates who have failed at the F.Y. (Pre-Uni.) Examination in Science, but have secured exemptions in certain subjects in which identical papers are set at the F.Y. (Pre-Uni.) Arts Examinations shall be entitled to exemptions from those subjects at the latter examination [F.Y. (Pre-Uni.) Arts Examination]."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ટ્રાન્ઝિટરી રેગ્યુલેશન નં. ૨–બીને મંજૂર કરવો, તથા તે પ્રમાણે ચાલુ વર્ષે ઉપકુલપતિશ્રીએ કરેલી વ્યવસ્થાને બહાલી આપવી.

૯૭. તા. ૧ જાન્યુઆરી ૧૯૬૧થી ગુજરાત યુનિ.ની કેન્ટીનનો કૉન્ટ્રેક્ટ બહાર ન આપતાં, ચાપાણીની વ્યવસ્થા કરવા માટે યુનિવર્સિટી સ્ટાફ ક્લબની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૧–૧–૧૯૬૧થી વચગાળાની વ્યવસ્થા તરીકે સદરહુ ક્લબને કેન્ટીન માટેનું યુનિવર્સિટીનું ફર્નિચર વાપરવા માટે અનુમતિ આપવામાં આવેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની કેન્ટીન ચલાવવા માટે, સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧–૮–૧૯૫૭ની સભામાં જે શરતો નક્કી કરેલી છે તે શરતોએ ચલાવવા તૈયાર હોય, તો તે ચલાવવા માટે, યુનિવર્સિટી સ્ટાફ ક્લબને તા. ૧–૧–૧૯૬૧થી તા. ૩૧–૧૨–૧૯૬૧ સુધી પરવાનગી આપવી.

(નક્કી કરેલી શરતોની નકલ **પરિશિષ્ટ "ભ"** તરીકે સામેલ છે.)

૯૮. એમ.એ. મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટે નવસારીને કેન્દ્ર આપવા અંગેની એસ. બી. ગાર્ડા કૉલેજના આચાર્યની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એ. મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટે નવસારીને કેન્દ્ર તરીકે રાખવાની એસ. બી. ગાર્ડા કૉલેજના આચાર્યની વિનંતી મંજૂર કરવી નહિ.

૯૯. યુનિવર્સિટીના આશ્રયે મળનાર ગણિત પરિષદ અંગે સ્વાગતસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૦. એપ્રિલ ૧૯૬૧ની ૧૭મી તારીખથી શરૂ થતી પ્રથમ એમ.બી., બી.એસ. અને દ્વિતીય એમ.બી., બી.એસ. અને તૃતીય એમ.બી., બી.એસ.ની પરીક્ષાઓ તેમજ તા. ૨૪–૪–૧૯૬૧થી શરૂ થતી એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષાઓ એક પખવાડિયું મોડી રાખવા બી. જે. મેડિકલ કૉલેજના ડીન તરફથી આવેલ તા. ૨–૧–૧૯૬૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે ત્રીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષા પંદરેક દિવસ મોડી લેવાનું રાખવું.

(**નોંધ.**—પહેલી અને બીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષાઓના સમયપત્રકમાં ફેરફાર કરવાની જરૂર જણાતી નથી).

૧૦૧. સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશિપ અને ફેલોશિપ વગેરે બાબતો પર વિચારણા કરી સિન્ડિકેટને હેવાલ રજૂ કરવા માટે નિમાયેલી સ્થાયી સમિતિની તા. ૨૩–૧૨–૧૯૬૦ના રોજ મળેલી તેરમી સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

"૧. આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૦–૬૧ના વર્ષ દરમિયાન નીચેના વિદ્યાર્થીને પીએચ.ડી. પદવી માટેની સંશોધન શિષ્યવૃત્તિ (આવેલી માહિતી સંતોષકારક હોવાથી) આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

વિદ્યાર્થીનું નામ	કૉલેજનું નામ
(૧) શ્રી. રજનીકાંત નટવરલાલ પરીખ ...	શેઠ ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૦–૬૧ના વર્ષ દરમિયાન નીચેના વિદ્યાર્થીને આ શિષ્યવૃત્તિ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

(૧) શ્રી. ખરીદિયા સુરેશ પોપટલાલ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.

(૨) શ્રી. નરેન્દ્ર ડાહ્યાભાઈ દેસાઈને, જો તેમનો પ્રથમ સત્રના કાર્યનો હેવાલ સંતોષકારક છે એમ તેમની સંસ્થાના વડા ડૉ. પી. એચ. પ્રભુ જણાવે તો, આ શિષ્યવૃત્તિ ૧૯૬૦–૬૧ના વર્ષ માટે આપવી.

(૩) શ્રી. મનુભાઈ અંબાલાલ પટેલના માર્ગદર્શક શિક્ષક ડૉ. જિંદાલ યુનિવર્સિટીના માન્ય શિક્ષક ન હોવાથી તેઓ આ શિષ્યવૃત્તિ મેળવવા પાત્ર નથી.

૩. વધુમાં આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, છેલ્લાં ત્રણ વર્ષમાં પીએચ.ડી.ની માસિક રૂ. ૧૦૦ની યુનિવર્સિટીએ નિયત કરેલી ૧૦ શિષ્યવૃત્તિઓમાંથી પૂરતા ઉમેદવારોના અભાવે કેટલીક ખાલી રહેતી હોવાથી આ શિષ્યવૃત્તિ રૂ. ૧૦૦ને બદલે રૂ. ૨૦૦ની દશને બદલે પાંચ અથવા તો તેથી વધારે કરવી કે જેથી સારી લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ આનો લાભ લઈ શકે.

(**નોંધ.**—છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ દશમાંથી નીચે પ્રમાણે શિષ્યવૃત્તિઓ આપી શકાઈ છે:

૧૯૫૭-૫૮ ... ૯
૧૯૫૮-૫૯ ... ૩
૧૯૫૯-૬૦ ... ૫ આપવામાં આવેલી.)

૪. દક્ષિણા ફેલોશિપની શિષ્યવૃત્તિની લાયકાતના નિયમાનુસાર તે ફેલોશિપ અંગેના નિયમ નં. ૧૩ પ્રમાણે પ્રતિવર્ષ વધારેમાં વધારે પાંચ "માનદ ફેલોશિપ" આપવી.

૫. શ્રી. વી. પી. શાહ (સમાજ વિદ્યાભવન)ની "માનદ દક્ષિણા ફેલોશિપ" આપવા પુનર્વિચારણા માટે આવેલી અરજી સ્વીકારવી નહિ.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની સ્થાયી સમિતિની ઉપરની ભલામણ નં. ૧ અને ૨ મંજૂર કરવી, તથા ભલામણ નં. ૩ અને ૪ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી; તથા ભલામણ નં. ૫ની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૨. યુનિવર્સિટીના શિક્ષકોની Recreational પ્રવૃત્તિની વ્યવસ્થા સાથેની ક્લબ સહિતનું અતિથિગૃહ બાંધવા માટે નાણાકીય મદદ આપવાના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના મંત્રીના તા. ૩-૧-૧૯૬૧ના પત્રાંક એફ. ૫૬-૨૪-૬૦-એચ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૩. ઓ. ૨૮૪(૧)માં નીચેની બાબત ઉમેરવા અંગેના ડૉ. જે. જે. દેસાઈના તા. ૬-૧-૧૯૬૧ના રોજ આવેલા પત્ર અંગે વિચારણા કરવા બાબત:

"In case where the college is not recognised for the post-graduate course, the candidate be allowed to send his dissertation through the Principal of the Institution."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલી આપવી.

૧૦૪. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં નિમાયેલા ડેમોન્સ્ટ્રેટરો સર્વશ્રી. એમ. જી. મકવાણા, કે. એન. વસાવડા અને જી. એમ. જોષીની નિમણૂકોને ચાલુ સત્ર પૂરતી માન્ય કરવા આચાર્યશ્રીના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં નિમાયેલા ડેમોન્સ્ટ્રેટરો સર્વશ્રી એમ. જી. મકવાણા, કે. એન. વસાવડા અને જી. એમ. જોષીની નિમણૂકોને ફક્ત ચાલુ સત્ર પૂરતી માન્ય કરવાનું રાખવું, તથા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, આગામી શૈક્ષણિક વર્ષની શરૂઆતથી યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે જરૂરી લાયકાત ધરાવનાર ડેમોન્સ્ટ્રેટરોની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૧૦૫. ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પ્રતિનિધિ શ્રી. એચ. સી. ગુપ્તા, રાજ્ય સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન શ્રી. એમ. ડી. રાજપાલ અને યુનિવર્સિટીના અધિકારીઓ વચ્ચે તા. ૫-૧૨-૧૯૬૦ના રોજ થયેલ અવિધિસરની ચર્ચાની નોંધ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૬. તા. ૧૯-૧૨-૧૯૬૦ના રોજ મળેલ વાણિજ્યની વિદ્યાશાખાની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત:

(૧) વાણિજ્યની વિદ્યાશાખા, બધા સંજોગોનો વિચાર કરી, સુરતને અનુસ્નાતક પરીક્ષાના કેન્દ્ર તરીકે માન્ય કરવા સર્વાનુમતે સિન્ડિકેટને ભલામણ કરે છે.

(૨) યુનિવર્સિટીની બી.કૉમ.ની પરીક્ષામાં દરરોજ બે પ્રશ્નપત્રો હોય છે તેને બદલે બી.કૉમ.ની પરીક્ષામાં દરરોજ માત્ર એક પ્રશ્નપત્ર રાખવા વાણિજ્યની વિદ્યાશાખા સર્વાનુમતે સિન્ડિકેટને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, વાણિજ્ય વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૧ નામંજૂર કરવી, તથા ભલામણ નં. ૨ મંજૂર કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૧૩૧૧૧-૨૮/૧૯૬૧.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૬૧.
માઘ ૧૭, ૧૮૮૨ (શક).

કં. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૪

O. 120–A :

In a full grade college in major department, wherein the subject is taught to degree classes, there shall be at least one Professor, provided, however, that—

(*a*) in a college where a subject comprising only two general papers, which are not included among special papers in the subject is taught, the teacher need not be a Professor;

(*b*) in a college where only B.Sc. Subsidiary subject is taught, the teacher need not be a Professor;

(*c*) in a college, where English is taught only as a compulsory subject or as a compulsory and general subject for the B.A. Degree Examination, the teacher need not be a Professor.

Explanation 1 : Subjects taught at the degree stage in Arts as Special subjects and subjects taught at the degree stage in the Science Faculty as Principal shall constitute major subjects.

Explanation 2 : Notwithstanding anything contained in explanation 1 above, Geography and Geology and the Modern Indian Languages except Gujarati shall not constitute major subjects for the purposes of this Ordinance.

1. The maximum amount of teaching work per week to undergraduate classes which can be assigned to a full-time teacher and the tutorial work which should be expected of him should be :

(*i*) 10 periods of lecturing work and 3 tutorials in the case of a recognised post-graduate teacher guiding Ph.D. students;

(*ii*) 13 periods of lecturing work and 3 tutorials in the case of a recognised post-graduate teacher guiding or lecturing to students for the Master's Degree;

(*iii*) 15 periods of lecturing work and 4 tutorials in the case of teachers who are not recognised as post-graduate teachers.

The total number of periods for lectures and tutorials mentioned above under each category, viz. 13, 16 and 19 respectively, may be distributed in the case of Science teachers over lectures, tutorials and practicals according to the requirements of the subject concerned provided that the number of lectures does not exceed the number assigned above to the teachers, viz. 10, 13 and 15, as the case may be, respectively, under each category of teachers.

2. Attendance at practicals on the part of the supervisory staff would not be counted towards the above-mentioned periods of lecturing work and/or tutorials work for a Science teacher.

3. Demonstration work for two batches per day of students doing practical work in the subjects of F.Y. Science and Int. Science Examinations and correction of journals of these batches should be the maximum work to be assigned to a Demonstrator.

For the B.Sc. Classes, 4 hours' demonstration work per day in addition to the correction of journals of the students should constitute the maximum work to be assigned to a Demonstrator.

A full-time teacher should be expected to be present in the college for at least four hours (not periods) on every working day so that he may be available to students for guidance.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૬

શ્રી. હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯.
તા. ૭-૧૧-૧૯૬૦.

ક્રમાંક ૯૭૯/૧૯૬૦.

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ ૯.

શ્રીમાન,

આપનો તા. ૪-૧૧-૧૯૬૦નો સિ./એપો./નં. ૦૩૩૩૯૧-૧૯૬૦ મળ્યો, જે માટે આભારી છું. શ્રી. ભગનભાઈ એસ. પટેલ પ્રથમ દૃષ્ટએ જરૂરી લાયકાત ધરાવે છે એવો નિર્ણય કરી એમની કામચલાઉ નિમણૂક કરી આપને હેવાલ મોકલવાનું આપે જણાવ્યું તે બાબતમાં મુશ્કેલી એ રહેલી છે કે સિન્ડિકેટ પાછળથી આ નિમણૂક અમાન્ય કરે તો નિયુક્ત થયેલી વ્યક્તિ ન અહીંની રહે કે ન બીજે જઈ શકે. તેથી આપની દ્વારા સિન્ડિકેટને મારી નમ્ર વિનંતી છે કે જે દાખલામાં નિયમો કોઈ વ્યક્તિગત કેસને પૂરેપૂરા આવરી લેતા ન હોય અથવા તો નિયમોનો અર્થ ઘટાવવામાં સંદિગ્ધતાને અવકાશ હોય તેમાં Changes in the Staff Committee પહેલાં પોતાનો અભિપ્રાય આપે અને પછી નિમણૂક થાય એ રીતે સદરહુ કમિટીની સત્તા વધારવાનો પ્રબંધ સિન્ડિકેટ કરે.

આ પત્ર અંગે જરૂરી પગલાં સત્વર લેશો એવી આશા રાખું છું.

લિ.
આપનો
(સહી) ય. પ્રા. શુકલનાં વંદન,
આચાર્ય.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ૬માંક ૧૪

Ordinance 255 :

Candidates for the Degree of M.B., B.S. except those who hold the Diploma of L.C.P.S. or the Diploma of M.C.P.S. shall be required to undergo a period of certified study extending over 5 academic years. After a period of study extending over 2 years in the subject specified in O. 259, candidates, on the production of the necessary certificates, would be entitled to appear for the First M.B., B.S. Examination. After passing the First M.B., B.S. Examination, candidates can appear at the Second M.B., B.S. Examination only after completing the courses prescribed in O. 263 and 264 and, after completing 2 years. After appearing at the First M.B., B.S. Examination, candidates would be required to spend 3 years in a continuous study of the clinical group of subjects and pass the Second M.B., B.S. Examination. Candidates for the Third M.B., B.S. Examination would be required to spend 3 years in a continuous study of the clinical group of subjects after passing First M.B., B.S. Examination and must have passed the Second M.B., B.S. Examination before being admitted to appear in subjects of the Third M.B., B.S. Examination. The Degree of M.B., B.S. shall not be conferred upon a candidate unless he undergoes training for a period of 6 months in the manner prescribed in O. 272, subsequent to his passing in the final examination.

Ordinance 257 :

A holder of the M.C.P.S. Diploma will be permitted to appear without being required to keep terms, for the First and Second M.B., B.S. Examinations at the same time or one after another and will be permitted to appear for the Third M.B., B.S. Examination without keeping terms, only after passing the First and Second M.B., B.S. Examinations. The Degree of M.B., B.S. shall not be conferred upon a candidate

unless he undergoes training for a period of 6 months in the manner prescribed in O. 272, subsequent to his passing in the final examination.

Ordinance 263 :

No candidate shall be admitted to the Second M.B., B.S. Examination unless he has passed the First M.B., B.S. Examination and shall have been engaged in medical studies at a Medical College recognised by this University, for a period of 2 years after passing that Examination.

Ordinance 272 :

In order to qualify for M.B., B.S. Degree, every candidate shall, after passing the Third M.B., B.S. Examination, undergo as an intern 6 months post-examination in a recognised institution under a Medical Officer or Practitioner recognised by the University or the Medical Council of India for the purpose. Two months at least of this internship shall be in Public Health Work preferably in rural areas. The names of the Institutions and the Medical Officers and Practitioners recognised for the purpose will be notified by the University from time to time.

ઑ. ૨૭૨-એ નો સંબધકર્તા ભાગ

7. The internees shall work for a period of four months in the Medical, Surgical and Obstetrics Gynaecology Departments of a hospital recognised by the University for this purpose under a recognised Medical Officer. The internee may also work in other Departments, if any, of a hospital.

8. The Internee, in addition to the hospital training, shall also work for a period of 2 months in a Public Health Institution or a combined Medical and Public Health Unit or Primary Health Centre under the approved Medical Officer of Health, for Public Health work.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૧૯

માર્ચ/એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં બેઠેલા કેટલાક વિદ્યાર્થીઓએ ગુણચકાસણી માટે અરજી કરી હતી. તે પૈકી જે વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પરીક્ષકોએ મોકલેલાં પાર્સલોમાંથી મળી ન હતી તે બાબત માટે સિન્ડિકેટે તેની તા. ૧૬-૭-૧૯૬૦ની સભામાં નીમેલી સમિતિની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૨-૧૧-૧૯૬૦ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી. કાર્યકારી ઉપકુલપતિ શ્રી. એસ. વી. દેસાઈ પ્રણ સદરહુ સભામાં હાજર રહ્યા હતા અને બેઠકનું પ્રમુખસ્થાન તેમણે સંભાળ્યું હતું.

૧. શ્રી. એસ. વી. દેસાઈ, કાર્યકારી ઉપકુલપતિ	હાજર
૨. ડૉ. વાય. જી. નાયક	ગેરહાજર
૩. પ્રિ. એસ. આર. ભટ્ટ	હાજર
૪. પ્રિ. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. કે. સી. પરીખ, રજિસ્ટ્રાર,	હાજર
૬. શ્રી. જે. એમ. મહેતા, ડે. રજિસ્ટ્રાર	ગેરહાજર

કેન્દ્રો ઉપરથી પરીક્ષકોને મોકલાતી ઉત્તરવહીઓ વ્યવસ્થિત રીતે મોકલાય તેમ જ પરીક્ષકો તરફથી તપાસાઈને આવતી ઉત્તરવહીઓ યુનિવર્સિટી કાર્યાલયમાં સ્વીકારવાની સુવિસ્તર યોજના બાબતમાં ચર્ચાવિચારણા કરતાં સર્વાનુમતે નીચેની ભલામણો કરવામાં આવી હતી:

૧. કેન્દ્રો પરથી પરીક્ષકને ઉત્તરવહીઓ મજબૂત લોખંડની પેટીમાં તાળું મારી મોકલાય તેવી વ્યવસ્થા યુનિવર્સિટીએ કરવી અને આને માટે પ્રત્યેક કેન્દ્ર ઉપર યુનિવર્સિટીએ લગભગ ૫૦૦થી ૬૦૦ આખી ઉત્તરવહીઓ સમાય તેટલા કદની લોખંડની પેટીઓ તાળાકૂંચી સાથે પહોંચાડવી.

૨. હાલ જુનિયર સુપરવાઇઝરને ભરવાના રિપોર્ટ અંગેનું જે ફૉર્મ છે તેને એસ.એસ.સી.ના ધોરણ ઉપર વિસ્તૃત કરવું કે જેથી પ્રત્યેક કેન્દ્ર ઉપરની પ્રત્યેક પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓની વિષયવાર હાજરીની હકીકત મળી શકે.

૩. પરીક્ષકો પાસેથી જે ઉત્તરવહીઓ યુનિવર્સિટી કાર્યાલયમાં સ્વીકારવામાં આવે તે બરોબર ગણી વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ ક્રમાનુવર્તી ગોઠવ્યા બાદ જે વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ મળી હોય તેટલાની પહોંચ પરીક્ષકોને આપવી અને સદરહુ પહોંચની એક નકલ યુનિવર્સિટીના દફતર ઉપર રાખવી.

૪. જે ઉત્તરવહીઓનાં પાર્સલો ટપાલ મારફત કે રેલવે મારફત પરીક્ષકો તરફથી યુનિવર્સિટી કાર્યાલયને મોકલવામાં આવે તેની કામચલાઉ (provisional) પહોંચ લાગતાવળગતા પરીક્ષકોને મોકલવી અને ત્યાર બાદ પ્રત્યેક પાર્સલમાંની ઉત્તરવહીઓ બરોબર ગણી વિદ્યાર્થીઓના ક્રમાનુવર્તી નંબરમાં ગોઠવી જેટલા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ મળી હોય તેટલી ઉત્તરવહીઓની જ પાકી પહોંચ બનાવી પરીક્ષકને મોકલી આપવી અને તેની એક નકલ યુનિવર્સિટીના દફ્તર ઉપર રાખવી. આ અંગે ઘટતી સૂચના અગાઉથી પરીક્ષકો/મૉડરેટરો વગેરેને આપવી.

૫. યુનિવર્સિટી તરફથી લેવાતી જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં સ્થળેથી કેન્દ્રો માટે થતી માગણી બાબતમાં યુનિવર્સિટીએ કોઈ પણ સ્થળને યુનિવર્સિટી પરીક્ષા માટે કેન્દ્ર આપતા પહેલાં પરીક્ષાને લગતાં કામો, જેવાં કે પ્રશ્નપત્રો છાપવા અંગેની સંતોષકારક પ્રેસની વ્યવસ્થા, પૂરા અનુભવી સીનિયર નિરીક્ષકની સેવાની ઉપલબ્ધતા, અનુભવી ફેકલ્ટીટમ તેમ જ વિદ્યાર્થીઓને બેસવા માટેની સંતોષકારક વ્યવસ્થા તેમ જ ઉત્તરવહીઓ રેલવે કે ટપાલથી મોકલવા માટે રેલવે સ્ટેશનની અને પોસ્ટ ઑફિસની સ્થાનિક વ્યવસ્થા વગેરે સંપૂર્ણ સંતોષકારક હોય તો નવું કેન્દ્ર આપવાનું રાખવું હિતાવહ છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

જ. મં. મહેતા,
ડેપ્યુટી રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૨૩

ગુજરાત યુનિવર્સિટીની આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની ૧૫મી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શનિવાર, તા. ૧૭-૯-૧૯૬૦ના રોજ બપોરના ૧-૩૦ કલાકે ઉપકુલપતિશ્રીના અધ્યક્ષપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. એસ. વી. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૩. પ્રિન્સિ. એલ. આર. દેસાઈ	ગેરહાજર
૪. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૫. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૬. ડૉ. કે. આર. રામનાથન	હાજર

૧. આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૯-૧૧-૧૯૫૯ના રોજ મળેલી ચૌદમી બેઠકની કામકાજની નોંધને મંજૂર કરવા બાબત:

આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૯-૧૧-૧૯૫૯ના રોજ મળેલી ૧૪મી બેઠકની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી સંશોધન કરવા માટે સને ૧૯૬૦-૬૧ના વર્ષ માટે સંશોધન ગ્રાન્ટ્સની માગણી માટે આવેલી અરજીઓ ઉપર, વિચારણા કરવા બાબત.

૧૯૬૦-૬૧ના વર્ષ માટે સંશોધન ગ્રાન્ટની માગણી પરત્વે આવેલી અરજીઓ ઉપર વિચારણા કરી ગ્રાન્ટની યોગ્ય ફાળવણી માટે નીચેની કાર્યવાહીને અનુસરવા અને તે પરત્વે વધુ વિચારણા કરવા આ સમિતિની બીજી બેઠક બોલાવવી એમ નક્કી કરવામાં આવ્યું:

(અ) રસાયણવિજ્ઞાન (Chemistry)ની શાખાની સંશોધન ગ્રાન્ટ માટે આવેલ અરજીઓ ડૉ. કે. આર. રામનાથનને (ડૉ. આર. ડી. દેસાઈ સાથે તે પરત્વે વિચારવિનિમય કરવા તેમ જ જ્યાં જરૂર જણાય ત્યાં અરજદારનો સંપર્ક સાધીને) તેમનાં મંતવ્યો રજૂ કરવા માટે (તે અરજીઓ) મોકલી આપવી:

અરજદારનાં નામ અને સંસ્થા

૧. ડૉ. આર. ડી. દેસાઈ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ;
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ;

૩. ડૉ. જે. જે. ત્રિવેદી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ;
૪. ડૉ. એમ. જે. પટણી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ;
૫. ડૉ. એ. જી. મુનશી, આર. આર. લાલન કૉલેજ, ભૂજ;
૬. ડૉ. જી. સી. અમીન, એમ. એન. કૉલેજ, વિસનગર;
૭. શ્રી. કે. એમ. ભુચ, એમ. એન. કૉલેજ, વિસનગર;

(બ) વનસ્પતિવિજ્ઞાન માટેની અરજીઓ ડૉ. જે. જે. ચિનોયને, તે પર વિચારણા કરી તેમ જ જરૂર જણાય ત્યાં અરજદારનો સંપર્ક સાધીને તેમનાં યોગ્ય મંતવ્ય રજૂ કરવા સારુ મોકલી આપવી:

અરજદારનાં નામ અને સંસ્થા

૧. શ્રી. બી. એસ. વૈદ્ય, ગુજરાત કૉલેજ, અમદાવાદ;
૨. ડૉ. જે. જે. શાહ અને શ્રી. સી. કે. શાહ, વિજ્ઞાન ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ;
૩. ડૉ. જે. જે. શાહ, વિજ્ઞાન ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ;
૪. શ્રી. બી. બી. જોશી, શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચ.

(ક) તબીબી શાખા માટેની અરજીઓ ડૉ. એમ. ડી. પટેલને તે પર વિચારણા કરી તેમ જ જરૂર જણાય ત્યાં અરજદારનો સંપર્ક સાધીને તેમનાં યોગ્ય મંતવ્યો રજૂ કરવા સારુ મોકલી આપવી:

અરજદારનાં નામ અને સંસ્થા

૧. પ્રૉ. એમ. કે. પટેલ, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી;
૨. ડૉ. એમ. એસ. કાન્વિન્દે અને ડૉ. એમ. ડી. દેસાઈ,
શેઠ કે. એમ. પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ-૬;
૩. ડૉ. મિસ. એસ. સી. પંડ્યા,
શેઠ કે. એમ. પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ-૬;
૪. ડૉ. કે. સી. ગુપ્તા,
શેઠ કે. એમ. પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ-૬;
૫. ડૉ. એચ. એચ. શાહ, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર;
૬. ડૉ. એમ. એસ. કાન્વિન્દે,
શેઠ કે. એમ. પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ-૬.

(ડ) નીચેના અરજદારો તરફથી આવેલ સંશોધન ગ્રાન્ટ માટેની અરજીઓ પરત્વે વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં કામ કરતા નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ રકમની સંશોધન ગ્રાન્ટ સને ૧૯૬૦-૬૧ના વર્ષ માટે, આ યુનિવર્સિટીના સંશોધન ગ્રાન્ટ અંગેના નિયમોને આધીન રહીને યોગ્ય જર્નલમાં

તે પ્રસિદ્ધ કરવાની શરતે, આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

નામ	વિષય		રકમ
૧. ડૉ. એમ. ટી. મહેતા, શેઠ કે. એમ. પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ-૯.	... "Diaphysectomy and Bone Regeneration— An experimental Study."	...	રૂા. ૪૦૦ ફક્ત પ્રાણીઓ માટે. સાધનો તથા અન્ય જોગવાઈ સંસ્થાએ કરવાની રહેશે.
૨. ડૉ. વી. પી. ભટ્ટ, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.	... "Radiological Determination of appearance and Union of Centre of ossification for the Lower end of Femur."	...	રૂા. ૫૦૦ ફક્ત ફિલ્મ્સ માટે. સાધનો અને અન્ય જોગવાઈ સંસ્થાએ કરવાની રહેશે.
૩. ડૉ. આર. જી પટેલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬.	... "Study of Cholestroal values in toxinices of pregnancy."	...	રૂા. ૧૦૦ ફક્ત રસાયણો માટે. સાધનો અને અન્ય જોગવાઈ સંસ્થાએ કરવાની રહેશે.

નોંધ.— શરૂઆતમાં ઉપરોક્ત ગ્રાન્ટ આપવી અને પુછાવવું કે વર્ષ દરમિયાન આ જાતના કેટલા કેસો આવે છે તે અંગે જવાબ આવ્યેથી યોગ્ય ગ્રાન્ટ અંગે નિર્ણય કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી.

૪. ડૉ. એમ. એન. જિન્દાલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬.	... "1. Production of cirrhosis of the liver in the experimental animals by Chemicals agents and follow up of the process of spontaneous recovery. 2. Study of the prevention and treatment of cirrchosis, thus produced, using some new synthetic drugs and indigenous herbal remedies."	...	રૂા. ૭૫૦-૦૦ ફક્ત રસાયણો માટે ફક્ત ચાલુ વર્ષ માટે જ, અને ત્યાર બાદ તે અંગેના પરિણામનો રિપોર્ટ આવ્યેથી બીજો રૂા. ૭૫૦નો હપ્તો આપવો. સાધનો તથા અન્ય જોગવાઈ સંસ્થાએ કરવાની રહેશે.
૫. ડૉ. એચ. એસ. ખંધેરિયા, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬.	... "Amount of A.T.S. required in the treatment of Teanus in Association with Antibiotic (Erythromycin) and Corticosteroids."	...	પ્રથમ રૂા. ૬૫૦ ફક્ત Corticosteroids માટે. તે સિવાય અન્ય મદદ સંસ્થાએ આપવી. પરિણામનો રિપોર્ટ આવ્યેથી તે પરત્વે આગળ વિચારવું.

(૬) નીચેના અધ્યાપકોની અરજીઓ નામંજૂર કરવી:

નામ તથા સંસ્થાનું નામ

૧. શ્રી. કે. પી. સોની, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ;
૨. શ્રી. જે. પી. ત્રિવેદી, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ;
૩. શ્રી. સુદર્શનસિંગ મજીઠિયા, એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર;
૪. શ્રી. જે. કે. ફડકે, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી;
૫. ડૉ. આર. જી. પટેલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

૩. વર્ષ ૧૯૫૮-૫૯ અને વર્ષ ૧૯૫૯-૬૦ દરમિયાન નીચેની વ્યક્તિઓને આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટ ચાલુ (રિન્યુ) કરીને તેમનાં નામ સાથે જણાવેલ રકમનો બાકીનો બીજો હપ્તો આપવા બાબત:

વર્ષ ૧૯૫૮-૫૯

નામ	વિષય	રકમ	નોંધ
૧. ડૉ. જે. એમ. જલૂંધવાલા	"Incidence of pulmonary tuberculosis in patient following surgery for peptic ulcer."	રૂા. ૨૫૦	કાર્યનો પ્રોગ્રેસ રિપોર્ટ આ સાથે સામેલ કર્યો છે. બીજો હપ્તો, જે રિન્યુ કરેલો તે હજુ સુધી તેમણે લીધો નથી.

વર્ષ ૧૯૫૯-૬૦

૨. શ્રી. જે. એમ. શુકલ	"Study of Philosophic concepts in prepaninian works on Grammar."	રૂા. ૧૦૦	રૂા. ૧૦૦ની ગ્રાન્ટ મંજૂર કરી હતી. તેનો એક પણ હપ્તો લીધો નથી.
૩. ડૉ. [illegible] સી. અમીન	1. "The fries rearrangements." 2. "Synthesis of 2' hydroxy chalkones and related-compounds." 3. "Isolation and Characterisation of the natural plant materials."	રૂા. ૩૭૫	કાર્યનો પ્રોગ્રેસ રિપોર્ટ આ સાથે સામેલ કર્યો છે. બીજો હપ્તો તેમણે લીધો નથી માટે રિન્યુ કરવાનો.
૪. ડૉ. [illegible]. ટી. ઓઝા	"Reactivity of Nitrogen Tetroxide Nitrogen Chloride, etc."	રૂા. ૨૫૦	,,
૫. ડૉ. [illegible]. એમ. ત્રિવેદી	"Influence of environment on the corrosion of brass."	રૂા. ૫૦૦	,,
૬. ડૉ. એમ. જે. પટ્ટણી	"Studies in Colloidal systems"	રૂા. ૧૨૫	,,
૭. ડૉ. આર. ડી. દેસાઈ	"Studies in Xanthone series."	રૂા. ૨૫૦	રિપ્રિન્ટની નકલ કાર્યાલયમાં રજૂ કરી છે. બીજો હપ્તો લીધો નથી માટે રિન્યુ કરવાનો.

નામ	વિષય	રકમ	નોંધ
૮. ડૉ. જે. જે. ત્રિવેદી	"Synthesis of 1. Plant growth regulating substances. 2. Thiazolidones."	રૂા. ૨૫૦	યુનેસ્કોની ફૂપન્સ ખરીદવાની હેાગથી સમિતિની બહાલીની અપેક્ષાએ બીજા હપ્તાની રકમ આપવામાં આવી છે. પ્રેાગ્રેસ રિપેાર્ટ આવ્યેા છે, માટે રિન્યુ કરવાનું છે. જાણ માટે.
૯. ડા. પી. એલ. ત્રિવેદી	1. "Studies in the reactivity Methylen Group." 2. "Studies in Kostanecki Robinson reaction." 3. Studies in Chalkones."	રૂા. ૫૦૦	ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાંથી બીજી કૉલેજમાં જવાથી ગ્રાન્ટની જરૂર નથી. પત્રાંક ૧૧૮૧૬, તા. ૨૬-૪-૬૦. જાણ માટે.
૧૦. ડૉ. મનેાહર રાજપુરકર	"The Role of acetazole amide (Diamox) in prevention of experimental peptic Ulceration."	રૂા. ૩૦૦	રૂા. ૩૦૦ની ગ્રાન્ટ મંજૂર કરી હતી પરંતુ એક પણ હપ્તેા લીધેા નથી. તેમના તરફથી રિન્યુઅલની માગણી માટે પત્ર આવ્યેા છે.
૧૧. શ્રી. એમ. જે. મહેતા	"History of Infanticide in Gujarat under the British rule."	રૂા. ૫૦	કાર્યનેા પ્રેાગ્રેસ રિપેાર્ટ આવ્યેા નથી. બીજો હપ્તેા લીધેલ ન હેાવાથી રિન્યુ કરવા માટે.
૧૨. શ્રી. એમ. એ. ફારૂકી	"Life and works of Chandli-Bhan Brahmana, a celebrated Persian poet and author of the court of Shahjahan."	રૂા. ૧૨૫	કાર્યનેા પ્રેાગ્રેસ રિપેાર્ટ આ સાથે સામેલ કર્યો છે. બીજો હપ્તેા રિન્યુ કરવાનેા છે.
૧૩. ડૉ. પી. વાય. દેશપાંડે	"Dipole moment and viscosity of solutions."	રૂા. ૨૫૦	તેમના પત્રથી જણાવ્યા મુજબ પ્રેાગ્રેસ રિપેાર્ટ ટૂંક સમયમાં મેાકલી આપશે. બીજો હપ્તેા રિન્યુ કરવાનેા છે.

આથી ઠરાવવામાં આવે છે કે—

(અ) શ્રી. જે. એમ. શુકલ અને ડૉ. મનેાહર રાજપુરકરને વર્ષ ૧૯૫૯-૬૦ માટે મંજૂર કરેલી ગ્રાન્ટની રકમ વર્ષ ૧૯૬૦-૬૧ માટે ચાલુ (રિન્યુ) કરી આપવી.

(બ) ડૉ. પી. એલ. ત્રિવેદીને વર્ષ ૧૯૫૯-૬૦ માટે મંજૂર કરેલી ગ્રાન્ટની રકમ તેઓની બદલી થવાથી લીધી નથી તેની નોંધ લેવા.

(ક) ઉપર પેટાકલમ (અ) અને (બ)માં દર્શાવેલ શિક્ષકો સિવાય બાકીના શિક્ષકોને વર્ષ ૧૯૫૯-૬૦ માટે આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટ ચાલુ (રિન્યુ) કરીને તેમનાં નામ સામે જણાવેલ રકમનો બાકીનો હપ્તો નિયમોને અધીન રહી અદા કરવો.

૪. વર્ષ ૧૯૫૯-૬૦ દરમિયાન મનોવિજ્ઞાન વિદ્યાભવનના પ્રો. વિનયકુમાર સિંધની "G.A.T.B. Studies Norms for College Areas" એ વિષયમાં સંશોધનકાર્ય અર્થે ગ્રાન્ટની માગણી પરત્વે ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની ભલામણ પરથી સિન્ડિકેટે તેની જાન્યુઆરી માસની સભામાં પ્રો. સિંધની સંશોધન યોજના મંજૂર રાખી હતી અને તે અંગેનો ખર્ચ વિદ્યાભવનોએ સંશોધન અંગેના બજેટમાંથી કરવો એમ સૂચવ્યું હતું. પરંતુ એ જ વિષયમાં સંશોધન દ્વારા શ્રી. સિંધને પીએચ.ડી.ની પદવી માટે મહાનિબંધ રજૂ કરવાનો હોવાથી શ્રી. સિંધે ગ્રાન્ટ લેવાની ના પાડી હતી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પરત્વે નોંધ લેવી.

જ. મં. મહેતા,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૨૪

ગુજરાત યુનિવર્સિટીની આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની સોળમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં બુધવાર, તા. ૭-૧૨-૧૯૬૦ના રોજ સાંજના ૪-૦૦ કલાકે ઉપકુલપતિશ્રીના અધ્યક્ષપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રિન્સિ. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક	હાજર
૩. પ્રિન્સિ. એસ. કે. કાત્રક	હાજર
૪. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૫. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૬. ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર

૧. આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૭-૬-૧૯૬૦ના રોજ મળેલી પંદરમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૭-૬-૧૯૬૦ના રોજ મળેલી પંદરમી બેઠકની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી સંશોધન કરવા માટે સને ૧૯૬૦-૬૧ના વર્ષ માટે સંશોધન ગ્રાન્ટની માગણી માટે આવેલી અરજીઓ પર નીચેની વિદ્યાશાખાના શિક્ષકોની અરજીઓ પર નિષ્ણાતોનાં મગાવેલાં મંતવ્યોના સંદર્ભમાં વિચારણા કરવા બાબત :

(અ) રસાયણવિજ્ઞાનના વિષયમાં નીચે જણાવેલ શિક્ષકોની અરજીઓ પર ડૉ. રામનાથનનાં મંતવ્યો મગાવવામાં આવ્યાં હતાં :

૧. ડૉ. આર. ડી. દેસાઈ ૨. ડૉ. એ. એમ. ત્રિવેદી ૩. ડૉ. જે. જે. ત્રિવેદી ૪. ડૉ. એમ. જે. પટણી	}	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ;
૫. ડૉ. એ. જી. મુનશી	...	આર. આર. લાલન કૉલેજ, ભૂજ;
૬. ડૉ. જી. સી. અમીન	...	એમ. એન. કૉલેજ, વિસનગર;
૭. શ્રી. કે. એમ. શુક્ર	...	એમ. એન. કૉલેજ, વિસનગર.

આ ઉપરાંત મજૂર શિક્ષકોની સંશોધન યોજનાઓ સન્માન્ય જર્નલમાં પ્રસિદ્ધ થાય ત્યારે તેઓ દરેકને રિપ્રિન્ટની ખરીદી માટે રૂ. ૧૦૦ની વધુ સહાય આપવાની ડૉ. રામનાથનની ભલામણ અંગે વિચારણા કરવાની છે.

(અ) વનસ્પતિવિજ્ઞાનની શાખામાં નીચે જણાવેલ શિક્ષકોની અરજીઓ પર ડૉ. જે. જે. ચિનોયનાં મંતવ્યો મગાવવામાં આવ્યાં હતાં :

૧. શ્રી. બી. એસ. વૈદ્ય	...	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૨. ડૉ. જે. જે. શાહ અને શ્રી. સી. કે. શાહ	...	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિ., અમદાવાદ-૯.
૩. ડૉ. જે. જે. શાહ	...	,, ,, ,, ,, ,,
૪. શ્રી. બી. બી. જોશી	...	જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચ.

(ક) વનસ્પતિશાસ્ત્રની શાખામાં નીચે જણાવેલ શિક્ષકોની અરજીઓ પર ડૉ. એમ. ડી. પટેલનાં મંતવ્યો મગાવ્યાં હતાં :

૧. પ્રૉ. એમ. કે પટેલ	...	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.
૨. ડૉ. એમ. એસ. કાન્વિન્દે અને ડૉ. એમ. ડી. દેસાઈ	...	શેઠ કે. એમ. પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ.
૩. ડૉ. મિસ એસ. સી. પંડ્યા	...	,, ,, ,,
૪. ડૉ. કે. સી. ગુપ્તા	...	,, ,, ,,
૫. ડૉ. એચ. એચ. શાહ	...	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.
૬. ડૉ. એમ. એસ. કાન્વિન્દે	...	શેઠ કે. એમ. પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ.

નીચેના અરજદારો તરફથી આવેલ સંશોધન ગ્રાન્ટ માટેની અરજીઓ પરત્વે કમિટીની તા. ૧૭-૯-૧૯૬૦ના રોજ મળેલ બેઠકમાં ઠરાવ્યા પ્રમાણે આવેલ અભિપ્રાય પરત્વે વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કામ કરતા નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ રકમની સંશોધન ગ્રાન્ટ સને ૧૯૬૦-૬૧ના વર્ષ માટે આ યુનિવર્સિટીના સંશોધન ગ્રાન્ટ અંગેના નિયમોને અધીન રહીને સન્માન્ય સામયિકમાં તે પ્રસિદ્ધ કરવાની શરતે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

રસાયણ વિજ્ઞાન :

નામ	વિષય	રકમ
૧. ડૉ. આર. ડી. દેસાઈ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	"Studies in Xanthone ... series."	રૂા. ૭૫૦ ફક્ત રાસાયણિક દ્રવ્યોની ખરીદી માટે. સાધનોની જોગવાઈ સંસ્થાએ કરવાની રહેશે તે શરતે.

નામ	વિષય	રકમ
૨ ડૉ. એ. એમ. ત્રિવેદી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯.	..."(a) Corrosion in aqueous solutions. (b) Properties of saline soils. (c) Studies in Colloidal system. (d) Complex Formation."	... રૂા. ૧,૦૦૦ ફક્ત રાસાયણિક દ્રવ્યોની ખરીદી માટે. સાધનોની વ્યવસ્થા સંસ્થાએ કરવાની રહેશે તે શરતે.
૩. ડૉ. જે. જે. ત્રિવેદી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	... "Synthesis of physiologically active compounds like local anesthetic anticonvulsants, etc."	... રૂા. ૭૦૦ ફક્ત રાસાયણિક દ્રવ્યોની ખરીદી માટે. સાધનોની જોગવાઈ સંસ્થાએ કરવાની રહેશે તે શરતે.
૪. ડૉ. એમ. જે. પટણી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	... "Studies in Inorganic Colloidal systems."	... તેમના વિષય બાબતમાં આવેલ અભિપ્રાય અનુસાર તેમનો ખુલાસો મગાવવો અને તે ખુલાસો ઉપકુલપતિશ્રીને સંતોષકારક જણાય તો તેમને રૂા. ૩૦૦ની ગ્રાન્ટ આપવી.
૫. ડૉ. એ. જી. મુનશી, આર. આર. લાલન કૉલેજ, ભૂજ.	... "Organic Chemistry. Study in substituted 5-amino acridine series."	... રૂા. ૬૦૦ ફક્ત રાસાયણિક દ્રવ્યોની ખરીદી માટે. સાધનોની જોગવાઈ સંસ્થાએ કરવાની રહેશે તે શરતે.
૬. ડૉ. જી. સી. અમીન, એમ. એન. કૉલેજ, વિસનગર.	... (1) The reactions of the keto-Ethylenic systems. (2) Synthesis of Thio-Quinazolones. (3) Use of Organic compounds in Inorganic analysis."	... રૂા. ૫૦૦ ફક્ત રાસાયણિક દ્રવ્યોની ખરીદી માટે. સાધનોની વ્યવસ્થા સંસ્થાએ કરવાની રહેશે તે શરતે.

યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન :

૭. ડૉ. જે. જે. શાહ અને ડૉ. સી. કે. શાહ, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ.	... "Flora of Taranga Hill—Collection, Identification and preservation of the plants of Taranga."	... રૂા. ૧,૦૦૦.
૮. ડૉ. જે. જે. શાહ, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ.	... "Morpho-histogenic studies of common yams of Gujarat."	... રૂા. ૬૦૦.

નામ	વિષય		રકમ
૯. શ્રી. બી. એસ. વૈદ્ય, ગુજરાત કૉલેજ, અમદાવાદ.	"Ecological study of Vasana – Surkhej Track."	...	રૂા. ૫૫૭ની મદદ નીચેની વધુ શરતોએ આપવી : ૧. તેમનું સંશોધનકાર્ય તેમણે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિજ્ઞાનના વડા પ્રો. જે. જે. ચિનોયના માર્ગદર્શન અને દોરવણી હેઠળ કરવાનું રહેશે. ૨. જરૂરી સાધનો (instruments)-ની જોગવાઈ ગુજરાત કૉલેજે કરવાની રહેશે. ૩. સંશોધન દ્વારા જે નમૂનાઓ એકત્ર કરવામાં આવે તે કામ પૂરું થયા પછી વનસ્પતિવિજ્ઞાનના Herbariumમાં આપી દેવા જોઈશે.

તબીબી વિજ્ઞાન :

૧૦. ડૉ. એમ. એસ. કાન્વિન્દે અને ડૉ. એમ. ડી. દેસાઈ, શેઠ કે. એમ. પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ.	"Serum proteins in surgical tuberculosis."	...	રૂા. ૧,૦૦૦ ફક્ત રાસાયણિક દ્રવ્યો માટે. સાધનોની જોગવાઈ સંસ્થાએ કરવાની રહેશે તે શરતે. રૂા. ૨,૪૦૦ ટેકનિશિયન માટે સંસ્થાને આપવા. આ ટેકનિશિયન ડૉ. કાન્વિન્દે, ડૉ. દેસાઈ, ડૉ. ગુપ્તા એ અધ્યયનો ઉપયોગ માટે છે એની નોંધ લેવા જણાવવું.
૧૧. ડૉ. કે. સી. ગુપ્તા, શેઠ કે. એમ. પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ.	"Estimation of Blood fats of normal and diseased persons in Gujarat."	...	રૂા. ૧,૦૦૦ફક્ત રાસાયણિક દ્રવ્યો માટે. સાધનોની તેમ જ ટેકનિશિયનની જોગવાઈ ઉપર ક્રમાંક નં. ૧૦માં જણાવ્યા પ્રમાણે સંસ્થાએ કરવાની રહેશે.
૧૨. ડૉ. એમ એસ. કાન્વિન્દે, શેઠ કે. એમ. પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ.	"Serum Transaminase activity in Renal disease".	...	રૂા. ૫૦૦ ફક્ત રાસાયણિક દ્રવ્યોની ખરીદી માટે. સાધનોની તેમ જ ટેકનિશિયન માટેની જોગવાઈ ક્રમાંક ૧૦માં જણાવ્યા અનુસાર સંસ્થાએ કરવાની રહેશે.

૧૩.	ડૉ. મિસ. એસ. સી. પંડ્યા, શેઠ કે. એમ. પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.	... "Value of blood from the placenta (foetal) as an agent for blood Transfusions."	... રૂા. ૧૦૦ ફક્ત રાસાયણિક દ્રવ્યોની ખરીદી માટે; રૂા. ૯૦૦ ફેલો માટે ફક્ત ૬ માસ માટે. સાધનોની જોગવાઈ સંસ્થાએ કરવાની રહેશે.
૧૪.	ડૉ. એચ. એચ. શાહ, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.	... "Studies in the Pathogenesis of Lithiasis."	... રૂા. ૭૫૦ ફક્ત રાસાયણિક દ્રવ્યોની ખરીદી માટે. સાધનોની જોગવાઈ સંસ્થાએ કરવાની રહેશે.
૧૫.	પ્રૉ. એમ. કે. પટેલ એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.	... "Further investigations on plant Pathogenic bacteria."	... રૂા. ૧,૭૦૦ ફક્ત રાસાયણિક દ્રવ્યોની ખરીદી માટે Incubator તેમ જ અન્ય સાધનોની જોગવાઈ સંસ્થા કરે એ જ શરતે.

વધુમાં શિક્ષકોની સંશોધન યોજનાઓ સન્માન્ય સામયિકમાં પ્રસિદ્ધ થાય ત્યારે તેઓ દરેકને રિપ્રિન્ટની ખરીદી માટે રૂા. ૧૦૦ની વધુ સહાય આપવાની ડૉ. રામનાથનની સૂચના સ્વીકારવી નહિ.

નીચેના અધ્યાપકોની અરજીઓ નામંજૂર કરવી :

૧. શ્રી. કે. એમ. ભુચ, એમ. એન. કૉલેજ, વિસનગર;

૨. શ્રી. બી. બી. જોશી, શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ.

૩. શામળદાસ કૉલેજ, ભાવનગરના શ્રી. એન. એમ. દલાલ, જેઓ હાલ ડી કે. વી. કૉલેજ, જામનગરમાં લેક્ચરર છે તેમને વર્ષ ૧૯૫૬-૫૭ દરમિયાન "Comparative Anatomical Account of Orthepetera Group" એ વિષયમાં સંશોધનકાર્ય માટે રૂા. ૧૫૦ની ગ્રાન્ટ આપવામાં આવી હતી. તેમના તરફથી કાર્યનો હેવાલ અને રૂા. ૧૫૦ના ખર્ચનાં વાઉચરો આવ્યાં છે. પરંતુ તેમની એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી થતી હોવાથી તેઓ તેમનું કાર્ય પૂરું કરી શક્યા નહિ હોવાથી ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીએ તેની તા. ૧૯-૧૧-૧૯૫૯ની બેઠકમાં ઠરાવ્યા પ્રમાણે તેઓ જ્યારે એવી કોઈ સંસ્થામાં જાય કે જ્યાં તેમનું સંશોધનકાર્ય ચાલુ રાખી શકે એવાં સાધનો વગેરેની જોગવાઈ હોય ત્યારે તેમણે તે બાબતમાં અત્રે જણાવવું કે જેથી તે બાબત પરત્વે આગળ વિચારણા થઈ શકે. આ ઠરાવ પ્રત્યે તેમનું ધ્યાન ખેંચતાં હજુ સુધી સંશોધનકાર્ય આગળ ચાલુ રાખવાની તેમને તક મળી નથી. તો આ બાબત પરત્વે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી તથા શ્રી. દલાલને પુછાવવું કે સંશોધનકાર્યમાં વાપરેલાં રાસાયણિક દ્રવ્યોનું શું થયું ?

ત્યાર બાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

જ. મં. મહેતા,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૨૬

Physical Research Laboratory,
Navrangpura,
Ahmedabad-9 (India).
December 1, 1960.

No. Univ./3 (g)/60.
Dear Shri Lalbhai,

In the report of the Sub-Committee to suggest the phased programme for the introduction of Gujarati as a medium of instruction and examination in the Gujarat University, we have indicated in para 7 (a) as follows:

"There is need for continuing work on terminology in almost all subjects and it is in several cases necessary to extend the terminology from the level to which it has been undertaken. The principles to be followed regarding the terminology as stated in some of the booklets which have been published also require some modifications as follows:

1. The terminology at present in use in the Secondary Schools for teaching different subjects in Gujarati should be scrutinised and, wherever appropriate, should be retained as a basis for teaching the respective subjects in the Colleges.
2. International symbols, signs and formula be retained for use as they are in use at present.
3. Words in Gujarati which have been in common usage to designate a particular object or concept which is also sought to be conveyed in English can be adopted as such in the Gujarati Terminology. But if the English words are for objects or things recently discovered or for concepts which have not been prevalent or defined in Gujarati

literature, the English terms should be used as such. There is need for comparing the terminology finalised at the University level of education with terminology which is used in school education and with the terminology which is developed at the national level in Hindi by the Government of India. It is suggested that a full-time executive who would be concerned exclusively with questions of terminology and who would work in consultation with committees dealing with each subject, would be required at the University level."

There is an ever increasing tempo in the preparation of text-books for use in the various courses of the Gujarat University. It is, therefore, essential that a review of the terminology be undertaken at the earliest opportunity before too many books are printed with terminology which would require to be ultimately changed. I, therefore, urge action on a priority basis and would be thankful if we can discuss this at the forthcoming meeting of the Syndicate as an additional item on the agenda.

With kind regards,

Yours sincerely,
(Sd.) VIKRAM A. SARABHAI.

To
Shri L. R. Desai,
Vice-Chancellor,
Gujarat University,
Ahmedabad-9.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૨:

A meeting of the Selection Committee for the post of Professor of Chemistry in the University School of Sciences was held on Wednesday, the 26th of October 1960 at 1 p.m. at the University premises, the officiating Vice-Chancellor, Shri S. V. Desai, being in the Chair.

The following other members were present:

1. Prof. R. C. Shah
2. Dr. C. S. Patel.

Dr. T. R. Sheshadri and Dr. K. Venkatraman were not present.

The Committee considered the over-all position in the course of its deliberations at the previous meetings held at Bombay on 20th May 1959 and 11th January 1960, and resolved that it be recommended to the Syndicate that, under the present circumstances, the Committee is of the opinion that Dr. Ashvin M. Trivedi is suitable for appointment to the post of Professor of Chemistry. Dr. Sheshadri, who could not be present at the meeting on account of his being away abroad, has also expressed his view that "Dr. A. M. Trivedi be appointed as Professor straight way."

The Vice-Chancellor consulted the members of the Committee in the matter of appointment to the vacant post of Reader in Chemistry and the consensus of opinion expressed by the members was that the post of a Reader in Chemistry be advertised and filled up only after the Professor is appointed.

(Sd.) S. V. Desai
(Sd.) R. C. Shah
(Sd.) C. S. Patel.

Ahmedabad,
26th October 1960.

ત્રિવાર્ષિક ઓર્ડીનર કરતાં વધુ ખર્ચ થયેલ હોવા તેના ખાતાંકોની માહિતી અને ખુલાસા

ખર્ચ ખાતું	ત્રિવાર્ષિકના અંદાજ	કોમેડિયનકલ્પ	વધારો	ખુલાસો
	રૂા. નં.પૈ.	રૂા. નં.પૈ.	રૂા. નં.પૈ.	
૧	૨	૩	૪	૫
ઇમારતી-ઇમારતી ખર્ચ — ઓફિસ-ખર્ચ	૨૦,૦૦૦·૦૦	૨૦,૦૩૪·૬૪	૩૪·૬૪	
રસ્તાકામ મજૂરિ ખર્ચ — ઓવરસીયર્સ અને ડ્રાફ્ટ્સમેનનો પગાર	૧૭,૦૦૦·૦૦	૧૭,૬૨૫·૫૦	૬૨૫·૫૦	
જળવ્યવસ્થા ખર્ચ — ઓફિસ-ખર્ચ	૧૨,૦૦૦·૦૦	૧૬,૧૬૪·૬૮	૪,૧૬૪·૬૮	

ત્રણવર્ષ કે તે ઉપરાંતના ખર્ચનો ખાસાળાનો મજૂરી વાર પોલ પૈકી પરીક્ષા ખર્ચ ઓછો થયો હોવાથી ઓછો ખર્ચ થયો છે. ઉપરાંત ઓફિસ-ખર્ચ ઓછો થયો છે. ઓફિસ-ખર્ચ ઓછો થવાનું કારણ ઓફિસ ઓવરસીયર્સ અને ડ્રાફ્ટ્સમેનની જગ્યાઓ ઓછી ભરાયેલી હોવાથી છે તેમ જાણવા મળેલ છે. ૧,૪૦,૬૦૦ ખર્ચ ઓછો થયો છે.

પરીક્ષા ખર્ચ — ત્રિવાર્ષિક-૨૫ાદ ૪૦,૦૦૦·૦૦ ૪૧,૮૦૬·૪૬ ૧,૮૦૬·૪૬

પરીક્ષા ખર્ચ ત્રિવાર્ષિક ઓફિસ-ખર્ચ ૧૨,૦૦૦·૦૦ ૧૬,૧૬૪·૬૮ ૪,૧૬૪·૬૮

પરીક્ષા ખર્ચ ત્રિવાર્ષિક ખાસાળાનો મજૂરી વાર પોલ પૈકી ખાસાળાનો ૬૦ ટકા ઉપરાંત ખર્ચ થયો છે. ત્રિવાર્ષિક ખાસાળાનો ૬૦ ટકા ઉપરાંત ખર્ચ થવાનું કારણ ખાસાળાનો ખાસ ખર્ચ થયો છે. ૧,૪૦,૬૦૦ ખર્ચ ઓછો થયો છે તેમ જાણવા મળેલ છે.

૧	૨	૩	૪	૫
૩. આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, નીચે જણાવેલ શિક્ષકોની માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની તેમનાં નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટેની માન્યતા જે તે કૉલેજ અગર સંસ્થામાં બદલી આપવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	પદવી	પ્રથમની કૉલેજ અગર સંસ્થા	માન્યતા બદલી આપવાની કૉલેજ અગર સંસ્થા
૧.	શ્રી. કુલશ્રેષ્ઠ આર. બી., મદદનીશ શિક્ષક	અંગ્રેજી	એમ.એ.	એમ. પી.શાહ કૉલેજ, સુરેન્દ્રનગર.	એમ. એન. કૉલેજ, વિસનગર.
૨.	શ્રી. પટેલ ચંદુભાઈ મોતીભાઈ, મદદનીશ શિક્ષક	ભૌતિક-વિજ્ઞાન	એમ.એસસી.	શામળદાસ કૉલેજ, ભાવનગર.	,,
૩.	શ્રી. શુચ એમ. ટી., મદદનીશ શિક્ષક	સંસ્કૃત	એમ.એ.	સાયન્સ અને આર્ટ્સ કૉલેજ, વલસાડ.	સોમનાથ કૉલેજ, વેરાવળ.
૪.	શ્રી. શાહ ધીરુભાઈ નરસિંહભાઈ માન્ય અનુ. શિક્ષક	રસાયણ-વિજ્ઞાન ઑર્ગેનિક	એમ.એસસી.	જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ.	પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા.
૫.	શ્રી. દવે જિતેન્દ્ર અમૃતલાલ, માન્ય. અનુ. શિક્ષક	ગુજરાતી	એમ.એ.	એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	પદવી	પ્રથમની કૉલેજ અગર સંસ્થા	માન્યતા બદલી આપવાની કૉલેજ અગર સંસ્થા
૬.	શ્રી. દેશીપુરા ઈશ્વરપ્રસાદ શિવપ્રસાદ, માન્ય અનુ. શિક્ષક	,,	,,	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.	એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર.
૭.	શ્રી. ઠાકર ટી. પી.	,,	૧. એમ.એ. ૨. પીએચ.ડી.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, મોડાસા.
૮.	શ્રી. મોદી પી. એમ.	સંસ્કૃત	૧. એમ.એ. ૨. પીએચ.ડી.	પ્રકાશ કૉલેજ, અમદાવાદ.	શ્રી. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા.

(**નોંધ.**—ક્રમાંક ૫ ઉપરના શ્રી. દવે જિતેન્દ્ર અમૃતલાલની બદલી હવે ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી એમ પી. શાહ આર્ટ્સ કૉલેજ, સુરેન્દ્રનગરમાં થવાથી તેમની માન્યતા તે કૉલેજમાં બદલી આપવી.)

૪. આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, નીચેના બે શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા જૂન ૧૯૬૧ સુધીના સમય સુધી આપવી:

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	પદવી	કૉલેજનું નામ
૧.	શ્રી. શુક્લ રઘુદેવ મોહનલાલ	શિક્ષણશાસ્ત્ર	એમ.એડ.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.
૨.	શ્રી. પટેલ પુરુષોત્તમ અંબારામ	,,	,,	,,

૫. આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, આર. આર. લાલન કૉલેજ, ભુજમાં રસાયણવિજ્ઞાનના લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. રાવલ હર્ષદલાલ નાથાલાલને એમ.એસસી. ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રીના વિષયમાં માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે આપેલ માન્યતા ઉપરાંત એમ.એસસી. ફિઝિકલ કેમિસ્ટ્રી વિષયમાં માન્યતા આપવા અંગેની તેમની માગણી સ્વીકારવી નહિ.

૬. આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ, શ્રી. સુબ્બારાવ વીરૂ સુબ્બારાવને એમ.ઈ. ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ — એડવાન્સ્ડ ઇલેક્ટ્રિકલ મશીન્સ, એડવાન્સ્ડ ડિઝાઇન્સ ઑફ ઇલેક્ટ્રિકલ મશીન્સ, ફિઝિક્સ એપ્લાઇડ ટૂ ઇલેક્ટ્રિકલ ડિઝાઇન્સના વિષયોમાં માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા જૂન ૧૯૬૧ સુધીના સમય માટે આપવી.

૭. આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, ડૉ. વી. ટી. ઓઝાને પીએચ.ડી. પદવી માટે ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવી નહિ.

૮. આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, શ્રી. જિતેન્દ્ર સુંદરલાલ જેટલીને પીએચ.ડી. પદવી સંસ્કૃત વિષય માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા જૂન ૧૯૬૧ સુધીના સમય માટે આપવી.

૯. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગના ઠરાવ અનુસાર શ્રી. વી. વી. ફામના અભિપ્રાય અનુસાર શ્રી. દેસાઈ ત્રિકાન્ત ગોપાળજીને શિક્ષણશાસ્ત્રના વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શન આપવા વાસ્તે જૂન ૧૯૬૧ સુધીના સમય માટે ઉપકુલપતિશ્રીએ માન્યતા આપી તે કાર્યની નોંધ લીધી.

૧૦. આથી આ બૉર્ડ સિન્ડિકેટને રિપોર્ટ કરે છે કે, નવયુગ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પોરબંદરની એમ.એ. ગુજરાતી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા સંબંધીની માગણી તે કૉલેજમાં ઑર્ડિ. ૬૫-પી (૪)(૨) અનુસાર જરૂરી સ્થાનિક શિક્ષકો ન હોવાથી સ્વીકારી શકાય નહિ.

૧૧. આથી આ બૉર્ડ સિન્ડિકેટને રિપોર્ટ કરે છે કે, દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયા-બાડામાં એમ.એ. અર્થશાસ્ત્ર વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા સંબંધીની માગણી, તે કૉલેજમાં ઑર્ડિ. ૬૫-પી ૪(૨) અનુસાર જરૂરી સ્થાનિક શિક્ષકો ન હોવાથી સ્વીકારી શકાય નહિ.

૧૨. આથી આ બૉર્ડ સિન્ડિકેટને રિપોર્ટ કરે છે કે, આર્ટ્સ કૉલેજ, ડભોઈમાં એમ એ. ગુજરાતી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા સંબંધીની માગણી બાબતમાં મજકૂર કૉલેજમાં જરૂરી પુસ્તકો વગેરે અન્ય બાબતો પ્રસ્તુત વિષયના શિક્ષણ અંગે જોગવાઈ છે કે કેમ તે બાબત સ્થાનિક તપાસ કરી નિવેદન કરવા પ્રો. ઉમાશંકર જોશીને વિનંતી કરવી.

૧૩. આથી આ બૉર્ડ સિન્ડિકેટને રિપોર્ટ કરે છે કે, દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડામાં એમ.એ. પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા સંબંધીની માગણી તે ઑ. ૬૫-પી (૪)(૨) અનુસાર જરૂરી સ્થાનિક શિક્ષકો ન હોવાથી, સ્વીકારી શકાય નહિ.

૧૪. આથી આ બૉર્ડ સિન્ડિકેટને રિપોર્ટ કરે છે કે, પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, પોરબંદરમાં એમ.કૉમ.ના વિષયો માટે અનુસ્નાતક કેન્દ્ર આપવા સંબંધી આવેલ માગણી બાબતમાં તે કૉલેજમાં ઑ. ૬૫-પી અનુસાર જરૂરી સગવડો છે કે કેમ તે અંગે સ્થાનિક તપાસ કરી રિપોર્ટ કરવા સારુ તેમ જ શ્રી. જે. એચ અધ્વર્યુ, માન્ય અનુ. શિક્ષકની એમ.એસ. અર્થશાસ્ત્ર જૂથ "સી"ની માન્યતા એમ.કૉમ.ના વિષયો—જૂથ "એ" તથા જૂથ "બી"ના પાર્ટ ડીના વિષયો માટે તથા શ્રી. ગાંધી રસિકલાલ કસ્તૂરચંદ, માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષકની એમ.એ. અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"ની માન્યતા એમ.કૉમ.ના વિષયો—જૂથ "એ" તથા "બી"ના પાર્ટ "સી"ના વિષયો માટે બદલી આપવા સારુ તે તે શિક્ષકોના ખાસ અભ્યાસના વિષયો અંગે સ્થાનિક તપાસ કરી રિપોર્ટ કરવા સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સના પ્રિન્સિપલ એ. આર. દેસાઈને વિનંતી કરવી.

૧૫. આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, શ્રી. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતની એમ.એસસી. બાયોકેમિસ્ટ્રી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા અંગેની વિનંતી સ્વીકારવી નહિ.

૧૬. આથી આ બૉર્ડ સિન્ડિકેટને રિપોર્ટ કરે છે કે, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં (૧) એમ.એસસી. (મેડ.) (૨) એમ.ડી. પદવી પેથોલોજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા સંબંધીની તેમની માગણી તે કૉલેજમાં ઑર્ડિ. ૬૫-પી (૪)(૨) અનુસાર જરૂરી સ્થાનિક શિક્ષકો ન હોવાથી સ્વીકારી શકાય નહિ.

૧૭. આથી આ બૉર્ડ સિન્ડિકેટને રિપોર્ટ કરે છે કે, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં (૧) એમ.એસસી. (મેડ.) અને (૨) એમ.ડી. પદવી ફાર્માકોલોજી વિષયમાં અનુસ્નાતક

કેન્દ્ર આપવા સંબંધી તેમની માગણી તે કૉલેજમાં ઑર્ડિ. ૬૫-પી (૪) (૨) અનુસાર જરૂરી સ્થાનિક શિક્ષકો ન હોવાથી સ્વીકારી શકાય નહિ.

૧૮. આથી આ બૉર્ડ સિન્ડિકેટને રિપોર્ટ કરે છે કે, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં એમ.એસસી. (મેડ.) ઍનેટોમી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા સંબંધી તેમની માગણી કૉલેજમાં ઑર્ડિ. ૬૫-પી (૪) (૨) અનુસાર જરૂરી સ્થાનિક સ્ટાફ ન હોવાથી સ્વીકારી શકાય નહિ.

૧૯. શ્રી. જગદીશ દવેને તેઓ ભાવનગર રહીને પીએચ.ડી. પદવી ગુજરાતી વિષય માટે શ્રી. ઉમાશંકર જોશીનો વારંવાર સંપર્ક સાધીને તેમનું ચોથું સત્ર પૂરું કરવા માટેની પરવાનગી ઉપકુલપતિશ્રીએ આપેલી તે કાર્યની બૉર્ડ નોંધ લીધી.

૨૦. આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, એમ.ડી., એમ.એસ. વગેરે ડાક્તરી વિષયોમાં, જો અનુસ્નાતક વિદ્યાર્થીઓને જે તે કેન્દ્રમાં હાઉસ-પોસ્ટ ન મળી હોય અને તેમને તે કેન્દ્ર ધરાવતી ડાક્તરી કૉલેજ અગર સંસ્થા અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે દાખલ કરે તો તેવા અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટેના અનુસ્નાતક શિક્ષણને અંગે પ્રયોગશાળાનાં પ્રાણીઓ, રસાયણો અને બીજા તે અંગેના પરચૂરણ ખર્ચને પહોંચી વળવા માટે આર્થિક સહાય આપવા સંબંધીની બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલની માગણી પરત્વે તેવા વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૨૫૦ની આર્થિક સહાય (સબસિડી) યુનિવર્સિટીએ આપવી અને તે અંગે અનુસ્નાતક નિયમ નં. ૪૪માં જરૂરી સુધારો કરવો.

સુધારેલો અનુ. નિયમ નં. ૪૪ નીચે મુજબ વંચાશે :

Rule 44 :

Where a centre for a subject under the Science Faculty and the Medical Faculty is instituted, the centre will be entitled to the financial assistance according to the following ad-hoc basis in respect of the expenditure on chemicals and other substances incurred by the centre:

Chemistry per student per year	..	Rs. 300/-
For all other subjects under the Faculty of Science except Chemistry and Mathematics	..	Rs. 150/-
For the subjects comprised under the Faculty of Medicine to those post-graduate students who are registered as post-graduate students and have not got any house-post at a college/ institution per student per year	..	Rs. 250/-

These rates shall be applicable in case of students working for M.Sc. by papers or research from this year.

In case of students registered for M.Pharm. Degree by papers, the institution will be paid at the rate of Rs. 300/- for the chemicals and other substances used by them. This amount will be payable to the college at the end of the year.

This subsidy shall be paid at the end of year by the University on receipt of a certified statement from the Professor-in-charge that the students concerned have worked satisfactorily during the year under payment. No expenditure other than that specifically provided for by the University under the relevant rules shall be paid by the University.

This rule regarding financial assistance shall also apply *mutatis mutandis* to Recognised Institutions in respect of students (working for their Ph.D. Degree).

૨૧. ૧૯૫૮-૫૯ના અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટને અનુસ્નાતક કેન્દ્રો માટે નીચેના વિષયો માટે પુસ્તકો ખરીદવા ઉપકુલપતિશ્રીએ મંજૂરી આપેલી તે કાર્યની બૉર્ડે નોંધ લેવી :

વિષય		રકમ
૧. ઇતિહાસ અને અર્થશાસ્ત્ર	...	રૂ. ૨,૫૦૦
૨. તત્ત્વજ્ઞાન	...	રૂ. ૧,૦૦૦
૩. ગુજરાતી	...	રૂ. ૧,૦૦૦
૪. અંગ્રેજી	...	રૂ. ૧,૦૦૦
૫. ભૌતિકવિજ્ઞાન	...	રૂ. ૧,૦૦૦
૬. રસાયણવિજ્ઞાન	...	રૂ. ૧,૦૦૦
	કુલ	રૂ. ૭,૫૦૦

૨૨. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગના ઠરાવ અનુસાર ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદનાં સંસ્કૃતનાં પ્રોફેસર કુ. સોલોમન ઇસ્થર અબ્રાહમને પીએચ.ડી. સંસ્કૃત વિષય

માટે પ્રો. આર. બી. આથવલે તથા ડૉ. જી. એચ. ભટ્ટના અભિપ્રાય અનુસાર ઉપકુલપતિશ્રીએ જૂન ૧૯૬૧ સુધી માન્ય અનુ. શિક્ષક તરીકેની માન્યતા આપી તે કાર્યની બોર્ડે નોંધ લીધી.

૨૩. આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે શ્રી. પી. એમ. શ્રીનિવાસાચારીની એમ.એ. ઇતિહાસ ગ્રૂપ "એ" અને "બી"ની માન્ય અનુ. શિક્ષક તરીકેની માન્યતા એમ.એ. અર્થશાસ્ત્ર ગ્રૂપ "સી" અને "ડી"માં, તેઓ કુલ ૧૩ પીરિયડોથી વધુ પીરિયડો ન લે તે શરતે, બદલી આપવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ફરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી કેન્દ્રમાં ઇતિહાસ ગ્રૂપ "બી" તથા અર્થશાસ્ત્ર ગ્રૂપ "સી" અને "ડી"ના વિષયો માટે કુલ સ્થાનિક સ્ટાફ પર હાલમાં કેટલા શિક્ષકો છે તે અંગે પુછાવવું.

વધુમાં આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે કોઈ પણ શિક્ષકને નિયત કરેલા સમયોની મર્યાદામાં રહીને બે કૉલેજો કરતાં વધારે કૉલેજમાં કામ કરવા દેવાની પરવાનગી આપવી નહિ.

૨૪. આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે એમ. ટી. બી. કૉલેજ, સુરતના હવે (૧) એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ અને (૨) સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ એમ બે ભાગ પડયા હોવાથી તે કૉલેજમાં અનુસ્નાતક કેન્દ્રોની જે બચત વર્ષ ૧૯૫૯-૬૦ને અંતે છે તેની વહેંચણી નીચે મુજબ મંજૂર રાખી તે તે પ્રમાણે બચત તે તે કૉલેજમાં રાખવા દેવાનું મંજૂર કરવું :

૧. વિનયનના વિષયોની અનુ. કેન્દ્રોની બચત	...	રૂ. ૯,૯૮૪·૩૪
૨. વિજ્ઞાનના વિષયોની અનુ. કેન્દ્રોની બચત	...	રૂ. ૮,૬૧૯·૩૭

૨૫. આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે—

૧ ડૉ. ટી. જે. ઓમનની બાયોકેમિસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. પદવી માટેની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા પબ્લિક હેલ્થ લેબોરેટરી, પૂનામાંથી પબ્લિક હેલ્થ લેબોરેટરી, વડોદરામાં બદલી આપવી.

૨. વધુમાં આ માટે પબ્લિક હેલ્થ લેબોરેટરી, વડોદરાને જણાવવું કે આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૫-ડબ્લ્યુ અનુસાર "એફ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂશન" તરીકે માન્યતા મેળવવા માટે તેમણે રાજ્ય સરકાર મારફતે મંજૂરી મેળવવી આવશ્યક છે એમ જણાવવું.

૩. પબ્લિક હેલ્થ લેબોરેટરી, વડોદરાને પીએચ.ડી. પદવી બાયોકેમિસ્ટ્રી વિષયમાં ઑર્ડિ. ૬૫-ડબ્લ્યુ અનુસાર "એફ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂશન" તરીકે માન્યતા આપી શકાય કે કેમ તે બાબત લાયબ્રેરી, લેબોરેટરી વગેરે અંગેની જાતતપાસ માટે ડૉ. ઈ. એમ. બેસ્ટ તથા ડૉ. સી. આર. મહેતાની એક સમિતિ નીમવી અને તેમણે પ્રત્યક્ષ તપાસ કરી આ બાબત પરત્વે નિવેદન કરવા તેમને વિનંતી કરવી.

૨૬. આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, અનુસ્નાતક કેન્દ્રો તથા શિક્ષણ અંગે કૉલેજો, સંસ્થાઓ વગેરેમાં જે પ્રશ્નાવલી મોકલવામાં આવી છે તે પરત્વે જે તે કૉલેજો/સંસ્થાઓમાંથી

આવેલી માહિતી પરત્વે વિચારણા કરી રિપોર્ટ કરવા વાસ્તે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી, અને તે સમિતિએ તે અંગેની વિચારણા કરી તેમને રિપોર્ટ મોડામાં મોડો ૨૫મી ફેબ્રુઆરી સુધીમાં રજૂ કરવો.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવી કે, તે સમય સુધીમાં ન આવે તો કેન્દ્રોની મુદત તથા અનુ. કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂકની મુદત તથા માન્ય અનુ. શિક્ષકો તથા માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષકોની માન્યતા, જે જૂન ૧૯૬૧ સુધી આપવામાં આવી છે તે જરૂર જણાયે જૂન ૧૯૬૨ સુધીની મુદત માટે વધારી આપવી.

સમિતિના સભ્યોનાં નામ

૧. પ્રિ. એસ. આર. ભટ્ટ;
૨. પ્રિ. ડૉ. વાય. જી. નાયક;
૩. પ્રિ. એ. આર. દેસાઈ;
૪. પ્રૉ. ઉમાશંકર જોષી;
૫. શ્રી. જે. એમ. મહેતા, ડે. રજિસ્ટ્રાર.

૨૭. આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, જે તે કૉલેજ અગર સંસ્થાઓમાં આપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોના ઑડિટ થયેલા હિસાબો જે તે કૉલેજો/સંસ્થાઓએ દરેક વર્ષના જૂનની ૧૫મી તારીખ સુધીમાં મોકલી આપવા જોઈએ, ને તે પ્રમાણે તે મોકલી ન આપે તો તે કૉલેજ/સંસ્થાઓને અનુસ્નાતક વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવી નહિ.

૨૮. અનુસ્નાતક શિક્ષકો તેમ જ મદદનીશ શિક્ષકો તરફથી અનુ. માન્યતા માટે વર્ષના ગમે તે સમયે આવતી અરજીઓ તે પ્રમાણે ન મોકલતાં, તે તે કૉલેજ અગર સંસ્થાએ તા. ૧૫મી જૂનથી ૩૦મી જૂન તથા તા. ૫મી નવેમ્બરથી તા. ૧૫મી નવેમ્બર સુધીમાં જ મોકલી આપવા આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૨૯. આથી આ બૉર્ડ સિન્ડિકેટને રિપોર્ટ કરે છે કે એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં એમ. ડી. ગાયનેકોલોજી અને ઑબ્સ્ટેટ્રિકસ વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા સંબંધીની તેમની માગણી તે કૉલેજમાં ઑર્ડિ. ૬૫-પી (૪) (૨) અનુસાર જરૂરી સ્થાનિક શિક્ષકો ન હોવાથી સ્વીકારી શકાય નહિ.

૩૦. આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, શ્રી. શુકલ તનમણિશંકર રામચંદ્રની એમ.એ. ગુજરાતી વિષયની માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ ભરૂચમાંથી શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં બદલી આપવી.

૩૧. આથી ફરાવવામાં આવે છે કે શ્રી. પી. એમ. મોદીની એમ.એ. તથા પીએચ.ડી. પદવી સંસ્કૃત વિષયમાં માન્ય અનુ. શિક્ષક તરીકેની માન્યતા પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાંથી શ્રી. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકામાં ઉપકુલપતિશ્રીએ બદલી આપી તે કાર્યની નોંધ લેવી.

૩૨. આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે નીચે જણાવેલ કૉલેજોમાં આપવામાં આવેલાં અનુ. કેન્દ્રોમાં વર્ષ ૧૯૫૯-૬૦ દરમિયાનમાં આવેલી અનુ. કેન્દ્રોની ખાધ ભરપાઈ કરી આપવી:

કૉલેજ/સંસ્થાનું નામ		કુલ આવક	કુલ ખર્ચ	વર્ષ આખરે ખાધ
		રૂ. ન.પૈ.	રૂ. ન.પૈ.	રૂ. ન.પૈ.
૧. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	...	૧,૬૫૦·૦૦	૩,૪૬૨·૨૯	૧,૮૧૨·૨૯
૨. શામળદાસ કૉલેજ, ભાવનગર	...	૧૩,૬૫૦·૦૦	૧૪,૪૧૧·૬૪	૭૬૧·૬૪
૩. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ	...	૩,૧૦૯·૩૬	૪,૧૩૬·૫૦	૧,૦૨૭·૧૪
૪. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા	...	૨,૪૦૦·૦૦	૨,૬૦૨·૯૬	૨૦૨·૯૬
૫. એમ. એન. કૉલેજ, વિસનગર	...	૩,૧૫૦·૦૦	૩,૨૦૧·૨૪	૫૧·૨૪

૩૩. આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદને ૧૯૫૯-૬૦ના વર્ષની અનુસ્નાતક કેન્દ્રોની બચતમાંથી રૂ. ૪,૦૦૦ ની કિંમતનાં ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનના વિષયોનાં પુસ્તકો તથા પ્રયોગશાળામાં ફર્નિચર સિવાયનાં સાધનો ખરીદવાની પરવાનગી આપવી. આમાંથી ફર્નિચર ખરીદી શકાશે નહિ એમ પણ સ્પષ્ટ જણાવવું.

૩૪. આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન અને રિસર્ચ, અમદાવાદને ડી.જી.ઓ વિષયમાં અનુ. કેન્દ્ર આપવા સંબંધી તે સંસ્થાના ડાયરેક્ટર તરફથી આવેલી વિનંતી સ્વીકારવી.

૩૫. આથી ઠરાવવામાં આવે છે કે એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને ૧૯૫૯-૬૦ના વર્ષ દરમિયાનની અનુ. કેન્દ્રોની બચતમાંથી એમ.કૉમ.નાં અનુ. કેન્દ્રો માટે રૂ. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી ઉપકુલપતિશ્રીએ આપી તે કાર્યની નોંધ લેવી. રૂ. ૨,૦૦૦ની કિંમતનાં તે કેન્દ્રના ઉપયોગ માટે ફર્નિચર ખરીદવા માટેની તે કૉલેજના આચાર્યની વિનંતી સ્વીકારવી નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૬. આથી ઠરાવવામાં આવે છે કે, સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદને ૧૯૫૯-૬૦ના વર્ષ દરમિયાન એલએલ.એમ.નાં અનુ. કેન્દ્રોની બચતમાંથી રૂ. ૭,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી ઉપકુલપતિશ્રીએ આપી તે કાર્યની નોંધ લેવી.

૩૭. આથી ઠરાવવામાં આવે છે કે, સર. કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતને એમ.કૉમ.નાં અનુ. કેન્દ્રો માટે ૧૯૫૯-૬૦ના વર્ષની અનુ. કેન્દ્રોની બચતમાંથી રૂ. ૨,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી ઉપકુલપતિશ્રીએ આપી તે કાર્યની નોંધ લેવી.

ત્યાર બાદ નીચેનું કામ પ્રમુખશ્રીની પરવાનગીથી શરૂ કરવામાં આવ્યું :

૩૮. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સના આચાર્ય તરફથી એમ.કૉમ.ના અનુ. કેન્દ્રની બચતમાંથી રૂ. ૪,૫૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવા અંગે પરવાનગી આપવામાં આવેલ પત્રાંક પી.જી./૧૦૦/૭૦/૬૦-૬૧ તા. ૨૬-૧૧-૧૯૬૦ પરત્વે વિચારણા કરવા બાબત.

૩૯. પ્રમુખશ્રીની પરવાનગીથી સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતના આચાર્ય તરફથી ૧૯૫૯-૬૦ના વર્ષ દરમિયાનમાં એમ.કૉમ.નાં અનુ. કેન્દ્રોની બચતમાંથી રૂ. ૪,૫૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવા માટે પરવાનગી માગતા આવેલ પત્ર પરત્વે વિચારણા કરવામાં આવી હતી અને ઠરાવવામાં આવ્યું હતું કે ઉપર્યુક્ત કૉલેજને મજકૂર બચતમાંથી રૂ. ૪,૫૦૦ની રકમનાં પુસ્તકો તે કૉલેજમાં આપવામાં આવેલ એમ.કૉમ.ના અનુ. કેન્દ્ર માટે ખરીદવાની પરવાનગી આપવી અને તે મુજબ સિન્ડિકેટને ભલામણ કરવી.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૮૭

શ્રીમતી શાન્તાગૌરી નટવરલાલ શાહ પારિતોષિક

૧. દાતાનું નામ : શ્રી. એસ. બી. શાહ, એમ.એસસી. (લંડન), બૅરિસ્ટર એટ લૉ, ૨૦મો રોડ, બાર, મુંબઈ-૫૨.

૨. દેણગીની રકમ : રૂા. ૫,૦૦૧ રોકડ.

૩. દેણગીનો પ્રકાર : એક પારિતોષિક.

૪. દેણગી સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૫/૬-૧૧-૧૯૬૦ની સભામાં કામકાજ નં. ૫૦થી મંજૂર કર્યું.

નિયમો

૧. "શ્રીમતી શાન્તાગૌરી નટવરલાલ શાહ પારિતોષિક" એ નામનું આશરે રૂા. ૧૫૦નું વાર્ષિક પારિતોષિક દર વર્ષે જે વિદ્યાર્થિની (Female candidate) ગુજરાત યુનિવર્સિટીની માર્ચ/એપ્રિલમાં લેવાયેલી દ્વિતીય વર્ષ વિજ્ઞાન—ગ્રુપ 'બી'ની પરીક્ષામાં વિજ્ઞાનના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થાય તેને આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજમાં એમ.બી., બી.એસ. અથવા બી.ફાર્મ. ડિગ્રીનો અભ્યાસક્રમ ચાલુ રાખવાની શરતે એનાયત કરવામાં આવશે.

૨. પારિતોષિક વિજેતાનાં નામ જે તે પરીક્ષાનાં પરિણામ વખતે શક્ય હોય ત્યાં સુધી જાહેર કરવામાં આવશે.

૩. વિજેતાને પારિતોષિક આપવામાં તેની જાત, જન્મ, કે વર્ગનો બાધ આવશે નહિ.

૪. આ સંબંધની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ "ભ"
કામકાજ ક્રમાંક ૬૭

કેન્ટીન માટેની શરતો

૧. આ કૉન્ટ્રેક્ટ એક વર્ષ માટેનો છે, તેમ છતાં યુનિવર્સિટીને કૉન્ટ્રેક્ટરનું કામ સંતોષકારક ન લાગે તો કોઈ પણ કારણ આપ્યા સિવાય પંદર દિવસની નોટિસ આપીને કૉન્ટ્રેક્ટ રદ કરી શકશે.

૨. કૉન્ટ્રેક્ટરે વીજળીનું બળતણનું ખર્ચ આપવાનું રહેશે.

૩. મકાન માટે માસિક રૂા. ૧૦નું નામનું ભાડું લેવામાં આવશે. યુનિવર્સિટી તરફથી જે ફર્નિચર આપવામાં આવે તે ફર્નિચરની કિંમતના સાડાબાર ટકા પ્રમાણે ભાડું કૉન્ટ્રેક્ટરે આપવાનું રહેશે. વાસણો તથા ક્રોકરી વગેરે કૉન્ટ્રેક્ટરે લાવવાનાં રહેશે. કૉન્ટ્રેક્ટરે બને તેટલાં વાસણો સ્ટેનલેસ સ્ટીલનાં વાપરવાનાં રહેશે, ધુમાડો ન થાય તે જાતનો સારો કોલસો વાપરવાનો રહેશે અને ભઠ્ઠા બનાવવાના રહેશે.

૪. કૉન્ટ્રેક્ટરે યુનિવર્સિટી મકાનને કોઈ પણ જાતનું નુકસાન થાય તો તે ભરપાઈ કરવાનું રહેશે બધો સામાન કેન્ટીનના ઓરડામાં જ રાખવાનો રહેશે, અને રાતના કોઈ પણ માણસને કેન્ટીનમાં રહેવા દેવામાં આવશે નહિ.

૫. કેન્ટીનનો ઉપયોગ યુનિવર્સિટી કાર્યાલય અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓમાંથી આવતા માણસો માટે જ કરવાનો રહેશે, અને ઑફિસના સમય દરમિયાન ફરજિયાત ખુલ્લી રાખવાની રહેશે. યુનિવર્સિટી કાર્યાલયના રજાના દિવસે કેન્ટીન બંધ રાખી શકાશે.

૬. કેન્ટીનમાં કઈ કઈ વસ્તુઓ વેચવી તથા તેની કિંમત કેટલી લેવી તેની કૉન્ટ્રેક્ટરે શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબની મંજૂરી લેવાની રહેશે અને યુનિવર્સિટીના અધિકારીઓ તેની ગમે ત્યારે તપાસ લઈ શકશે.

૭. કેન્ટીન ખૂબ જ સ્વચ્છ રાખવાની જવાબદારી કૉન્ટ્રેક્ટરની રહેશે તેમ જ આજુબાજુ કોઈ પણ જાતની ગંદકી કરશે તો તે માટે શ્રી. વાઇસ-ચાન્સેલરને યોગ્ય લાગે તે દંડ કરશે અને કૉન્ટ્રેક્ટરની સામે યોગ્ય પગલાં લઈ શકશે.

૮. કેન્ટીન માટે નોકરોને માસુવેશ યુનિવર્સિટી મંજૂર કરે તે પ્રમાણે આપવાનો રહેશે.

૯. કૉન્ટ્રેક્ટરને મંજૂરી મળે, ૧૫ દિવસમાં કેન્ટીન શરૂ કરવાની રહેશે.

૧૦. યુનિવર્સિટી મ્યુનિસિપલ એરિયામાં આવેલ હોઈ મ્યુનિસિપલ ટૅક્સ તથા લાયસન્સ વગેરે માટેનો ટૅક્સ કૉન્ટ્રેક્ટરે આપવાનો રહેશે.

૧૧. કૉન્ટ્રેક્ટરે રૂ. ૫૦૦ ડિપોઝિટ આપવાની રહેશે, જેમાંથી યુનિવર્સિટી કોઈ પણ જાતનું નુકસાન વસૂલ કરી શકશે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G.U.P. 823-275-3 61

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૧ના ફેબ્રુઆરી માસની સભા, શનિવાર, તા. ૧૧-૨-૧૯૬૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૧૨-૨-૧૯૬૧ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૧૧-૨-૧૯૬૧	તા. ૧૨-૨-૧૯૬૧
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. એમ. ડી. રાજપાલ, સંચાલક, શિક્ષણ ખાતું	હાજર	હાજર
૩. પ્રિન્સિપલ ડૉ. ય. ગુ. નાયક	હાજર	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર	હાજર
૫. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૭. શ્રી. આઈ. એમ. નાણાવટી	હાજર	હાજર
૮. શ્રી. ધનશ્યામભાઈ સી. ઓઝા	હાજર	હાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર	ગેરહાજર
૧૦. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર	હાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર	ગેરહાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર	ગેરહાજર

	તા. ૧૧-૨-૧૯૬૧	તા. ૧૨-૨-૧૯૬૧
૧૪. ડૉ. પી. એચ. પ્રભુ	હાજર	હાજર
૧૫. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૧૬. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર	હાજર
૧૭. પ્રિન્સિપલ એમ. સી. વૈદ્ય	હાજર	હાજર
૧૮. પ્રિન્સિપલ વલ્લભરામ સી. વૈદ્ય	હાજર	હાજર

૧. તા. ૭-૧-૧૯૬૧ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૬૧ના જાન્યુઆરી માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૭-૧-૧૯૬૧ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૬૧ના જાન્યુઆરી માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સુરત મુકામે જૂન ૧૯૬૧થી બી.એડ. ના અભ્યાસક્રમો શીખવવા માટે "સાર્વજનિક સેકન્ડરી ટીચર્સ કૉલેજ"ને જોડાણ આપવા અંગે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરતના મંત્રીશ્રી તરફથી આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. દેસાઈ;

૨. પ્રૉફેસર એમ. એસ. પટેલ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે જોડાણ આપવા માટે આ બાબત સેનેટ સમક્ષ રજૂ કરવી.

આ પછી, સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૧૮ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૧૮. સુરત મુકામે જૂન ૧૯૬૧થી ઇજનેરી કૉલેજને જોડાણ આપવા માટે ગુજરાત રાજ્યના ડાયરેક્ટર આફ ટેકનિકલ એજ્યુકેશન તરફથી આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૧. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ;

૨ પ્રૉફેસર આર. એન. ચોખાવટિયા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે જોડાણ આપવા માટે આ બાબત સેનેટ સમક્ષ રજૂ કરવી.

૩. સિન્ડિકેટે તેની તા. ૩-૧૨-૧૯૬૦ની બેઠકમાં ઠરાવ્યા મુજબ સંલગ્ન કૉલેજોમાં તથા સંસ્થાઓમાં રમતગમત, એન.સી.સી. વગેરે અભ્યાસેતર પ્રવૃત્તિઓને લક્ષમાં લઈને તહેવારોની રજાઓ કેમ રાખવી તે અંગે નિમાયેલી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવામાં આવી:

(૧) હાલની વ્યવસ્થા મુજબ, ઉનાળાની ૯૦ દિવસની રજાઓ, દિવાળીની ૨૦ દિવસની રજાઓ તથા નાતાલની ૮ દિવસની રજાઓ છે તે ઉપરાંત, બેઉ સત્રોના કામના દિવસો દરમિયાન આશરે ૩૫ રજાઓ રવિવારની આવશે. આ બધી રજાઓ લક્ષમાં લઈને, રાષ્ટ્રીય અને ધાર્મિક તહેવારોની, બેઉ સત્રોમાં થઈને કુલ ૧૦ દિવસની રજાઓ રાખવા માટે, કૉલેજો, સંસ્થાઓ તથા ભવનોને સૂચવવામાં આવે છે.

(૨) ઉપર નં. ૧માં જણાવેલી રજાઓ સિવાય, કૉલેજોના આચાર્યો કે સંસ્થાઓ કે ભવનોના અધ્યક્ષો, પોતાની વિવેકબુદ્ધિથી, બેઉ સત્રોમાં થઈને વધુમાં વધુ ૫ દિવસની રજાઓ જાહેર કરી શકશે.

(૩) ઉપર નં. ૧ અને ૨માં જણાવેલી રજાઓ સિવાય, બીજી એક પણ રજા રાખવી જોઈશે નહિ; તેમ છતાં, તદ્દન અનિવાર્ય સંજોગોમાં, આવી એકાદ વધુ રજા જાહેર કરવાનો પ્રસંગ આવે — જોકે આવો પ્રસંગ ટાળવા પ્રયત્ન કરવો જોઈએ — તો એવી રજાની પહેલાંના કે પછીના રવિવારની રજા રદ કરવી જોઈશે.

૪. એમ. એન. કૉલેજ, વિસનગરના સર્વશ્રી. એન. વી. પરીખ અને એન. એન. પરીખની ડેમોન્સ્ટ્રેટર તરીકે થયેલ નિમણૂકોને ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવા માટે ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, અમદાવાદના આવેલા તા. ૧૩-૧૨-૧૯૬૦ના પત્રાંક બી./એપોઇન્ટમેન્ટ/કૉલેજીસ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— સર્વશ્રી. એન. વી. પરીખ અને એન. એન. પરીખ બી.એસસી. પાસ વર્ગ હોઈ ડેમોન્સ્ટ્રેટર તરીકે લાયકાત ધરાવતા નથી)

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એન. કૉલેજ, વિસનગરમાં, સર્વશ્રી. એન. વી. પરીખ અને એન. એન. પરીખને ડેમોન્સ્ટ્રેટર તરીકે, ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતા માન્ય કરવા, તથા સદરહુ કૉલેજના આચાર્ય તથા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને જણાવવું કે, આગામી શૈક્ષણિક વર્ષની શરૂઆતથી યોગ્ય લાયકાત ધરાવતા ડેમોન્સ્ટ્રેટરોની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૫. સિન્ડિકેટની તા. ૩-૧૨-૧૯૬૦ની સભામાં બાબત નં. ૯૬ ઉપરના ઠરાવથી શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ અંગેના નામદાર રાજ્યપાલશ્રીના તા. ૧૯-૧૧-૧૯૬૦ના ક્રમાંક ૧૧વાળા વરદહુકમથી ઉપસ્થિત થતા મુદ્દાઓ પરત્વે વિચારણા કરવા માટે નીમેલી સમિતિએ માધ્યમ અંગે હાલ પ્રવર્તતા સ્ટે. ૨૦૬નો પાઠ સુધારવા, સ્ટે. ૨૦૮ રદ કરવા તથા સ્ટે. ૨૦૯નો ક્રમાંક ૨૦૮ કરી તેનો પાઠ સુધારવા કરેલી ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે આ સ્ટેટ્યુટના પાઠ સુધારવા વાસ્તે સેનેટની મંજૂરી માટે મોકલવામાં આવે.

૬. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ની ભલામણ અનુસાર સુધારેલા રેગ્યુલેશન નં. ૧૮૫ અને ૧૮૮ મંજૂર કરવા બાબત તથા રે. ૧૮૮-એ રદ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલા રેગ્યુલેશન ૧૮૫ અને ૧૮૮ મંજૂર કરવાની, તથા રેગ્યુલેશન ૧૮૮-એ રદ કરવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, તથા મંજૂર કરવામાં આવેલા રેગ્યુલેશનોને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા રેગ્યુલેશન નં. ૧૮૫ અને ૧૮૮ની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૭. ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પ્રતિનિધિ શ્રી. એચ. સી. ગુપ્તા, રાજ્ય સરકારના પ્રતિનિધિઓ અને યુનિવર્સિટીના અધિકારીઓ વચ્ચે તા. ૫-૧૨-૧૯૬૦ના રોજ થયેલ અવિધિસરની ચર્ચાની નોંધ.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી, તથા આ બાબતમાં નોંધને આધારે ઘટતો પરિપત્ર કૉલેજોને પાઠવવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં રાજ્ય સરકાર તરફથી કેટલી અને કયા પ્રકારની મદદ મળી શકશે તે અંગે શક્ય તેટલી ત્વરાએ નિર્ણય લેવા માટે તેમને વિનંતી કરવી.

(નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૮. યુનિવર્સિટીના આશ્રયે મળનાર ગણિત-પરિષદ અંગે સ્વાગતસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના અધ્યક્ષપદે સ્વાગતસમિતિ નીમવી, તથા સ્વાગત-સમિતિના સભ્યો નીમવા માટે ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

૯. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં એમ.એડ.ના વિષયો માટે અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની ખાલી પડેલી જગ્યાએ નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય ડૉ. કે. જી. દેસાઈની નિમણૂક કરવી.

૧૦. માર્ચ/એપ્રિલ ૧૯૬૦ તેમ જ ઑક્ટોબર ૧૯૬૦માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન નિરીક્ષકો, પ્રાશ્નિકો, પરીક્ષકો તેમ જ કાર્યાલયના સભ્યોની ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૧૭-૧-૧૯૬૧ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની સભાની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૧. જ્યુરિસપ્રુડન્સ, ઇન્ટરનેશનલ લૉ વગેરેની અભ્યાસસમિતિની તા. ૧૦-૧-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"RESOLVED THAT :

(1) For the Second LL.B. Examination,—

(*a*) students who have completed their both terms on or before March 1960 shall have to appear under the Old Course;

(*b*) students who have completed one term on or before March 1960, but completed their second term in October 1960 and have appeared at the October 1960 examination and have failed shall appear under the Old Course;

(*c*) students completing their both terms by October 1960 but not appering in October 1960 examination shall appear only under the New Course.

(2) The Board recommends to the Syndicate to lay down that the First LL.B. Examination shall be held hereafter only under the New Course."

ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

RESOLVED THAT:

(1) For the Second LL.B. Examination,—

(*a*) students who have completed both terms on or before March 1960, shall have the option to appear under the Old Course;

(*b*) students who having completed only one term before March 1960, but completed their second term in October 1960 and who have thereupon appeared at the examination in October 1960 but failed therein, shall have the option to appear under the Old Course;

(*c*) students who have completed their terms by October 1960 but have not appeared at the examination in October 1960, shall be required to appear under the New Course.

(2) The First LL.B. Examination shall be held hereafter only under the New Course.

૧૨. તા. ૧૨-૧૧-૧૯૬૦ના રોજ મળેલ લૉ ફેકલ્ટીની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"હવેથી લૉની પરીક્ષાના પરીક્ષકોની પેનલો બનાવવા આ ફેકલ્ટી નીચે રચાયેલી જુદી જુદી અભ્યાસસમિતિઓની સંયુક્ત સભા બોલાવવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

૧૩. તા. ૯-૬-૧૯૬૦ના રોજ મળેલ ગણિતની અભ્યાસસમિતિની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

પરીક્ષકો તરફથી આવતા અહેવાલો અંગે ગણિતની અભ્યાસસમિતિએ કરેલી નીચેની ભલામણો

"1. The Registrar is requested to inform the Examiners to submit typed reports.

2. The Board recommends that the Gujarati and English version of the question-papers in Mathematics and Statistics be printed separately."

આથી ઠરાવવામાં આવે છે કે, ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

આ પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૬૬ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૬૬. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એડ. તથા ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that the extension of affiliation for teaching courses of studies leading to the T.D. and B.Ed. Examinations as asked for in the same Arts College cannot be recommended.

Further resolved that it be recommended to the Syndicate and the Senate that the sponsoring authorities be permitted, on submission of a fresh application to start a separate college, which be granted affiliation for teaching courses of studies leading to the T.D. and B.Ed. Degree Examinations for a period of one year from 15-6-1961 to 14-6-1962 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. that the following staff be appointed :
   (*a*) a Principal,
   (*b*) a Professor in Education,
   (*c*) Five Lecturers,
   (*d*) a Tutor;
2. that the hostel facilities for 30 male students and 10 female students be provided;

3. that the following accommodation be provided :

   (*a*) a Central Hall,
   (*b*) an Audio-visual Room,
   (*c*) a Students' Common Room,
   (*d*) a Teachers' Common Room,
   (*e*) a Ladies' Common Room,
   (*f*) a Psychological Laboratory,
   (*g*) a Museum, and
   (*h*) Five Rooms for special methods and special fields.

4. that the Principal and the Rector be provided with rent-free residential quarters, and the Principal be made an ex-officio member of the Governing Body;

5. that the following amount be spent on Library equipment, Laboratory, etc. :

	Non-recurring	*Recurring*
(*a*) Library	Rs. 5,000	Rs. 1,000
(*b*) Reading Room	—	Rs. 300
(*c*) Apparatus	Rs. 1,000	Rs. 200
(*d*) Teaching aids	Rs. 2,000	Rs. 500
(*e*) Gymkhana	Rs. 500	Rs. 200
(*f*) Extra-curricular activities	Rs. 1,000	Rs. 500
(*g*) Miscellaneous	Rs. 1,000	Rs. 300
(*h*) Furniture — new type desks, cupboards, tables, etc.	Rs. 5,000	Rs. 500

6. that an assurance be given by the sponsoring authorities that they will meet the deficit, if any.

Further recommended to the Syndicate that the number of students to T.D. and B.Ed. be restricted to 30 and 50 respectively."

સદરહુ બાબતના સંદર્ભમાં, પ્રકાશ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીનો તા. ૯-૨-૧૯૬૧નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ચર્ચાવિચારણાના અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

Resolved that it be recommended to the Senate that the Prakash Arts College, Ahmedabad, be granted extension of affiliation for teaching courses of studies leading to the T.D. and B.Ed. Degree Examinations for a period of one year from 15-6-1961 to 14-6-1962 on the fulfilment, by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following

conditions:

1. that the following staff be appointed:
   (*a*) a Principal and a Vice-Principal qualified to teach between themselves as Professors, tl e subjects for the B.A. and B.Ed. Degrees,
   (*b*) a Professor in Education,
   (*c*) five Lecturers,
   (*d*) a Tutor;
2. that the hostel facilities for at least 20 women students be provided;
3. that the following accommodation for exclusive use by the Education Section be provided:
   (*a*) a Central Hall,
   (*b*) an Audio-visual Room,
   (*c*) a Students' Common Room,
   (*d*) a Teachers' Common Room,
   (*e*) a Ladies' Common Room,
   (*f*) a Psychological Laboratory,
   (*g*) a Museum, and
   (*h*) five rooms for special methods and special fields;
4. that the Principal and the Rector be provided with rent-free residential quarters, and the Principal be made an ex-officio member of the Governing Body;
5. that the following amount be spent on Library equipment, Laboratory, etc.:

	Non-recurring	*Recurring*
(*a*) Library	Rs. 5,000	Rs. 1,000
(*b*) Reading Room	—	Rs. 300
(*c*) Apparatus	Rs. 1,000	Rs. 200
(*d*) Teaching aids	Rs. 2,000	Rs. 500
(*e*) Gymkhana	Rs. 500	Rs. 200
(*f*) Extra-curricular activities	Rs. 1,000	Rs. 500
(*g*) Miscellaneous	Rs. 1,000	Rs. 300
(*h*) Furniture — new type desks, cupboards, tables, etc.	Rs. 5,000	Rs. 500

6. that separate entrances and exits be provided for (1) Arts Section (comprising exclusively of women-students), and (2) Education Section.

૧૪. શ્રી. બી. કે. મહેતાને ઍા. ૧૮૬ મુજબ ગ્રેજ્યુએટ થયા પછી ૧૦૦ દિવસ માન્ય માધ્યમિક શાળામાં સેવાને બદલે ૧૦ વર્ષ પ્રાથમિક શાળામાં સેવા અને દોઢ વર્ષ આસિસ્ટન્ટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તરીકેની સેવાઓને આધારે ૧૯૬૧ની બી.એડ., ભાગ બીજાની પરીક્ષામાં બેસવા માટે ખાસ કેસ તરીકે પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. કે. મહેતાને અપવાદ તરીકે, ૧૯૬૧ની બી.એડ., ભાગ બીજાની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી.

૧૫. પરીક્ષાઓનાં પરિણામો અમદાવાદમાં અને બહારનાં કેન્દ્રોમાં બહાર પાડવા અંગેની વ્યવસ્થાની પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પરિણામો યુનિવર્સિટી તરફથી સત્તા-વાર જાહેર કરવાની જે તારીખ હોય તે તારીખના આગલા દિવસે પરિણામનાં જાહેરનામાંની નકલો, પરિણામ જાહેર થાય ત્યાં સુધી ખાનગી રાખવાની સૂચના સાથે વર્તમાનપત્રોને આપવી, તથા તે અંગે જરૂરી પગલાં લેવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૬. નવા ધારેલા નીચેના ઍા. ૮૩-એ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૮૩-એનો પાઠ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવો, તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો:

O. 83-A :

Notwithstanding anything contained elsewhere in the Ordinances, it shall be competent for the Principal of a College to withdraw the application of a student of his College for admission to a University Examination on the ground of unsatisfactory progress or insufficient attendance of the student concerned or both, provided such withdrawal is made at least one week before the commencement of the examination in the case of F.Y. (Pre-Uni.) and Intermediate Examinations and within three clear days after the close of term in the case of all other examinations. On such intimation being received by the University, the name of such student shall be deemed to stand cancelled from the list of candidates appearing at the University Examination, and thereupon the student concerned shall not appear at the Examination, and in case of his appearance at the Examination, his result shall not be declared. The examination fees paid by such a student shall be refunded in full.

૧૭. આ યુનિવર્સિટીના ઍા. ૧૪૬માં પરિણામ જાહેર થયા પછી તેમાં કોઈ અનિવાર્ય કારણસર પરિણામ સુધારવાની જરૂર જણાય તો તે સુધારવા જે છ માસની સમયમર્યાદા નક્કી કરી છે તેમાં ઘટાડો કરવા ઑર્ડિનન્સમાં જરૂરી સુધારો કરવા ગુજરાત રાજ્યના શિક્ષણ અને શ્રમ ખાતાના સચિવ તરફથી આવેલ પત્રાંક યુજીજી/૧૬૬૦/૫૧૭૧૩-બી, તા. ૧૬-૧-૧૯૬૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૮. આ યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં બી.એ.ની પદવીપરીક્ષા સુધીની પરીક્ષાઓ માટે બહારના (External) વિદ્યાર્થીઓને નોંધવા માટેના ઑર્ડિનન્સમાં મુંબઈ રાજ્યમાં રહેતા બિનગુજરાતી વિદ્યાર્થીઓને નોંધવાની જોગવાઈ છે તે બાબતમાં જૂના મુંબઈ રાજ્યનું વિભાજન થતાં હવે મજકૂર ઑર્ડિનન્સમાં શો સુધારો કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—હાલના ઑ. ૧૭૪-અ(*ii*)નો પાઠ નીચે મુજબ છે:

"Other (i.e., whose mother-tougue is not Gujarati) living continuously for a period of at least six months immediately preceding the date of their registration in the Bombay State provided that Army Educational Corps personnel are exempted from the condition about residential qualifications.")

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિન-સ ૧૭૪-એ (*ii*)નો પાઠ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવો, તથા સુધારેલા ઑર્ડિન-સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો:

O. 174-A :

(*ii*) Other persons (i.e., whose mother-tongue is not Gujarati), living continuously for a period of at least six months immediately preceding the last date for their registration, in the Gujarat State, provided that Army Educational Corps personnel are exempted from the condition about residential qualification.

Notwithstanding anything contained above, persons who have already registered themselves as external students before December 1960, shall be registered as follows on applying in the prescribed form and payment of prescribed fees:

(*i*) Those who have been registered for the B.A. Degree Examination may be registered upto June 1962;

(*ii*) Those who have been registered for the Intermediate Arts Examination may be re-registered for the same or higher examination for the B.A. Degree Examination upto June 1965; and

(*iii*) Those who have been registered for First Year (Pre-University) Arts Examination may be registered for the same or higher examination upto June 1966.

૧૯. લેબર વેલ્ફેરના ડિપ્લોમા અભ્યાસક્રમ સાથે કાયદાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તરફથી તેમને એકીસાથે બન્ને અભ્યાસક્રમ કરવા દેવા પરવાનગી આપવા બાબત આવેલ પત્ર.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૧૬-૭-૧૯૬૦ની બેઠકમાં બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ મંજૂર કરવામાં આવી હતી:

"આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, ડિપ્લોમા ઇન લેબર વેલ્ફેરના અભ્યાસક્રમને અનુસ્નાતક અભ્યાસક્રમ ગણવો અને તેની સાથે બીજો કોઈ પણ અભ્યાસક્રમ એકસાથે કરવાની પરવાનગી આપવી નહિ.")

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં સિન્ડિકેટની તા. ૧૬-૭-૧૯૬૦ની સભાનો ઠરાવ રદ કરવો, તથા વિદ્યાર્થીઓને લેબર વેલ્ફેરના ડિપ્લોમાના અભ્યાસક્રમ સાથે, આ યુનિવર્સિટીમાં બીજો પૂર્વસ્નાતક અભ્યાસક્રમ કરવા માટે છૂટ આપવી.

૨૦. શ્રી. એ. એસ. પ્રભુદેસાઈના "Psychological Light on Literature and Literary Criticism" એ વિષય પર પીએચ.ડી. પદવી માટેના સાયકોલોજી વિષયના મહાનિબંધ પર બે રેફરીઓ સર્વશ્રી. ડૉ. એસ. જલોટા, પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢ, તથા શ્રી. અ. ક. ત્રિવેદી, ગાર્ડા કૉલેજ, નવસારી, તેમના રિપોર્ટમાં સહમત થતા ન હોવાથી બૉ. ૩૨૧ મુજબ મહાનિબંધ તપાસવા માટે ત્રીજા રેફરીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં ડૉ. પી. એચ. પ્રભુનાં સલાહસૂચનો લઈને બીજા રેફરીની નિમણૂક કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૧. સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશિપ અને ફેલોશિપ વગેરે બાબતો પર વિચારણા કરી સિન્ડિકેટને હેવાલ રજૂ કરવા માટે નિમાયેલ સ્થાયી સમિતિની તા. ૨૩-૧૨-૧૯૬૦ના રોજ મળેલી તેરમી સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

સ્થાયી સમિતિની ભલામણ

"શ્રી. વી. પી. શાહ (સમાજ વિદ્યાભવન)ની "માનદ દક્ષિણા ફેલોશિપ" આપવા પુનર્વિચારણા માટે આવેલી અરજી સ્વીકારવી નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની "Extension Work by University Teachers" અંગેની યોજના ઉપર બૉર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજનામાં જે સૂચન છે તે પ્રવૃત્તિઓ આપણે એકસ્ટ્રામ્યુરલ બૉર્ડના કામકાજમાં સમાયેલી હોવાથી આ બૉર્ડ ભલામણ કરે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને આપણી યોજના મોકલવી, તેના તરફથી મળતી રૂા. ૧૦,૦૦૦ની ગ્રાન્ટ મેળવવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝે ઘડેલી સદરહુ યોજના મંજૂર કરવી.

૨૩. સ્ટાફ અંગેની વહીવટી પ્રશ્નો અંગેની સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૮-૧૦-૧૯૬૦ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો ઉપર ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

(૧) જે કર્મચારીઓનો પગાર, સુધારેલા પગારધોરણને કારણે, તા. ૧-૭-૧૯૫૭ના રોજ, તે પગારધોરણનાં બે પગથિયાં (stages)ની વચ્ચે આવતો હોય, તેમને ઉચ્ચક વધારો આપીને તે પછીના તરત ઉપરના પગથિયા (next higher stage) પર મૂકવા.

(૨) ઉપર (૧) પ્રમાણેનો લાભ આપ્યા પછી જ એક જ કક્ષા (cadre)ના જુનિયર કર્મચારીના પગારવધારાની તારીખ સીનિયર કર્મચારીના પગારવધારાની તારીખ પહેલાં આવતી હોય, અને તેથી કરીને તે જુનિયર કર્મચારીનો પગાર, સીનિયર કર્મચારીના પગાર કરતાં વધી જતો હોય, તો સદરહુ સીનિયર કર્મચારીનો પગારવધારો, જુનિયર કર્મચારીના પગારવધારાની તારીખથી આપવો, અને તે પછી તે તારીખ પ્રમાણે ભવિષ્યના વાર્ષિક પગારવધારા ગણવાનું રાખવું.

(૩) યુનિવર્સિટીમાં ભાષાંતરકારની એક જગ્યા, રૂા. ૨૦૦-૧૦-૪૦૦ના પગારધોરણમાં ઊભી કરવી, અને તે જગ્યા માટે લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું:

અંગ્રેજી અને ગુજરાતી સાથેની એમ.એ.ની પદવી, અને અનુવાદના અનુભવને વધારાની લાયકાત ગણવી.

(૪) શ્રી. પી. ડી. પાઠક, શ્રી. કે. એમ. કોટડિયા, ડૉ. કે. એમ. ઠાકર તથા શ્રી. એસ. આર. પટેલની પગારવધારાની માગણી મંજૂર કરવી નહિ.

(૫) કાર્યાલય-નિયામક શ્રી. જી. એ. દેસાઈને, એકસ્ટ્રાઓર્ડિનરી કામકાજ માટે, માસિક રૂા. ૨૫નું ભથ્થું, જે પહેલાં તેમને હેડ-ક્લાર્કની જગ્યા ઉપર હતા ત્યારે આપવામાં આવતું હતું તે ચાલુ રાખવું, તથા આ ઠરાવને તા. ૧૬-૨-૧૯૫૯ના રોજથી અમલમાં મૂકવો.

(૬) યુનિવર્સિટી છાત્રાલય માટે રૂા. ૩૦-૧-૪૫ના પગારધોરણમાં, સફાઈ-કામદારની વધુ એક જગ્યા ઊભી કરવી.

(૭) રૂા. ૩૦-૧-૪૫ના પગારધોરણમાં, સફાઈ-કામદારની નીચે પ્રમાણે વધુ ત્રણ જગ્યાઓ મંજૂર કરવી:

યુનિવર્સિટી કાર્યાલય માટે	...	૨
સમાજવિદ્યાભવન અને મનોવિજ્ઞાન ભવનના કામકાજ માટે	...	૧

(૮) રૂા. ૬૦-૪-૧૦૦ના પગારધોરણમાં, પ્લમ્બર-કમ-વૉટરમૅનની એક જગ્યા ઊભી કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮-૧૦-૧૯૬૦ના રોજ મળેલી સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૪ ...ફ અંગેના વહીવટી પ્રશ્નો અંગેની સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૯-૧૨-૧૯૬૦ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો ઉપર ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ સમિતિની સભાની કામકાજની નોંધની બાબત નં. ૧ અને ૩ તે સમિતિની પુનર્વિચારણા માટે પાછી મોકલવી, તથા સદરહુ સમિતિ પર વધારાના સભ્યો તરીકે નીચેના બે સભ્યોની નિમણૂક કરવી :

(૧) શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ;
(૨) શ્રી. એમ. ડી. રાજપાલ.

(૨) સદરહુ સમિતિની ભલામણ નં. ૨, ૪, ૫, ૬, ૭ અને ૮ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯-૧૨-૧૯૬૦ના રોજ મળેલી સભાના કામકાજની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૨૫. નીચેના સભ્યોનો અજમાયશી સમય તેમનાં નામ સામે દર્શાવેલી તારીખે પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા બાબત :

૧. શ્રી. બાલુજી જીવાજી પરમાર	વિજ્ઞાન વિદ્યાભવન	તા. ૨૬-૨-૧૯૬૧
૨. શ્રી. બોડાજી ઝીણાજી હાકોર	,, ,,	તા. ૨૬-૨-૧૯૬૧
૩. શ્રી. બી. એ. બાવલ	યુનિવર્સિટી કાર્યાલય	તા. ૨૬-૨-૧૯૬૧

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલી જગ્યા ઉપર અને તારીખથી કાયમ કરવા :

નામ	જગ્યા	કાયમ કર્યા તારીખ
૧. શ્રી. બાલુજી જીવાજી પરમાર	પટાવાળા, વિજ્ઞાન વિદ્યાભવન	તા. ૨૭-૨-૧૯૬૧
૨. શ્રી. બોડાજી ઝીણાજી હાકોર	,,	તા. ૨૭-૨-૧૯૬૧
૩. શ્રી. બી. એ. બાવલ	યુનિવર્સિટી કાર્યાલય	તા. ૨૭-૨-૧૯૬૧

૨૬. યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામ કરતા શ્રી. ડી. એસ. ત્રિપાઠીનું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેમને ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ પરત કરવા તથા યુનિવર્સિટીનો ફાળો પરત કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. ત્રિપાઠી તા. ૭-૨-૧૯૫૬થી ફરજ ઉપર હાજર થયા હતા અને તા. ૩૧-૧૨-૧૯૬૦થી છૂટા થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. એસ. ત્રિપાઠીના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને પરત કરવી.

૨૭. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કાનજી ભ જી રાજીનામું આપી છૂટા થયેલા હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ તથા યુનિવર્સિટીનો ફાળો પરત કરવા બાબત.

(નોંધ.— તેઓ તા. ૨-૮-૧૯૫૭થી જોડાયા હતા અને તા. ૧-૧-૧૯૬૧થી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કાનજી ભલાજીને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને પરત કરવી.

૨૮. સમાજ વિદ્યાભવનમાં ખાલી પડેલ રીડર ઇન ઇકોનોમિક્સની જગ્યા માટેની વરણીસમિતિના સભ્યો નીમવા બાબત.

(નોંધ.— ગઈ સમિતિના સિન્ડિકેટે નીમેલા સભ્યો નીચે પ્રમાણે હતા :

૧. પ્રૉફેસર સી. એન. વકીલ;
૨. પ્રૉફેસર એમ. એલ. દાંતવાલા;
૩. પ્રિન્સિ. વી. વાય. કોલ્હાટકર)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર નીચે જણાવેલા સભ્યોને નીમવા :

૧. પ્રૉફેસર સી. એન. વકીલ;
૨. પ્રૉફેસર એમ. એલ. દાંતવાળા;
૩. પ્રિન્સિપલ એમ. બી. દેસાઈ.

બાબત નં. ૨૯ની વિચારણા તા. ૧૨-૨-૧૯૬૧ના રોજ કરવામાં આવી હતી, પણ તેની નોંધ ક્રમાનુસાર અહીં આપવામાં આવી છે.

૨૯. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન કેમિસ્ટ્રી (સીનિયર) તથા રસાયણવિજ્ઞાન વિભાગના વડા તરીકેની નિમણૂક સ્વીકારી શકવાની અશક્તિ દર્શાવતા ડૉ. એ. એમ. ત્રિવેદીના તા. ૨૩-૧-૧૯૬૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એ. એમ. ત્રિવેદીના સદરહુ પત્રની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રૉફેસર ઇન કેમિસ્ટ્રી અને રીડર ઇન કેમિસ્ટ્રીની ખાલી રહેલી જગ્યાઓ પૂરવા માટે ભલામણ કરવા વાસ્તે વરણીસમિતિની નવેસરથી રચના કરવી, તથા તે પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી :

૧. ડૉ. એન. એ. યાજ્ઞિક — તેઓ ના પાડે તો ડૉ. પ્રિયદા રંજન રોય;
૨. ડૉ. ટી. આર. શેશાદ્રી — તેઓ ના પાડે તો ડૉ. કે. એસ. નારગુન્ડ;
૩. ડૉ. એસ. એસ. જોશી — તેઓ ના પાડે તો ડૉ. એસ. આર. પાલિત.

૩૦. યુનિવર્સિટીના શિક્ષકો સાથે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧ પ્રમાણે કરવાના કરારનામાનો સ્થાયી કાનૂન સમિતિની ભલામણ પ્રમાણેનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના શિક્ષકો સાથે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧ પ્રમાણે કરવાનાં કરારનામાનો, સ્થાયી કાનૂન-સમિતિએ ઘડેલો મુસદ્દો મંજૂર કરવો, તથા યુનિવર્સિટીના શિક્ષકો સાથેના કરારનામા પર સહી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(મંજૂર કરવામાં આવેલા કરારનામાના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૧. સ્થાયી કાનૂનવિષયક સમિતિ પર ઉપકુલપતિશ્રી ઉપરાંત શ્રી. બટુભાઈ દેસાઈ, શ્રી. બિહારીલાલ પો. શાહ તથા શ્રી. ઘનશ્યામલાલ ઓઝા સભ્ય છે. તે સમિતિ પર કોઈ પણ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સ્થાયી સમિતિ પર શ્રી. આઈ. એમ. નાણાવટીની વધારાના સભ્ય તરીકે નિમણૂક કરવી.

૩૨. યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે થતા પાણીવાળા, હમાલ, ચોકીદાર તથા સફાઈ કામદારનું વેતન, માટલાં, બરફ તથા પાટલીઓ ગોઠવવાની મંજૂરી વગેરે પરચૂરણ ખર્ચ માટે દરેક પરીક્ષા દીઠ દર એક સો વિદ્યાર્થી દીઠ એક દિવસનો ખર્ચ નક્કી કરવા બાબત.

(**નોંધ.**—ગયે વર્ષે દર સો વિદ્યાર્થી દીઠ એક દિવસનો સરેરાશ ખર્ચ આશરે રૂા. ૮ આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે થતા પાણીવાળા, હમાલ, ચોકીદાર, સફાઈ કામદાર વગેરેના વેતન અંગે, તથા માટલાં, બરફ વગેરે ચીજવસ્તુઓના ખર્ચ અંગે, તથા પાટલીઓ ગોઠવવાની મજૂરી વગેરે પરચૂરણ ખર્ચ માટે, દરેક પરીક્ષાદીઠ, એક દિવસના ખર્ચ અંગે જે તે કૉલેજને આપવાના દર નીચે પ્રમાણે મંજૂર કરવા :

૧ થી ૧૦૦ વિદ્યાર્થીઓ માટે	રૂા. ૮-૦૦
તે પછીના ૫૦ કે તેથી ઓછા વિદ્યાર્થીઓ માટે	(કાંઈ નહિ.)
તે પછીના ૫૧ કે તેથી વધુ વિદ્યાર્થીઓ માટે દર ૧૦૦ વિદ્યાર્થીઓ દીઠ	રૂા. ૮-૦૦

૩૩. વિજ્ઞાન વિદ્યાભવન માટેના માફી અંગેના નિયમો થતાં પહેલાં પ્રથમ સત્ર માટે, સત્ર ફીની કુલ રકમના ૫ ટકા જેટલી માફી વિદ્યાર્થીઓને આપવાનું જાહેર કરેલ છે તે અનુસાર માફીની રકમ આપવા બાબતના ડૉ. પી. સી. વૈદ્યના તા. ૬-૧-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનમાં ચાલુ વર્ષ દરમિયાન આપવામાં આવેલ, સત્ર-ફીની કુલ રકમના પાંચ ટકા સુધીની મર્યાદામાં આવી જતી હોય જેટલી ફીની માફી મંજૂર રાખવી.

૩૪. સને ૧૯૫૭-૫૮ના વર્ષના ઑડિટ રિપોર્ટ ઉપરના ડિરેક્ટર ઑફ ઍકાઉન્ટ અને ટ્રેઝરીના પત્રાંક એલ ૩૦-બી-૧૧-૪૩૮૯, તા. ૭-૧-૧૯૬૧ પર વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

૧. આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિ શ્રી. એચ. વી. દિવેટિયા નિવૃત્ત થયા તે તારીખથી સ્ટે. નં. ૧૩૦-એ સુધારવામાં આવ્યો તે તારીખ સુધી ઉપકુલપતિશ્રીના ઉપયોગ માટે કરવામાં આવેલા મોટરકાર અંગેના તમામ ખર્ચને મંજૂર કરવો.

૨. સિન્ડિકેટની આ સભા, તેના તા. ૨૦/૨૧-૧૧-૧૯૫૬ના રોજ મળેલી સભામાં કરેલા ઠરાવનું ભારપૂર્વક પુનરુચ્ચારણ કરે છે, અને જણાવે છે કે રટે. ૧૩૪ હેઠળ શ્રી. રજિસ્ટ્રારને કોઈ પણ પ્રકારનું ભથ્થું આપવાની સિન્ડિકેટને સત્તા છે તે જોતાં, તેમને rent-free બંગલો રહેવા માટે આપ્યો છે તે બાબત કાનૂનસર છે, અને આ બાબતમાં વિશેષ કશું કરવાપણું રહેતું નથી, એમ ડાયરેક્ટર ઑફ એકાઉન્ટ્સ અને ટ્રેઝરીને જવાબ લખવો.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, ઘરભાડા-ભથ્થા અંગે કાર્યાલયના સભ્યોને ભૂતકાળમાં જે નાણાં આપવામાં આવ્યાં છે તે વસૂલ કરવાનું સિન્ડિકેટને યોગ્ય લાગતું નથી, અને તેથી તે અંગે થયેલા ખર્ચને આથી મંજૂરી આપવામાં આવે છે.

૩૫. ઑલ-ઇન્ડિયા ફેડરેશન ઑફ એજ્યુકેશનલ ઍસોસિયેશનના ૧૦મા વર્લ્ડ કૉન્ફેડરેશન અંગે ગ્રાન્ટ આપવાની વિનંતી કરવા પત્રાંક ડબલ્યુ/૬, તા. ૧૬-૧-૧૯૬૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતીની નોંધ લેવી.

૩૬. શ્રી. ગોવર્ધનરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતા પ્રૉ. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી સાથે કરવાના કરારનામાના મુસદ્દાને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "શ્રી. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા" અંગે કરવાના કરારનામાનો મુસદ્દો, કલમ નં. ૩માં પરિશિષ્ટ "જ"માં જણાવ્યા પ્રમાણે સુધારો કરીને મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા કરારનામાના સુધારેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૩૭. સાર્વજનિક લૉ કૉલેજ, સુરતને અલાયદા મકાનમાં બેસેડવા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૧૯-૮-૧૯૬૦ના પત્રને અનુલક્ષીને સિન્ડિકેટે તેની તા. ૬-૯-૧૯૬૦ની સભામાં સ્થાનિક તપાસસમિતિ નીમેલી પરંતુ આચાર્યે તેઓશ્રીના તા. ૧૧-૧-૧૯૬૧ના પત્રાંક એસ્ટાબ્લિશ/૩૭/૫૮૨થી કૉલેજ હૉલમાં ન બેસેડવાની જણ કર્યાથી હવે આ અંગે કાંઈ કરવાપણું રહેતું નથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૮. અલાહાબાદ મુકામે મળનાર "નેશનલ ઍકેડેમી ઑફ સાયન્સીઝ"ના ૩૦મા વાર્ષિક અધિવેશનમાં ભાગ લેવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ડૉ. ય. ગુ. નાયકની નિમણૂક સિન્ડિકેટે કરી હતી પરંતુ સંજોગોવશાત્ તેઓશ્રી નહિ જઈ શક્યા હોઈ તેમની જગ્યાએ શ્રી. પી. ડી. પાઠકની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૯. સિન્ડિકેટની તા. ૫/૬-૧૧-૧૯૬૦ની સભાની છાપેલી કાર્યવાહીના કામકાજ ક્રમાંક ૬૭માં આપેલ ઓ. ૧૩૬ના પાઠની ત્રીજી કંડિકામાં મુદ્રણદોષ સુધારીને "૫ ટકા"ને બદલે "૫૦ ટકા" વાંચવાનું રહેશે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૦. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેમનાં નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ અંગે રેફરીના રિપોર્ટને અનુલક્ષીને તેમને પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
૧. શ્રી. રમણલાલ વ્રજલાલ શાહ	રસાયણવિજ્ઞાન	એમ.એસસી.
૨. શ્રી. રઘુનાથ ચિંતામણ બડવે	મનોવિજ્ઞાન	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૧. બાંધકામ સમિતિની તા. ૧૬-૧-૧૯૬૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બિલ્ડિંગ કમિટીની તા. ૧૬-૧-૧૯૬૧ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો મંજૂર કરવી:

૧. (૧) નીચેનાં કામો માટે તા. ૨૩મી પહેલાં તેમનાં નામ સામે જણાવેલ સ્થપતિઓ પાસે ટેન્ડરો તૈયાર કરાવવાં, અને તા. ૨૮-૧-૧૯૬૧ પહેલાં નીચેનાં કામોનાં ટેન્ડરો મગાવી, તા. ૩૦-૧-૧૯૬૧ના રોજ સાંજના ૬-૦૦ કલાકે મળનારી બાંધકામ-સમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવું:

(૧) નૉન-રેસિડન્ટ સ્ટુડન્ટ સેન્ટર	...	શ્રી. એસ. કે. નંદવાણા
(૨) વિદ્યાર્થીઓનું છાત્રાલય	...	એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી. મિસ્ત્રી
(૩) વિદ્યાર્થિનીઓ માટેનું છાત્રાલય અને લેડી સુપરિન્ટેન્ડેન્ટનો બંગલો	...	શ્રી. બી. વી. દોશી
(૪) વિજ્ઞાન વિદ્યાભવનનાં મકાનો	...	શ્રી. બી. વી. દોશી

(૨) મકાનોની જરૂરિયાતોનો માલસામાન, જેવો કે સ્ટીલ, સિમેન્ટ, લાકડું, ટાઇલ્સ, ઈંટો, સ્ટીલની બારીઓ, ફર્નિચર વગેરે ખરીદી લેવાં. આ માલસામાન કૉન્ટ્રેક્ટર ખરીદે અને તે સામાનની કિંમત પર ૮૦ ટકા સુધીની રકમ સ્થપતિની ભલામણ આવ્યેથી કૉન્ટ્રેક્ટરને ઍડવાન્સ પેટે આપવાની વ્યવસ્થા વિચારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) આ મકાનોના આવેલ અંદાજ વગેરે જે તે સ્થપતિ પાસેથી વહેલી તકે મેળવીને તે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવા, અને ગ્રાન્ટ મેળવવા માટે તજવીજ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૪) મંજૂર થયેલાં કામો માટે તથા પ્રયોગશાળાનાં સાધનો માટે બને ત્યાં સુધી જોઈતી સાધનસામગ્રી આગામી માર્ચ માસ સુધીમાં મેળવી લેવા અને તે માટે જરૂર પડે તો વિભાગોના વડાઓને મુંબઈ મોકલવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટ-હૉલના બાંધકામના કૉન્ટ્રેક્ટર મેસર્સ ગૅનન ડન્કર્લી ઍન્ડ કંપની લિમિટેડને સેનેટ-હૉલના બાકી રહેલા કામ માટે ટેન્ડરના ભાવ પર ૧૦ ટકાની રકમ વધારે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, ભૌતિકવિજ્ઞાનના વિભાગનું મકાન, ઑપન-એર થિયેટરની પાછળ, અને વનસ્પતિવિજ્ઞાનના વિભાગનું મકાન, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના હાલના મકાનની પાછળ મૂકવા અને આ પ્રમાણે આલેખમાં ફેરફાર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે, સ્થપતિ શ્રી. નંદવાણાએ તૈયાર કરેલા આલેખ પ્રમાણે અધ્યક્ષોના ત્રણ બંગલાનું સ્થાન (site) નક્કી કરવું, અને રસ્તાઓનો layout સ્થપતિ શ્રી. દોશીના આલેખ પ્રમાણે રાખવો.

૫. આથી ઠરાવવામાં આવે છે કે, અતિથિગૃહના બાંધકામ માટે સ્થપતિ શ્રી. રાજેન્દ્ર કે. ચોકસીની નિમણૂક કરવી, અને તે માટે આલેખ તથા અંદાજ તા. ૩૦-૧-૧૯૬૧ સુધીમાં તૈયાર કરવા તેમને જણાવવું.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૦૬. શેઠ સારાભાઈ મગનભાઈ ટ્રસ્ટ ફંડ, અમદાવાદના મંત્રી તરફથી ચિત્રકામ અને સ્થાપત્યનો ડિપ્લોમા અને સંગીતનો ડિપ્લોમા શરૂ કરવા અંગે જોડાણ આપવા તા. ૨૪-૯-૧૯૬૦ની આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the Intermediate College for Diploma Courses in Painting, Sculpture and Music sponsored by Sheth Sarabhai Maganbhai Trust, Ahmedabad, be granted affiliation for teaching courses of studies leading to the First Year Diploma Examination in Painting, Sculpture and Music for a period of one year from 15-6-1961 to 14-6-1962 to the satisfaction of the Syndicate, of the following conditions:

1. that the following staff be appointed:
   (*i*) three Professors, one each in Painting, Sculpture and Music, one of whom may be appointed as Principal;
   (*ii*) three Lecturers, one each in Painting, Sculpture and Music;
   (*iii*) three Demonstrators, one each in Painting, Sculpture and Music;
   (*iv*) that a sum of Rs. 20,000/- be spent for purchasing models, instruments and other ancilliary equipments;
2. that a sum of Rs. 5,000/- be spent for purchasing books and journals for the library;
3. an undertaking be given that the proposed college will be housed in its own permanent building by June, 1963;
4. that the Principal be provided with rent-free quarters and that he be made an ex-officio member of the Governing Body;
5. that an assurance be given that the trust will meet the deficit, if any."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૧૦. આર. આર. લાલન કૉલેજ, ભુજને બી.એ. (જન.) માનસશાસ્ત્ર તથા બી.એસસી (મુખ્ય) રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર તથા બોટેની (ગૌણ)ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા અંગે આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that R. R. Lalan College, Bhuj, be granted continuation of affiliation for teaching courses of studies leading to the B.A. (Gen.) Degree Examination in Psychology and B.Sc. Degree Examination in Chemistry (Prin.) and Physics (Subsi.) and Botany (Subsi.) for a period of two years from 15-6-1961 to 14-6-1963."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૧૧. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરને પ્રથમ એમ.બી., બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that M. P. Shah Medical College, Jamnagar, be granted permanent affiliation for teaching courses of studies leading to the First M.B., B.S. Examination from 15-6-1961."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૧૨. ઍગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢને પ્રેપરેટરી ઍગ્રિકલ્ચર પરીક્ષાના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ અને પ્રથમ વર્ષ સામાન્ય ઍગ્રિકલ્ચર પરીક્ષાના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ આપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that Agriculture College, Junagadh,be granted continuation of affiliation for teaching courses of studies leading to the First Year Examination

in Agriculture for a period of two years from 15–6–1961 to 14–6–1963 and extension of affiliation for teaching courses of studies leading to the Second Year Examination in Agriculture for a period two years from 15–6–1961 to 14–6–1963 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. that the teaching staff necessary for the first two years be appointed;
2. that the construction of the hostel building be completed;
3. that a sum of Rs. 1,78,000/- be spent for equipment during the year 1961–62:
4. that the library be equipped with necessary books and periodicals."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની શરતો પૈકી શરત નં. ૧ અને ૪ અનુક્રમે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

"1. that the total strength of the teaching staff for the first two years be as under :

(1) Six Professors, one each in—

(1) Botany,
(2) Chemistry,
(3) Bacteriology and Plant Pathology,
(4) Physics and Mathematics,
(5) Agronomy, and
(6) Animal Husbandry;

(2) Nine Lecturers, one each in—

(1) Gujarati,
(2) Hindi,
(3) English,
(4) Botany,
(5) Chemistry,
(6) Bacteriology and Plant Pathology,
(7) Elements of Economics,
(8) Animal Husbandry, and
(9) Entomology;

(3) Four Lecturers, two each in—

(1) Physics and Mathematics, and
(2) Agronomy;

(4) Ten Demonstrators, two each in—

(1) Botany,
(2) Chemistry,
(3) Physics and Mathematics,
(4) Agronomy, and
(5) Animal Husbandry;

(5) Two Demonstrators, one each in—

(1) Bacteriology and Plant Pathology, and
(2) Entomology;

4. Additional books worth Rs. 7,500/- be purchased."

૧૧૩. અમદાવાદ ખાતે તા. ૧૭થી ૨૩ ફેબ્રુઆરી ૧૯૬૧ દરમિયાન યોજાનાર ઇન્ટરનેશનલ અકડેમી આફ ફિલોસોફીની પહેલી પરિષદમાં આ યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રના અનુસ્નાતક વિદ્યાભવનમાંથી પ્રતિનિધિઓ મોકલવા ઇન્ટરનેશનલ ઍકડેમી ઑફ ફિલોસોફીના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૨૮-૧-૧૯૬૧ના પત્રાંક વીટીએમ/૧૬૯-૬૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી :

૧. ડૉ. પી. એચ. પ્રભુ;

૨. પ્રોફેસર ઉમાશંકર જોશી;

૩. આચાર્ય ડૉ. કે. જી. દેસાઈ.

૧૧૪. પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) તા. ૩૧-૧-૧૯૬૧ સુધીમાં કઢાવી લેવું એમ સિન્ડિકેટે ઠરાવ્યું હતું પરંતુ હજુ આશરે ૨૦૦ જેટલા નિયમિત વિદ્યાર્થીઓએ તેમજ ૩૦૦ જેટલા બહારના વિદ્યાર્થીઓએ ઉપરોક્ત સમયમાં પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર કઢાવેલ નથી, તો તે અંગે મુદત વધુ લંબાવવાની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે પ્રવેશપાત્રતાનાં પાકાં પ્રમાણપત્રો (Final Eligibility Certificates) કઢાવવાની મુદત તા. ૨૮મી ફેબ્રુઆરી સુધી લંબાવવી;

૧૧૫. બી.એસસી. રસાયણવિજ્ઞાન (મુખ્ય)ના વિષયમાંના પ્રશ્નપત્ર નં. ૪ માટે જે રસાયણશાસ્ત્રીઓનાં જીવનનો અભ્યાસ કરવાનો છે તે રસાયણશાસ્ત્રીઓનાં નામ ૧૯૬૦ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટે નક્કી કરવામાં આવ્યાં હતાં તે ૧૯૬૧ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓ માટે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ ચાલુ રાખ્યા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—તે રસાયણશાસ્ત્રીઓનાં નામ નીચે પ્રમાણે છે :

(1) H. Moissan, (2) W. Ramsay, (3) E. Fisher, (4) W. H. Perkin (Junior), (5) Van't Hott, (6) S. Arrhenius.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧૬. તા. ૧૬-૬-૧૯૬૦ના રોજ મળેલ પ્રાચીન ભારતીય અને પૂર્વીય સંસ્કૃતિની અભ્યાસસમિતિએ રેફરીઓની નિમણૂક અંગે કરેલી નીચેની ભલામણ, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૮-૧-૧૯૬૧ની સભાએ બહાલી આપી છે તે અંગે વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

"નીચે જણાવેલ વિદ્યાર્થીની પદવી અને વિષય માટે વિદ્યાર્થીના નામ સામે દર્શાવેલ રેફરીની ક્રમાનુસાર નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

નામ	પદવી	વિષય	રેફરી
શ્રી. પી. એન. ભટ્ટ	પીએચ.ડી.	"Cultural and Historical Study of Kalki Purana."	૧. ડૉ. આર. સી. હઝરા, સંસ્કૃત કૉલેજ, ૧, બંકીમ ચેટરજી સ્ટ્રીટ, કલકત્તા–૧૨; **અથવા** ૨. ડૉ. એ. ડી. પુસાલકર, ભાંડારકર ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, પૂના–૪. **અથવા** ૩. ડૉ. વી. એસ. અગ્રવાલ, ફેકલ્ટી ઑફ ઇન્ડોલોજી, હિન્દુ યુનિવર્સિટી, વારાણસી–૫."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી માટેનો મહાનિબંધ તપાસવા માટે, રેફરીઓ તરીકે, તેના નામ સામે જણાવેલ વ્યક્તિઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૧૭. આગામી સેનેટની તા. ૯/૧૦-૩-૧૯૬૧ના રોજ મળનાર સભામાં રજૂ થનાર શ્રી. ચંદ્રવદન ચુ. શાહના નીચેના ઠરાવો પર અભિપ્રાય આપવા બાબત :

ઠરાવ ૧ :

"જુદી જુદી વિદ્યાશાખામાં પૂરતી પૂર્વતૈયારી નહિ થઈ હોવાને કારણે શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાનું માધ્યમ વૈકલ્પિક ધોરણે થોડાં વર્ષો માટે ચાલુ રાખવાનું નક્કી થયું હોવાથી વિગતવાર અભ્યાસક્રમો, પાઠ્યપુસ્તકો, ઇત્યાદિ યોજનાપૂર્વક ને ઝડપભેર ગુજરાતીમાં તૈયાર કરવાનું આ યુનિવર્સિટી માટે આવશ્યક બન્યું છે. આ જવાબદારી યથાર્થ રીતે પાર પાડવા સારુ એક ખાસ સમિતિ (Board)ની તાત્કાલિક રચના કરવા તથા તેને તેમ જ તેના અધ્યક્ષને કાર્યકારી સત્તા (executive authority) આપવા માટે જરૂરી નિયમો ઘડવા સેનેટની આ સભા સિન્ડિકેટને આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

ઠરાવ ૨ :

"છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણનો જે ફેલાવો થઈ રહ્યો છે તેથી આ યુનિવર્સિટીને સંતોષ થાય એ સ્વાભાવિક છે. છતાં આ દિશામાં થતા પ્રયાસો એક જ વિસ્તારમાં બેવડાય નહિ, નવી સંસ્થાઓ સ્થાનિક જરૂરિયાતોને અનુલક્ષીને જ સ્થપાય અને આપણાં મર્યાદિત નાણાકીય સાધનોનું પૂરું વળતર મળે એવો વિવેકપૂર્વક ઉપયોગ થાય, એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવા સારુ ભિન્ન ભિન્ન વિદ્યાશાખાની ઉચ્ચ શિક્ષણની સંસ્થા કાઢવાને કેટલી ઓછામાં ઓછી પૂર્વતૈયારી સંસ્થાના પુરસ્કર્તાઓએ કરવી જોઈએ, તેને આર્થિક તેમ જ શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમ એકમ બનાવવા કેટલા વિદ્યાર્થી હોવા આવશ્યક છે, ને તેનો પૂર્ણ વિકાસ કરવા સારુ એકંદરે કેટલા ભંડોળની જરૂર પડશે, ઇત્યાદિ મુદ્દાઓને આવરી લેતો એક પ્રમાણિત મુસદ્દો (blue print) તૈયાર કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

ઠરાવ ૧ :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવમાં જણાવેલી બાબતોને આવરી લેતા પ્રશ્નો અંગે સક્રિય વિચારણા કરવા સારુ સિન્ડિકેટે સમિતિ નીમેલી છે, અને તે પરત્વે સિન્ડિકેટ સજાગ છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

ઠરાવ ૨ :

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટી સાથે જોડાણ માગતી કૉલેજોની વધતી જતી સંખ્યાને લક્ષમાં લઈને યુનિવર્સિટીના વિસ્તારમાં નવી કૉલેજોની કયાં અને કેટલી જરૂર છે તેનો કયાસ કાઢવા સારુ સિન્ડિકેટે તા. ૨૭-૮-૬૦ના રોજ જે સમિતિ નીમેલી છે તે સમિતિનું કાર્યક્ષેત્ર વિસ્તારીને આ કામ તેને સોંપી શકાય એમ છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૧૮. સુરત મુકામે જૂન ૧૯૬૧થી ઝંજનેરી કૉલેજને જોડાણ આપવા માટે ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન તરફથી આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા, બાબત નં. ૨ પછી કરવામાં આવી હતી, અને તેથી તે અંગેનો ઠરાવ ત્યાં આપવામાં આવ્યો છે.

આ બાબતના સંદર્ભમાં, તા. ૧૨-૨-૧૯૬૧ના રોજ, કાર્યાલયે, પ્રોફેસર ચોખાવટિયા વલ્લભવિદ્યાનગરમાં નથી તેવી માહિતી આપી. તે પરથી ઠરાવવામાં આવ્યું કે, પ્રોફેસર ચોખાવટિયાની જગ્યાએ સદરહુ સ્થાનિક તપાસસમિતિ પર પ્રિન્સિપલ એસ. કે. કાત્રકની નિમણૂક કરવી.

૧૧૯. ચંદીગઢ મુકામે તા. ૧૪થી ૧૬ માર્ચ ૧૯૬૧ દરમિયાન યોજાનાર "કૉસ્મિક રેઝ" અંગેના પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે ઍટોમિક એનર્જી વિભાગના મંત્રી તરફથી આવેલ તા. ૨૫-૧-૧૯૬૧ના પત્રાંક ૧૫/૧/૬૧/ટેક/૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. એમ. કોટડિયાની નિમણૂક કરવી.

૧૨૦. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. જી. એ. પટેલને, કૃષિવિજ્ઞાનની વિદ્યાશાખા પર લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૧. સીનિયર સુપરવાઇઝરને જે સૂચનાઓ આપવામાં આવે છે તેમાં સૂચના નં. ૨૨માં નીચે પ્રમાણે ઉમેરવા બાબત:

"They shall also expel forthwith any candidate who takes any body else's answer-book or allow deliberately or through negligence, his answer-book to be taken by any other candidate."

ઉપરોક્ત સૂચના ઉમેરતાં આખી સુધારેલી સૂચના નં. ૨૨ નીચે પ્રમાણે વંચાશે:

Senior Supervisors shall use the utmost vigilance to detect copying or communications by candidates with one another or use unfair means. They shall forthwith expel any candidate found copying or communicating in any way with another candidate or having in his possession books or notes or scribbling paper and report such case of expulsion to the Registrar. They shall also expel forthwith any candidate who takes any body else's answer-book or allows deliberately or through negligence, his answer-kook to be taken up by any other candidate.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચના નં. ૨૨ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારવી.

૧૨૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ની સભાની નીચેની ભલામણો :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"૧. આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી.ની પદવી માટે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હાલ માસિક રૂા. ૧૦૦/-ની જે ૧૦ શિષ્યવૃત્તિઓ નિયત કરવામાં આવી છે તે રદ કરીને તેને બદલે માસિક રૂા. ૨૦૦/-ની ૧૦ શિષ્યવૃત્તિઓ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

૨. આથી ઠરાવવામાં આવે છે કે, માનદ ફેલોશિપ સ્થાપવા માટે એકેડેમિક કાઉન્સિલની આ સભા ભલામણ કરી શકતી નથી."

૧. આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ભલામણની નોંધ લેવી.

૧૨૩. વિજ્ઞાન વિદ્યાભવનોનાં મકાનો અને વિદ્યાર્થિનીઓના છાત્રાલય અને લેડી સુપરિન્ટેન્ડેન્ટના બંગલા માટેના સ્થપતિ શ્રી. બી. વી. દોશી સાથે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતો અંગે સ્થપતિ શ્રી. બી. વી. દોશી સાથે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો, તથા મંજૂર કરારનામા પર સહી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(મંજૂર કરવામાં આવેલા કરારનામાના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૧૨૪. ઉસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદના ઉપક્રમે "પબ્લિક એન્ટરપ્રાઇઝ" પર ફેબ્રુઆરીની તા. ૧૩થી ૧૫ દરમિયાન એક પરિસંવાદ યોજનાર હોઈ આ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. જે. એલ. ધોળકિયાની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૨૫. બી.એ.એમ.એસ.ની પદવીના પ્રમાણપત્રનો કાર્યાલયે ઘડેલો મુસદ્દો મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

મંજૂર કરવામાં આવેલા પ્રમાણપત્રના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૧૨૬. આગામી એમ.એ.ની પરીક્ષામાં મનોવિજ્ઞાનના વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે નવસારીને કેન્દ્ર આપવાનો પ્રશ્ન ફરી વિચારવા ગાર્ડા કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૩૦-૧-૧૯૬૧ તેમ જ તા. ૬-૨-૧૯૬૧ના પત્રાંક ૪૫૮૪ તેમ જ ૪૬૧૧ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૭-૧-૧૯૬૧ની સભામાં આ બાબત અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એ. મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટે નવસારીને કેન્દ્ર તરીકે રાખવાની એસ. બી. ગાર્ડા કૉલેજના આચાર્યશ્રીની વિનંતી મંજૂર કરવી નહિ.")

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એ.ની પ્રાયોગિક પરીક્ષા માટે નવસારીમાં કેન્દ્ર રાખવાની એસ. બી. ગાર્ડા કૉલેજના આચાર્યશ્રીની વિનંતી મંજૂર કરવી નહિ.

૧૨૭. એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરતમાં એમ.એ. અર્થશાસ્ત્ર (જૂથ 'સી' અને 'ડી')ના વિષય માટે. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ અનુસાર કેન્દ્ર સ્થાપવાની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરતમાં, એમ.એ. અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"ના વિષયો માટે ઓછામાં ઓછા ૭ વિદ્યાર્થીઓ પ્રવેશ માટે આવે તો ત્યાં જૂન ૧૯૬૧થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવું.

૧૨૮. ફાઇનાન્સ કમિટીની તા. ૨૦-૧-૧૯૬૧ તથા તા. ૭-૨-૧૯૬૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૧૨૯. બાંધકામ સમિતિની તા. ૩૦-૧-૧૯૬૧ તથા તા. ૭-૨-૧૯૬૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે આવી ત્યારે શ્રી. રજિસ્ટ્રારે સભાગૃહને જણાવ્યું કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૯-૨-૧૯૬૧ના પત્રથી, વિજ્ઞાન વિદ્યાભવનની પ્રયોગશાળાઓ માટેની ગ્રાન્ટ જે lapse થઈ હતી, તે ફરીથી મંજૂર કરી છે.

સદરહુ પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, અને તેની નકલ **પરિશિષ્ટ "દ"** તરીકે સામેલ છે.

તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

૧. આથી ઠરાવવામાં આવે છે કે, બિલ્ડિંગ કમિટીની તા. ૩૦-૧-૧૯૬૧ની સભાની નીચેની ભલામણો મંજૂર કરવી :

(૧) વિજ્ઞાન વિદ્યાભવનનાં મકાનો માટે આવેલાં ૭ ટેન્ડરોમાંથી સૌથી ઓછા દર ટાંકનાર કૉન્ટ્રેક્ટર મેસર્સ શાહ એન્ડ પટવાનું રૂા. ૯,૧૫,૪૩૭.૫૦નું ટેન્ડર, તે ટેન્ડરમાંથી શરતો મુજબ અને કૉન્ટ્રેક્ટરે જણાવેલી નીચેની શરતો સિવાય મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. માટીકામના ભાવ અંગે
૨. ફોલ્ડેડ પ્લેટ સ્લેબ અને પ્રિકાસ્ટ સ્લેબના ભાવ અંગે.

વિજ્ઞાન વિદ્યાભવનનાં મકાનોના આલેખો સમિતિની સભા દરમિયાન સામાન્ય સૂચવેલા કેટલાક નાના નાના (minor) ફેરફાર સહિત મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વિદ્યાર્થિનીઓ માટેના છાત્રાલય અને લેડી સુપરિન્ટેન્ડેન્ટના બંગલાના આલેખો સમિતિની સભા દરમિયાન સૂચવેલા સામાન્ય (minor) ફેરફાર સહિત મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. રસોડામાં સામાન્ય ફેરફાર અને લેડી સુપરિન્ટેન્ડેન્ટના બંગલામાં અંદાજી ખર્ચ રૂા. ૨૫,૦૦૦ની મર્યાદામાં રહીને તે મુજબ ફેરફાર સૂચવવામાં આવ્યો હતો, જે કરીને તા. ૭-૨-૧૯૬૧ની સમિતિની સભામાં સ્થપતિ શ્રી. બી. વી. દોશીને આલેખો રજૂ કરવા રૂબરૂ સૂચવવામાં આવ્યું.

વિદ્યાર્થિનીઓ માટેના છાત્રાલય, રસોડું અને લેડી સુપરિન્ટેન્ડેન્ટના બંગલા માટે આવેલાં ૧૧ ટેન્ડરોમાંથી સૌથી ઓછા દર ટાંકનાર પેઢી મેસર્સ વી. ડી. પટેલ એન્ડ કંપનીનું રૂા. ૩,૧૩,૫૦૮નું ટેન્ડર તે ટેન્ડરમાંની શરતો મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) નૉન-રેસિડન્ટ સ્ટુડન્ટ્સ સેન્ટરના મકાનના બાંધકામ માટે કુલ ૧૦ ટેન્ડરો આવેલાં હતાં. આવેલાં ટેન્ડરોની વિગતો તપાસીને અને સમગ્ર રીતે વિચારણા કરીને એવું ઠરાવવામાં આવ્યું કે, આ કામ માટેનું મેસર્સ શાહ એન્ડ પટવાનું રૂા. ૧,૨૮,૮૪૭·૨૫નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, સ્થપતિ શ્રી. રાજેન્દ્ર ચોકસીએ તૈયાર કરેલા અતિથિગૃહના સ્કેચ પ્લાન મંજૂર કરવા અને ડિટેઇલ્ડ પ્લાન્સ અને અંદાજપત્ર તૈયાર કરવા માટે સભામાં તેમને રૂબરૂ સૂચવવામાં આવ્યું તે પ્રમાણે તૈયાર થયેથી તે મંજૂર કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(૫) આ બાબતના સંદર્ભમાં આરોગ્યકેન્દ્રના બાંધકામના આ કૉન્ટ્રેક્ટરે જે તદ્દન બરાબર કહી શકાય એવું કામ કર્યું છે, તે બાબત સભાગૃહના ધ્યાન પર પ્રમુખશ્રીએ આણી હતી. તે પછી ચર્ચા-વિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે, સ્ટાફ ક્વાર્ટર્સના બાંધકામ માટેના કૉન્ટ્રેક્ટર મેસર્સ દલાલ એન્ડ પટેલની ટેન્ડરના ભાવ પર સવા છ ટકાની વધારાની માગણી નામંજૂર કરવી, અને સ્ટાફ ક્વાર્ટર્સ માટે ફરીથી ટેન્ડરો મંગાવવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૨. આથી ઠરાવવામાં આવે છે કે, બિલ્ડિંગ કમિટીની તા. ૭-૨-૧૯૬૧ની સભાની નીચેની ભલામણો મંજૂર કરવી :

(૧) વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયના મકાન માટે કુલ ૧૧ ટેન્ડરો આવ્યાં હતાં. આવેલાં ટેન્ડરો ઉપર સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે, વિજયોર ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડનું રૂા. ૪,૧૯,૦૭૩·૫૦નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, બૉટાનિકલ ગાર્ડનનું સ્થાન ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની પાછળ બૉટની ડિપાર્ટમેન્ટના આયોજિત મકાનની બાજુમાં રાખવું, તથા ત્યાં આપી શકાય એવી હાલ લગભગ ૬ એકર જગ્યા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં કામો માટે ટેન્ડર ભરનાર મેસર્સ શાહ મહેતા કંપની અને માણેકલાલ એમ. દવેના અર્નેસ્ટ મનીના રૂા. ૪,૦૦૦ અને રૂા. ૧,૫૦૦ના ચેક

પાછા ફર્યા છે તે જોતાં સદરહુ કૉન્ટ્રેક્ટરોને હવે પછી યુનિવર્સિટીનું કોઈ કામ સોંપવા માટે પાત્ર ગણવા નહિ, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, સ્થપતિ શ્રી. બી. વી. દોશીએ તૈયાર કરેલા વિજ્ઞાનવિદ્યાભવનના જુદા જુદા વિભાગોનાં મકાનોના આલેખો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. (આ આલેખોમાં વર્કશોપનો સમાવેશ થતો નથી.)

(૫) આથી ઠરાવવામાં આવે છે કે, સ્થપતિ શ્રી. બી. વી. દોશીએ તૈયાર કરેલા વિદ્યાર્થિનીઓ માટેનાં છાત્રાલય, રસોડું અને લેડી સુપરિન્ટેન્ડેન્ટના ફ્લેટ માટેના આલેખો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૬) વિજ્ઞાનભવનનાં મકાનોનાં આર.સી.સી. કામકાજ માટે કોઈક આર.સી.સી. સ્પેશિયાલિસ્ટની જરૂર રહેશે, અને તે માટે સ્થપતિ શ્રી બી. વી. દોશીના સૂચન અનુસાર આર.સી.સી. કામના ખર્ચ ઉપર ૩ ટકા પ્રમાણે મહેનતાણું આપી રાજ અને વકીલની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

૩. બિલ્ડિંગ કમિટીની તા. ૩૦-૧-૧૯૬૧ની સભાની ભલામણ નં. ૬ અને તા. ૭-૨-૧૯૬૧ની સભાની ભલામણ નં. ૬ની વિચારણા સાથે કરવામાં આવી હતી, અને તે પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું:

આથી ઠરાવવામાં આવે છે કે, આરોગ્યકેન્દ્રના મકાન માટેના બાંધકામનો મેસર્સ દલાલ એન્ડ પટેલને આપવામાં આવેલો કૉન્ટ્રેક્ટ, તેમના તા. ૨૫-૧-૧૯૬૧ અને તા. ૨-૨-૧૯૬૧ના પત્રોમાં જણાવેલી શરતોએ રદ કરવો, તથા તે અંગે તેમની સાથે ઘટતું લખાણ કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આરોગ્યકેન્દ્રના મકાનના બાંધકામ માટે નવેસરથી ટેન્ડરો મગાવવાં.

(બિલ્ડિંગ કમિટીની તા. ૩૦-૧-૧૯૬૧ અને તા. ૭-૨-૧૯૬૧ની સભાઓની નોંધની નકલ, આરોગ્યકેન્દ્રના બાંધકામ અંગે સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણાના રિપોર્ટની નકલ, કૉન્ટ્રેક્ટર મેસર્સ દલાલ એન્ડ પટેલના તા. ૨૫-૧-૧૯૬૧ના ખુલાસાની નકલ, શ્રી. જી. કે. પાટીલ, શ્રી. ટી. એ. દેસાઈ અને શ્રી. નંદવાણાના રિપોર્ટની નકલ તથા મેસર્સ દલાલ એન્ડ પટેલના તા. ૨-૨-૧૯૬૧ના પત્રની નકલ **પરિશિષ્ટ "૬-૧"** તરીકે સામેલ છે.)

૧૩૦. કુ. સાવલા ઝવેરી બી.ને જુનિયર બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— કુ. સાવલા ઝવેરી બી.એ મદ્રાસ યુનિવર્સિટીના ત્રણ વર્ષના અભ્યાસક્રમની પ્રથમ વર્ષની (વિજ્ઞાન) કૉલેજે લીધેલી પરીક્ષા પાસ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. સાવલા ઝવેરી બી.ને જુનિયર બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ આપવાની વિનંતી મંજૂર કરવી નહિ, પણ તેમને ચાલુ વર્ષે ઇન્ટરમીડિયેટ સાયન્સની પરીક્ષામાં બાસ કેસ તરીકે બેસવા દેવા માટે પરવાનગી આપવી.

૧૩૧. આયુર્વેદિક મેડિસિનની અભ્યાસસમિતિની તા. ૯-૧-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ, જેને એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩, ૨૪-૧-૧૯૬૧ની સભામાં મંજૂરી આપી છે તે ઉપર વિચારણા કરવા બાબત:

"ભારત સરકારે તૈયાર કરેલો આયુર્વેદનો નવો અભ્યાસક્રમ હજી ભારત સરકારની વિચારણા હેઠળ છે અને તેને અમલમાં આવતાં અનિશ્ચિત સમય લાગે એમ હોવાથી અભ્યાસક્રમ મંજૂર કરવા આ અભ્યાસસમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર સુધારેલા ઑર્ડિનન્સ ૩૪૩, ૩૪૫, ૩૪૭ અને રેગ્યુલેશન ૨૨૨, ૨૨૪, ૨૨૫, ૨૨૭, ૨૨૯ તથા ૨૩૦ મંજૂર કરવા, તથા ત્રણે વર્ષનો સુધારેલો અભ્યાસક્રમ એક સાથે અમલમાં આવે તે રીતે જૂન ૧૯૬૧થી તેમને અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૧૩૨. મેસર્સ. એન. એમ. ત્રિપાઠી સાથે શ્રી. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળાની પહેલી શ્રેણીનાં વ્યાખ્યાનો પુસ્તકાકારે છાપવા માટે કરવાના કરારનામાના મુસદ્દા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો, તથા તે પર ઉપકુલપતિશ્રીને સહી કરવા માટે સત્તા આપવી.

(મંજૂર કરવામાં આવેલા કરારનામાના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ન" તરીકે સામેલ છે.)

૧૩૩. આગામી માર્ચ/એપ્રિલ ૧૯૬૨માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં નિમનાર પ્રાશ્નિક, પરીક્ષક અને મૉડરેટરોને અપાતી સામાન્ય સૂચનાઓ મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચનાઓનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "પ" તરીકે સામેલ છે.)

૧૩૪. ફેકલ્ટી ઑફ ટેકનોલોજી ઍન્ડ એન્જિનિયરિંગની વિદ્યાશાખાની એમ.ઈ. પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ડિસ્ટિંકશન સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને અપાનાર પદવી પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ફ" તરીકે સામેલ છે.)

૧૩૫. નીચેની નિમણૂકોને મંજૂર કરવા અંગે આયુર્વેદ કૉલેજ, જામનગરના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

૧. ડૉ. એસ. બી. શુકલ, પેથોલોજીના પ્રાધ્યાપક

૨. ડૉ. જે. જી. પારેખ, મૉડર્ન ફાર્માકોલોજીના વ્યાખ્યાતા

૩. ડૉ. ડી. જે. મહેતા, મૉડર્ન ફિઝિયોલોજી અને ક્લિનિકસના પ્રાધ્યાપક

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એસ. બી. શુક્લની નિમણૂક મંજૂર કરવી નહિ, પણ તેમને ચાલુ શૈક્ષણિક વર્ષના અંત સુધી કામ કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યને પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ડૉ. જે. જી. પારેખ અને ડૉ. ડી. જે. મહેતાની નિમણૂકો ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવી, તથા તેમની માન્યતા ચાલુ રાખવાના સવાલ અંગે, તે અંગેના નિયમો યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ છે, તે મંજૂર થયેથી, તેમની નિમણૂકોની મંજૂરી માટે ફરીથી લગ્નસ માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૧૩૬. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ગ્રંથપાલ તરીકે કામ કરતા શ્રી. કે. આર. દેસાઈની સિન્ડિકેટે તેની તા. ૨૪/૨૫-૧-૧૯૬૧ની સભામાં બે વર્ષ માટે લંબાવેલ મુદત તા. ૨૦મી માર્ચ ૧૯૬૨ના રોજ પૂરી થતી હોઈ તે અંગે શ્રી. દેસાઈની મુદત લંબાવવાની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલયના ગ્રન્થપાલ શ્રી. ફકીરભાઈ ર. દેસાઈની નિમણૂક તા. ૨૦મી માર્ચ ૧૯૬૨ સુધી લંબાવવી.

૧૩૭. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિભાગમાં કામ કરતા શ્રી. કે. બી. ગોવિંદાણીના અજમાયશી સમય તા. ૨૬-૨-૧૯૬૧ના રોજ પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. સે. ષ્ઠી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. બી. ગોવિંદાણીને વિજ્ઞાનભવનમાં પટાવાળા તરીકે તા. ૨૭-૨-૧૯૬૧થી કાયમ કરવા.

૧૩૮. આગામી પ્રી-યુનિ. વાણિજ્યની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થી શ્રી. દિનેશ વી. શાહને ફરજિયાત અંગ્રેજી, ફરજિયાત હિન્દી અને ગુજરાતીના વિષયોમાં બેસવું આવશ્યક હોવા છતાં તેમને માર્ચ ૧૯૬૧માં કાર્યાલય તરફથી આપવામાં આવેલ ગુણપત્રકમાં 'ફક્ત હિન્દીમાં બેસવાનું રહે છે' તેમ દર્શાવતી ભૂલ થવાને કારણે વિદ્યાર્થીએ તેમને ફક્ત હિન્દીમાં બેસવા દેવા કરેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થી શ્રી. દિનેશ વી. શાહને અપવાદ તરીકે ચાલુ વર્ષે ફક્ત હિન્દીમાં જ બેસવાનું આવશ્યક ગણવું.

બાબત નં. ૧૩૬ની વિચારણા, તા. ૧૨-૨-૧૯૬૧ના રોજ, બાબત નં. ૫૨ અને તે પછીની જોડણી અંગેની બાબતો હાથ ધરવામાં આવી તે પહેલાં કરવામાં આવી હતી, પણ તેને અંગેની નોંધ ક્રમાનુસાર અત્રે આપવામાં આવેલી છે.

૧૩૯. સિન્ડિકેટે તેની તા. ૨૭-૮-૧૯૬૦ની સભામાં નીમેલી નવી કૉલેજોનાં જોડાણો અંગેની સમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી હરાવવામાં આવે છે કે, સદરહુ હેવાલની નોંધ લેવી.

(સદરહુ હેવાલની નકલ **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ન. સિં./૨૩૮૭૨-૮૯/૧૯૬૧.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ.

ક. ચ. પરીખ,
રજિસ્ટ્રાર.

માર્ચ ૨, ૧૯૬૧.
ફાલ્ગુન ૧૧, ૧૮૮૨ (શક).

પરિશિષ્ટ "ક"
ક્રમાંક ક્રમાંક ૬

R. 185:

The Examination for Part II shall be as under:

Branch I — General Medicine and Therapeutics:

Paper I–II — Two papers on subject relating to General Medicine and Therapeutics.

Paper III — Clinical Pathology.

Paper IV — An Essay.

(*N.B.*— Papers I, II and IV will be examined by the Examiners in Medicine and Paper III will be examined by the Examiner in Pathology.)

Branch II — Pathology and Bacteriology:

Paper I — General Medicine.

Paper II }
Paper III } — Pathology and Bacteriology.

Paper IV — An Essay.

Branch III — Obstetrics, Gynaecology and diseases of the new born:

Paper I — Medicine and Surgery in relation to Obstetrics and Gynaecology.

Paper II — Midwifery and diseases of the new born including Pathology.

Paper III — Gynaecology including Pathology.

Paper IV — An Essay.

(*N.B.*— All the above papers will be examined by the Examiners in M.D., Midwifery and Gynaecology.)

Branch IV — Pharmacology :

Paper I — General Medicine.

Paper II–III — Theoretical and experimental aspects of Pharmacology, Toxicology including Bio-assay, Chemical Pharmacology, etc.

and

Applied Pharmacology and Therapeutics including Physio-therapeutics, Immuno-therapeutics, etc.

Paper IV — An Essay.

Branch V — Paediatrics :

Paper I — General Medicine.

Paper II — Diseases of Children, Development, Psychology and Child Welfare.

Paper III — Diseases of Children, one section in Paper II will be devoted to Paediatrics–Pathology.

Paper IV — An Essay.

Branch VI — Tuberculosis :

Papar I — General Medicine.

Paper II — Medical aspects of Tuberculosis, Public Health aspects of Tuberculosis.

Paper III — Surgical aspects of Tuberculosis.

Paper IV — An Essay.

The paper in General Medicine in Branches II, IV, V and VI will be a common paper drawn by Examiners in General Medicine and examined by them. Candidates who have already passed in General Medicine and Therapeutics — Branch I, will be exempted from this common paper of Branches II, IV, V & VI.

The other papers in the Branches will be drawn by Examiners in the particular subjects.

(*Note.*— 1. In all branches, there shall be clinical, practical and oral examination.

2. The Essay in all the branches shall cover subjects of speciality including the history of the branch concerned. Optional themes shall be given for the Essay.

3. Each paper shall be of three hours' duration.

4. The Examiners appointed for the M.D. Examination in Part II shall have the power to refer any of the failed candidates for one year.)

R. 188 :

The Examination for Part II shall be as under:

Branch I — General Surgery:

Papers I–III — General Surgery (including Surgical Pathology).

Paper IV — An Essay.

Branch II — Oto-rhino-laryngology:

Paper I — General Surgery.

Papers II & III — Surgery and Pathology of the speciality (Oto-rhino-laryngology).

Paper IV — An Essay.

Branch III — Orthopaedics:

Paper I — General Surgery.

Papers II & III — Surgery and Pathology as the speciality (Orthopaedics).

Paper IV — An Essay.

Paper I in Branches II and III will be set and examined by the Examiners in General Surgery. Candidates who have already passed in General Surgery, Branch I, will be exempted from this common paper of Branches II and III.

Branch IV — Ophthalmology:

Papers I & II — Ophthalmic Medicine, Surgery, Optics and Pathology.

Paper III — The relation of Ophthalmology to General Medicine and Surgery.

Paper IV — An Essay.

All the papers will be set and examined by the Examiners of the specialities.

(*Note.*— 1. In all branches, there shall be Clinical, Practical and Oral examination.

2. The essay in all branches will cover subject of the speciality including history of the branch concerned. Optional themes shall be given for the Essay.

3. Each paper shall be of three hours' duration.

4. The Examiners appointed for the M.S. Examination in Part II shall have the power to refer any of the failed candidates for one year.)

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૭

UNIVERSITY GRANTS COMMISSION

Subject.—Three-year Degree Courses : Estimates of expenditure for the colleges affiliated to the Gujarat University.

Tour Report of Dr. H. C. Gupta

The Gujarat University was visited on 5-12-1960. The following were present for discussion :

1. Mr. M. D. Rajpal, Director of Education, Gujarat
2. Mr. H. K. Solanki, Under-Secretary, Education Department, Gujarat
3. Mr. K. C. Parikh, Registrar, Gujarat University
4. Mr. J. M. Mehta, Deputy Registrar, Gujarat University
5. Mr. S. P. Medh, Assistant Registrar, Gujarat University
6. Dr. H. C. Gupta, Education Officer, University Grants Commission.

At the outset, Shri K. C. Parikh, Registrar, Gujarat University, clarified that it was an informal meeting, and that whilst the discussions will be most helpful, they will be of an exploratory character in as-much as the sanction of the appropriate authorities of the University for the scheme of the Three-year Degree Courses would be essential. Shri M. D. Rajpal, Director of Education, also clarified on behalf of the State Government that the discussions would also be subject to the approval of the State Government.

The main items for discussion were :

(*a*) Classification of Colleges affiliated to the Gujarat University according to type;

(*b*) The present position of the scheme;

(*c*) An estimate of the expenditure admissible for introducing the scheme in the Third Five Year Plan.

(*d*) The phasing of the programme; and

(*e*) Procedure for payment of grants, accounting certification, etc. and supervision.

(*a*) Classification of Colleges :

The Gujarat University has 46 Colleges affiliated to it at present. Another 12 will be given affiliation by June, 1961. Thus the number of Colleges to be covered under the scheme will, therefore, be 58 of which 57 are Degree Colleges and one Intermediate College. Table I below shows the type of courses offered by them :

TABLE I

Number of Colleges by Management & Type

Management	*Type*	*Colleges in existence*	*Colleges to be started from June 1961*	*Total*
Government ...	B.Com.	1	—	1
	B.A. & B.Sc.	8	—	8
	Total	9		9
Non-Government ...	I.A. & I.Sc.	1	—	1
	B.A.	11	5	16
	B.Com.	6	2	8
	B.A. & B.Com.	2	2	4
	B.Sc.	2	—	2
	B.A. & B.Sc.	15	3	18
		37	12	49
	Grand Total ...	46	12	58

The list of Colleges affiliated to the University is also enclosed (Enclosure 'A').

(*b*) Present Position :

The Gujarat University has not yet introduced the Three-year Degree Course. The new pattern of collegiate education will be introduced only from June 1962, and the period 1961–62 will be used mainly for preparation. For a few years thereafter the University will have to conduct the Pre-University as well as Intermediate Examinations.

Shri M. D. Rajpal, Director of Education, Gujarat State, stated that the State Government has not yet taken any decision for upgrading the Secondary Schools due to two factors : (*i*) non-availability of funds, and (*ii*) the duration of school education is already 11 years for matriculation. There are about 900–1000 High Schools in the State of Gujarat and it would require about Rupees 6 crores to upgrade them, while the actual amount provided for the purpose is only Rupees 30 lakhs approximately. Adequate financial provision will, therefore, have to be made if the scheme is to be implemented effectively.

(*c*) Estimate of Expenditure :

The number of Colleges entitled to assistance under the scheme is given in Table I. On the basis of the recommendations of the First Deshmukh Committee, the expenditure for introducing the Course in the 58 Colleges will be as given below in Tables II–A and II–B :

TABLE II–A

Estimates of Expenditure : Government & Non-Government Colleges

	Recurring Rs.	*Non-recurring* Rs.	*Total* Rs.
Government ..	10,60,000	12,75,000	23,35,000
Non-Government ..	54,40,000	52,50,000	1,06,90,000
	65,00,000	65,25,000	1,30,25,000

TABLE II–B

Estimate of Expenditure by Type & Management

Type	Government			Non-Government		
	No. of Colleges	*Recurring* Rs.	*Non-recurring* Rs.	*No. of Colleges*	*Recurring* Rs.	*Non-recurring* Rs.
I.A. & I.Sc.	—	—	—	1	70,000	3,00,000
B.A. or B.Sc. or B.Com.	1	25,000	75,000	30	7,50,000	22,50,000
B.A. & B.Sc.	8	2,40,000	12,00,000	18	5,40,000	27,00,000
Total	9	2,65,000	12,75,000	49	13,60,000	52,50,000
		or Rs. 10,60,000 for four years.			or Rs. 54,40,000 for four years.	

Thus the total amount admissible to the Colleges of the Gujarat University works out to Rs. 1,30,25,000·00. According to the sharing pattern laid down by the Deshmukh Committee and accepted by the Commission, the share of the Commission will be Rs. 65,12,500·00 at 50% during the years 1961–66. The State Government and the Private managements together will have to find the remaining sum of Rs. 65,12,500·00. At this stage, Shri Rajpal, the Director of Education, clarified that while the State Government would be called upon to pay the full 50% for the Government Colleges, no decision regarding the extent of assistance to be given to the private colleges had yet been taken by the State Government. On the basis, however, that the private managements would find an equal amount, it was estimated that the share of the State Government would be Rs. 38,40,000·00 and that of the Private managements Rs. 26,72,500·00.

It is probable that the entire amount for recurring grants will not be spent by the University in any given year or even during the Third Five Year Plan period. These estimates may, therefore, be taken as indicative of the ceilings rather than the actuals that may be required by the University for implementing the scheme in the Colleges. The release of the central share of recurring grant may, therefore, be based on Rs. 50 lakhs only.

(*d*) Phasing :

It is, therefore, proposed that the programme may be phased over the Third Five Year Plan period as follows :

	Non-recurring	*Recurring*
1961–62	50%	—
1962–63	50%	25%
1963–64	—	25%
1964–65	—	25%
1965–66	—	25%

Accordingly, the amount required for each year works out as under :

	Non-recurring	*Recurring*
1961–62	32,62,500	—
1962–63	32,62,500	10,00,000
1963–64	—	12,00,000
1964–65	—	13,00,000
1965–66	—	15,00,000
	65,25,000	50,00,000

(*e*) Procedure for payments of grants and certifications :

The Commission will make the grants only to the Gujarat University which, in turn, will distribute the grants to the Colleges according to their needs. A Committee consisting of two representatives, one each from the State Government and the University, will be constituted to facilitate the implementation of the Three-year Degree Course Scheme in the Colleges and to exercise proper supervision.

The University shall be responsible for proper accounting of the grants provided by the Commission and shall certify that the expenditure was incurred by the Colleges for implementing the Three-year Degree Course Scheme only.

It was suggested to the University that the accounts should be open to audit by Auditor-General, Gujarat, in view of the fact that the State will also be making grants for the purpose.

It was further agreed that the Colleges may be paid grants in advance and the final adjustment made on the basis of Auditor's certificate.

It was agreed that the amount spent by the State Government and the private managements on the Scheme since 1959–60 may be adjusted against their share of non-recurring expenditure.

It was brought to the notice of all concerned that the College affiliated after June 1962 would not be entitled to any assistance under the Three-year Degree Course Scheme, but the development of facilities for Science courses may be assisted under a new scheme included in the Third Five Year Plan for the purpose.

It was also emphasised that the Colleges which have very low enrolment will not be assisted immediately but could be brought within the purview of the scheme after the enrolment goes up to a reasonable figure.

પરિશિષ્ટ "ગ"
કામકાજ નં. ૧૦

માર્ચ/એપ્રિલ ૧૯૬૦ તેમ જ ઑક્ટોબર ૧૯૬૦માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન નિરીક્ષકો, પ્રાશ્નિકો, પરીક્ષકો તેમ જ કાર્યાલયના સભ્યોની થયેલી ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરી સિન્ડિકેટને અહેવાલ સુપરત કરવા માટે સિન્ડિકેટે નીમેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની સભા મંગળવાર, તા. ૧૭-૧-૧૯૬૧ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર દેસાઈ	ગેરહાજર
૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૪. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૫. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. એલ. આર. દેસાઈ એ લીધું હતું.

તા. ૧૬-૧૧-૧૯૬૦ના રોજ મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની બેઠકના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

તા. ૧૭-૧-૧૯૬૧ની સદરહુ સમિતિની સભા સમક્ષના કામકાજને લગતા સંબંધકર્તા બધા કાગળો રજૂ કરવામાં આવ્યા હતા.

પ્રત્યેક કેસના કાગળો જોઈતપાસીને તથા તે અંગે વીગતે ચર્ચાવિચારણા કરીને આ સમિતિ સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરે છે :

૧. બી.કૉમ., એપ્રિલ ૧૯૬૦ : પરીક્ષક શ્રી. સી. આર. લાખિયાની ભૂલ બાબત.

માર્ચ-એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.કૉમ.ની પરીક્ષાના એકાઉન્ટિંગ અને ઑડિટિંગ વિષયના ગુણપત્રકમાં વિદ્યાર્થી નં. ૨૩૫ તેમ જ બીજા કેટલાક વિદ્યાર્થીઓના ગુણ મૂકવામાં થયેલ ભૂલ બાબત સદરહુ વિષયના પ્રાશ્નિક અને પરીક્ષક મંડળના અધ્યક્ષ શ્રી. સી. આર. લાખિયાના મહેનતાણામાંથી રૂા. ૧૦ કાપવા અને ચેરમેન કે કન્વીનર તરીકે કોઈ મહેનતાણું આપવામાં આવ્યું હોય તો તે કાપી લેવું અને વધુમાં સમિતિ ભલામણ કરે છે કે તેમને પાંચ વર્ષ સુધી યુનિવર્સિટીની કોઈ પરીક્ષામાં પ્રાશ્નિક કે પરીક્ષક તરીકે નીમવા નહિ.

સદરહુ વિષયનાં ગુણપત્રકોમાંથી ગુણ પરિણામપત્રકમાં ગુણપત્રક ચેક કર્યા વિના ઉતારવા થયેલ ભૂલ બાબત, તપાસ કરી તે અંગે અહેવાલ હવે પછીની સદરહુ સમિતિ સમક્ષ શ્રી. રજિસ્ટ્રારે મૂકવો એમ ઠરાવવામાં આવ્યું.

૨. બી.એ., એપ્રિલ ૧૯૬૦ : પરીક્ષક શ્રી. એન. બી. નાયકની ભૂલ બાબત.

એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૧૨૯ના ઇકોનોમિક હિસ્ટરી વિષયના પ્રશ્નપત્ર ૧ અને પ્રશ્નપત્ર ૨ના ગુણનો સરવાળો ગુણપત્રકમાં ખોટો દર્શાવવા અંગે પરીક્ષક શ્રી. એન. બી. નાયકના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૩. પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિનયન, માર્ચ ૧૯૬૦ : પરીક્ષક શ્રીમતી ઉર્વશી જે. સુરતીની ભૂલ બાબત.

સને ૧૯૬૦ના માર્ચ માસમાં લેવાયેલ પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૯૪૭ની હિંદી વિષયની ઉત્તરવહીમાં સવાલ નં. ૪નો પેટાવિભાગ તપાસવાનો રહી જવા અંગે સદરહુ વિષયના પરીક્ષક શ્રીમતી ઉર્વશી જે. સુરતીના મહેનતાણામાંથી રૂા. ૧૦ કાપવા.

૪. ત્રીજી એમ.બી., બી.એસ., ઑકટોબર ૧૯૬૦ : પ્રાશ્નિક ડૉ. એમ. ડી. દેસાઈની ભૂલ બાબત.

ઑકટોબર ૧૯૬૦માં લેવાયેલ ત્રીજી એમ.બી., બી.એસ.ની જૂના અને નવા અભ્યાસક્રમની પરીક્ષાના સર્જરી વિષયના પ્રશ્નપત્ર ૧ અને ૨ની મૂળ હસ્તપ્રત ઉપર પ્રાશ્નિક ડૉ. એમ. ડી. દેસાઈથી સહી કરવાની રહી ગયેલ તે બાબતની નોંધ લેવી તથા ભવિષ્યમાં તે બાબતમાં કાળજી રાખવા જણાવવું.

૫. એમ. ડી., બ્રાન્ચ ત્રણ, વિભાગ ૧ અને ૨, ઑકટોબર ૧૯૬૦ : પ્રાશ્નિક ડૉ. એચ. વી. ટિળકની ભૂલ બાબત.

ઑકટોબર ૧૯૬૦માં લેવાયેલ એમ.ડી., બ્રાન્ચ ૩, વિભાગ ૧ના એપ્લાઇડ ઍનેટોમી તથા ફિઝિયોલોજીના પ્રશ્નપત્રની મૂળ હસ્તપ્રત ઉપર તેમજ વિભાગ ૨ના પ્રશ્નપત્ર ૧, ૨, ૩ અને ૪ની હસ્તપ્રત ઉપર પ્રાશ્નિક ડૉ. એચ. વી. ટિળકથી સહી કરવાની રહી ગયેલ તે બાબતની નોંધ લેવી, તથા ભવિષ્યમાં તે બાબતમાં કાળજી રાખવા તેમને જણાવવું.

૬. બીજી એમ.બી., બી.એસ., ઑકટોબર ૧૯૬૦ : પ્રાશ્નિક ડૉ. એમ. એન. ઝિંદાલની ભૂલ બાબત.

ઑકટોબર ૧૯૬૦માં લેવાયેલ બીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષાના ફાર્મેકોલોજી અને મટિરિયા મેડિકાના પ્રશ્નપત્રની અમદાવાદ કેન્દ્ર માટેની મૂળ હસ્તપ્રત ઉપર પ્રાશ્નિક ડૉ. એમ. એન. ઝિંદાલથી સહી કરવાની રહી ગયેલ તે બાબતની નોંધ લેવી તથા ભવિષ્યમાં કાળજી રાખવા તેમને જણાવવું.

૭. બીજી બી.એ.એમ.એસ., ઑકટોબર ૧૯૬૦ : પ્રૂફરીડર શ્રી. ઓ. કે. ભટ્ટની રસશાસ્ત્ર વિષયના પ્રશ્નપત્રમાં રહેલ ભૂલ બાબત.

ઑકટોબર ૧૯૬૦માં લેવાયેલ બીજી બી.એ.એમ.એસ. પરીક્ષાના રસશાસ્ત્ર વિષયના જામનગર કેન્દ્ર ઉપર છપાયેલ પ્રશ્નપત્રમાં વિભાગ બીજો દર્શાવવાનો રહી જવા બદલ સદરહુ પ્રશ્નપત્રનું પ્રૂફ વાંચનાર શ્રી. ઓ. કે. ભટ્ટના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૮. પ્રથમ બી.એ.એમ.એસ., ઑક્ટોબર ૧૯૬૦ : પ્રૂફરીડર શ્રી. વી. પી. ભટ્ટની સ્વસ્થવૃત્ત વિષયના પ્રશ્નપત્રમાં રહેલ ભૂલ બાબત.

ઑક્ટોબર ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ બી.એ.એમ.એસ. પરીક્ષાના સ્વસ્થવૃત્ત વિષયના જામનગર કેન્દ્રના પ્રશ્નપત્રમાં વિભાગ અને સમય દર્શાવવામાં થયેલ ભૂલ બદલ સદરહુ પ્રશ્નપત્રનું પ્રૂફ વાંચનાર શ્રી. વી. પી. ભટ્ટના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૯. શ્રી. આર. પી. દવે : પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિનયન માર્ચ ૧૯૬૦ : વિદ્યાર્થી નંબર ૨૦૦૯ની મુક્તિ દર્શાવવાની રહી જવાની ભૂલ બાબત.

માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૦૦૯ને સદરહુ પરીક્ષામાં માર્ચ ૧૯૫૯માં "ભારતના રાજ્યબંધારણ"ના વિષયમાં મળેલ મુક્તિ (Exemption) તેના આવેદનપત્રમાં દર્શાવેલ નહિ પણ પાછળથી વિદ્યાર્થીએ અરજી કરતાં સદરહુ વિષયમાં મુક્તિ રાખવા દેવા અંગેની મે. વાઇસ-ચાન્સેલર સાહેબે મંજૂરી આપતાં સદરહુ વિનંતી વિદ્યાર્થીનું પરિણામ સુધારી તેને દ્વિતીય વર્ષ વિનયનનાં સત્રો ભરવાનો લાભ આપવાને બદલે તેને જાહેરનામા નં. ૧૦૫થી પાસ જાહેર કરેલ, જે રદ કરી પાછળથી જાહેરનામા નં. ૧૦૯થી તેને દ્વિતીય વર્ષનાં સત્રો ભરવાનો લાભ આપેલ. આ ભૂલ બદલ કર્મચારી શ્રી. આર. પી. દવેને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજીપૂર્વક કામ કરવા માટે જણાવવું.

૧૦. શ્રી. કે. ટી. ચાંલ્લાવાળા તથા શ્રી. જે. વી. શુક્લ : બીજી એમ.બી., બી.એસ. પરીક્ષા, એપ્રિલ ૧૯૬૦.

એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૦૮ના પરિણામપત્રકમાં પૅથોલોજી વિષયમાં મુક્તિ દર્શાવવાની રહી જવા અંગેની ભૂલ બાબતમાં કાર્યાલયના કર્મચારીઓ શ્રી. કે. ટી. ચાંલ્લાવાળા તેમ જ શ્રી. જે. વી. શુક્લને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજીપૂર્વક કામ કરવા માટે જણાવવું.

૧૧. લૅાપ્રિલિમિનરી, ઑક્ટોબર ૧૯૬૦ : પરીક્ષક શ્રી. કે. એમ. છાયા તેમ જ શ્રી. ડી. વી. ચિત્રે તરફથી સમયસર ગુણપત્રકો નહિ મળવા બાબત.

ઑક્ટોબર ૧૯૬૦માં લેવાયેલ લૅાપ્રિલિમિનરી પરીક્ષાનાં ગુણપત્રકો, અધ્યક્ષ શ્રી. કે. એમ. છાયા મુકરર તારીખ સુધીમાં કાર્યાલયમાં મોકલાવી શકેલ નહિ તે અંગે તેમનો તેમ જ તેમના સહપરીક્ષક પ્રૉ. ડી. વી. ચિત્રે તરફથી આવેલ ખુલાસા જોતાં આ બાબતની નોંધ લેવાનું ઠરાવ્યું.

૧૨. બીજી એમ.બી., બી.એસ. ઑક્ટોબર ૧૯૬૦ : પ્રાશ્નિક ડૉ. આર. એમ. ઝાલાની ભૂલ બાબત.

ઑક્ટોબર ૧૯૬૦માં લેવાયેલ બીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષાના ફૉરેન્સિક મેડિસિનના પ્રશ્નપત્રની મૂળ હસ્તપ્રતમાં વિદ્યાર્થીઓને બન્ને વિભાગોના ઉત્તરો જુદી જુદી ઉત્તરવહીમાં બાંધવાની સૂચના આપવાની રહી જવા અંગેની ભૂલ બાબતમાં પ્રાશ્નિકના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૧૩. પ્રથમ એલએલ.બી.ની પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૦ : અમદાવાદ કેન્દ્ર ઉપર લૉ ઑફ કૉન્ટ્રેક્ટના પ્રશ્નપત્રનું પ્રૂફ વાંચવામાં થયેલ ભૂલ બાબત.

ઑક્ટોબર ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ એલએલ.બી.ની પરીક્ષાના લૉ ઑફ કૉન્ટ્રેક્ટના અમદાવાદ કેન્દ્ર પર છપાયેલા પ્રશ્નપત્રમાં રહેલી ભૂલ અંગે સદરહુ પ્રશ્નપત્રનું પ્રૂફ વાંચનાર ડૉ. વાય. જી. નાયકના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૧૪. બીજી એલએલ.બી.ની પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૦ : અમદાવાદ કેન્દ્ર ઉપર મોહમેડન લૉના વિષયના પ્રશ્નપત્રનું પ્રૂફ વાંચવામાં થયેલ ભૂલ બાબત.

ઑક્ટોબર ૧૯૬૦માં લેવાયેલ બીજી એલએલ.બી.ની પરીક્ષાના મોહમેડન લૉ વિષયના અમદાવાદ કેન્દ્ર ઉપર છપાયેલા પ્રશ્નપત્રમાં રહેલી ભૂલ અંગે સદરહુ પ્રશ્નપત્રનું પ્રૂફ વાંચનાર આચાર્ય એમ. એસ. પંડિતના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૧૫. પ્રથમ વર્ષ વિનયન, એપ્રિલ ૧૯૬૦માં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૫૩૧ને તેના પરિણામ બાબતમાં ખોટો જવાબ આપવાની થયેલ ભૂલ બાબત.

એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૫૩૧ને તે સદરહુ પરીક્ષામાં નાપાસ થતા હોવા છતાં કર્મચારી શ્રી. બી. આર. શાહની વિદ્યાર્થીના પત્ર ઉપરની નોંધને આધાર ગણી વિદ્યાર્થીને તેને ઉપલા વર્ગનાં સત્રો ભરવાનો લાભ મળે છે તેવો ખોટો જવાબ આપવા અંગે કાર્યાલય નિયામક (પરીક્ષા) શ્રી. એસ. વી. શાસ્ત્રીને તેમ જ પરીક્ષા "અ" વિભાગના કર્મચારી શ્રી. બી. આર. શાહને તાકીદ આપવી અને ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે માટે વધુ કાળજી રાખવા જણાવવું.

૧૬. દ્વિતીય વર્ષ વિનયન પરીક્ષા માર્ચ ૧૯૬૦: વિદ્યાર્થી નં. ૪૨૯૧ના લૉજિક તેમ જ સોશિયોલોજી વિષયમાં મુક્તિ દર્શાવવી રહી જવા બાબત.

માર્ચ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૨૯૧ને લૉજિક અને સોશિયોલોજી વિષયમાં મુક્તિ આપવામાં આવી હતી, તેની નોંધ પરિણામપત્રકમાં કરવા બાબત કાર્યાલયના કર્મચારી શ્રી. કે. બી. શાહને તાકીદ આપવી અને ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે માટે સંપૂર્ણ કાળજી રાખવા જણાવવું.

૧૭. ત્રીજી એમ.બી., બી.એસ., ઑક્ટોબર ૧૯૬૦ની જૂના અભ્યાસક્રમ મુજબ લેવાયેલ પરીક્ષાના "મિડવાઇફરી અને ગાયનેકોલોજી" વિષયના વિભાગ ૧ની વિદ્યાર્થી નં. ૧ અને ૮ની ઉત્તરવહીઓ અમદાવાદ કેન્દ્ર ઉપરથી મુખ્ય નિરીક્ષકે મોકલાવેલ, જે પરીક્ષક ડૉ. અજીંકયાને મળી ન હતી, તેથી સદરહુ વિદ્યાર્થીઓની આ વિભાગની ફરી પરીક્ષા લેવી પડેલી. આ બાબતમાં પરીક્ષક ડૉ. અજીંકયા, મુખ્ય નિરીક્ષક ડૉ. મિશ્રા તેમ જ ફેકલ્ટીટમ શ્રીમતી પ્રધાનના ખુલાસાઓ જોતાં આ બાબતની નોંધ લેવી.

વધુમાં સૂચવવામાં આવે છે કે, કેન્દ્ર ઉપરથી જુનિયર સુપરવાઇઝરના રિપોર્ટની એક નકલ પરીક્ષકને જુદી ટપાલ દ્વારા પણ મોકલવી અને પરીક્ષકને સૂચના આપવી કે આ રિપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે ઉત્તર-વહીઓ મળી છે કે નહિ તે ચકાસી તે અંગેની પહોંચ યુનિવર્સિટી કાર્યાલયને તાકીદે મોકલી આપવી.

૧૮. ત્રીજી એમ.બી., બી.એસ., ઑક્ટોબર ૧૯૬૦ : વિદ્યાર્થી નં. ૧૭૨ની મેડિસિન વિષયની ઉત્તરવહીની ગુણચકાસણી કરતાં માલૂમ પડેલ ભૂલ બાબત.

ઑક્ટોબર ૧૯૬૦માં લેવાયેલ આ યુનિવર્સિટીની ત્રીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષાના વિદ્યાર્થી નં. ૧૭૨ની મેડિસિનના વિષયની ઉત્તરવહીના મુખપૃષ્ઠ ઉપર સવાલ નં. ૧ અને ૨નો સરવાળો ખોટો મૂકવા બાબત પરીક્ષક ડૉ. નરેન્દ્ર એચ. દેસાઈના મહેનતાણામાંથી રૂા. ૫ કાપવા.

૧૯. બીજી એલએલ.બી. ઑક્ટોબર ૧૯૬૦ નં. ૧૫૨ના કેસ અંગેની વિચારણા આ સભાની આગામી સમિતિ ઉપર મુલતવી રાખવામાં આવી.

ત્યાર બાદ સભાનું કામ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ હેમાંક ૨૩

સ્થાયી સમિતિની તા. ૨૮–૧૦–૧૯૬૦ના રોજ મળેલી સભાની ભલામણો

૧. યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક કર્મચારીઓની આવેલી તા. ૨૪–૮–૧૯૬૦ની અરજી ઉપર વિચારણા કરવામાં આવી અને નીચે પ્રમાણે મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

સિન્ડિકેટે તેની તા. ૭–૯–૧૯૫૮ની સભામાં ઠરાવ્યું હતું કે, સિન્ડિકેટે મંજૂર કરેલ પગારધોરણના અમલ કરતાં જે કર્મચારીઓના પગાર, પગારધોરણમાં બે પગથિયાં વચ્ચે આવતો હોય તેઓને પગારધોરણ નીચેનો પગાર આપવો અને ઉપરની રકમ અંગત પગાર (Personal pay) ગણીને ભવિષ્યના વધારા કે વધારાઓમાં ગણી લેવી:

(ક) આ સમિતિ ઉપરના ઠરાવની પુનર્વિચારણા કરીને સિન્ડિકેટને આ બાબતમાં ભલામણ કરે છે કે, જે કર્મચારીઓનો પગાર, સુધારેલા પગારધોરણને કારણે તા. ૧–૭–૧૯૫૭ના રોજ તે પગાર-ધોરણનાં બે પગથિયાં (Stages)ની વચ્ચે આવ્યો હોય તેમને ઉચ્ચક વધારો આપીને ઉપરનાં પગથિયાં (Higher stage) પર મૂકવા.

(ખ) વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ઉપર (૧) પ્રમાણેનો લાભ આપ્યા પછી જ એક જ કક્ષા (Cadre)ના કોઈ જુનિ. કર્મચારીને પગારવધારાની તારીખ સીનિયર કર્મચારીના પગારવધારાની તારીખ પહેલાં આવતી હોય અને તેથી તે જુનિયર કર્મચારીઓનો પગાર સીનિયર કર્મચારીઓના પગાર કરતાં વધી જતો હોય તો સીનિયર કર્મચારીઓનો પગારવધારો જુનિયર કર્મચારીના પગારવધારાની તારીખે આપવો, અને તે પછી તે તારીખ પ્રમાણે ભવિષ્યના વાર્ષિક પગારવધારા ગણવાનું રાખવું.

(ગ) ઉપરની બાબતો સિવાયની બીજી માગણીઓ નામંજૂર કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે ભાષાંતરકારની એક જગ્યા યુનિવર્સિટી કાર્યાલય માટે રૂા. ૨૦૦–૧૦–૪૦૦ના પગારધોરણમાં ઊભી કરવા અને તે માટેની લાયકાત નીચે પ્રમાણે રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી:

"M.A. with English and Gujarati and experience of translation to be considered as an additional qualification."

૩. સિન્ડિકેટની તારીખ ૧–૧૦–૧૯૬૦ની સભાના ઠરાવ પ્રમાણે નીચેના સભ્યોના પગારવધારાની અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત :

૧. શ્રી. પી. ડી. પાઠક, રીડર ઇન ફિઝિક્સ;
૨. શ્રી. કે. એમ. કોટડિયા, રીડર ઇન ફિઝિક્સ;
૩. ડૉ. કે. એ. ઠાકર, રીડર ઇન કેમિસ્ટ્રી;
૪. શ્રી. એસ. આર. પટેલ, લેક્ચરર ઇન કેમિસ્ટ્રી.

સદરહુ માગણીઓ અંગે ઝીણવટથી વિગતો તપાસવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. પી. ડી. પાઠક, શ્રી. કે. એમ. કોટડિયા, ડૉ. કે. એ. ઠાકર તથા શ્રી. એસ. આર. પટેલની પગારવધારાની માગણી સ્વીકારવી નહિ.

૪. કાર્યાલય નિયામક શ્રી. જી. એ. દેસાઈને, તેમને એક્સ્ટ્રાઓર્ડિનરીનું ભથ્થું ચાલુ રાખવા અંગેની તા. ૮–૧૦–૧૯૫૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

એક્સ્ટ્રાઓર્ડિનરી પ્રવૃત્તિઓના કામકાજ અંગે પોતાને પહેલાં અપાતું ભથ્થું ચાલુ રાખવાની કાર્યાલય નિયામક શ્રી. જી. એ. દેસાઈની અરજી બાબતનો નિર્ણય સિન્ડિકેટ લે તેમ આ સમિતિ માને છે.

૫. યુનિવર્સિટી છાત્રાલય માટે એક વધુ સફાઈ કામદારની નવી જગા ઊભી કરવા માટેના શ્રી. રેક્ટરના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી છાત્રાલય માટે એક વધારાની સફાઈ કામદારની જગા ઊભી કરવાનું મંજૂર કરવું.

૬. યુનિવર્સિટીનાં મકાનોની દેખભાળ અંગેના એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીનાં મકાનોની દેખભાળ અંગેના એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટના રિપોર્ટ ઉપર વિચારણા કરવામાં આવી હતી અને ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે, નીચેની વધારાની સફાઈ કામદારની જગાઓ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. યુનિવર્સિટી કાર્યાલય માટે : ૩ (આ સમિતિએ તેની તા. ૧૨–૧૦–૧૯૬૦ની સભામાં ભલામણ કરેલ એક જગાનો આમાં સમાવેશ થાય છે.)
૨. સમાજ વિદ્યાભવન માટે : ૧

૭. યુનિવર્સિટી કાર્યાલય માટે પ્લમ્બરની એક જગા ઊભી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય માટે Plumber-cum-Watermanની એક જગા રૂા. ૬૦–૪–૧૦૦ના પગારધોરણમાં મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

અમદાવાદ–૯.
૩૦મી ડિસેમ્બર, ૧૯૬૦.

કં. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૨૪

સ્થાયી સમિતિની તા. ૧૯-૧૨-૧૯૬૦ના રોજ મળેલી સભાની ભલામણો

સ્ટાફ અંગેના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા, તા. ૧૯-૧૨-૧૯૬૦ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે, યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. કં. ચં. પરીખ, મહામાત્ર	હાજર

૧. સિન્ડિકેટની તા. ૩-૧૨-૧૯૬૦ની સભાના ઠરાવ મુજબ આ સમિતિની નીચેની ભલામણો પર પુનર્વિચારણા કરવા બાબત :

સિન્ડિકેટનો ઠરાવ

"સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૮-૧૦-૧૯૬૦ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો સમિતિને પુનર્વિચારણા માટે પાછી મોકલવાનું ઠરાવવામાં આવ્યું :

(**નોંધ.**—પુનર્વિચારણા કરતી વખતે નીચેના મુદ્દાઓ લક્ષમાં લેવાનું સૂચવવામાં આવ્યું હતું :

૧. શ્રી રજિસ્ટ્રારની જગ્યાના પગારધોરણની વિચારણા સમિતિએ કરી નથી.

૨. ગ્રંથપાલની જગ્યાના પગારધોરણ બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કરેલ સૂચન બાબત.)

સમિતિની તા. ૨૮-૧૦-૧૯૬૦ની સભાની ભલામણો

૧-ખ. ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલના ચુકાદાને પરિણામે કાર્યાલયના નીચેના વર્ગના સભ્યોના પગારધોરણમાં સુધારો થયો છે તેને અનુલક્ષીને કાર્યાલયના ઉપરના વર્ગના સભ્યોના પગારધોરણમાં સુધારો કરવો કે કેમ, અને કરવો તો કેટલો, તે બાબત.

૧–ગ. જૉઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૯–૧–૧૯૫૮ની પૂનામાં મળેલી સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

To assess the need for additional facilities the Committee decided to collect figures of enrolments, available seats, and the number of students passing the S.S.C. Examination in different important centres and district-wise in the Gujarat University area. The Kaira and Baroda Districts are not typical since there is a University in each of these districts and enrolments of colleges affiliated to the Gujarat University from these Districts, therefore, represent only a partial picture.

A study has been made based on the queries which were put to all the colleges in the region. The total number of seats which are shown by the College as being available in the combined Arts and Science Colleges often exceed the permissible maximum of 1500, because the colleges wish to keep a certain flexibility in allotting divisions between Arts and Sciences to satisfy needs from time to time. In many colleges which have been recently started, initially only one or two divisions have been set up. Barring a few exceptions, where the numbers are restricted on an educational principle, in most colleges the limitation on the number of divisions is due to the short-fall of enrolments. The typical pattern in the University is for a college to start as an Intermediate Arts or sometimes as an Intermediate Arts and Science College and then to grow till it reaches a maximum figure of 1500 as permitted by the University. Thereafter, with further growth, a bifurcation of a college takes place, wherever there is need for more enrolments.

If we take the number of divisions as indicated in the replies of the colleges, the number of vacant seats in the 3 faculties is as indicated in the table, printed on page 27.

Faculty	Total available Seats				Total enrolment in 1959-1960				Vacant Seats			
	F.Y.	Inter	Degree	Total	F.Y.	Inter	Degree	Total	F.Y.	Inter	Degree	Total
Arts ..	7810	6110	6865	20785	5910	4075	5046	15031	1900	2035	1819	5754
Science ..	5350	4395	2635	12380	4118	2739	2025	8882	1232	1656	610	3498
Commerce ..	2750	1980	1870	6600	1876	1111	1414	4401	0874	869	456	2199
Grand Total..	15910	12485	11370	39765	11904	7925	8485	28314	4006	4560	2885	11451

However, in the context of the general trend of growth of Colleges, we consider that a more realistic basis is to consider vacant seats in terms of Colleges of 1500 students. In calculating the vacant seats on this basis, adjustment has been made in the figures given by Colleges as follows :

(1) Taking the University area as a whole, it has been determined how many students are enrolled in the First Year, the Second Year and in the Degree Courses in each Faculty;

(2) From the relative weightage between the various stages, an average distribution of divisions has been estimated separately for colleges of a single faculty and those covering two Faculties.

(3) It is then assumed that the total number of seats which would be available would be 1500 in a college as per the Rules of the University. Appendix I gives these figures.

We have three tables giving information for Arts, Science and Commerce Faculties respectively. In each table we have six columns. The first two columns are the serial number and the name of the centre. Figures in the third column indicate the exact admissions in the various Colleges as obtaining in the year 1959–60. In the fourth column average number of divisions in each class and the actual number of divisions in each college are given. In column 5 the figures indicate the average number of available seats in the various Colleges. Column 6

gives excess of difference of available seats computed on the basis of column 5 — column 3. The negative result in column 6 clearly shows that on an average, in these centres there are no vacant seats available, and that there is a case for a new institution in that particular Faculty. This institution can either be created by bifurcation of an existing institution if it serves two faculties or by opening a completely new institution.

From consideration of this Appendix, it is our view that in the Arts Faculty, barring Surat, Bhavnagar and Rajkot, there are vacant seats in all other centres. Of the three above-named centres, the College at Surat has already been bifurcated into a separate Arts and Science College and the deficit has been corrected. At Bhavnagar, two separate Colleges were amalgamated in 1958, and the division of the two would again rectify the situation. In Rajkot a shortage exists. Moreover, in the following districts, there are no Arts Colleges at present :

(1) Amreli, (2) Dang, and (3) Banaskantha.

In Science, there is deficit only in respect of Surat, where the situation has been corrected by separation into Arts and Science Colleges during the current year. The deficit at Rajkot would be corrected by bifurcation of the present Arts and Science College.

In Science, following Districts have no educational facilities :

(1) Baroda,
(2) Amreli,
(3) Dang, and
(4) Banaskantha.

For Commerce, there are a large number of vacant seats in all the Centres where facilities have already been provided but, there are a large number of Districts, viz. —

(1) Broach,
(2) Baroda,
(3) Panchmahals,
(4) Sabarkantha,
(5) Mehsana,
(6) Banaskantha,
(7) Jamnagar,
(8) Surendranagar,
(9) Amreli,
(10) Dang, and
(11) Kutch,

where no facilities exist.

It is our view that it would be desirable to have at least one centre of higher education in each District and that priority may be given to the development of such facilities in the Districts indicate above, where no facilities exist in the respective Faculties. Moreover, where shortages are present in the combined colleges, the simplest course appears to be to permit bifurcation of colleges.

Another criterian which is important in judging the provision of educational facilities is to relate the total number of seats available for First Year education in the centres or districts in relation to the total number of students passing the S.S.C. examination from that Centre. Appendix II indicates the state of affairs in each district of Gujarat on this basis. In Appendix II, we have 8 columns. The first two columns are the serial number and the name. In the third column, we have population district-wise and taluka-wise. In the fourth column we have the number of S.S.C. students passing in 1959 October and 1960 March. The figures in the bracket are figures for districts. In column 5, we have the number of students joining the colleges and percentage of students who passed the S.S.C. examination and joined the College. In column 6, the ratio of the First Year seats available to the number of students passing the S.S.C. is given.

In column 7, the corresponding figures for population are given district-wise. Assuming that there was a 10% rise in the number of students passing the S.S.C. Examination every year, and calculating the percentage of students who would be wishing to join the colleges in 1961, and against that the last figure in brackets of column 6 gives the district-wise available seats for these students. It is clear that there are several districts where the number of seats available exceeds three or four times the number of candidates likely to join.

In conclusion, the Committee feels that there are many factors which may be considered in permitting affiliation to a new college. Many of these cannot be dealt with in a general way, but from the point of view of one factor alone, viz. the need in respect of the S.S.C. students turned out, no such need exists in the following places

from which applications have been received in the current year :

No.	*Applicant*	*Place*	*Courses*	*Remarks*
1.	Gujarat Law Society	Ahmedabad	Inter Arts	Not required.
2.	Gujarat Kelavani Trust	Ahmedabad	Inter Science	–do–
3.	Gujarat Kelavani Trust	Ahmedabad	Law with Arts	Arts not required. Law not considered.
4.	Peoples New Education Society	Ahmedabad	Arts and Commerce	Not required.
5.	Bilimora Vibhag Kelavani Mandal	Bilimora	Inter Arts and Inter Science	Not required.
6.	Saifi Jubilee High School and Madresha Isufiya Society of Siddhpur	Siddhpur	Inter Arts and Inter Commerce	Arts not required.Commerce required.
7.	Kalol Taluka Kelavani Mandal	Kalol	Inter Arts	Not required.
8.	President, Upleta Municipality	Upleta	Inter Arts & Commerce	Not required.
9.	Kelavani Mandal	Kapandwaj	Arts and Science	Not required.

The following applications from areas where a need does currently exist :

No.	*Applicant*	*Place*	*Courses*	*Remarks*
1.	Shri Arya Samaj	Jamnagar	Inter Arts	There is no need for an Arts College in the area but this is a new Arts College exclusively for ladies, therefore, it is required.
2.	Shri Vidyottejak Mandal	Jamnagar	Inter Com.	Required.
3.	Shri Kanta Stri Vikas Gruh	Rajkot	Inter Arts	There is no need for an Arts College in the area but this is a new Arts College exclusively for ladies, therefore, it is required.

No.	*Applicant*	*Place*	*Courses*	*Remarks*
4.	Surendranagar Education Society	Surendrangar	Inter Commerce	Required.
5.	Amreli Jilla Vidya Sabha, Bombay	Amreli	Inter Arts and Science	Required.
6.	Saifi Jubilee High School and Madresha Isufiya Society of Siddhpnr	Siddhpur	Inter Arts & Commerce	Arts not required. Commerce required.
7.	Shri Shardapeeth Vidya Sabha	Dwarka	M.A. and Ph.D.	Required.
8.	Chunilal Gandhi Vidya Bhavan	Surat	M.A. and Ph.D.	Required.

The Committee regrets that it was unable during the time at its disposal to examine the situation in the Law Faculty.

The letter, dated 7-9-1960 from the University Grants Commission referred by the Syndicate to the Committee will be considered in the near future.

(Sd.) VIKRAM A. SARABHAI,
Convener.

G.U.P. 823-275-4-61

સિન્ડિકેટ (માર્ચ)
તા. ૪-૩-'૬૧

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૧ના માર્ચ માસની સભા, શનિવાર, તા. ૪-૩-૧૯૬૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. એમ. ડી. રાજપાલ, શિક્ષણ-સંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૮. શ્રી. ધનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪. ડૉ. પી. એચ. પ્રભુ	હાજર
૧૫. આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૧૬. આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૮. આચાર્ય વલ્લભરામ વી. વૈદ્ય	હાજર

૧. તા. ૧૧/૧૨-૨-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૧ના ફેબ્રુઆરી માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૧૧/૧૨-૨-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૧ના ફેબ્રુઆરી માસની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

તા. ૧૧/૧૨-૨-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની કાર્યવાહીના બાબત નં. ૫૧ની નોંધ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવામાં આવે :

"સદરહુ સમિતિનો રિપોર્ટ સભા સમક્ષ રજૂ થતાં તે પર વિચારણા કરવામાં આવી અને તે વટહુકમને અનુરૂપ અને યોગ્ય છે તેવી નોંધ લેવામાં આવી, અને તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે આ સ્ટેચ્યુટના પાઠ સુધારવા વાસ્તે સેનેટની મંજૂરી માટે મોકલવામાં આવે."

(નોંધ.—સેનેટની તા. ૯/૧૦-૩-૧૯૬૧ના રોજ મળનાર સભામાં તે સભાની કાર્યવાહીના બાબત નં. ૬૬ની ચર્ચાવિચારણા વખતે આ સુધારાની મૌખિક જાણ કરવાનું સૂચવવામાં આવ્યું.)

આ પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૨૮ હાથ ધરવામાં આવી હતી, તે બાબત અંગેની નોંધ તેના સ્થાને બતાવવામાં આવી છે.

૨. કૉલેજોની જોડાણ અરજીઓ સ્વીકારવા અંગેનો ઑર્ડિ. ૧૨૦ નીચે મુજબ વંચાય તે પ્રમાણે સુધારવા બાબત :

O. 120 :

All applications for the affiliation, extension of affiliation or continuation of affiliation, of colleges shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him on or before the first July of the year preceding the year from which affiliation is intended to take effect.

Every application for affiliation, continuation of affiliation or extension shall be accompanied with a fee of Rs. 200/- which will be returned after the same is finally disposed of, but will be forfeited in case the same is withdrawn. No request of postponement of affiliation, renewal of affiliation or extension of affiliation shall be entertained.

The Syndicate reserve to themselves the right to refuse to consider any application received after the aforesaid date, provided that no application shall under any circumstances be entertained if it is received after 14th August of the year preceding the year from which affiliation is intended to take effect.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૨૦ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો :

"O. 120 :

All applications for the affiliation, extension of affiliation or continuation of affiliation, of colleges shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him on or before the first of July of the year preceding the year from which affiliation is intended to take effect.

Every application for affiliation, continuation of affiliation or extension of affiliation shall be accompanied with a fee of Rs. 200/- which will be returned after the same is finally disposed of, but will be forfeited in case the same is withdrawn. No request of postponement of affiliation, renewal of affiliation or extension of affiliation shall be entertained.

The Syndicate may, however, consider any application received after the aforesaid date, provided that no application shall, under any circumstances, be entertained if it is received after 15th September of the year preceding the year from which affiliation is intended to take effect."

૩. ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ:

આથી ઠરાવવામાં આવે છે કે, પત્રકારત્વનો અભ્યાસક્રમ શીખવવા માટે શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણ નીચે પ્રમાણે રાખવાં:

૧. પત્રકારત્વના અભ્યાસક્રમ અંગેનો, નીચેનાં પ્રશ્નપત્રોને આવરી લેતો પત્રકારત્વનો વિષય મુખ્ય (major) વિષય ગણાશે, જ્યારે તે સિવાયનાં પ્રશ્નપત્રોને આવરી લેતા વિષયો ગૌણ (minor) વિષયો ગણાશે:

પત્રકારત્વના વિષયનાં પ્રશ્નપત્રો

પ્રથમ વર્ષ : પ્રશ્નપત્ર ૫ અને ૬;

બીજું વર્ષ : પ્રશ્નપત્ર ૩, ૪, ૫ અને ૬.

૨. પત્રકારત્વના મુખ્ય વિષયને આવરી લેતાં પ્રશ્નપત્રો સિવાયનાં બીજાં પ્રશ્નપત્રોને આવરી લેતો **અભ્યાસક્રમ** જે તે વિષયના શિક્ષક દ્વારા શીખવવો જોઈએ.

૩. પ્રોફેસરની જગ્યા માટેની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ :

સ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ તથા પ્રતિષ્ઠિત દૈનિકના તંત્રી તરીકેનો ઓછામાં ઓછાં દસ વર્ષનો અનુભવ.

૪. લેક્ચરરની જગ્યા માટેની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ:

સ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ તથા પ્રતિષ્ઠિત દૈનિકના તંત્રી તરીકેનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ.

આથી ઠરાવવામાં આવે છે કે, પત્રકારત્વનો અભ્યાસક્રમ શીખવવા માટે, શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણ નીચે પ્રમાણે રાખવાં:

૧. પત્રકારત્વના અભ્યાસક્રમ અંગેનો, નીચેનાં પ્રશ્નપત્રોને આવરી લેતો પત્રકારત્વનો વિષય મુખ્ય (major) વિષય ગણાશે, જ્યારે તે સિવાયનાં પ્રશ્નપત્રોને આવરી લેતા વિષયો ગૌણ (minor) વિષયો ગણાશે:

પત્રકારત્વના વિષયનાં પ્રશ્નપત્રો

પ્રથમ વર્ષ : પ્રશ્નપત્ર ૫ અને ૬,

બીજું વર્ષ : પ્રશ્નપત્ર ૩, ૪, ૫ અને ૬.

૨. પત્રકારત્વના મુખ્ય વિષયને આવરી લેતાં પ્રશ્નપત્રો સિવાયનાં બીજાં પ્રશ્નપત્રોને આવરી લેતો અભ્યાસક્રમ જે તે વિષયના શિક્ષક દ્વારા શીખવવો જોઈએ.

૩. પ્રોફેસરની જગ્યા માટેની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ:

સ્નાતક અને પત્રકારત્વનો ઓછામાં ઓછાં દસ વર્ષનો અનુભવ.

૪. સંલગ્ન કૉલેજોના તથા માન્ય સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની તા. ૨૫-૧-૧૯૬૧ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૫-૧-૧૯૬૧ની સભાએ કરેલી ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫. આગામી ૩૧ માર્ચથી ૨ એપ્રિલ ૧૯૬૧ દરમિયાન ભરાનાર "ભારત-પાકિસ્તાન સાંસ્કૃતિક પરિષદ" જે દિલ્હી મુકામે મળનાર છે, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર પરિષદના મંત્રી તરફથી આવેલ તા. ૬ ફેબ્રુઆરી ૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં, આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ઉપકુલ-પતિશ્રીની નિમણૂક કરવી.

૬. મધ્યસ્થ સરકારના પુરાતત્ત્વ વિભાગની શતાબ્દી નિમિત્તે "એશિયાનું પુરાતત્ત્વ" નામક એક પરિષદ નવી દિલ્હી મુકામે નવેમ્બર ૨૦થી ૨૮ દરમિયાન યોજાનાર હોઈ આ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા ડાયરેક્ટર જનરલ ઑફ આર્કિયોલોજી ઇન ઇન્ડિયા તરફથી આવેલ તા. ૯-૨-૧૯૬૧ના પત્રાંક ૯/૨/૧૯૬૧-એમ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં, આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પ્રિયબાળા શાહની નિમણૂક કરવી.

૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ની સભાની ભલામણ મુજબ રેગ્યુ. ૨૯-એ ને સુધારવા બાબત તથા તેને જૂન ૧૯૬૧થી એટલે કે એમ.એ.ની ૧૯૬૩ની પરીક્ષાથી અમલમાં મૂકવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલા રેગ્યુ. ૨૯-એ નો અમલ જૂન ૧૯૬૨થી એટલે કે એમ.એ.ની ૧૯૬૩ની પરીક્ષાથી, કરવાનું રાખવું.

(રેગ્યુ. ૨૯-એ ના સુધારેલા સંબંધકર્તા ભાગની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ની સભાની ભલામણ મુજબ રેગ્યુ. ૬૦ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેને જૂન ૧૯૬૧થી અમલમાં મૂકવા બાબત:

R. 60:

A student appearing at the M.Ed. Examination which is ordinarily held in June, shall submit his dissertation latest by 30th April of the year in which he desires to appear.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે, રેગ્યુ. ૬૦ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો, તથા તેને જૂન ૧૯૬૧થી અમલમાં મૂકવો.

૯. રેગ્યુ. ૬૬(૪)માં પ્રશ્નપત્રો અને પ્રાયોગિક પરીક્ષા માટે ગુણનું નીચે પ્રમાણે વિભાગીકરણ રાખવા તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. ૬૬(૪)ને જૂન ૧૯૬૧થી એટલે કે બી.એસસી. (સબ્સિડિયરી)ની ૧૯૬૨ની પરીક્ષાથી અને બી.એસસી. (પ્રિન્સિપલ)ની ૧૯૬૩ની પરીક્ષાથી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ની સભાની ભલામણ:

B.Sc. (Subsidiary):

(*i*) Two papers each of 100 marks.

(*ii*) Two practicals each of 50 marks.

B.Sc. (Principal) :

(*i*) Four papers each of 100 marks.

(*ii*) Four practicals each of 50 marks.

(નોંધ,—બી.એસસી બોટાની વિષયનો અભ્યાસક્રમ અત્યારે છે તે મુજબજ રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી, તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. ૭૭(૪)ને મંજૂર કરવો, તથા તેને જૂન ૧૯૬૧થી એટલે કે બી.એસસી. (સબ્સિડિયરી)ની ૧૯૬૨ની પરીક્ષાથી અને બી.એસસી. (પ્રિન્સિપલ)ની ૧૯૬૩ની પરીક્ષાથી અમલમાં મૂકવો.

૧૦. પરીક્ષકોના હેવાલો અંગે ઇતિહાસ વગેરેની અભ્યાસસમિતિની તા. ૧૯-૯-૧૯૬૦ની સભાની અને એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ની સભાની નીચેની ભલામણો :

ઇતિહાસ વગેરેની અભ્યાસસમિતિની ભલામણ

" પરીક્ષકો જે અહેવાલો મોકલે તે પરીક્ષાર્થીઓના કામ ઉપર જ આપવા અને બીજું જે કાંઈ સૂચનો હોય તે જુદા પત્રરૂપે યુનિવર્સિટીને મોકલવાં, તે પ્રમાણેની સૂચના પરીક્ષકોને અપાતી સૂચનામાં ઉમેરવા માટે અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે. "

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષકો જે અહેવાલો મોકલે તે પરીક્ષાર્થીઓના કામ ઉપર જ આપવા અને બીજું જે કાંઈ સૂચનો હોય તે જુદા પત્રરૂપે પરીક્ષકોના મંડળના અધ્યક્ષને તેમણે લખી જણાવવાં, તથા જે તે અધ્યક્ષ પાસે આવેલાં આવાં સૂચનોનું સંયોજન કરીને તે પરથી ઘટતો પ્રસ્તાવ અધ્યક્ષ કાર્યાલયને મોકલવાનું રાખે તે યોગ્ય થશે, એમ સિન્ડિકેટને અભિપ્રાય જણાવવો. "

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૧. શ્રી. આઈ. આર. દવેના " નહાનાલાલનાં ભાવપ્રધાન નાટકો " એ વિષય ઉપર પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ પર સિન્ડિકેટે તેની તા. ૧૬-૯-૧૯૬૦ની સભામાં બાબત નં. ૨૬થી નીમેલ ત્રીજા રેફરી શ્રી. વી. આર. ત્રિવેદીના મહાનિબંધ પરના રિપોર્ટ પર ઓ. ૩૨૧ મુજબ વિચારણા કરી મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે લાયક છે કે નહિ તે બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આઈ. આર દવેનો, " નહાનાલાલનાં ભાવપ્રધાન નાટકો " એ વિષય પરનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ તેના હાલના સ્વરૂપમાં પીએચ.ડી. પદવી માટે સ્વીકારવો નહિ.

૧૨. ભારત સરકારના શિક્ષણ ખાતાએ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન એક્ટ, ૧૯૫૬ની કલમ ૨૫(૨)(જી) અન્વયે ઘડેલા નિયમો અંગે ભારત સરકારે બહાર પાડેલ ક્રમાંક એફ. ૨૪-૬/૫૬-યુ-૫ વાળું તા. ૨૮મી જાન્યુઆરી ૧૯૬૧નું જાહેરનામું.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના સભ્યોનો અજમાયશી સમય તેમનાં નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા માટે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. આર. ડી. ભગત (હેડ-ક્લાર્ક)	સામાન્ય વિભાગ	તા. ૨૮-૩-૧૯૬૧
૨. શ્રી. બી. જે. મકવાણા	,,	તા. ૧-૪-૧૯૬૧
૩. શ્રીમતી નિશા એ. દેસાઈ	લાયબ્રેરી વિભાગ	તા. ૧૫-૪-૧૯૬૧

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યાએ અને તારીખથી કાયમ કરવા :

સભ્યનું નામ	હોદ્દો	કાયમ કર્યા તારીખ
૧. શ્રી. આર. ડી. ભગત	હેડ-ક્લાર્ક	૨૯-૩-૧૯૬૧
૨. શ્રી. બી. જે. મકવાણા	જુનિયર ક્લાર્ક	૨-૪-૧૯૬૧
૩. શ્રીમતી નિશા એ. દેસાઈ	જુનિયર ક્લાર્ક	૧૬-૪-૧૯૬૧

૧૪. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા કોઈ કર્મચારીને "સસ્પેન્ડ" કરવાનો પ્રસંગ આવે તો સસ્પેન્શનના સમય દરમિયાન કર્મચારીને પગાર આપવા બાબતમાં નિયમ કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે નિયમો ઘડીને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૫. યુનિવર્સિટી કાર્યાલયમાં તથા ભવનમાં ખાલી પડેલ પબ્લિકેશન ઓફિસર તથા ડેમોન્સ્ટ્રેટર ઇન ફિઝિકલ કેમિસ્ટ્રીની જગ્યા ભરવા માટે તા. ૧૦-૨-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની વરણી સમિતિની નીચેની ભલામણો પર વિચારવા કરવા બાબત :

"૧. શ્રી. પંડ્યા કે. ડી.ને પબ્લિકેશન ઑફિસરની જગ્યા પર રૂા. ૩૦૦-૧૫-૬૦૦ના પગાર-ધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૩૦૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. શ્રી. ભટ્ટ આઈ. એમ.ને ડેમોન્સ્ટ્રેટર ઇન ફિઝિકલ કેમિસ્ટ્રીની જગ્યા માટે રૂા. ૨૦૦-૧૦-૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક રૂા. ૨૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા વાસ્તે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ઉપરની ભલામણ નં. ૧ તથા ૨ મંજૂર કરવી.

૧૬. શ્રી. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળાની દ્વિતીય શ્રેણી માટે વ્યાખ્યાતાની તેમ જ સ્થળની પસંદગી કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની એક સભા

તા. ૧૬-૨-૧૯૬૧ને ગુરુવારે મળી હતી, તેની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

૧. શ્રી. ગોવર્ધનરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો ગુજરાતના ઇતિહાસના વિષય ઉપર આપવા માટે આ સમિતિ નીચેના ક્રમમાં ત્રણ નામોની ભલામણ કરે છે :

(૧) શ્રી. રસિકલાલ છોટાલાલ પરીખ;
(૨) ડૉ. હસમુખ સાંકળિયા;
(૩) પ્રૉ. કેશવલાલ હિ. કામદાર.

૨ વ્યાખ્યાનોનું સ્થળ સુરત રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૬ **૧૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિક વિજ્ઞાનના પ્રૉફેસરની જગ્યા બાબતમાં સિન્ડિકેટના તા. ૩-૧૨-૧૯૬૦ના ઠરાવ અનુસાર પ્રૉ. કે. આર. દીક્ષિતને લાગતાં તેમનો તા. ૧૧મી ફેબ્રુઆરી ૧૯૬૧નો જવાબ.**

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના પ્રૉફેસરની જગ્યા પર પ્રૉફેસર કે. આર. દીક્ષિતની નિમણૂક બે વર્ષના પ્રૉબેશન પર કરવી, તથા પ્રૉફેસર કે. આર. દીક્ષિત સાથે પત્રવ્યવહાર કરીને તેમનો પગાર નક્કી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૮. આ યુનિવર્સિટીના આ. ૧૪૬માં પરિણામ જાહેર થયા પછી તેમાં કોઈ અનિવાર્ય કારણસર પરિણામ સુધારવાની જરૂર જણાય તો તે સુધારવા જે છ માસની સમયમર્યાદા નક્કી કરી છે તેમાં ધરાડો કરવા ઑર્ડિનન્સમાં જરૂરી સુધારો કરવા ગુજરાત રાજ્યના શિક્ષણ અને શ્રમ ખાતાના સચિવ તરફથી આવેલ પત્રાંક યુજીજી-૧૬૬૦-૫૧૬૧૩, તા. ૧૬-૧-૧૯૬૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારના શિક્ષણ અને શ્રમ ખાતાના સૂચન પ્રમાણે ઑર્ડિનન્સ ૧૪૬નો પાઠ સુધારીને સિન્ડિકેટની મંજૂરી માટે રજૂ કરવામાં આવે.

૧૯. પરીક્ષકો અને પ્રાશ્નિકોને આપવાનાં મુસાફરીભથ્થાં (T.A.) તથા રોકાણ ભથ્થાં (H.A.) આપવાના પ્રશ્નની સમગ્ર રીતે વિચારણા કરવા બાબત.

(નોંધ.—અત્યારે નીચેના ધોરણે પરીક્ષકો અને પ્રાશ્નિકોને મુસાફરી ભથ્થાં (T.A.) તથા રોકાણ ભથ્થાં (H.A.) અપાય છે :

	મુંબઈ રાજ્યની અંદરના		મુંબઈ રાજ્યની અંદરના	
	મુસાફરી ભથ્થું	રોકાણ ભથ્થું	મુસાફરી ભથ્થું	રોકાણ ભથ્થું
૧	૨	૩	૪	૫
૧. પેપર-સેટિંગ તથા સેટલિંગ ઑફ માર્કસ માટે	પહેલા વર્ગનું ત્રણગણું ભાડું	નથી	પહેલા વર્ગનું ત્રણ ગણું ભાડું	રા. ૧૦ પ્રમાણે

૧	૨	૩	૪	૫
૨. (પ્રેક્ટિકલ) પ્રાયોગિક પરીક્ષા ટર્મવર્ક, ઓરલ વગેરે માટે [મેડિકલ ટી.ટી. અને બી.એડ્. તથા અનુ. સિવાય]	પહેલા વર્ગનું બેગણું ભાડું	નથી	પહેલા વર્ગનું ત્રણ ગણું ભાડું	રૂા. ૧૦ પ્રમાણે
૩. પ્રાયોગિક પરીક્ષા માટે મેડિકલ ટી.ટી. અને બી.એડ. તથા અનુ. પરીક્ષાઓ માટે.	,,	રોજના રૂા. ૭-૫૦ પ્રમાણે	,,	,,

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રાધ્યિકો અને પરીક્ષકોને આપવાનાં મુસાફરીભથ્થાં (T.A.) તથા રોકાણભથ્થાં (H.A.) અંગેના હાલના નિયમોમાં જ્યાં "Bombay State" શબ્દો છે તેને બદલે "States of Gujarat and Maharashtra" એ પ્રમાણે શાબ્દિક ફેરફાર કરવો, અને ચાલુ વર્ષે તે અંગેના દરોમાં કશો ફેરફાર કરવો નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર નં. ૩માં જણાવ્યા છે તે પરીક્ષકોને તથા ૫૦૦ માઈલથી વધુ અંતરેથી આવતા તમામ પરીક્ષકોને દૈનિક રૂા. ૧૦નું રોકાણભથ્થું (Halting Allowance) આપવામાં આવે તથા તે સિવાયના પ્રાધ્યિકો/પરીક્ષકોને કશું રોકાણભથ્થું આપવામાં આવે નહિ તે રીતે રોકાણભથ્થા અંગેના નિયમો ભવિષ્યમાં સુધારવા વાસ્તે મુસદ્દો ઘડીને રજૂ કરવો.

(નોંધ.—પ્રવાસભથ્થાના દરમાં કશો ફેરફાર કરવો નહિ.)

૨૦. બૉટેનિકલ ગાર્ડનની આસપાસ તારની પાકી વાડ કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બૉટેનિકલ ગાર્ડનની આસપાસ તારની પાકી વાડ કરવાનું રાખવું, તથા તે માટે રૂા. ૮,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૨૧. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ અંગે રેફરીના રિપોર્ટને અનુલક્ષીને તેઓને પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. રાવલ ભોગીલાલ કાળિદાસ	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૨. યુનિવર્સિટી કાર્યાલય, ગ્રંથાલય તથા અનુસ્નાતક વિભાગોમાં આવતાં પારસલોનાં બાકી બિનજરૂરી બોખાંનો નિકાલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બિનજરૂરી બોખાંનો નિકાલ કરવા માટે નીચે જણાવેલા અધિકારીઓને સત્તા આપવી :

(૧) યુનિવર્સિટી કાર્યાલય અને મુદ્રણાલય : શ્રી. રજિસ્ટ્રાર
(૨) યુનિવર્સિટી ગ્રંથાલય : શ્રી. ગ્રન્થપાલ
(૩) અનુસ્નાતક વિદ્યાભવનો : જે તે વિદ્યાભવનના અધ્યક્ષ

૨૩. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૧-૧-૧૯૬૧ની સભાની તથા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની ભલામણ પ્રમાણે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ તપાસવા માટે નીચે મુજબ રેફરીની નિમણૂક કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

નામ	પદવી	વિષય	Foreign Referees
શ્રી. એમ. પી. યાજ્ઞિક	પીએચ.ડી.	Absorption and scattering of light in different media	1. Prof. W. D. Wright, R.C.S., D.Sc., Prof. of Optic, Imperial College of Science & Technology, South Kensington, London.
			For viva voce
			1. Dr. R. S. Krishnan, Indian Institute of Science, Banglore.
			2. Dr. R. K. Asundi, Atomic Energy Establishment, Cadell Road, Bombay.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે ઉપર જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી માટેનો તેમનો મહાનિબંધ તપાસવા માટે તેમના નામ સામે જણાવેલા રેફરીઓની બહારના રેફરીઓ તરીકે ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૨૪. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૨-૩-૧૯૬૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૨-૩-૧૯૬૧ની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની ભલામણ પ્રમાણે ઓ. ૧૩૬નો સુધારેલો પાઠ મંજૂર કરવા તથા ઓર્ડિનન્સ ૧૪૧-બી રદ કરવા બાબત.

(નોંધ.—સદરહુ ઑર્ડિનન્સો સેનેટની તા. ૨૦/૨૧-૧૨-૧૯૬૦ની સભામાં "રિફર-બૅક" કરવામાં આવ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી, તથા તે પ્રમાણે ઑર્ડિનન્સ ૧૩૯નો સુધારેલો પાઠ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો, તથા ઑર્ડિનન્સ ૧૪૧-બીને તાત્કાલિક રદ કરવો.

સુધારેલો ઑર્ડિનન્સ ૧૩૯ નીચે પ્રમાણે વંચાશે :

"O. 139 :

Where a candidate in a University Examination other than the Entrance Examination, fails in any single head of passing (whether a distinct head, a sub-head or a group-head or a grand total), his failure in that head of passing shall be condoned as follows :

Where the head of passing consists of	*Maximum marks for condonation*
1. Less than 100 marks ..	2
2. 100 marks ..	3
3. More than 100 but not more than 200 marks ..	4
4. More than 200 marks ..	2% subject to a maximum of 10 marks

A candidate whose failure is condoned under this Ordinance, shall be eligible for classes in the same way as other successful candidates, but not for scholarships or other awards.

The condonation marks shall not be counted for the purpose of eligibility of a class.

Provided that if the standard of passing in the different subjects at any examination is 50% or more, condonation to the extent mentioned above may be given in not more than two heads of passing, each being under a different subject for the purpose of passing or exemption in that subject or subjects."

૨૬. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની ભલામણ મુજબ ઑ. ૨૬૮, ૨૬૮ અને ૨૬૨ તથા ઑ. ૩૬૫, ૩૬૫-એ અને ૩૬૫-બીના સુધારેલા પાઠ મંજૂર કરવા બાબત.

(નોંધ.—સદરહુ ઑર્ડિનન્સો સેનેટની તા. ૨૦/૨૧-૧૨-૧૯૬૦ની સભામાં "રિફર-બૅક" કરવામાં આવ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલા ઑર્ડિનન્સ ૨૬૮, ૨૭૮ અને ૨૯૧ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા; તથા ઑર્ડિનન્સ ૩૬૫, ૩૬૫-એ અને ૩૬૫-બી નીચેનાં સૂચનો સાથે એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવા :

(૧) (૧) સ્થાપત્ય, (૨) ચિત્રકળા તથા (૩) શિલ્પકળાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રાજ્ય સરકારની ઇન્ટરમીડિયેટ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું ધોરણ આવશ્યક રાખવું જોઈએ નહિ, કેમ કે આ વિષયો હવે એસ.એસ.સી.ની કક્ષાએ ઐચ્છિક વિષયો તરીકે શીખી શકાય છે; અને

(૨) લલિતકળાઓના અભ્યાસક્રમ માટે બાનગી રાહે અભ્યાસ કરવાની જોગવાઈ કરવાનું સૂચન તપાસવામાં આવે.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિનન્સ ૨૬૮, ૨૭૮ અને ૨૯૧ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની ભલામણ મુજબ ઑ. ૨૮૪માં નીચે પ્રમાણે ઉમેરો કરવા બાબત:

"(*iii*) Notwithstanding anything contained in the above rules, persons who have passed, the M.D., Part I, Examination of the Bombay University, will be exempted from appearing in Part I Examination if they desire to appear at M.D., Part II, Examination of this University."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી, તથા તે પ્રમાણે ઑર્ડિનન્સ ૨૮૪માં ઉપરોક્ત ઉમેરો કરવો, તથા તે પ્રમાણે સુધારેલા ઑર્ડિનન્સ ૨૮૪ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૨૮. સેનેટની આગામી તા. ૯ ૧૦-૩-૧૯૬૧ના રોજ મળનાર સભામાં સ્ટે. ૨૦૬ અને ૨૦૮ના પાઠ સુધારવા અંગેની દરખાસ્ત પરત્વે હો. વિક્રમ સારાભાઈના તા. ૨૪-૨-૧૯૬૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે તેની તા. ૩-૧૨-૧૯૬૦ની સભામાં બાબત નં. ૬૯ પરના નીચે જણાવેલા ઠરાવથી નીમેલી સમિતિની ભલામણ, સેનેટના સભ્યોની જાણ માટે મોકલવામાં આવે :

સિન્ડિકેટની તા. ૩-૧૨-૧૯૬૦ની સભાનો બાબત નં. ૬૯ ઉપરનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, નામદાર ગવર્નર સાહેબ તરફથી બહાર પાડવામાં આવેલ સદરહુ ઑર્ડિનન્સની નોંધ લેવા.

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઑર્ડિનન્સ ઉપરથી ઊભી થતી પરિસ્થિતિ ઉપર સમગ્ર દૃષ્ટિએ વિચારણા કરીને શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ અંગેના સ્ટેટ્યુટમાં સુધારા

સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

૧. શ્રી. બદુભાઈ હ દેસાઈ;
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ;
૩. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક;
૪. ડૉ. વિક્રમ એ. સારાભાઈ."

૨૯. ત્રીજી પંચવર્ષીય યોજનાના ગાળા દરમિયાન યુનિવર્સિટીની વિકાસ યોજનાના સુધારેલા મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૦. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં આપવામાં આવેલ એમ.ડી., એમ.એસ., બી.એસસી. (મેડ.), એમ.એસસી. (મેડ.), ડિપ્લોમા ઇન ઓપ્થેલ્મોલોજી તથા ડિપ્લોમા ઇન એનેસ્થેશિયાના વિષયો માટેના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમાયેલા ડૉ. કરંડીકરની બદલી થવાથી તે કૉલેજના ડીન ડૉ. ઈ. એમ. બેસ્ટની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં, એમ.ડી., એમ.એસ., બી.એસસી. (મેડ.), એમ.એસસી. (મેડ.), ડિપ્લોમા ઇન ઓપ્થેલ્મોલોજી તથા ડિપ્લોમા ઇન એનેસ્થેશિયાના વિષયો માટેના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ડૉ. ઈ.એમ. બેસ્ટની નિમણૂક કરવી.

૩૧. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. એસ. વાય. ગુપ્તેનો એમ.એસસી. માટેનો મહાનિબંધ, તેમણે તા. ૬-૮-૧૯૬૦ના રોજ તેની રૂપરેખા રજૂ કરેલ હોવાથી નિયમ મુજબ તા. ૬-૨-૧૯૬૧ના રોજ રજૂ કરવાનો હતો, પરંતુ આ જાતના ફોટોગ્રાફીના કાગળો પરદેશથી આયાત કરવાના હોવાથી તેમ કરી શકયા નથી, માટે તેમને મહાનિબંધ રજૂ કરવા ૨૫ દિવસનો વધુ સમય આપવા ગુજરાત કૉલેજના આચાર્યની ભલામણ સહિત આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયમ મુજબ સમયસર મહાનિબંધ ન આપાય તો પરીક્ષાની ફી નવેસરથી ભરવી જરૂરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીની વિનંતી આ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં અપવાદ તરીકે મંજૂર કરવી, તથા મહાનિબંધ રજૂ કરવા માટે તેને ૨૫ દિવસનો વધુ સમય આપવો અને તે માટે વધારાની કશી ફી ચાર્જ કરવી નહિ.

(નોંધ.—ભવિષ્યમાં આ બાબતને શિરસ્તા તરીકે ગણવી નહિ.)

૩૨. સને ૧૯૬૦ના માર્ચ, એપ્રિલ તથા ઑક્ટોબર માસમાં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો તેમ જ કાર્યાલયના સભ્યોની થયેલી ભૂલોના કેસો પર વિચારણા કરવા માટે તા. ૨૮-૨-૧૯૬૧ના રોજ મળેલી પરીક્ષા શુદ્ધિ-સમિતિની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૪-૨-૧૯૬૨ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪-૨-૧૯૬૨ની સભાની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૩. જે વિદ્યાર્થી માર્ચ/એપ્રિલની બીજી એલએલ.બી. ની પરીક્ષામાં સૌથી વધારે ગુણાંક સાથે પ્રથમ આવે તેને "જસ્ટીસ એમ. સી. શાહ સુવર્ણચંદ્રક" આપવાને માટે શ્રીમતી કુમુદબેન શાહ રૂા. ૬૦૦૦ તથા ચાલુ વર્ષના ચંદ્રક માટે વધારાના રૂા. ૨૦૦ આપવા કબૂલે છે એમ જણાવતા શ્રી. રમણ વકીલના તા. ૨૨-૨-૧૯૬૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સખાવતનો સાભાર સ્વીકાર કરવો.

૩૪. ૧૯૫૯-૬૦ના વર્ષના હિસાબ પરની ઓડિટ નોંધ નં. એલ-૩૦/બી/૧-૮૨૩ તથા નં. એલ ૩-બી-૧-૧૧૮૬ તથા તે પરની બોર્ડ ઓફ એકાઉન્ટ્સની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૫. કુલપતિ શ્રી. બી. વી. દોશીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સાથે વિજ્ઞાન વિદ્યાભવન, છાત્રાલયો વગેરે યોજનાઓનાં મકાનોના આલેખ તથા અંદાજ વગેરેની મંજૂરી સંબંધમાં ચર્ચાવિચારણા કરવા માટે દિલ્હી જવાના અર્થે માટે દરરોજના રૂા. ૧૦૦ તથા એરકન્ડિશન વર્ગનું ભાડું આપવા બાબતના તેમના તા. ૨૭-૨-૧૯૬૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે, શ્રી. બી. વી. દોશીને હવાઈ પ્રવાસનો ખર્ચ, તથા તેમને દિલ્હીમાં આ કામ અંગે જેટલા દિવસ રોકાવાનું થાય તેટલા દિવસો માટે દૈનિક રૂા. ૧૦૦ લેખે ભથ્થું આપવું.

૩૬. સિન્ડિકેટે તેની તા. ૬-૧-૧૯૬૧ની સભામાં સુધારેલા રેગ્યુ. ૬ના અમલની તારીખ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે તેની તા. ૬-૧-૧૯૬૧ની સભામાં સુધારેલા રેગ્યુ. ૬નો અમલ જૂન ૧૯૬૧થી કરવો.

૩૭. મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના મંત્રી તરફથી ત્રીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષાના રિપોર્ટ સંબંધમાં આવેલા તા. ૩-૨-૧૯૬૨ના પત્રાંક એફ. ૨૫૦-યુ-૧૦ (એ)-૬૦-૧૦,૧૪૪ ઉપર વિચારણા કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે, મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના મંત્રીનો પત્ર તબીબી વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય તથા અન્ય સંબંધકર્તા કાગળોની નકલ સિન્ડિકેટના સભ્યોને પરિપત્રિત કરીને આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૩૮. યુનિવર્સિટી મુદ્રણાલય માટે મોનોટાઇપ-કોમ્પોઝિશન કાસ્ટર મશીન ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂા. ૧,૪૧,૦૦૦ યંત્રસામગ્રી વગેરે ખરીદવા અંગે મંજૂર કર્યા છે, તે પેટે આશરે રૂા. ૧,૦૦,૦૦૦ની કિંમતનાં મશીનો ખરીદવાનું નક્કી કરવામાં આવેલ છે. મોનોટાઇપ-કોમ્પોઝિશન કાસ્ટર મશીનની કિંમત રૂા. ૮૦,૧૧૫·૩૦ થશે. તેના બાંધકામનું ખર્ચ લગભગ રૂા. ૩૯,૫૦૦નું યુનિવર્સિટીએ પોતાના ફંડમાંથી આપવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી મુદ્રણાલય માટે મોનોટાઇપ-કોમ્પોઝિશન કાસ્ટર મશીન ખરીદવા માટે રૂા. ૮૦,૧૧૫·૩૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો. અને તે માટે રૂા. ૩૯,૫૦૦નો વધારાનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

(**નોંધ.**—યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલી ગ્રાન્ટ ઉપરાંતનો બાંધકામનો ખર્ચ યુનિવર્સિટીએ પોતાના ભંડોળમાંથી આપવાનો રહેશે.)

૩૯. માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયન અને દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થિની હવે અપર્ણા ગોપાળરાયે પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં નાપાસ હોવા છતાં મજકૂર વિદ્યાર્થિનીનું દ્વિતીય વર્ષ વિજ્ઞાનનું પરિણામ કાર્યાલયની ભૂલથી જાહેર થઈ ગયેલ અને તેમાં પાસ જાહેર થતાં તેમને જુ. બી.એ.નાં સત્રો કોલેજમાં રાખ્યાં છે તે અંગે બી. ડી. આર્ટ્સ કૉલેજના આચાર્યના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—વિદ્યાર્થિની માર્ચ ૧૯૬૧ની પરીક્ષામાં એફ.વાય. (પ્રી-યુનિ.)ની પરીક્ષામાં ભૂગોળના વિષયમાં બેસનાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. અપર્ણા ગોપાળરાય હવેએ ભરેલાં બી.એ.નાં બે સત્રો, આ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં, અપવાદ તરીકે મંજૂર કરવાં, પણ તેમને બી.એ.નાં બાકીનાં સત્રો ભરવાની પરવાનગી, તેઓ પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી)માં ભૂગોળના વિષયની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તે પછી જ આપવાનું રાખવું.

(**નોંધ.**—ભવિષ્યમાં આ બાબતને શિરસ્તા તરીકે ગણવી નહિ.)

૪૦. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના વિદ્યાર્થી શ્રી. વી. જે. ચોકસીનો પીએચ.ડી. માટેનો મહાનિબંધ તેમણે તા. ૬-૯-૧૯૬૦ના રોજ તેની રૂપરેખા રજૂ કરેલ હોવાથી નિયમ મુજબ તા. ૬-૩-૧૯૬૧ના રોજ રજૂ કરવાનો થાય છે પરંતુ તેઓની માંદગીને લઈને તેમ કરી શકયા નથી માટે તેમને મહાનિબંધ રજૂ કરવા તા. ૧૫-૬-૧૯૬૧ સુધીનો વધુ સમય આપવા અધ્યક્ષ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનની ભલામણ સહિત આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—નિયમ મુજબ રૂપરેખા રજૂ કર્યા બાદ સમયસર મહાનિબંધ ન અપાય તો પરીક્ષાની ફી રૂ. ૧૦૦ નવેસરથી ભરવી જરૂરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, પોતાનો મહાનિબંધ રજૂ કરવા માટે મુદત વધારી આપવાની શ્રી. વી. જે. ચોકસીની વિનંતી મંજૂર કરવી નહિ.

૪૧. મેન્ટલ હૉસ્પિટલ, અમદાવાદને માનસિક રોગો શીખવવા માટે જૂન ૧૯૬૦થી માન્યતા આપવા અંગે મૂકવામાં આવેલી શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—નીચેની બે શરતોનું પરિપાલન કરવાનું બાકી છે:

1. That one Laboratory Technician should be provided so that the Laboratory which is lying idle, may be efficiently run.

2. That the new Superintendent, who has adequate qualifications, viz. D. P. H. should take part in teaching under-graduate.)

(શરત નં. ૨ અંગે હાલની વ્યક્તિ ડી. પી. એચ. ની છેલ્લી પરીક્ષામાં બેસવાના છે તેમ ડીન, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ, તેમના તા. ૧૭-૨-૧૯૬૧ના પત્રાંક ૪-એફિલ ૧૬૪૩-૬૧ના પત્રથી જણાવે છે.)

આથી ફરમાવવામાં આવે છે કે, સદરહુ બે શરતોના પાલન અંગે ચાલુ વર્ષે રાહત આપવી, પણ જૂન ૧૯૬૧થી નવું સત્ર શરૂ થાય ત્યાં સુધીમાં આ બેઉ શરતોનું પાલન કરવા માટે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીનને જણાવવું.

૪૨. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના મંત્રી તરફથી, તેમની કાર્યવાહક સમિતિએ કરેલા નીચેના ઠરાવ અંગે આવેલા તા. ૨૪-૨-૧૯૬૧ના પત્રાંક એફ. ૨૧-સી-૯-૬૦-૧૦૬૩૦ અંગે વિચારણા કરવા બાબત:

"The Medical Education Committee (Under-graduate & Post-graduate) recommends to the Executive Committee and the Council that in view of the present needs of the country in the developing economy, the Medical Colleges shall increase admissions by 50% but not exceeding 200, from the next academic year for a transitional period of 10 years till the emergency is tided over, provided facilities are also increased."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૩. આગામી એપ્રિલ ૧૯૬૧માં જુદાં જુદાં કેન્દ્રો પર લેવાનાર બી.એ., બી.એસસી., લૉ. આયુર્વેદ. તબીબી, એન્જિનિયરિંગ તેમ જ અનુસ્નાતક પરીક્ષાઓ માટે સીનિયર સુપરવાઇઝરોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે, સીનિયર સુપરવાઇઝરોની નિમણૂકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યાદીની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૪૪. શ્રી. શારદાપીઠ વિદ્યાસભા, દ્વારકા સંચાલિત "દ્વારકાધીશ સંસ્કૃત એકેડમી એન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ"ના ઉદ્‌ઘાટન પ્રસંગે સાંસ્કૃતિક વ્યાખ્યાનમાળા, શૈક્ષણિક પરિસંવાદ અને ગુજરાતનું પાંચમું પ્રાન્તિક સંસ્કૃત સંમેલન ઇત્યાદિ કાર્યક્રમોમાં

આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા, મજકૂર સંસ્થાના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૨૮-૨-૧૯૬૧ના પત્રાંક ૩૧૮ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસંગે, તેના વિવિધ કાર્યક્રમોમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે શ્રી. ડોલરરાય ર. માંકડની નિમણૂક કરવી.

૪૫. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ ક્લબના સેક્રેટરી તરફથી ફર્નિચરનું ભાડું, મકાનનું ભાડું, વીજળીનું બળતણ, મ્યુનિસિપલ ટેક્ષ વગેરે ચાર્જમાંથી મુક્તિ આપવાની વિનંતી કરતા તા. ૨૪-૨-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ ક્લબના મંત્રીની ઉપરોક્ત વિનંતી મંજૂર કરવી નહિ.

૪૬. ફાઇનાન્સ કમિટીની તા. ૭-૨-૧૯૬૧ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

ફાઇનાન્સ કમિટીની ભલામણ

"ત્યાર બાદ ઑટેની વિભાગ માટે પોલિથિન કન્ટેઇનર્સ ખરીદવાની બાબત પ્રમુખશ્રીની પરવાનગીથી વધારાના કામકાજ તરીકે લેવામાં આવી હતી. અને સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી કે આ સાથેના પત્રકમાં જણાવ્યા પ્રમાણેના વેપારીઓ પાસેથી જરૂરી માલ અધ્યક્ષની ભલામણ મુજબ ખરીદવો તથા વેપારીઓ યુનિવર્સિટી ડિલિવરીથી આપે તેવી વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ફાઇનાન્સ કમિટીની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૪૭. પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) તા. ૨૮-૨-૧૯૬૧ સુધીમાં પ્રત્યેક વિદ્યાર્થીએ કઢાવી લેવું તેમ સિન્ડિકેટે ઠરાવ્યું હતું પરંતુ આશરે ૧૦૦ જેટલા નિયમિત વિદ્યાર્થીઓએ તેમજ ૨૦૦ જેટલા બહારના વિદ્યાર્થીઓએ ઉપરોક્ત સમયમાં પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર હજુ કઢાવેલ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— કાર્યાલયનું સૂચન છે કે, સદરહુ વિદ્યાર્થીઓનો પરીક્ષા-પ્રવેશ કામચલાઉ ગણવો અને ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવે નહિ ત્યાં સુધી તેમનું પરિણામ અનામત રાખવું.)

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે જે વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનાં પાકાં પ્રમાણપત્રો (Final Eligibility Certificates) કઢાવ્યાં ન હોય તેવા વિદ્યાર્થીઓને જે તે પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી, પણ જે તે પરીક્ષાનું પરિણામ જાહેર થાય ત્યાં સુધીમાં પ્રવેશ-પાત્રતાનાં પાકાં પ્રમાણપત્રો રજૂ કરી શકે નહિ તેવા વિદ્યાર્થીઓનાં પરિણામ જાહેર કરવાં નહિ.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી:

૪૮. ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગરને જોડાણ આપવા માટેનું જાહેરનામું બહાર પાડવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને ચાલુ વર્ષે બાકી રહેલી શરતોના પરિપાલનમાં રાહત આપવી, તથા ગ્રેડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૩૮૮૦૦–૧૭/૧૯૬૧.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૯.

ક. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

એપ્રિલ ૪, ૧૯૬૧.
ચૈત્ર ૧૪, ૧૮૮૩ (શક).

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૪

સંલગ્ન કૉલેજોના તથા માન્ય સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફારો ઉપર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની બેઠક તા. ૨૫-૧-૧૯૬૧ને બુધવારના રોજ સાંજના ૪-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિ શ્રી. એલ. આર. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. એલ. આર. દેસાઈ (ઉપકુલપતિ)	હાજર
૨. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ	ગેરહાજર
૩. પ્રિન્સિ. ડૉ. વાય. જી. નાયક	હાજર
૪. પ્રિન્સિ. એમ. સી. દેસાઈ	હાજર
૫. પ્રિન્સિ. વલ્લભરામ વૈદ્ય	હાજર
૬. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૭. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૮. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર

૧. તા. ૧૯-૯-૧૯૬૦ના રોજ મળેલ સ્થાયી સમિતિની ૧૯મી બેઠકની કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૯-૯-૧૯૬૦ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધને બહાલી આપી અને તેના ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ડૉ. બી. કે. મહાજનને પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિનના પ્રાધ્યાપક તરીકે લાયક ગણાય કે કેમ, તે અંગે શ્રી. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરીને અભિપ્રાય દર્શાવવા બાબત.

(ડૉ. મહાજન પાંચ વર્ષનો જિલ્લા આરોગ્ય અધિકારી તરીકેનો અનુભવ ધરાવે છે.)

ડૉ. બી. કે. મહાજનને પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિનના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા અંગેની શ્રી. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના આચાર્યશ્રીની વિનંતી માન્ય કરવા ભલામણ છે.

૩. શ્રી. બી. બી. જોષીને જીવવિજ્ઞાન (Biology)ના વ્યાખ્યાતા તરીકે લાયક ગણાય કે કેમ, તે અંગે શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરીને અભિપ્રાય દર્શાવવા બાબત.

(**નોંધ.**—શ્રી. જોશી, બી.એસસી. અને એમ.એસસી.માં પાસ વર્ગ ધરાવે છે અને ૧૨ વર્ષનો ડેમોન્સ્ટ્રેટર તથા રિસર્ચ આસિસ્ટન્ટનો અનુભવ ધરાવે છે, તેમનું અધ્યાપન કાર્ય સંતોષકારક હોવાથી તેમ જ ટ્યુટરની લાયકાતનાં ધોરણો નક્કી થયા પહેલાં નિમણૂક કરવામાં આવી હોવાથી વ્યાખ્યાતા તરીકે મંજૂર કરવા આચાર્યશ્રી વિનંતી કરે છે.)

શ્રી. બી. બી. જોષી બાયોલોજીના વ્યાખ્યાતા તરીકે માન્ય થઈ શકે નહિ તેમ જણાવવું.

૪. મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા શ્રી. એ. એન. દેસાઈ એક વર્ષ માટે પરદેશ ગયા હોઈ તેમનાં વ્યાખ્યાનો અંગે કરેલી વહેંચણી અંગે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના આચાર્યશ્રીનો પત્ર.

(**નોંધ.**—સદરહુ કૉલેજમાં મનોવિજ્ઞાન વિષય માટે એક વધારાનો શિક્ષક હોઈ ખાલી પડેલી જગા પૂરવાની રહેતી નથી.)

પત્રમાં જણાવેલ બાબતની નોંધ લેવામાં આવી.

૫. પ્રો. એમ. સી. મોદીને ભો. જે. અધ્યયન અને સંશોધન સંસ્થા, અમદાવાદમાંથી છૂટા કર્યાની નોંધ લેવા બાબત.

હેવાલમાં દર્શાવેલ બાબતની નોંધ લેવામાં આવી.

૬. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાંથી અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફાર અંગેના આવેલા હેવાલો ઉપર વિચારણા કરવા બાબત.

(અ) નીચે જણાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલા શિક્ષકોની નિમણૂકને માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

કૉલેજનું નામ	શિક્ષકનું નામ અને હોદ્દો
૧. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, ... અમદાવાદ	૧. શ્રી. એમ. સી. પરીખ, તર્કશાસ્ત્ર અને સાયન્ટિફિક મેથડ્ઝના વ્યાખ્યાતા. ૨. શ્રી. કે. પી. પટેલ, વ્યાયામ શિક્ષક.
૨. શ્રી. ગુલાબકુંવરબા આયુર્વેદ ... મહાવિદ્યાલય, જામનગર	૧. ડૉ. સી. એચ. વૈદ્ય, મેડિસિનના પ્રાધ્યાપક. ૨. ડૉ. આર. આઈ. અંજારિયા, શરીરરચના વિજ્ઞાન અને ઍનૅટોમીના ડેમોન્સ્ટ્રેટર.
૩. એસ. બી. ગાર્ડા કૉલેજ અને ... બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી.	૧. શ્રી. ડબલ્યુ. બી. કોટસ્થાને, માઇક્રોબાયોલોજીના પ્રાધ્યાપક. ૨. શ્રી. કે. એમ. દેસાઈ, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના ટ્યુટર. ૩. શ્રીમતી ઉષા જે. મહેતા, ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા.

૪. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ ... ૧. શ્રી. જે. બી. પટેલ,
ફક્ત ઇતિહાસના વ્યાખ્યાતા.
૨. શ્રી. બી. ડી. વ્યાસ,
રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
૩. શ્રી. બી. એન. વ્યાસ,
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા.
૪. શ્રી. પી. યુ. શાહ, હિન્દીના વ્યાખ્યાતા.
૫. શ્રી. ડી. એન. ત્રિવેદી, ભૂગોળના ડેમોન્સ્ટ્રેટર.
૬. શ્રી. કે. એમ. ભુચ,
રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા.
૭. શ્રી. આઈ. એસ. જોશીપુરા,
ગુજરાતીના વ્યાખ્યાતા.
૮. શ્રી. પી. એસ. જેટવા,
સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા.
૯. શ્રી. જે. એન. દેસાઈ,
રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
૧૦. શ્રી. કે. જે. અજમિયા,
સંસ્કૃતના વ્યાખ્યાતા.
૧૧. શ્રી. આર. કે. શાહ,
ઇતિહાસના વ્યાખ્યાતા.
૧૨. શ્રી. કે. જે. પટેલ,
ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
૧૩. શ્રી. એસ. એસ. પુરાણિક,
ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા.
૧૪. શ્રી. એચ. એસ. પંડિત, હિન્દીના વ્યાખ્યાતા.
૧૫. શ્રીમતી એસ. એમ. સોલંકી,
સંસ્કૃતના વ્યાખ્યાતા.

૫. એમ. એન. કૉલેજ, વિસનગર ... ૧. શ્રી. એચ. એમ. સોલંકી,
બાયોલોજીના વ્યાખ્યાતા.
૨. શ્રી. સી. એમ. પટેલ,
ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા.
૩. શ્રી. જી. એસ. તિવારી, હિંદીના વ્યાખ્યાતા.

	૪. શ્રી. જે. વી. દેસાઈ, અંગ્રેજીના વ્યાખ્યાતા.
	૫. શ્રીમતી પી. એમ. ત્રિવેદી, રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
	૬. શ્રી. ડી. એન. વોરા, રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા.
	૭. શ્રી. આર. બી. કુલશ્રેષ્ઠ, અંગ્રેજીના વ્યાખ્યાતા.
૬. શ્રી સ્વામીનારાયણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદ ...	૧. શ્રી. બી. એમ. મૂલ્યે, અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક.
	૨. શ્રી. સી. કે. ત્રિવેદી, ભૌતિકવિજ્ઞાનના ટ્યુટર.
	૩. મિસ બી. બી. ક્રિશ્ચિયન, બાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર.
	૪. શ્રી. બી. જી. પરમાર, બાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર.
	૫. મિસ એ. એમ. દેસાઈ, રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
	૬. શ્રી. એચ. એમ. ઠાકર, બાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર.
	૭. શ્રી. આર. કે. ભટ્ટ, રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
	૮. શ્રી. એમ. પી. યાજ્ઞિક, ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
	૯. શ્રી. જી. કે. કાઝી, ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
	૧૦. શ્રી. એચ. એમ. દવે, રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
	૧૧. શ્રી. જે. ડી. પટેલ, રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
	૧૨. શ્રી. ડી. વી. કર્પે, વ્યાયામ શિક્ષક.
૭. ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગર ...	૧. શ્રી. એમ. એસ. ધોલકિયા, ગુજરાતીના વ્યાખ્યાતા.

	૨. શ્રી. એન. એન. ઉદવાડિયા, બાયોલોજીના પ્રાધ્યાપક.
	૩. શ્રી. આર. એન. પટેલ, સંસ્કૃતના વ્યાખ્યાતા.
	૪. શ્રી. એમ. જે. પંડિત, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા.
૮. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ ...	૧. શ્રી. વી. જે. જાની, મિકેનિકલ એન્જિ.ના પ્રાધ્યાપક.
	૨. શ્રી. કે. કે. શાહ, એપ્લાઇડ મિકેનિક્સના વ્યાખ્યાતા.
	૩. શ્રી. આર. ભીમસેન રાવ, એપ્લાઇડ મિકેનિક્સના વ્યાખ્યાતા.
	૪. શ્રી. એ. એચ. શાહ, સિવિલ એન્જિ.ના વ્યાખ્યાતા.
	૫. શ્રી. એ. કે. મહેતા, મિકેનિકલ એન્જિ.ના વ્યાખ્યાતા.
૯. પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ ...	૧. ડૉ. જે. એચ. અધ્વર્યુ, બૅન્કિંગના પ્રાધ્યાપક.
૧૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ...	૧. શ્રી. વી. આર. કાપડિયા, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા.
૧૧. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત ...	૧. શ્રી. પી. ડી. દેસાઈ, રસાયણ-વિજ્ઞાનના વ્યાખ્યાતા.
૧૨. મહિલા કૉલેજ, પોરબંદર. ...	૧. શ્રી. કે. કે. પટેલ, વ્યાયામ શિક્ષક.
૧૩. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ ...	૧. શ્રી. પી. દીનાનાથ ઝા, સંસ્કૃતના વ્યાખ્યાતા.
૧૪. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ ...	૧. શ્રી. સી. એમ. મહેતા, વ્યાખ્યાતા.
૧૫. શેઠ એચ. એ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ ...	૧. શ્રી. એમ. એમ. કાંટાવાલા, વ્યાયામ શિક્ષક.

૧૬. સિટી લૉ કૉલેજ, અમદાવાદ	...	૧. શ્રી. એ. એલ. શાહ, લૉના ટ્યૂટર. ૨. શ્રી. ડી. એસ. શાહ, ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા.
૧૭. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	...	૧. શ્રી. એચ. એસ. ભાવસાર, ભૌતિક વિજ્ઞાનના વ્યાખ્યાતા.
૧૮. પેટલાદ કૉલેજ, પેટલાદ	...	૧. શ્રી. ડી. વી. શાસ્ત્રી, સંસ્કૃત અને જગતનાધર્મોના વ્યાખ્યાતા.
૧૯. એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત	...	૧. શ્રી. બી. આર. ભટ્ટ, અંગ્રેજીના વ્યાખ્યાતા.
૨૦. એન. કે. એમ સાયન્સ અને આર્ટ્સ કૉલેજ, વલસાડ	...	૧. શ્રી. એ. ડી. સત્વેદી, ભૌતિક વિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર. ૨. શ્રી. એચ. આર. દેસાઈ, ગણિતશાસ્ત્રના ટ્યુટર.
૨૧. એચ. એસ. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ અને યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી	...	૧. શ્રી. એન. ડી. જોશી, ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા.
૨૨. એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર	...	૧. શ્રી. આઈ. એસ. જોરાપુરા, ગુજરાતીના પ્રાધ્યાપક. ૨. શ્રી. આર. બી. કુલશ્રેષ્ઠ, અંગ્રેજીના વ્યાખ્યાતા. ૩. શ્રી. જે. એ. દવે, ગુજરાતીના વ્યાખ્યાતા. ૪. શ્રી. એન. ટી. પરીખ, ગણિતશાસ્ત્રના વ્યખ્યાતા.
૨૩. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	...	૧. ડૉ. એન. આર. દેસાઈ, સર્જરીના પ્રાધ્યાપક. ૨. ડૉ. જે. કે. સાંગાણી, સર્જરીના આસિ. પ્રોફેસર. ૩. ડૉ. આર. એમ. ઝાલા, ફોરેન્સિક મેડિસિનના વ્યાખ્યાતા.

૨૪. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, ... જામનગર	૧. ડૉ. સી. જે. શાહ, પેથોલોજી અને બેક્ટોરિયોલોજીના જુનિયર લેક્ચરર (ડેમોન્સ્ટ્રેટર) ૨. ડૉ. એસ. જી. રોય, રેડિયોલોજીના જુનિ. લેક્ચરર (ડેમોન્સ્ટ્રેટર) ૩. ડૉ. પી. કે. શાહ, એનેટોમીના જુનિ. લેક્ચરર (ડેમોન્સ્ટ્રેટર) ૪. ડૉ. પી. આર. વડોદરિયા, ફિઝિયોલોજીના જુનિ. લેક્ચરર (ડેમોન્સ્ટ્રેટર) ૫. ડૉ. એસ. આર. પરીખ, ડેપ્યુટી ઑન્સ્ટ્રે-ટ્રિશિયન અને ગાયનેકોલોજિસ્ટ અને સિનિયર લેક્ચરર.
૨૫. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧. શ્રી. એફ. સી. દીઆરસા, અંગ્રેજીના વ્યાખ્યાતા.

(૫) નીચેની કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂકને માન્ય કરવી નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી:

કૉલેજનું નામ	શિક્ષકનું નામ અને હોદ્દો
૧. શ્રી. ગુલાબકુંવરબા આયુર્વેદ ... મહાવિદ્યાલય, જામનગર	૧. ડૉ. એસ. બી. શુક્લ, પેથોલોજીના પ્રાધ્યાપક. ૨. ડૉ. એન. જે. ધ્રુવ, એનેસ્થેશિયાના ,, (આ ભાઈ કૉલેજમાં શિક્ષક નથી તેથી તે જણાવવાની જરૂર ન હોઈ શકે.) ૩. ડૉ. જે. જી. પરીખ, મૉડર્ન ફાર્માકોલોજીના વ્યાખ્યાતા.
૨. એલ. ડી. કૉલેજ ઑફ ... એન્જિનિયરિંગ, અમદાવાદ	૧. શ્રી. જે. પી. શાહ, સિવિલ એન્જિનિયરિંગના વ્યાખ્યાતા.
૩. એમ. પી. શાહ કૉલેજ, ... સુરેન્દ્રનગર	૧. કુ. તરલિકા સી. વ્યાસ, તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા.

(૬) નીચેની કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકોની વધુ માહિતી મગાવીને નિકાલ કરવા ઉપકુલપતિઓને સત્તા આપવી:

કૉલેજનું નામ	શિક્ષકનું નામ અને હોદ્દો
૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, ... અમદાવાદ	શ્રી. એમ. પી. ભટ્ટનો સાત વર્ષનો શૈક્ષણિક અનુભવ જણાવેલ છે તેની વિગતો મગાવવી.

૨. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, ... જામનગર	૧. ડૉ. એમ. સી. મંડાડીની યુનિ.એ માન્ય કરેલ કયા હોદ્દા પર નિમણૂક કરવામાં આવી છે તેની માહિતી મગાવવી. (વ્યાખ્યાતા તરીકે નિમણૂક કરવામાં આવી હોય તો મંજૂર રાખવી.)
	૨. ડૉ. મિસિસ કે. એસ. પરીખની યુનિ.એ માન્ય કરેલ કયા હોદ્દા ઉપર નિમણૂક કરવામાં આવી છે તેની માહિતી મગાવવી.
૩. એમ. પી. શાહ કૉલેજ, ... સુરેન્દ્રનગર	શ્રી. આઈ. એ. જોશીના કૉલેજના શૈક્ષણિક અનુભવ અંગે વિગતો મગાવવી.

૭. શ્રી. મગનભાઈ એસ. પટેલને રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે લાયક ગણાય કે, કેમ તે અંગે શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરીને અભિપ્રાય દર્શાવવા બાબત.

(**નોંધ.**—ટફટ્સ યુનિવર્સિટીના એમ.એ., ૧૯૫૬માં અને લૉ અને ડિપ્લોમસીના એમ.એ., ૧૯૫૮માં મહાનિબંધથી પાસ કરી છે; વધુમાં મુંબઈ યુનિ.ના લૉ ગ્રેજ્યુએટ છે.)

શ્રી. મગનભાઈ એસ. પટેલને રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે માન્ય કરી શકાય નહિ, તેમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. સંસ્કૃતના પ્રાધ્યાપક તથા હિન્દીના વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી. શંકરદેવ વિદ્યાલંકારની નિમણૂક અંગે મહિલા કૉલેજ, પોરબંદરના આચાર્યશ્રી તરફથી આવેલ હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. વિદ્યાલંકાર એમ. એ. સંસ્કૃત સાથે બીજો વર્ગ ધરાવે છે, અને હિન્દી સાથે પાસ વર્ગ ધરાવે છે; અને ગુરુકુલ યુનિવર્સિટી, હરદ્વારની વિદ્યાલંકાર પરીક્ષા પસાર કરી છે.)

શ્રી. શંકરદેવ વિદ્યાલંકારની નિમણૂક માન્ય ન કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. વાણિજ્યના ટ્યુટર તરીકે નિમાયેલ શ્રી. સી. પી. ગોપીનાથન નાયરની નિમણૂક અંગે પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટના આચાર્યશ્રી તરફથી આવેલ હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. નાયરે કેરાલા યુનિવર્સિટીની બી.એ. (ઑનર્સ) પરીક્ષા; ઇંગ્લિશ લેંગ્વેજ અને લિટરેચર સાથે પાસ વર્ગમાં પસાર કરી છે; ઇન્ટરમીડિયેટ પરીક્ષા પછી ત્રણ વર્ષનો અભ્યાસક્રમ હોઈ એમ.એ.ની સમકક્ષ ગણવામાં આવે છે.)

શ્રી. સી. પી. ગોપીનાથન નાયરની વાણિજ્યના ટ્યુટર તરીકેની નિમણૂક માન્ય ન કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતા તા. ૫-૧૧-૧૯૬૦થી કૉલેજ છોડી જવાથી ખાલી પડેલ જગ્યાએ લાયકાત ધરાવતી વ્યક્તિ ન મળવાથી શ્રી. એન. સી. રાવલ કે જેઓ એમ.એ. ગુજરાતી

અને અંગ્રેજી સાથે, અને બી.એ. અંગ્રેજી અને ગુજરાતી સાથે પસાર કરી છે. તેમને વ્યાખ્યાતાને બદલે અંગ્રેજીના ટ્યુટર તરીકે કરેલ નિમણૂકને મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—અંગ્રેજીના પ્રાધ્યાપક પ્રો. જી. કે. જી. જોશીના વધારે સમયો લે છે.)

આચાર્યશ્રીએ કરેલ નિમણૂકને માન્ય ન કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફાર અંગે આવેલા હેવાલો ઉપર વિચારણા કરવા બાબત.

(અ) નીચે જણાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂકો માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

કૉલેજનું નામ		શિક્ષકનું નામ અને હોદ્દો
૧. શ્રી. એ. એમ. પારેખ લૉ કૉલેજ, રાજકોટ	...	૧. શ્રી. પી. ઓ. ત્રિવેદી, વ્યાખ્યાતા
૨. આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર	...	૧. શ્રી. એસ. જે. મણિયાર, વ્યાખ્યાતા. ૨. શ્રી. આર. ટી. દેવપુરકર, વ્યાખ્યાતા. ૩. શ્રી. બી. યુ. પારેખ, વ્યાખ્યાતા.
૩. ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર	...	૧. શ્રી. પી. એસ. પંડ્યા, રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
૪. શ્રેયસ કૉલેજ, અમદાવાદ	...	૧. શ્રી. બી. આઈ. શેઠ, ભૌતિક વિજ્ઞાનના વ્યાખ્યાતા. ૨. કુ. વાય. જે. કામા, અંગ્રેજીના વ્યાખ્યાતા. ૩. શ્રી. જે. એન. અમીન, ભૌતિક વિજ્ઞાનના વ્યાખ્યાતા. ૪. એસ. ડી. શાહ, રસાયણ વિજ્ઞાનના વ્યાખ્યાતા.
૫. શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ	...	૧. શ્રી. બી. વી. ભુસારી, બાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર
૬. લખધીરજી એન્જિ. કૉલેજ, મોરબી	...	૧. શ્રી. એ. ડી. બેન્કર, ગણિતના વ્યાખ્યાતા. ૨. શ્રી. પી. કે. પટેલ, મિકેનિકલ એન્જિ.ના વ્યાખ્યાતા. ૩. બી. પી. ખત્રી. ઇલેક્ટ્રિકલ એન્જિ.ના વ્યાખ્યાતા. ૪. શ્રી. વી. એસ. શાહ, એપ્લાઇડ મિકેનિકસના વ્યાખ્યાતા.
૭. પી. ડી. એમ. કૉલેજ ઓફ કોમર્સ, રાજકોટ	...	૧. શ્રી. કે. એન. મિશ્ર, અંગ્રેજીના વ્યાખ્યાતા.

૮. એચ. એચ. મહેન્દ્રસિંહજી સાયન્સ... કૉલેજ અને યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી	...	૧. શ્રી. આર. કે. શાહ, ભૌતિક વિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
૯. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ	...	૧. શ્રી. જે. ડી. મોઢ, ગુજરાતીના વ્યાખ્યાતા. ૨. મીસ. એ. આર. છાયા, તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા.
૧૦. શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત	...	૧. શ્રી. એ. એન. મિશ્ર, સંસ્કૃતના વ્યાખ્યાતા. ૨. શ્રી. એન. સી. બંસાલ, હિન્દીના વ્યાખ્યાતા.
૧૧. શ્રી. આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર	...	૧. શ્રી. આઈ. ડી. મહેતા, રસશાસ્ત્રના પ્રાધ્યાપક.
૧૨. શ્રી. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	...	૧. શ્રી. ડૉ. બી. કે. ગાંધી, પેડિયાટ્રિક્સના ડેપ્યુટી ફિઝિશિયન અને સીનિયર લેક્ચરર. ૨. ડૉ. એસ. બી. ચૌધરી, ફિઝિયોલૉજીના જુનિ. લેક્ચરર (ડેમોન્સ્ટ્રેટર). ૩. ડૉ. આર. સી. ભંડારી, પેથોલોજીના જુનિ. લેક્ચરર (ડેમોન્સ્ટ્રેટર). ૪. ડૉ. કે. એન. બક્ષી, રેડિયોલોજીના ડેમોન્સ્ટ્રેટર.
૧૩. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ	...	ડૉ. આર. એન. બેન્કર, ઓબ્સ્ટેટ્રિક્સ અને ગાયનોકૉલોજીના આસિ. પ્રૉફેસર.

(બ) નીચેની કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂકને માન્ય કરવી નહિ, એમ સિન્ડિકેટને ભલામણ કરવી :

કૉલેજનું નામ		શિક્ષકનું નામ અને હોદ્દો
૧. ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર	...	ડૉ. ડી. જે. મહેતા, મેડર્ન ફિઝિયોલોજી અને ક્લિનિક્સના પ્રાધ્યાપક.
૧. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	...	ડૉ. એસ. એન. શાહ, ઓર્થોપેડિક્સના ડેપ્યુટી સર્જન અને સીનિયર લેક્ચરર.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

શ. પૂ. મેઢ,
રજિસ્ટ્રાર વતી.

સિન્ડિકેટ (માર્ચ)
તા. ૪-૩-'૬૧

પરિશિષ્ટ "ખ"
કામકાજ ઇમાંક ૭

R. 29 (A)

M.A. (Psychology)

Syllabus and books prescribed in Paper XVI
Indian Psychology

1. Man and his mind in Vedic literature — Mind and Sense in the early Upanisads.

2. Emergence of Samkhya and Yoga — Psychophysiological aspects of Yoga. Yoga and Psychoanalysis — Yoga and conditioning — Yoga and psychical research — A general appraisal of Yoga.

Important concepts in Yoga to be studied, wherever posible in relationship to modern developments — prikriti, mahat; manas, chitta, chetana, buddhi; prana, swarupa, Iswara, prasna; abhyasa, viveka; vairagya; samadhi and its kinds; videhas, prakritilayas, muktas; vidya, avidya; asmita, abhinivesa, raga, dwesa, lobha, moha, mada, matsara, ahamkara, bhoga, bhaya; sukha, samadhana, ananda, duhkha, klesa, chinta; kama in relationship to dharma, artha; sama, dama, yama, niyama; sattva, rajas, tamas in Yoga and Bhagawadgita; viveka-khyati, kusala; eight angas of yoga-antarangas and bahirangas; prajnalokas; siddhis, kinds of karmas, vasanas; smriti; samskara; jnana; chit-sakti, buddhisattva; dharma; dharma-megha-samadhi, kaivalya. Other concepts; Nirvana, some Western misconceptions; hetu, bhavavritti; pravritti; mental conflicts (dvidha manas), sama-sthita, sthita-prajna; dreams sleep, illusions. A comparative study of the above concepts with modern implications of concepts like intellect, intelligence, ego, self, needs, drives, motivation, desires, appetites, aversions, love, anger, hate, fear, frustration, deprivation, tension, anxiety, repression, inhibition, sublimation, pleasure, pain, insight, self-actualization (self-realization), self-adjustment, etc.

3. The three gunas - sattva, rajas and tamas; svabhava; the Gita analysis of their import in terms of innate tendencies, dispositions, aptitudes, interests and occupational adjustment. Supporting interpretations from other sources. Critical evaluation.

4. Perception: Physical basis. Objects and conditions of perception. Theories of perception. Perception of space, movement, time.

5. Illusions. Dreams. Abnormal Perceptions.

6. Memory. Imagination. Thought and language.

7. Emotion: Its nature, factors of emotion, pleasure, pain, love, hate, desire, conflict of desires, attraction, repulsion. Emotions and their sub-divisions. Bhagwan Das's classification of emotions and its appraisal.

8. Emotions and character, virtues and vices. Complex emotions. Correspondence of emotions. Sublimation of emotions. Higher applications of emotions.

9. Concentration, meditation and its effects.

10. Natya-Sastra concepts. Bhava, artha, rasa. Emotion, sentiment, feeling. Sthayi-bhava, samchari-bhava, vibhavas and anubhavas. Psychological significance and evaluation of the theory of rasa.

11. Psychotherapeutic implications of Indian Psychology.

12. Possibilities of experimental approaches in Indian Psychology.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૪

ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓને લગતા વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા, તા. ૨-૩-૧૯૬૧ના રોજ, સાંજે ૪-૦૦ વાગ્યે, યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ભગનભાઈ પ્રે. દેસાઈ	હાજર
૩. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૪. શ્રી. બિહારીલાલ પી. શાહ	હાજર
૫. શ્રી. એમ. ડી. રાજપાલ	હાજર
૬. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર

૧. સિન્ડિકેટની તા. ૧૧-૨-૧૯૬૧ની સભામાં ઠરાવ્યા પ્રમાણે, આ સમિતિની તા. ૧૯-૧૨-૧૯૬૦ની ભલામણ ઉપર પુનર્વિચારણા કરવા બાબત:

સમિતિની તા. ૧૯-૧૨-૧૯૬૦ની સભાની ભલામણ

"ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓની બાબતમાં, ઔદ્યોગિક અદાલતના તા. ૧૭-૭-૧૯૬૦ના ચુકાદાને પરિણામે, કાર્યાલયના નીચેના વર્ગના સભ્યોનાં પગારધોરણોમાં જે સુધારો થયો છે તેની વિગતો તપાસ્યા પછી, સદરહુ સુધારાઓને અનુલક્ષીને, કાર્યાલયના ઉપરના વર્ગના કર્મચારીઓનાં પગારધોરણોમાં પણ સુધારા કરવાનું આવશ્યક બને છે, એ મતનું આ સમિતિ પુનરુચ્ચારણ કરે છે, અને ગુજરાત યુનિવર્સિટીના ઉપરના વર્ગના કર્મચારીઓનાં પગાર-ધોરણો, તથા ઔદ્યોગિક અદાલતના મજકૂર ચુકાદામાં જે કર્મચારીઓને આવરી લેવામાં આવ્યા નથી તેવા કર્મચારીઓનાં પગારધોરણો, નીચે પ્રમાણે રાખવા ભલામણ કરે છે:

ક્રમાંક	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	હાલનું પગારધોરણ	સૂચિત સુધરેલું પગારધોરણ
૧.	ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ	૩	રૂ. ૨૦૦-૧૦-૩૦૦	રૂ. ૨૩૦-૧૫-૩૫૦ ઈ.બી.-૨૦-૪૩૦
૨.	ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ	૧	રૂ. ૨૦૦-૧૦-૩૦૦	રૂ. ૨૩૦-૧૫-૩૫૦ ઈ.બી.-૨૦-૪૩૦
૩.	આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ	૨	રૂ. ૧૫૦-૧૦-૨૫૦	રૂ. ૧૭૦-૧૦-૩૦૦
૪.	ડેપ્યુટી એકાઉન્ટન્ટ	૧	રૂ. ૨૦૦-૧૦-૨૮૦ ઈ.બી.-૧૫-૪૦૦	રૂ. ૨૩૦-૧૫-૩૫૦ ઈ.બી.-૨૦-૪૩૦

ક્રમાંક	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	હાલનું પગારધોરણ	સૂચિત સુધારેલું પગારધોરણ
૫.	એકાઉન્ટન્ટ	૧	રૂા. ૨૫૦-૧૫-૪૦૦ ઈ.બી.-૨૦-૫૦૦	રૂા. ૩૫૦-૨૦-૪૫૦ ઈ.બી.-૨૫-૬૫૦
૬.	આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર	૧	રૂા. ૨૫૦-૧૫-૪૦૦ ઈ.બી.-૨૦-૫૦૦	રૂા. ૩૫૦-૨૦-૪૫૦ ઈ.બી.-૨૫-૬૫૦
૭.	ડેપ્યુટી રજિસ્ટ્રાર	૧	રૂા. ૩૫૦-૨૫-૬૫૦ ઈ.બી.-૩૦-૭૫૦	રૂા. ૫૦૦-૨૫-૮૦૦
૮.	એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ	૧	રૂા. ૨૫૦-૧૫-૪૦૦	આ પગારધોરણમાં કશો ફેરફાર કરવો નહિ.
૯.	ચીફ મેડિકલ ઓફિસર	૧	રૂા. ૪૦૦-૨૫-૬૦૦ ઈ.બી.-૩૦-૯૦૦	આ પગારધોરણમાં કશો ફેરફાર કરવો નહિ.
૧૦.	ડાયરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન	૧	રૂા. ૨૫૦-૧૫-૪૦૦	રૂા. ૩૫૦-૨૦-૪૫૦- ઈ.બી.-૨૫-૬૫૦
૧૧.	લાયબ્રેરિયન	૧	રૂા. ૪૦૦-૨૫-૭૦૦	રૂા. ૫૦૦-૨૫-૮૦૦
૧૨.	રજિસ્ટ્રાર	૧	રૂા. ૫૦૦-૪૦-૭૦૦ ઈ.બી.-૫૦-૧૦૦૦	રૂા. ૮૦૦-૫૦-૧૦૦૦; અને સ્ટેટ્યુટ સુધર્યેથી રૂા. ૮૦૦-૫૦-૧૨૫૦

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, શ્રી. રજિસ્ટ્રારને રહેવા માટે જે બંગલો હાલ રેન્ટ-ફ્રી આપવામાં આવ્યો છે, તે બંગલાના ભાડા તરીકે, તેમના મૂળ માસિક પગારના ૧૦ ટકા લેખે ભાડું ચાર્જ કરવું.

(**નોંધ**—શ્રી. રજિસ્ટ્રારની જગ્યાના પગારની ચર્ચાવિચારણા વખતે સમિતિના સભ્ય રજિસ્ટ્રાર શ્રી. કં. ચં. પરીખ હાજર રહ્યા નહોતા.)

વધુમાં, નીચેની જગ્યાઓ માટેનાં પગારધોરણ તેની સમકક્ષ પગારવાળી જગ્યાઓનાં સુધારેલાં પગારધોરણો જોતાં, નીચે પ્રમાણે રાખવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે:

ક્રમાંક	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	હાલનું પગારધોરણ	સૂચિત સુધારેલું પગારધોરણ
૧.	ટેકનિકલ આસિસ્ટન્ટ	૨	રૂા. ૧૫૦-૧૦-૩૦૦	રૂા. ૧૭૦-૧૦-૩૦૦
૨.	ટેલિફોન ઓપરેટર	૧	રૂા. ૫૫-૫-૧૧૦ ઈ.બી.-૮-૧૫૦	રૂા. ૫૫-૫-૧૧૦-૮-૧૫૦ ઈ.બી.-૧૦-૧૬૦
૩.	કેપીહોલ્ડર	૧	,, ,, ,,	,, ,, ,,
૪.	આસિસ્ટન્ટ કેશિયર	૧	,, ,, ,,	,, ,, ,,
૫.	સ્ટોરકીપર	૧	,, ,, ,,	,, ,, ,,
૬.	સેક્રેટરી આસિસ્ટન્ટ	૧	,, ,, ,,	,, ,, ,,
૭	પ્લાન્ટ કલેક્ટર	૧	,, ,, ,,	,, ,, ,,
૮.	વર્કમેન	૧	રૂા. ૩૦-½-૩૫	રૂા. ૩૦-૧-૪૫
૯.	માઉન્ડમેન	૧	(,,)	(,,)

ધ્યાનમાં લાવવામાં આવે છે કે, ઉપરનાં સુધારેલાં પગારધોરણોનો અમલ, તા. ૧-૭-૧૯૫૯થી કરવો તથા જે સભ્યોએ તેમની હાલની જગ્યા ઉપર તા. ૩૦-૬-૧૯૫૯ સુધીમાં જેટલાં વર્ષ સેવા કરી હોય તેટલાં વર્ષ માટે નીચે પ્રમાણે "ઍડજસ્ટમેન્ટ" આપવું :

(૧) જેમણે ત્રણ વર્ષની સેવાઓ પૂરી કરી ન હોય તેમને કાંઈ નહિ;

(૨) જેમણે ત્રણ વર્ષ કે તેથી વધુ સેવાઓ કરી હોય, પણ પૂરાં ૭ વર્ષ ન કરી હોય, તેમને સુધારેલા પગારધોરણમાં એક પગારવધારો આપવો;

(૩) જેમણે ૭ વર્ષ કે તેથી વધુ સેવાઓ કરી હોય, પણ પૂરાં નવ વર્ષ ન કરી હોય, તેમને સુધારેલા પગારધોરણમાં બે પગારવધારા આપવા;

(૪) જેમણે નવ વર્ષ કે તેથી વધુ સમય માટે સેવાઓ કરી હોય, તેમને સુધારેલા પગારધોરણમાં ત્રણ પગારવધારા આપવા."

સદરહુ બાબતમાં સમાવિષ્ટ થતા નીચેના કર્મચારીઓનાં હાલનાં પગારધોરણ તથા તેમને મળતાં બીજાં ભથ્થાંઓ અંગે નીચેની માહિતી સભા સમક્ષ રજૂ કરવામાં આવી :

ક્રમાંક	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	હાલનું પગારધોરણ	હાલ મળતાં ભથ્થાં
૬.	ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ	૩	રૂા. ૨૦૦-૧૦-૩૦૦	રાખેતા મુજબનું મોંઘવારી-ભથ્થું, ઘરભાડાભથ્થું, લોકલ કૉમ્પનસેટરીભથ્થું, સાયકલભથ્થું તથા માસિક રૂા. ૩૦નું પરીક્ષાભથ્થું. (ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટની ત્રણ જગ્યાઓ પૈકી એક જગ્યા પર કામ કરતા શ્રી. જી. એ. દેસાઈને ઉપરનાં ભથ્થાં ઉપરાંત, એકસ્ટ્રા-ન્યુરલ પ્રવૃત્તિઓના કામકાજ અંગે રૂા. ૨૫નું માસિક ભથ્થું આપવામાં આવે છે.)
૬.	ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ	૧	રૂા. ૨૦૦-૧૦-૩૦૦	રાખેતા મુજબનું મોંઘવારી-ભથ્થું, ઘરભાડાભથ્થું, લોકલ કૉમ્પનસેટરી ભથ્થું, સાયકલભથ્થું તથા માસિક રૂા. ૭૫નું સ્ટેનોગ્રાફી ભથ્થું અને દર વર્ષે એક મહિનાના મૂળ-પગાર જેટલું પરીક્ષા-ભથ્થું.

ક્રમાંક	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	હાલનું પગારધોરણ	હાલ મળતાં ભથ્થાં
૩.	આસિસ્ટન્ટ એકાઉન્ટ	૨	રૂા. ૧૫૦-૧૦-૨૫૦	રાખેતા મુજબનું મોંઘવારી-ભથ્થું અને ઘરભાડાભથ્થું લોકલ કોમ્પનસેટરી ભથ્થું, સાયકલભથ્થું દર વર્ષે એક મહિનાના મૂળ પગાર જેટલું પરીક્ષાભથ્થું.
૪.	ડેપ્યુટી એકાઉન્ટન્ટ	૧	રૂા. ૨૦૦-૧૦-૨૮૦ ઈ.બી.-૧૫-૪૦૦	રાખેતા મુજબનું મોંઘવારી-ભથ્થું, ઘરભાડાભથ્થું અને સાયકલભથ્થું અને દર વર્ષે એક મહિનાના મૂળ પગાર જેટલું પરીક્ષાભથ્થું.
૫.	એકાઉન્ટન્ટ	૧	રૂા. ૨૫૦-૧૫-૪૦૦ ઈ.બી.-૨૦-૫૦૦	રાખેતા મુજબનું મોંઘવારી-ભથ્થું, ઘરભાડાભથ્થું અને સાયકલભથ્થું અને દર વર્ષે એક મહિનાના મૂળ પગાર જેટલું પરીક્ષાભથ્થું.
૬.	આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર	૧	રૂા. ૨૫૦-૧૫-૪૦૦ ઈ.બી.-૨૦-૫૦૦	રાખેતા મુજબનું મોંઘવારી-ભથ્થું, ઘરભાડાભથ્થું અને સાયકલભથ્થું અને દર વર્ષે રૂા. ૫૦ જેટલું માસિક પરીક્ષાભથ્થું.
૭.	ડેપ્યુટી રજિસ્ટ્રાર	૧	રૂા. ૩૫૦-૨૫-૬૫૦ ઈ.બી.-૩૦-૭૫૦	રાખેતા મુજબનું મોંઘવારી-ભથ્થું, ઘરભાડાભથ્થું એકસ્ટ્રા-ન્યુરલ પ્રવૃત્તિઓના કામકાજ માટે રૂા. ૧૦૦ માસિક ભથ્થું અને પરીક્ષાભથ્થું માસિક રૂા.૬૦.
૮.	એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટ	૧	રૂા. ૨૫૦-૧૫-૪૦૦	રાખેતા મુજબનું મોંઘવારી-ભથ્થું, ઘરભાડાભથ્થું અને સાયકલભથ્થું.

ક્રમાંક	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	હાલનું પગારધોરણ	હાલ મળતાં ભથ્થાં
૯.	ચીફ મેડિકલ ઑફિસર	૧	રૂા. ૪૦૦-૨૫-૬૦૦ ઈ.બી.-૩૦-૯૦૦	રાખેતા મુજબનું મોંઘવારી-ભથ્થું તથા મકાનભાડા અંગેનું ભથ્થું માસિક રૂા. ૩૦.
૧૦.	ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન	૧	રૂા. ૨૫૦-૧૫-૪૦૦	રાખેતા મુજબનું મોંઘવારી-ભથ્થું, ઘરભાડાભથ્થું અને અને સાયકલભથ્થું.
૧૧.	લાયબ્રેરિયન	૧	રૂા. ૪૦૦-૨૫-૭૦૦	રાખેતા મુજબનું મોંઘવારી-ભથ્થું અને ઘરભાડાભથ્થું.
૧૨.	રજિસ્ટ્રાર	૧	રૂા. ૫૦૦-૪૦-૭૦૦ ઈ.બી.-૫૦-૧૦૦૦	રાખેતા મુજબનું મોંઘવારી-ભથ્થું તથા પરીક્ષાભથ્થું માસિક રૂા. ૧૦૦. (નોંધ.—યુનિવર્સિટી તરફથી શ્રી. રજિસ્ટ્રારને રહેવા માટે આપવામાં આવેલા બંગલાનું ભાડું લેવામાં આવતું નથી.)

સંભાણુ ચર્ચાવિચારણાને અંતે, સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) ગુજરાત યુનિવર્સિટીના ઉપલા વર્ગના હાલના કર્મચારીઓનાં પગારધોરણો તથા ઔદ્યોગિક અદાલતના મજકૂર ચુકાદામાં હાલના જે કર્મચારીઓને આવરી લેવામાં આવ્યા નથી તેવા કર્મચારીઓના પગારધોરણો સુધારીને નીચે પ્રમાણે રાખવાં :

આંક	જગ્યાનું નામ	હાલ જગ્યાની સંખ્યા	સૂચિત નવું પગારધોરણ
૧.	ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ	૩	રૂા. ૨૩૦-૧૫-૩૫૦-ઈ.બી.-૨૦-૪૩૦
૨.	ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ	૧	રૂા. ૨૩૦-૧૫-૩૫૦-ઈ.બી.-૨૦-૪૩૦
૩.	આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ	૨	રૂા. ૧૭૦-૧૦-૩૭૦
૪.	ડેપ્યુટી એકાઉન્ટન્ટ	૧	રૂા. ૨૩૦-૧૫-૩૫૦-ઈ.બી.-૨૦-૪૩૦
૫.	એકાઉન્ટન્ટ	૧	રૂા. ૩૫૦-૨૦-૪૫૦-ઈ.બી.-૨૫-૭૦૦
૬.	આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર	૧	રૂા. ૩૫૦-૨૦-૪૫૦-ઈ.બી.-૨૫-૬૫૦
૭.	ડેપ્યુટી રજિસ્ટ્રાર	૧	રૂા. ૫૦૦-૨૫-૮૦૦
૮.	એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટ	૧	રૂા. ૩૦૦-૧૫-૪૨૦-ઈ.બી.-૨૦-૫૦૦
૯.	ચીફ મેડિકલ ઑફિસર	૧	રૂા. ૫૦૦-૨૫-૭૦૦-ઈ.બી.-૩૦-૧૦૦૦
૧૦.	ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન	૧	રૂા. ૩૫૦-૨૦-૪૫૦-ઈ.બી.-૨૫-૬૫૦
૧૧.	લાયબ્રેરિયન	૧	રૂા. ૫૦૦-૨૫-૮૦૦
૧૨.	રજિસ્ટ્રાર	૧	રૂા. ૮૦૦-૫૦-૧૦૦૦

(૨) વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, રજિસ્ટ્રારની જગ્યાનું પગારધોરણ રૂા. ૮૦૦-૫૦-૧૨૫૦ અને તે રીતે સ્ટે. ૧૩૪ સુધારવામાં આવે, તથા સદરહુ સ્ટેટ્યુટ સુધ્યેથી, તેમને હાલ જે રેન્ટ-ફ્રી બંગલો રહેવા માટે આપવામાં આવ્યો છે તે બંગલાના ભાડાનો સવાલ સિન્ડિકેટની વિચારણા માટે મૂકવામાં આવે.

(૩) વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, નીચેની જગ્યાઓ માટેનાં પગારધોરણ તેની સામે જણાવ્યા પ્રમાણે સુધારવામાં આવે :

આંક	જગ્યાનું નામ	હાલ જગ્યાની સંખ્યા	સૂચિત નવું પગારધોરણ
૧.	ટેકનિકલ આસિસ્ટન્ટ	૨	રૂા. ૧૭૦-૧૦-૩૦૦
૨.	ટેલિફોન ઑપરેટર	૧	રૂા. ૫૫-૫-૧૧૦-૮-૧૫૦-ઈ.બી.-૧૦-૧૬૦
૩.	કૉમ્પીહોલ્ડર	૧	,, ,, ,,
૪.	આસિસ્ટન્ટ કેશિયર	૧	,, ,, ,,
૫.	સ્ટોરકીપર	૩	,, ,, ,,
૬.	લેબોરેટરી આસિસ્ટન્ટ	૪	,, ,, ,,
૭.	પ્લાન્ટ કલેક્ટર	૧	,, ,, ,,
૮.	વર્કમેન	૧	રૂા. ૩૦-૧-૪૫
૯.	ગ્રાઉન્ડમેન	૧	રૂા. ૩૦-૧-૪૫

(૪) વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરનાં સુધારેલાં પગારધોરણોનો અમલ, "Retrospectively" તા. ૧-૭-૧૯૫૯થી કરવો, તથા જે સભ્યોએ તેમની હાલની જગ્યા પર તા. ૩૦-૭-૧૯૫૯ સુધીમાં જેટલાં વર્ષ સેવા કરી હોય તેટલાં વર્ષ માટે નીચે પ્રમાણે "એડજસ્ટમેન્ટ" આપવું :

(ક) જેમણે ત્રણ વર્ષની સેવા પૂરી કરી ન હોય તેમને કાંઈ નહિ.

(ખ) જેમણે ત્રણ વર્ષ કે તેથી વધુ સેવા કરી હોય, પણ પૂરાં છ વર્ષ ન કરી હોય, તેમને સૂચિત નવા પગારધોરણમાં એક પગારવધારો આપવો.

(ગ) જેમણે છ વર્ષ કે તેથી વધુ સમય સેવાઓ કરી હોય, પણ પૂરાં નવ વર્ષ ન કરી હોય, તેમને ઉપરના સૂચિત નવા પગારધોરણમાં બે પગારવધારા આપવા.

(ઘ) જેમણે નવ વર્ષ કે તેથી વધુ સમય માટે સેવાઓ કરી હોય, તેમને ઉપરના સૂચિત નવા પગારધોરણમાં ત્રણ પગારવધારા આપવા,

(૫) વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, ઉપરના કર્મચારીઓને હાલ જે ભથ્થાં આપવામાં આવે છે તે, તેઓ હાલની જગ્યા પર કામ કરે ત્યાં સુધી ચાલુ રાખવામાં આવે, પણ ભવિષ્યમાં કોઈ પણ કર્મચારીને હવે પછી કોઈ વધારાનું ભથ્થું આપવું જોઈએ નહિ એટલું જ નહિ, પણ હાલના કર્મચારીઓને ઉપરની જગ્યા પર બઢતી મળે ત્યારે પણ રાખેતા મુજબનાં મોંઘવારીભથ્થાં, ઘરભાડાભથ્થાં, લોકલ કોમ્પનસેટરી ભથ્થાં, સાયકલભથ્થાં તથા પરીક્ષાની મોસમ દરમિયાન વધારાના કામકાજ માટે અપાતા પરીક્ષાભથ્થા સિવાયનું બીજું કોઈ ભથ્થું આપવું નહિ.

(૬) વધુમાં ઠરાવવામાં આવ્યું કે, યુનિવર્સિટીમાં બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટેનાં સાયકાતનાં ધોરણો નક્કી કરવા માટે તે સવાલ, આ સમિતિની વિચારણા માટે રજૂ કરવો.

૨. પ્રેસ કર્મચારીઓનાં પગારવોરણ, મોંઘવારીભથ્થું, મકાનભાડું વગેરે વધારી આપવાની તેઓની તા. ૨૮-૯-૧૯૬૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું:

૧. યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓને પણ હાલ અપાતા મોંઘવારીભથ્થા ઉપરાંત, યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને જે દરે મકાનભાડા-ભથ્થું, લોકલ કોમ્પેનસેટરી ભથ્થું તથા સાયકલભથ્થું આપવામાં આવે છે, તે તા. ૧-૩-૧૯૬૧થી નીચેની સ્પષ્ટ સમજૂતી સાથે આપવામાં આવે :

(૧) મોંઘવારીભથ્થું, મકાનભાડાભથ્થું, લોકલ કોમ્પેનસેટરીભથ્થું તથા સાયકલભથ્થું, મુદ્રણાલયના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડની કપાત કે યુનિવર્સિટીએ આપવાના ફાળા માટે ગણતરીમાં લેવામાં આવશે નહિ,

(૨) યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓને જે ઓવરટાઇમ કામ માટે રોકવામાં આવે તો તે માટે તેમને અપાતા ઓવરટાઇમના મહેનતાણાની ગણતરી માટે મકાનભાડાભથ્થું લોકલ કોમ્પેનસેટરીભથ્થું તથા સાયકલભથ્થું તેમના વેતનમાં ગણાશે નહિ.

(નોંધ.—ઉપરના મુદ્દાઓ પરત્વે જે અને જ્યારે જરૂર પડે તો અને ત્યારે જે તે સત્તાવાળાઓ સાથે ઘટતો પત્રવ્યવહાર કરવો.)

(૩) વધુમાં યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓને અપાતો ગ્રેજ્યુઇટીનો લાભ યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓને પણ મળે તે માટે સ્ટે. ૧૯૩-એમાં ઘટતો સુધારો કરવા માટે પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. હેડ-ક્લાર્ક શ્રી. આર. બી. ભાવસાર, યુનિવર્સિટી વિરુદ્ધ ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયન અંગેના દાવા માટે યુનિયન તરફથી હાજર રહેવા માટે રજા ઉપર રહ્યા હતા, તો તે રજાઓ કર્મ જાતની રજા તરીકે ગણવી તે વિચારણા કરવા બાબત:

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, શ્રી. આર. બી. ભાવસાર, યુનિવર્સિટી વિરુદ્ધ ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયન અંગેના દાવા માટે યુનિયન તરફથી હાજર રહેવા માટે કાર્યાલયમાંથી ગેરહાજર રહ્યા હતા, તે બાબતમાં તેમની જે પ્રકારની રજા જમા હોય તે પ્રકારની રજા, યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે આપવી, તથા આવા પ્રકારના કામ માટે ભવિષ્યમાં પણ એ જ પ્રમાણે કરવાનું રાખવું.

૪. યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયનના સેક્રેટરીના તા. ૩૦-૧૧-૧૯૬૦ના પત્રમાં જણાવેલી વધારાની કેડરો ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયનના તા. ૩૦-૧૧-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવામાં આવી, તે પછી સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

સદરહુ પત્રમાં જણાવેલી વિનંતીઓ મંજૂર કરવી નહિ.

વધુમાં કાર્યાલયને સૂચવવામાં આવ્યું કે, યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની "સીનિયોરિટી" નક્કી કરવા અંગેના સિદ્ધાંતો ઘડીને આ સમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવું અને તે મંજૂર થયે સીનિયોરિટી લિસ્ટ રાખવું.

૫. યુનિવર્સિટીના સફાઈ-કામદારોને શિયાળામાં આખો પોશાક આપવા અંગેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના સફાઈ-કામદારો તથા માળીઓને હાલ જે ચડ્ડીઓ આપવામાં આવે છે તેને બદલે ભવિષ્યમાં બે પાટલૂન આપવામાં આવે.

૬. કરસનદાસ કડિયા નાયક નિમાયા ત્યારે તેઓને પટાવાળાના પગાર-ધોરણમાં રૂા. ૪૦·૦૦ પગાર મળતો હતો. નાયકની જગ્યાનો શરૂઆતનો પગાર રૂા. ૪૦·૦૦ હોવાથી એક પગારવધારો આપવાની તેઓની તા. ૮-૨-૧૯૬૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(૧) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, નાયક શ્રી. કરસનદાસ કડિયાને, નાયક તરીકેની તેમની નિમણૂકની તારીખથી તેમના પગારધોરણમાં એક પગારવધારો આપવો.

(૨) વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ભવિષ્યમાં યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કોઈ કર્મચારીને ઉપરની જગ્યા ઉપર બઢતી આપવામાં આવે ત્યારે જો તેની નીચેની જગ્યાનો મૂળ માસિક પગાર ઉપરની જગ્યાના મૂળ માસિક પગાર જેટલો હોય તો તેને ઉપરની જગ્યાના પગારધોરણમાં એક વધારાનું "Increment" (પગારવધારો) આપવાનું રાખવું.

૭. પટાવાળા શ્રી શાંતિલાલ તન્ના ડુપ્લિકેટિંગ મશીન ચલાવતા હોવાથી તેઓની મશીન ઍલાવન્સ અંગેની તા. ૯-૨-૧૯૬૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, પટાવાળા શ્રી. શાંતિલાલ તન્નાની સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૮. કેમિસ્ટ્રી તથા ફીઝિક્સ વિભાગના પ્રોફેસરોની નિમણૂક થઈ ન હોવાથી હાલમાં તે વિભાગના રીડર ડૉ. કે. એ. હાકર તથા શ્રી. પી. ડી. પાઠક તેઓના વિભાગોનું કામકાજ સંભાળે છે, તેથી તે અંગે ઍલાવન્સ આપવા અંગેની તેઓની તા. ૧૧-૨-૧૯૬૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીનું વિજ્ઞાન વિદ્યાભવન નવું સ્થાપવામાં આવ્યું છે, તથા તેના ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનના વિભાગોમાં પ્રોફેસરોની નિમણૂક થઈ નથી, તે દરમિયાન ૧૫મી જૂન ૧૯૬૦થી, આ વિભાગોનું કામકાજ જે પહેલાં અનુસ્નાતક કેન્દ્રોમાં ચાલતું હતું, તે વિજ્ઞાન વિદ્યાભવનમાં શરૂ કરવામાં આવ્યું છે, તથા આ વિભાગોની રચના અને વ્યવસ્થા નવેસરથી કરવામાં આવી રહી છે; તે લક્ષમાં લઈને ખાસ કેસ તરીકે, શ્રી. પી. ડી. પાઠક તથા ડૉ. કે. એ. હાકરને, પ્રત્યેકને તા. ૧૫-૬-૧૯૬૦થી જે તે વિભાગના પ્રોફેસરની નિમણૂક થતાં સુધી માસિક રૂા. ૮૦·૦૦ (પ્રોફેસરના શરૂઆતના મૂળ માસિક પગારના ૧૦ ટકા જેટલી આ રકમ થાય) અંગતભથ્થું આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. ડ્રાઇવર શ્રી. ગોવિંદ જીવાજી પરમારની તેઓના પગારધોરણમાં સુધારા અંગેની તા. ૨૨-૨-૧૯૬૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ડ્રાઇવર શ્રી. ગોવિંદ જીવાજી પરમારની પોતાના પગારધોરણમાં સુધારો કરવાની વિનંતી મંજૂર કરવી નહિ, પણ તેમને રવિવાર કે અન્ય તહેવારની રજાના દિવસે કામ કરવાનું હોઈ તેવા પ્રત્યેક દિવસના રોજના રૂા. ૨ લેખે વધારાનું મહેનતાણું આપવાનું મંજૂર કરવું.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવન માટે એક ફોટોગ્રાફર-કમ-આર્ટિસ્ટની જગ્યા ઊભી કરવા અંગે અધ્યક્ષશ્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનમાં ફોટોગ્રાફર-કમ-આર્ટિસ્ટની એક જગ્યા ઊભી કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી, તથા તે જગ્યા માટે લાયકાત તથા પગારના ધોરણ અંગેની માહિતી બીજી યુનિવર્સિટીઓ પાસેથી મંગાવીને ઉપકુલપતિશ્રીની ભલામણ સાથે સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવામાં આવે.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

અમદાવાદ.
૩, માર્ચ ૧૯૬૧.

કં. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ : ભાગ ૨૬

O. 268 :

No candidate shall be admitted to the Third M.B.,B.S. Examination unless he has passed the Second M.B.,B.S. Examination, and has been engaged in Medical Studies at a Medical College affiliated to this University for at least one clear term after passing the Second M.B.,B.S. Examination and for at least three years after passing the First M.B.,B.S. Examination.

O. 278 :

Every candidate presenting himself for Part II of the M.D. Examination for the first time shall submit, with his application for admission to the examination, five type-written copies of a dissertation prepared under the direction and guidance and to the satisfaction of his University teacher. The dissertation may relate to a series of clinical cases, autopsy record, discussion of topics (modern or historical) or a review of the work on a specific theme. The dissertation shall be referred to the Examiners for Part II of the examination for the particular Branch, and acceptance of it by the Examiners shall be a condition precedent to his being admitted to the examination. It may form the basis of the viva-voce examination and due credit may be given to the same.

In case the dissertation is rejected, the Examiners shall clearly specify the reasons for the guidance of the candidate.

O. 291 :

Every candidate presenting himself for Part II of the M.S. Examination for the first time shall submit, with his application for admission to the examination, five written copies of dissertation, prepared under the direction and guidance and to the satisfaction of his University teacher.

The dissertation may relate to a series of clinical cases, autopsy records, discussion of a topic (modern or historical) or a review of the work on a specific theme. The dissertation shall be referred to the Examiners for Part II of the examination for the particular branch and acceptance of it by the Examiners shall be a condition precedent to his being admitted to the Examination. It may form the basis of the viva-voce examination and due credit may be given to the same.

In case the dissertation is rejected, the Examiners shall clearly specify the reasons for the same for the guidance of the candidate.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૩૨

સને ૧૯૬૦ના માર્ચ/ઍપ્રિલ તથા ઑક્ટોબર માસમાં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાપ્તિકો, પરીક્ષકો, નિરીક્ષકો તેમજ કાર્યાલયના સભ્યોની થયેલ ભૂલોના કેસો ઉપર વિચારણા કરવા પરીક્ષા-શુદ્ધિ સમિતિની એક બેઠક યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર, તા. ૨૪-૨-૧૯૬૧ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર
૩. શ્રી. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૪. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર
૫. પ્રિ. એસ. આર. ભટ્ટ	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. એલ. આર. દેસાઈએ લીધું હતું.

૧. તા. ૨૪-૨-૬૧ની સદરહુ સમિતિની સભા સમક્ષના કામને લગતા સંબંધકર્તા બધા કાગળો રજૂ કરવામાં આવ્યા હતા અને પ્રત્યેક કેસના કાગળો જોઈ તપાસીને તથા તે અંગે વિગતે ચર્ચા-વિચારણા કરીને આ સમિતિએ સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવા ઠરાવ્યું :

તા. ૧૭-૧-૬૧ના રોજ મળેલ પરીક્ષા-શુદ્ધિ સમિતિના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. **બીજી એલએલ.બી. ઑક્ટોબર ૧૯૬૦—વિદ્યાર્થી નં. ૧૫૨.**—ઑક્ટોબર ૧૯૬૦માં લેવાયેલ બીજી. એલએલ.બી.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૫૨ એ પોતે Equity, Trust & Specific Relief ના પેપરમાં હાજર હોવા છતાં ગેરહાજર કેમ દર્શાવ્યો છે તે અંગે તેના તા. ૨૪-૧૧-૬૦ના પત્ર ઉપરથી લાગતાવળગતા જુનિયર સુપરવાઇઝરના ખુલાસા તેમજ યુનિવર્સિટી દફ્તર ચકાસતાં તે સદરહુ વિષયમાં ગેરહાજર માલૂમ થતાં શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબના આદેશ અનુસાર વિદ્યાર્થીને જણાવેલ કે ઉપરોક્ત પ્રશ્નપત્રમાં તેમની ગેરહાજરી દર્શાવવામાં કાર્યાલયની ભૂલ થઈ એમ જણાતું નથી એ બાબતની આ સભા નોંધ લે છે. વધુમાં વિદ્યાર્થીના તારીખ ૨૦-૨-૬૧ના પ્રત્યુત્તરમાં જવાબ આપવો કે ઉત્તરવહીઓ જોવા અંગેની તેમની વિનંતી માન્ય થઈ શકે નહિ.

૩. ઑક્ટોબર ૧૯૬૦માં લેવાયેલ બી.કૉમ.ની પરીક્ષામાં અંગ્રેજી વિષયની મૂળ હસ્તપ્રતમાં સવાલ નં. ૨ (અ)માં કુલ ત્રણમાંથી એક લખવાની સૂચના અને સવાલ નં. ૨(બ)માં કુલ ચારમાંથી બે લખવાની સૂચના પ્રાપ્તિકોએ આપી હતી પરંતુ કાર્યાલયની સૂચના મુજબ અમદાવાદ કેન્દ્ર ઉપર

મુખ્ય નિરીક્ષકે તે પ્રશ્નપત્રમાં સદરહુ સવાલ ૨ (અ)માં ત્રણમાંથી બે અને સવાલ ૨ (બ)માં ચારમાંથી બે એવી સૂચના વિદ્યાર્થીઓને આપી તે સંબંધમાં પ્રાધિકારીએ જણાવેલ કે આ સુધારાની આવશ્યકતા ન હતી. આ સૂચના અમદાવાદ કેન્દ્રના મુખ્ય નિરીક્ષકે સ્પષ્ટતા માગતાં શ્રી. રજિસ્ટ્રાર સાહેબની હાજરીમાં કે રજિસ્ટ્રારે આપી હતી. આ સમિતિએ આ બાબતની નોંધ લેવા ઠરાવ્યું.

૪. સને ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૦૭ ને તેમને ૧૯૫૯માં બી.એ.નાં સત્રો ભરવાનો લાભ મળ્યો હોવાથી ફક્ત તર્કશાસ્ત્રના વિષયમાં જ બેસવાનું હતું અને તે પ્રમાણે તે ફક્ત તર્કશાસ્ત્રના જ વિષયમાં બેઠેલ પણ આવેદનપત્રમાં મુક્તિ અંગે કાંઈ વિગત દર્શાવી નહિ હોવાથી તેમને તેઓ તમામ વિષયમાં બેસનાર છે તેમ માની તેમનું આવેદનપત્ર ગોઠવાયું અને પરિણામપત્રક તૈયાર કરતાં તેઓ અન્ય વિષયોમાં તેમની ગેરહાજરી જણાયેલી હોઈ નાપાસ જાહેર કરેલ. સદરહુ ઉમેદવાર તર્કશાસ્ત્રના વિષયમાં ઉત્તીર્ણ થયેલ હોઈ વેળાસર આ ભૂલ જણાઈ હોત તો પાસ થઈ શકત, પરંતુ ઓ. ૧૪૬ પ્રમાણે પરિણામ ફેરવવાની મુદત વીતી ગઈ હોઈ તેમાં ફેરફાર થઈ શકે નહિ. તેવા શ્રી. ઉપકુલપતિએ આપેલ આદેશની નોંધ લેવામાં આવી.

૫. માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૧૨૬ એ.ટી.કે.ટી.ના ઉમેદવાર હોઈ તેઓ સદરહુ પરીક્ષામાં ફક્ત ભૂગોળ વિષયમાં બેઠેલ હતાં અને સાથે સાથે દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં પણ ૨૦૩ નંબરથી બેઠાં હતાં. આ બહેન પ્રથમ વર્ષ (પ્રી.-યુનિ.) વિનયનના ભૂગોળના વિષયમાં નાપાસ થતા હોવાથી તેમનું દ્વિતીય વર્ષ વિનયનનું પરિણામ અનામત રાખવું જોઈતું હતું, પણ કાર્યાલયની ભૂલથી તે જાહેર થયું, જેમાં તેમને પાસ થયેલાં બતાવવામાં આવ્યાં.

પ્રથમ વર્ષમાં એક જ વિષયમાં બેસનાર અને સાથે સાથે દ્વિતીય વર્ષમાં વિનયનમાં પણ બેસનાર વિદ્યાર્થીઓનાં નંબરોની યાદીમાં પ્રથમ વર્ષ એક જ વિષયમાં નાપાસ થયાને કારણે જેમનું દ્વિતીય વર્ષનું પરિણામ અનામત રાખવાનું હતું તે નંબરો દર્શાવતી યાદીમાં આ વિદ્યાર્થિનીનો નંબર નહિ દર્શાવવાની ભૂલ બદલ કાર્યાલયના સભ્ય શ્રી. આર. જે. પટેલને અને શ્રી. કે. બી. શાહને તાકીદ આપવી અને ભવિષ્યમાં આ બન્ને સભ્યોને કાળજીપૂર્વક કામ કરવા જણાવવું એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. માર્ચ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૩૪૦ના અંગ્રેજી વિષયની ઉત્તરવહીઓ મળી નહિ હોવાથી વિદ્યાર્થીને ગેરહાજર ગણી પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ બાબતમાં એમ. ટી. બી. કૉલેજના આચાર્ય મારફત તા. ૨૧-૨-૧૯૬૧ના રોજ આવેલ વિદ્યાર્થીની અરજી ઉપરથી આ કેસના તમામ કાગળો ફરી જોઈ ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ વિદ્યાર્થીના ઉત્તરપત્રો આવ્યાં નહિ હોવાથી તે અંગે વિશેષ કાંઈ કરવાપણું રહેતું નથી એમ જણાવતો ઘટતો જવાબ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.કૉમ.ની પરીક્ષામાં ગ્રુપ "સી"ના વિષયોના ગુણપરીક્ષકોનાં ગુણપત્રકોમાંથી ચકાસણી કર્યા સિવાય સીધા ઉતારવાના દોષના કારણે મૂળ ગુણપત્રોમાંથી સરવાળાની ભૂલો પરિણામપત્રકોમાં પણ રહી જવા પામી, જેને લઈને ચૌદ જેટલા વિદ્યાર્થીઓનાં પરિણામ સુધારવા પડેલ. આ બાબતમાં સદરહુ સમિતિની તા. ૧૭-૧-૧૯૬૧ના ઠરાવ ૬ અન્વયે શ્રી. રજિસ્ટ્રારનો

રિપોર્ટ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી પૂરી વિચારણા કરીને એમ ઠરાવવામાં આવ્યું કે આ દોષ બાબતમાં કાર્યાલયના સભ્ય શ્રી. આર. ડી. ભગતનો ખુલાસો સંતોષકારક નથી તેની આ સભા નોંધ લે છે અને શ્રી. આર. ડી. ભગતને ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે માટે ખાસ કાળજી રાખવા ગંભીર ચેતવણી આપવાની તથા તેની નોંધ તેમની સર્વિસ-બુકમાં રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ક. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૬૪

આગામી એપ્રિલ ૧૯૬૧માં જુદાં જુદાં કેન્દ્રો પર લેવાનાર બી.એ., બી.એસસી., લૉ, આયુર્વેદ, તબીબી, એન્જિનિયરિંગ તેમ જ અનુસ્નાતક વગેરે પરીક્ષાઓ માટે સીનિયર સુપરવાઇઝરોની યાદી

કેન્દ્ર	પરીક્ષાનું નામ	સીનિયર સુપરવાઇઝરનું નામ
અમદાવાદ કેન્દ્ર	બી.એસસી.	પ્રૉ. જે. આર. રાવ (જી. સી.)
		પ્રૉ. વી. એમ. ઠાકોર (જી. સી.)
		પ્રૉ. પી. વી. પારેખ (જી. સી.)
		પ્રૉ. ડી. એમ. દેસાઈ (જી. સી.)
	બી.એ.	પ્રિ. પી. જી. માવલંકર (એલ. ડી.)
		પ્રૉ. આર. વી. ઉપાધ્યાય (એલ. ડી.)
		પ્રિ. સી. જે. પટેલ (સરદાર)
		પ્રૉ. વી. એસ. વાણીકર (એલ. ડી.)
		પ્રૉ. બી. સી. દેસાઈ (જી. સી.)
		પ્રૉ. સી. આર. નાયક (જી. સી.)
		પ્રૉ. એચ. કે. બુખારી એચ. એ. ફ્રૉમર્સ
		પ્રૉ. એસ. આર. શાહ (બી. ડી.)
		પ્રૉ. એમ. સી. શાહ (સરદાર)
		પ્રૉ. જે. એસ. કોલરી (પ્રકાશ)
		પ્રૉ. આર. કે. ધારિયા (સ્વામિ.)
	લૉ, એમ.એસસી.	પ્રિ. વાય. જી. નાયક (જી. સી.)
	(ગણિત સિવાય) અને	પ્રૉ. જે. ડી. ઓઝા (જી. સી.)
	એમ.કૉમ.	પ્રિ. ડી. ડી. દેસાઈ (સિટી લૉ)
	એમ.એ.,એમ.એસસી. (મેથ્સ.),	પ્રૉ. એન. બી. નાયક (જી. સી.)
	એમ.ડી.,એમ.એસ. અને	પ્રૉ. એસ. એમ. શાહ (જી. સી.)
	બી.એસસી. (મેડ.)	પ્રિ. એસ. આર. ભટ્ટ (બી. ડી.)
		પ્રૉ. સી. એન. પટેલ (પ્રકાશ)
	તબીબી પરીક્ષા	
	પહેલી બીજી અને ત્રીજી	ડૉ. ઈ. એમ. બેસ્ટ (બી. જે. એમ.)

કેન્દ્ર	પરીક્ષાનુ નામ	સીનિયર સુપરવાઇઝરનું નામ
	એમ.બી., બી.એસ.	ડૉ. એમ. એલ. રાવલ (બી. જે. એમ.)
	એન્જિનિયરિંગ	પ્રિ. એસ. કે. કાત્રક (એલ. ડી. એન્જિ.)
	એફ.ઈ., એસ.ઈ. અને બી.ઈ.	પ્રૉ. વી. જે. ભાની (એલ. ડી. એન્જિ.)
		પ્રૉ. કે. કે. શાહ (એલ. ડી. એન્જિ.)
ભાવનગર	બી.એ., બી.એસસી.	પ્રિ. જે. બી. સાણ્ડિલ (એસ. સી.)
		પ્રૉ. આઈ. આર. દવે (એસ. સી.)
		પ્રૉ. બી. એમ. ભટ્ટ (એસ. સી.)
		પ્રૉ. વી. સી. શાહ (એમ. જે.)
ભુજ	બી.એ., બી.એસસી.	પ્રિ. વાય. ડી. ભાવે (આર. આર. એલ.)
		પ્રૉ. સી. એ. શુકલ (આર. આર. એલ.)
		પ્રૉ. એચ. એન. રાવલ (આર. આર. એલ.)
ભરૂચ	બી.એ., બી.એસસી.	પ્રિ. કે. વી. દેસાઈ (જયેન્દ્રપુરી)
		પ્રૉ. જી. કે. જી. જોષી (જયેન્દ્રપુરી)
		પ્રૉ. આર. સી. જોષી (જયેન્દ્રપુરી)
		પ્રૉ. એન. એમ. વાલંદ (જયેન્દ્રપુરી)
વલસાડ	બી.એ., બી.એસસી.	પ્રિ. કે. જી. નાયક (એન. કે. એમ.)
		પ્રૉ. આઈ. એમ. પટેલ (એન. કે. એમ.)
		પ્રૉ. ડી. જે. પંડ્યા (એન. કે. એમ.)
		પ્રૉ. એમ. આર. ત્રિવેદી (એન. કે. એમ.)
		શ્રી. ડી. એમ. શાહ, (રિઝર્વ)
જામનગર	બી.એ., બી.એસસી.	પ્રિ. ટી. એમ. ઓઝા (ડી. કે. વી.)
		પ્રૉ. એસ. એન. ધ્રુવ (ડી. કે. વી)
		પ્રૉ. એમ. કે. ભટ્ટ (ડી. કે. વી.)
		પ્રૉ. એમ. જી. અમરોતકર (ડી. કે. વી.)
	મેડિકલ (પહેલી, બીજી અને એમ.બી., બી.એસ.)	શ્રી. એસ. એચ. બક્ષી (એમ. પી. શાહ)
	આયુર્વેદ (બી.એ.એમ.એસ.)	શ્રી. આઈ. ડી. મહેતા (આયુ.)
જૂનાગઢ	બી.એ., બી.એસસી.	પ્રિ. એન. એન. ભરૂચા (બહાઉદ્દીન)
		પ્રૉ. એન. વી. દવે (બહાઉદ્દીન)
		પ્રૉ. એ. એસ. પ્રભુદેસાઈ (બહાઉદ્દીન)
		પ્રૉ. પી. બી. ઝાલા (બહાઉદ્દીન)
મોરબી	એફ.ઈ., એસ.ઈ., બી.ઈ.	પ્રિ. એમ. એસ. યાજ્ઞિક (લખધીરજી)
		પ્રૉ. એચ. એસ. જૈન (લખધીરજી)

કેન્દ્ર	પરીક્ષાનું નામ	સીનિયર સુપરવાઇઝરનું નામ
નડિયાદ	બી.એ., બી.એસસી.	પ્રિ. એમ. ડી. અવસારે (જે. એન્ડ જે.)
		પ્રો. એમ. પી. પંડ્યા (જે. એન્ડ જે.)
		પ્રો. આર. એચ. માંધી (જે એન્ડ જે.)
		પ્રો. સી. સી. ત્રિવેદી (લૉ કૉલેજ)
નવસારી	બી.એ , બી.એસસી.	પ્રિ. એ. કે. ત્રિવેદી (ગાર્ડ)
		પ્રો. પી. ડી. ચંદ્રાત્રે (ગાર્ડ)
		શ્રી. પી. એચ. નાયક (ગાર્ડ)
		પ્રો. વી. એન. ઉપાધ્યાય (ગાર્ડ)
		પ્રો. એન. એન. પટેલ (ગાર્ડ)
		પ્રો. એમ. એફ. કુરેશી (ગાર્ડ)
રાજકોટ	બી.એ., બી.એસસી. અને લૉ પરીક્ષાઓ.	પ્રિ. એમ. એન. કોરગાંવકર (ધર્મે.)
		પ્રિ. એચ. એસ. સંઘવી (લૉ)
		પ્રો. એમ. જી. દેસાઈ (લૉ)
		પ્રો. યુ. સી. પંડ્યા (ધર્મે.)
		પ્રો. આર. આર. મિશ્રા (ધર્મે.)
		પ્રો. આઈ. યુ. દવે (ધર્મે)
સુરત	બી.એ., બી.એસસી., લૉ પરીક્ષાઓ તથા બી.એ.એમ.એસ.	પ્રિ. કે. એલ. દેસાઈ (એમ.ટી.બી.)
		પ્રો. વી. એમ. દેસાઈ (એમ.ટી.બી.)
		પ્રો. એસ. રામકૃષ્ણન્ (સાર્વજનિક)
		પ્રો. પી. એન. મોદક (,,)
		પ્રિ. સી. ડી. વ્યાસ (લૉ કૉલેજ)
		શ્રી. બાપાલાલ વૈદ્ય (નાઝર)
સુરેન્દ્રનગર	બી.એ., બી.એસસી.	પ્રિ. એમ. એમ. પારેખ (એમ. પી. શાહ)
		પ્રો. આર. એન. દેસાઈ (એમ. પી. શાહ)
		પ્રો. ડી. એન. પંડિત (એમ. પી. શાહ)
		પ્રો. એમ. જી. ઝાટેચા (એમ. પી. શાહ)
વિસનગર	બી.એ., બી.એસસી.	પ્રિ. કે. બી. વ્યાસ (એમ. એન.)
		પ્રો. આર. એસ. એટાઈ (એમ. એન.)
		પ્રો. આર. બી. શ્રીવાસ્તવ (એમ. એન.)
		પ્રો. એમ. એચ. પટેલ (એમ. એન.)

(નોંધ.—બી.એ.ની પરીક્ષા ૨૦ દિવસ ચાલે છે અને તેમાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા જુદી જુદી હોવાથી પ્રિન્સિપલ સિવાયનાને ચાર કે પાંચ દિવસનું મળે તેમ ગોઠવણ કરવામાં આવશે.)

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯

G.U.P. 1019-375-6-61

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૧ના એપ્રિલ માસની સભા, શનિવાર, તા. ૮-૪-૧૯૬૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. એમ. ડી. રાજપાલ, શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇંદ્રવદન એમ. નાણાવટી	હાજર
૮. શ્રી. ઘનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪. ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર
૧૫. આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૧૬. આચાર્ય ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૧૭. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૮. આચાર્ય વલ્લભરામ વા. વૈદ્ય	ગેરહાજર

૧. તા. ૪-૩-૧૯૬૧ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૬૧ના માર્ચ માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૪-૩-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૧ના માર્ચ માસની સામાન્ય સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ચાલુ જોડાણ, વધારાનું જોડાણ અથવા નવી કૉલેજો માટે જોડાણ આપવા અને માન્ય સંસ્થાઓ તરીકે માન્યતા આપવા માટે નીચે પ્રમાણે જુદી જુદી સંસ્થાઓ તરફથી જોડાણ/માન્યતા આપવા માટે આવેલ અરજીઓ પરત્વે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલનની ખાતરી કરવા માટે વિચારણા કરવા બાબત.

(અ) જોડાણ માટેની અરજીઓ

ક્રમાંક અરજદારનું નામ

૧. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. ,, ,,
૩. શ્રી. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા
૪. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ
૫. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૬. શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચ
૭. શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત
૮. પાટણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાટણ
૯. શ્રી. ઉમેદરામ પંચાલ કૉલેજ, પિલવાઈ
૧૦. આર્ટ્સ કૉલેજ, ડભોઈ
૧૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૧૨. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૧૩. કલોલ આર્ટ્સ કૉલેજ, કલોલ
૧૪. શ્રી. કાન્તા સ્ત્રી વિકાસગૃહ, રાજકોટ
૧૫. આર્ટ્સ કૉલેજ, જામનગર (આર્યસમાજ)
૧૬. ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ (પત્રકારત્વ)
૧૭. ગાંધર્વ મહાવિદ્યાલય, અમદાવાદ
૧૮. સૌરાષ્ટ્ર સંગીત નાટક એકેડેમી, રાજકોટ
૧૯. ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ
૨૦. શેઠ સારાભાઈ મગનભાઈ ટ્રસ્ટ, અમદાવાદ
૨૧. એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા
૨૨. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ
૨૩. ડી. કે. વી. કૉલેજ, જામનગર
૨૪. એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર

૨૫. બી. ડી. કૉલેજ, અમદાવાદ
૨૬. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત
૨૭. શેઠ પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરા
૨૮. સર પી. ટી. સાયન્સ અને આર્ટ્સ કૉલેજ, મોડાસા
૨૯. શેઠ એચ. પી. આર્ટ્સ કૉલેજ, તલોદ
૩૦. એચ. એચ. મહેન્દ્રસિંહજી કૉલેજ, મોરબી
૩૧. આર. આર. લાલન કૉલેજ, ભુજ
૩૨. નૂતન કેળવણી મંડળ, વલસાડ
૩૩. ખંભાત સાયન્સ કૉલેજ, ખંભાત
૩૪. બીલીમોરા આર્ટ્સ કૉલેજ, બીલીમોરા
૩૫. અમરેલી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમરેલી
૩૬. કપડવંજ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, કપડવંજ
૩૭. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૮. સોમનાથ કૉલેજ, વેરાવળ
૩૯. ગુજરાત કેળવણી ટ્રસ્ટ (આર્ટ્સ સહિત લૉ), અમદાવાદ
૪૦. ગુજરાત લૉ સોસાયટી — એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૪૧. સિટી લૉ કૉલેજ, અમદાવાદ
૪૨. ,, ,,
૪૩. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ
૪૪. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર
૪૫. પીપલ્સ ન્યૂ એજ્યુકેશન સોસાયટી (આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ), અમદાવાદ
૪૬. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
૪૭. ઉપલેટા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઉપલેટા
૪૮. સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટી, સુરેન્દ્રનગર
૪૯. શ્રી. વિદ્યોતેજક મંડળ, જામનગર
૫૦. એમ. એસ. ભગત અને સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ
૫૧. શ્રી. ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર
૫૨. એ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત
૫૩. એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ
૫૪. સાર્વજનિક સેકન્ડરી ટીચર્સ કૉલેજ, સુરત
૫૫. ઇજનેરી કૉલેજ, સુરત

(બ) માન્યતા માટેની અરજીઓ

૫૬. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત
૫૭. શ્રી. શારદાપીઠ વિદ્યાસભા, દ્વારકા

આથી હરાવવામાં આવે છે કે, ઉપરની કૉલેજો તથા સંસ્થાઓના જોડાણની/માન્યતાની શરતોના

યથાર્થ પરિપાલન અંગે જરૂર પડે તો એક કે એકથી વધુ માણસોની સ્થાનિક તપાસસમિતિઓ નીમીને પણ ખાતરી કરીને જોડાણ આપવાની રાજ્ય સરકારને ભલામણ કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩. ત્રિવાર્ષિક તપાસસમિતિની તા. ૨૦-૨-૧૯૬૧ના રોજ મળેલ બેઠકમાં થયેલી નીચેની ભલામણો મંજૂર કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચે મુજબનાં સમિતિએ કરેલાં સૂચનોનો કૉલેજોમાં અમલ થવા માટે ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને વિનંતી કરવી :

(અ) સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયોનાં રસોડાં સહકારી ધોરણે વિદ્યાર્થીઓ ચલાવે એ ઇચ્છવા યોગ્ય છે, એમ આ સમિતિનું ચોક્કસપણે માનવું છે. આ પ્રથા અમલમાં મૂકવા કૉલેજોના આચાર્યોને પરિપત્ર પાઠવવો.

(બ) વધારાના શિક્ષકો (જેવા કે ફાર્મકૉલોજીના જુનિયર લેક્ચરર અને પેથોલોજી વિભાગની ચાર જગ્યાઓ) નિમાયા છે કે નહિ, તેની ખાતરી બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના આચાર્ય પાસેથી માહિતી મેળવી કરી લેવી.

(ક) યુનિવર્સિટીના રીડરે પીએચ.ડી.ના માન્ય શિક્ષક (Guide) તરીકે પણ કાર્ય કરવું જોઈએ એવી સમાજ વિદ્યાભવનની તપાસસમિતિએ કરેલ ભલામણ પરત્વે ઘટતાં પગલાં લેવાં.

(ડ) જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદમાં અધ્યાપનકાર્ય કરતા શ્રી. બી. જે. દેસાઈની લાયકાત અને અનુભવ અંગેની વિગતો મગાવીને તે બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર નિર્ણય લેવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી."

૬૯. તા. ૨૪-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ :

આથી આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયો અંગે નીચે દર્શાવેલી બાબતો અમલી બનાવવા સંલગ્ન કૉલેજોના આચાર્યોને સૂચવે :

૧. કૉલેજની દોરવણી હેઠળ વિદ્યાર્થીઓ પોતે જ પોતાના રસોડાનું સંચાલન કૉલેજના કોઈ અધ્યાપક કે અન્ય સ્ટાફના સભ્યોની દોરવણી નીચે કરે તેવી વ્યવસ્થા રાખવી અને કૉન્ટ્રેક્ટની પ્રથા તો સદંતર દૂર કરવી.

૨. જો વિદ્યાર્થીઓ એ કામની જવાબદારી લેવા તૈયાર ન હોય તો કૉલેજના સંચાલક-મંડળે તે ચલાવવાની વ્યવસ્થા કરવી જોઈએ પણ કૉન્ટ્રેક્ટની પદ્ધતિ દૂર કરવી.

૩. ૨૦ અગર તેથી વધુ વિદ્યાર્થીઓ હોય તો છાત્રાલયમાં જ ભોજનાલય સ્થાપવું આવશ્યક ગણાશે.

૪. દરરોજ રાત્રે ૯-૦૦ કલાકે રેક્ટર અગર કોલેજ કે. સુપરિન્ટેન્ડન્ટ મારફતે હાજરી લેવાની વ્યવસ્થા કરવી જોઈએ.

બાબત નં. ૩-અ અને બાબત નં. ૬૯ની પણ વિચારણા કરવામાં આવી અને ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

૧. કૉલેજોની દોરવણી ઉપર વિદ્યાર્થીઓ પોતે જ પોતાના રસોડાનું સંચાલન કૉલેજના કોઈ અધ્યાપક કે અન્ય સ્ટાફની દોરવણી નીચે કરે તેવી વ્યવસ્થા કરવી અને કૉન્ટ્રેક્ટની પ્રથા તો સદંતર દૂર જ કરવી.

૨. જો વિદ્યાર્થીઓ રસોડું ચલાવવાની જવાબદારી લેવા તૈયાર ન હોય તો કૉલેજના સંચાલકમંડળે તે ચલાવવાની વ્યવસ્થા કરવી જોઈએ પણ કૉન્ટ્રેક્ટની પદ્ધતિ રાખવી જોઈએ નહિ.

૩. છાત્રાલયમાં ૨૦ અગર તેથી વધુ વિદ્યાર્થીઓ હોય તો હૉસ્ટેલમાં જ ભોજનાલય સ્થાપવું આવશ્યક છે.

૪. છાત્રાલયમાં દરરોજ રાત્રે નવ કલાકે રેક્ટર અગર ફેલો કે સુપરિન્ટેન્ડન્ટ મારફતે છાત્રોની હાજરી લેવાની વ્યવસ્થા કૉલેજે કરવી આવશ્યક રહેશે.

૩-બ. સદરહુ બાબત અંગે માહિતી આવ્યેથી ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩-ક. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કામ કરતા રીડરોને પીએચ.ડી.ની પદવી માટે માર્ગદર્શન આપવા માટે માન્યતા આપવાનો સવાલ બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ પરથી એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવામાં આવ્યો છે, તે જોતાં સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૩-ડ. સદરહુ બાબત અંગે માહિતી આવ્યેથી ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૪. તા. ૮-૧૧-૧૯૬૦ના રોજ મળેલ તબીબી વિદ્યાશાખાએ ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની, ચંદીગઢ મુકામે મળેલ ૩૪મી વાર્ષિક સભાના નીચેના ઠરાવ ઉપર આપેલા અભિપ્રાય અંગે વિચારણા કરવા બાબત :

Resolution of the Inter-University Board

"Resolved that in view of the fact that the American Board of Speciality is a recognised statutory authority and the examinations conducted by the Board are of a very high standard, the certificates awarded by the Speciality Board may be regarded as equivalent to M.D. and M.S. degrees of Indian Universities for purposes of appointments."

તબીબી વિદ્યાશાખાનો અભિપ્રાય

"This Faculty considered the resolution of the Inter-University Board and resolved that every particular certificate will be taken on merits, but it is not possible to accept every certificate."

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાને નીચે પ્રમાણે જવાબ આપવો :

"This University considered the resolution of the Inter-University Board of India and resolved that every particular certificate will be considered on its own merit."

૫. ઍકેડેમિક કાઉન્સિલે કરેલી તેની તા. ૧૬-૨-૧૯૬૧ની સભામાં આયુર્વેદના અભ્યાસક્રમમાં અનુસ્નાતક પદવી ઉમેરવાની ભલામણ પર વિચારણા કરવા બાબત તથા તે અનુસાર સ્ટે. ૧૭૮ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

સ્ટેચ્યુટ ૧૭૮ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

S. 178:

A convocation for conferring degrees and post-graduate diplomas shall be held ordinarily in the month of September or October on a date to be fixed by the Chancellor and on such other graduation day as may be appointed by the Chancellor or the Vice-Chancellor. At such convocation, the Dean of each Faculty, or in his absence, the senior member of each Faculty shall request the Senate to pass a grace in the first instance and then shall present to the Chancellor or the Vice-Chancellor and the convocation, the persons who have sought admission to the respective degrees or diplomas. Such presentation shall take place in the following order :

1. *In The Faculty of Arts:*
   (1) Bachelor of Arts,
   (2) Master of Arts,
   (3) Bachelor of Education,
   (4) Master of Education,
   (5) Doctor of Letters.

2. *In The Faculty of Science:*
   (1) Bachelor of Science,
   (2) Master of Science.

3. *In The Faculty of Technology Including Engineering:*
   (1) Bachelor of Engineering,
   (2) Master of Engineering.

4. *In The Faculty of Agriculture :*
   (1) Bachelor of Science (Agri.),
   (2) Master of Science (Agri.).

5. *In The Faculty of Law :*
   (1) Bachelor of Laws,
   (2) Master of Laws.

6. *In The Faculty of Medicine :*
   (1) Bachelor of Medicine and Bachelor of Surgery,
   (2) Doctor of Medicine,
   (3) Master of Surgery,
   (4) Bachelor of Science (Medical),
   (5) Master of Science (Medical),
   (6) Master of Pharmacy.

7. *In The Faculty of Commerce :*
   (1) Bachelor of Commerce,
   (2) Master of Commerce.

8. *In The Faculty of Ayurvedic Medicine :*
   (1) Bachelor of Ayurvedic Medicine & Surgery,
   (2) Master of Ayurvedic Medicine & Surgery.

9. *In Relevant Faculties :*
   (1) Doctor of Philosophy,
   (2) Doctor of Science.

૬. યુનિવર્સિટીઓ પોતાની અસ્કયામત પર લૉન ઉપર નાણાં મેળવી શકે તેમજ રાજ્ય સરકાર અને મધ્યસ્થ સરકાર પાસેથી નાણાં ઉછીનાં લઈ શકે તેવી જોગવાઈ કરવા યુનિવર્સિટીના કાયદાકાનૂનમાં સુધારો કરવા, મહારાષ્ટ્ર રાજ્યના શિક્ષણાધિકારીએ "ઉપકુલપતિશ્રીઓના સંયુક્ત મંડળ"ના મંત્રી તેમજ ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રારને લખેલ તા. ૭ માર્ચ, ૧૯૬૧ના પત્રાંક એસ-૯૬/૨-એ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ 19 (*ix*) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે સેનેટ તથા રાજ્ય સરકારને વિનંતી કરવી:

19 (ix):

To manage and regulate the finances, accounts and investments of the University and to raise loans, if necessary, on the securities of its assets.

(મહારાષ્ટ્ર સરકારના શિક્ષણાધિકારીના તા. ૭મી માર્ચ, ૧૯૬૧ના પત્રાંક એસ-૯૬/૨-એ તથા તેની સાથે જોડેલ મુંબઈ રાજ્યના શિક્ષણાધિકારીના તા. ૨૭-૨-૧૯૬૦ના પત્રાંક એસ-૯૬-૨-એની નકલો પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૭. સેનેટે તેની તા. ૯/૧૦-૩-૧૯૬૧ની સભામાં "રિફર-બૅક" કરેલા નીચેના ઑર્ડિનન્સો :

નવા ઘડેલા ઑર્ડિનન્સો : ૮૩-એ, ૩૦૦ (૯).

સુધારેલા ઑર્ડિનન્સો : ૬૫-કે, ૧૨૦-એ, ૧૨૯નો સંબંધકર્તા ભાગ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

૧. **ઑ. ૮૩-એ** સુધારવા માટેની વિચારણા મોકૂફ રાખવી.

૨. **ઑ. ૩૦૦ (૯)** નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો, તથા સુધારેલ ઑર્ડિનન્સ ૩૦૦ (૯)ને તાત્કાલિક અમલમાં લાવવો :

"A person who has to his credit teaching experience in a Department of an affiliated College or a Recognised Institution atleast for a period of five years, may be allowed to appear at the M. Sc. (Med.) Examination in the subject that he is teaching withou filling up any term, provided that (*i*) he has passed his B. Sc. (Med.) Examination, (*ii*) submits the necessary dissertation; and (*iii*) has registered himself as a Post-graduate student by applying through the Principal of his College or the Head of the Institution as the case may be, atleast one term before appearing at the Examination."

૩. **ઑ. ૬૫-કે:** સદરહુ ઑર્ડિનન્સ સુધારવાની બાબત તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી આપવી.

૪. **ઑ. ૧૨૦-એ:** સદરહુ ઑર્ડિનન્સ સુધારવાની બાબત વિજ્ઞાનની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી આપવી.

૫. **ઑ. ૧૨૯:** સદરહુ ઑર્ડિનન્સ સુધારવા બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮. પ્રથમ એમ.બી.બી.એસ.નો અભ્યાસક્રમ બે વર્ષનો હોઈ ઑ. ૨૫૯માં જરૂરી સુધારો કરવા બાબત તથા સુધારેલો ઑર્ડિનન્સ જૂન ૧૯૬૦થી અમલમાં લાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૨૫૯ સુધારવો તથા સુધારેલા ઑર્ડિનન્સને જૂન ૧૯૬૦થી અમલમાં આવેલો ગણવો.

(સુધારેલા ઑર્ડિનન્સની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૯. મેડિસિન-સર્જરીની અભ્યાસસમિતિની તા. ૧૦-૧-૧૯૬૧ની સભાની ભલામણોને અનુલક્ષીને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

"૧. આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલા ઑર્ડિનન્સ ૨૭૩, ૨૭૮, ૨૮૧, ૨૮૪, ૨૮૬, ૨૯૧, ૨૯૪ અને ૨૯૭ તથા સુધારેલા રેગ્યુલેશન ૧૮૫, ૧૮૫-એ, ૧૮૮ અને ૧૮૮-એને મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૮૮, ૨૮૯ અને ૨૯૦ તથા રેગ્યુલેશન ૧૮૪ અને ૧૮૭ રદ કરવા.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, જૂના નિયમો પ્રમાણે પાર્ટ ૧ની પરીક્ષા જૂન ૧૯૬૧ પછી લેવાનું બંધ રાખવું, તથા જૂના નિયમો પ્રમાણે પાર્ટ ૧માં પાસ થનાર વિદ્યાર્થીને માટે હાલ પાર્ટ ૧ના પ્રશ્નપત્રમાં આવી જતા વિષય કે વિષયોમાંથી ઑક્ટોબર ૧૯૬૧માં થનાર પરીક્ષામાં પૂછવામાં ન આવે તે અંગે ઘટતી સૂચના આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલા ઑર્ડિનન્સો ૨૭૩, ૨૭૮, ૨૮૧, ૨૮૪, ૨૮૬, ૨૯૧, ૨૯૪ અને ૨૯૭ તથા સુધારેલા રેગ્યુલેશનો ૧૮૫ અને ૧૮૮ને મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(સદરહુ સુધારેલા ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨. આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૮૮, ૨૮૯, અને ૨૯૦ તથા રેગ્યુ. ૧૮૪, ૧૮૫-એ, ૧૮૭ અને ૧૮૮-એ રદ કરવા.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, જૂના નિયમો પ્રમાણે એમ.ડી. અને એમ.એસ., પાર્ટ ૧ની પરીક્ષા જૂન ૧૯૬૧ પછી લેવાનું બંધ રાખવું તથા જૂના નિયમો પ્રમાણે પાર્ટ ૧માં પાસ થનાર વિદ્યાર્થી માટે પાર્ટ ૨ની પરીક્ષા, જૂના નિયમ પ્રમાણે, જુદી લેવાની રાખવી.

(**નોંધ.**— પાર્ટ ૨નાં પ્રશ્નપત્રોમાં જૂના અને નવા અભ્યાસક્રમ પ્રમાણે બેસતા વિદ્યાર્થીઓને માટે પોતપોતાના અભ્યાસક્રમ પ્રમાણે વૈકલ્પિક પ્રશ્ન કે પ્રશ્નો પૂછવા માટે જરૂરી સૂચના પ્રાશ્નિકોને આપવી.)

૧૦. સ્ટે. ક્રમાંક ૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત :

The Registered Trade Unions in the University area having the right to elect two members from amongst their members will be those whose names stand on the appropriate register with the Registrar of Trade Unions in the State as on 31st December preceding the date of election and are intimated by him to the University Registrar before the following 15th of January.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેચ્યુટ ૩ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

૧૧. તા. ૮-૧૧-૧૯૬૦ના રોજ મળેલ તબીબી વિદ્યાશાખાએ સિન્ડિકેટના તા. ૨૭-૮-૧૯૬૦ના ઠરાવ મુજબ સ્ટે. ૩૬ સુધારવા માટે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

St. 136 :

For all purposes of the Act —

(*a*) The term 'Teacher' within the meaning of Section 2, Sub-clause (12) shall include —

(*i*) Professors, Readers and Lecturers giving instruction in a recognised Institution, or an affiliated College or a University Department or other persons holding appointments of similar character;

(*ii*) Every person who is appointed or recognised as a theacher of the University as defined by Section 2(13);

(*iii*) Instructors of Physical Training who are graduates and hold diploma in Physical Education, provided they are on the permanent staff in a college;

(*iv*) (*a*) Honoraries or Assistant Honoraries who are Tutors in Medical Colleges,

(*b*) Honorary consultants in Medical Colleges or recognised Institutions provided they put in teaching/research guidance to post-graduate students for a minimum of four hours a week.

Notwithstanding anything contained in (*i*), (*ii*) and (*iii*) above the name of a part-time teacher who does not work for atleast four periods a week or in the case of a teacher doing exclusively research guidance, for atleast four hours a week in any one affiliated college, recognised Institution or the University Department, shall not be included in the electoral roll of teachers in any Faculty.

(*b*) Teachers imparting instruction in High School in the University area for not less than twelve hours or eighteen periods per week, whichever is less are declared to be Secondary Teachers under Sec. 2 (10).

(*c*) The term 'Head Master' shall mean the bead of a High School.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. ડિપ્લોમા-ઇન-ફિઝિકલ એજ્યુકેશનને આવરી લેતા સ્ટે. ૧૭૯ના પાઠમાં નીચે મુજબ સુધારો કરવા બાબત :

"S. 179 :

The University shall grant the following Diplomas to such persons as have undergone the prescribed courses at any college or colleges affiliated to, or any Institution or Institutions recognised by, or Department of the University and have passed the qualifying examination for the same in accordance with the Ordinances and Regulations :

Faculty of Arts including Education :

1. Diploma in Teaching (Dip.T.)
2. Diploma in Journalism (Dip.J.)
3. Diploma in Labour Welfare (D.L.W.)
4. Diploma in Drama (Dip.Dra.)
5. Diploma in Music (Dip.Mus.)
6. Diploma in Painting & Sculpture (Dip.P. & S.)
7. Diploma in Architecture (Dip.Arch.)
8. Diploma in Dancing (Dip.Dan.)
9. Diploma in Physical Education (D.P.Ed.)

Faculty of Law :

10. Diploma in Labour Laws and Practice (D.L.P.)
11. Diploma in Taxation Laws and Practice (D.T.P.)

Faculty of Medicine :

12. Diploma in Ophthalmology (D.O.)
13. Diploma in Anaesthesia (D.A.)
14. Diploma in Paediatrics (D.Paed.)
15. Diploma in Public Health (D.P.H.)
16. Diploma in E. N. T. (D.L.O.)
17. Diploma in Gynaecology & Obstetrics (D.G.O.)
18. Diploma in Veneriology and Dermatology (D.V. & D.)
19. Diploma in Medical Radiology & Electro-Therapeutics (D.M.R.E.)
20. Diploma in Pharmacy (Dip.Pharm.)

Faculty of Commerce :

21. Diploma in Statistics (D.S.)
22. Diploma in Business Management (D.B.M.)
23. Diploma in Industrial Management (D.I.M.)

and such other Diplomas in such Faculties as the Senate may, from time to time, institute in accordance with sub-clause (*vii*) of Section 18 (1) of the Gujarat University Act, 1949. "

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટની છેલ્લી સભામાં સ્ટેચ્યુટ ૧૭૯ સુધારવા માટે ઠરાવ કરવામાં આવ્યો છે, તે જોતાં હવે સ્ટેચ્યુટ ૧૭૯માં વધુ ફેરફાર કરવાની જરૂર લાગતી નથી.

૧૩. સિન્ડિકેટે તેની તા. ૨૭-૮-૧૯૬૦ની સભામાં, સ્ટે. ૨૦૨ ઉપર તેમ જ આચાર્ય ડૉ. ય. ગુ. નાયકના પત્રાંક ૧૧૩૦ ઉપર વિચારણા કરવા નીમેલ સમિતિએ ઘડેલ સ્ટે. ૨૦૨ તેમ જ આચાર્ય ડૉ. ય. ગુ. નાયકના પત્ર પરથી, અનુસ્નાતક ભવનોના વહીવટ માટે સૂચવાયેલ ઑર્ડિનન્સના પાઠ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૨૦૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

St. 202 :

The following shall be the University Schools and Departments for teaching and research in the University :

(*i*) *University School of Social Sciences :*

This School shall provide for Post-graduate instruction and guide research work in the following subjects :

(1) Economics,
(2) Sociology,
(3) Politics,
(4) Statistics,
(5) Labour Welfare,
(6) History,
(7) Business Management and Industrial Management.

This School may also impart such instructions in Diploma Courses and Certificate Courses as may be instituted by the Senate from time to time.

(*ii*) *University School of Languages :*

This School shall provide for Post-graduate instruction and guide research work on the following subjects :

(1) Gujarati,
(2) Modern & Ancient Indian & Forein Languages,
(3) Linguistics.

(*iii*) *The University School of Psychology, Education and Philosophy :*

This School shall provide for Post-graduate instruction and research work in the following subjects :

(1) Psychology,
(2) Education,
(3) Philosophy.

(*iv*) *The University School of Sciences :*

This School shall provide instruction and guide research work in the following subjects and branches :

(1) Physics (Pure and Applied) and all its branches including —
  (1) Experimental and Theoretical Physics,
  (2) Astro-Physics; and
  (3) Bio-physics.
(2) Chemistry (Pure and Applied) and all its branches including —
  (1) Inorganic Chemistry,
  (2) Organic Chemistry,
  (3) Physical Chemistry,
  (4) Bio-chemistry,
  (5) Chemical Technology including Chemical Engineering.
(3) Mathematics (Pure and Applied) and all its branches including Statistics.
(4) Botany and all its branches including Paleo-Botany and Zoology and all its branches.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સમિતિએ સૂચવેલા ઑર્ડિનન્સ મંજૂર કરવા નહિ.

૧૪. વિનયનની વિદ્યાશાખા માટે સત્રો અને હાજરી સંબંધમાં અનુક્રમે ઑર્ડિ. ક્રમાંક ૭૫ અને ૭૮માં જોગવાઈ છે, તે જોતાં અને ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમ વિનયન વિદ્યાશાખામાં આવતો હોઈ તેમાં તે માટેનો ઑર્ડિ. ૧૯૦-બી બિનજરૂરી લાગતો હોઈ ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની ભલામણ મુજબ રદ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૯૦-બી તાત્કાલિક રદ કરવો.

૧૫. એમ.એ. ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમ અંગેનો રે. ૨૯-બી નવો ઉમેરવા બાબતની ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ પરત્વે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની ભલામણ:

રે. ૨૯-બી નવો ઉમેરવાથી રે. ૨૨ અને રે. ૩૦-બી નીચે મુજબ સુધારવાના રહેશે:

R. 22:

The examination will comprise the following branches:

(*i*) Languages,

(*ii*) Social Sciences--History, Economics, Sociology, Politics and Archaeology,

(*iii*) Philosophy,

(*iv*) Mathematics & Statistics,

(*v*) Ancient Indian Culture,

(*vi*) Islamic Culture,

(*vii*) Psychology,

(*viii*) Home Science.

R. 30(b):

To pass the examination in (*i*) Social Sciences, (*ii*) Philosophy, (*iii*) Ancient Indian Culture, (*iv*) Islamic Culture, (*v*) Psychology; and (*vi*) Home Science, the candidate must obtain, (*i*) one-fourth of the full marks in each paper; and (*ii*) three-eighth of the total marks obtainable.

આથી ઠરાવવામાં આવે છે કે, રે. ૨૯-બી સુધારવા માટે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા સદરહુ રેગ્યુ. ૧૫મી જૂન ૧૯૬૧થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. ૨૯-બીની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, રે. ૨૨ અને ૩૦-બી ઉપરોક્ત પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા સુધારેલા રેગ્યુલેશન ૨૨ અને ૩૦-બીને ૧૫મી જૂન ૧૯૬૧થી અમલમાં મૂકવા.

૧૬. તા. ૧૬-૨-૧૯૬૧ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"M.E. Examination dissertation should be submitted within four years from the date of Registration, but passing in dissertation is a condition precedent for being declared successful at the Examination."

(નોંધ.—ઉપરની ભલામણ રે. ૧૧૧માં નોંધ તરીકે ઉમેરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી **તથા** રે. ૧૧૧માં ઉપરની નોંધ ઉમેરવી, **તથા** સુધારેલ ઑર્ડિ. ૧૧૧ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૭. ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન "કોરસ્પોન્ડન્સ કોર્સીઝ" અને "ઇવનિંગ કોર્સીઝ" યુનિવર્સિટીમાં દાખલ કરવા અંગે સૂચનો અને મંતવ્યો મગાવતાં ભારતસરકારના શિક્ષણખાતાના તા. ૩૦-૧-૧૯૬૧ના પત્રાંક એફ. ૧૩-૪-૬૦-યુ-૪ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની ભલામણ:

૧. અભ્યાસના ધોરણમાં કશી પણ બાંધછોડ ન થાય તે દૃષ્ટિ ખ્યાલમાં રાખીને પસંદ કરેલી કૉલેજોમાં સાંજના વર્ગો ચલાવવા માટે પરવાનગી આપવાની તરફેણમાં આ યુનિવર્સિટી છે, પણ તે માટે જુદા શિક્ષકો નીમવા જોઈએ, અને શિક્ષકોનાં પગારધોરણ દિવસોની કૉલેજમાં કામ કરતા શિક્ષકોનાં પગારધોરણો કરતાં વધારે રાખવાં જોઈએ નહિ.

૨. આ યુનિવર્સિટીમાં વિનયનની વિદ્યાશાખામાં બી.એ.ની પદવી પરીક્ષા સુધીનો અભ્યાસક્રમ ખાનગી રાહે પણ કરી શકાય તેવી જોગવાઈ કરવામાં આવેલી છે, તેને બદલે પત્રવ્યવહારથી અભ્યાસ કરવા-કરાવવાની જોગવાઈ થાય તો તે વિદ્યાર્થીઓને માટે વધુ હિતકારક નીવડશે એમ આ યુનિવર્સિટી માને છે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતોમાં ભારત સરકારના શિક્ષણખાતાને નીચેના સારનો અભિપ્રાય જણાવવા માટે ઘટતો પત્ર લખવો :

૧. અભ્યાસના ધોરણોમાં કશી પણ બાંધછોડ ન થાય તે દૃષ્ટિ ખ્યાલમાં રાખીને પસંદ કરેલી કૉલેજોમાં સાંજના વર્ગો ચલાવવાની તરફેણમાં આ યુનિવર્સિટી છે પણ તે માટે જુદા શિક્ષકો નીમવા જોઈએ અને એ શિક્ષકોનાં પગારધોરણ દિવસની કૉલેજમાં કામ કરતા શિક્ષકોનાં પગારધોરણ કરતાં વધારે રાખવાં જોઈએ નહિ.

૨. આ યુનિવર્સિટીમાં વિનયનની વિદ્યાશાખામાં બી.એ.ની પદવી પરીક્ષા સુધીનો અભ્યાસક્રમ ખાનગી રાહે પણ કરી શકાય તેવી જોગવાઈ કરવામાં આવી છે. તે બાબત પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું ધ્યાન ખેંચવું અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પત્રવ્યવહારથી અભ્યાસ કરવા-કરાવવાની જોગવાઈ થાય તો આ યુનિવર્સિટી તેમાં ઘટતો સહકાર આપશે.

૧૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. ટી. દેસાઈ (ગુજરાત રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ)ને ધારાશાસ્ત્રની વિદ્યાશાખા પર લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૯. પરીક્ષકો તરફથી આવતા રિપોર્ટ બાબતમાં ગણિતની અભ્યાસસમિતિની તા. ૯-૯-૧૯૬૦ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાએ મંજૂર કરવા તથા જૂન ૧૯૬૧થી અમલમાં મૂકવા ભલામણ કરી છે, તે અંગે વિચારણા કરવા બાબત :

"As far as B.Sc. (Prin.) is concerned, the desirability of having a compulsory question is not appreciated. On the other hand it is recommended that if one paper covers more than one branch of a subject, the question paper must be divided into two sections."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે પૂરતી સ્પષ્ટતા કરવા માટે તથા તે અંગે સંબંધકર્તા રેગ્યુલેશનમાં સ્પષ્ટ સુધારો સૂચવવાના સૂચન સાથે આ બાબત વિજ્ઞાનની વિદ્યાશાખાને વિચારણા માટે મોકલી આપવી.

૨૦. સને ૧૯૫૯ના ઑક્ટોબર માસમાં તેમજ એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ એમ.બી.બી.એસ. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓની એનેટોમી અને ફિઝિયોલોજી વિષયોની આવડત તથા તેઓની અભિવ્યક્તિ બાબતમાં શી પરિસ્થિતિ છે તેનો ક્યાસ કાઢીને સિન્ડિકેટને રિપોર્ટ કરવા મળેલ સમિતિના તા. ૨૦-૩-૧૯૬૧ના રિપોર્ટ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રિપોર્ટની નોંધ લેવા તથા તબીબી વિદ્યાશાખાની એઉ ફૅકલ્ટીને તે પરિપત્રિત કરવો.

૨૧. સને ૧૯૬૧ના પ્રથમ છ માસ દરમિયાન લેવામાં આવનાર પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ લીધેલા ગેરવાજબી ઇલાજો તથા પ્રાશ્નિકો, પરીક્ષકો, મુખ્ય નિરીક્ષકો તથા પ્રૂફ સુધારનારની ક્ષતિઓ ઉપર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—૧૯૬૦ના વર્ષ માટે નીચે પ્રમાણે સભ્યો નિમાયા હતા :

૧. શ્રી. ઉપકુલપતિ;
*૨. શ્રી. હિંમતલાલ પી. શુકલ;
૩. ડૉ. મોતીભાઈ પટેલ;
૪. શ્રી. બિહારીલાલ પો. શાહ;
*૫. શ્રી. એલ. આર. દેસાઈ.)

*નં. ૨ અને ૫ની જગ્યાએ પાછળથી શ્રી. મગનભાઈ પી. દેસાઈ અને પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ નિમાયા હતા.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૬૧ના પ્રથમ ૭ માસ દરમિયાન લેવાતી પરીક્ષામાં વિદ્યાર્થીઓએ લીધેલા ગેરવાજબી ઇલાજો તથા પ્રાધ્યિકો, પરીક્ષકો, મુખ્ય નિરીક્ષકો તથા પ્રૂફ સુધારનારાઓ તથા કાર્યાલયના સભ્યોની ભૂલો પર વિચારણા કરીને સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી:

૧. ઉપકુલપતિશ્રી;
૨. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ;
૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ;
૪. શ્રી. બિહારીલાલ પો. શાહ;
૫. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ.

૨૨. નેત્રહીન વિદ્યાર્થીઓને પરીક્ષા-ફીમાંથી મુક્તિ આપવાનું નક્કી કરેલું હોઈ ઓ. ૧૨૯-એનો પાઠ મંજૂર કરવા બાબત.

O. 129-A :

Notwithstanding anything contained in the above Ordinance, a blind candidate appearing at any of the examinations of this University will be exempted from payment of examination fees on production of a certificate regarding his blindness from a Civil Surgeon or the Principal of an affiliated College or a member of the Senate for the time being or Gazetted Government Officer.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑડિ. ૧૨૯-એનો ઉપરનો પાઠ મંજૂર કરવો તથા તે નવા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલ ગણવો.

૨૩. યુનિવર્સિટીનાં પ્રકાશનો તૈયાર કરાવવા બાબત સિન્ડિકેટે તેની તા. ૩-૧૨-૧૯૬૦ની બેઠકમાં નીમેલી સમિતિના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(**નોંધ.**—આ બાબતની વિચારણા કરવા માટે સિન્ડિકેટની એક ખાસ સભા તા. ૧૭-૪-૧૯૬૧ના રોજ બોલાવવાનું સૂચવવામાં આવ્યું હતું.)

૨૪. ત્રીજી પંચવર્ષીય યોજનાના ગાળા દરમિયાન યુનિવર્સિટીની વિકાસયોજનાના સુધારેલા મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ત્રીજી પંચવર્ષીય યોજનાના ગાળા દરમિયાન યુનિવર્સિટીની વિકાસ યોજનાનો સુધારેલો મુસદ્દો મંજૂર કરવો તથા તે યોજના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તથા રાજ્ય સરકારને મોકલી આપવી.

(**નોંધ.**—રાજ્યસરકારને યોજના મોકલતી વખતે ચાલુ યોજનાઓ ઉપરથી થનાર ખર્ચ તથા વિકાસયોજનાઓ અંગે થતા ખર્ચના આંકડાઓનો જુદો ફોડ બતાવવો એમ કાર્યાલયને સૂચન આપવામાં આવ્યું હતું.)

૨૫. યુનિવર્સિટીમાં દાખલ થવા માટે વયમર્યાદા બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી આવેલા તા. ૨૮-૧-૧૯૬૧ના પત્રાંક એફ. ૩૩-૧૧૪-૫૯/સીયુપી પરત્વે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને નીચે પ્રમાણે અભિપ્રાય જણાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી:

ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમમાં દાખલ થવા માટે વિદ્યાર્થીની વય મર્યાદા ૧૬+ રાખવાની તરફેણમાં આ યુનિવર્સિટી છે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૨૬. ચંદીગઢ મુકામે ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડની તા. ૨૩/૨૪-૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકમાં પસાર કરવામાં આવેલ નીચેના બે ઠરાવો પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી યુનિવર્સિટીનાં મંતવ્યો મગાવ્યાં હોવાથી તે પરત્વે વિચારણા કરવા બાબત.

"(*a*) That a system of automatic promotion of good teachers to higher grades even if there be no vacancy in such grades be introduced; and

(*b*) Resolved to recommend to the Universities that any one who has been in any grade other than that of 'Professor' on the maximum of the scale for three years or more be considered for the grant of a special personal allowance which allowance may also be graded."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના બેઉ ઠરાવોની તરફેણમાં આ યુનિવર્સિટી નથી, એમ ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડને જણાવવું.

૨૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, માસ્ટરની પદવી પરીક્ષામાં એક વાર પાસ થયેલો વિદ્યાર્થી, તે પરીક્ષામાં તે જ વિષયો સાથે ફરીથી બેસીને પોતાનો વર્ગ સુધારવા ઇચ્છતો હોય તો તેવા વિદ્યાર્થીને નવાં સત્રો ભર્યા સિવાય ફરીથી પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવાની તરફેણમાં આ યુનિવર્સિટી છે, એમ યુનિ. ગ્રાન્ટ્સ કમિશનને અભિપ્રાય જણાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, માસ્ટરની પદવી પરીક્ષામાં એકવાર પાસ થયેલો વિદ્યાર્થી તે પરીક્ષામાં તે જ વિષયો સાથે ફરીથી બેસીને પોતાનો વર્ગ સુધારવા ઇચ્છતો હોય તો તેવા વિદ્યાર્થીને ફરીથી બેસવા માટે પરવાનગી આપવાની તરફેણમાં આ યુનિવર્સિટી નથી, એમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જણાવવું.

૨૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની ભલામણ અનુસાર ગૃહવિજ્ઞાનની પરિભાષા તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવા બાબત:

૧. પ્રિન્સ. ડૉ. ય. ગુ. નાયક;

૨. ડૉ. લીલાબહેન શાહ;

૩. ડૉ. એમ. ડી. દેસાઈ;

૪. કુ. મનોરમા દેસાઈ.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૯. સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિના સભ્ય તરીકે કામ કરતા ડૉ. વિક્રમ એ. સારાભાઈએ તે સમિતિમાંથી રાજીનામું આપેલ હોવાથી તેઓની જગ્યા ઉપર નવા સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સ્થાયી સમિતિ ઉપર ડૉ. વિક્રમ એ. સારાભાઈની જગ્યાએ ડૉ. જે. જે. દેસાઈની નિમણૂક કરવી.

૩૦. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એસ. જી. સપ્રાનો અજમાયશી સમય તા. ૧૩-૫-૧૯૬૧ના રોજ પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા બાબત:

શ્રી. એસ. જી. સપ્રાની કામગીરી બાબતનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમની જુનિયર ક્લાર્કની જગ્યા ઉપર તેમને તા. ૧૩-૫-૧૯૬૧થી કાયમ કરવા.

૩૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના સભ્યોનો અજમાયશી સમય તેઓનાં નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા બાબત:

૧. શ્રી. સોની કે. ડી.	ક્લાર્ક	૨-૬-૧૯૬૧
૨. શ્રી. પરમાર એમ. એફ.	લેબો. આસિસ્ટન્ટ	૩-૬-૧૯૬૧
૩. શ્રી. પરમાર જી. જે.	સ્ટોરકીપર	૭-૬-૧૯૬૧
૪. શ્રી. કાનપોરવાલા યુ. એફ.	લેબોરેટરી આસિસ્ટન્ટ	૯-૬-૧૯૬૧

સદરહુ સભ્યોની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે પછી ઠરાવવામાં આવ્યું કે, ઉપરના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા ઉપર અને તે તારીખથી કાયમ કરવા.

૩૨. યુનિવર્સિટી કાર્યાલયમાં જૂનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. કે. એન. શાહ રાજીનામું આપી છૂટા થયેલ હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

(તેઓ તા. ૩-૩-૧૯૬૦થી જોડાયા હતા અને તા. ૨૮-૨-૧૯૬૧ના રોજ છૂટા થયેલા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. એન. શાહને તેમના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર તેમને પરત કરવી.

૩૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. રાવળ આર. સી.નું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

(તેઓ તા. ૩-૮-૧૯૬૦થી જોડાયા હતા અને તા. ૩૧-૧-૧૯૬૧થી છૂટા થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. સી. રાવળને તેમના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર તેમને પરત કરવી.

૩૪. ૧૯૫૮-૫૯ના વર્ષના હિસાબ પરની ઑડિટ નોંધ ક્રમાંક એલ-૩૦બી-૧/૮૨૩ તથા ક્રમાંક એલ.-૩૦-બી-૧-૧૧૮૬ તથા તે પર ઑડિટ ઑફ એકાઉન્ટ્સની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સભામાં થયેલી ચર્ચાવિચારણાને અનુલક્ષીને સદરહુ ઑડિટ-નોંધનો જવાબ મોકલવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ ઑડિટ નોંધો તથા તેના જવાબોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે **સામેલ** છે.)

૩૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના, ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન યુનિવર્સિટી શિક્ષકોના પગારધોરણમાં વધારો સૂચવતા, પત્રાંક એફ. ૧-૮૦/૫૫ (એચ), તા. ૬-૩-૧૯૬૧ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિદ્યાભવનોના પ્રૉફેસર, રીડર તથા લેક્ચરરોનાં હાલનાં પગારધોરણમાં ફેરફાર કરવાની તરફેણમાં આ યુનિવર્સિટી નથી, એમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જણાવવું.

૩૬. "શ્રીમતી બાપીબાઈ છોટાલાલ ચોકસી શિષ્યવૃત્તિ" તથા "શ્રી. છોટાલાલ ત્રિકમલાલ ચોકસી શિષ્યવૃત્તિ"ના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ શિષ્યવૃત્તિ માટે ઘડેલા નિયમો મંજૂર કરવા.

(ઘડેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૩૭. તા. ૯-૩-૧૯૬૧ના રોજ મળેલ લેક્ચરર-ઇન-લેબર વેલ્ફેર તથા લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સની જગ્યા માટેની વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સમાજ વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-લેબર વેલ્ફેરની એક જગ્યા પર શ્રી. ઠક્કર જી. કે.ને રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૩૨૫થી બે વર્ષના પ્રોબેશન પર નીમવા.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, સમાજ વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

૩૮. વિજ્ઞાન વિદ્યાભવનમાં ખાલી પડેલ રીડર-ઇન-મેથેમેટિક્સની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૨૦-૩-૧૯૬૧ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતશાસ્ત્રના રીડર તરીકે ડૉ. એસ. આઈ. હુસેનને રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૫૭૫થી બે વર્ષના પ્રોબેશન પર નીમવા.

૩૯. રીડર-ઇન-સ્ટેટિસ્ટિક્સની વરણીસમિતિ ઉપર સભ્યો નીમવા બાબત.

(નોંધ.—ગઈ સભામાં નીચે પ્રમાણેના સભ્યો હતા :

૧. શ્રી. બી. વી. નારાયણસ્વામી નાયડુ;
૨. ડૉ. એન. એસ. આર. શાસ્ત્રી;
૩. ડૉ. એન. એમ. ભટ્ટ.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિ પર નીચે જણાવેલ વ્યક્તિઓને સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીમવા :

૧. પ્રો. ચક્રવર્તી એસ.;
૨. શ્રી. એન. એસ. આર. શાસ્ત્રી;
૩. ડૉ. એન. એમ. ભટ્ટ.

૪૦. યુનિવર્સિટીનાં પ્રકાશનોના વેચાણ માટે પ્રકાશનોનું વર્ગીકરણ કરી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૧. વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગોને, પ્રત્યેકને રૂા. ૫૦૦ની રોકડ (Petty Cash) રાખવાનું રદ કરીને ભવનના અધ્યક્ષને રૂા. ૧,૦૦૦ની રોકડ (Petty Cash) એડવાન્સ તરીકે આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગોને આપવામાં આવતી રૂા. ૫૦૦ની રોકડ (Petty Cash) રાખવાનું રદ કરીને ભવનના અધ્યક્ષને રૂા. ૧,૦૦૦ની રોકડ (Petty Cash) એડવાન્સ તરીકે આપવાનું મંજૂર કરવામાં આવે છે.

૪૨. નીચેની સંલગ્ન કૉલેજોના જોડાણ અંગેનાં જાહેરનામાં રાજ્ય સરકાર તરફથી આવ્યાં ન હોવાથી વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવા પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ;
૨. શામળદાસ કૉલેજ, ભાવનગર;
૩. એમ. એન. કૉલેજ, વિસનગર;
૪. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ;
૫. ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગર.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૩. અમદાવાદ ખાતે તા. ૧૯થી ૨૧ માર્ચ ૧૯૬૧ દરમિયાન યોજનાર "ગુજરાત રાજ્ય પ્રથમ નશાબંધી સંમેલન" તેમ જ તા. ૧૮થી ૧૯ માર્ચ ૧૯૬૧ દરમિયાન યોજનાર "ગુજરાત રાજ્ય નશાબંધી શિબિર"માં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે અનુક્રમે ડૉ. તારાબહેન પટેલ અને શ્રી. આર. ડી. પરીખની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૪. મધ્યસ્થ સરકારના કેળવણી ખાતા તરફથી દિલ્હી મુકામે "શૈક્ષણિક સંચાલન" (Educational Administration) અંગે એક પરિસંવાદ તા. ૨૧થી ૩૦ એપ્રિલ ૧૯૬૧ દરમિયાન યોજનાર હોઈ આ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય કે. જી. દેસાઈની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૫. એમ. ટી. બી. કૉલેજ, સુરતના શ્રી. પંડ્યા નિપુણ ધનવદનનો પીએચ. ડી. પદવી માટેનો રજૂ કરેલ "મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તત્ત્વવિચાર" વિષય પરનો મહાનિબંધ તે પદવી માટે યોગ્ય કક્ષાનો માલમ પડયો નથી તેમ જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૬. સિન્ડિકેટના ઠરાવને અનુલક્ષીને સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં રજાઓ પાળવા અંગે કાર્યાલયે તૈયાર કરેલ નીચેના ઑર્ડિ. ૭૫ (૨) ના મુસદ્દો મંજૂર કરવા બાબત.

(નોંધ.—આવી સત્રોની ગોઠવણી અંગેનો ઑર્ડિ. ૭૫ બદલાઈને ઑ. ૭૫ (૧) થશે).

O. 75 (2) :

In addition to the vacations mentioned in (1) above, and a weekly holiday on sunday, it shall be competent for the Principals

of affiliated colleges, Heads of Recognised Instituions and Directors of the University Departments to declare for their Institutions in any academic year (*i*) not more than ten days as holidays on account of national or religious festivals; and (*ii*) not more than five days as holidays to be declared in their discretion in view of the needs and exigencies arising in their institutions. In no case, any further holiday over and above those indicated in (*i*) and (*ii*) above shall be declared without converting the preceding or following sunday or holiday into a working day.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરનો ઑર્ડિનન્સ ૭૫ (૨) મંજૂર કરવો તથા ૧૫મી જૂન ૧૯૬૧થી અમલમાં મૂકવો.

૪૭. માધ્યમિક શાળાઓના તાલીમી શિક્ષકોને એમ.એ. અને એમ.એસસી.ની પરીક્ષા "ખાનગી" વિદ્યાર્થી તરીકે આપવાની જોગવાઈ કરવા અંગે ભારત સરકારના શિક્ષણખાતાના ડેપ્યુટી એજ્યુકેશનલ એડવાઇઝર તરફથી આવેલ તા. ૧૯-૧-૧૯૬૧ના પત્રાંક એફ-૪-૨૨-૫૯-યુ. ૫ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, માધ્યમિક શાળાના તાલીમી શિક્ષકોને એમ.એ. અને એમ.એસસી.ની પરીક્ષામાં ખાનગી વિદ્યાર્થી તરીકે બેસવા દેવાના સૂચનનો સ્વીકાર કરવો નહિ.

૪૮. ગુજરાત રાજ્યના શિક્ષણ અને શ્રમ ખાતાના સચિવ તરફથી આવેલ પત્રાંક યુજીજી-૧૬૬૦-૫૧૭૧૩, તા. ૧૬-૧-૧૯૬૧ ઉપર વિચારણા કરી, ઑર્ડિ. ૧૪૬માં જે પરિણામનાં ફેરફાર કરવા અંગે સમય મર્યાદા છે તે વધારવા સદરહુ ઑર્ડિ. ૧૪૬માં સુધારો કરવા સિન્ડિકેટે તેની માર્ચ ૧૯૬૧ની સભામાં સદરહુ ઑર્ડિનન્સમાં સુધારો કરવાનું ઠરાવ્યા અનુસાર, કાર્યાલયે સદરહુ ઑર્ડિનન્સમાં સુધારો કરી રજૂ કરેલ પાઠ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૪૬ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો તથા સુધારેલા તે ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

O. 146:

In any case where it is found that the result of an examination has been affected by error, mal-practice, fraud, improper conduct or other matter of whatsoever nature, it shall be competent for the Syndicate to amend such result in such manner as shall be in accordance with the true position and to make such declaration as the Syndicate shall, in its discretion, consider necessary in that behalf; provided that, but subject to Ordinance No. 148, no result shall be amended after the expiration of six months from the date of publication of the result by the University.

Notwithstanding anything contained above, the result of no candidate at any University examination shall be altered to his detriment after three months from the declaration of the result, except when his case falls under Ordinance No.147.

૪૯. એમ.ડી. અને એમ.એસ. ડિગ્રી પરીક્ષામાં "ડિસર્ટેશન" તપાસવા માટે દરેક પરીક્ષકને આપવાના દર નક્કી કરવા બાબત.

(નોંધ.—ડીન શ્રી. એમ. જે. શાહ રૂા. ૨૫ પ્રમાણે મહેનતાણું આપવાનું જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ડી. અને એમ.એસ.ની ડિગ્રી પરીક્ષામાં ડિસર્ટેશન તપાસવા માટે પરીક્ષકને પ્રત્યેક ડિસર્ટેશન દીઠ રૂા. ૨૫નું વેતન આપવું તથા આ ઠરાવ જૂન ૧૯૬૧ પછી નિમાય તે પરીક્ષકોને લાગુ પાડવો.

૫૦. સિન્ડિકેટે તેની તા. ૪-૩-૧૯૬૧ની સભામાં કાર્યાલયના ઉપરના દરજ્જાના તથા અન્ય કેટલાક કર્મચારીઓના તા. ૧-૭-૧૯૫૯થી સુધારવામાં આવેલા પગારધોરણ સંબંધી ઊભા થયેલા નીચેના મુદ્દાઓ પરત્વે વિચારણા કરવા બાબત:

૧. સુધરેલા પગારધોરણ જે કર્મચારીઓને આવરી લે છે, તેમના વાર્ષિક પગારવધારાની તારીખ કઈ રાખવી તે બાબત.

૨. નવા પગારધોરણનો અમલ કરતાં જે સભ્યોનો પગાર, પગારધોરણનાં બે પગથિયાંની વચ્ચે આવતો હોય તેમના પગાર નક્કી કરવા બાબત.

(નોંધ.—નીચેની કક્ષાના કેટલાક કર્મચારીઓની બાબતમાં આ મુદ્દાઓ પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું છે:

(અ) જે કર્મચારીઓનો પગાર સુધરેલા પગારધોરણને કારણે તા. ૧-૭-૧૯૫૯ના રોજ, તે પગારધોરણના બે પગથિયાંની વચ્ચે આવતો હોય, તેમને ઉચ્ચક પગારવધારો આપીને તે પછીના તરત ઉપરના પગથિયા પર મૂકવા.

(બ) પગારવધારાની મૂળ તારીખ ચાલુ રાખવી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા અને અભિપ્રાય માટે મોકલી આપવી.

૫૧. શિક્ષણ અને પરીક્ષણના માધ્યમની ભાષા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના વર્કિંગ ગ્રુપ તરફથી આવેલ હેવાલ ઉપર વિચારણા કરી અભિપ્રાય મોકલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટે તાજેતરમાં શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ અંગે જે રટેચ્યુટો પસાર કર્યા છે તે રટેચ્યુટોના પાકની નકલ મોકલીને ઘટતો ઉત્તર આપવા માટે ઉપકુલપતિશ્રીને વિનંતી કરવા.

૫૨. સને ૧૯૫૯-૬૦ના વર્ષના દશમા વાર્ષિક હેવાલ અંગેના સમિતિએ તૈયાર કરેલ મુસદ્દા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૫૯-૬૦ના વર્ષના દશમા વાર્ષિક હેવાલનો મુસદ્દો મંજૂર કરવો.

૫૩. હૈદરાબાદ ખાતે ૧૯૬૧ના મે માસના છેલ્લા અઠવાડિયામાં અથવા જૂન માસના પહેલા અઠવાડિયામાં સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયન મેડિસિનના આશ્રયે ભરાનાર બીજી પરિષદમાં બે પ્રતિનિધિઓ મોકલવા સારુ સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયન મેડિસિનના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૨૭-૩-૧૯૬૧ના પત્ર ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે એક પ્રતિનિધિ શ્રી. વલ્લભરામ વૈદ્યને મોકલવા.

૫૪. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૧૭-૨-૧૯૬૧ની સભાની ભલામણ અનુસાર સુધારેલા ફ્રાન્ચિઝરી રેગ્યુ. ૧, ૨ તથા ૨-એ તથા રેગ્યુ. ૮, ૯, ૨૦૩ અને ૨૦૪ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવની નોંધ લેવી.

(ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની સ્ટેન્ડિંગ કમિટીની સદરહુ સભાનો ઠરાવ **પરિશિષ્ટ "જ"** તરીકે સાનેલ છે.)

૫૫. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના મંત્રી તરફથી ત્રીજી એમ.બી.બી.એસ.ની પરીક્ષાના રિપોર્ટ સંબંધમાં આવેલા તા. ૩-૨-૧૯૬૧ના પત્રાંક એફ. ૨૫૦-યુ-૧૦ (એ) -૬૦-૧૦૧૪૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં તમામ કાગળો જોઈને તથા જરૂર પડે તો જે તે કૉલેજ/સંસ્થાના વડાનો સંપર્ક સાધીને મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને આપવાના જવાબનો મુસદ્દો ઘડવા માટે નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમવી:

૧. ડૉ. મોતીભાઈ ડી પટેલ;
૨. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં સમિતિની ભલામણોના આધારે ઘટતો જવાબ આપવા માટે ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

૫૬. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની સ્ટેન્ડિંગ કમિટીની તા. ૩૦મી સપ્ટે. ૧૯૬૦ના રોજ મળેલ સભાના ઠરાવ (Scientific Policy Resolution) ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવની નોંધ લેવી.

(ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની સ્ટેન્ડિંગ કમિટીની સદરહુ સભાનો ઠરાવ **પરિશિષ્ટ "જ"** તરીકે સાનેલ છે.)

૫૭. સિન્ડિકેટની તા. 3-૧૨-૧૯૬૦ના રોજ મળેલ સભામાં યુનિવર્સિટી જર્નલ "વિદ્યા"ના સંપાદનનું કામ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને સોંપવા માટેની યોજના ઘડવા બાબત ઠરાવ્યા પ્રમાણે, તે અંગે વિદ્યાભવનોના અધ્યક્ષો સાથે વિચારણા કરી નક્કી કરેલ યોજના પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી જર્નલ "વિદ્યા"ના સંપાદન અને પ્રકાશન અંગેની નવી ઘડેલી યોજના મંજૂર કરવી.

(મંજૂર કરેલ યોજનાની નકલ **પરિશેષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૫૮. એમ.એ.ની મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફની નિમણૂકો અંગે તેમ જ મહેનતાણાના દર અંગે કોઈ નિયમ નહિ હોવાથી, નીચેની નિમણૂકો મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા તે માટે મહેનતાણાના દર તેમ જ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના કર્મચારીઓને તે દર પ્રમાણે મહેનતાણું આપવાના સવાલ પર વિચારણા કરવા બાબત.

			રોકવી પડતી દરેક વ્યક્તિને દૈનિક ૪ થી ૭ કલાક પરીક્ષા માટે દરરોજના
૧. લેબોરેટરી એકસપર્ટ	...	૧	રૂ. ૧૦
૨. લેબોરેટરી આસિસ્ટન્ટ	...	૧	રૂ. ૫
૩. પટાવાળા	...	૧	રૂ. ૨

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એ.ની મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટે કરવામાં આવેલી લેબોરેટરી સ્ટાફની નિમણૂકોની નોંધ લેવી તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પ્રાયોગિક પરીક્ષાના કામ માટે રોકવાના થાય ત્યારે તેમને યુનિવર્સિટીએ નક્કી કરેલા દર પ્રમાણે વેતન આપવું.

૫૯. ટી.ડી. અને બી.એડ. પરીક્ષાઓમાં સ્પેશિયલ મેથડ્ઝના પ્રશ્નપત્ર તૈયાર કરનાર પ્રાશ્નિકોને રૂપિયા ૨૦૦ મહેનતાણાના આપવામાં આવે છે, તેના આધારે ટી.ડી.ના પેપર ૩ના વિભાગ ૨માં ભારતની આધુનિક સમશ્યાઓ અને સ્પેશિયલ ફીલ્ડ ઑફ એજ્યુકેશનનો પ્રશ્નપત્ર કાઢનારને પણ તે જ મહેનતાણું આપવા પ્રાશ્નિક મંડળના અધ્યક્ષ તરફથી આવેલ ભલામણ ઉપર વિચાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ટી.ડી.ના પેપર ૩ના વિભાગ ૨માં ભારતની આધુનિક સમશ્યાઓ અને સ્પેશિયલ ફીલ્ડ ઑફ એજ્યુકેશનનો પ્રશ્નપત્ર કાઢનારને રૂ. ૨૦૦નું મહેનતાણું આપવું તથા આ ઠરાવને ૧૯૬૧ની પરીક્ષામાં નિમાયેલા પ્રાશ્નિકોને લાગુ પાડવો.

૬૦. ઇન્ડિયન કેમિકલ સોસાયટીના સહકારથી કલકત્તા યુનિવર્સિટીના ઉપક્રમે ૨ ઑગસ્ટ, ૧૯૬૧થી આચાર્ય પ્રફુલ્લચંદ્ર રૈની શતાબ્દી ઉજવાનાર હોઈ આ અંગે આ યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, **સદરહુ** ઉજવણી માટે આ યુનિવર્સિટી તરફથી કશી **સહાય** આપવાની સિન્ડિકેટને જરૂર જણાતી નથી.

૬૧. યુનિવર્સિટીનાં જુદાં જુદાં કેન્દ્રો ઉપર થતી પરીક્ષાઓ માટે થતા પરચૂરણ ખર્ચ બાબતમાં સને ૧૯૬૧ની માર્ચ/એપ્રિલની પરીક્ષા અંગે આપવાના ખર્ચ બાબતમાં પુનર્વિચારણા કરવા બાબત તથા ચાલુ વર્ષે ગયા વર્ષના દરે ખર્ચ આપવાના કેટલાક આચાર્યોના સૂચન પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૨-૧૯૬૧ની સભામાં બાબત નં. ૩૨ મુજબ દરેક પરીક્ષા દીઠ, એકસો વિદ્યાર્થી દીઠ, રોજના રૂ. ૮·૦૦ લેખે ખર્ચ ઠરાવ્યું છે, જે કેટલીક કૉલેજોને ઓછું જણાયું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં જુદાં જુદાં કેન્દ્રો ઉપર લેવાયેલી ચાલુ વર્ષની પરીક્ષાઓ માટે, જરૂર જણાય ત્યાં, ગયા વર્ષે અપાયેલા દર પ્રમાણે ખર્ચ મંજૂર કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાના ખર્ચ અંગેના સવાલની પુનર્વિચારણા કરવી.

૬૨. ફાઇનાન્સ કમિટિની તા. ૧૩-૩-૧૯૬૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણો **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૬૩. સને ૧૯૬૦-૬૧ના રિવાઇઝ્ડ અને સને ૧૯૬૧-૬૨ના વર્ષ માટેના અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૬૦-૬૧નું રિવાઇઝ્ડ અંદાજપત્ર અને ૧૯૬૧-૬૨નું અંદાજપત્ર મંજૂર કરવું.

૬૪. બાંધકામ સમિતિની તા. ૨૦-૩-૧૯૬૧ની અને તા. ૩-૪-૧૯૬૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તારીખ ૨૦-૩-૧૯૬૧ની અને તા. ૩-૪-૧૯૬૧ની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.

૬૫. યુનિવર્સિટી વિસ્તારમાં ચાલતાં બાંધકામો પર દેખરેખ રાખવા ત્રણ વર્કમેન અને બે સુપરવાઇઝરોની જગ્યા ઊભી કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિસ્તારમાં ચાલતા યુનિવર્સિટીના બાંધકામ ઉપર દેખરેખ રાખવા માટે હાલ એ વર્ષ માટે નીચેની જગ્યાઓ, હંગામી ધોરણે ઊભી કરવી તથા તે જગ્યાઓ માટે પગારનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

જગ્યાનું નામ		જગ્યાની સંખ્યા	પગારનું ધોરણ
બિલ્ડિંગ સુપરવાઇઝર	...	૨	રૂા. ૨૦૦
વર્કમેન	...	૩	રૂા. ૬૦-૪-૧૦૦

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યાઓ પૂરવા માટે રાજ્ય સરકારના બાંધકામ ખાતા સાથે પત્રવ્યવહાર કરીને ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૬. તા. ૨૪-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણો :

૧. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં દાખલ થતા તમામ નવા વિદ્યાર્થીઓની ડાક્તરી તપાસ કરવી.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે, 'Organic Defects'વાળા વિદ્યાર્થીઓની ડાક્તરી તપાસ ૬૨ વર્ષે કરવાનું રાખવું.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે, કમવજનવાળા વિદ્યાર્થીઓ માટે શું કરવું તે વિષે સમગ્ર રીતે વિચાર કરી, તે માટેનાં જરૂરી પગલાં ઘડી કાઢવા માટે નિષ્ણાતોની એક સમિતિ દ્વારા સિન્ડિકેટ આ સવાલ તપાસે તો યોગ્ય થશે એમ આ બૉર્ડનો અભિપ્રાય છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ નં. ૧ અને ૨ મંજૂર કરવી તથા ભલામણ નં. ૩ની વિચારણા મોકૂફ રાખવી.

૬૭. તા. ૨૪-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણો :

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સુદઢ શરીર હરીફાઈ અંગેના પરિણામમાં જરૂરી સુધારો કરવો અને વધુ ગુણાંક મેળવનાર હરીફને પ્રથમ આવેલો જાહેર કરવો તથા સુધારેલા પરિણામમાં પ્રથમ અને દ્વિતીય, દ્વિતીય આવનારને તે પ્રમાણેનું પ્રમાણપત્ર આપવું.

૨. વધુમાં એમ ઠરાવવામાં આવે છે કે, પરિણામની જાહેરાત કરવામાં આવી છે તે જોતાં આ વર્ષે અપવાદ તરીકે શ્રી. કનુભાઈ કશીભાઈ પટેલ અને શ્રી. વિનયચંદ્ર શાહને પ્રત્યેકને રૂ. ૧૦૦નું ઇનામ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી.

૬૮. તા. ૨૪-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, એન.સી.સી., એન.સી.સી. રાઇફલ્સ તથા રમતોમાં ભાગ લેતા વિદ્યાર્થીઓ સિવાયના પી.ટી. જેઓને માટે ફરજિયાત છે, તેવા, સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ માટે પરિશિષ્ટ "અ"માં આપેલ ક્ષમતામાપક જુદા જુદા ખેલ માટેની કસોટીઓની યોજનામાં ભાગ લેવાનું ફરજિયાત બનાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૯. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૩ની સાથે કરવામાં આવી હતી, અને તેની નોંધ તે સ્થળે આપવામાં આવી છે.

૭૦. તા. ૨૪-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના સને ૧૯૬૧-૬૨ના અંદાજપત્રમાં વિદ્યાર્થીઓની તંદુરસ્તી અને દાક્તરી તપાસના મથાળા નીચે બ(૩)માં "ગરીબ વિદ્યાર્થીઓને મદદ" એ શબ્દને બદલે "કમવજન અને રોગી વિદ્યાર્થીઓને સુયોગ્ય બનાવવાની યોજના" એવા શબ્દો રાખીને પરિશિષ્ટ "બ"માં આપેલ અંદાજપત્રને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૧. તા. ૨૪-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, શારીરિક તાલીમ પ્રવૃત્તિ વિભાગની વધતી જતી કામગીરીને પહોંચી વળવા નીચે પ્રમાણેની વધારાની જગ્યાઓ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનને મદદનીશ,

૨. એક ક્લાર્ક,

૩. પટાવાળો."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૨. તા. ૩૦-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સના સને ૧૯૬૧-૬૨ના વર્ષ માટે નીચે પ્રમાણેના અંદાજપત્રને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. ઇન્ટર-કૉલેજિયેટ સ્પૉર્ટ્સ	રૂ. ૧૪,૦૦૦·૦૦
૨. ઇન્ટર-ગ્રુપ સ્પૉર્ટ્સ	રૂ. ૫,૦૦૦·૦૦
૩. ઇન્ટર-યુનિવર્સિટી સ્પૉર્ટ્સ	રૂ. ૨૦,૦૦૦·૦૦
૪. રમતો માટેના તાલીમ શિબિરો	રૂ. ૫,૦૦૦·૦૦
૫. પી. ટી. ઇન્સ્ટ્રક્ટર્સ માટે ઓપ વર્ગ	રૂ. ૫,૦૦૦·૦૦
	રૂ. ૪૯,૦૦૦·૦૦."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૩. તા. ૩૦-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની નીચેની ભલામણ:

"આથી સંલગ્ન કૉલેજોના શારીરિક શિક્ષકો માટેનો ઓપવર્ગ, ગ્રીષ્મશિબિર અંગે પરિશિષ્ટ "અ"માં આપેલ સ્થળ, સમય, આમંત્રિતોનાં નામ તથા ખર્ચની વિગતોને મંજૂર કરવા માટે તથા તે માટે નિમાતા સહાયક સંચાલકો તથા મુખ્ય રમતના કોચને રૂા. ૧૦૦નું માનદ્ વેતન આપવાનું મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ ઠરાવમાં ઉલ્લેખ કરવામાં આવેલ પરિશિષ્ટ "અ" ની નકલ પરિશિષ્ટ "ઙ" તરીકે સામેલ છે.)

૭૪. તા. ૩૦-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, પૂરને લીધે ઉપસ્થિત થયેલ ખાસ સંજોગોને લક્ષમાં લઈને અપવાદ તરીકે મૅનેજરે સૂચવ્યા પ્રમાણે બેડમિન્ટન ટીમના હરીફોનું બીજા વર્ગની મુસાફરી કર્યાનું ખર્ચ, કટકમાંનું એક દિવસનું વધારાનું હૉલ્ટિંગ ઍલાવન્સ, ટેક્ષી, રિક્ષા અંગેનો ખર્ચ, કલકત્તા થઈને જવા અંગેનું વધારાનું રેલવેભાડું તથા આ સંજોગોને લઈને મેનેજરના, નિયમ કરતાં થયેલ પોતાના વધારાના ખર્ચના રૂા. ૨૧૭.૬૬ ન.પૈ.ના બિલને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૫. તા. ૩૦-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની નીચેની ભલામણો:

"૧ આથી આંતર-યુનિવર્સિટીની રમતોમાં થયેલ રૂા. ૬,૫૦૦ના વધારાના ખર્ચને મંજૂર કરવા માટે તથા એ ખર્ચને આપવા માટે બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સના સને ૧૯૬૦-૬૧ના વર્ષના અંદાજપત્રમાં રમતો માટેના તાલીમ શિબિરો માટે મંજૂર કરવામાં આવેલા રૂા. ૫,૦૦૦ની રકમમાંથી રૂા. ૪,૦૦૦ની રકમ વધી છે તે તથા તે ઉપરાંતના રૂા. ૨,૫૦૦ની વધારાની રકમ મંજૂર કરવા આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૨. આથી આવતે વર્ષે હૉકીની આંતર-યુનિવર્સિટીની હરીફાઈ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે યોજવા માટેનું આમંત્રણ મોકલવાનું મંજૂર કરવા થા તે જો ન સ્વીકારાય તો બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સના પ્રમુખ અને મંત્રી જે બીજી રમત માટે આમંત્રણ આપે તેને મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ભલામણ નં. ૧ની વિચારણા મોકૂફ રાખવી અને ભલામણ નં. ૨ની ભલામણ મંજૂર કરવી.

૭૬. તા. ૩૦-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, આવતા વર્ષથી આંતર-યુનિવર્સિટીની રમતોમાં ભાગ લેવા જતા હરીફો અંગે મંજૂર કરવામાં આવેલ રૂા. ૫.૦૦ના દૈનિક ભથ્થા કરતાં, શુભ ઇરાદાથી

જે વધારે ખર્ચ તેનાં જરૂરી બિલો તથા પહોંચો સાથે મૅનેજર તરફથી રજૂ થાય અને આ પ્રમાણે થતા વધારાના ખર્ચની રકમ હરીફ દીઠ કુલ રૂા. ૭૦૦ના દૈનિક ભથ્થા પ્રમાણે ગણતરી કરતાં વધતી ન હોય, તો તે મંજૂર કરવાની સત્તા બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખને આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

૬૭. ગ્રંથાલય સમિતિના નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત:

૧. ઠરાવ નં. ૩૭:

ગ્રંથાલયના ઉપયોગની માહિતી દર્શાવતા ઑક્ટોબર ૧૯૬૦થી ડિસેમ્બર ૧૯૬૦ સુધીના ત્રૈમાસિક પત્રકની નોંધ લેવામાં આવે છે, અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.

૨. ઠરાવ નં. ૩૮:

ગ્રંથાલયના તા. ૧-૭-૧૯૬૦થી તા. ૩૧-૧૨-૧૯૬૦ સુધીના આવકખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.

૩. ઠરાવ નં. ૪૦:

૧. બે વર્ષથી ચાલુ કરવામાં આવેલી ૩ ટાઇપિસ્ટ અને બે કારકુનની કામચલાઉ જગ્યાઓ બીજા એક વર્ષ માટે ચાલુ રાખવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

૨. સને ૧૯૬૦-૬૧નું રિવાઇઝડ અંદાજપત્ર તથા સને ૧૯૬૧-૬૨નું અંદાજપત્ર મંજૂર કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

ઉપર નં. ૧માં ભલામણ કરેલી જગ્યાઓનો સમાવેશ અંદાજપત્રમાં કરવામાં આવેલો છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલય સમિતિના ઠરાવ નં. ૩૭ અને ૩૮માં જણાવેલ બાબતોની નોંધ લેવી તથા ઠરાવ નં. ૪૦માં જણાવેલ બેઉ ભલામણો મંજૂર કરવી.

૬૮. ઑર્ડિનન્સ ૬૯ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૬૯ સુધારવો, તથા તેને ૧૫મી જૂન ૧૯૬૧થી અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૬૯ની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૬૯. હાયર સેકન્ડરી અને ડિગ્રી કોર્સીઝ સંબંધી જ્યાંસુધી રાજ્યસરકાર તથા યુનિવર્સિટી તરફથી નિર્ણય લેવાય નહિ ત્યાંસુધી શ્રેયસ કૉલેજમાં પ્રથમ તેમ જ દ્વિતીયવર્ષ વિજ્ઞાનના વર્ગો ચાલુ રાખવામાં નહિ આવે તેમ જણાવતા મજકૂર કૉલેજના તા. ૩૦-૩-૧૯૬૧ના આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ કૉલેજમાં વિનયનવિભાગ હાલમાં બંધ છે. વિજ્ઞાનવિભાગ બંધ કરવાનું જણાવે છે. એટલે કૉલેજ સદંતર બંધ થાય છે તેમ ગણાય. વિનયન તથા વિજ્ઞાનના બન્ને વિભાગોને ૧૯૬૨ સુધીનું જોડાણ આપવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં વિનયન કે વિજ્ઞાનના વર્ગો ૧૫મી જૂન ૧૯૬૧થી બંધ થશે તે જોતાં સદરહુ કૉલેજનું જૂન ૧૯૬૨ સુધી આપવામાં આવેલ જોડાણ નાકામયાબ બને છે અને તેથી તે જોડાણ રદ થયેલું ગણાય, તે અંગે રાજ્ય સરકારને ઘટતું કરવા માટે વિનંતી કરવી.

૮૦. મનોવિજ્ઞાન ભવન, અમદાવાદ-૯માં અભ્યાસ કરતા શ્રી. કે. વી. શાહ વર્ષ ૧૯૫૯-૬૦ના પ્રથમ સત્રમાં નિયમ મુજબ હાજરી આપી શક્યા નથી તો તેમનું પ્રથમ સત્ર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેમની હાજરીની વિગતો નીચે મુજબ છે.)

વર્ષ	વિષય સાયકોલોજી	કુલ આપેલ વ્યાખ્યાનો	સત્ર રાખવા જરૂરી વ્યાખ્યાનો	ભરેલ હાજરી	ખૂટતી હાજરી	કારણ
૧૯૫૯-૬૦	પ્રથમ સત્ર	૧૪૨	૯૪	૭૦	૨૪	વૈદકિય પ્રમાણપત્ર રજૂ કર્યું છે.
	બીજું સત્ર	૧૫૩	૧૦૨	૧૨૮		
૧૯૬૦-૬૧	ત્રીજું સત્ર	૧૨૪	૮૩	૮૬		

(નોંધ.— તેઓ તા. ૧૭-૪-૧૯૬૧થી શરૂ થનાર એમ.એ.ની પરીક્ષામાં બેસવા ઇચ્છે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. વી શાહની પ્રથમ સત્રમાં ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૮૧. એલિજિબિલિટી સર્ટિફિકેટ ફી અંગેનો ઑ. ૭૨ તથા માઇગ્રેશન સર્ટિફિકેટ ફી અંગેનો ઑ. ૮૮-અ સુધારવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલા ઑર્ડિ. ૭૨ અને ૮૮-અ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(સુધારેલા ઑર્ડિનન્સની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૮૨. 'Internal Evaluation'ની પદ્ધતિ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં જૂન ૧૯૬૨થી દાખલ કરવાની હોવાથી તેમ જ વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધતી જતી હોવાથી એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓની પરીક્ષા માટે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૩. સિન્ડિકેટે તેની તા. ૩-૧૨-૧૯૬૦ની બેઠકમાં નીમેલી પ્રકાશન સમિતિની બેઠકની ભલામણો પરત્વે યુનિવર્સિટી પ્રકાશન બૉર્ડની નીચેની ભલામણ:

"સિન્ડિકેટે નીમેલી પ્રકાશન સમિતિની તા. ૧૧-૧-૧૯૬૧ તથા તા. ૨૩-૨-૧૯૬૧ના રોજ મળેલી બેઠકના અહેવાલ પરત્વે વિચારણા કરવામાં આવી હતી અને અહેવાલની ભલામણ

૩(ગ) તથા ભલામણ ૭ (૩)માં ફેરફાર સૂચવ્યો અને ઠરાવવામાં આવ્યું કે, આ બૉર્ડ સદરહુ રિપોર્ટને સામાન્ય રીતે સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૭ની સાથે સંકળાયેલ હોઈ, તે અંગે ઘટતી વિચારણા સિન્ડિકેટની તા. ૧૭-૪-૧૯૬૧ની સભામાં રાખવી.

૮૪. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૩-૧૯૬૧ના રોજ મળેલી સત્તાવીસમી બેઠકની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ ભલામણોની નકલ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૮૫. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. આર. એચ. ભટ્ટ રાજીનામું આપી છૂટા થયેલ હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.— તેઓ તા. ૧-૪-૧૯૫૯થી હાજર થયા હતા, તથા તા. ૫-૪-૧૯૬૧ના રોજ છૂટા થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. એચ. ભટ્ટને તેમના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે પરત કરવી.

૮૬. ફાઇનાન્સ કમિટીની તા. ૬-૪-૧૯૬૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ ભલામણોની નકલ પરિશિષ્ટ "દ" તરીકે સામેલ છે.)

૮૭. શ્રીમદ્ વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન અથવા અનુભાષ્યમ્ પર વ્યાખ્યાનો આપવા માટે પ્રૉ. પી. એમ. મોદીને નિમંત્રણ આપવા સિન્ડિકેટે જાન્યુઆરી ૧૯૬૧માં ઠરાવ્યું છે, તે અનુસાર પ્રૉ. પી. એમ. મોદીનો, "અનુભાષ્ય એક વિવેચનાત્મક અભ્યાસ" એ વિષય પર આઠ વ્યાખ્યાનોની શ્રેણી માટે, પુરસ્કાર નક્કી કરવા બાબત તથા તેમની સાથે કરવાના કરારનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યાખ્યાનો માટે પ્રૉ. પી. એમ મોદીને રૂા. ૧,૦૦૦ની રકમ પુરસ્કાર તરીકે આપવી તથા આ સાથે જોડેલા પરિશિષ્ટ "ધ" તરીકેનું કરારનામું મંજૂર કરવું.

(મંજૂર કરવામાં આવેલ કરારનામાની નકલ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૮૮. "જસ્ટીસ એમ. સી. શાહ સુવર્ણચંદ્રક" અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સુવર્ણચંદ્રક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે.)

૮૯. સમાજ વિદ્યાભવનમાં લેબર વેલ્ફેરના રીડરની એક જગ્યા માટે સિન્ડિકેટને ભલામણ કરવા વાસ્તે નીમવામાં આવેલી વરણીસમિતિની તા. ૨૯-૩-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ:

"હાજર રહેલા બન્ને ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ ઠરાવ્યું કે, તેઓ પૈકી કોઈ પણ ઉમેદવાર લેબર વેલ્ફેરના રીડરની જગ્યા માટે સમિતિને લાયક જણાયા ન હોવાથી, તે જગ્યા માટે ફરીથી જાહેર ખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯૦. સિન્ડિકેટ તેની તા. ૭-૧-૧૯૬૧ની સભામાં નિમેલ સમિતિએ ડિપ્લોમા-ઇન-ટ્યુબરકલોસિઝ અંગેના ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનના સુધારેલા પાઠ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમા-ઇન-ટ્યુબરક્યુલોસિઝ અંગેના સુધારેલા ઑર્ડિ. ૩૬૪ તથા ઑર્ડિ. ૩૬૪-બી અને રેગ્યુ. ૨૪૩ અને ૨૪૩-અ મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલ ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "પ"** તરીકે સામેલ છે.

૯૧. આગામી એમ.એ.ની મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષામાં નિમાયેલા યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પરીક્ષાના કામકાજ માટે રોકવામાં આવે તો તે માટે તેમના મહેનતાણાના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે વિચારણા કરવામાં આવેલ હોઈ આ બાબતમાં કશું વિશેષ કરવા પણું રહ્યું નહિ.

૯૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં ખાલી રહેલી ગણિતના લેક્ચરરની જગ્યા ટ્યુટરની જગ્યામાં ફેરવવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને લખતાં તેઓ તરફથી આવેલા તા. ૨૧-૩-૧૯૬૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રની નોંધ લેવી તથા શ્રી. બી. એમ. શાહની ગણિતશાસ્ત્રના લેક્ચરર તરીકે રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક રૂા. ૨૮૦ના પગારથી નિમણૂક કરવી.

૯૩. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ અંગે રેફરીના રિપોર્ટને અનુલક્ષીને તેમને પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. ભોંસલે રાજારામ વિષ્ણુ	ભૌતિક વિજ્ઞાન	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા.

૯૪. યુનિવર્સિટીના સને ૧૯૫૮-૫૯ના હિસાબો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સને ૧૯૫૮-૫૯ના વર્ષના હિસાબો મંજૂર કરવા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૨૦૭૭૦-૮૭/૧૯૬૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
મે ૨૦, ૧૯૬૧.
વૈશાખ ૩૦, ૧૮૮૩ (શક).

કે. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૬

From :

The Director of Education,
Maharashtra State, Poona.

No. S-76/2-A
Poona-1.
7 March, 1961.

To

The Registrar,
Gujarat University,
Ahmedabad.
Secretary,
Joint Board of Vice-Chancellors.

Subject.—Second Five Year Plan Scheme for sanction of loans to the University/colleges.

Sir,

I have the honour to enclose herewith a copy of this office letter of even No. dated 27-2-1960 (copy enclosed) addressed to the then Secretary of the Joint Board of Vice-Chancellors, wherein the necessity of amending the University Acts, empovering them to borrow money from State/Union Government or any other Body has been stated. It was requested therein that as the problem of effecting the necessary amendment would arise in respect of all the Universities, the metter may be placed before the Board at its meeting for consideration and the views of the Board thereon may please be communicated to this office. The then Secretary under his letter No. MSUB/JBVC/2353, dated 18-3-1960 had communicated that the matter will be placed before the Joint Board when it meets next. I may add that some of

the Universities have already taken action by proposing the necessary amendment. I, therefore, request that you will be so good as to place the matter before the Joint Board, if it has not already been placed, and communicate the Board's views in due course

Yours faithfully,
Sd/- (ILLEGIBLE),
for Director of Education.

No. S-96/2-A,
Poona-1.
27 Febuary, 1960.

The Secretary,
Joint Board of Vice-Chancellors of
the Universities in Bombay State
and Registrar, M. S. University of Baroda, Baroda.

Subject.—Second Five Year Plan Scheme for sanction of loans to the University/colleges for

Sir,

I have to honour to say that the question as to whether a University or an educational institution is authorised to raise loans on the security of its assets was under consideration of the Government of India. The Government of India in their letter No. F. 24-39/58-U-5, dated 24-10-1959 (copy enclosed) have stated that no loan should be granted to any educational institution which is not expressly empowered to borrow money by the incorporating Act, Statutes or other instruments constituting the institution. It has been further stated that the constituting Statutes or other instruments of the institution which is not expressly empowered to borrow money would have to be amended enabling it to raise loans before loans can be granted.

It may be stated that so far as Universities are concerned, if they want to avail themselves of loans from the Government of India, they will not be in a position to do so, due to non-existence of the statutory, etc., provisions to the above effect in their Acts. The Registrar, S. V. Vidyapeeth, Anand, on receipt of the said letter from the Government of India has approached for amending the S. V. Vidyapeeth Act suitably enabling it to have the advantage of the scheme. The question may be under the consideration of the other Universities too. As the problem or effecting the necessary amendments for the purpose would arise in respect of all the Universities. I request that the matter may be placed before the Board at its next meeting and the views or result may please be communicated to this office in due course.

Yours faithfully,

Sd/- E. R. DHONGDE,

for Director of Education.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૮

Q. 259 :

"Candidates before presenting themselves for the first examination shall produce certificates of —

(*a*) having attended the following courses to the satisfaction of the Head of the College :

(*i*) Human Anatomy and Embryology :

(*a*) A course of lectures and demonstration on human Anatomy including Embryology, with special reference to their application to Medicine and Surgery, extending over four terms.

(*b*) A course of dissections, extending over four terms. The candidate must have disected the whole body to the satisfaction of their teachers.

(*ii*) Human Physiology :

(*a*) A course of lectures and demonstration on Physiology including Bio-Chemistry and Bio-Physics, extending over four terms.

(*b*) A Practical Course in Histology, Experimental Physiology, Bio-Chemistry and Bio-Physics, extending over four terms.

(*iii*) Normal Psychology :

A course of instruction in Elementary Normal Psychology.

(*iv*) An introduction to Phrmacology.*

(*v*) (*a*) Elements of the methods of Clinical Examination including the use of the common instruments and the examination

*The amount of time allotted to the study of this subject shall not exceed three months.

of body fluids, with demonstrations on both normal and abnormal living subject.

N.B.—Courses in (*iii*), (*iv*); and (*v*) above shall be attended in the second academic year.

(*b*) having passed a test in (*iv*) above conducted by the college;

(*c*) having undergone a Course of Physical Training and attended atleast three-fourths of the possible number of periods in a Physical Training Class of their college unless exempted on medical grounds or on the grounds of being a member of the University Training Corps or that he has been regularly taking part as a member of the college team in the recognised fixtures of matches of the major games.

The member of the National Cadet Corps exempted from Physical Training will be required to attend atleast 75% of the number of parades before they are admitted to the examination."

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૬

DEGREE OF THE DOCTOR OF MEDICINE

M.D. Examination (New Rules)

O. 273 :

The Degree of Doctor of Medicine shall be conferred by examination with (1) dissertation, or (2) a thesis in the following branches :

(*i*) Medicine and Therapeutics,

(*ii*) Pathology and Bacteriology,

(*iii*) Obstetrics, Gynaecology and diseases of the New born,

(*iv*) Pharmacology,

(*v*) Pediatrics,

(*vi*) Tuberculosis.

O. 278 :

Every candidate presenting himself for the M.D. Examination for the first time shall submit, with his application for admission to the examination, five type-written copies of a dissertation prepared under the direction and guidance and to the satisfaction of his University teacher. The dissertation may relate to a series of clinical cases, autopsy record, discussion of topics (modern or historical) or a review of the work on a specific theme. The dissertation shall be referred to the Examiners for the particular Branch, and acceptance of it by the Examiners shall be a condition precedent to his being declared successful. It may form the basis of the viva-voce examination and due credit may be given to the same.

When the dissertation is rejected, the Examiners should clearly specify the reasons for the same for the guidance of the candidate.

O. 281 :

The Clinical Courses may be completed :

(*i*) by holding an appointment under a recognised Post-graduate Teacher in speciality, supplemented if necessary by other appointments or Post-graduate studies;

(*ii*) by holding appointments in the category of approved appointments supplemented by necessary post-graduate studies;

(*iii*) by post-graduate studies alone.

O. 284 :

(*i*) Notwithstanding anything contained in the above rules, atleast five years after graduation from this University or other Univiersity whose degree is recognised as equivalent thereto a candidate can appear for his M.D. Examination provided that he has put in atleast six month's post-graduate training under a recognised Post-graduate Teacher in his branch and is registered atleast one year before appearing for the examination. He will have to submit a dissertation as mentioned above.

(*ii*) Notwithstanding anything contained in the above rules, persons who are teaching in a department of an affiliated college, continuously for five years, may be allowed to appear in the M.D. Examination provided they have submitted a dissertation through the Head of the Department and the Head of the Teaching Institute without fililng up any terms, if they have registered themselves atleast one year before appearing in the examination directly with the University.

O. 286 :

The Degree of Master of Surgery shall be conferred by examination with, (1) Dissertation or (2) a thesis in the following branches :

(*i*) General Surgery,

(*ii*) Oto-rhino-laryngology,

(*iii*) Orthopaedics,

(*iv*) Ophthalmology.

O. 291 :

Every candidate presenting himself for the M.S. Examination for the first time shall submit, with his application for admission to the examination, five type-written copies of dissertation, prepared under the

direction and guidance and to the satisfaction of his University teacher. The dissertation may relate to a series of clinical cases, autopsy records, discussion of a topic (modern or historical) or a review of the work on a specific theme. The dissertation shall be referred to the Examiners for the particular branch, and acceptance of it by the Examiners shall be a condition precedent to his being declared successful. It may form the basis of the viva-voce examination and due credit may be given to the same.

When the dissertation is rejected, the Examiners should clearly specify the reasons for the same for the guidance of the candidate.

O. 294 :

The clinical courses may be completed —

(*i*) by holding an appointment under a recognised Post-graduate Teacher in speciality, supplemented if necessary by other appointments or post-graduate studies;

(*ii*) by holding appointment in the category of approved appointments supplemented by necessary post-graduate studies;

(*iii*) by post-graduate studies alone.

O. 297 :

૪. શ્રી. બલ્લુભાઈ નાયક;
૫. શ્રી. ચીનુભાઈ શાહ;
તથા બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સના સભ્યો.

(બ) આમંત્રિતોને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ભાડું ભથ્થું આપવું.

૭. ઓપવર્ગનું ઉદ્‌ઘાટન ઉપકુલપતિશ્રીના હસ્તે કરાવવું તથા પૂર્ણાહુતિ સમારંભ માટે યોગ્ય વ્યકિત નક્કી કરવા માટેની સત્તા બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સના પ્રમુખને આપવી.

૮. ઓપવર્ગ અંગે ખર્ચની ફાળવણી નીચે પ્રમાણે કરવી; પરંતુ તેમાં એક બાબતમાંથી બીજી બાબતમાં જરૂર લાગે તેમ ફેરફાર કરવાની સત્તા બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવી :

(૧) શિબિરાર્થીઓનું ભોજનખર્ચ	...	રૂા. ૩,૦૦૦·૦૦
(૨) શિબિરાર્થીઓને આવવાજવાનું બીજા વર્ગનું રેલ્વે ભાડું (૩ બીજા વર્ગનાં ભાડાં આપવાં).	...	રૂા. ૧,૦૦૦·૦૦
(૩) આમંત્રિતો માટેનાં ભાડાં-ભથ્થાંનો ખર્ચ	...	રૂા. ૫૦૦·૦૦
(૪) પરચૂરણ ખર્ચ — રમતોનાં સાધનો, ટપાલખર્ચ, મેદાનખર્ચ, છાપાં, દવા વગેરે.	...	રૂા. ૫૦૦·૦૦
		રૂા. ૫,૦૦૦·૦૦

૯. શિબિરાર્થીઓ એક દિવસ આગળ આવે તે તથા એક દિવસ પછીથી રહે તે અંગે થતા ખર્ચને મંજૂર કરવો.

પરિશિષ્ટ "બ"
કામકાજ નં. ૭૮

O. 69:

The student passing the Secondary School Certificate Examination conducted by the Secondary School Certificate Examination Board of the Gujarat State and eligible for admission to this University under relevant statute shall apply to the Prinicipal latest by 31st of August to the Registrar of this University for enrolment and shall at the same time pay a fee of Rs. 10/–. The Principal shall carefully scrutinise the enrolment application of each candidate before granting him admission, subject to the approval of the University. Pending such approval, the admission shall be at the cost and risk of the candidate concerned.

If, for any reasons, the application for enrolment cannot be submitted by any candidate in time, the Principal shall report to the University, the name of such candidate by 10th September of each year together with the information regarding subjects taken by the candidate and the marks obtained by him at the S.S.C. or equivalent examination, as the case may be.

Notwithstanding, what is stated above, a student, who has passed the Secondary School Certificate Examination conducted by the Secondary School Certificate Examination Board, Bombay State, Poona, prior to the re-organisation of the Old Bombay State and the creation of the Gujarat State, shall also be required to apply for enrolment before the aforesaid date and pay a fee of Rs. 10/–.

In cases of ineligible candidates half of the enrolment fee will be refundable.

In the event of any doubt or dispute arising in connection with the enrolment the Vice-Chancellor's decision shall be final.

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૮૧

O. 72 :

Notwithstanding anything contained in O. 70, students migrating from the Universities in the state of Gujarat to this University shall be required to pay a fee of Rs. 2/- only for Eligibility Certificate.

Notwithstanding anything contained above, it shall, be competent for the Vice-Chancellor to fix the said fees on a reciprocal basis for the Universities in the Maharashtra State.

O. 88-A :

Students migrating from this University will be issued a Mirgration Certificate on applying in a prescribed form through the Principal of his/her College or Institution last attended on paying a fee of Rs. 5/- which will in no case be refunded if the Migration Certificate applied for is issued in favour of the student concerned.

Notwithstanding anything contained above, a student migrating from this University to another University in the Gujarat State will be required to pay a fee of only Rs. 2/- for Migration Certificate.

Notwithstanding anything contained above, it shall be competent for the Vice-Chancellor to fix the said fees on a reciprocal basis for the Universities in the Maharashtra State.

પરિશિષ્ટ "થ"
કામકાજ ક્રમાંક ૮૪

તા. ૨૯-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણો

૧અ. આથી ઠરાવવામાં આવે છે કે, નીચે દર્શાવેલ શિક્ષકોને તેમના નામ સામે જણાવેલ વિષયો કે શાખાઓ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે ૧૪મી મે, ૧૯૬૨ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	નામ	કૉલેજ અગર સંસ્થા	વિષય	પદવી	શિક્ષણ કે સંશોધનથી
૧	૨	૩	૪	૫	૬
૧.	શ્રી. મજીઠિયા સુદર્શનસિંગ શિવસિંગ	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર	હિન્દી	એમ.એ.	શિક્ષણથી
૨.	શ્રી. નટવરલાલ શિવશંકર યાજ્ઞિક	દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણથી
૩.	શ્રી. માવળંકર પુરુષોત્તમ ગણેશ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	રાજ્ય-નીતિશાસ્ત્ર	એમ.એ.	શિક્ષણથી
૪.	શ્રીમતી અંકલેશ્વરીયા ધનસુરેશ	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	ગાયનેકોલોજી	એમ.ડી.	શિક્ષણથી
૫.	શ્રી. નાયક ઝાદુભાઈ હરિભાઈ	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	મેડિસિન	એમ.ડી.	શિક્ષણથી
૬.	શ્રી. વાણી વસંત કનૈયાલાલ	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	સર્જરી	એમ.એસ.	શિક્ષણથી
૭.	શ્રી. એચ. જે. મહેતા	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	હ્યુમન એનેટોમી	એમ.ડી., એમ.એસ., એમ.એસસી. (મેડિકલ)	શિક્ષણથી

૧	૨	૩	૪	૫	૬
૮.	પ્રિન્સિ. હર્બર્ટ એ. ડિ'સોઝા	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	અંગ્રેજી	એમ.એ.	શિક્ષણથી
૯.	શ્રી. ફ્રેગા-ઝા જોસેફ એ.	,,	અંગ્રેજી	એમ.એ.	શિક્ષણથી
૧૦.	શ્રી. શાહ કલાવતી મણિલાલ	બી. ડી. કૉલેજ, અમદાવાદ	ગૃહવિજ્ઞાન (ફક્ત તબીબી વિષયો માટે)	એમ.એસસી.	શિક્ષણથી
૧૧.	કુ. પારધી જ્યોતિ વિનયશંકર	,,	ગૃહવિજ્ઞાન (ફક્ત રસાયણ વિજ્ઞાનના વિષયો માટે)	એમ.એ.	શિક્ષણથી
૧૨.	શ્રી. મહેતા અમૃતલાલ કાશીરામ	એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	મીકેનિકલ એન્જિ-નિયરિંગ	એમ.ઇ.	શિક્ષણથી

બ. નીચેની અરજી બાબતમાં તેમના નામ સામે જણાવેલ વિગતો પુછાવવી :

ક્રમાંક	નામ	વિષય	પદવી	પુછાવવાની વિગતો
૧	શ્રી. શુકલ જયદેવ મોહનલાલ	એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર	એમ.એ.	તેમને પુછાવવું કે, તેઓ તેમની સંસ્કૃત વિષયની માન્યતા જતી કરીને એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર વિષયમાં માન્યતા માગે છે કે કેમ. એટલે સંસ્કૃત કે જેમાં તેઓ માન્યતા ધરાવે છે તે અગર એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર એ બે પૈકી કયા વિષયમાં તેઓ માન્યતા ધરાવે છે તે પુછાવવું.
૨.	શ્રી. વૈષ્ણવ મહેશચંદ્ર દિનકરરાવ	એજ્યુકેશન અને એકસપરિમેન્ટલ સાયકોલોજી	એમ.એડ.	તેમના એમ.એડ. ડિગ્રી માટે કયા વિષયો હતા તે માહિતી મગાવવી.

(ક) નીચે દર્શાવેલ શિક્ષકોની અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા અંગે આવેલ અરજી માન્ય કરવી નહિ :

ક્રમાંક	નામ	વિષય	પદવી	કૉલેજ અગર સંસ્થા
૧.	શ્રી. કોટેશ્વર શ્રીનિવાસ કિશ્મા	અંગ્રેજી	એમ.એ.	પેટલાદ કૉલેજ, પેટલાદ

ક્રમાંક	નામ	વિષય	પદવી	કૉલેજ અગર સંસ્થા
૨.	શ્રી. કંસારા નારાયણ મણિલાલ	સંસ્કૃત	એમ.એ.	એમ. એન. કૉલેજ, વિસનગર
૩.	શ્રી. મહેતા ધીરેન્દ્ર દયાલજી	મનોવિજ્ઞાન	પીએચ.ડી.	એસ.બી. ગાર્ડા કૉલેજ, નવસારી
૪.	શ્રી. જિન્દાલ મહેન્દ્રનાથ	ફાર્માકોલોજી	પીએચ.ડી.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૫.	શ્રી. હકીમ હબીબુલ્લાહ ઈસાદલ્લાહ	એજ્યુકેશન	એમ.એડ.	રામજી એજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદર
૬.	શ્રી. રાવલ ચીમનલાલ વલ્લભરામ	તત્ત્વજ્ઞાન	એમ.એ.	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૭.	શ્રી. શાસ્ત્રી ચંડીપ્રસાદ લીલાનંદ	સંસ્કૃત	એમ.એ.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૮.	શ્રી. ખાંડેકર કેશવ લક્ષ્મણ	તુલનાત્મક શિક્ષણશાસ્ત્ર (Compartive Education)	એમ.એડ.	આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર

૨. માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકોને ૧૪મી મે, ૧૯૬૨ સુધી ઉપકુલપતિશ્રીએ માન્યતા આપી તેની નોંધ લીધી. મદદનીશ અનુસ્નાતક શિક્ષકોની યાદી **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, મજકૂર યાદી પરના ક્રમાંક ૭ ઉપર શ્રી. પટેલ મહેન્દ્ર મગનલાલ કે જેઓને એડવાન્સ એકાઉન્ટિંગ વિષયમાં એમ.કૉમ.ની પદવી માટે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્ય કરવામાં આવ્યા છે, તેઓ નિયમ પ્રમાણે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થવા પાત્ર હોવાથી તેમને પ્રસ્તુત વિષયમાં એમ.કૉમ.ની પદવી માટે અનુસ્નાતક શિક્ષક તરીકે તા. ૧૪મી મે, ૧૯૬૨ સુધી માન્ય કરવા.

૩. સિન્ડિકેટે નીમેલ સમિતિના હેવાલ પર લંબાણપૂર્વક વિચારણા કર્યા પછી અનુસ્નાતક કેન્દ્રો તથા શિક્ષણ અંગેના નિયમોમાં નીચેના મુદ્દાઓને આવરી લેવામાં આવે તે પ્રમાણે ફેરફાર કરીને, તે પ્રમાણે સુધારેલા નિયમો ઘડીને ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું રાખવું :

૧. કોઈ પણ અનુસ્નાતક કેન્દ્રમાં કેન્દ્ર શરૂ કરવાને માટે જે તે કૉલેજ/સંસ્થામાં સ્થાનિક શિક્ષકગણ (local staff) ઉપર બે અનુસ્નાતક શિક્ષકો અથવા એક અનુસ્નાતક શિક્ષક અને બે મદદનીશો હોવા જોઈએ.

૨. પ્રત્યેક સત્રમાં પ્રત્યેક પ્રશ્નપત્ર દીઠ ઓછામાં ઓછાં બાર વ્યાખ્યાનો અને ત્રણ પરિસંવાદ (seminar) યોજવાં જોઈએ તેથી વધુ વ્યાખ્યાનો કે પરિસંવાદ (seminar) યોજવામાં હરકત ન હોવી જોઈએ, પણ તેથી વધારાના કામને માટે મહેનતાણું આપી શકાશે નહિ.

૩. ઉપકુલપતિશ્રીની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય કોઈ પણ અનુસ્નાતક શિક્ષક એક કરતાં વધારે કેન્દ્રોમાં વ્યાખ્યાનો આપી શકશે નહિ કે પરિસંવાદ યોજી શકશે નહિ.

૪. મુલાકાતી શિક્ષકે એક મુસાફરીમાં એક દિવસમાં એક વ્યાખ્યાન એ પ્રમાણે બે વ્યાખ્યાન બે દિવસોમાં આપવાં જોઈએ.

૫. પ્રશ્નપત્ર શીખવતા દરેક શિક્ષકે સત્ર દીઠ એક નિબંધ (essay) વિદ્યાર્થી પાસે તૈયાર કરાવવાનો રહેશે, તથા તે તપાસી વિદ્યાર્થીને તે અંગે માર્ગદર્શન આપવું જોઈશે.

૬. અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે હવે નીચે પ્રમાણે ધોરણ અપનાવવું :

(૧) વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખામાં સ્નાતક (bachelor)ની પદવી પરીક્ષામાં બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી વિદ્યાશાખામાં માસ્ટરની પદવી માટેના અભ્યાસક્રમમાં તે ઇચ્છે તે વિષય કે વિષયો રાખી શકશે;

(૨) વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખામાં સ્નાતક (bachelor)ની પદવી પરીક્ષામાં પાસ વર્ગમાં ઉત્તીર્ણ થએલ વિદ્યાર્થી માસ્ટરની પદવી માટેના અભ્યાસક્રમમાં પોતાના સ્નાતકની પદવી માટે રાખેલા વિષય કે વિષયો જ રાખી શકશે. આ બાબત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાને લાગુ પડી શકશે.

૭. સામાન્ય રીતે કોઈ પણ વિષય માટે એક જ વિભાગમાં એક જ અનુસ્નાતક કેન્દ્ર રહેશે. બીજું કેન્દ્ર ખોલવાની આવશ્યકતા જણાય તો તે માટે તે નવા કેન્દ્રમાં જૂનની આખરે ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ હોવા જોઈશે. એક જ વિભાગમાં બેથી વધારે અનુસ્નાતક કેન્દ્રો હોવાં જોઈએ નહિ.

૮. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં સામાન્ય રીતે બધું શિક્ષણકાર્ય વિદ્યાભવનોના શિક્ષકોએ જ કરવાનું રહેશે અને ભવનના શિક્ષકો પૈકી કોઈ પણ શિક્ષક ન શીખવી શકે તેવા જ વિષયો માટે માત્ર ખપ પૂરતી જ બહારની મદદ ઉપકુલપતિશ્રીની અનુમતિથી લઈ શકાશે. તેમ છતાં, વિશિષ્ટ સંજોગોને કારણે શિક્ષણને વધુ કાર્યસાધક કરવાની આવશ્યકતા જણાય તો પ્રત્યેક વિદ્યાભવન બહારના માન્ય અનુસ્નાતક શિક્ષકો પૈકી કોઈ એક કે વધુ શિક્ષકોને પ્રત્યેક પ્રશ્નપત્ર દીઠ વધારેમાં વધારે પાંચ વ્યાખ્યાનો આપવા નિમંત્રી શકશે. આવા નિમંત્રિત શિક્ષકોના વેતનના તથા ભાડાભથ્થાના દર અન્ય કેન્દ્રો પર આવતા શિક્ષકોના જેટલા જ રહેશે.

૯. વિદ્યાભવનો માટે માન્ય અનુસ્નાતક શિક્ષકોની બેઠક બોલાવવાની આવશ્યકતા રાખવી નહિ અને તે માટે અનુસ્નાતક નિયમ નં. ૩૬(એ)માં ઘટતો સુધારો કરવો.

૧૦. અનુસ્નાતક કેન્દ્રો માટે અનુસ્નાતક નિયમ નં. ૩૧(એ)માં વિભાગમાંના અનુસ્નાતક શિક્ષકો એ શબ્દો કાઢી નાખી "જ્યાં કેન્દ્ર હોય ત્યાંના જ સ્થાનિક જે તે વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષકોની બેઠક બોલાવવી" એવો પ્રસ્તુત નિયમમાં સુધારો કરવો.

૧૧. અનુસ્નાતક શિક્ષણ માટે કોઈ પણ એક વર્ગમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા હોવી જોઈએ નહિ આ નિયમ કેન્દ્રોને તેમ જ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને પણ લાગુ પાડવો.

૧૨. અનુસ્નાતક કેન્દ્રો આપવાનો વહીવટી ખર્ચ કેન્દ્ર દીઠ બોજામાં બોજા રૂા. ૧૦૦ને બદલે રૂા. ૨૦૦ જેટલો આપવાનું રાખવું. તેમાં ગ્રંથાલયની સેવાઓ તથા અન્ય તમામ સેવાઓનો સમાવેશ થશે. તે ઉપરાંત પ્રત્યેક વિદ્યાર્થી દીઠ અપાતા વાર્ષિક વહીવટી ખર્ચમાં કશો ફેરફાર કરવો નહિ.

૧૩. (૧) શિષ્યવૃત્તિનાં ધારાધોરણો બાબતમાં કોઈ ફેરફાર કરવાની આવશ્યકતા નથી.

(૨) માફી (freeship) બાબતમાં મજકૂર માફી—

(અ) આખી કે અર્ધી જ આપવી;

(બ) સરકાર વગેરે તરફથી અન્ય પ્રકારની આર્થિક મદદ મળતી હોય તો તેવાને માફી આપવી નહિ;

(ક) શિષ્યવૃત્તિ માટેની રકમ જે તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જે નક્કી કરવી જોઈએ.

૧૪. એમ.એડ. માટે ડિઝર્ટેશનના વિષયો બીજા સત્રની શરૂઆતમાં વિદ્યાર્થીઓએ જણાવવા, એ પ્રમાણે નિયમમાં ફેરફાર કરવો.

૧૫. એમ.એડ.ના ડિઝર્ટેશન માટે તેના માર્ગદર્શક શિક્ષકને પ્રત્યેક રજૂ થયેલ અને સ્વીકૃત થયેલ એવા ડિઝર્ટેશન માટે પુરસ્કાર તરીકે વાર્ષિક રૂા. ૧૦૦, પણ કુલ રૂા. ૩૦૦થી વધુ નહિ એટલી રકમ આપવી.

૧૬. જે તે કેન્દ્રોએ અનુસ્નાતક શિક્ષકોને પ્રવાસભથ્થું તથા દૈનિકભથ્થું વિના વિલંબે મળે તેવો પ્રબંધ પ્રત્યેક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જે કરવો. તે અદા કરવા માટે કેન્દ્રના ફંડનો ઉપયોગ કરવો અને હિસાબમાં તે બતાવવું.

૧૭. અનુસ્નાતક વિદ્યાર્થીઓના પ્રવેશ (admission), કેન્દ્રના પ્રવેશ માટે તા. ૫મી જુલાઈ છેલ્લી તારીખ અને કેન્દ્રોએ રજિસ્ટ્રેશન અરજીઓ યુનિવર્સિટીને મોકલી આપવા માટે તા. ૧૫મી જુલાઈ છેલ્લી તારીખ, એ પ્રમાણે મુકરર કરવી.

વધુમાં આ સમિતિ નીચે દર્શાવેલાં સૂચનો પરત્વે સિન્ડિકેટ વિચારે એમ ઇચ્છે છે:

(૧) અનુસ્નાતક પરીક્ષા બાદ પરિણામ અને પદવી આપતાં પહેલાં ૧૦૦ ગુણની મૌખિક પરીક્ષા હોવા જોઈએ.

(૨) જરૂર કરતાં વધુ સંખ્યામાં માન્ય અનુસ્નાતક શિક્ષકો અને મદદનીશ શિક્ષકો હોય તો બધા જ શિક્ષકોને કામ આપવાનું ફરજિયાત હોવું જોઈએ નહિ. એમ.એ.માં

ન ભણાવી શકવાને કારણે માન્ય અનુસ્નાતક અધ્યાપકોને પરીક્ષક તરીકે રાખવામાં કરી મર્યાદા ન નડે એ રીતે પરીક્ષકોની નિમણૂક અંગેનાં ધારાધોરણોમાં ઘટતો ફેરફાર કરવો જોઈએ.

૪. આથી ઠરાવવામાં આવે છે કે, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદને ડી જી. ઓ. તેમ જ ડી. પેડ.ના ડિપ્લોમા માટે ફેબ્રુઆરી, ૧૯૬૧થી અનુસ્નાતક કેન્દ્ર આપવા તેમ જ મજકૂર કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ડૉ. ઈ. એમ. એસ્ટને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એન. કૉલેજ, વિસનગરને જે હાલ નવા નિયમો કેન્દ્ર શરૂ કરવાને માટે વિચારાયા છે તે અનુસાર તે જોગવાઈઓ ધરાવતું હોય તો તે શરતે એમ.એ., એમ.એસસી. ગણિતશાસ્ત્રના વિષયો માટે જૂન, ૧૯૬૧થી અનુસ્નાતક કેન્દ્ર આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. આથી ઠરાવવામાં આવે છે કે, એન. કે. એમ. સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડને એમ.એસસી. પદવી માટે ઑર્ગેનિક અને ઇનઑર્ગેનિક વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર આપવા બાબતમાં તથા તે અંગે યોગ્ય જોગવાઈઓ છે કે નહિ, તે બાબતમાં તપાસ કરી હેવાલ રજૂ કરવા નીચેના સભ્યોની સમિતિ નીમવી:

૧. ડૉ. આર. ડી. દેસાઈ;
૨. ડૉ. સી. એમ. દેસાઈ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સુરત વિભાગમાં ગુજરાતી વિષય માટે બેથી વધુ કેન્દ્રો હોવાથી મજકૂર કૉલેજની ગુજરાતી વિષય માટેના અનુસ્નાતક કેન્દ્રની માગણી સ્વીકારવા માટે આ સમિતિ ભલામણ કરી શકતી નથી.

૭. આથી ઠરાવવામાં આવે છે કે, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરે માગેલ અનુસ્નાતક કેન્દ્રો બાબતમાં જો મજકૂર કેન્દ્ર માટે નિયમાનુસાર જરૂરી સ્ટાફ હોય તો કેન્દ્ર આપવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૮. આથી ઠરાવવામાં આવે છે કે, શામળદાસ કૉલેજ, ભાવનગરના રસાયણવિજ્ઞાનના પ્રોફેસર શ્રી. એન. એ. પટેલની તેમની એમ એસસી. માટેની ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષય ઉપરાંત ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા અંગેની વિનંતી સ્વીકારવી નહિ.

૯. આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૉલેજના અર્થશાસ્ત્રના પ્રોફેસર શ્રી. દેસાઈ ભરતકુમાર ચીમનલાલને અર્થશાસ્ત્રના વિષય માટે પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શન આપવા સારુ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા નહિ.

૧૦. આથી ઠરાવવામાં આવે છે કે, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. દ્વિવેદી ભાનુશંકર પ્રભાશંકરને ડિપ્લોમા-ઇન-એનેસ્થેશિયાના વિષયમાં અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે તા. ૧૪ મે, ૧૯૬૨ સુધી માન્ય કરવા.

૧૧. આથી ઠરાવવામાં આવે છે કે, આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ)માં આપવામાં આવેલ એમ.એ. માટે ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. આઈ. એસ. જોશીપુરાને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. આથી ઠરાવવામાં આવે છે કે, જે કેન્દ્રોમાં અનુસ્નાતક વિદ્યાર્થીઓની સંખ્યા વધુ પડતી થતી હોય એવાં કેન્દ્રોમાં જુનિયર અને સીનિયર માટે જુદા જુદા વર્ગો રાખવાની પરવાનગી આપવા તથા તે અંગેના નિયમોમાં ઘટતી જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીઓનાં વિદ્યાભવનોમાં પ્રૉફેસર, રીડર વગેરેની નિમણૂક બાબતના જે નિયમો ઘડયા છે તેમાં નીચે દર્શાવ્યા પ્રમાણે ફેરફાર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. પ્રૉફેસરની નિમણૂક અંગેના નિયમમાં નિયમ નં. ૩ અને ૪ રદ કરી તેને બદલે નિયમ નં. ૩ નીચે પ્રમાણે મૂકવો:

(3) About ten years experience of teaching at a University or a college of which five years' experience should be that of teaching the subject to Post-graduate classes.

૨. રીડરની નિમણૂક અંગેના નિયમમાં નિયમ નં. ૨માં સાત વર્ષના શૈક્ષણિક અનુભવને બદલે પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ મૂકવા તથા તે નિયમ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી:

(2) At least five years' experience of teaching in the subject to the Post-intermediate classes, provided that at least two out of five years' experience should be that of teaching the subject to Post-graduate classes.

૩. લેક્ચરર વેલ્ફેર વગેરે વિષયોની નિમણૂક બાબતમાં યોગ્ય કેસોમાં શૈક્ષણિક અનુભવ અંગેની શરત હળવી કરી શકાશે.

(ઉપર પ્રમાણે પ્રૉફેસર, રીડર અને લેક્ચરર અંગેના સુધારેલા નિયમોનો મુસદ્દો પરિશિષ્ટ "બ" તરીકે સાથે સામેલ છે.)

૧૪. આથી ઠરાવવામાં આવે છે કે, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના આચાર્યને વર્ષ ૧૯૬૦-૬૧ની અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી રૂા. ૯,૭૫૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કેન્દ્રની સદર બચતમાંથી રૂા. ૨૦૦ની કિંમતનાં સામયિકો તથા રૂા. ૯,૦૦૦ની કિંમતનાં મનોવિજ્ઞાન, માયક્રોબાયોલોજી તથા રસાયણવિજ્ઞાન (ઇનઑર્ગેનિક) વિષયનાં સાધનો ખરીદવા માટે સદરહુ કેન્દ્રને પરવાનગી આપવી.

૧૫. આથી ઠરાવવામાં આવે છે કે, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના અધ્યાપક શ્રી. આર. બી. દેસાઈને ઑ. ૩૨૪(બી) અનુસાર ઇતિહાસના વિષયમાં પીએચ.ડી. પદવી માટે બહારના માર્ગદર્શક શ્રી. કે. એચ. કામદારના માર્ગદર્શન હેઠળ સંશોધન કરવા માટે પરવાનગી આપવી.

૧૬. આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતને વિજ્ઞાનના વિષયો માટે કેન્દ્રની બચતમાંથી રૂા. ૫,૨૦૦ની કિંમતનાં પુસ્તકો અને સામયિકો ખરીદવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૭. આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદને ડી.જી.ઓ. માટેનું અનુસ્નાતક કેન્દ્ર ફેબ્રુઆરી, ૧૯૬૧થી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૮. આથી ઠરાવવામાં આવે છે કે, કુ. લક્ષ્મીબાવની એમ.એ. અંગ્રેજી વિષયની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં બદલી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૯. આથી ઠરાવવામાં આવે છે કે, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. એન. આર. દેસાઈને એમ.એસસી. ડિગ્રી માટે સર્જરી વિષયમાં તા. ૧૪ મે, ૧૯૬૨ સુધી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૦. આથી ઠરાવવામાં આવે છે કે, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદનાં કુ. મંદાકિની હીરાનંદ ઝવેરીને પ્રાચીન અને ભારતીય સંસ્કૃતિના વિષયમાં પીએચ.ડી. પદવીને બદલે એમ.એ.ની પદવી માટે માન્યતા આપવા અંગેના સુધારાની નોંધ લેવી.

૨૧. આથી ઠરાવવામાં આવે છે કે—

૧. લૉ કૉન્ફરન્સની એલએલ.એમ.ના શિક્ષણ અંગેના શિક્ષકો બાબતની ભલામણ સ્વીકારી શકાય એમ નથી, એમ આ બોર્ડનો અભિપ્રાય છે.

૨. કાયદાના શિક્ષણ માટે યુનિવર્સિટી પોતાનું વિદ્યાભવન શરૂ કરે એવી ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ભલામણની તરફેણ આ તબક્કે બોર્ડ કરતું નથી એમ જણાવવું.

લૉ કૉન્ફરન્સની ભલામણ નીચે મુજબ હતી:

લૉ કૉન્ફરન્સની નીચેની ભલામણ પરત્વે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ભલામણ, જેની સાથે એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૬૦ની સભામાં સંમતિ દર્શાવી છે, તે અંગે વિચારણા કરવા બાબત:

"*X. LL.M.*

In such of the college where proper facilities are available, steps should be taken to impart instruction for the LL.M. course.

Teachers for the LL.M. course should ordinarily be at least LL.M. with research and teaching experience to their credit, preferably a doctor of laws with experience.

XI. Research Facilities

Research facilities should be provided by each University

having a Faculty of Law with courses for LL.M. in collaboration with the departments of other Social Sciences including Sociology, Politics, Economics, etc."

૨૨. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિદ્યાભવનોના નિમાયેલા પ્રોફેસરો અને રીડરોને પીએચ.ડી. પદવી માટે, સંશોધન માટે માર્ગદર્શન આપવા આપોઆપ માન્ય થયેલા ગણવા એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ફક્ત સંશોધન માટે માન્ય થયેલ સંસ્થાઓમાં જે ભવનોના રીડરો માટે નિયત કરેલી ઓછામાં ઓછી લાયકાત ધરાવતા હોય તેવા શિક્ષકોને પણ પીએચ.ડી. પદવી (સંશોધન) માટે માર્ગદર્શન આપવા માટે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૩. આથી ઠરાવવામાં આવે છે કે, શામળદાસ કૉલેજ, ભાવનગરના પ્રાધ્યાપક શ્રી. ભટ્ટ બદરીપ્રસાદ માણેકલાલને તેમની એમ.એ. અર્થશાસ્ત્ર જૂથ "ડી"ની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ઉપરાંત અર્થશાસ્ત્ર જૂથ "સી" માટે પણ અનુસ્નાતક શિક્ષક તરીકે તા. ૧૪ મે, ૧૯૬૨ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૪. આથી ઠરાવવામાં આવે છે કે, પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ, તેમની માગણી અનુસાર એમ.કૉમ.ના વિષયો માટે તેઓ ઓર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ અને કૉર્પોરેશન ફાઇનાન્સ એ વિષયોના શિક્ષણને માટે યોગ્ય વ્યવસ્થા કરે એ શરતે જૂન, ૧૯૬૧થી અનુસ્નાતક કેન્દ્ર આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૫. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના આચાર્યની એમ.એ. અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી" તથા સમાજશાસ્ત્ર જૂથ "ઈ"ના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર આપવાની માગણી સ્વીકારવી નહિ.

૨૬. આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. મહેશ પ્રેમચંદ ગ્યાનચંદની એમ.એસસી. (મેડ.) હ્યુમન એનેટોમી વિષયની માન્ય અનુસ્નાતક શિક્ષણના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાંથી એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં બદલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૭. આથી ઠરાવવામાં આવે છે કે, એમ. ટી. બી. કૉલેજ, સુરતને અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી રૂા. ૧,૬૦૦ની કિંમતનાં પુસ્તકો અને સામયિકો ખરીદવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૮. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આર્ટ્સ કૉલેજ, ડભોઈમાં એમ.એ. ગુજરાતી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર ખોલવા અંગેની આચાર્યની માગણી સ્વીકારવી નહિ.

૨૯. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યની એમ.એ. અંગ્રેજી વિષયો માટે અનુસ્નાતક કેન્દ્ર ખોલવા અંગેની માગણી સ્વીકારવી નહિ.

૩૦. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. કૉલેજ, અમદાવાદને એમ.એ. ગૃહવિજ્ઞાનના વિષય માટે તા. ૧૪ મે, ૧૯૬૨ સુધી અનુસ્નાતક કેન્દ્ર આપવા તેમ જ પ્રસ્તુત કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે કુ. પારધી જ્યોતિ વિનયશંકરને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૧. આથી ઠરાવવામાં આવે છે કે, હાલમાં માન્ય અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશ તરીકેની માન્યતા ધરાવનાર જે તે શિક્ષકોને તે તે વિષયની તેમની માન્યતા ૧૪મી મે, ૧૯૬૨ સુધી વધારી આપ્યાની ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "અ"

નીચે જણાવેલ શિક્ષકોને ઉપકુલપતિશ્રીએ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે ૧૪ મે, ૧૯૬૨ સુધી માન્યતા આપી તે શિક્ષકોની યાદી

ક્રમાંક	નામ	વિષય	પદવી	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. મહેતા મહેશ મગનલાલ	સંસ્કૃત	એમ.એ.	પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨.	શ્રી. અબ્બાસી મહેબુબહુસેન એહમદહુસેન	પર્શિયન	એમ.એ.	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૩.	શ્રી. ધારૈયા રમણલાલ કકલભાઈ	ઇતિહાસ "એ" અને "બી" જૂથ	એમ.એ.	સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૪.	શ્રી. શાહ નવીન હિંમતલાલ	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી" (જૂનું જૂથ "ઈ")	એમ.એ.	દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા
૫.	શ્રી. ત્રિવેદી રામરસિક હરિશંકર	સાયકોલોજી, ફિલોસોફી	એમ.એ.	સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૬.	શ્રી. શાહ હસમુખ કાંતિલાલ	પદાર્થવિજ્ઞાન	એમ.એસસી.	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૭.	શ્રી. પટેલ મહેન્દ્ર મગનલાલ	એડવાન્સ્ડ એકાઉન્ટિંગ	એમ.કોમ.	એચ.એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

ક્રમાંક	નામ	વિષય	પદવી	કૉલેજ/સંસ્થાનું નામ
૮.	ડૉ. શાહ ગિરિશચંદ્ર હરિલાલ	ગાયનેકૉલોજી અને ઑબ્સ્ટેટ્રિક્સ	એમ.ડી.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૯.	ડૉ. બૅંકર રજનીકાંત નટવરલાલ	ગાયનેકૉલોજી ઍન્ડ ઑબ્સ્ટેટ્રિક્સ	એમ.ડી. અને ડી.જી.ઓ.	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, વા. સા. હૉસ્પિટલ, અમદાવાદ
૧૦.	ડૉ. પટેલ હરિભાઈ લલ્લુભાર્ઈ	સર્જરી	એમ.એસસી.	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૧૧.	ડૉ. શાહદે મુકુંદગુરુનાથ રાવ	સર્જરી	એમ.એસ.	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૧૨.	ડૉ. ઉપાધ્યાય ગિરિજાશંકર હિંમતલાલ	સર્જરી	એમ.એસ.	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૧૩.	ડૉ. સચદેવ કરતારસિંગ	ફાર્મેકૉલોજી	એમ.એસસી. અને એમ.ડી. બ્રાન્ચ	,, ,, ,,
૧૪.	ડૉ. મહેશ પ્રેમચંદ ગ્યાનચંદ	ઍનેટોમી	એમ.એસ, પાર્ટ ૧	,, ,, ,,
૧૫.	ડૉ. પૂર્ણેન્દુ ભૂષણ	પેથોલોજી અને બેક્ટેરિયોલોજી	એમ.ડી.	,, ,, ,,
૧૬.	ડૉ. પુરી પ્રિતપાલસિંગ	મેડિસિન	એમ.ડી., બ્રાન્ચ ૧	,, ,, ,,
૧૭.	શ્રી. વકીલ ટ્રસ રૂસ્તમ	અંગ્રેજી	એમ.એ.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૧૮.	શ્રી. પુરી પ્રિતપાલસિંગ	મેડિસિન	એમ.ડી., બ્રાન્ચ ૧	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૯.	શ્રી. નાગવરાપુ રામરાવ	ઇલેક્ટ્રિકલ મશીન ડિઝાઇન્સ	એમ.ઈ.	એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ
૨૦.	શ્રી. જોષી રમણલાલ જેઠાલાલ	ગુજરાતી	એમ.એ.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ (આર્ટ્સ વિભાગ), અમદાવાદ.

પરિશિષ્ટ "અ"

Rules regarding the appointment of Professors, Readers and Lecturers in the University Schools

I. For Professorship :

1. (*a*) A First or Second Class Bachelor's Degree in the subject;

and

(*b*) A First or Second Class Master's Degree or a Ph.D. Degree in the same subject;

and

(*c*) A Research Degree of a recognised University in the subject;

2. Independent Research Work of recognised merit in the subject. This work should be other than the one submitted by him for his own research thesis for the Master's or Ph.D. Degree;

3. About ten years experience of teaching at a University or a college, of which five years' experience should be that of teaching the subject of Post-graduate class.

II. For Readership :

1. (*a*) A First or Second class Bachelor's Degree in the subject;

and

(*b*) A First or Second Class Master's Degree in the subject or a Ph.D. Degree;

and

2. At least five years' experience of teaching in the subject to the Post-intermediate classes, provided that at least two out of five years' experience should be that of teaching the subject to Post-graduate classes.

III. For Lecturership :

1. (*a*) A First or Second Class both in Bachelor's Degree and Master's Degree in the subject;

and

(*b*) At least five years' experience of teaching the subject to Post-intermediate classes;

2. A Ph.D. Degree.

Note. — In case of appointment for the Diploma of Labour Welfare the question of teaching experience may be relaxed in appropriate cases.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૮૧

ફાઇનાન્સ કમિટીની તા. ૬-૪-૧૯૬૧ની સિન્ડિકેટને કરવામાં આવેલી ભલામણો

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોના શિક્ષકગણને નીચે પ્રમાણેના ધોરણે ફર્નિચર આપવું :

પ્રોફેસર	ફર્નિચરની વિગત	
૧. ગ્લાસ ટેબલ (૫'×૩')	નંગ	૧
૨. ફરતી ખુરસી	નંગ	૧
૩. લોખંડનું કબાટ	નંગ	૧
૪. ખુરસીઓ હાથાવાળી	નંગ	૬
૫. સાદડ રેક	નંગ	૧
૬. બુક કેઇસ	નંગ	૧
૭. આરામ ખુરસી	નંગ	૨
૮. ટિપોઈ	નંગ	૧
૯. ટેબલ ફેન અથવા સીલિંગ ફેન	નંગ	૧
૧૦. ટ્રે	નંગ	૨
રીડર		
૧. લેધર ટોપ ટેબલ (૫'×૩')	નંગ	૧
૨. સ્ટીલનું કબાટ	નંગ	૧
૩. ખુરસી હાથાવાળી	નંગ	૩
૪. આરામ ખુરસી	નંગ	૧
૫. ટેબલ ફેન અથવા સીલિંગ ફેન	નંગ	૧
૬. ટ્રે	નંગ	૨
લેક્ચરર		
૧. રેક્ઝિન ટોપ ટેબલ (૪'×૩')	નંગ	૧
૨. લોખંડનું કબાટ	નંગ	૧
૩. ખુરસી હાથાવાળી	નંગ	૪
૪. ટ્રે	નંગ	૨

ડેમોન્સ્ટ્રેટર, ટ્યૂટર તથા રિસર્ચ ફેલો

૧. રેકિઝન ટોપ ટેબલ (૪' × ૨')	નંગ	૧
૨. ખુરસી હાથાવાળી	નંગ	૨

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, રેમિંગ્ટન બનાવટનાં ગુજરાતી ટાઇપ-રાઇટર નંગ ૩ યુનિવર્સિટી કાર્યાલય માટે તથા ટાઇપરાઇટર નંગ ૧ વિજ્ઞાન ભવન માટે રૂ. ૧૧૪૪·૦૦ નંગના ભાવે ખરીદવાં.

૩. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, મે. વાઇસ-ચાન્સેલર સાહેબે બોટની વિભાગના ઉપયોગ માટે એફ. ડી. મોડેલ સેકન્ડ મારફોરકોપ, ઓઇલ ઇમરસન લેન્સ સિવાય, ખરીદવા આપેલ મંજૂરીની નોંધને બહાલી આપવી.

૪. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી વિજ્ઞાન ભવનના વર્કશોપ માટે નીચે પ્રમાણેની મશીનરી ખરીદવી:

Batliboi & Co.

1. Minor Universal wood worker	Rs. 2820/–plus Rs. 120/–for extra equipment. Plus other charges
2. Power Press Type 'A' Bench type capacity 4 tons	Rs. 1275/– plus other charges
3. Precision High Speed Hack — Saw Machine model No. 3	Rs. 1980/–
4. Turner New 8" Jointer	Rs. 2620/–plus other charges
5. Wood working Lathes	Rs. 1310/–plus other charges
6. Hand Squeese Moulding machine	Rs. 4100/–plus Rs. 500/– for other accessaries
7. Versatile Lever Shears	Rs. 1135/–.

૫. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ડુપ્લિકેટિંગ પેકેટસ નંગ ૫૦૦ મે. જેસ્ટેટનર ડુપ્લિકેટર્સ (પ્રા.) લિ. પાસેથી કંપનીના ભાવે ખરીદવા.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૮૭

AN AGREEMENT made the day of 196 between *Prof. P. M. Modi*, residing at *Baroda*, hereinafter called the Lecturer (which expression shall unless excluded by or repugnant to the context be deemed to include his heirs, successors, assigns, executors, administrators, representatives, etc.) and the Registrar, Gujarat University, Ahmedabad, hereinafter called 'Publisher' (which expression shall unless excluded by or repugnant to the context be deemed to include the Gujarat University).

WHEREAS :

1. The Lecturer has agreed to deliver eight lectures on the dates and place mutually agreeable entitled, "*Lectures on 'Anubhashya' a Critical Study*" in the *Gujarati* language and as such, he is the owner of the copyright;

2. In order to avoid all manner of doubts and difficulties, it has been agreed by the Lecturer that he will sell, transfer and assign all his copyright in the above lectures for publication in language including all editions, abridgement, booklets, etc., to the Publisher absolutely at or for Rs. . .

NOW IT IS HEREBY AGREED AS FOLLOWS :

1. In consideration of the above amount to be paid to the Lecturer by the Publisher, the Lecturer hereby grants, transfers and assigns to the Publisher absolutely all that the copyright in the above mentioned work in and outside the Republic of India for the period of copyright therein and also all and singular the benefit and privileges and advantages there, and all the right, title, interest, claim and demand whatsoever of the Lecturer to in or upon the same.

2. The Publisher shall pay to the Lecturer as under :

Conditions. — The Lecturer shall be paid an honorarium of Rs. . . .

3. The Publisher shall not, during the life-time of the Lecturer, make alteration, subtraction, addition, abridgement or variation in the above work without first obtaining the consent of the Lecturer.

4. The Lecturer shall be entitled to receive 10 (Ten) presentation copies of the book from the Publisher on its publication. He shall also be given on demand 5 (Five) presentation copies of the second and subsequent editions and only two copies of reprints, abridgements and booklets of the book by the Publisher after publication.

5. The Lecturer warrants that he is the owner of the copyright in the said work, and that he has not made any assignment of or granted any licence in respect of any of the rights in the said work comprised in this **Agreement.**

6. The Lecturer shall keep the Publisher indemnified against all actions, proceedings, or demands made against the Publisher by reason of anything contained in the said work constituting an infringement of copyright or being defamatory, and against all costs, damages or expenses in respect of any such action, proceeding or demand.

7. The full copyright over the said work shall henceforth be held, used and enjoyed by the Publisher without any interruption, interference, claim or demand whatever by or from the Lecturer or any other person.

8. For all purposes, the jurisdiction will be of Ahmedabad.

In Witness whereof the abovenamed parties have set their hands hereto the day and year First above written.

Signature of the Lecturer

Witnesses :

1.
2.
3.

Signature of the Publisher

Witnesses :

1.
2.
3.

પરિશિષ્ટ "ન"
કામકાજ ક્રમાંક ૮૮

"જસ્ટીસ એમ. સી. શાહ સુવર્ણચંદ્રક"

૧. દાતાનું નામ: શ્રીમતી કુમુદબેન એમ. શાહ, ૫૬, સૂર્યકિરણ, ૫મી ગલી, ગોવાલિયા ટેન્ક રોડ, મુંબઈ-૨૬, દ્વારા શ્રી. રમણ વકીલ, ધી ભોડર્ન સ્કૂલ, સિક્કાનગર, વી. પી. રોડ, મુંબઈ-૪.

૨. સખાવતની રકમ: રૂા. ૬,૦૦૦ રોકડા તથા રૂા. ૨૦૦ ચાલુ વર્ષ માટે સુવર્ણચંદ્રક આપવા.

૩. દેણગીનો પ્રકાર: એક સુવર્ણચંદ્રક.

૪. દેણગી સ્વીકારવાનું સિન્ડિકેટે તેની ૪ માર્ચ, ૧૯૬૧ની સભામાં કામકાજ નં. ૩૭થી સ્વીકાર્યું છે.

નિયમો

૧. "જસ્ટીસ એમ. સી. શાહ સુવર્ણચંદ્રક"એ નામનો આશરે રૂા. ૨૦૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે જે વિદ્યાર્થી માર્ચ/એપ્રિલમાં લેવાયેલી આઈ એલએલ.બી.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ પ્રયત્ને (ફર્સ્ટ ક્લાસ)માં સૌથી વધારે ગુણાંક સાથે પ્રથમ આવે તેને એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક, શક્ય હશે ત્યાં સુધી, યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને આપવામાં આવશે.

૩. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ આવશે નહિ.

૪. આ સખાવતની વાર્ષિક બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ "૫"
ઠરાવનાં ક્રમાંક ૬૦

Ordinance 364:

This University shall grant a Diploma in Tuberculosis to persons who have passed the examination according to the Ordinances and Regulations mentioned below:

No candidate shall be admitted to the T.D.D. Examination unless—

(1) he has taken the M.B.B.S. Degree of this University or the Degree of any other University recognised as equivalent thereto (including the M.C.P.S. Examination of the College of Physicians and Surgeons of Bombay) at least one year before appearing in T.D.D. Examination;

(2) he Produces the following certificates:

(*a*) of having done a post or a post-graduate course for a period of at least six months at an approved teaching institution having Medical and Surgical T.B. wards and at least 20 beds for Pulmonary T.B.;

(*b*) of having done a Post or a Post-graduate Course in T.B. at a Hospital or an approved and recognised institution (which must have beds for Medical and Surgical treatment of Tuberculosis and of these at least 20 beds for Pulmonary T.B.) for six months, after having completed the course as prescribed in (a) above;

(*c*) of having attended an approved T.B. Clinic for 3 months;

(*d*) of having completed to the satisfaction of the Principal of the college or the head of the institution, as the case may be, a course of special institution in syllabus prescribed for the diploma.

Regulation 243 :

(*a*) *Theory* : 3 *Papers* :

1st Paper 100 marks	I. Epidemiology — Prevention Control II. Pathology & Bacteriology
2nd Paper 100 marks	I. Pulmonary Tuberculosis : 1. General II. Special
3rd Paper 100 marks	I. Non-Pulmonary Tuberculosis II. Chest diseases other than T.B.

(*b*) (1) *Practicals* :

1. Pathology -- Museum Speciman — 50 Marks
2. Identification of Slides (Histological)
3. Culture Media & Laboratory methods

(2) *Oral* : 15 Minutes. — 50 Marks

(*c*) *Clinical* :

1. Long cases .. 40 Marks
2. Short cases .. 60 ,, } 100 Marks.

Regulation 243-A :

Syllabus —

Historical background.

Epidemiology — causation and spread of Tuberculosis.

Incidence and distribution of T.B. Methods of Survey & their interpretations.

Vital Statistic related to T.B.

Prevention and control of T.B.

Administration & Management of T.B. Clinics, Hospital & Sanatorium.

Services. Domiciliary services.

Bacteriology of Tuberculosis.

Physiology of respirating system — Pulmonary function test and their interpretation.

Pathogenesis and Pathology of Tuberculosis.

Immunity and allergy with special reference to T.B.

Evolution of Tuberculosis :

Synphonalogy and Sizes of Pulmonary Tuberculosis.

Diagnosis, Differential Diagonosis, Radiological features, complication and progonosis of Pulmonary T.B.

1. Treatment of Pulmonary T.B., medical & Surgical.
2. Non-pulmonary T.B. — Bone and Joint T.B.

Lymphodemities, Abdominal, genitio — Urinary and Tuberculosis of all other organs. Their diagonosis and treatment.

Pulmonary diseases other than Tuberculosis, their diagnosis and treatment.

Ordinance 364-B :

The following shall be the minimum requirements for approval of as an approved institution for the purposes required under O. 364-A of a T.B. Hospital, or a T.B. Clinic as the case may be,—

(*i*) Tuberculosis Hospital with a T.B. Clinic carrying out both preventive and Clinical work pertaining to Tuberculosis;

(*ii*) T.B. Wards in a general hospital with at least 50 beds for Tuberculosis together with a T.B. Clinic carrying out both preventive and Clinical work pertaining to Tuberculosis.

Exception. — In case a T.B. Clinic is not attached to a T.B. Hospital or a general hospital, the candidate who has put up studies in those institutions will have to put up at least 3 months in an approved T.B. Clinic.

Gujarat University Press, Ahmedabad-9.

G.U.P. 1081-875-8-81

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક ખાસ સભા, સોમવાર, તા. ૧૭-૪-૧૯૬૧ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. એમ. ડી. રાજપાલ, શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇંદ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૮. શ્રી. ઘનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૧૧ શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર
૧૪. ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર
૧૫. આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૧૬. આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૮. આચાર્ય વલ્લભરામ વી. વૈદ્ય	હાજર

૧. સિન્ડિકેટે તેની તા. ૩-૧૨-૧૯૬૦ની બેઠકમાં નીમેલી પ્રકાશન સમિતિના રિપોર્ટ પરથી યુનિવર્સિટી પ્રકાશન બૉર્ડે કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટે તેની તા. ૩-૧૨-૧૯૬૦ની સભામાં નીમેલી પ્રકાશન સમિતિના રિપોર્ટ પર યુનિવર્સિટીના પ્રકાશન બૉર્ડે કરેલી ભલામણો પર ચર્ચાવિચારણા કર્યા પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(૧) (ક) ભાષાઓ સિવાયનાં સર્વમાન્ય (standard) અંગ્રેજી પુસ્તકોનું ગુજરાતીમાં ભાષાંતર કે ભાવાનુવાદ કરાવવા માટે સદરહુ સમિતિએ જે યોજના ઘડી છે તેને લક્ષમાં રાખીને, ભાષાંતર કે ભાવાનુવાદનું કામ શક્ય તેટલી ઝડપે હાથ ધરવા માટે તથા કૉપીરાઇટ-હક્કો મેળવવા માટેની વાટાઘાટો કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(**નોંધ.** — પરદેશી પ્રકાશન સંસ્થાઓની કૃતિઓના અનુવાદના કૉપીરાઇટ-હક્કો મેળવવા માટે અને તો 'Publisher's Organisation' મારફતે તજવીજ કરવી.)

(ખ) પસંદ કરેલી કૃતિઓના ભાષાંતર કે ભાવાનુવાદનું કામ જેને સોંપવામાં આવે તે વ્યક્તિ કે વ્યક્તિઓ, શક્ય હોય ત્યાં સુધી, તે કૃતિના વિષયની જાણકાર હોવી જોઈએ તે લક્ષમાં રાખવામાં આવે.

(ગ) ભાષાંતરકારને પુરસ્કાર આપવા માટે નીચેનું ધોરણ રાખવું :

અનુવાદિત કૃતિના ડેમી સાઇઝના પ્રત્યેક પાના દીઠ રૂા. ૫ થી ૭.

(ઘ) ભાષાંતરકાર સાથે કરવાના કરાર તથા તે અંગે વાટાઘાટો કરીને નિર્ણય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

(ચ) અનુવાદિત કૃતિની હસ્તપ્રત જાતે-તપાસી (vet) કરીને મંજૂર કરવાનું કામ, તે વિષયના કોઈ નિષ્ણાતને સોંપવું તથા આવા નિષ્ણાતને પ્રત્યેક કૃતિ દીઠ રૂા. ૨૦૦થી વધુ નહિ તેટલો પુરસ્કાર આપવો.

(૨) દરેક વિષયના સમગ્ર વિચારને વ્યાપક રીતે આવરી લે એ રીતે જે તે વિષયના પસંદ કરેલા પાઠોના અનુવાદનો સંગ્રહ (readings) તૈયાર કરાવવાની યોજના પર હાલને તબક્કે વિચારણા કરવી નહિ.

(૩) ગુજરાતી ભાષામાં મૌલિક પુસ્તકો એક યા વધુ લેખકો પાસે તૈયાર કરાવવાની બાબત પર વધુ ધ્યાન આપવું, અને આવાં જે પુસ્તકો તૈયાર થાય તે પુસ્તકોના તમામ કૉપીરાઇટ-હક્કો ખરીદવા માટે ડેમી સાઇઝના પ્રત્યેક પાના દીઠ રૂા. ૧૦થી વધુ નહિ તેટલો પુરસ્કાર આપવાનું રાખવું.

(૪) યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો કે માન્ય સંસ્થાઓ કે વિદ્યાભવનોમાં કામ કરતા શિક્ષકો પોતે પ્રકાશનનું કામ માથે લેવા માગતા હોય તો તેમને "લોન" આપવા માટે વ્યક્તિગત અરજી પરથી ઘટતી વિચારણા કરવાનું રાખવું

(૫) યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો કે માન્ય સંસ્થાઓ કે વિદ્યાભવનોમાં કામ કરતા શિક્ષકો પોતાની ગુજરાતી કૃતિનું પ્રકાશન પોતા થકી કરવા ઇચ્છતા હોય તો તેમને પ્રત્યેક હસ્ત-પ્રતની ગુણવત્તા જોઈને ઘટતી આર્થિક સહાય આપવાનું વિચારવું.

(૬) યુનિવર્સિટી કાર્યાલયમાં એક અલાયદા પ્રકાશન વિભાગની રચના કરવી, તથા તે માટે પબ્લિકેશન ઑફિસર અને ટ્રાન્સલેટરની મંજૂર થયેલી જગ્યાઓ ઉપરાંત નીચે પ્રમાણેની જગ્યાઓ મંજૂર કરવી :

ક્લાર્ક.....એક
ક્લાર્ક-ટાઇપિસ્ટ.....એક
પટાવાળો.....એક.

(૭) (ક) પ્રકાશનની પ્રવૃત્તિને વેગ આપવાની દૃષ્ટિએ 'Administrative Committee of Publications'ના નામથી પ્રકાશન પ્રવૃત્તિ અંગેના તમામ કામકાજ અંગે રૂા. ૧૦,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવાની સત્તાવાળી એક સમિતિ રચવા માટે જરૂરી ઑર્ડિનન્સ ઘડીને રજૂ કરવાનું કાર્યાલયને સૂચવવામાં આવ્યું તથા સદરહુ સૂચિત સમિતિ પર નીચે પ્રમાણે સભ્યો નીમવા એમ સૂચવવામાં આવ્યું :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ;
૨. આચાર્ય ડૉ. વાય જી નાયક;
૩. આચાર્ય એમ. સી. દેસાઈ;
૪. આચાર્ય એમ. એસ. પંડિત.

(૮) પ્રત્યેક વિષય માટે પુસ્તકોના લેખકો, અનુવાદકો તથા તે કૃતિઓને જોઈ-તપાસી (vet કરીને) અને જરૂર પડયે મહારીતે મંજૂર કરનાર વ્યકિતઓની પસંદગી કરવા માટે નીચે પ્રમાણે સમિતિઓની રચના કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવી :

૧. ઉપકુલપતિશ્રી,
૨. જે તે વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષ; અને
૩. જે તે અભ્યાસસમિતિના અધ્યક્ષનાં સલાહસૂચન લઈને ઉપકુલપતિશ્રી નીમે તેવા બે સભ્યો.

(સદરહુ સમિતિના રિપોર્ટની તથા તે પર પબ્લિકેશન બોર્ડની ભલામણોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨. અંકેડમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની ભલામણ અનુસાર સુધારેલા ટ્રાન્ઝિટરી રેગ્યુ. ૧, ૨ તથા ૨-એ તથા રેગ્યુ. ૮, ૯, ૨૦૩ અને ૨૦૪ મંજૂર કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બાબત નીચેના સૂચન સાથે અંકેડમિક કાઉન્સિલને પુનર્વિચારણા માટે મોકલવામાં આવે :

કૉલેજોમાં જોડાઈને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા બાનગી રાહે અભ્યાસ કરીને પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને માટે કુલ પ્રશ્નપત્રો તથા તેના ગુણાંક બાબતમાં ભેદભાવ રાખવો જોઈએ નહિ, એ બાબત લક્ષમાં રાખીને "ઇન્ટર્નલ ઇવેલ્યુએશન"ની પદ્ધતિ દાખલ કરવા માટે આ યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં ઘટતા ફેરફારો કરવા.

૩. 'Internal Evaluation'ની પદ્ધતિ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં જૂન, ૧૯૬૨થી દાખલ કરવાની હોવાથી તેમ જ વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધતી જતી હોવાથી એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓની પરીક્ષા માટે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ માટે હાલ બીજા વિદ્યાર્થીઓની સાથે માર્ચ-એપ્રિલમાં જે પરીક્ષાઓ લેવાય છે તે ક્રમે ક્રમે બંધ કરતા જવું તથા તેમની પરીક્ષાઓ ઑક્ટોબર-નવેમ્બર માસમાં લેવાનું રાખવું.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર નં. ૧ના ઠરાવને અનુસરીને **નાપાસ થયેલા એક્સ્ટર્નલ** વિદ્યાર્થીઓને માટે પ્રથમ વર્ષ (પ્રિ-યુનિવર્સિટી) વિનયનની પરીક્ષા ઑક્ટોબર-નવેમ્બર માસમાં લેવાનું રાખવું, તથા પ્રથમ વર્ષ (પ્રિ-યુનિવર્સિટી) વિનયનની માર્ચ, ૧૯૬૨ની પરીક્ષામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓને નોંધવા નહિ.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, માર્ચ-એપ્રિલ, ૧૯૬૨ની પરીક્ષામાં ફક્ત ઇન્ટરમીડિયેટ આર્ટ્સ અને બી.એ.ની પરીક્ષાઓ માટે જ બહારના એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓને હાલના ધારાધોરણ હેઠળ નોંધવા.

૪. આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના ઠરાવો પ્રમાણે, ક્રમિક રીતે આગળ વધતાં, ઇન્ટર-મીડિયેટ આર્ટ્સની એક્સ્ટર્નલ પરીક્ષા ઑક્ટોબર-નવેમ્બર, ૧૯૬૨માં લેવાનું રાખવું તથા માર્ચ-એપ્રિલ, ૧૯૬૩માં લેવાનાર ઇન્ટરમીડિયેટ આર્ટ્સની પરીક્ષા માટે બહારના (એક્સ્ટર્નલ) વિદ્યાર્થીઓને નોંધવા નહિ.

૫. આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના ઠરાવોને લક્ષમાં રાખીને જરૂરી ધારાધોરણો ઘડવાં.

બાબત નં. ૪ અને ૨૫ની વિચારણા એક સાથે કરવામાં આવી હતી.

૪. મુંબઈ યુનિવર્સિટી ધારા (૧૯૫૩)ની કલમ ૧૭ની પેટાકલમ ૨(ડી) અન્વયે મુંબઈ યુનિવર્સિટીના સ્નાતકોની આ યુનિવર્સિટીના સ્નાતકો તરીકેની નોંધણી અંગે સ્ટે.૪(૨)(બી) તથા સ્ટે. ૪(૫)થી કરેલી જોગવાઈની ગુજરાતનું અલગ રાજ્ય થવાથી જરૂરિયાત રહેતી નથી, તે જોતાં તે સ્ટે. ૪(૨)(બી) તેમ જ સ્ટે. ૪(૫)માં મુંબઈ યુનિવર્સિટીના નોંધાયેલા સ્નાતકોને લગતા નીચેના ઉલ્લેખવાળા ભાગોને રદ કરીને સ્ટે.૪ સુધારવા બાબત:

(નોંધ -- સ્ટે. ૪(૨)(બી)નો "Notwithstanding anything contained in the cluase 2(*a*) above, persons whose names stand on the roll of Registered Graduates of the Bombay University, at the time of their first graduation in the University, shall not be enrolled as Registered Graduates and shall not be required to pay the fee for registration" આ આખો ભાગ તથા સ્ટે. ૪(૫)નો "They shall also state whether they are Registered Graduates of the Bombay University at the time of sending their applications" આટલો ભાગ કાઢી નાખવા સૂચવવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. નં. ૪(૨) તેમ જ ૪(૫) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી:

"**St. 4:**

2. All graduates of the University shall be entered in the register of the Registered Graduates on their first graduation in the University and shall pay a fee of Rs. 5/- cash for such registration which will hold good for five years beginning from the 1st of January of the following year in which they have taken the degree. The registration fee shall be paid along with the fees for admission to the first degree.

5. All graduates referred to in Sub-clauses 3 (*a*), (*b*), (*c*); and (*d*) shall produce along with their applications evidence to the satisfaction of the Registrar on their having taken their degree and shall produce a declaration made before a Magistrate of a J. P. to the effect that their mother-tongue is Gujarati."

૨૫. આયુર્વેદની વિદ્યાશાખાની તા. ૭-૪-૧૯૬૧ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સ્ટે. ૪-૩બી(*vi*)માં નીચે પ્રમાણે સુધારો કરવો:

(*vi*) Gurukul Vishwa Vidyalaya, Kangdi, or L.A.M. Patan or D.A.S.F."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

૫. તા. ૮-૧૧-૧૯૬૦ના રોજ મળેલી તબીબી વિદ્યાશાખાએ સિન્ડિકેટના તા. ૨૭-૮-૧૯૬૦ના ઠરાવ મુજબ સ્ટે. ૧૩૬ સુધારવા માટે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આ અંગે આવેલ ડૉ. કે. જી. નાયકના તા. ૩-૯-૧૯૬૦ના પત્રાંક ૯૬૩ની નકલ આ સાથે સામેલ છે.

St. 136:

For all purposes of the Act—

(*a*) The term 'teacher' within the meaning of Section 2, Sub-clause (12) shall include—

(*i*) Professors, Readers and Lecturers giving instruction in a

recognised Institution, or an affiliated College or a University Department or other persons holding appointment of similar character;

(*ii*) every person who is appointed or recognised as a teacher of the University as defined by Section 2(13);

(*iii*) instructions of Physical Training who are graduates and hold a diploma in Physical Education, provided they are on the permanent staff of a college;

(*iv*) (*a*) honoraries or Assistant Honoraries who are Tutors in Medical Colleges;

(*b*) honorary consultants in Medical Colleges or recognised Institutions provided they put in teaching/research guidance to post-graduate students for a minimum of four hours a week.

Notwithstanding anything contained in (*i*), (*ii*); and (*iii*) above the name of a part-time teacher who does not work for at least four periods a week or in the case of a teacher doing exclusively research guidance, for at least four hours a week in any one affiliated College, recognised Institution or University Department, shall not be included in the electoral roll of teachers in any Faculty.

(*b*) Teachers imparting instrutcion in High School in the University area for not less than twelve hours or eighteen periods per week, whichever is less are declared to be Secondary Teachers under Sec. 2(10).

(*c*) The term 'Head Master' shall mean the head of a High School.

આથી ઠરાવવામાં આવે છે કે, રૂટે. ૧૩૬ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી:

"St. 136:

For all purposes of the Act —

(*a*) The term "teacher" within the meaning of Section 2, Sub-clause (12) shall include —

(*i*) Professors, Readers, Lecturers, and such full-time

Demonstrators; and Tutors as hold a Master's Degree; giving instruction in a recognised Institution or an affiliated College or a University Department;

(*ii*) every person who is appointed or recognised as a teacher of the Univercity as defined by Section 2 (13);

(*iii*) instructors of Physical Training who are graduates and hold a Diploma in Physcal Educaton, provided they are on the permanent staff of a college;

(*iv*) (*a*) honoraries or Assistant Honoraries who are Tutors in Medical Colleges;

(*b*) honorary consultants in Medical Colleges or recognised Institutions provided they put in teaching / research guidance to post-graduate students for a minimum of four hours a week.

Notwithstading anything contained in (*i*), (*ii*); and (*iii*) above, the name of a part-time teacher who does not work for at least four period a week or in the case of a teacher doing exclusively research guidance, for at least four hours a week in any one affiliated College, recognised Institution or University Department, shall not be included in the electoral roll of teachers in any Faculty.

(*b*) Teachers imparting instruction in High School in the University area for not less than twelve hours or eighteen periods per week, whichever is less, are declared to be Secondary Teachers under Section 2(10).

(*c*) The term 'Head Master' shall mean the head of a High School."

૬. તા. ૨૪-૩-૧૯૬૧ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ:

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, કમવજનવાળા વિદ્યાર્થીઓ માટે શું કરવું તે વિષે સમગ્ર રીતે વિચાર કરી તે માટેનાં જરૂરી પગલાં ઘડી કાઢવા માટે નિષ્ણાતોની એક સમિતિ દ્વારા સિન્ડિકેટ આ સવાલ તપાસે તો યોગ્ય થશે એમ આ બોર્ડનો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭. તા. ૨૪-૩-૧૯૬૧ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, એન. સી. સી., એન. સી. સી. રાઇફલ્સ તથા રમતોમાં

ભાગ લેતા વિદ્યાર્થીઓ સિવાયના પી. ટી. જેઓને માટે ફરજિયાત છે તેવા સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ માટે પરિશિષ્ટ "અ"માં આપેલ ક્ષમતામાપક જુદા જુદા ખેલ માટેની કસોટીઓની યોજનામાં ભાગ લેવાનું ફરજિયાત બનાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી, તથા તેમાં જણાવેલી યોજનાને જૂન, ૧૯૬૧થી અમલમાં મૂકવી.

(મંજૂર કરવામાં આવેલી યોજનાની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૮. તા. ૨૪-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, શારીરિક તાલીમ પ્રવૃત્તિ વિભાગની વધતી જતી કામગીરીને પહોંચી વળવા નીચે પ્રમાણેની વધારાની જગ્યાઓ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનના મદદનીશ,
૨. એક ક્લાર્ક,
૩. પટાવાળો.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે પ્રમાણેની વધારાની જગ્યાઓ મંજૂર કરવી:

જગ્યા		પગારધોરણ
૧. ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનના મદદનીશ ...	એક	રૂ. ૧૫૦-૧૦-૨૦૦
૨. જુનિયર ક્લાર્ક ...	એક	રૂ. ૫૫-૫-૧૧૦-૮-૧૫૦-૬.બી.-૧૦-૧૯૦
૩. પટાવાળો ...	એક	રૂ. ૩૦-૧-૪૫.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનના મદદનીશની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ સંલગ્ન કૉલેજોમાં વ્યાયામશિક્ષકો માટે નક્કી કરેલા ધોરણ પ્રમાણે રાખવું.

૯. તા. ૩૦-૩-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણો:

"૧. આથી આંતર-યુનિવર્સિટીની રમતોમાં થયેલ રૂ. ૧,૫૦૦ના વધારાના ખર્ચને મંજૂર કરવા માટે તથા તે ખર્ચને આપવા માટે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના સને ૧૯૬૦-૬૧ના વર્ષના અંદાજપત્રમાં રમતો માટેના તાલીમ-શિબિરો માટે મંજૂર કરવામાં આવેલા રૂ. ૫,૦૦૦ની રકમમાંથી રૂ. ૪,૦૦૦ની રકમ વધી છે તે, તથા તે ઉપરાંતના રૂ. ૨,૫૦૦ની વધારાની રકમ મંજૂર કરવા આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૨. આથી આવતે વર્ષે હૉકીની આંતર-યુનિવર્સિટીની હરીફાઈ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે યોજવા માટેનું આમંત્રણ મોકલવાનું મંજૂર કરવા તથા તે જો ન સ્વીકારાય તો બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રી જે બીજી રમત માટે આમંત્રણ આપે તેને મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

૧. આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરની ભલામણ નં. ૧ મંજૂર કરવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્પોર્ટ્સને નીચે પ્રમાણે સ્પષ્ટ આદેશ આપવો:

(૧) સિન્ડિકેટની અગાઉથી મંજૂરી લીધા વિના ભવિષ્યમાં કોઈ પણ વધારાનો ખર્ચ કરવો નહિ.

(૨) યુનિવર્સિટીની રમતગમતોની પ્રવૃત્તિઓ માટેનું અંદાજપત્ર રજૂ કરતી વખતે જુદી જુદી બાબતો માટે ખર્ચના આંકડાનો વિગતવાર ફોડ આપવો.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, ભલામણ નં. ૨ સિન્ડિકેટની તા. ૮-૪-૧૯૬૧ની સભામાં મંજૂર કરવામાં આવેલી હોઈ તે પરત્વે કશું કરવાપણું રહેતું નથી.

૧૦. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેમનાં નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલા મહાનિબંધો અંગે રેફરીના રિપોર્ટોને અનુલક્ષીને તેઓને પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
૧.	શ્રી. પટેલ ગોરધનભાઈ સોમાભાઈ	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. હોલ્લા બિન્દુર અન્નાપ્પા નારાયણ	ભૌતિકવિજ્ઞાન	એમ.એસસી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૧. યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડની તા. ૩-૪-૧૯૬૧ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

"આથી પબ્લિકેશન બોર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની ભલામણમાં જે તે વિષય માટે જે જે વ્યક્તિઓનાં નામની ભલામણ કરવામાં આવી છે, તેમને તેઓ તે તે વિષયમાં ગુજરાતી ભાષામાં પુસ્તકો લખવા તૈયાર છે કે કેમ, તે પુછાવવું.

સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની ભલામણ નીચે મુજબ છે:

૧. સોશિયલ બાયોલોજી	૧. ડૉ. તારા પટેલ; ૨. શ્રી. ટી. બી. નાયક.
૨. ઇન્ડિયન સોશિયોલોજી	૧. શ્રી. કે. એમ. કાપડિયા.
૩. સોશિયલ પ્રૉબ્લેમ્સ	૧. ડૉ. તારા પટેલ; ૨. શ્રી. ટી. બી. નાયક; ૩. શ્રી. એ. આર. દેસાઈ; ૪. શ્રી. કે. એમ. કાપડિયા.
૪. સોશિયલ ઇન્સ્ટિટ્યુશન	૧. શ્રી. આઈ. પી. દેસાઈ; ૨. શ્રી. એ. આર. દેસાઈ.
૫. કલ્ચરલ ઍન્થ્રોપોલોજી	૧. શ્રી. ટી. બી. નાયક; ૨. શ્રી. પી. જી. શાહ.
૬. સોશિયલ એમિલિયોરેશન	૧. ડૉ. તારા પટેલ."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત એડમિનિસ્ટ્રેટિવ કમિટી ફૉર પબ્લિકેશન્સની વિચારણા માટે મોકલી આપવી.

૧૨. યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડની તા. ૬-૪-૧૯૬૧ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

"આથી પબ્લિકેશન બોર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, નીચે જણાવેલાં પુસ્તકો ગુજરાતી ભાષામાં તૈયાર કરાવવા અંગે તેમની સામે જણાવેલ વ્યક્તિઓને નિમંત્રણ આપવું:

૧. 'Experimental Psychology'	Dr. C. T. Bhopatkar
૨. 'Industrial Psychology'	Dr. C. T. Bhopatkar
૩. 'બૃહદ્ સામાન્ય મનોવિજ્ઞાન'	Prin. A. K. Trivedi with the assistance of the following teachers: 1. Shri D. D. Mehta 2. Prof. P. P. Suraliwala 3. Mrs. P. R. Bhatt 4. Dr. A. N. Desai 5. Prof. C. B. Dave
૪. 'આધુનિક મનોવિજ્ઞાનના ઇતિહાસની રૂપરેખા'	૧. શ્રી. યોગેન્દ્ર કંચનલાલ દેસાઈ ૨. શ્રી. પુરુષોત્તમ નાનાલાલ ભટ્ટ."

આથી હરાવવામાં આવે છે કે, સદરહુ બાબત એડમિનિસ્ટ્રેટિવ કમિટી ફૉર પબ્લિકેશન્સની વિચારણા માટે મોકલી આપવી.

૧૩. યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડની તા. ૩-૪-૧૯૬૧ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

"આથી પબ્લિકેશન બોર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, નીચેના બે પુસ્તકોનો ગુજરાતી ભાષામાં અનુવાદ યોગ્ય વ્યક્તિ પાસે કરાવવો:

1. 'An Outline of Money' by G. Growther;
2. 'Monetary Theory' by G. N. Halm."

આથી હરાવવામાં આવે છે કે, સદરહુ બાબત એડમિનિસ્ટ્રેટિવ કમિટી ફૉર પબ્લિકેશન્સની વિચારણા માટે મોકલી આપવી.

૧૪. યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડની તા. ૩-૪-૧૯૬૧ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

"આથી પબ્લિકેશન બોર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, ભૂગોળની અભ્યાસ સમિતિની નીચેની ભલામણ સ્વીકારવી અને ફિઝકલ જોગ્રાફી વિષયનું પુસ્તક તૈયાર કરવા માટે નીચેની વ્યક્તિઓને નિમંત્રણ આપવું:

૧. પ્રો. એમ. મુકર્જી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ;

૨. શ્રી. આર. એન. સુખેશવાલા, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ;

૩. શ્રી. આઈ. યુ. દવે, ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ;
૪. શ્રી. સી. એચ. ગુપ્તા, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત એડમિનિસ્ટ્રેટિવ કમિટી ફૉર પબ્લિકેશન્સની વિચારણા માટે મોકલી આપવી.

૧૫. યુનિવર્સિટી પબ્લિકેશન બૉર્ડની તા. ૩-૪-૧૯૬૧ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

"એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગની અભ્યાસસમિતિના અધ્યક્ષને પુછાવવું કે, સદરહુ પુસ્તક આશરે ૪૦૦થી ૪૫૦ પાનાંમાં તૈયાર થઈ શકશે કે કેમ, અને થઈ શકે તો બી.કૉમ.ના અભ્યાસક્રમને આવરી લે તેવા એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષય માટેનું પુસ્તક તૈયાર કરવા માટે પ્રૉફેસર સી. આર. લાખિયાને વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત એડમિનિસ્ટ્રેટિવ કમિટી ફૉર પબ્લિકેશન્સની વિચારણા માટે મોકલી આપવી.

૧૬. યુનિવર્સિટી પબ્લિકેશન બૉર્ડની તા. ૩-૪-૧૯૬૧ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

"આથી પબ્લિકેશન બૉર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, ભૂસ્તરશાસ્ત્રનાં પુસ્તકો શ્રી. વી. ડી. દવે (એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ) તથા શ્રી. જી. બી. પંડ્યા (એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ)ને પુછાવવું કે, ભૂસ્તરશાસ્ત્રના કયા વિષયો પર તેઓ પુસ્તકો તૈયાર કરી શકે તેમ છે, અને તેમનો જવાબ આવ્યેથી તેમને કામ સોંપવાની ઘટતી સત્તા ઉપકુલપતિશ્રીને આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત એડમિનિસ્ટ્રેટિવ કમિટી ફૉર પબ્લિકેશન્સની વિચારણા માટે મોકલી આપવી.

૧૭. યુનિવર્સિટી પબ્લિકેશન બૉર્ડની તા. ૩-૪-૧૯૬૧ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

"આથી પબ્લિકેશન બૉર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે—

૧. બી.કૉમ. સ્ટેટિસ્ટિક્સ (આંકડાશાસ્ત્ર) (Optional Statistics)ના વિષયના અભ્યાસક્રમને આવરી લેતું સ્વતંત્ર પુસ્તક આશરે ૪૦૦-૪૫૦ પાનાંનું તૈયાર કરવાનું કામ (અ) શ્રી. કે. એમ. તલાટી, તથા (બ) શ્રી. ડી. જી. વશીને સોંપવું.

૨. એમ.કૉમ. સ્ટેટિસ્ટિક્સના વિષયોના અભ્યાસક્રમને આવરી લેતાં સ્વતંત્ર પુસ્તકો (અ) શ્રી. કે. એમ. તલાટી, તથા (બ) શ્રી. ડી. જી. વશીને સોંપવા બાબતની ભલામણની વિચારણા હાલને તબક્કે મુલતવી રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત એડમિનિસ્ટ્રેટિવ કમિટી ફૉર પબ્લિકેશન્સની વિચારણા માટે મોકલી આપવી.

૧૮. યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડની તા. ૩-૪-૧૯૬૧ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી પબ્લિકેશન બોર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, એમ. એન. કૉલેજ, વિસનગરના પ્રિન્સિ. કે. બી. વ્યાસને "ભાષા વિજ્ઞાન" નામના પુસ્તકના પ્રકાશન અર્થે રૂ. ૧,૫૦૦ની આર્થિક સહાય નીચેની શરતોએ આપવી :

૧. પ્રસ્તુત મદદનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો;
૨. મુખપૃષ્ઠ પર 'ગુજરાત યુનિવર્સિટીની સહાય દ્વારા પ્રકાશિત' એમ છપાવવું; અને
૩. તેની ૧૦ નકલો યુનિવર્સિટીને આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને પણ આર્થિક સહાય આપવા ઘટતી ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પબ્લિકેશન્સ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૯. યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડની તા. ૩-૪-૧૯૬૧ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"ડૉ. બિપિન ઝવેરી તથા શ્રી. મનસુખલાલ સાવલિયા તરફથી 'ભોજભક્તની કાવ્યવાણી' એ વિષય પરત્વેનું પુસ્તક છપાવવા સારુ આર્થિક સહાય મેળવવા માટે આવેલ હસ્તપ્રત અંગે વિચારણા કરતાં સદરહુ પુસ્તકના પ્રકાશન માટે કશી આર્થિક સહાય આપવા માટે પબ્લિકેશન બોર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરી શકતી નથી."

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પબ્લિકેશન્સ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૦. અનુસ્નાતક પરીક્ષાઓમાં પરીક્ષકો સિવાયની અન્ય વ્યક્તિ પાસે પ્રશ્નપત્રોનું ગુજરાતી ભાષાંતર કરાવવાનું થાય ત્યારે તેને શું મહેનતાણું આપવું તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક પરીક્ષાઓમાં, પરીક્ષકો સિવાયની અન્ય વ્યક્તિ પાસે પ્રશ્નપત્રનો ગુજરાતી પાઠ તૈયાર કરવા માટે જે વ્યક્તિ કે વ્યક્તિઓને નીમવામાં આવે, તેમને પ્રત્યેક પ્રશ્નપત્ર દીઠ રૂા. ૨૫નું મહેનતાણું આપવું, તથા આ ઠરાવ ૧૯૬૧ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી કે લેવાતી પરીક્ષાઓને માટે પણ લાગુ પાડવો.

૨૧. ડિપ્લોમા-ઇન-એનેસ્થેશિયા અને ડી.ઓ.એમ.એસ.ના પરીક્ષકોને શું મહેનતાણું આપવું તથા પ્રાયોગિક પરીક્ષા માટે કેટલો સ્ટાફ રોકવો તે ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડીનની ભલામણ નીચે પ્રમાણે છે :

૧. પ્રશ્નપત્ર કાઢવા માટે	...	રૂ. ૬૫·૦૦ (દરેક પ્રશ્નપત્ર દીઠ)
૨. ઉત્તરવહીઓ તપાસવા માટે	...	રૂ. ૨·૦૦ (દરેક ઉત્તરવહી દીઠ)
૩. પ્રાયોગિક પરીક્ષા માટે	...	રૂ. ૩·૦૦ (દરેક વિદ્યાર્થી દીઠ)

બેવડી ફી (ઓછામાં ઓછા રૂ. ૧૨)

૪. પ્રાયોગિક પરિક્ષા માટે નીચે મુજબનો સ્ટાફ રોકવો:

Days for preparation	Exp. Asst.	Lab. Asst.	Hamals	
1	*1	*1	*3	One nurse per female patient per day.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમા-ઇન-એનેસ્થેશિયા અને ડી.ઓ.એમ.એસ.ની પરીક્ષાઓ માટે પરીક્ષકોને નીચે પ્રમાણે મહેનતાણું આપવું, તથા પ્રાયોગિક પરીક્ષાઓ માટે નીચે પ્રમાણે સ્ટાફ રોકવો:

(૧) પ્રશ્નપત્ર કાઢવા માટે ... રૂા. ૭૫·૦૦ (દરેક પ્રશ્નપત્ર દીઠ)
(૨) ઉત્તરવહીઓ તપાસવા માટે ... રૂા. ૨·૦૦ (દરેક ઉત્તરવહી દીઠ)
(૩) પ્રાયોગિક પરીક્ષા માટે ... રૂા. ૩·૦૦ (દરેક વિદ્યાર્થી દીઠ)
બેવડી ફી (ઓછામાં ઓછા રૂા. ૧૨.૦૦)

(૪) પ્રાયોગિક પરીક્ષા માટે નીચે મુજબનો સ્ટાફ રોકવો:

Days for preparation.	Exp. Asst.	Lab. Asst.	Hamals	
1	*1	*1	*3	One nurse per female patient per day.

૨૨. જે વિદ્યાર્થી બી.એડ. પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ આવે તેને રૂ. ૨૦૦નું "શ્રી. બાલુભાઈ રતનચંદ શાહ પારિતોષિક" આપવા માટે રૂ. ૬,૦૦૦ની સખાવત આપવા બાબતના શ્રી. એસ. બી. શાહના તા. ૩૧-૩-૧૯૬૧ અને તા. ૧૧-૪-૧૯૬૧ના પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સખાવતનો સાભાર સ્વીકાર કરવો.

૨૩. યુનિવર્સિટીનાં મકાનોના બાંધકામ માટે માન્ય કોન્ટ્રાક્ટરોની પેનલ રાખવાની પ્રથા અપનાવવાના સવાલ પર વિચારણા કરવા બાબત.

(*Note.*— The present procedure is that the architect prepares the plans which are considered by the Building Committee and when approved, is authorised to call for tenders and then a contract is awarded either to the lawest tenderer or some other firm, which the Committee considers desirable.

It has been found that some tenderers, who have neither experience nor ability to execute the works to satisfaction, tender low amounts with the result that they have to be weeded out by the Building Committee. It will be much more satisfactory if a

*For a batch of 10 candidates.

Panel of six or seven first class building contractors are approved and their tenders called for. There will be sufficient competition amongst the good contractors. Work will also be satisfactory and the University will have the full benefit of competition. It is, therefore, suggested that the Syndicate may approve of the suggestion that the Building Committee may call for tenders from six or seven approved contractors and award a contract to the lowest tenderer.)

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં મકાનોના બાંધકામ માટે કૉન્ટ્રેક્ટરોની પેનલ રાખવાની પ્રથાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો, તથા તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન પાસેથી જરૂરી માહિતી મગાવીને તે અંગે પોતાની ભલામણો રજૂ કરવા માટે બાંધકામસમિતિને જણાવવું.

૨૪. સમાજ વિદ્યાભવનમાં રીડર-ઇન-ઇકૉનોમિક્સની એક જગ્યા પૂરવા બાબતમાં વરણી સમિતિની ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજ વિદ્યાભવનમાં રીડર-ઇન-ઇકૉનોમિક્સની જગ્યા પર, શ્રી. એમ. પી. ભટ્ટને, રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૫૦૦થી બે વર્ષના પ્રોબેશન પર નીમવા.

૨૫. આ બાબતની વિચારણા બાબત નં. ૪ની સાથે કરવામાં આવી હતી, અને તેની નોંધ તે સ્થળે આપવામાં આવેલી છે.

૨૬. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ્સ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદને અનુસ્નાતક નિયમ નં. ૪૪ અનુસાર એક સત્રના રૂા. ૧૨૫ લેખે ૮ વિદ્યાર્થીઓને સબસિડીની રકમ પેટે રૂા. ૧,૦૦૦ની રકમ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— અનુસ્નાતક નિયમ ૪૪ અનુસાર જે વિદ્યાર્થીઓને મેડિકલના વિષય માટે હાઉસપોસ્ટ ન મળી હોય તેવા વિદ્યાર્થી દીઠ રૂા. ૨૫૦ની રકમ આર્થિક સહાય તરીકે આપવાની જોગવાઈ છે. ઑર્ડિનન્સ ૨૮૪ મુજબ એમ.ડી. અને ઑર્ડિનન્સ ૨૯૭ મુજબ એમ.એસ.ના વિદ્યાર્થીને ફક્ત એક સત્ર રાખવું ફરજિયાત હોય છે, તેથી વર્ષના રૂા. ૨૫૦ લેખે એક સત્રના રૂા. ૧૨૫ના હિસાબે ૮ વિદ્યાર્થીઓને માટે આર્થિક સહાય રૂા. ૧૦૦૦ થાય છે. ઑર્ડિનન્સ ૨૯૭ મુજબ ૪ વિદ્યાર્થીઓ રજિસ્ટર્ડ થયા છે, જ્યારે બાકીના ૩ વિદ્યાર્થીઓ ઑર્ડિનન્સ ૨૭૪ મુજબ રેગ્યુલર (સામાન્ય વિદ્યાર્થી) તરીકે નોંધાયા છે, અને એક વિદ્યાર્થી ઑર્ડિનન્સ ૨૮૪ મુજબ રજિસ્ટર્ડ થવા માગે છે કે કેમ તે અંગે પુછાવ્યું છે. તે વિગત આવ્યેથી તેમને રજિસ્ટર્ડ કરવામાં આવશે, એટલે કુલ્લે ૮ વિદ્યાર્થીઓને માટે આર્થિક સહાયની રકમ મંજૂર કરવાનો પ્રશ્ન વિચારવાનો રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખામાં અનુસ્નાતક વિદ્યાર્થીઓને માટે રૂા. ૧૨૫ લેખે આર્થિક સહાય (subsidy) આપવાનું રાખવું, તથા આ ઠરાવને તા. ૨૯-૧૧-૧૯૬૦થી અમલમાં આવેલો ગણવો.

૨૭. ઇન્ડિયન ફિઝિકલ સોસાયટીની ગુજરાત શાખાને ૬૨ વર્ષે રૂા. ૪૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવાની વિનંતી કરતા રૉ. વાય. જી. નાયકના તા. ૧૩-૪-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ડિયન ફિઝિકલ સોસાયટીની ગુજરાત શાખાને આર્થિક સહાય આપવાનું આચાર્ય ડૉ. ય. ગુ. નાયકનું સૂચન મંજૂર કરવું નહિ.

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૨૮. હાલના રૂલ. ૧૭૩નો પાઠ જોતાં, લલિતકળાઓના ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓને માટે સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી નથી, તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રૂલ. ૧૭૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

"St. 173:

(1) For admission to the First Year (Pre-University) Class in the Faculties of Arts, Science and Commerce; and the First Year Diploma Class in Pharmacy, and Diploma classes in Dramatics or Drawing or Music, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State or an equivalent examination in at least seven subjects, of which English (at higher or lower level) shall be one;

(2) For admission to the First Year Class in the Diploma courses (*i*) Architecture; and (*ii*) Painting and Sculpture, in the Faculty of Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State or an equivalent examination in at least seven subjects, of which English (at higher or lower level) shall one and Drawing shall be another; provided that in the case of a candidate who has passed S.S.C. Examination with seven subjects of which English is one, and has further passed the Intermediate Grade Drawing Examination of the State Government, passing in Drawing at the S.S.C. Examination shall not be insisted upon."

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૫૪૨૦૮-૨૫/૧૯૬૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
મે. ૨૭, ૧૯૬૧.
જ્યેષ્ઠ ૬, ૧૮૮૩ (શક).

કં. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧

સિન્ડિકેટે નીમેલી પ્રકાશન સમિતિનો રિપોર્ટ તથા તે પર પબ્લિકેશન બોર્ડની ભલામણો

પ્રકાશન સમિતિનો રિપોર્ટ

સિન્ડિકેટે તેની તા. ૩-૧૨-૧૯૬૦ની સભામાં નીમેલી પ્રકાશન સમિતિની બે સભાઓ ઉપકુલપતિશ્રીના પ્રમુખપદે તા. ૧૧-૧-૧૯૬૧ અને તા. ૨૩-૨-૧૯૬૧ના રોજ મળી હતી. ચર્ચાવિચારણાને અંતે સમિતિ નીચે પ્રમાણે રિપોર્ટ કરે છે:

૧. યુનિવર્સિટીનાં પ્રકાશનો તૈયાર કરાવવા બાબતમાં કાર્યાલયે તૈયાર કરેલી નોંધ (જુઓ પરિશિષ્ટ "અ") પરત્વે આ સમિતિએ ઝીણવટથી વિચારણા કરી તેમાં જણાવેલા મુદ્દાઓનો આ સમિતિ સામાન્ય રીતે સ્વીકાર કરે છે.

૨. તબીબીવિજ્ઞાન, ઇજનેરીવિજ્ઞાન અને કૃષિવિજ્ઞાનનાં યુનિવર્સિટીના અભ્યાસક્રમને માટે ઉપયોગી નીવડે તેવાં ગુજરાતી પુસ્તકો તૈયાર કરાવવા માટે સક્રિય અને ઝડપી પગલાં લેવા ગુજરાત રાજ્યની સરકારને વિનંતી કરવી, જેથી આ યુનિવર્સિટીમાં માધ્યમ-પરિવર્તન અંગે જે સ્ટેચ્યુટ ઘડવામાં આવે તેના સમયપત્રકના પરિપાલનમાં રાજ્યનાં આ ગુજરાતી પ્રકાશનો સહાયરૂપ બને.

૩. ગુજરાત યુનિવર્સિટીએ શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે ગુજરાતી ભાષાને અપનાવેલ હોવાથી ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષામાં પૂરતી વાચન-સામગ્રી ઉપલબ્ધ બને એ હેતુથી નીચે પ્રમાણે સૂચવવામાં આવે છે:

(ક) ભાષાઓ સિવાયનાં ખાસ આવશ્યક સર્વમાન્ય (standard) પુસ્તકોના ખાસ વિશિષ્ટ અને તજ્જ્ઞ વિદ્વાનો દ્વારા ગુજરાતીમાં ભાષાંતર કે ભાષાનુવાદ કરાવવાનું રાખવું;

(ખ) દરેક વિષયના સમગ્ર વિચારને વ્યાપક રીતે આવરી લે એ રીતે દરેક વિષયમાં પસંદ કરેલા પાઠોના અનુવાદનો સંગ્રહ (readings) તૈયાર કરાવવો; અને

(ગ) ગુજરાતીમાં મૌલિક પુસ્તકો તૈયાર કરાવવાં.

૪. ગુજરાતી ભાષામાં મૌલિક પુસ્તકો તૈયાર કરાવવામાં સ્વાભાવિક જ સારો એવો વખત જવો અનિવાર્ય છે. તે દરમિયાન માધ્યમ-પરિવર્તનના કામને સહાય અને વેગ મળે તે માટે ભાષાઓ સિવાયના વિષયોમાં નીચેની વિદ્યાશાખાઓમાં પદવી-કક્ષાએ પ્રત્યેક વિષયમાં તેના પ્રત્યેક પ્રશ્નપત્ર દીઠ ઓછામાં ઓછું એક સર્વસામાન્ય પુસ્તકનું ભાષાંતર કે ભાવાનુવાદ (adaptation) કરાવવાનું રાખવું. આ માટે તાત્કાલિક અનુવાદના કામનો અંદાજ નીચે પ્રમાણે થશે :

ક્રમાંક	વિદ્યાશાખા		પુસ્તકોની અંદાજી સંખ્યા
૧.	વિનયન	...	૮૦ પુસ્તકો (આશરે)
૨.	વિજ્ઞાન	...	૩૦ પુસ્તકો (આશરે)
૩.	વાણિજ્ય	...	૫૭ પુસ્તકો (આશરે)
૪.	ધારાશાસ્ત્ર	...	૨૬ પુસ્તકો (આશરે).

૫. નીચેની વિદ્યાશાખાઓમાં નીચે જણાવેલા વિષયોને લગતાં નીચેનાં ગુજરાતી મૌલિક પુસ્તકો ગુજરાતી ભાષામાં તૈયાર કરાવવા માટે સૂચવવામાં આવે છે :

(ક) વિનયન વિદ્યાશાખા

૧. અર્થશાસ્ત્ર
૨. રાજ્યનીતિશાસ્ત્ર
૩. તત્ત્વજ્ઞાન
૪. મનોવિજ્ઞાન
૫ નૃવંશશાસ્ત્ર
૬. પશ્ચિમનો ઇતિહાસ
૭. સમાજશાસ્ત્ર
૮. ભૂગોળ
૯. ભૂસ્તરવિજ્ઞાન
૧૦. પ્રાશ્ચાત્ય સંસ્કૃતિ
૧૧. અંકશાસ્ત્ર.

(ખ) વિજ્ઞાનની વિદ્યાશાખા

૧. ભૌતિકવિજ્ઞાન
૨. રસાયણવિજ્ઞાન
૩. વનસ્પતિવિજ્ઞાન
૪. પ્રાણીવિજ્ઞાન
૫. કીટાણુવિજ્ઞાન
૬. ભૂસ્તરવિજ્ઞાન.

(ગ) ધારાશાસ્ત્રની વિદ્યાશાખા

જે ધારાઓ અભ્યાસક્રમમાં નિયત કરવામાં આવ્યા છે તેના ગુજરાતી અને/અથવા હિંદી અનુવાદ બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવા રાજ્યસરકારને તથા ભારતસરકારને વિનંતી કરવી.

૬. (૧) ભારતીય લેખકોનાં પુસ્તકોનું ભાષાન્તર કે ભાવાનુવાદ શક્ય હોય તો જે તે લેખક અને/અથવા પ્રકાશક મારફતે તૈયાર કરાવવાનું રાખવું.

(૨) આ સાથે જોડેલી પુસ્તકોની યાદી (જુઓ પરિશિષ્ટ "બ") ભાષાંતર કે ભાવાનુવાદ માટે સમિતિ સૂચવે છે અને ભલામણ કરે છે કે, ભાષાન્તરકારની પસંદગી માટે પ્રત્યેક કૉલેજોના આચાર્યો અને અભ્યાસસમિતિના અધ્યક્ષોને તે યાદી મોકલી આપવી અને તેમની સંસ્થામાંથી જે શિક્ષકો તે યાદીમાંના કોઈ પણ પુસ્તકનું

ભાષાંતર અથવા ભાવાનુવાદ કરવા શક્તિમાન અને તૈયાર હોય તો તેમનાં નામ, શૈક્ષણિક લાયકાત, લેખન અને/અથવા અનુવાદનો અનુભવ વગેરે માહિતી મગાવીને તેમાંથી અનુવાદકોની પસંદગી કરવાનું સૂચવવામાં આવે છે. કૉલેજો/સંસ્થાઓ ઉપરાંત માધ્યમિક શિક્ષણ, સંસ્કૃતિ અને પત્રકારત્વનાં ક્ષેત્રોમાંથી પણ યોગ્ય અનુવાદકની પસંદગી કરવાનું પણ રાખવું.

(૩) ઇજનેરી, તબીબી અને કૃષિવિદ્યાની વિદ્યાશાખાઓમાં રાજ્યસરકાર ગુજરાતી પુસ્તકો તૈયાર કરાવશે; તેથી માત્ર વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને ધારાશાસ્ત્રની વિદ્યાશાખાઓમાં સર્વમાન્ય પુસ્તકોનું ભાષાંતર કે ભાવાનુવાદ (adaptation) કરાવવાનું રહેશે. આયુર્વેદની વિદ્યાશાખા માટે હાલ તુરત કાંઈ પણ કરવાની જરૂર જણાતી નથી. મૉડર્ન મેડિસિન અંગેનાં જે પુસ્તકો રાજ્યસરકાર તૈયાર કરાવશે તે પુસ્તકો આયુર્વેદની વિદ્યાશાખા માટે પણ ઉપયોગમાં લઈ શકાશે.

૭. (૧) ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમને અનુલક્ષીને દરેક વિષયના સમગ્ર વિચારને વ્યાપક રીતે આવરી લે એ રીતે દરેક વિષયમાં પસંદ કરેલા પાઠોના સંગ્રહો (Compilation of readings) તૈયાર કરાવવા.

(૨) 'Compilation of readings' તૈયાર કરાવવા માટે સિન્ડિકેટે જે તે વિષય અંગે ત્રણેક સભ્યોની સમિતિ નીમવી, જેમાં બહારના પણ માહિતગાર એવા સભ્યોનો સમાવેશ કરવો.

(૩) આ સમિતિએ પ્રસ્તુત 'Compilation' અંગેનું સાહિત્ય ત્રણ માસમાં પસંદ કરવું અને તેનો મુસદ્દો તજ્જ્ઞ ભાષાન્તરકાર મારફત તૈયાર કરાવી ભાષાંતર માટેનાં પુસ્તકોનો છેવટનો નિર્ણય લેવો. આ સમિતિ આ પ્રમાણે તૈયાર કરેલ હસ્તપ્રત તેના છેવટના નિર્ણય માટે પબ્લિકેશન બોર્ડને સુપરત કરે.

પાઠ્યપુસ્તકો

રાજ્યસરકારે સમિતિઓ નીમી છે તે ધ્યાનમાં લેતાં હાલ ઇજનેરી, તબીબી અને કૃષિવિદ્યાની વિદ્યાશાખાઓ સિવાયની શાખાઓની સ્નાતક કક્ષાને માટે ઉપર જણાવ્યા પ્રમાણે પાઠ્યપુસ્તકોનું ગુજરાતીમાં ભાષાંતર કરવું.

આ કામ માટે જનરલ એડિટરના અધ્યક્ષપદ હેઠળ દરેક વિષય માટે એક નાની સમિતિ નીમવી એમ નક્કી કરવામાં આવ્યું. તે સમિતિએ અભ્યાસક્રમની વિષયવાર વહેંચણી કરી પુસ્તક તૈયાર કરાવી આપવું. આમાં એક પ્રશ્નપત્ર દીઠ એક પુસ્તક પ્રથમ વર્ષમાં તૈયાર કરી આપવું એમ પણ સૂચવવામાં આવે છે.

જે વિષયમાં છ પ્રશ્નપત્રો હોય તે વિષયમાં ત્રણ પુસ્તકો અને આઠ પ્રશ્નપત્રો હોય તે વિષયમાં ચાર પુસ્તકો, એટલે કે પચાસ ટકા જેટલાં પ્રકાશનો, પ્રથમ બહાર પાડવાનું રાખવું.

જે વિષયોમાં પુસ્તકો ઉપલબ્ધ હોય તે વિષયોમાં તે એવડાય નહિ તે પણ ધ્યાનમાં લેવું એમ સૂચવવામાં આવે છે.

૮. પસંદ કરવામાં આવેલાં પુસ્તકોનાં માત્ર રીડિંગ્સ અને ભાષાંતરનું કામ પ્રથમ હાથ ધરવું તથા આ અંગેનાં પુસ્તકોની હસ્તપ્રત તૈયાર થયા પછી આ બાબત નિર્ણયને માટે પબ્લિકેશન બોર્ડ સમક્ષ જવી જોઈશે અને છેવટનો નિર્ણય તે બોર્ડ લે એમ સૂચવવામાં આવે છે

૯. પસંદ કરવામાં આવેલાં પુસ્તકોના ભાષાંતર કે અનુવાદ (adaptation) માટે મૂળ પ્રકાશકો કે લેખકો સાથે કૉપીરાઈટ મેળવવાનું કામ તથા ચિત્રો, ગ્રાફ વગેરેના બ્લૉક બનાવવાનું કામ આપણા દેશમાં વિશિષ્ટ પ્રકારનું સંયોજન માગી લે છે, તેથી ભારતની બધી યુનિવર્સિટીઓ જુદી જુદી રીતે કરે તો તે વધુ પડતી ખર્ચાળ નીવડવા ઉપરાંત વહીવટી દૃષ્ટિએ અગવડભર્યું થશે. તેથી સૂચવવામાં આવે છે કે, આ કાનૂનની વિધિ અનુકૂળતા પ્રમાણે ભારત સરકાર અને/અથવા રાજ્યસરકાર કરે તે માટે યુનિવર્સિટીએ ઉચ્ચ કક્ષાએ આ સવાલ હલ કરવો જોઈએ.

૧૦. યુનિવર્સિટીના સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શિક્ષકો પોતે પ્રકાશનનું કામ માથે લેવા માગતા હોય તેમને યોગ્ય લોન આપવાની વ્યવસ્થા કરવી તથા તે રીતે પ્રકાશન-પ્રવૃત્તિને વેગ આપવાનું પણ સૂચવવામાં આવે છે. ભાષાઓના વિષયોમાં સંગ્રહો સિવાય હાલ બીજાં પુસ્તકો તૈયાર કરવાની જરૂર આ સમિતિને જણાતી નથી.

૧૧. તા. ૧૧-૧-૧૯૬૧ની સમિતિની પ્રથમ બેઠકમાં વિચાર્યા પ્રમાણે પ્રકાશન-પ્રવૃત્તિ વિશાળ પાયા ઉપર હાથ ધરવાની જરૂર રહેશે તે જોતાં તેના સંલગ્ન સંચાલન માટે સ્વાયત્તતંત્ર ઊભું કરવું જોઈએ તથા તે માટે યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં ફેરફાર કરવો જોઈએ એમ આ સમિતિની દૃઢ ભલામણ છે.

આ વિભાગના કાર્યક્ષમ સંચાલન માટે પ્રકાશન અધ્યક્ષ (Director of Publications) ના હાથ નીચે એક પબ્લિકેશન ઑફિસર ઉપરાંત હાલ પૂરતો નીચે જણાવેલ સ્ટાફ તાત્કાલિક રોકીને તેના કામની શરૂઆત કરવા તથા જરૂર પ્રમાણે તેમાં વધારો કરતા જવાનું સૂચવવામાં આવે છે:

ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ	...	૧
ડેપ્યુટી એકાઉન્ટન્ટ	...	૧
કારકુનો (ટાઇપિસ્ટ સહિત)	...	૬
પ્રૂફ-રીડરો	...	૨
પટાવાળા	...	૩

૧૨. અંદાજી ખર્ચ

(૧) પ્રકાશન વિભાગના વહીવટી સ્ટાફ માટે તાત્કાલિક ખર્ચનો અંદાજ વાર્ષિક રૂા. ૫૦,૦૦૦ જેટલો થશે, જે ક્રમે ક્રમે વધીને થોડા વખતમાં વાર્ષિક રૂા. ૧,૦૦,૦૦૦ જેટલો થવા સંભવ છે.

(૨) તે ઉપરાંત યુનિવર્સિટી મુદ્રણાલયને સારી રીતે વિસ્તારવું જોઈશે, તેમ જ અદ્યતન યંત્રસામગ્રીથી સજ્જ કરવું જોઈશે. આ માટેની યોજના અને અંદાજ સિન્ડિકેટે તૈયાર કરાવવા સૂચવવામાં આવે છે. દરમિયાન પુસ્તકોનું મુદ્રણકામ અન્યત્ર કરાવવાની વ્યવસ્થા અનિવાર્ય બની રહેશે.

(૩) જ્યારે કાગળ, પૂંઠાં વગેરે સામગ્રીનો અંદાજી ખર્ચ રૂા. ૪,૦૦,૦૦૦ જેટલો થવા સંભવ છે.

(૪) ફકરા (૧)માં જણાવેલાં પુસ્તકોના પ્રકાશન અંગે ભાષાંતર, રીડિંગ્સ વગેરેની વિગતો જોયા કે, હસ્તપ્રત તૈયાર કરવી, અનુવાદ માટે મહેનતાણું, તેની ચકાસણી વગેરે બાબતોના ખર્ચ અંગે આશરે એક પાના દીઠ રૂા. ૭-૦૦ સુધીનો ખર્ચ આવે એ રીતે ગણતરી કરતાં અંદાજે રૂા. ૧૫,૦૦,૦૦૦ આવવાનો સંભવ છે.

વહીવટી ખર્ચના રૂા. પાંચ લાખ ઉમેરતાં કુલ્લે રૂા. ૨૦,૦૦,૦૦૦નું અંદાજી ખર્ચ આવે એમ આ સમિતિ માને છે. આ રૂા. ૨૦,૦૦,૦૦૦ના ખર્ચની જોગવાઈ અંદાજપત્રમાં કરવી.

પરિશિષ્ટ "અ"

A NOTE REGARDING UNIVERSITY PUBLICATIONS

The Gujarat University having adopted Gujarati as the medium of instruction and examination, it has become expedient that suitable reading material in Gujarati should be made available to the students studying in the various faculties in this University.

It must, at the outset, be clarified that the preparation of suitable reading material in Gujarati is bound to be a major work extending over a number of years, thus necessitating, at least during the transitional period, the use, both by teachers and students of the University, of books in other languages particularly English. In other words, the reading material in Gujarati that may be prepared will, supplement rather than substitute books in English.

This note, therefore, attempts to put forth for consideration the appropriate authorities of the University, a few points with a view to expediting the production of reading material in Gujarati.

1. The University should commission specially chosen persons to translate and write text-books and books for general reading. An original

book by an expert with experience of teaching will, it is felt, be of far greater value than any translation or book written to satisfy the requirements of a syllabus. It is also felt that books should be written in order to enable readers to understand the subjects and not merely to collect scrappy information on topics detailed in a syllabus. The criterion that a book should cover the syllabus, will possibly be a fallacious way of assessing its value, particularly for collegiate education. No one expects that what is wanted by a syllabus ought to be covered in any single book. Indeed, it should be possible and even desirable for the students to seek instruction from more than one source.

2. Manuscripts or translations chosen through prize competitions could be published directly by the University, or in the alternative, help of private publishers could suitably be sought for publishing them. It may be safely anticipated that the senior members of the Faculty will be reluctant to submit their manuscripts for a prize, much less for approval for publication by the University. They should, therefore, be commissioned to write books.

It is possible that in some subjects at least, no one single teacher, however, experienced and learned he may be, will be able to prepare a book of acceptable standard. In such cases, it will be necessary to commission more than one such person to write a book in collaboration with one another.

It is suggested that small editorial boards or committees consisting of two or three persons at the most, should be formed and be requested, on payment of adequate remuneration or honorarium, to go through the manuscripts submitted by the junior teachers and suggest modifications before they are finally accepted.

3. Private publishers can also be encouraged by suitable financial aid and academic advice through a special but businesslike machinery, which the University may publish on its own, are not duplicated in the form of publications by private enterprise; for the University publications will, it is feared, drive out of circulation books published by private publishers even at the cost of academic merits, and it is desirable that the books already available in the market be considered before deciding to publish a book as University publication.

4. While all emphasis must be laid on the value and utility of original books, translation of certain well-known stardard books or adaptation of books cannot wholly be discardad. It is true that the translations of only such books as have been accepted by the academic world as standard ones must be selected or adapted. It must also be borne in mind that the translation of such selected books will involve questions of copyrights and contractual obligations. It is, therefore, suggested that this question must be dealt with by some central machinery like the Government or the University Grants Commission who may competently negotiate with the owners of the copyrights for the rights of translation in all indian languages, so that the proposition becomes financially less burdensome and administratively more convenient. Such a machinery will also be helpful in co-ordinating supply of blocks needed for printing illustrations and in printing diagrams, graphs, etc. In case such a machinery cannot immediately be set up at an all-India level, possibilities of setting up such a machinery for at least the three Universities in the region of Gujarat, should be explored by the State Government.

It must also be borne in mind that in certain subjects like Science and Technology and even subjects like Economics and others, a book accepted as a standard work a few decades or even a few years back, may not continue to be a standard book today. In other words, in such rapidly developing subjects, emphasis must be placed more on writing of original books than on translations.

The issues set forth above are well-known to all those interested in the furtherance of the regional language as the medium of instruction and the publication of reading material in the regional language. By far, the more important and pressing need in this behalf is to set up a suitable machinery for expeditious turn out of publications after completing as expeditiously as possible, but without detriment to the academic standards, the processes of submission and approval of manuscripts, financial sanction and printing and publishing of books, including problems relating to costing, distribution and sales. It has been our experience that the present machinery of inviting manuscripts and placing them before the Board of Publications and then before the Syndicate for final approval, is

highly dilatory. This machinery, therefore, requires to be radically changed by framing suitable Ordinances, which, under the Gujarat University Act, the Syndicate is empowered to.

In fact, under sub-section (*X*) of Section 20 of the Act, the Syndicate has to exercise the power and perform duties of instituting and managing a Printing and Publication Department. While the Printing Press has been set up no Department for Printing and Publication has yet been instituted. It is, therefore, suggested that a separate Department of Printing and Publication must be set up under a highly responsible and competent officer who may be aided by necessary staff for the effective execution of his duties.

There has been, under the Ordinances of the University, set up a University Publication Board under Ordinance Nos. 1 to 6. This Board has, no doubt, served a useful purpose in its own way so far. It is, however, felt that the Board under its present constitution, will be wholly inadequate to perform the task expected of it under the changed circumstances. It is, therefore, suggested that the relevant Ordinances may be suitably amended so as to provide extensive executive and financial powers which may be executed in more or less autonomous and businesslike manner.

પરિશિષ્ટ "ક"

Sr.No.	*Title of the Book*	*Author*
Politics		
1.	'The Modern State'	.. Mac Iver
2.	'Substance of Politics'	.. Appadorai
3.	'History of Political Theory'	.. Sabine
History		
4.	'The Indus Civilization'	.. E. Wheeler
5.	'The Study of History' (2 Vols.) (Toynbee's — abridgement)	.. Somerwell
6.	'A History of Europe'	.. Fisher
7.	'A New History of the Marathas'	.. Sardesai
8.	'Constitutional History of England'	.. G. B. Adams

Sr.No.	*Title of the Book*	*Author*
9.	'Advanced History of India'	.. R. C. Majmudar, Raychaudhary & Dutt
10.	'Conquest of Civilisation'	.. Breasted
11.	'Grammar of Politics'	.. Lasky
12.	'Crescent in India'	.. Sharma

Economics

13.	'A Textbook of Economics Theory'	.. Stonier & Hague
14.	'Modern Banking'	.. Sayers
15.	'Economic Development of India'	.. Vera Anstey
16.	'Industrial Evolution of India'	.. D. R. Gadgil
17.	'An Economic History of Europe'	.. A. Birnie
18.	'Short Economic History of Japan'	.. G. C. Allen
19.	'Problems in Indian Economics'	.. P. C. Jain
20.	'Elements of Statistics'	.. B. N. Asthana
21.	'Central Banking'	.. Decock
22.	'Monetary Theory'	.. Halm
23.	'International Economics' (1953 Ed.) (Pub. Richard Irvin & Co., U.S.A.)	.. C. P. Kindle Berger
24.	'Government Finance' (Latest Ed.) 'An Economic Analysis' (Irwin Series in Economics)	.. (Pub.Richard Irvin & Co., Inc., U.S.A.), John F. Due
25.	'Banking Law & Practice in India'	.. M. L. Tannan
26.	'Banking Systems'	.. B. H. Beckhart

Sociology

27.	'Hindu Social Organisation'	.. Prabhu
28.	'Sociology' (London - 1949)	.. Ginsberg N.
29.	'Anthropology'	.. Crober

Philosophy

30.	'Outline of Indian Philosophy'	.. Hiryana M.
31.	'History of Western Philosophy'	.. Bertrund Russell
32.	'A Manual of Ethics'	.. J. S. Mackenzie
33.	'Outlines of Social Philosophy'	.. –do–
34.	'Philosophy of Religion'	.. George Galloway

Sr.No.	*Title of the Book*	*Author*
Psychology		
35.	'General Psychology'	.. Boaz
36.	'Social Psychology'	.. Young
37.	'Abnormal Psychology'	.. Page
38.	'Psychology in Education'	.. Sorenson
39.	'Animal Psychology'	.. De Haan
40.	'The Psychology of Religion'	.. Clark
41.	'Contemporary Schools of Psychology'	.. R. S. Wood Worth
Commerce		
42.	'Business Organisation & Management (Latest Ed.)(Pub. S. Chand & Co., Delhi)	.. M. C. Shukla
43.	'Principles of Business Organisation & Operation'	.. Sprigel W. R.
44.	'Introduction to Mathematical Statistics'	.. Hoel P. G.
45.	'Mercantile Law'	.. Stevens
46.	'Advanced Accounting' (Pub. Batliboi Publication, Bombay)	.. J. R. Batliboi
47.	'Auditing' (Latest Edition) (Pub. Batliboi Publication, Bombay)	.. J. R. Batliboi
48.	'Indian Currency History' (Pub. Minarwa Book Shop, New Delhi)	.. D. K. Malhotra (1835–1959)
49.	'A First Course in Mathematical Statistics' (Latest Edition)	.. C. E. Weatherburn
50.	'Theory & Practice of Co-operation' (Latest Edition)	.. K. R. Kulkarni
51.	'Theory & Practice of Co-operation', Vol. III.	.. –do–
52.	'Law & Principles of Co-operative Societies in India' (Latest Edition)	.. L. S. Shastri
Labour Welfare		
53.	'Readings in Labuor Economics'	.. Francis S. Doody
54.	'Industrial Psychology'	.. Charles Myres
55.	'Economic of Industrial Organisation'	.. Beacham

Sr.No.	*Title of the Book*		*Author*
56.	'An Introduction to trade Unionism'	..	G. D. H. Cole
57.	'Labour Problems in India'	..	V. V. Giri
58.	'Industrial Relations in India'	..	Charles Myres
59.	'Personnel Managements'	..	C. H. North Cott
60.	'A Handbook of Industrial Welfare'	..	Hopkins R. R.

LAW

Sr. No.	*Title of the Book*		*Author*
Law Preliminary			
1.	'Economic Development of India'	..	Vera Anstey
2.	'Landmarks in the Constitutional and National Development in India'	..	G. N. Singh
3.	'Elements of Social Science'	..	Mac Iver
4.	'Political Science'	..	Gettel
First LL.B.			
5.	'Indian Penal Code'	..	Ratanlal & Dhirajlal
6.	'Law of torts'	..	Salmand
Contract Act			
7.	'Contract Act'	..	Mulla
8.	'Partnership Act'	..	Mulla
9.	'Sale of Goods Act'	..	Mulla
10.	'Negotiable Instrument Act'	..	Khergamwalla
11.	'Element of Constitutional Law'	..	Wade & Phillips
Reading from			
12.	'The Constitution of U.S.A'	..	Willoughby
13.	'The Constitution of Canada'	..	Dawson
14.	'Law of the Soviet States'	..	Wyshinsky
15.	'Constitution of India'	..	Basu
Second LL.B.			
16.	'Hindu Law'	..	Mulla
17.	'Mohmedan Law'	..	Mulla

Sr.No.	*Title of the Book*	*Author*
18.	'Indian Succession Act'	.. Paruck
19.	'Transfer of Property Act'	.. Mulla
20.	'Indian Easement Act'	.. Joshi
21.	'Indian Registration Act'	.. Mulla
22.	'Equity'	.. Shell
23.	'Indian trust Act'	.. Desai
24.	'Specific Relief Act'	.. Mulla & Setalvad
25.	'Public International Law'	.. Starke
26.	'Private International Law'	.. Graveson

Chemistry

1.	'Textbook of Physical Chemistry'	.. Glasstone
2.	'Modern Inorganic Chemistry'	.. Mellore & Parker
3.	'Organic Chemistry'—Parts I & II	.. I. L. Finar
4.	'Practical Physical Chemistry'	.. Dahiel and Fringbon
5.	'Textbook of Practical Organic Chemistry'	.. A. I. Vogel
6.	'Quantitative and qualitative, Inorganic Analysis'	.. A. I. Vogel
7.	'Inorganic Chemistry'	.. T. Moeller
8.	'Physical Chemistry'	.. A. J. Mee

Zoology

9.	'Outline of Zoology' (Subsidiary Zoology)	.. J. A. Thomson
10.	'Textbook of Zoology'—Part I & II	.. Parker and Haswell
11.	'Invertebrates'	.. Borradaille & Sainders
12.	'Phyllum Cordata'	.. H. H. Newman
13.	'Textbook of Vertebrate Zoology'	.. S. N. Prasad
14.	'Manual of Zoology'—Vols. I & II	.. M. Ekambernath, Iyer

Microbiology

15.	'General Microbiology'	..
16.	'Biochemistry of Microorganisms'	..
17.	'Soil Microbiology'	..
18.	'Microbiology of Foods'	..

Sr. No.	*Title of the Book*	*Author*
19.	'Diagnostic Microbiology' ..	
20.	'Industrial Microbiology' ..	
Physics		
21.	'Properties of Matter' ..	Starling
22.	'Light' ..	Noakes
23.	'Electricity and Magnetism' ..	Noakes
24.	'Optics' ..	Sears
25.	'Heat' ..	Saha & Shrivastava
26.	'Practical Physics' ..	Tyler
Principles		
27.	'Properties of Matter' ..	Newman & Searle
28.	'Heat and Thermodynamics' ..	Zeamanski
29.	'Optics' ..	Jenkins and white
30.	'Electricity and Magnetism'—Parts I & II ..	Yarwood
31.	'Advanced Practical Physics' ..	Vorshoff and Flint
Botany		
32.	'The Textbook of Botany' ..	Birbal Sahani and Lawson
33.	'An Introduction to Plant Anatomy' ..	A. J. Eamos
34.	'Genetics' ..	Sinnor, Dun and Dobzensky
35.	'Cryptogamic Botany'—Vols. I & II ..	Smith
36.	'Plant Physiology' ..	Mayor & Anderson
37.	'Plant Ecology' ..	Weaver & Clements
38.	'Plant Geography' ..	Hardy
39.	'Botany Textbook' (Subsidiary Botany) ..	Hill Overbolts and popp
40.	'Gymnosperms' ..	Conlter & Chamberlain
Geography		
41.	'Foundations of Geography' (Seven Series). ..	Preece and Wood
42.	'Principles of Geography' ..	Prin. H. L. Kazi

Sr.No.	*Title of the Book*	*Author*
43.	'Physical Geography' (Latest Edition)	.. P. Lake .. (Macmillan & Co.)

Statistics

44.	'A First Course in Mathematical Statistics'	.. C. E. Weatherburm
45.	'Statistics'	.. P. G. Hoyl
46.	'An Introduction to the Theory of Statistics'	.. Yule and Kendal
47.	'Facts from Figures'	.. M. J Moroney
48.	'Statistics Theory and Practice'	.. M. K. Ghosh & S. C. Chaudhari
49.	'Elements of Statistics'	.. B. N. Asthona

Mathematics

50.	'Pure Mathematics'	Hardy
51.	(*a*) 'A Treatise on Statistics'	Loney
	(*b*) 'A Treatise on Dynamics'	Loney
52.	(*a*) 'Statics'	Ramsey
	(*b*) 'Dynamics'	.. Ramsey
53	'Electricity and Magnetism'	.. Ramsey
54.	'Higher Algebra'	Smith Mrs. Barnard and Child
55.	'Solid Geometry' (First Seven Chapters)	.. R. J. Bell
56.	'Conics'	.. Asquith
57.	'Projective Geometry'	Asquith
58.	'Differential Equations'	.. Murray, Piaggio
59.	'Differential and Integral Calculus'	.. Shantinarayan
60.	'Complex Variable' (Bliver and Boyd Publications)	
61.	'Astronomy'	Smart

પબ્લિકેશન બૉર્ડની ભલામણો

સિન્ડિકેટે નીમેલી પ્રકાશન સમિતિની તા. ૧૧-૧-૧૯૬૧ તથા તા. ૨૩-૨-૧૯૬૧ના રોજ મળેલી બેઠકના અહેવાલ પરત્વે વિચારણા કરવામાં આવી હતી, અને અહેવાલની ભલામણ ૩ (ગ) તથા ભલામણ ૭(૩)માં ફેરફાર સૂચવ્યો અને ઠરાવ્યું કે, આ બૉર્ડ સદરહુ રિપોર્ટને સામાન્ય રીતે સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરે છે.

બૉર્ડે ભલામણો સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું.

૧. સુધારેલી ભલામણ ૩(ગ) નીચે મુજબ વંચાશે:

"ગુજરાતીમાં મૌલિક પુસ્તકો એક યા વધુ લેખકો પાસે તૈયાર કરાવવાં."

૨. સુધારેલી ભલામણ ૭(૩) "પાઠ્યપુસ્તકો" મથાળા હેઠળની ભલામણ નીચે મુજબ વંચાશે:

"રાજ્યસરકારે સમિતિઓ નીમી છે તે ધ્યાનમાં લેતાં હાલ ઇજનેરી, તબીબી અને કૃષિવિદ્યાની વિદ્યાશાખાઓ સિવાયની શાખાઓની સ્નાતક કક્ષાને માટે ઉપર જણાવ્યા પ્રમાણે પાઠ્યપુસ્તકોનું ગુજરાતીમાં ભાષાંતર કરાવવું.

આ કામ માટે જનરલ એડિટરના અધ્યક્ષપદ હેઠળ દરેક વિષય માટે એક નાની સમિતિ નીમવી અને તેના કન્વીનરને યોગ્ય મહેનતાણું આપવું, એમ સૂચવવામાં આવ્યું. તે સમિતિએ અભ્યાસક્રમની વિષયવાર વહેંચણી કરી પુસ્તક તૈયાર કરાવી આપવાનું રહેશે. આમાં એક પ્રશ્નપત્ર દીઠ એક પુસ્તક પ્રથમ વર્ષમાં તૈયાર કરી આપવું, એમ પણ સૂચવવામાં આવે છે.

જે વિષયમાં ૬ પ્રશ્નપત્રો હોય તે વિષયમાં ત્રણ પુસ્તકો અને આઠ પ્રશ્નપત્રો હોય તે વિષયમાં ચાર પુસ્તકો, એટલે કે પચાસ ટકા જેટલાં પ્રકાશનો, પ્રથમ બહાર પાડવાનું રાખવું.

જે વિષયમાં પુસ્તકો ઉપલબ્ધ હોય તે વિષયમાં તે બેવડાય નહિ તે પણ ધ્યાનમાં લેવું એ સૂચવવામાં આવે છે."

વધુમાં આ પ્રકાશન બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે—

(૧) ઇજનેરી વિદ્યાશાખા, (૨) કૃષિવિદ્યાશાખા; તથા (૩) તબીબી વિદ્યાશાખાઓના અભ્યાસ-ક્રમનાં ગુજરાતી ભાષામાં પુસ્તકો તૈયાર કરવા માટેની સમિતિઓના કો-ઑર્ડિનેશન માટે લખવું અને તે અંગે તે તે વિષયની સમિતિઓમાં યુનિવર્સિટી નિયુક્ત સભ્યોને તે તે વિષયની કો-ઑર્ડિનેશન સમિતિમાં નીમવા માટે રાજ્યસરકાર સાથે યોગ્ય વ્યવસ્થા કરવી.

(૨) પ્રત્યેક વિષય પર રચાતાં પુસ્તકોનું સંપાદન કરવાના કામ સારુ એક નિષ્ણાત સંપા-દકની નિમણૂક કરવી.

(૩) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં ભાષા સિવાયની દરેક અભ્યાસ-સમિતિના તે તે વિદ્યાશાખા વાર અધ્યક્ષોની એક અવિધિસરની સભા બોલાવીને તેમને આ કામકાજની અગત્યતા અંગે ખ્યાલ આપવા ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૭

કૉલેજના વિદ્યાર્થીઓ માટે શારીરિક ક્ષમતા માટેની કસોટીઓની યોજના

કસોટીઓ વિદ્યાર્થીઓ તેમ જ વિદ્યાર્થિનીઓ માટે પાંચ પસંદ કરી નીચે આપી છે, જે બે કસોટીઓ છે તેમાંથી એક પસંદ કરવાની રહેશે:

વિદ્યાર્થીઓ માટે	વિદ્યાર્થિનીઓ માટે
૧. ૧૦૦ મીટર દોડ કે ૨૦૦ મીટર દોડ	૧. ૫૦ મીટર દોડ કે ૧૦૦ મીટર દોડ
૨. ઊંચો કૂદકો અથવા લાંબો કૂદકો	૨. કૂદ અને પહોંચ (Jump & Reach) અથવા ખડો લાંબો કૂદકો (Standing Long Jump)
૩. ૧૬ રતલી ગોળા ફેંક (Shot-put) અથવા ક્રિકેટ દડા ફેંક	૩. ૮ રતલી ગોળા ફેંક (Shot-put) અથવા થ્રો બૉલ ફેંક
૪. ઊંચક (Pull ups) નીચક (Dips)	૪. શયનોત્થાન (Sit-ups) અથવા સૂર્ય નમસ્કાર
૫. દંડ અને બેઠક અથવા નમસ્કાર	૫. દોરડાં કૂદ (સતત બે મિનિટમાં કુલ સંખ્યા)

આ દરેકની કસોટીના આંક ઉપરથી ગુણ આપવા માટે તે દરેક ગુણ પ્રમાણેની પ્રાપ્તિનો કોઠો આ સાથે જોડયો છે, જેમાં ઇન્ટર યુનિવર્સિટી તેમ જ આપણી યુનિવર્સિટીના રેકર્ડ પણ નોંધ્યા છે.

પ્રથમ સત્રની શરૂઆતમાં દરેક કૉલેજમાં વિદ્યાર્થીઓ તાલીમ લેશે અને તે માટે જરૂરી મેદાન અને સાધનની ગોઠવણ દરેક કૉલેજ માટે અનિવાર્ય લેખાશે અને કૉલેજના આચાર્યની દોરવણી નીચે તે કૉલેજના વ્યાયામ શિક્ષક બીજી ટર્મમાં, ડિસેમ્બરમાં, સ્પોર્ટ્સ પત્યા પછી કસોટીઓના આંક લેવાનું સમયપત્રક તૈયાર કરશે અને તે પ્રમાણે તેનો અમલ કરશે.

દરેક વિદ્યાર્થીએ આ કસોટીઓમાંથી ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવવાના રહેશે.

કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નિયત કરેલ ખેલ માટે પ્રાપ્તિનાં ધોરણ

	કસોટીનું નામ	ઇન્ટર યુનિ. રેકર્ડ	ગુજરાત યુનિ. રેકર્ડ	મધ્યસ્થ સરકારે નિયત કરેલ તારક ધોરણ	આપણી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના ધોરણ માટે પ્રાપ્તિના પ્રમાણે ગુણ ૧૦	૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
૧.	૧૦૦ મીટર દોડ	૧૦·૮ સેકન્ડ	૧૧·૧ સે.	૧૪ સે –૧૩ સે. ૧૨	૧૧·૫	૧૨	૧૨·૫	૧૩	૧૩·૫	૧૪	૧૪·૫	૧૫	૧૫·૫	૧૬·૫
	અથવા													
	૨૦૦ મીટર દોડ	૨૨·૨ ,,	૨૨·૮ ,,		૨૩·૫	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૩
૨.	ઊંચો કૂદકો	૬ ફૂ. ૨ ઇંચ	૫ ફૂ. ૧૦ ઇં.	૪–૬" ૫–૦" ૫–૩"	૫–૩	૫–૦	૪–૯	૪–૬	૪–૩	૪–૦	૩–૯	૩–૬	૩–૩	૩–૦
	અથવા													
	લાંબો કૂદકો	૨૩ ફૂ. ૦ ,,	૨૦ ફૂ. ૬ ઇંચ	૧૫ ફૂ. ૧૭ ફૂ. ૧૯ ફૂ.	૧૮	૧૭	૧૬	૧૫	૧૪	૧૩	૧૨	૧૧	૧૦–૬	૧૦
૩.	૧૬ રતલી ગોળા ફેંક	૪૮ ફૂટ	૩૫ ફૂ. ૪"	૨૦ ફૂ. ૨૪ ફૂ. ૨૮ ફૂ.	૨૮	૨૬	૨૪	૨૨	૨૦	૧૮	૧૬	૧૨	૯	૬
	અથવા													
	ક્રિકેટ દડા ફેંક	—	—	—	૨૫૦	૨૩૦	૨૧૦	૧૯૦	૧૭૦	૧૫૦	૧૨૫	૧૦૦	૭૫	૫૦
૪.	ઊંચક — પુલ-અપ્સ અથવા		૨૦	૮ ૧૦ ૧૫	૧૫	૧૩	૧૧	૯	૭	૫	૪	૩	૨	૧
	નીચક (ડીપ્સ)				૧૫	૧૩	૧૧	૯	૭	૫	૪	૩	૨	૧
૫.	દંડ અને બેઠક			૫૦ ૭૫ ૧૦૦	૫૦	૪૫	૪૦	૩૫	૩૦	૨૫	૨૦	૧૫	૧૦	૫
	અથવા													
	નમસ્કાર			૩૦ ૪૦ ૫૦	૩૦	૨૭	૨૪	૨૧	૧૮	૧૫	૧૨	૯	૬	૩

કૉલેજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે નિયત કરેલ ખેલ માટે પ્રાપ્તિનાં ધોરણ

	કસોટીનું નામ	ઇન્ટર યુનિ. રેકર્ડ	ગુજરાત યુનિ. રેકર્ડ	મધ્યસ્થ સરકારે નિયત કરેલ લાયક ધોરણ એક	દ્વિ	ત્રિ.	આપણી યુનિવર્સિટીની વિદ્યાર્થિનીઓના ધોરણ માટે પ્રાપ્તિના ક્રમાણે ગુણ ૧૦	૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
૧.	૫૦ મીટર દોડ	૬·૮ સે.	૭·૪ સે.	૮·૫સે.	૮·૦સે.	૭·૫સે.	૭·૫ સે.	૮ સે.	૮·૫	૯·૦	૯·૫	૧૦	૧૦·૫	૧૧	૧૨	૧૩
	અથવા ૧૦૦ મીટર દોડ	૧૨·૫ ,,	૧૪·૨ ,,	૧૬ ,,	૧૪·૫	૧૩·૫	૧૪·૫	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૩	૨૫
૨.	કૂદ અને પહોંચ અથવા ખડો લાંબો કૂદકો	—	૧૮ ઇંચ	—			૧૬	૧૫	૧૪	૧૩	૧૨	૧૦	૮	૬	૪	૨
							૭ફૂ–૦ઇં.	૬–૬"	૬–૦"	૫–૬"	૫–૦"	૪–૬"	૪–૦"	૩–૬" ૨–૦"	૩–૦" ૧–૬"	૨–૬" ૧–૦"
૩.	૮ રતલી ગોળા ફેંક અથવા થ્રો બૉલ	૩૨ ફૂ. ૨ ઇંચ	૨૪ ફૂ. ૨ ઇંચ	૧૮ ફૂટ	૨૧ ફૂ. ૨૫ ફૂ.		૨૦	૧૮	૧૬	૧૪	૧૨	૧૦	૮	૬	૪	૨
				૫૦ ફૂટ	૬૦ ફૂ. ૭૦ ફૂ.		૫૦	૪૫	૪૦	૩૫	૩૦	૨૫	૨૦	૧૫	૧૦	૫
૪.	શયનોત્થાન અથવા સૂર્યનમસ્કાર		૨૧				૧૦	૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
							૧૦	૦	૮	૭	૬	૫	૪	૩	૨	૧
૫.	દોરડાં કૂદ (૨ મિનિટ કુલ સંખ્યા સતત)		૨૫૦				૨૦૦	૧૮૦	૧૬૦	૧૪૦	૧૨૦	૧૦૦	૮૦	૬૦	૪૦	૨૦

૧૬-૪-૭૧ ૨૬૬-૫૫૦ (૨૬૬૫૫૦)

Gujarat University Press, Ahmedabad-9.

G.U.P. 1155-275-6-61

સિન્ડિકેટ (જૂન)
તા. ૩-૬-'૬૧

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૧ના જૂન માસની સભા, શનિવાર, તા. ૩-૬-૧૯૬૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. એમ. ડી. રાજપાલ, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૮. શ્રી. ઘનશ્યામલાલ સી. ઓઝા	હાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	ગેરહાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪. ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર
૧૫. આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૧૬. આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૮. આચાર્ય વલ્લભરામ વી. વૈદ્ય	ગેરહાજર.

૧. તા. ૮-૪-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૧ના એપ્રિલ માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૮-૪-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની એપ્રિલ ૧૯૬૧ના માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. તા. ૧૭-૪-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૧૭-૪-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૩. મહિલા મહાવિદ્યાલય, પોરબંદર તા. ૧૫-૪-૧૯૬૧ થી બંધ કર્યાની જાણ કરતો મહિલા મહાવિદ્યાલય ટ્રસ્ટ, પોરબંદરના મંત્રીનો તા. ૧૪-૪-૧૯૬૧નો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, મહિલા મહાવિદ્યાલય, પોરબંદર અને શ્રેયસ્ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓને બીજી કૉલેજોમાં પ્રવેશ મેળવવા માટે ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટની જરૂર પડશે એ લક્ષમાં લઈને એ બેઉ કૉલેજો પાસેથી વિદ્યાર્થીઓની હાજરી અંગેની જરૂરી માહિતી મગાવીને તેમને ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટ આપવા માટે યુનિવર્સિટી કાર્યાલયને સત્તા આપવી.

૪. એચ. એચ. મહેન્દ્રસિંહજી સાયન્સ અને યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી કૉલેજનું નામ "મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ અને ઉમિયાશંકર એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી" રાખવાનો આચાર્યશ્રીનો તા. ૨-૫-૧૯૬૧નો પત્રાંક ૧૪૩૭.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫. શ્રી. સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટી, સુરેન્દ્રનગર, શ્રી. કાન્તા સ્ત્રી-વિકાસગૃહ, રાજકોટ, તથા શ્રી. આર્યસમાજ, જામનગર, તરફથી અનુક્રમે સુરેન્દ્રનગર, રાજકોટ તથા જામનગર ખાતે જૂન ૧૯૬૧થી શરૂ કરાનાર કૉલેજોની જોડાણ અરજીઓ પાછી ખેંચવાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતોની નોંધ લેવી.

બાબત નં. ૬ અને ૩૭ની વિચારણા સાથે કરવામાં આવી હતી.

૬. "ઑલ-ઇન્ડિયા ફેડરેશન ઑફ એજ્યુકેશનલ એસોસિયેશન્સના ઉપક્રમે યોજાનાર World Confederation of Organisation of Teaching Profession માટે તેની સ્વાગત સમિતિના સભ્ય બનવા, મજકૂર સંસ્થાના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૧૧મી મે ૧૯૬૧ના પત્રાંક ડબ્લ્યુ-૨૭૪ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્વાગત સમિતિના સભ્યપદ માટેનું શુલ્ક રૂા. ૧,૦૦૦ છે.)

૩૬. ઑલ-ઇન્ડિયા ફેડરેશન ઑફ એજ્યુકેશનલ ઍસોસિયેશનના સામાન્ય મંત્રી શ્રી. ડી. એચ. સહસ્રબુદ્ધેના તા. ૮-૪-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સ્વાગત સમિતિના સભ્ય થવાનું નિમંત્રણ ગુજરાત યુનિવર્સિટીએ સ્વીકારવું, અને તે માટે સભ્યપદનું રૂા. ૧,૦૦૦નું લવાજમનું ખર્ચ મંજૂર કરવું.

૭. શ્રીનગર મુકામે તા. ૧૨થી ૧૪ ઑક્ટોબર ૧૯૬૧ના રોજ મળનાર ઑલ-ઇન્ડિયા ઓરિયેન્ટલ કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા માટે તેના સામાન્ય મંત્રીઓ તરફથી આવેલ તા. ૫-૪-૧૯૬૧ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ અને પ્રોફેસર આર. બી. આથવલેને મોકલવા.

૮. આગામી ડિસેમ્બર માસની તા. ૨૫થી ૩૧ દરમિયાન કાનપુર મુકામે યોજનાર "Sixth Indian Standards Convention"માં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે "ઇન્ડિયન સ્ટાન્ડર્ડઝ ઇન્સ્ટિટ્યૂશન"ના અધ્યક્ષ તરફથી આવેલ તા. ૪થી મે ૧૯૬૧ના પત્રાંક Py/Con-6/11 ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૯. સંલગ્ન સરકારી કૉલેજોમાં યુનિવર્સિટીએ નક્કી કરેલ પગારધોરણ અમલમાં મૂકવા સંબંધી ગુજરાત રાજ્યના કેળવણી અને શ્રમ ખાતાના ઉપસચિવ તરફથી આવેલ તા. ૫મી એપ્રિલ ૧૯૬૧નો પત્રાંક યુજીએફ-૨૯૬૦-૨૦૨૫૩-બી.

(**નોંધ.**—સદરહુ પત્રમાં ભારતના બંધારણના આર્ટિકલ ૩૦૯ પ્રમાણે સરકારી સંસ્થાઓના કર્મચારીઓ યુનિવર્સિટી અથવા તો તેની સાથે જોડાયેલ માન્ય કૉલેજોના કર્મચારી વર્ગના હોવા છતાં વિશિષ્ટ સ્થાનને અસર થતી નથી એમ જણાવવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કૉલેજોના શિક્ષકો માટે સમાન પગારધોરણો રહે એ ઇષ્ટ અને આવશ્યક છે, એમ જણાવીને, રાજ્ય સરકાર, યુનિવર્સિટીએ નક્કી કરેલાં પગારધોરણો તેમની કૉલેજોના શિક્ષકો માટે અપનાવે તે માટે આગ્રહ રાખવો.

૧૦. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના મંત્રી તરફથી આવેલા તા. ૨૪-૨-૧૯૬૧ના પત્ર ઉપર તબીબી વિદ્યાશાખાના તા. ૨૯-૩-૧૯૬૧ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, (૧) થેરેસિક, (૨) ન્યુરોલોજી, અને (૩) ન્યુરોસર્જરી વિષયો માટેના શિક્ષકોને જરૂરી અનુસ્નાતક ડિગ્રી ઉપરાંત વિશિષ્ટતા (speciality)ના વિષય માટે ઓછામાં ઓછી બે વર્ષની ખાસ તાલીમ હોવી જોઈએ તેમ કાઉન્સિલમાંના સેક્રેટરી તેમના તા. ૨૪-૨-૧૯૬૧ના પત્રાંક ૨૦૪. ટી. ૨. ૬૦ (૩૮) ૧૧૧૫૭થી જણાવે છે તેની નોંધ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવો, તથા તે પ્રમાણે શિક્ષકોની લાયકાતના નિયમોમાં ઘટતા ફેરફાર કરવા માટે એકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૧૧. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની નીચેની ભલામણ ઉપર તબીબી વિદ્યાશાખાની તા. ૨૯-૩-૧૯૬૧ની સભાના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"The Executive Committee was of the opinion that F.F.A. Courses in Anaesthesia of the Royal College of Surgeons of England may be considered sufficient qualification for purpose of appointment of Professors and Assistant Professors, etc., in Anaesthesiology."

મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ઉપરના ઠરાવની નોંધ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી અમેરિકન મેડિકલ ક્વોલિફિકેશન્સ બાબતમાં તા. ૫-૧-૧૯૬૧ના પત્રાંક એફ. ૨૦૪/૨૨-૨-૫૭ (૯) ૮૮૨૯ ઉપર તબીબી વિદ્યાશાખાના તા. ૨૯-૩-૧૯૬૧ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે અમેરિકાની કેટલીક મેડિકલ ડિગ્રીઓ શિક્ષકોની નિમણૂક માટે લાયકાત તરીકે મેડિકલ કાઉન્સિલે માન્ય કરી છે તેમ કાઉન્સિલના સેક્રેટરી તેમના તા. ૫-૧-૧૯૬૧ના પત્રાંક એફ. ૨૦૪. ટી. ૨-૫૭(૯) ૮૮૨૯થી જણાવે છે તેની નોંધ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૩. મેડિકલ કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક માટે ટીચિંગ એક્સ્પરિયન્સ relax કરવા બાબતમાં "અંડર-સેક્રેટરી ટૂ ધી ગવર્નમેન્ટ ઑફ ગુજરાત, હેલ્થ ઇન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટ"નો તા. ૮-૩-૧૯૬૧નો પત્રાંક એમસીજી./૧૦૫૬/૩૨૨૯(બી) III તથા "લાકલ સેલ્ફ ગવર્નમેન્ટ અંન્ડ પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટ, મુંબઈનાં તા. ૧૧-૬-૧૯૫૮ના પત્રાંક એમસીજી/૧૦૫૬/૧૭૫૫ (કયુ) ઉપર વિચારણા કરી મેડિકલ ફેકલ્ટીએ કરેલી નીચે મુજબની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"In case of Teachers not having adequate teaching experience, the teaching experience will have to be put in prior to the recognition of the incumbant of the post in that case."

આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારને જણાવવું કે, શિક્ષકોની નિમણૂકને લગતા સવાલો ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલને તેઓ પુછાવે તેમાં યુનિવર્સિટીને કશો વાંધો નથી, અને વધુમાં ઉમેરવું કે, એવો પ્રત્યેક પ્રશ્ન, ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના અભિપ્રાય સાથે, આ યુનિવર્સિટીની વિચારણા માટે તેઓ મોકલવાનું રાખે.

૧૪. તબીબી વિદ્યાશાખાની તા. ૨૯-૩-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

"ઇન્ટર્નશિપ તાલીમ માટે માન્ય કરેલી હૉસ્પિટલોની ત્રિવાર્ષિક તપાસની શક્યતા અંગે વિચારણા કરવા તથા ઑ. ૨૭૨-એ માં સુધારો સૂચવવા નીમેલી સમિતિની તા. ૨-૧૨-૧૯૬૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવામાં આવી અને તે અંગે નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે:

The question of triennial inspection was considered and accepted in principle.

It was suggested to divide the area of Gujarat in three zones, viz. (1) Saurashtra and Kutch, (2) Central and North Gujarat inclusive of districts of Ahmedabad, Sabarkantha, Banaskantha, Kaira and Panchmahals, (3) South Zone consisting of districts of Baroda, Broach, Surat and Dangs.

The first inspection may be held in the year 1961 for those institutions which were recognised in 1958.

The Health centres should also be included in inspection."

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે તપાસ કરવા માટે ઘટતી વ્યવસ્થા કરવાનું કાર્યાલયને સૂચવવું.

૧૫. ભારત સરકારના આરોગ્ય ખાતા તરફથી ઑલ-ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ હાઇજિન એન્ડ પબ્લિક હેલ્થ, કલકત્તા "Courses for Teachers in Preventive and Social Medicine" પરત્વે તા. ૨૩-૧૨-૧૯૬૦ના પત્ર ઉપર તબીબી વિદ્યાશાખાની તા. ૨૯-૩-૧૯૬૧ની સભાએ કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે "Courses for Teachers in Preventive and Social Medicine" અંગેના ભારત સરકારના પત્ર તથા તે ઉપર ફેકલ્ટીના ડીનના અભિપ્રાય અંગે વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે ભારત સરકારને નીચે મુજબ જવાબ આપવો:

"Already there is a scarcity of teachers for the Department of Preventive and Social Medicine. If the training at the All-India Institute in this particular course is added as an essential qualification, and very few persons are deputed for this course, the scarcity will be worse. Hence, it cannot be included as an essential qualification. As added desirable training this course

is generally considered by the appointing authorities. Hence, I do not see any need to change the existing rules of appointment. Very few persons go for this training, because it does not give a post-graduate degree or diploma and without that $1\frac{1}{2}$ years is along training. Candidates who are already selected for appointment for the Department of Preventive and Social Medicine may be deputed by the Government for this training in suitable cases.

A course should be popular by its intrinsic value and not made popular by some compulsions. A number of Universities are running post-graduate courses in Preventive and Social Medicine and there is no need to specify this particular course as an essential qualification."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ હાઇજિન ઍન્ડ પબ્લિક હેલ્થ, કલકત્તામાં, પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિનના પ્રાધ્યાપકો તાલીમ લઈને પોતાની લાયકાતનું ધોરણ સુધારે એ બાબતને યુનિવર્સિટી ઇચ્છનીય ગણે છે, એ મતલબનો સરકારને જવાબ આપવો.

૧૬. સેનેટ તેની તા. ૯/૧૦ અને ૨૯/૩૦-૩-૧૯૬૧ની સભામાં મંજૂર કરેલા શ્રી. ચં. ચુ. શાહના નીચેના ઠરાવો અંગે વિચારણા કરવા બાબત:

૧. "જુદી જુદી વિદ્યાશાખામાં પૂરતી પૂર્વતૈયારી નહિ થઈ હોવાને કારણે શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાનું માધ્યમ વૈકલ્પિક ધોરણે થોડાં વર્ષો માટે ચાલુ રાખવાનું નક્કી થયું હોવાથી વિગતવાર અભ્યાસક્રમો, પાઠ્યપુસ્તકો ઇત્યાદિ યોજનાપૂર્વક ને ઝડપભેર ગુજરાતીમાં તૈયાર કરવાનું આ યુનિવર્સિટી માટે આવશ્યક બન્યું છે. આ જવાબદારી યથાર્થ રીતે પાર પાડવા સારુ એક ખાસ સમિતિ (Board)ની તાત્કાલિક રચના કરવા તથા તેને તેમ જ તેના અધ્યક્ષને કાર્યકારી સત્તા (executive authority) આપવા માટે જરૂરી નિયમો ઘડવા સેનેટની આ સભા સિન્ડિકેટને આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

૨. "છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણનો જે ફેલાવો થઈ રહ્યો છે તેથી આ યુનિવર્સિટીને સંતોષ થાય એ સ્વભાવિક છે. છતાં આ દિશામાં થતા પ્રયાસો એક જ વિસ્તારમાં એવડાય નહિ, નવી સંસ્થાઓ સ્થાનિક જરૂરિયાતોને અનુલક્ષીને જ સ્થપાય, અને આપણાં મર્યાદિત નાણાકીય સાધનોનું પૂરું વળતર મળે એવો વિવેકપૂર્વક ઉપયોગ થાય, એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવા સારુ ભિન્ન ભિન્ન વિદ્યાશાખાઓની ઉચ્ચ શિક્ષણની સંસ્થા કાઢવાને કેટલી ઓછામાં ઓછી પૂર્વતૈયારી સંસ્થાના પુરસ્કર્તાઓએ કરવી જોઈએ, તેને આર્થિક તેમ જ શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમ [illegible] કેટલા વિદ્યાર્થી હોવા આવશ્યક છે, ને તેનો પૂર્ણ વિકાસ કરવા સારુ એકંદરે કેટલા ભંડોળની જરૂર પડશે, ઇત્યાદિ મુદ્દાઓને આવરી લેતો એક પ્રમાણિત મુસદ્દો (blue print) તૈયાર કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

(૧) યુનિવર્સિટીએ "Administrative Committee for Publications" ઑર્ડિનન્સ ૬૨-ઈ હેઠળ રચવા માટે પ્રબંધ કર્યો છે તે જોતાં સદરહુ બાબત પરત્વે વિશેષ કરવાપણું રહેતું નથી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ;
૨. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક;
૩. આચાર્ય એમ. સી. દેસાઈ;
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ.

૧૭. ફેબ્રુઆરી ૧૯૬૧માં ધારવાર મુકામે મળેલ ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની વાર્ષિક સભાના નીચેના ઠરાવનો સ્વીકાર કરવા બૉર્ડના મંત્રી તરફથી આવેલ તા. ૧૬-૪-૧૯૬૧ના પત્રાંક ૧૧૯-૫૬-આર-૪-૬૧-૬૨ ઉપર વિચારણા કરવા બાબત :

Resolution No. 10 of the Standing Committee which met at Madras on 30th September, 1960

"The Standing Committee is of opinion that the principle suggested would be applicable to the Central Universities which are expected to cater to the needs of all the States; in admitting students to a State University first consideration will have to be given to the alumni of that University; but, in view of the fact that the University should be thrown open to all, the Committee would suggest that at least 10% of the seats at the post-graduates level should be available on merit to students from other States, it being understood that this will be followed by all the State Universities.

Resolved that the resolution of the Standing Committee which met at Madras on 30th September, 1960, be approved."

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાના ઉપરોક્ત ઠરાવના સિદ્ધાંત સાથે આ યુનિવર્સિટી સહમત છે, એમ જણાવવું.

૧૮. શ્રી. એ. એસ. પ્રભુદેસાઈના "Psychological light on literature and literary criticism" એ વિષય પર પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ પર પ્રથમના બાહ્ય પરીક્ષક તેમજ આંતર-પરીક્ષક વચ્ચે મતભેદ થવાથી સિન્ડિકેટે તેની તા. ૧૧-૨-૧૯૬૧ની સભામાં બાબત નં. ૨૦થી નીમેલા ત્રીજા રેફરી ડૉ. નોરમન ક્લિફે મહાનિબંધ પર આપેલ રિપોર્ટ પર ઑ. ૩૨૧ ધ્યાનમાં વિચારણા કરી પ્રસ્તુત મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે લાયક છે કે નહિ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એ. એસ. પ્રભુદેસાઈનો ઉપરોક્ત મહાનિબંધ પીએચ.ડી.ની પદવી માટે સ્વીકાર્ય ગણવો નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ ઠરાવની જાણ, સદરહુ મહાનિબંધના બધા પરીક્ષકોને કરવી.

૧૬. પ્રી-યુનિવર્સિટીના ગદ્યપદ્યસંગ્રહો માટે પસંદ કરેલી કૃતિઓના પ્રકાશકો/લેખકો સાથે કરાર કરવા માટે નીચેના મુસદ્દાઓ પરત્વે તેમજ આ અંગે કેટલાં વર્ષ માટે કરાર કરવો અને શી રૉયલ્ટી આપવી તે બાબત અંગે વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટીએ કરવાના પ્રસ્તાવ (Offer) માટેનું ફૉર્મ.

(૨) પ્રકાશક/લેખકની સ્વીકૃતિ (Acceptance) માટેનું ફૉર્મ.

(**નોંધ.** — ૧. આ બાબત અંગે રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાં પુછાવતાં મુંબઈ યુનિવર્સિટી તેમ જ એસ.એસ.સી. બૉર્ડ, પૂના, તરફથી નીચે પ્રમાણે માહિતી આવેલ છે :

(૧) મુંબઈ યુનિવર્સિટી	...	ત્રણ વર્ષનો કરાર	... રૉયલ્ટી પેસેજ દીઠ રૂા. ૧૦૦·૦૦
(૨) એસ.એસ.સી. બૉર્ડ, પૂના	...	એક વર્ષનો કરાર	... રૉયલ્ટી પેસેજ દીઠ રૂા. ૨૫·૦૦

૨. આપણે મુંબઈ યુનિવર્સિટીની માફક ત્રણ વર્ષનો કરાર તેમ જ પેસેજ દીઠ રૂા. ૧૦૦·૦૦ રૉયલ્ટીનું ધોરણ રાખીએ એમ સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સંગ્રહ માટે પસંદ કરેલી પ્રત્યેક કૃતિ માટે, ત્રણ વર્ષના હક માટે રૂા. ૧૦૦ની રૉયલ્ટી આપવાનું રાખવું, તથા પ્રત્યેક કૃતિના લેખક અને/અથવા પ્રકાશક સાથે કરવાના કરારનામાના પ્રસ્તાવ અને સ્વીકૃતિના કાર્યાલયે ઘડેલાં મુસદ્દા મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૦. યુનિવર્સિટી કાર્યાલય અને સંલગ્ન કૉલેજોના કાર્યાલયોના સભ્યો માટે "Inservice Training Courses in Educational Statistics on Regional Basis"ના તાલીમવર્ગો ચલાવવા માટે રૂા. ૨,૦૦૦ સુધીના અંદાજી ખર્ચને મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય અને સંલગ્ન કૉલેજોનાં કાર્યાલયના સભ્યો માટે, "Inservice Training Courses in Educational Statistics on Regional Basis" એ તાલીમવર્ગો ચલાવવા માટે રૂા. ૨,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૨૧. સેનેટે તેની તા. ૯/૧૦-૩-૧૯૬૧ની સભામાં "રિફર-બૅક" કરેલ ઑ. ૮૩-એ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૮૩-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

O. 83-A :

"Notwithstanding anything contained in the Ordinances, it shall be competent for the Principal of a College to withdraw the application of a student of his College for admission to a University examination on the ground of unsatisfactory progress of the student

concerned. Such withdrawal shall be permitted only if the intimation of the Principal reaches the University office and is made, at least one week before the commencement of the examination in the case of F.Y. (Pre-University) and Intermediate examinations and within five clear days after the close of term in the case of all other examinations. On such intimation being received by the University office, the name of such student shall be deemed to stand cancelled from the list of candidates appearing at the University examination, and thereupon the student concerned shall not appear at the examination, and in case of his appearance at the examination, his result shall not be declared. The examination fees paid by such a student shall be refunded in full.

If any of the terms is not duly kept by a candidate, as per requirement of the University for the relevant courses of studies, he shall not be permitted to appear in the examination concerned and in the event of his appearance, his name shall be deemed to be cancelled from the list of candidates for the examination and his fees shall be refunded in full."

૨૨. આયુર્વેદિક મેડિસિનની અભ્યાસસમિતિની તા. ૭-૪-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"નવા અભ્યાસક્રમના વિષયો હાલના અભ્યાસક્રમમાં શિખવાતા હોવાથી ૧૯૬૧ના ઑક્ટોબરથી પ્રથમ, દ્વિતીય તથા ફાઇનલ બી.એ.એમ.એસ.ની પરીક્ષા નવા અભ્યાસક્રમ પ્રમાણે લેવા આ અભ્યાસસમિતિ યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. આયુર્વેદિક અભ્યાસસમિતિએ તેની તા. ૬-૪-૧૯૬૧ની સભામાં કરેલી નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ઓ. ૨૨૨ની નોંધ (૩) અનુસાર અદ્યતન વિષયો અભ્યાસક્રમમાં શીખવવામાં આવતા હોવાથી આ અભ્યાસસમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે બી.એ.એમ.એસ.ની પ્રથમ, દ્વિતીય અને ફાઇનલ પરીક્ષામાં **અત્યારે તથા તે પહેલાં અપાતા માર્કશીટમાં** અદ્યતન વિષયોનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કરવો ઘટે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. તા. ૧૬-૪-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની સભાએ કામકાજ ક્રમાંક ૩થી એકસ્ટર્નલ વિદ્યાર્થીઓની પરીક્ષાઓ હવે માર્ચ/એપ્રિલમાં નહિ લેતાં ઑક્ટોબર/નવેમ્બરમાં

લેવાનું ઠરાવ્યું છે. તે અન્વયે આગામી ઑક્ટોબર માસમાં પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષા લેવાની રહે છે તે અંગે પરીક્ષા શરૂ થવાની તારીખ, પ્રવેશ માટે આવેદનપત્ર સ્વીકારવાની તારીખ તથા તે માટેનાં કેન્દ્રો નક્કી કરવા બાબત.

(નોંધ.—કાર્યાલયનું સૂચન :

(૧) પરીક્ષા શરૂ થવાની તારીખ ... ૧૬-૧૦-૧૯૬૧

(૨) પ્રવેશ માટે આવેદનપત્ર સ્વીકારવાની તારીખ ... ૧૭-૮-૧૯૬૧

(૩) પરિણામની તારીખ ... ૯/૧૦-૧૨-૧૯૬૧

(૪) ફક્ત નીચેનાં સાત કેન્દ્રો રાખવાં :
ભાવનગર, રાજકોટ, વિસનગર, અમદાવાદ, ભૂજ, સુરત, ગોધરા અને નડિયાદ.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઑક્ટોબર ૧૯૬૧ની પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી) વિનયનની એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓની પરીક્ષા માટે કાર્યાલયે સૂચવેલી ઉપરની તારીખો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત તારીખોમાં કાંઈ ફેરફાર કરવો જરૂરી જણાય તો તેમ કરવાની ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૫. સ્ટાફની માગણીઓ અંગેના ઔદ્યોગિક અદાલતના ચુકાદાના પેરા નંબર ૪૦ માટેના ઇન્ટરપ્રિટેશન અંગેની યુનિવર્સિટીની અરજી અંગે રેફરન્સ નંબર સી.આઈ.ટી.-જી-૪૬૫૨ ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલના ચુકાદા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ચુકાદાની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ ચુકાદાના અમલ માટે ઘટતાં પગલાં લેવાની ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(ચુકાદાની નકલ **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

૨૬. યુનિવર્સિટીના કર્મચારીઓના વહીવટી પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની તા. ૩૦-૫-૧૯૬૧ના રોજ મળનારી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત સમિતિની તા. ૩૦-૫-૧૯૬૧ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૭. પ્રેસ મેનેજર, ભાષાંતરકાર અને બિલ્ડિંગ સુપરવાઇઝરની નિમણૂકો અંગે સિન્ડિકેટના સભ્યોની બનેલી વરણીસમિતિની તા. ૨-૬-૧૯૬૧ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની બેઉ ભલામણો મંજૂર કરવી.
(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રેસ મેનેજરની જગ્યા માટેના પગારધોરણ અને ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગે બીજી યુનિવર્સિટીઓમાંથી જરૂરી માહિતી મગાવવી.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઑસિસ્ટન્ટ પ્રેસ મૅનેજરની જગ્યાનું પગારધોરણ રૂા. ૨૦૦-૧૦-૩૩૦ ઈ.બી.૧૦-૩૫૦નું રાખવું, તથા લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવું :

મેટ્રિકયુલેટ અને સાત વર્ષનો પ્રેસનો અનુભવ

અથવા

ગ્રેજ્યુએટ અને પાંચ વર્ષનો પ્રેસનો અનુભવ.

૨૮. યુનિવર્સિટી પ્રેસમાં કમ્પોઝીટર તથા હેલ્પરની જગ્યા પર કામ કરતા નીચેના કર્મચારીઓના કામચલાઉ સમય (probation period) પૂરા થતા હોઈ તેઓને કાયમ કરવાનું વિચારવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	કામચલાઉ સમયની પૂરી થતી તારીખ
૧.	શ્રી. અંબાલાલ એમ. પટેલ	જુનિ. કમ્પોઝીટર	૧૦-૫-૧૯૬૧
૨.	શ્રી. ઈશ્વરલાલ બી. પરમાર	,,	૧૦-૫-૧૯૬૧
૩.	શ્રી. ચંદુલાલ એસ. જૈન	,,	૧૦-૫-૧૯૬૧
૪.	શ્રી. વિનોદરાય એમ. જોશી	,,	૧૦-૫-૧૯૬૧
૫.	શ્રી. નટવરલાલ એ. મહેતા	,,	૧૦-૫-૧૯૬૧
૬.	શ્રી. અમૃતલાલ સી. આચાર્ય	,,	૩૧-૫-૧૯૬૧
૭.	શ્રી. સૂર્યકાન્ત એસ. ભાવસાર	,,	૧૦-૬-૧૯૬૧
૮.	શ્રી. ભીખાભાઈ એસ. ચૌધરી	હેલ્પર	૬-૭-૧૯૬૧
૯.	શ્રી. છનાજી વી. રાઠોડ	,,	૬-૭-૧૯૬૧
૧૦.	શ્રી. પ્રહ્લાદભાઈ બી. પ્રજાપતિ	,,	૬-૭-૧૯૬૧
૧૧.	શ્રી. મણિલાલ બી. ઠાકોર	,,	૬-૭-૧૯૬૧
૧૨.	શ્રી. જયંતિલાલ સી. શાહ	,,	૬-૭-૧૯૬૧
૧૩.	શ્રી. પાંડુરંગ એસ. ગુજર	ટ્રેડલમેન	૬-૭-૧૯૬૧

ઉપરોક્ત સભ્યોની કામગીરી અંગેના બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

સભ્યનું નામ	હોદ્દો	કાયમ કર્યા તારીખ
૧. શ્રી. અંબાલાલ એમ. પટેલ	જુનિ. કંપોઝીટર	૧૧-૫-૧૯૬૧
૨. શ્રી. ઈશ્વરલાલ બી. પરમાર	,,	૧૧-૫-૧૯૬૧
૩. શ્રી. ચંદુલાલ એસ. જૈન	,,	૧૧-૫-૧૯૬૧
૪. શ્રી. વિનોદરાય એમ. જોશી	,,	૧૧-૫-૧૯૬૧
૫. શ્રી. નટવરલાલ એ. મહેતા	,,	૧૧-૫-૧૯૬૧
૬. શ્રી. અમૃતલાલ સી. આચાર્ય	,,	૧-૬-૧૯૬૧

સભ્યનું નામ	હોદ્દો	કાયમ કર્યા તારીખ
૭. શ્રી. ભીખાભાઈ એસ. ચૌધરી	હેલ્પર	૭-૭-૧૯૬૧
૮. શ્રી. છનાજી વી. રાઠોડ	,,	૭-૭-૧૯૬૧
૯. શ્રી. પ્રહલાદભાઈ બી. પ્રજાપતિ	,,	૭-૭-૧૯૬૧
૧૦. શ્રી. મણિલાલ બી. હાકોર	,,	૭-૭-૧૯૬૧
૧૧. શ્રી. જયંતિલાલ સી. શાહ	,,	૭-૭-૧૯૬૧
૧૨. શ્રી. પાંડુરંગ એસ. ગુજર	ટ્રેડલમેન	૭-૭-૧૯૬૧

૨. આથી ઠરાવવામાં આવે છે કે, જુનિયર કમ્પોઝીટર શ્રી. સૂર્યકાન્ત એચ. ભાવસારને કાયમ ન કરતાં, તેમના પ્રોબેશનનો સમય વધુ એક વર્ષ લંબાવવો, તથા આ લંબાવેલા પ્રોબેશનના સમય દરમિયાન તેમની રીતભાત અને આજ્ઞાપરાયણતાની બાબતોમાં સુધારો કરવા તેમને જણાવવું.

૨૯. પ્રેસમાં કામ કરતા શ્રી. ઇન્દ્રવદન બી. મોદીનું તા. ૧-૧૧-૧૯૬૦થી રાજીનામું મંજૂર થયેલ હોઈ, તેઓની તા. ૧૩-૫-૧૯૬૧ની પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગેની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૭-૭-૧૯૬૦ના રોજ જોડાયેલ હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ઇન્દ્રવદન બી. મોદીને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર પરત કરવી.

૩૦. સમાજ વિદ્યાભવનમાં ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતા શ્રી. જે. ડી. કાલેનું રાજીનામું મંજૂર થઈ ગયેલ હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૨૦-૬-૧૯૫૯ના રોજ જોડાયા હતા અને તા. ૨૦-૨-૧૯૬૧ના રોજ છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. ડી. કાલેને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર પરત કરવી.

૩૧. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એસ. આર. જાદવને તા. ૬-૩-૧૯૬૧ના રોજ બરતરફ કરેલ હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૨-૮-૧૯૫૭ના રોજ જોડાયા હતા અને આપણે તેઓને ફરજમાં ગંભીર રીતે બેદરકારી, અનિયમિતતા, ઉપરી અધિકારીની સૂચનાઓનો અનાદર વગેરે અંગે તહોમતનામું આપીને તા. ૬-૩-૧૯૬૧ના રોજ બરતરફ કર્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. આર. જાદવને યુનિવર્સિટીની નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે તે હકીકત લક્ષમાં લઈને, તેમણે પોતે ભરેલી પ્રોવિડન્ટ ફંડની રકમ અને તે પર નીકળતા વ્યાજની રકમ તેમને પરત આપવી, પણ યુનિવર્સિટીનો ફાળો અને તે પરનું વ્યાજ તેમને આપવું નહિ.

૩૨. યુનિવર્સિટી કાર્યાલયના કૅશિયરને હસ્તક મુસાફરીભથ્થાં ચૂકવવા માટે રૂા. ૧,૦૦૦ ઍડવાન્સ આપવામાં આવે છે તેમ જ પરચૂરણ ખર્ચ કરવા માટે પેટીકૅશ રૂા. ૧,૦૦૦ ઍડવાન્સ આપવામાં આવે છે. યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ વધી છે એટલે ઍડવાન્સની તથા પેટીકૅશની રકમ વધારવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયના કૅશિયરને હસ્તક મુસાફરીભથ્થાં ચૂકવવા માટે રૂા. ૧,૦૦૦ને બદલે રૂા. ૨,૦૦૦ સુધીનું ઍડવાન્સ આપવાનું રાખવું, તથા પરચૂરણ ખર્ચ કરવા માટે "પેટીકૅશ" ખાતે પણ રૂા. ૨,૦૦૦ સુધીનું ઍડવાન્સ આપવાનું રાખવું.

૩૩. સને ૧૯૬૦-૬૧ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રૉવિડન્ટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે નક્કી કરવા બાબત.

(**નોંધ.**—૧. સને ૧૯૫૯-૬૦ના વર્ષ માટે પ્રૉવિડન્ટ ફંડની ઊઘડતી બાકી ઉપર ૩½ ટકાના દરે અને વર્ષ દરમિયાનના પહેલા ૭ મહિનાના ફાળા માટે રૂા. ૧·૮૭ ટકાના દરે આપ્યું હતું.

૨. સને ૧૯૬૦-૬૧ના વર્ષ માટે ગુજરાત સરકારે રૂા. ૩½ ટકાનો વ્યાજનો દર નક્કી કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૦-૬૧ના વર્ષ માટે, ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રૉવિડન્ટ ફંડના ખાતામાં આપવાના વ્યાજનો દર ૩½ ટકાનો રાખવો.

૩૪. યુનિવર્સિટીનાં વિદ્યાભવનો તથા અનુસ્નાતક કેન્દ્રોમાં પછાત વર્ગના વિદ્યાર્થીઓની સત્ર-ફી લેવા અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં વિદ્યાભવનો તથા અનુસ્નાતક કેન્દ્રોમાં ભણતા પછાત વર્ગના તથા આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને માટે સત્ર-ફી અંગેના કાર્યાલયે ઘડેલા નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે).

૩૫. શ્રી. રવીન્દ્રનાથ ટાગોર "બર્થ સેન્ટીનરી ફંડ" ના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ફંડના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે).

૩૬. પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ પરીક્ષા માટેના પ્રશ્નપત્ર કાઢવા માટેના તથા ઉત્તરવહી તપાસવા માટેના દર નક્કી કરવા બાબત.

(**નોંધ.**—ડીનનો અભિપ્રાય છે કે, પ્રશ્નપત્ર કાઢવા માટે સાયન્સના એક વિષય દીઠ રૂા. ૫૦ તેમ જ વધારાના દરેક સાયન્સ વિષય દીઠ રૂા. ૨૫ પ્રમાણે તથા ઉત્તરવહી તપાસવા માટે ઉત્તરવહી દીઠ રૂા. ૩નું મહેનતાણું આપવું.)

આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી.ના ટ્રાન્સલેશન ટેસ્ટ માટે પ્રશ્નપત્ર કાઢવા માટે સાયન્સના એક વિષય દીઠ રૂા. ૫૦ તથા વધારાના દરેક સાયન્સ વિષય દીઠ રૂા. ૨૫ પ્રમાણે, તથા ઉત્તરવહીઓ તપાસવા માટે, ઉત્તરવહી દીઠ રૂા. ૩ના મહેનતાણાના દર મંજૂર કરવા.

૩૭. બાબત નં. ૬ની સાથે આ બાબતની વિચારણા થઈ હોવાથી તે અંગેની નોંધ ત્યાં આપવામાં આવી છે.

૩૮. યુનિવર્સિટી પ્રેસ માટે મૉનોટાઇપ-કૉમ્પોઝિંગ મશીન ખરીદવા માટેનો ઑર્ડર મે. મૉનોટાઇપ કૉર્પોરેશન લિ.ને આપવા સિન્ડિકેટે મંજૂર કરેલું છે, પરંતુ કસ્ટમ્સ ડયુટી ૫ ટકા વધી હોવાથી તે તેઓને આપવા અંગેના તેમના તા. ૧૩-૪-૧૯૬૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગેનું કુલ ખર્ચ રૂા. ૮૪,૧૨૧ એકસપોર્ટ મુબઈ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી મુદ્રણાલય માટે મૉનોટાઇપ કૉમ્પોઝિંગ મશીન ખરીદવા માટે કસ્ટમ્સ ડયુટીનું ૫ ટકા લેખેનું વધારાનું ખર્ચ મંજૂર કરવું, તથા સદરહુ યંત્ર માટે કુલ રૂા. ૮૪,૧૨૧ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૩૯. ફાઇનાન્સ કમિટીની તા. ૧-૬-૧૯૬૧ના રોજ મળનારી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની સભા કોરમના અભાવે મળી શકી નહોતી, તેથી તેની ભલામણો રજૂ કરવાનું બની શકયું નહિ.

૪૦. સમાજ વિદ્યાભવન (મનોવિજ્ઞાનના વિભાગ સહિત)ના મકાન માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂા. ૮,૯૯૬ (એન. આર.)ની વધારાની મંજૂર કરી તે ગ્રાન્ટની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૧. ભારત સરકારના શિક્ષણ ખાતા તરફથી સિંડર ટ્રેક અને પેવેલિયનના કામ માટે બીજા તથા છેલ્લા હપ્તાના રૂા. ૧૨,૨૫૩ મંજૂર કરતો તા. ૬-૫-૧૯૬૧નો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૨. અમદાવાદ ખાતે આધુનિક ગણિતશાસ્ત્રમાં ગ્રીષ્મ વર્ગની યોજના માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી રૂા. ૧,૮૩૭-૫૦ ન.પૈ.ની આર્થિક સહાય મંજૂર થયાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૩. જે વિદ્યાર્થીઓ અંગ્રેજી અને લલિતકળાનો સંબંધકર્તા વિષય લઈને અગર જે વિદ્યાર્થીઓ અંગ્રેજી સાથે એસ.એસ.સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોય અને જૂના મુંબઈ

રાજ્ય કે ગુજરાત રાજ્યની ઇન્ટરમીડિયેટ ડ્રૉઇંગ ગ્રેડ પરીક્ષા પસાર કરી હોય તેમને ચાલુ વર્ષે લલિતકળાના સંબંધકર્તા ડિપ્લોમાના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણ્યાની પરવાનગી આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૪. તા. ૪-૩-૧૯૬૧ની સિન્ડિકેટની સભામાં એમ.ડી. અને એમ.એસ. પરીક્ષાને લગતા ઑ. ૨૭૮ અને ઑ. ૨૯૧માં જે સુધારા કર્યા છે તેનો અમલ તાત્કાલિક કરવાને બદલે જૂન ૧૯૬૧થી કરવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૫. આપણી યુનિવર્સિટીમાં તબીબી અને ઇજનેરી વિદ્યાશાખામાં પ્રવેશ માટે એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા, અને સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠની એફ.વાય. બી.એસસી. (૩-વર્ષ ડિગ્રી અભ્યાસક્રમ)ની પરીક્ષાને આપણી ઇન્ટર સાયન્સની પરીક્ષા તુલ્ય ગણવાની ૧૯૬૦-૬૧માં જે વ્યવસ્થા કરી હતી તે ૧૯૬૧-૬૨ના વર્ષમાં પણ ચાલુ રાખ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૬. પ્રૉફેસર ઑફ સોશિયોલૉજીની જગ્યા રીડર-ઇન-સોશિયોલૉજીમાં ફેરવાઈ હોવાથી સિન્ડિકેટે પ્રૉફેસર ઑફ સોશિયોલૉજીની જગ્યા માટેની વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે (૧) ડૉ. ડી. એન. મજમુદાર, (૨) શ્રીમતી ઇરાવતી કર્વે, અને (૩) શ્રી. કે. એમ. કાપડિયાની નિમણૂક કરી હતી તેમને રીડર-ઇન-સોશિયોલૉજીની વરણીસમિતિ પરના સિન્ડિકેટના પ્રતિનિધિઓ ગણવા માટેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૭. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની તા. ૨થી ૩ ફેબ્રુઆરી ૧૯૬૧ દરમિયાન ધારવાર મુકામે મળેલી વાર્ષિક સભામાં, શારીરિક ખોડવાળા વિદ્યાર્થીઓને માટે યુનિવર્સિટીની પરીક્ષામાં સવલતો આપવા અંગેનાં, ભારત સરકારનાં સૂચનો પર ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડનો ઠરાવ.

ભારત સરકારનાં સૂચનો

1. That all physically handicapped students who can produce reasonable evidence of having difficulty in attending normal institutions should be permitted to appear as private candidates for non-technical examinations, not involving practical training.

2. That wherever necessary physically handicapped candidates should be provided free of cost the services of competent amanuenses who need not be less qualified than the examinees.

3. That wherever physically handicapped examinees so desire, they may be permitted to typewrite their answers.

4. That blind students should be permitted to take up an Arts subject in place of Mathematics or Science at the Matriculation or an equivalent examination."

ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડનો ઠરાવ

"The Board understands that the provisions with regard to physically handicapped students are such as have been suggested by the Government of India and adopted in several Universities and the Board recommends that these provisions be introduced by all the Universities as far as practicable."

સદરહુ બાબત અંગે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

૧. આ યુનિવર્સિટીની વિનયનની વિદ્યાશાખામાં બી.એ. કક્ષા સુધીની બહારના વિદ્યાર્થીઓને માટે લેવાતી પરીક્ષાઓમાં શારીરિક ખોડખાંપણવાળા વિદ્યાર્થીઓ બેસી શકે છે તેની ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાને જાણ કરવી, અને ઉમેરવું કે, આ યુનિવર્સિટીની બીજી કોઈ પરીક્ષાઓમાં બહારના વિદ્યાર્થીઓને બેસવાની છૂટ આપવામાં આવતી નથી, અને તેમાં શારીરિક ખોડખાંપણવાળા વિદ્યાર્થીઓને માટે અપવાદ કરવાનું યુનિવર્સિટીને યોગ્ય લાગતું નથી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, શારીરિક ખોડખાંપણવાળા વિદ્યાર્થીઓ માટે જે લહિયાઓ નીમવામાં આવે તેમની પરીક્ષા અંગેનું નિરીક્ષકનું ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવું, પણ તેમના લહિયાઓનું ખર્ચ યુનિવર્સિટીએ આપવું નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ લહિયાઓ ઉમેદવારો કરતાં ઊંચી શૈક્ષણિક લાયકાતવાળા હોવા જોઈએ નહિ એ જરૂરનું છે.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, યોગ્ય કેસોમાં શારીરિક ખોડખાંપણવાળા વિદ્યાર્થીઓને પોતાના ઉત્તરો ટાઇપરાઇટ કરવાની મંજૂરી આપવાનો સવાલ પ્રત્યેક કેસની ગુણવત્તા ઉપર વિચારવાનું રાખવું.

૪. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત આ યુનિવર્સિટીને સ્પર્શતી નથી, અને તેની નોંધ લેવી.

૪૮. બી.એસસી. પરીક્ષામાં પ્રાયોગિક તેમ જ વાર્ષિક કામમાં જુદું પાસ થવું જરૂરી છે કે કેમ તે અંગે સ્પષ્ટતા કરીને રે. ૭૮-એ સુધારવા બાબત.

(નોંધ.—અત્યારે ક્રેડિટ અને પ્રાયોગિક પરીક્ષામાં મળેલા ગુણ ભેગા ગણીને પરિણામ બહાર પાડવામાં આવે છે.

રે. ૭૮–એનો પાઠ નીચે મુજબ છે :

At the B.Sc. Examination, 20 per cent of the marks in practical shall be reserved for the credit to be given to the candidates by the respective colleges for their day-to-day work and test examination in practicals conducted by the college in the principal subject. The remaining 80 per cent of the marks for practicals shall be to the candidate's performance at the practical examination held by the University.

In order to pass the examination, the candidate must obtain 33 per cent of the marks in credit *as well as* in the University Practical Examination.)

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૭૮–એ સુધારવાની બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી.

૪૯. નીચેની કૉલેજોએ જોડાણ અંગેની શરતોનું પરિપાલન કર્યું હોઈ જોડાણનું જાહેરનામું બહાર પાડવા માટે ભલામણ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ		વિષયો
૧.	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર	...	ટ્રાન્સપોર્ટ.
૨.	એમ. એસ ભગત અને સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ	...	પ્રથમ વર્ષ અને બીજી એલએલ.બી.
૩.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ (સ્પેશિયલ) પર્શિયન અને ભૂગોળ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

બાબત નં. ૫૦ અને ૬૫ની વિચારણા સાથે હાથ ધરવામાં આવી. સદરહુ બાબતોની વિચારણા દરમિયાન, ઉપકુલપતિશ્રી સ્વેચ્છાએ સભાગૃહ છોડી ગયા, અને તેમની ગેરહાજરીમાં સભાનું પ્રમુખસ્થાન, સભાગૃહની વિનંતીથી, આચાર્ય ડૉ. કે. જી. નાયકે સંભાળ્યું.

૫૦. સેનેટની આગામી સભામાં સ્ટે. ૧૩૦–એ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે મોકલવામાં આવેલ ડૉ. કે. આર. રામનાથનના નીચેના ઠરાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

St. 130-A :

The Office of the Vice-Chancellor shall be a full-time salaried office and the following shall be conditions subject to which the office of the Vice-Chancellor shall be held :

(1) That the Vice-Chancellor be paid a fixed salary of Rs. 1,500/- per month from the date of his nomination;

(2) That the Vice-Chancellor be paid travelling allowance as per Ordinance 153 from the date of his nomination as long as he holds office;

(3) That the Vice-Chancellor be paid daily allowance when out of head-quarters (i e. Ahmedabad) on University work at the rate admissible to Grade I Officers of the Gujarat State, or at the rate admissible to the Vice-Chancellor of the University of Bombay, whichever is higher, as long as he holds office;

(4) That the Vice-Chancellor be provided rent-free house accommodation, together with lighting facilities therein, suitable to the status and dignity of his office, and that he be provided with telephone facilities and further, that a suitable motor car be placed at his disposal.

Notwithstanding anything contained in this statute, it shall be competent for any person duly nominated as the Vice-Chancellor, to forego his salary, in which case the office held by him shall be treated as an honorary office, and provision under sub-clause (1) above shall not apply."

૬૫. આગામી સેનેટ સમક્ષ મૂકવા માટે મોકલાવાયેલ શ્રી. ચં. ચુ. શાહના નીચેના ઠરાવો ઉપર અભિપ્રાય આપવા બાબત:

"(અ) ગુજરાત યુનિવર્સિટીના ધારા હેઠળ એના ઉપકુલપતિ ખંડ સમયના અવેતન ઓહ્દેદાર હોય એમ વિચાર્યું હોવા છતાં, યુનિવર્સિટીના કામના નિરંતર વધતા જતા વિસ્તારને પહોંચી વળવા સારુ ઉપકુલપતિ નિશ્ચિંતપણે પોતાનો પૂરો સમય યુનિવર્સિટીનાં કામો પાછળ આપે એ અનિવાર્ય હોવાથી સેનેટની આ સભા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૦(૪)ની રૂએ મળેલી સત્તા અનુસાર ઠરાવે છે કે:

(૧) ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ પૂરા સમયના અધિકારી હોવા જોઈએ.

(૨) એમને પોતાના ઓહ્દાના સમય દરમિયાન માસિક રૂા. ૧,૦૦૦ના માનદ વેતન (Honorarium) ઉપરાંત સ્ટેચ્યૂટ ૧૩૦-એ અને ૧૩૦-બીમાં દર્શાવેલી સવલતો મળવી જોઈએ.

(આ) ઉપર્યુક્ત નિર્ણયોને અમલી બનાવવા સેનેટની આ સભા વધુમાં સ્ટે. ૧૩૦-એમાં નીચેના સુધારા મંજૂર કરે છે:

(ક) નીચેની નવી કલમ પેટાકલમ તરીકે ઉમેરવી:

(1) That the Vice-Chancellor be paid an honorarium of Rs. 1,000/- per month during his term of office.

(ખ) જૂની પેટાકલમો (૧), (૨) અને (૩)નો ક્રમાંક બદલી અનુક્રમે (૨), (૩) અને (૪) મૂકો.

ઉપર મુજબ સુધારેલો સ્ટેચ્યૂટ ૧૩૦-એ નીચે મુજબ વંચાશે :

St. 130-A :

The following shall be the conditions subject to which the honorary office of the Vice-Chancellor shall be held :

(1) That the Vice-Chancellor be paid an honorarium of Rs. 1,000/- per month during his term of Office;

(2) That the Vice-Chancellor be paid travelling allowance as per O. 153 from the date of his nomination as long as he holds office;

(3) That the Vice-Chancellor be paid Daily Allowance when out of head quarters (i.e., Ahmedabad) on University work at the rate admissible to Grade I Officers of the Bombay State or at the rate admissible to the Vice-Chancellor of the University of Bombay, whichever is higher, from the date of his nomination as long as he holds his office;

(4) That the Vice-Chancellor be provided with house accommodation, together with lighting facilities therein, suitable to the status and dignity of his office and that he be provided with telephone facilities and further that a suitable motor conveyance be placed at his disposal."

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, સેનેટને નીચે પ્રમાણે અભિપ્રાય જણાવવો.

"ઉપકુલપતિશ્રીનો હોદ્દો માનદ પ્રકારનો રાખવો અને તેઓશ્રીને, હાલ મળતી સવલતો ઉપરાંત, માસિક રૂા. ૧,૦૦૦નું માનદ વેતન આપવું."

૫૧. રજિસ્ટ્રારના પગારધોરણને લગતો સ્ટેચ્યૂટ ૧૩૪ તથા રજાઓ આપવા અંગેનો સ્ટેચ્યૂટ ૧૩૫ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૩૪ તથા ૧૩૫ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

St. 134 :

(1) The pay-scale of the Registrar shall be Rs. 800-50-1250, and he shall, in addition, be entitled to receive such allowances and

at such rates as may be admissible to other whole-time employees of the University from time to time;

(2) He shall, in addition, be paid a personal pay of Rs. 100/- per month for work relating to examinations;

(3) He shall, in addition, be entitled to a furnished house including water and telephone facilities, and shall be charged therefor at the rate of 10 per cent of his basic salary per month;

(4) He shall also be entitled to the benefits of Provident Fund and gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the Universisy from time to time."

St. 135:

(1) The Registrar shall be entitled to such leave as may be admissible to other non-teaching employees of the University under the rules sanctioned from time to time by the Syndicate.

(2) If any person in the University service is appointed Registrar, he shall be entitled to whatever leave of absence has become due to him at the time of such appointment."

૫૨. ડિપ્લોમા-ઇન-ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટેના માધ્યમ અંગે એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના આચાર્યશ્રીનો તા. ૧૨-૫-૧૯૬૧નો પત્રાંક ૫૬૫.

સદરહુ બાબતની વિચારણા, બાબત નં ૬૪ની વિચારણાની સાથે કરવાનું નક્કી કરવામાં આવ્યું, તેથી તે અંગેની નોંધ ત્યાં આપવામાં આવેલી છે.

૫૩. યુનિવર્સિટીના ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનોનો ગુજરાતી ભાષામાં તરજૂમો કરાવવા માટે ભાષાંતરકારની નિમણૂક કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષનો અભિપ્રાય પુછાવતાં, તેઓ શ્રી. રમણલાલ સોનીનું નામ સૂચવે છે. ભાષાંતર માટે અંદાજી ખર્ચ નીચે મુજબ આવવા સંભવ છે:

૧. હાલની હેન્ડબુક પ્રમાણે ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનોનાં પાનાં	...૯૮૬
૨. હેન્ડબુકમાં ન હોય તેવાં પેમ્ફલેટોનાં પાનાં	...૧૧૪
કુલ	૧૧૦૦ પાનાંનું કામ

પાના દીઠ રૂા. ૫ જેટલું મહેનતાણું જો આપવામાં આવે તો કુલે રૂા. ૫,૫૦૦ જેટલો ખર્ચ આવે અને તે ઉપરાંત સ્ટેશનરી, પોસ્ટેજ વગેરેના રૂા. ૫૦૦ (આશરે) એમ બે ભેગા મળીને રૂા. ૬,૦૦૦નો અંદાજી ખર્ચ આવે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ત્રણ વર્ષનો સુગ્રથિત અભ્યાસક્રમ ૧૯૬૨થી અમલમાં લાવવાનું નક્કી કર્યું છે તે જોતાં, અભ્યાસક્રમને લગતા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોનો ગુજરાતી અનુવાદ હાલમાં કરાવવાનું મોકુફ રાખવું, પણ જે ઑર્ડિનન્સો સામાન્ય પ્રકારના (of general character)ના છે તેના ભાષાંતરનું કામ શ્રી. પી. ટી. છાયાને સોંપવા માટે, તથા તે માટેના દર નક્કી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૫૪. સ્થાયી કાનૂની સમિતિની તા. ૩-૫-૧૯૬૧ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૩-૫-૧૯૬૧ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બી.એ.ની પરીક્ષામાં બાનગી રાહે બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓનાં રહેવાણનાં નિવેદન અંગે શંકા ઊભી થઈ છે તે તમામ વિદ્યાર્થીઓનાં બી.એ.ની પરીક્ષાનાં પરિણામ અનામત રાખવાં, તથા તેમનાં રહેવાણનાં નિવેદન અંગેની હકીકતની ખાતરી કરીને તેમનાં પરિણામ જાહેર કરવા બાબતમાં ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૫૫. આગામી સેનેટની સભા સમક્ષ રજૂ કરવા માટે મોકલાવેલ ડૉ. કે. જી. નાયકના નીચેના ઠરાવ ઉપર અભિપ્રાય આપવા બાબત:

"The Senate recommends for the Syndicate to take all necessary steps to enable those who have passed their Master's Degree Examinations and taken their Degrees, in a definite subject, to appear again at the same subject, with a view to give them a chance to improve their future career."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૬. સેનેટની આગામી સભામાં મૂકવા માટે મોકલવામાં આવેલ શ્રી. બુલાખી મ. નવલખાના નીચેના ઠરાવો ઉપર અભિપ્રાય આપવા બાબત:

ઠરાવ ૧:

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે આ વર્ષના અંદાજપત્રમાં વિદ્યાર્થી-કલ્યાણ માટે રૂા. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર)ની જોગવાઈ કરવી અને તે રકમ વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે યોગ્ય સહાય તરીકે સંલગ્ન અને માન્ય સંસ્થાઓ મારફતે ખર્ચવાની વ્યવસ્થા કરવી."

ઠરાવ ૨ :

"સેનેટની આ સભા રાજ્ય સરકાર અને ગુજરાત રાજ્યની ધારાસભાને વિનંતી કરે છે કે ગુજરાત વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિની પસંદગી માટે પેનલ પદ્ધતિ દૂર થાય અને સેનેટની બહુમતીથી એક જ વ્યક્તિને ચૂંટવાની વ્યવસ્થા થાય તેવી જોગવાઈનો યુનિવર્સિટીના ધારામાં સમાવેશ કરે."

ઠરાવ ૩ :

"વિનયનના મતદાર સ્નાતકોની સંખ્યા વધતી આવતી હોવાથી અત્યારે સેનેટમાં એમને મળેલી ચાર બેઠકો અપૂરતી ગણાય. એટલે સેનેટની આ સભા અધિકૃત સમિતિઓને ભલામણ કરે છે કે સ્નાતકોની બેઠકોની ફરીને યોગ્ય ફાળવણી કરવી અને સ્નાતકોને એમની સંખ્યાના પ્રમાણમાં પ્રતિનિધિત્વ આપવું."

ઠરાવ ૧ :

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના અંદાજપત્રમાં સદરહુ બાબત માટે જે જોગવાઈ કરી છે તે પર્યાપ્ત છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

ઠરાવ ૨ :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

ઠરાવ ૩ :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૬. સેનેટની આગામી સભા સમક્ષ મૂકવા માટે મોકલવામાં આવેલા ડૉ. એ. એમ. ત્રિવેદીના નીચેના ઠરાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

"The Senate recommends to the Syndicate to take appropriate steps to restrict the eligibility of registration of external students in the Faculty of Arts to only those students, whose mother-tongue is Gujarati."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૮. સેનેટની આગામી સભા સમક્ષ મૂકવા માટે મોકલવામાં આવેલ શ્રી. રસિકલાલ બાલચંદ શાહના નીચેના ઠરાવો ઉપર અભિપ્રાય આપવા બાબત :

ઠરાવ ૧ :

"પ્રથમ વર્ષ વાણિજ્ય, વિનયન અને વિજ્ઞાનમાં A.T.K.T.નો જે વિદ્યાર્થીઓને લાભ મળતો હોય તેવા વિદ્યાર્થીઓને બીજા વર્ષે એક જ વિષયમાં પરીક્ષા આપવાની હોવાથી તેમની

પરીક્ષા અંગેની ફી બધા વિષયોમાં લેવામાં આવતી ફી કરતાં ઓછી લેવા જરૂરી નિયમ ઘડવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

ઠરાવ ૨ :

"યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી પરીક્ષાઓમાં પરીક્ષક તેમજ પ્રાશ્નિકોની નિમણૂકો બાબતમાં નીચેના સિદ્ધાંતોને અનુલક્ષીને જરૂરી નિયમો ઘડવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે :

(૧) પ્રાશ્નિકોની નિમણૂકમાં ઓછામાં ઓછી એક વ્યક્તિ પ્રશ્નપત્ર અંગેનો તે સમયે વિષય શીખવતી હોવી જોઈએ.

(૨) પરીક્ષક અથવા પ્રાશ્નિક તરીકે નીમવામાં આવતી વ્યક્તિઓ આ યુનિવર્સિટી સિવાયની બીજી યુનિવર્સિટીઓની વધુમાં વધુ બે જ નિમણૂકો સ્વીકારી શકે.

(૩) આ યુનિવર્સિટીમાં પરીક્ષક તરીકે અરજી કરનાર વ્યક્તિને અરજી ન કરી હોય તેવી વ્યક્તિ કરતાં પ્રથમ પસંદગી આપવી જોઈએ."

ઠરાવ ૩ :

"આ યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી એકસ્ટર્નલ પરીક્ષાઓનો લાભ લેનાર વિદ્યાર્થીઓ મોટેભાગે સરકારી કર્મચારીઓ, શિક્ષકો કે એવી બીજી કામગીરી બજાવતા હોવાથી સામાન્ય રીતે માર્ચ માસમાં નાણાકીય વર્ષ અને બીજાં એવાં કારણોને લઈને જરૂરી રજાઓ મેળવી શકતા નથી, અને તેથી એકસ્ટર્નલ પરીક્ષાઓ ઑક્ટોબર માસમાં પણ લેવાય એ પ્રમાણેનો નિયમ ઘડી કાઢવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

ઠરાવ ૧ :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

ઠરાવ ૨ :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

ઠરાવ ૩ :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૬. આગામી સેનેટ સમક્ષ મૂકવા માટે મોકલાવાયેલ પ્રાધ્યાપક શ્રી. સી. એલ. શાસ્ત્રીના નીચેના ઠરાવો ઉપર અભિપ્રાય આપવા બાબત :

ઠરાવ ૧ :

"ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં જે અધ્યાપકોની, જે હોદ્દા પર કાયમી

ધોરણે નિમણૂક થઈ હોય, તેમને જો કોઈ કારણસર તે તે કૉલેજોમાંથી કાયમ માટે પદચ્યુત કરવાનો અથવા બરતરફ કરવાનો પ્રસંગ આવે તો તેમ કરવા માટે સંબંધિત કૉલેજને આ યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રીની પ્રથમ લેખિત પરવાનગી લેવી પડે તે માટે ઘટતાં ધારાધોરણો કરવા માટે આ સેનેટ સિન્ડિકેટને ભલામણ કરે છે."

ઠરાવ ૨ :

"આ યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજોમાં કાયમી ધોરણે કામ કરતા શિક્ષકોનો ઓછામાં ઓછો એક વર્ષ એક માસનો પગાર પ્રૉવિડન્ડ ફંડની રકમ તરીકે કપાય એ પ્રકારની એકસરખી યોજના ઘડવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

ઠરાવ ૩ :

આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં અધ્યાપન કરતા કાયમી શિક્ષકો માટે રહેઠાણો બાંધવા માટે ૧૦ વર્ષથી વધુ નહિ એવા લાંબા ગાળાની એક યોજના પ્રત્યેક કૉલેજ ઘડે અને અમલમાં મૂકે તે માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ઘટતું કરવા માટે ભલામણ કરે છે."

ઠરાવ ૪ :

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલાં પગારધોરણો બધી સંલગ્ન કૉલેજોને લાગુ પડે તે માટે ઘટતાં પગલાં લેવાં."

ઠરાવ ૧ :

આથી ઠરાવવામાં આવે છે કે, હાલની પરિસ્થિતિમાં સદરહુ ઠરાવમાં સૂચવ્યાં છે તેવાં ધારા-ધોરણો ઘડવાની સિન્ડિકેટને જરૂર જણાતી નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

ઠરાવ ૨ :

આથી ઠરાવવામાં આવે છે કે, હાલની પરિસ્થિતિમાં સદરહુ ઠરાવમાં સૂચવી છે તેવી યોજના ઘડવાનું સિન્ડિકેટને જરૂરી જણાતું નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

ઠરાવ ૩ :

આથી ઠરાવવામાં આવે છે કે, હાલની પરિસ્થિતિમાં સદરહુ ઠરાવમાં સૂચવી છે તેવી યોજના ઘડવાનું સિન્ડિકેટને યોગ્ય લાગતું નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

ઠરાવ ૪ :

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલ પગારધોરણ કૉલેજોના શિક્ષકોને ઐચ્છિક ધોરણે લાગુ પાડવાનું કેટલીક કૉલેજોએ રાખ્યું છે તે જોતાં, તે ધોરણ સ્વીકારવા કૉલેજોને ફરજ પાડવાનું સિન્ડિકેટને યોગ્ય લાગતું નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૦. વિકાસ વિદ્યાલય, વઢવાણ શહેર તરફથી વઢવાણ શહેરમાં જૂન ૧૯૬૨થી એસ. એન. ડી. ટી. મહિલા વિદ્યાપીઠની સંલગ્ન મહિલા કૉલેજ તરીકે શરૂ કરવા માટે પરવાનગી આપવા માટે સદરહુ વિદ્યાલયના મંત્રીનો તા. ૨૩-૫-૧૯૬૧નો આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, વિકાસ વિદ્યાલય, વઢવાણને, એસ. એન. ડી. ટી. મહિલા વિદ્યાપીઠની સંલગ્ન કૉલેજ તરીકે જોડાણ મેળવવા માટે પરવાનગી આપવી.

૬૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ૧૨૦ વિદ્યાર્થીઓને બદલે ૧૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવા અંગે આવેલ કૉલેજના ડીનનો તા. ૧૭-૫-૧૯૬૧નો પત્રાંક ૨-૮૨૭૩.

(નોંધ.—ઓ. ૧૩૦-બી મુજબ ૧૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપી શકાય.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૨૦-બી નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો :

O. 120-B :

"(*i*) The provisions under this Ordinance shall come into force with effect from 20th June 1958.

(*ii*) There shall not be more than 1500 students in a College.

(*iii*) If a College has more units than one, the total strength of such units taken together shall not exceed 1500 students.

(*iv*) If the total strength in two or more units of a college taken together exceeds 1500 students, there shall be two or more different Principals as may be required at the rate of one Principal per 1500 students provided always that no Principal shall be in charge of more than two units.

(*v*) No division shall consist of more than 100 students, provided the Vice-Chancellor may, in his discretion and at the request of a College, allow it to admit such further number of students as does not exceed ten per cent of the maximum number of students permissible in each class or a division thereof.

This sub-clause shall come into effect from 20th of June 1958 and shall be progressively implemented.

Notwithstanding anything contained above, it shall be competent for the Vice-Chancellor to permit, in his discretion and at the request of a Medical College, to admit such number of additional students as does not exceed thirty per cent of the maximum number of students permissible in a class or a division thereof."

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદને, ૧૨૦ને બદલે ૧૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવા ઉપકુલપતિશ્રીને ભલામણ કરવી.

૬૨. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને નાટ્યવિદ્યાનો ડિપ્લોમા અભ્યાસક્રમ શીખવવા માટે આપેલ જોડાણ અંગેની શરતોના પરિપાલન અંગેના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને નાટ્યવિદ્યાના ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૬૩. બી.એ.એમ.એસ.ના અભ્યાસક્રમમાં ૪૦ને બદલે ૬૦ વિદ્યાર્થીઓને દાખલ કરવાની પરવાનગી આપવાની વિનંતી કરતા શ્રી. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતના આચાર્યશ્રીના તા. ૨૨-૫-૧૯૬૧ના પત્રાંક ૪૭૮ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિના સભ્ય શ્રી. વાસુદેવ ત્રિવેદીનો અભિપ્રાય સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, પ્રથમ બી.એ.એમ.એસ.ના વર્ગમાં ૪૦ને બદલે ૫૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે શ્રી. ઓ. એચ. નાઝર આયુર્વેદ કૉલેજ, સુરતને પરવાનગી આપવી.

બાબત નં. ૬૪ અને પરની વિચારણા સાથે કરવામાં આવી.

૬૪. શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ અંગે સેનેટે પસાર કરેલા સ્ટે. ૨૦૭ અને ૨૦૯ કુલપતિશ્રીની મંજૂરી માટે મોકલવામાં આવ્યા છે, તે સંબંધમાં તેઓશ્રીના તા. ૧૨-૫-૧૯૬૧ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે સિન્ડિકેટે નીચે પ્રમાણે ઠરાવ્યું :

સિન્ડિકેટની આ સભાએ, શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ અંગે કુલપતિશ્રી અને ઉપકુલપતિશ્રી વચ્ચે થયેલા પત્રવ્યવહારમાંથી ઊભા થતા તમામ મુદ્દાઓની વિગતે ચર્ચાવિચારણા કરી છે, અને ત્યાર બાદ સિન્ડિકેટની આ સભાનું એમ માનવું થયું છે કે, જે વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી) વિજ્ઞાનમાં ૧૯૬૦-૬૧ના વર્ષમાં અંગ્રેજીના માધ્યમ દ્વારા શિક્ષણ લીધું હોય, અને તે પૈકી જે વિદ્યાર્થીઓ ૧૯૬૧-૬૨ના વર્ષ દરમિયાન ઇન્ટરમીડિયેટ સાયન્સમાં ગણિતનો ઐચ્છિક વિષય (ગ્રુપ "એ") રાખે, તે વિદ્યાર્થીઓને, ૧૯૬૨-૬૩ના વર્ષ દરમિયાન, ઇજનેરી વિદ્યાશાખામાં માધ્યમ તરીકે, અંગ્રેજીનો ઉપયોગ કરવાની છૂટ, સ્ટે. ૧૦૯ (૧) મુજબ આપવામાં આવેલી છે તે હકીકત લક્ષમાં લેતાં, ૧૯૬૧-૬૨ના વર્ષ પૂરતી જ, માધ્યમ તરીકે અંગ્રેજીનો ઉપયોગ કરવાની છૂટ ચાલુ રહેવી જોઈએ, પણ આ છૂટ આપવાનો અધિકાર સિન્ડિકેટનો નથી તે જોતાં, સિન્ડિકેટની આ સભા એમ માને છે કે, કટોકટી (emergency)ની આ પરિસ્થિતિમાં, આ વિદ્યાર્થીઓ પૂરતી, એક વર્ષ માટે, માધ્યમ તરીકે અંગ્રેજીનો ઉપયોગ કરવાની છૂટ, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૧(૪)(એ) હેઠળ, ઉપકુલપતિશ્રીએ પોતાની વિશિષ્ટ સત્તાનો ઉપયોગ કરીને, આપવી ઘટે છે અને તે આપવા માટે, ઉપકુલપતિશ્રીને સલાહ આપે છે, તથા તેમ કરવા માટે વિનંતી કરે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમા-ઇન-ફાર્મસીના વિદ્યાર્થીઓને માટે માધ્યમના ઉપયોગ બાબતમાં કશી છૂટછાટ આપવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૬૫. આબત નં ૬૫ની વિચારણા બાબત નં. ૫૦ની સાથે કરવામાં આવેલી હોઈ, તેની નોંધ ત્યાં આપવામાં આવેલી છે.

૬૬. આગામી સેનેટ સમક્ષ મૂકવા માટે મોકલાવાયેલ શ્રી. આર. એમ. ઢવેના નીચેના ઠરાવો ઉપર અભિપ્રાય આપવા બાબત:

ઠરાવ ૧:

"સેનેટની આ સભા સ્ટેચ્યૂટ ૧૭૩ ને નીચે મુજબ સુધારવાનું ઠરાવે છે:

'Provided he has passed in English' શબ્દો રદ કરવા, અને તેથી સુધારેલો સ્ટેચ્યૂટ ૧૭૩ નીચે મુજબ વંચાશે :

For admission to the First Year (Pre-University) Class in the Faculties of Arts, Science and Commerce and the First Year Diploma Class in Pharmacy, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Bombay State or an equivalent examination, in at least seven subjects."

ઠરાવ ૨:

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે ગુજરાત યુનિવર્સિટીના કાર્યપ્રદેશમાં આવેલી માધ્યમિક શાળાઓમાં સેવાઓ આપી રહેલા શિક્ષકોને માટે એમ.એ.ની પરીક્ષા આપવાને કૉલેજનાં સત્રોમાં હાજરી આપવી ફરજિયાત લેખાય નહિ તે માટે જોગવાઈ કરવા ઘટતાં પગલાં લેવાં."

ઠરાવ ૩:

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે ગુજરાત યુનિવર્સિટીના કાર્યપ્રદેશમાં આવેલા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકો બહારના વિદ્યાર્થીઓ તરીકે વિનયન સ્નાતકની પદવી યુનિવર્સિટીના નિયમિત વિદ્યાર્થીઓની માફક ચાર વર્ષમાં લઈ શકે તે માટે જોગવાઈ કરવા ઘટતાં પગલાં લેવાં."

ઠરાવ ૧ :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

ઠરાવ ૨ :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

ઠરાવ ૩ :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૭. આર. આર. લાલન કૉલેજ, ભૂજને બી.એ. તથા બી.એસસી. (ગૌણ) ગણિત-શાસ્ત્રના વિષય માટે વધારાનું જોડાણ આપવા અંગે મૂકવામાં આવેલી શરતોના પરિપાલન પરત્વે નીચેની હકીકતને લક્ષમાં લઈ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત:

(૧) ગણિતના પૂરા સમયના લેક્ચરરની નિમણૂક કરવામાં આવી નથી; જોકે કૉલેજ તરફથી એમ જણાવાયું છે કે સરકારે જગ્યા પૂરવા જાહેરખબર આપેલ છે અને ઉમેદવારોને પસંદગી માટે બોલાવાયેલ પણ હતા.

(૨) આચાર્યશ્રી તરફથી જોડાણની શરતોના પરિપાલન બાબત હેવાલ આવ્યો નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ગણિતશાસ્ત્રના પૂરા સમયના પ્રૉફેસરની નિમણૂક કરવામાં આવે તો તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવા વાસ્તે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવે નહિ, ત્યાં સુધી સંબંધકર્તા વિષયના અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ, એમ સદરહુ કૉલેજના આચાર્યને સૂચના કરવી.

૬૮. એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગરના જોડાણ અંગે મૂકવામાં આવેલી શરતોના પરિપાલન બાબત સ્થાનિક તપાસસમિતિએ આપેલ નીચેની હકીકતોને લક્ષમાં લઈ જોડાણ આપવા પરત્વે વિચારણા કરવા બાબત:

(**નોંધ.**—૧. રસાયણવિજ્ઞાન વિભાગની પ્રયોગશાળામાં વાયુ તથા પાણીનાં જોડાણ બાકી છે, જે તા. ૧૦-૬-૧૯૬૧ સુધીમાં થઈ જશે.

૨. ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના નિરીક્ષકોની નિમણૂક થઈ નથી.)

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સદરહુ કૉલેજના જોડાણ માટે રાજ્ય સરકારે જાહેરનામું બહાર પાડ્યું છે તે હકીકત તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું.

તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

સિન્ડિકેટની આ સભા, તેની તા. ૩૦/૩૧-૮-૧૯૫૭ની સભાએ આ પ્રશ્ન પરત્વે કરેલા નીચેના ઠરાવનું પુનરુચ્ચારણ કરે છે, અને જોડાણ માટે યુનિવર્સિટી તરફથી ભલામણ કરવામાં આવે તે પહેલાં રાજ્ય સરકારે જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડ્યું છે તે તરફ ખેદ વ્યક્ત કરે છે, અને ફરીથી આવું બનવા ન પામે તે માટે ઘટતાં પગલાં લેવા રાજ્ય સરકારને વિનંતી કરે છે :

"This meeting of the Syndicate wishes to put on record its deep sense of concern and strong disapproval of the action taken by the Government of Bombay in the matter of notifying the affiliation of B. M. Shah Arts College,

Bhavnagar, D. K. V. Arts and Science College, Jamnagar, and Samaldas College, Bhavnagar, without referring to the Syndicate in the matter regarding the fulfilment of conditions laid down by the authorities of the University, and request the State Government to take effective steps to ensure that no such recurrence takes place in future."

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવે નહિ ત્યાં સુધી સંબંધકર્તા વિષયના અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ, એમ સદરહુ કૉલેજના આચાર્યને સૂચના કરવી.

૬૯. સર પી. ટી. સાયન્સ કૉલેજ અને શ્રી. એસ. કે. એન્ડ શ્રીકૃષ્ણ ઓમ આર્ટ્સ કૉલેજ, મોડાસાની શરતોના પરિપાલનના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે નીમવામાં આવેલ શ્રી. રમણિકલાલ અરાલવાળાને એક વર્ષનો ટ્યુટર તરીકેનો અનુભવ ખૂટે છે, પણ ભારતીય ભાષાના વિષયના શિક્ષણ માટે લબ્ધપ્રતિષ્ઠ વ્યક્તિ હોય તો ચાલી શકે છે તે મુદ્દો વિચારવાનો છે.

અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. સી. એમ. શાહનો શૈક્ષણિક અનુભવ એક વર્ષનો ઓછો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને બી.એ. (સ્પેશિયલ અને જનરલ) ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત તથા બી.એ. (જનરલ) અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ઇતિહાસ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના વિષયો માટે વધારાનું જોડાણ તથા ઇન્ટરમીડિયેટ આર્ટ્સ અને સાયન્સના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બી.એ. (સ્પેશિયલ) અર્થશાસ્ત્ર માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ, એમ સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૭૦. શેઠ પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરાના જોડાણ અંગે મૂકવામાં આવેલી શરતોના પરિપાલન બાબત સ્થાનિક તપાસસમિતિના હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. તપાસસમિતિએ અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે, રસાયણશાસ્ત્રની પ્રયોગશાળાનાં હાલનાં સાધનો ફક્ત જુનિયર બી.એસસી.ના વર્ગ પૂરતાં હોઈ, રસાયણવિજ્ઞાન (મુખ્ય) માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય નહિ અને ફક્ત જુનિયર બી.એસસી.ના વિદ્યાર્થીઓ જૂન ૧૯૬૧થી દાખલ કરી શકાય.

૨. આચાર્યે સમિતિને ખાતરી આપી છે કે રસાયણશાસ્ત્ર (મુખ્ય) માટેનાં જરૂરી સાધનો ૧૫મી જૂન ૧૯૬૧ સુધીમાં આવી જશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ૧૯૬૧-૬૨ના વર્ષ દરમિયાન ફક્ત જુનિયર બી.એસસી.ના વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવાની સૂચના આચાર્યને આપવી.

૭૧. ગુજરાત લૉ સોસાયટી સંચાલિત ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગે મૂકવામાં આવેલી શરતોના પરિપાલન બાબત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

(નોંધ.— શરતોનું યથાર્થ પરિપાલન થયું હોવાનો સ્થાનિક તપાસસમિતિના સભ્યોનો અભિપ્રાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૭૨. લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબીમાં પ્રથમ વર્ષમાં ૧૦૦ને બદલે ૧૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા દેવા માટે પરવાનગી આપવા ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન તરફથી આવેલ તા. ૨૬મી મેનો પત્રાંક એ-૬૦૩૬.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને પ્રથમ વર્ષમાં ૧૦૦ને બદલે ૧૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવી.

૭૩. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને ગુજરાતી વિષયમાં એમ.એ. તથા પીએચ.ડી. પદવી માટે માન્યતા આપવા સિન્ડિકેટે મૂકેલી શરતોના પરિપાલનના રિપોર્ટ પર વિચારણા કરીને મજકૂર સંસ્થાને માન્યતા આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને, ગુજરાતી વિષયમાં એમ.એ. તથા પીએચ.ડી. પદવી માટે માન્યતા આપવી, તથા તે બાબત સેનેટને રિપોર્ટ કરવો.

૭૪. કલકત્તા મુકામે જુલાઈ તા. ૨થી ૪, ૧૯૬૧ દરમિયાન યોજનાર અખિલ ભારતીય સંસ્કૃત સાહિત્ય સંમેલનની ૨૬મી પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૧૯-૫-૧૯૬૧ના પત્રાંક ૧૧૦ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીનાં પ્રતિનિધિ તરીકે કુ. એસ્થર સોલોમનને મોકલવાં.

૭૫. "Scientific Personnel Committee Review of Standard of teaching and examinations in Colleges by the three Universities in Gujarate State" એ વિષય પરત્વે ગુજરાત રાજ્યના શિક્ષણ અને શ્રમ ખાતાના સચિવ તરફથી આવેલ તા. ૧૯-૫-૧૯૬૧ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ ઉપર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક અને પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયકને નીમવા.

૭૬. સિન્ડિકેટના તા. ૧૬-૪-૧૯૬૧ના ઠરાવ અનુસાર "Administrative Committee for Publications"ની રચના, કામગીરી અને સત્તાને લગતા ઑર્ડિ. ૬૨-ઈના મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નવો ઓર્ડિનન્સ ૬૨-ઈ નીચે મુજબ ઘડવો :

"(*9–B*). *The Administrative Committee for Publications*

O. 62–E :

(1) The following shall be the members of the Administrative Committee for Publications :

(*i*) The Vice-Chancellor — ex-officio Chairman;
(*ii*) The Rector, if any;
(*iii*) Four persons appointed by the Syndicate;

(2) The functions of the Administrative Committee for Publications shall be—

(*a*) to sanction all expenditure upto Rs. 10,000/- on behalf of the Syndicate;

(*b*) subject to the financial limit mentioned in (*a*) above:

(*i*) to commission a person or persons to write, translate or adapt books;

(*ii*) to dispose of quotations regarding materials for publications, printing, proof-reading, etc., and to make all arrangements necessary for the purpose.

(3) The term of office of the members nominated by the Syndicate shall be three years; and

(4) The Publication Officer shall act as the Secretary of the Committee."

૭૭. સિન્ડિકેટે તેની તા. ૧૦-૩-૧૯૬૦ની બેઠકમાં પ્રી-યુનિવર્સિટીના વર્ગો માટે પસંદ કરેલા ગદ્યપદ્યસંગ્રહો તૈયાર કરવા માટે અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, પ્રાકૃત-પાલિ, ઉર્દૂ-ફારસી, અરેબિક એમ ભાષાની સમિતિઓ નીમી હતી. તે પૈકી અંગ્રેજી અને સંસ્કૃતના વિષયોમાં ગદ્ય અને પદ્યની કૃતિઓ જે તે સમિતિએ તૈયાર કરી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી, અને જે તે સંગ્રહો તૈયાર થતાં જે તે અભ્યાસસમિતિ સમક્ષ મંજૂરી માટે તે મૂકવાનું રાખવું.

૭૮. સને ૧૯૬૨-૬૩ના વર્ષથી યુનિવર્સિટીનું હિસાબી વર્ષ ૧લી એપ્રિલથી ૩૧મી માર્ચ સુધીનું રાખવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—રૂટે. ૧૨૮ પ્રમાણે યુનિવર્સિટીનું હિસાબી વર્ષ ૧લી જુલાઈથી ૩૦મી જૂન સુધીનું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૨-૬૩ના વર્ષથી યુનિવર્સિટીનું હિસાબી વર્ષ ૧લી એપ્રિલથી ૩૧મી માર્ચ સુધીનું રાખવું, અને તે અંગે સ્ટેચ્યૂટ/ઑર્ડિનન્સોમાં ઘટતા ફેરફાર કરવા માટે કાર્યાલયે પગલાં લેવાં.

૭૯. બૉર્ડ ઑફ એકાઉન્ટ્સે યુનિવર્સિટીના ૧૯૫૯-૬૦ના વાર્ષિક હિસાબ પર કરેલ હેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ હેવાલની નોંધ લેવી.

(હેવાલની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૮૦. મેસર્સ સોરાબ એસ. એન્જિનિયર એન્ડ કું.ના તા. ૧૮-૪-૧૯૬૧ના તેમની ઑડિટ-ફી વધારવા બાબતના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— બૉર્ડ ઑફ એકાઉન્ટ્સની તા. ૨૦-૫-૧૯૬૧ની સભાએ આ બાબતમાં સિન્ડિકેટે વિચારણા કરવી એમ ઠરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૧-૬૨ના વર્ષથી મેસર્સ સોરાબ એસ. એન્જિનિયર એન્ડ કંપનીની વાર્ષિક ઑડિટ-ફી વધારીને રૂા. ૨,૫૦૦ કરવી.

૮૧. શ્રી. પુરુષોત્તમદાસ દલસુખરામ ભટ્ટ (મશીનમૅન)ને રૂા. ૬૦-૪-૨૦૦ ઈ.બી. ૧૨૦ના સ્કેલમાં રૂા. ૦૦થી ઉપરના તા. ૧૬-૬-૧૯૬૧થી Efficiency Bar ઓળંગવા અંગે મંજૂરી આપવા બાબત.

શ્રી. પુરુષોત્તમદાસ દલસુખરામ ભટ્ટની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. પુરુષોત્તમદાસ દલસુખરામ ભટ્ટને મશીનમૅનની જગ્યા ઉપર તેમના ચાલુ પગારધોરણમાં તા. ૧૬-૬-૧૯૬૧થી Efficiency Bar ઓળંગવા પરવાનગી આપવી.

૮૨. શ્રી. ભરત ડી. દેસાઈ (જુનિયર ક્લાર્ક)નું તા. ૩૦-૪-૧૯૬૧થી રાજીનામું મંજૂર થયેલ હોઈ તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા તેમની તા. ૧૬-૫-૧૯૬૧ની અરજી અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓ તા. ૧-૩-૧૯૬૦ના રોજ જોડાયેલા હતા અને તા. ૩૦-૪-૧૯૬૧ના રોજ કાર્યાલયના સમય બાદ છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ભરત ડી. દેસાઈને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર તેમને પરત કરવી.

૮૩. શ્રી. ડી. જી. વકીલ (રીડર ઇન સ્ટેટિસ્ટિક્સ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ)નું રાજીનામું તા. ૧-૫-૧૯૬૧થી મંજૂર થયેલ હોઈ તેઓને તેમના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા તેઓશ્રીની તા. ૨૫-૫-૧૯૬૧ની અરજી અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓ તા. ૧૫-૬-૧૯૫૫થી જોડાયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. જી. વશીને, તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૩૯. "Colombo Plan—offer of practical training facilities in Canada for professionally qualified Librarians" એ વિષય પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી પ્રસ્તુત શિક્ષણ માટે યુનિવર્સિટી તરફથી કોઈ નામની ભલામણ કરવા અંગે આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે આ યુનિવર્સિટી તરફથી કોઈનું નામ સૂચવી શકાય તેમ નથી, એમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જણાવવું.

૪૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. સી. કે. શાહની તા. ૨૦-૧૧-૧૯૬૧ સુધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ પેલિયોબૉટેની, લખનૌ ખાતે તા. ૬-૧૧-૧૯૬૧થી અભ્યાસ કરવા જવા માટેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર શ્રી. સી. કે. શાહને, ઇન્સ્ટિટ્યૂટ ઑફ પેલિયોબૉટેની, લખનૌમાં તા ૬-૧૧-૧૯૬૧થી તા. ૨૦-૧૧-૧૯૬૧ સુધી ચાલુ પગારે અભ્યાસ કરવા માટે પરવાનગી આપવી.

૪૧. સમાજ વિદ્યાભવનમાં ખાલી પડેલ રીડર-ઇન-સોશિયોલોજીની જગ્યા માટે મળેલી વરણીસમિતિના તા. ૧૬-૬-૧૯૬૧ના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજશાસ્ત્રના રીડરને બદલે લેક્ચરરની જગ્યા સ્વીકારવા તૈયાર હોય તો, શ્રી. બી. વી. શાહને સમાજશાસ્ત્રના લેક્ચરર તરીકે નીમવા, તથા તેમનો પગાર નક્કી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. વી. શાહ સમાજશાસ્ત્રના લેક્ચરર તરીકે, નિમણૂક સ્વીકારી શકે તેમ ન હોય તો રીડરની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

(વરણીસમિતિની ભલામણની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૪૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં ખાલી પડેલી રીડર-ઇન-કેમિસ્ટ્રીની જગ્યા માટે મળેલી વરણીસમિતિના તા. ૧૬-૬-૧૯૬૧ના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રીના રીડરની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

(વરણીસમિતિની ભલામણની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૪૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ખાલી રહેલ પ્રોફેસર-ઇન-કેમિસ્ટ્રીની જગ્યા ભરવા માટે તા. ૪-૮-૧૯૬૧ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે ડૉ. બી. કે. વૈદ્યને વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના પ્રોફેસર તરીકે રૂા. ૮૦૦-૫૦-૧૨૫૦ના

પગારધોરણમાં માસિક રૂા. ૧૨૫૦-૦૦ મૂળ પગારથી, હાલ (in the first instance) ત્રણ વર્ષના કરારથી નીમવા.

(વરણીસમિતિની ભલામણની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૪૪. આસિસ્ટન્ટ પ્રેસ-મૅનેજરની નિમણૂક બાબતમાં વરણીસમિતિની તા. ૮-૬-૧૯૬૧ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"શ્રી. કે. એમ. શાહને રૂા. ૨૦૦-૧૦-૩૦૦ ઈ.બી. ૩૫૦ના પગારધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૦૦ના પગારથી એક વર્ષના પ્રોબેશન ઉપર નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, વરણીસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૫. બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યાએ નિમાયેલા શ્રી. એલ. ડી. મિસ્ત્રીને તે જગ્યા માટે મંજૂર કરેલ માસિક પગાર રૂા. ૨૦૦ ઉપરાંત યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે ભથ્થાં આપવાનાં હોઈ તે મંજૂર કરવા બાબત.

(**નોંધ.**—નિમણૂક કરતી વખતે ઉચ્ચક પગાર રૂા. ૨૦૦ની રકમ સિન્ડિકેટે મંજૂર કરેલા વરણીસમિતિની ભલામણમાં જણાવેલી, તે અંગે ઉપર પ્રમાણે સ્પષ્ટતા કરવી જરૂરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યા માટે રૂા. ૨૦૦ના મૂળ પગાર ઉપરાંત યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે બીજાં ભથ્થાં પણ મળી શકે તે પ્રમાણે સ્પષ્ટતા કરવામાં આવે છે.

૪૬. યુનિવર્સિટી મુદ્રણાલયમાં ખાલી પડેલી પ્રેસ-મૅનેજરની જગ્યા માટેના પગાર-ધોરણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત કર્મચારીઓ અંગેની સિન્ડિકેટની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલી આપવી.

૪૭. પ્રેસ-મનેજર શ્રી. પી. એમ. પટવારી નિવૃત્ત થયા હોવાથી તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(**નોંધ.**—તેઓ તા. ૮-૩-૧૯૫૮થી પ્રેસ-મૅનેજર તરીકે જોડાયા હતા અને તા. ૨૫-૭-૧૯૬૧ના રોજ નિવૃત્ત થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર, શ્રી. પી. એમ. પટવારીને, તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ આપવી.

૪૮. કાર્યાલયમાં સીનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. જે. સી. પટેલ રાજીનામું આપી છૂટા થયેલા હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ તથા યુનિવર્સિટીનો ફાળો પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૧-૩-૧૯૫૧થી નોકરીમાં જોડાયા હતા અને તા. ૩૧-૭-૧૯૬૧થી છૂટા થયેલા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર, શ્રી. જે. સી. પટેલને, તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ આપવી.

૬૯. કાર્યાલયમાં સીનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. જે. સી. પટેલે યુનિવર્સિટીમાં સાત વર્ષ કરતાં વધારે વર્ષ નોકરી કરેલ હોવાથી રૂ. ૧૯૩-એ પ્રમાણે તેઓને ગ્રેજ્યુઇટી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રૂ. ૧૯૩-એ પ્રમાણે શ્રી. જે. સી. પટેલને, તેઓ છૂટા થયા તે તારીખથી અગાઉના બાર માસના તેમના સરાસરી પગાર પ્રમાણે ગણતાં, તેમની પ્રત્યેક વર્ષની નોકરી માટે, ૫૦ ટકા જેટલી રકમ ગ્રેચ્યુઇટી તરીકે આપવી.

૫૦. સિન્ડિકેટના સભ્ય શ્રી. બિહારીલાલ પો. શાહે નીચેની સમિતિઓ ઉપરથી રાજીનામું આપ્યું હોઈ, તેઓશ્રીની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત :

૧. બિલ્ડિંગ કમિટી,
૨. પરીક્ષાશુદ્ધિ સમિતિ,
૩. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ,
૪. ફાઇનાન્સ કમિટી,
૫. લિગલ કમિટી.

સદરહુ બાબત સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવી ત્યારે, સભાગૃહની વિનંતીથી, બાંધકામસમિતિ, કર્મચારીઓ અંગેની સિન્ડિકેટની સ્થાયી સમિતિ તથા ફાઇનાન્સ કમિટી પર ચાલુ રહેવાની શ્રી. બિહારીલાલ પો. શાહે સંમતિ આપી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે પરીક્ષાશુદ્ધિ સમિતિ પર શ્રી. બિહારીલાલ પો. શાહની જગ્યાએ શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટીને નીમવા, અને કાનૂની સમિતિ પર અન્ય કોઈની નિમણૂક કરવી નહિ.

૫૧. "પ્રિ. ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક આપવા બાબતમાં સિન્ડિકેટને ભલામણ કરવા માટે વિનયનની વિદ્યાશાખામાં સંશોધનકામ સંબંધમાં એક સમિતિ નીમવા બાબત.

(નોંધ.—આ સમિતિ પર વિનયનની વિદ્યાશાખામાંના સંશોધનકાર્ય બાબતમાં—

૧. શ્રી. કનૈયાલાલ એમ. મુનશી, મુંબઈ;
૨. શ્રી. પી. જી. શાહ, મુંબઈ; અને
૩. ડૉ. એમ. બી. દેસાઈ,

ગયે વખતે હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર નીચે પ્રમાણે સભ્યો નીમવા :

૧. શ્રી. કનૈયાલાલ મા. મુનશી;
૨. શ્રી. પોપટલાલ ગો. શાહ;
૩. ડૉ. એમ. બી. દેસાઈ.

૫૨. મનીઑર્ડર્સનાં નાણાં નવરંગપુરા પોસ્ટ ઑફિસમાંથી પે-ઑર્ડર્સથી મળે છે, તે નાણાંની રકમ મેળવવાનું સુગમ પડે તે દૃષ્ટિએ નવરંગપુરા પોસ્ટ આફિસ સાથે સેવિંગ્સ બૅંક એકાઉન્ટ ખોલવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નવરંગપુરા પોસ્ટ ઑફિસ સાથે યુનિવર્સિટી સેવિંગ્સ બૅન્ક એકાઉન્ટ ખોલવો તથા તેને "ઑપરેટ" કરવાની શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી.

૫૩. મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. પી. એચ. પ્રભુએ પોતે સિન્ડિકેટના સભ્ય હોઈ પરીક્ષક તરીકે માનદ સેવાઓ આપેલી, પરંતુ આ કામ માટે તેમને મુંબઈથી અમદાવાદ આવવા જવાનું થયું હતું તો તે માટે મુસાફરીભથ્થું તથા રોકાણભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. પી. એચ. પ્રભુને સદરહુ કામ અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર મુસાફરીભથ્થું આપવું, પણ તેમને રોકાણભથ્થું આપવું નહિ.

૫૪. તા. ૨૪-૩-૧૯૬૧ના રોજ મળેલી બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, કમ વજનવાળા વિદ્યાર્થીઓ માટે શું કરવું તે વિષે સમગ્ર રીતે વિચાર કરી, તે માટેનાં જરૂરી પગલાં ઘડી કાઢવા માટે નિષ્ણાતોની એક સમિતિ દ્વારા સિન્ડિકેટ આ સવાલ તપાસે તો યોગ્ય થશે એમ આ બૉર્ડનો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે વિચારણા કરીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી:

૧. ડૉ. જે. જે. દેસાઈ;
૨. શ્રી. પોપટલાલ ગો. શાહ;
૩. યુનિવર્સિટીના ચીફ મેડિકલ ઑફિસર;
૪. યુનિવર્સિટીના ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન.

૫૫. સિન્ડિકેટની તા. ૨-૧૦-૧૯૬૦ની સભામાં થયેલા ઠરાવ અનુસાર ગણિતશાસ્ત્રના વિષયમાં યોજાયેલી વર્કશોપનો હેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ હેવાલની નોંધ લેવી.

(હેવાલની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૫૬. નીચેની કૉલેજોએ તેઓના જોડાણ અંગે મૂકવામાં આવેલી શરતોનું પરિપાલન કર્યું હોઈ રાજ્ય સરકારને જોડાણ અંગે જાહેરનામું બહાર પાડવાનું જણાવ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧. એસ. વી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સુરત;
૨. આર. આર લાલન કૉલેજ, ભૂજ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૭. કુ. મહાદેવિયા તન્ના ચંદુલાલને ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ ન કહાવવાને કારણે તેમનું બી.કૉમ.નું અનામત રહેલું પરિણામ તે સર્ટિફિકેટ કઢાવ્યેથી જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૮. સિન્ડિકેટે તેની તા. ૩-૧૨-૧૯૬૦ની સભામાં વર્કમેનની જગ્યા રૂા. ૬૦-૪-૧૦૦ના પગારધોરણમાં મંજૂર કરેલી, મંજૂર કરેલી જગ્યાનું નામાભિધાન "વર્કસ આસિસ્ટન્ટ" રાખ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—વર્કમેનની યુનિવર્સિટીની અગાઉની જગ્યાનું પગારધોરણ રૂા. ૩૦-૧-૪૫ હોવાથી આ ફેરફાર કરવાની જરૂર ઊભી થઈ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૯. યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર મેસર્સ સોરાબ એસ. એન્જિનિયરની કું., મુંબઈના ૧૯૬૧-૬૨ના વર્ષથી ઑડિટર તરીકે રૂ. ૨,૫૦૦ના મહેનતાણાથી કામ કરવાની અશક્તિ દર્શાવતા તા. ૨૯-૬-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર્સ તરીકે, મેસર્સ સોરાબ એસ. એન્જિનિયરની કંપની, મુંબઈને, ઑડિટના કામકાજ માટે, વાર્ષિક રૂા. ૪,૦૦૦નું મહેનતાણું આપવું, તથા તેમને યુનિવર્સિટીના ઑડિટનું કામકાજ ચાલુ રાખવા માટે વિનંતી કરવી.

૬૦. રીડર-ઇન-લેબર-વેલ્ફેરની જગ્યા માટે ત્રણ વખત જાહેરખબર આપવા છતાં લાયક ઉમેદવાર ન મળી શકતાં તે અંગે શું કરવું તે વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "રીડર-ઇન-લેબર-વેલ્ફેર"ની જગ્યાને "લેક્ચરર-ઇન-લેબર-વેલ્ફેર"ની જગ્યામાં ફેરવવી, અને તે માટે જાહેરખબર આપીને અરજીઓ મગાવવી.

૬૧. યુનિવર્સિટી છાત્રાલયના ગૃહપતિ શ્રી. ડી. એન. પાઠકના ગૃહપતિની ફરજોમાંથી મુક્ત કરવા અંગેના તેઓના તા. ૨૫-૭-૧૯૬૧ના પત્ર ઉપર તથા તે મંજૂર થયેથી અન્ય ગૃહપતિની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી છાત્રાલયના ગૃહપતિપદેથી શ્રી. ડી. એન. પાઠકને છૂટા કરવા માટે તથા તેમના સ્થાને અન્ય ગૃહપતિની નિમણૂક કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૨. કટક મુકામે, આગામી વર્ષના જાન્યુઆરી માસમાં મળનાર, "ધી ઇન્ડિયન કાઉન્સિલ ઑફ જિયોગ્રાફર્સ"નું આગામી અધિવેશન, "ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ"ના અધિવેશનની સાથે, યોજાનાર હોઈ આ અધિવેશનમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના પ્રમુખશ્રી તરફથી આવેલ તા. ૪-૮-૧૯૬૧ના પત્રાંક આઈ. શી. જી-૬૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૬૩. નેશનલ બિલ્ડિંગ્સ ઑર્ગેનિઝેશન, ભારત સરકાર, ન્યૂ દિલ્હીના જોઇન્ટ ડાયરેક્ટર, સોશિયો-ઇકોનોમિકસ તરફથી ૧૯૬૨માં "હાઉસિંગ ફિનાન્સ"એ વિષય પરત્વે યોજાનાર પરિસંવાદમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવાની બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૬૪. યુનિવર્સિટીનું હિસાબી વર્ષ એપ્રિલ ૧થી માર્ચ ૩૧ રાખવાનું ઠરાવ્યા પ્રમાણે સ્ટેચ્યૂટ ૮૯, ૧૨૩, ૧૨૫, ૧૨૭, ૧૨૮ અને ૧૮૨ સુધારવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૮૯, ૧૨૩, ૧૨૫, ૧૨૮ અને ૧૮૨ને કાર્યાલયે રજૂ કરેલા મુસદ્દા મુજબ સુધારવા માટે તથા સ્ટે. ૧૨૭ને રદ કરવા માટે સેનેટને ભલામણ કરવી.

(સુધારેલા સ્ટે. ૮૯, ૧૨૩, ૧૨૫, ૧૨૮ અને ૧૮૨ના સુધારેલા મુસદ્દા તથા રદ કરવામાં આવેલા સ્ટે. ૧૨૭ની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે)

૬૫. પ્રથમ વર્ષ વિનયમાં ઇતિહાસ શીખવવા માટે એમ.એ. બીજો વર્ગ એન્ટાયર અર્થશાસ્ત્ર સાથે પસાર કરનાર શિક્ષકને સોંપ્યાની જાણ કરતા શ્રી. શારદાપીઠ આર્ટ્સ કોલેજ, દ્વારકાના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં અર્થશાસ્ત્રના લેક્ચરરને, ઇતિહાસનો વિષય શીખવવા માટે ફક્ત ચાલુ સત્ર પૂરતી પરવાનગી આપવી, તથા નવેમ્બર ૧૯૬૧થી યોગ્ય લાયકાત ધરાવનાર ઇતિહાસના લેક્ચરરની નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૬૬. ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે, અમદાવાદ મુકામે, અખિલ ભારતીય પરિષદો જેવી કે "ઑલ-ઇન્ડિયા ઇકોનોમિકસ કૉન્ફરન્સ" અને "ઑલ-ઇન્ડિયા એગ્રિકલ્ચરલ ઇકોનોમિકસ કૉન્ફરન્સ" આગામી વર્ષમાં યોજવા મજકૂર સંસ્થાઓને નિમંત્રણ આપવા વિનંતી કરતા પ્રિન્સિપાલ એ. આર. દેસાઈના તા. ૩-૮-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત;

અને

૮૨. સને ૧૯૬૩ના વર્ષમાં ઑલ-ઇન્ડિયા કૉમર્સ કૉન્ફરન્સનું તે વર્ષનું અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે અમદાવાદ મુકામે યોજવા વાણિજ્ય વિદ્યાશાખાના ડીન આચાર્ય એસ. સી. પાઠકના તા. ૭-૮-૧૯૬૧ના પત્રાંક ૬-૫-૬૨૧ પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૬૬ અને ૮૨ની વિચારણા એક સાથે કરવામાં આવી, અને તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે, "ઑલ-ઇન્ડિયા ઇકોનોમિકસ કૉન્ફરન્સ" અને "ઑલ-ઇન્ડિયા એગ્રિકલ્ચરલ ઇકોનોમિકસ કૉન્ફરન્સ"નેં, તેમનાં સને ૧૯૬૨ના વર્ષનાં અધિવેશનો આ યુનિવર્સિટીના આશ્રય હેઠળ યોજવા માટે નિમંત્રણો પાઠવવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આચાર્ય એ. આર. દેસાઈને "ઑલ-ઇન્ડિયા ઇકોનોમિકસ કૉન્ફરન્સ"ના અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે મોકલવા.

આથી ઠરાવવામાં આવે છે કે, "ઑલ-ઇન્ડિયા કૉમર્સ કૉન્ફરન્સ"નું ૧૯૬૩ના વર્ષનું અધિવેશન, ગુજરાત યુનિવર્સિટીના આશ્રય હેઠળ, અમદાવાદ મુકામે બોલાવવાનું સૂચન મંજૂર કરવું નહિ.

૬૭. દિલ્હી યુનિવર્સિટીના ઍસ્ટ્રોનોમી અને ઍસ્ટ્રોફિઝિકસના રીડર તરફથી આધુનિક ઍસ્ટ્રોનોમી અને તેના સંબંધક વિષયો માટે નૈનિતાલ મુકામે ગ્રીષ્મ વર્ગો મે અથવા જૂન ૧૯૬૨માં શરૂ કરવા ધારેલ છે તો તે અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત ગ્રીષ્મવર્ગ યોજવાનું નક્કી થાય તો આ યુનિવર્સિટી તરફથી ડૉ. પી. સી. વૈદ્યને મોકલવા.

૬૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી શિક્ષકોની નિમણૂકનાં ધોરણ અંગે આવેલ તા. ૨-૮-૧૯૬૧ના પત્રાંક એફ. ૩૩-૫૫-૬૧(કપ) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૯. સિન્ડિકેટના ઠરાવ અનુસાર પરિભાષાને ફરી તપાસી જવા અંગેના કાર્યના અનુસંધાનમાં ગણિતની પરિભાષાની બેઠકમાં થયેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

ઠરાવ.— "અત્યારની બન્ને પુસ્તિકાઓનો સમન્વય કરી" શબ્દો વિષયવાર ન ગોઠવતાં કક્કાવારી પ્રમાણે ગોઠવી પરિભાષા-પુસ્તિકા તૈયાર કરવી અને તેને 'ઉચ્ચ ગણિતની પરિભાષા' એમ નામ આપવું અને આ 'ઉચ્ચ ગણિતની પરિભાષા'માં પણ ગુજરાતી-અંગ્રેજી તેમ જ અંગ્રેજી-ગુજરાતી એમ બે વિભાગો રાખવા."

આથી ઠરાવવામાં આવે છે કે, ગણિતશાસ્ત્રની પરિભાષાની બન્ને પુસ્તિકાઓનો સમન્વય કરીને, શબ્દો વિષયવાર નહિ ગોઠવતાં કક્કાવારી પ્રમાણે ગોઠવીને પરિભાષાની પુસ્તિકા તૈયાર કરવી, અને તેને 'ઉચ્ચ ગણિતની પરિભાષા' એમ નામ આપવું, તથા 'ઉચ્ચ ગણિતની પરિભાષા'ની એ પુસ્તિકામાં ગુજરાતી–અંગ્રેજી અને અંગ્રેજી–ગુજરાતી, એમ બે વિભાગો નહિ રાખતાં, ફક્ત અંગ્રેજી-ગુજરાતીનો જ પાઠ આપવાનું રાખવું.

૭૦. તા. ૮-૮-૧૯૬૧ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૮-૮-૧૯૬૧ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

બાબત નં. ૭૧અને ૭૨ની વિચારણા સાથે કરવામાં આવી હતી.

૭૧. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-ઓર્ગેનિક કેમિસ્ટ્રીની જગ્યા ભરવા માટેની તા. ૧૯-૮-૧૯૬૧ના રોજ સિન્ડિકેટની વરણૂંકસમિતિએ કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત;

અને

૭૨. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં આવેલી પરેલ ડેમોન્સ્ટ્રેટર-ઇન-ઑર્ગેનીની જગ્યા ભરવા માટે તા. ૧૯-૮-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની વરણીસમિતિએ કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વરણીસમિતિની ભલામણો મંજૂર કરવી, તથા તે પ્રમાણે વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રીની જગ્યા પર ડૉ. આર. એલ. પટેલને, રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૩૨૫થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી, અને ડેમો-સ્ટ્રેટર-ઇન-ઑર્ગેનીની જગ્યા પર, કુ. રંજન ત્र્યંબકલાલ મહેતાની, રૂા. ૨૦૦-૧૦-૩૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૦૦થી બે વર્ષના પ્રોબેશન પર નિમણૂક કરવી.

(વરણીસમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ઢ"** તરીકે સામેલ છે.)

૭૩. ભારત સરકારે ચાલુ વર્ષે ઑક્ટોબરની ૨૫થી ૩૧મી સુધી ન્યૂ દિલ્હી ખાતે આંતર-યુનિવર્સિટી યુવક મહોત્સવ યોજવાનું નક્કી કર્યું છે તો તે અંગે નીચેની બાબતો ઉપર નિર્ણય કરવા બાબત :

૧. યુનિવર્સિટીએ સદરહુ યુવક મહોત્સવમાં ભાગ લેવા બાબત;
૨. જો ભાગ લેવામાં આવે તો યુનિવર્સિટીના જૂથ સાથે મોકલવાના શિક્ષકનું નામ નક્કી કરવા બાબત;
૩. આ મહોત્સવ અંગેની વ્યવસ્થા નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ યુવક મહોત્સવમાં આ યુનિવર્સિટીએ ચાલુ વર્ષે વ્યક્તિગત બાબતો (individual items)માં ભાગ લેવાનું રાખવું, તથા યુનિવર્સિટીના પ્રતિનિધિઓની **સાથે** કન્ટિન્જન્ટ-ઇન-ચાર્જ તરીકે યુનિવર્સિટીના કોઈ શિક્ષકને મોકલવા તથા તે અંગે ઘટતી વ્યવસ્થા કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૭૪. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં, યાદીમાં જણાવેલ વિદ્યાર્થીઓનાં પરિણામો તેમાં ભૂલ જણાયાથી સુધાર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(પરિણામોમાં કરવામાં આવેલા સુધારાની યાદી **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૭૫. સિન્ડિકેટે તેની તા. ૩-૬-૧૯૬૧ની સભામાં નવી કૉલેજોના જોડાણ અંગે પ્રમાણિત મુસદ્દો તૈયાર કરવાના ઠરાવ ઉપર વિચારણા કરવા નીમેલી સમિતિની તા. ૨૬-૭-૧૯૬૧ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૬. ઑલ-ઇન્ડિયા એજ્યુકેશનલ એન્ડ વોકેશનલ ગાઇડન્સ એસોસિયેશનની દસમી વાર્ષિક પરિષદ ચંદીગઢ મુકામે તા. ૧૩થી ૧૪ સપ્ટેમ્બર, ૧૯૬૧ દરમિયાન મળનાર હોઈ આ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે ભારત સરકારના સેન્ટ્રલ

ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન તરફથી આવેલ તા. ૮-૮-૧૯૬૧ના પત્રાંક એફ-૫-૯-૬૧ (CBEVG) ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઍસોસિયેશનની આગામી પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ડૉ. કે. જી. દેસાઈને મોકલવા.

૭૭. અખિલ ભારતીય પ્રૌઢશિક્ષણ પરિષદનું ૧૮મું અધિવેશન, મદ્રાસ રાજ્યમાં, પિલમેડુ મુકામે ૨થી ૬ ઑક્ટોબર, ૧૯૬૧ દરમિયાન યોજનાર હોઈ આ અધિવેશનમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા ઇન્ડિયન એડલ્ટ એજ્યુકેશન ઍસોસિયેશનના માનદ સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૧૫-૮-૧૯૬૧ના પત્રાંક ૮-કૉન્ફરન્સ-૧ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૭૮. બાંધકામ સમિતિની તા. ૬-૮-૧૯૬૧ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બાંધકામ સમિતિની ભલામણો, અનુક્રમે બાબત નં. ૪ અને ૧૫માં નીચે મુજબ સુધારા સાથે મંજૂર કરવી :

૪. વનસ્પતિવિજ્ઞાન માટેના બાગ સારુ ટ્યુબવેલ કરવાનો પ્રસ્તાવ મંજૂર કરવો, તથા તે અંગે ફેમિન રિલીફ કમિટી તથા રાજ્ય સરકાર ઉપરાંત, સુરત કૉટન ઍન્ડ સ્પિનિંગ વર્કસ લિમિટેડ, કૂપેચર રોડ સાથે પણ ઘટતો પત્રવ્યવહાર કરવો.

૧૫. યુનિવર્સિટીનાં બાંધકામની વધતી જતી પ્રવૃત્તિઓ જોતાં, મકાનો તથા બાંધકામ પર પૂરતી દેખરેખ રાખવા માટે રૂ. ૪૦૦-૨૫-૭૦૦ના પગારધોરણમાં યુનિવર્સિટી એન્જિનિયરની નવી જગ્યા હાલ પૂરતી પાંચ વર્ષના હંગામી ધોરણે ઊભી કરવી, તથા તે જગ્યા માટે બી.ઈ. (સિવિલ) અને પાંચ વર્ષનો વ્યવસાયી અનુભવ એ ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ રાખવું.

(બાંધકામ સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૭૯. સને ૧૯૬૦-૬૧ના શૈક્ષણિક વર્ષમાં જે વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષ વિજ્ઞાનના અભ્યાસક્રમનું શિક્ષણ અંગ્રેજી ભાષા દ્વારા લીધું હોય અને જેઓ ૧૯૬૧-૬૨ના શૈક્ષણિક વર્ષમાં દ્વિતીય વર્ષ વિજ્ઞાન (ઇન્ટર સાયન્સ)ના વર્ગમાં ગણિતશાસ્ત્ર (જૂથ "એ")નો ઐચ્છિક વિષય લઈને દાખલ થયા હોય તેમને, તથા જે વિદ્યાર્થીઓએ તેમનું શિક્ષણ માધ્યમિક શાળામાં અંગ્રેજી મારફતે લીધું હોય અને ૧૯૬૦-૬૧ના વર્ષ દરમિયાન પ્રથમ વર્ષ વિનયનમાં અંગ્રેજી મારફતે શિક્ષણ લેવાનું ચાલુ રાખ્યું હોય, તેવા વિદ્યાર્થીઓને ઇન્ટર આર્ટ્સમાં ફક્ત એક જ વર્ષ માટે, એટલે કે ૧૯૬૧-૬૨ના વર્ષ દરમિયાન અને ડિપ્લોમા કોર્સ-ઇન-ફાર્મસીના બીજા વર્ષના વિદ્યાર્થીઓને તથા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ઍનેટોમી, ફિઝિયોલોજી તથા હાઇજિનના વિષયોમાં ૧૯૬૧-૬૨ના વર્ષ દરમિયાન પરીક્ષાના માધ્યમ તરીકે અંગ્રેજી ચાલુ રાખવા માટે તથા તેવા વિદ્યાર્થીઓને ૧૯૬૧-૬૨ના વર્ષ દરમિયાન અંગ્રેજી દ્વારા અભ્યાસ કરવાની વ્યવસ્થા કરવા માટે કૉલેજને છૂટ આપ્યાના

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૧(૪)(એ) હેઠળના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૮૦. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨)(૩)માં રાજ્ય સરકારે કરેલ સુધારો ગઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે, પરંતુ તેમાં દર્શાવ્યા અનુસાર આ સુધારો ગુજરાત રાજ્યનો આદેશ આવ્યેથી અમલી બનશે તો તે અંગે રાજ્ય સરકારને કાંઈક સૂચવવું હોય તો તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની સુધારેલી કલમ ૨૫(૨) અને (૩)ને અને તેટલી વહેલી અમલમાં લાવવા માટે રાજ્ય સરકારને સૂચવવું.

૮૧. શ્રી. બાલાભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર ટ્રસ્ટ, અમદાવાદ, સંચાલિત અનુસ્નાતક સંસ્થાને અમદાવાદમાં પ્રાકૃત, સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયો પીએચ.ડી. પદવી માટે શીખવવા માન્યતા આપવા બાબત આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૨. સને ૧૯૬૩ના વર્ષમાં ઑલ-ઇન્ડિયા કૉમર્સ કૉન્ફરન્સનું તે વર્ષનું અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે અમદાવાદ મુકામે યોજવા વાણિજ્ય વિદ્યાશાખાના ડીન આચાર્ય એસ. સી. પાઠકના તા. ૭-૮-૧૯૬૧ના પત્રાંક ૯-૫-૧૨૧ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૬૬ની સાથે કરવામાં આવેલી હોઈ, તે અંગેની નોંધ તે સ્થળે આપવામાં આવેલી છે.

૮૩. સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન બૉર્ડના અધ્યક્ષને યુનિવર્સિટીની સેનેટના એક્સ-ઑફિસિયો સભ્ય બનાવવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારો કરવામાં આવે તો યુનિવર્સિટીને કાંઈ વાંધો છે કે કેમ, તે પુછાવતા રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના સચિવના તા. ૯-૮-૧૯૬૧ના પત્રાંક યુ. વી. બી. ૧૧૬૧-૧૭૬૧-બી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારના સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન બૉર્ડના અધ્યક્ષને જે "નોમિનેટેડ" સભ્યો પૈકીના એક સભ્ય તરીકે કુલપતિશ્રી નીમે તો ગુજરાત યુનિવર્સિટી ધારામાં શિક્ષણ અને મજૂર ખાતાના સચિવે સૂચવ્યો છે તેવો સુધારો કરવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૮૪. રીડરશીપ-રેટેરિસ્ટિક્સની જગ્યા માટે સિન્ડિકેટે તેની તારીખ ૮-૪-૧૯૬૧ની સભામાં નીમેલ પ્રતિનિધિ શ્રી. એસ. એસ. આર. શાસ્ત્રી તેઓની અસ્વસ્થ તબિયતને અંગે વરણીસમિતિની સભામાં હાજર રહી નહિ શકવાના હોવાથી તેમની જગ્યા ઉપર બીજા કોઈ પ્રતિનિધિ નીમવા બાબત.

(નોંધ.—સદરહુ સમિતિના અન્ય સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે:

૧ પ્રો. એન. એમ. ભટ્ટ,
૨. શ્રી. કે. વી. રામચંદ્રન,
૩. પ્રો. એમ. સી ચક્રવર્તી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિ પર શ્રી. એન. એસ. આર. શાસ્ત્રીની જગ્યાએ અન્ય કોઈ સભ્યની નિમણૂક કરવી નહિ.

૮૫. સ્થાયી કાનૂની સમિતિની તા. ૩-૮-૧૯૬૧ની મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૩-૮-૧૯૬૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે)

૮૬. સ્થાયી કાનૂની સમિતિની તા. ૧૮-૮-૧૯૬૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૮-૮-૧૯૬૧ સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "દ"** તરીકે સામેલ છે.)

૮૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૭-૧૯૬૧ના રોજ મળેલી સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની તા. ૨૯-૭-૧૯૬૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૮૮. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા તરફથી નીચેના પ્રશ્નો ઉપર યુનિવર્સિટીના અભિપ્રાય આપવા અંગે આવેલા તા. ૯-૮-૧૯૬૧ના પત્રાંક ૧૫૨૭-૧૫૬૪ ઉપર વિચારણા કરવા બાબત.

૧. "મીડિયમ ઑફ ઇન્સ્ટ્રકશન",
૨. "નેશનલ ઇન્ટિગ્રેશન".

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૯. સિન્ડિકેટની તા. ૩-૬-૧૯૬૧ની બેઠકમાં ઠરાવ્યા અનુસાર જરૂરી લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતા તા. ૧૫-૬-૧૯૬૧ પહેલાં નીમવા માટે જણાવતા ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ અને સર્વોદય સાયન્સ કૉલેજ, પીલવાઈના આચાર્યશ્રી તરફથી આવેલ જવાબ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. આઈ. મિસ્ત્રીને ટ્યૂટર તરીકે અંગ્રેજીના વર્ગો લેવાની પરવાનગી ચાલુ સત્ર પૂરતી આપવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, નવેમ્બર ૧૯૬૧થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૯૦. નીચે જણાવેલ કૉલેજો તેનાં [illegible] સામે જણાવેલ કારણથી કામ કરતી બંધ થઈ હોઈ તે બાબત ઉપર વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ		બંધ પડવાનું કારણ
૧.	મહિલા મહાવિદ્યાલય, પોરબંદર	...	સંચાલકોએ બંધ કરી છે.
૨.	શ્રેયસ્ કૉલેજ, અમદાવાદ	...	સંચાલકોએ વર્ગો બંધ કર્યા છે.
૩.	શેઠ ચી. ન. કલા મહાવિદ્યાલય, અમદાવાદ	...	વિદ્યાર્થીઓ ન હોવાને કારણે.

આથી ઠરાવવામાં આવે છે કે, (૧) મહિલા મહાવિદ્યાલય, પોરબંદર; (૨) શ્રેયસ કૉલેજ, અમદાવાદ; અને શેઠ ચી. ન. કલા મહાવિદ્યાલય, અમદાવાદ, એ ત્રણે સંસ્થાઓમાં યુનિવર્સિટીના શિક્ષણનું કામકાજ લાલ કરવામાં આવતું નથી તે જોતાં, તેમનું જોડાણ ચાલુ રહેતું નથી, એમ સદરહુ સંસ્થાઓના સંચાલકોને જણાવવું.

૯૧. ગુજરાત રાજ્ય સરકાર યોજિત કુટુંબનિયોજન અંગેનો પરિસંવાદ, અમદાવાદ મુકામે ૧૯થી ૨૧ ઑગસ્ટ, ૧૯૬૧ દરમિયાન યોજાનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે ડાયરેક્ટર ઑફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીઝના ૪થી ઑગસ્ટ, ૧૯૬૧ના પત્રાંક ૩૦૮ એફ. પી. ડી. પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. મોતીભાઈ ડી. પટેલ અને ડૉ. જે. જે. દેસાઈને મોકલવા.

૯૨. પીએચ.ડી. પદવી માટે શ્રી. એ. એસ. પ્રભુદેસાઈનો મહાનિબંધ સિન્ડિકેટના તા. ૩-૬-૧૯૬૧ના ઠરાવથી અસ્વીકાર્ય ગણવામાં આવેલ છે. તે બાબત અંગે પુનર્વિચારણા કરવા માટે શ્રી. અ. ક. ત્રિવેદીના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એ. એસ. પ્રભુદેસાઈના મહાનિબંધ બાબતમાં સિન્ડિકેટ, તેના તા. ૩-૬-૧૯૬૧ની સભાની બાબત નં. ૧૮ ઉપરના ઠરાવનું પુનરુચ્ચારણ કરે છે, અને ઠરાવે છે કે, શ્રી. એ. એસ. પ્રભુદેસાઈનો મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે માન્ય કરવો નહિ, તથા તે મહાનિબંધ ઘટતા ફેરફારો સાથે, યુનિવર્સિટીનાં ધારાધોરણો હેઠળ ફરીથી રજૂ કરવા તેમને સૂચવવું.

૯૩. ફાઇનાન્સ કમિટીની તા. ૧૮-૮-૧૯૬૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફાઇનાન્સ કમિટીની તા. ૧૮-૮-૧૯૬૧ની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે.)

૬૪. તા. ૨૫-૭-૧૯૬૧ના રોજ મળેલી બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની સભાની નીચેની ભલામણો:

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે બીજા વિભાગોની મુસાફરી ખર્ચની તથા જમવા અંગેની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને તથા આ વર્ષે ઉત્તર-દક્ષિણ વિભાગની હૉસ્ટ કૉલેજના મેદાનની તથા ઉત્તર-દક્ષિણ વિભાગની કૉલેજોની સંખ્યાની ખાસ પરિસ્થિતિ ધ્યાનમાં લઈને નીચે પ્રમાણેની ગ્રાન્ટની વહેંચણીને મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે:

અમદાવાદ વિભાગ	...	રૂા. ૩,૪૦૦
ઉત્તર-દક્ષિણ વિભાગ	...	રૂા. ૫,૬૦૦
પશ્ચિમ વિભાગ	...	રૂા. ૫,૦૦૦
		કુલ રૂા. ૧૪,૦૦૦

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, આંતર-યુનિવર્સિટી હૉકી હરીફાઈના સંચાલન માટે જરૂરી ઉપસમિતિઓ નીમવાની તથા વધુમાં જરૂરી સંખ્યાના સભ્યો કૉ-ઑપ્ટ કરવાની સત્તા સહિત નીચેના સભ્યોની એક સમિતિ નીમવાની આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે:

૧. પ્રિ. પી. એચ. ભટ્ટ, પ્રમુખ
૨. ,, વાય. જી. નાયક
૩. શ્રી. આર. કે. પટેલ
૪. શ્રી. કે. જી. પ્રભુ
૫. શ્રી. નગરવાલા, આઈ. જી. પી.
૬. ડૉ. બી. ડી. મિશ્રા
૭. પ્રૉ. દર્શનસિંગ
૮. પ્રિ. એચ. એ. ડિ'સોઝા
૯. અમદાવાદ મ્યુનિ. કૉર્પોરેશનના મેયર શ્રી. જયકૃષ્ણભાઈ
૧૦ શ્રી. હેરેડિયા, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર
૧૧. અમદાવાદ વિભાગીય હૉકી એસોસિયેશનના પ્રમુખ
૧૨. પ્રિ. કે. વી. દેસાઈ
૧૩. પ્રિ. પી. એમ. કોરગાંવકર
૧૪. શ્રી. વી. પી. મહેતા.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે, રેફરીઝ, એમ્પાયર્સ વગેરેને હરીફાઈના સ્થળે જવા-આવવાનું બે વખતનું પ્રથમ વર્ગનું રેલવે ભાડું જતાં અને આવતાં દરેક વખતના પાંચ પાંચ રૂપિયા મુસાફરીભથ્થાના અને નક્કી કરવામાં આવેલ રેફરી તરીકેનો ચાર્જ આપવાનું મંજૂર કરવા માટે તથા જો તેમની જમવાની વ્યવસ્થા જે સ્થળે હરીફાઈઓ યોજાતી હોય તે સ્થળના આચાર્યશ્રી તરફથી કરવામાં આવી ન હોય તો તેના ખર્ચના રોજના રૂા. ૫ પ્રમાણે આપવાનું મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૯૫. ગુજરાત રાજ્યના નાણાં ખાતાના સેક્રેટરીના પત્રાંક એલ. એન. એફ-૧૦૬૧(બી) તા. ૧૪-૮-૧૯૬૧ના ૪½ ટકા ગુજરાત રાજ્ય વિકાસ લૉન, ૧૯૭૨માં યુનિવર્સિટીનાં નાણાં રોકવા બાબતના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૪થી સપ્ટેમ્બર ૧૯૬૧ના રોજ લૉનનું ભરણું શરૂ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત રાજ્ય વિકાસ લૉન, ૧૯૭૨માં, યુનિવર્સિટીના ભંડોળ-માંથી રૂા. ૫ લાખનું રોકાણ કરવું, તથા તે માટે ઘટતો વિધિ કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૯૬. પત્રકારત્વની અભ્યાસસમિતિની તા. ૫-૮-૧૯૬૧ની સભાના પત્રકારત્વના અભ્યાસક્રમને લગતા રેગ્યુલેશનો ૬૫ તથા ૬૫-એ સુધારવા અંગેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર રેગ્યુલેશન ૬૫ અને ૬૫-એ સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(સુધારેલા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

૯૭. પત્રકારત્વની પરીક્ષાના પરીક્ષકોની શૈક્ષણિક લાયકાત નીચે પ્રમાણે રાખવાની પત્રકારત્વની અભ્યાસસમિતિની તા. ૯-૮-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે મંજૂર રાખેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

"Resolved that the following will be the minimum qualifications for the appointment of a Professor or an Examiner in the F.Y. Examination of Diploma in journalism.

For a Paper-setter:

(*a*) Professor of the subject with qualifications already recognised by the Gujarat University to hold the post.

For Examiner:

(*b*) (1) Lecturer in the subject with qualifications already recognised by the Gujarat University to hold the post.

(2) A graduate of a statutory University as news-Editor or a sub-Editor of a wellknown daily newspaper.

(*c*) Any person of recognised merits in the subject may be invited to set as a Paper-setter or Examiner or both"

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯૮. ખેતીવાડીની અભ્યાસસમિતિની તા. ૧૬-૫-૧૯૬૧ની સભાની ભલામણ અનુસાર (૧) પ્રી-યુનિ. (એગ્રિ.)ના અભ્યાસક્રમને લગતા ઑ. ૨૪૦-એ, ૨૪૦-બી, ૨૪૦-સી તથા

રેગ્યુ. ૧૩૧-એ, ૧૩૧-બી, ૧૩૧-સી, ૧૩૧-ડી, ૧૩૧-ઈ; તથા (૨) બી.એસસી. (એગ્રિ.)ના પ્રથમ વર્ષના અભ્યાસક્રમને લગતા ઑ. ૨૪૦-ડી, ૨૪૦-ઈ તથા રેગ્યુ. ૧૩૧-એફ, ૧૩૧-જી અને ૧૩૧-એચ મંજૂર કરવા અકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર ઑર્ડિનન્સ ૨૪૦-એ, ૨૪૦-બી, ૨૪૦-સી, ૨૪૦-ડી, ૨૪૦-ઈ તથા રેગ્યુલેશન ૧૩૧-એ, ૧૩૧-બી, ૧૩૧-સી, ૧૩૧-ડી, ૧૩૧-ઈ, ૧૩૧-એફ, ૧૩૧-જી તથા ૧૩૧-એચ મંજૂર કરવા, અને તેમને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ફ" તરીકે સામેલ છે.)

૬૬. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૭/૮/૬૮-૮-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા વિદ્યાર્થીઓના નામ સામે જણાવેલી ડિગ્રી તથા વિષય બાબતમાં આવેલા મહાનિબંધ માટે તે સામે જણાવેલા રેફરીની નિમણૂક કરવા ભલામણ કરવી:

નામ	વિષય	રેફરી
૧. શ્રી. એસ. એમ. મહેતા, એમ.એસસી.	"Synthesis of Chalcones & related compounds & Studies in fries re-arrangement."	1. Dr. S. M. Shethna, M.S. University of Baroda. *or* 2. Dr. A. B. Kulkarni, Institute of Science, Bombay.
૨. શ્રી. જે. આર. મોદી, એમ.એસસી.	"Studies in the application of Dimethydol of Ethylene urea to cotton"	1. Dr. E. H. Daruwala, Department of Chemical Technology, Matunga, Bombay. *or* 2. Dr. G. M. Nabar, Director, Department of Chemical Technology, Matunga, Bombay.

નામ	વિષય	રેફરી
૩. શ્રી. ડી. ટી. મૈશરી, એમ.એસસી.	*Part I :* "Estimation traces of rhenium with dipheny carbaside." *Part II :* "Separation of rhenium from molydenum by extraction with Phyridene"	1. Dr. P. R. Ray, Uni. College of Sc. & Technology, 92, Upper Circular Rd., Calcutta. *or* 2. A. K. Mazmudar, Indian Association for the Cultivation Science, Calcutta.
૪. શ્રી. પી. એસ. પંડ્યા, એમ.એસસી.	"Studies in Nitration of Phenyl esters and Synthesis of some furanociromones"	1. Dr. J. R. Merchant, Institute of Science, Bombay. *or* 2. Dr. G. S. Saharia, Delhi University, Delhi."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ ડિગ્રી તથા વિષય સંબંધી આવેલા મહાનિબંધ માટે તે સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૦. શ્રી. આઈ. જી. વકીની પીએચ.ડી. પદવી રસાયણવિજ્ઞાન વિષય માટે બાહ્ય પરીક્ષક તરીકે નીમવા સારુ રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષનું સૂચન, તે અભ્યાસસમિતિના સભ્યોએ પત્રવ્યવહારથી મંજૂર રાખેલ હોવાથી તે તે રેફરીઓની નિમણૂક કરવા માટે એકેડેમિક કાઉન્સિલની સિન્ડિકેટને ભલામણ:

રેફરીઓનાં નામ

External Referees :

૧. ડૉ. જે. કેન્યન, એફ.આર.એસ.,
૨૧, સેન્ડ્લેન,
Petershan,
Surrey, England (U.K.).

2. Dr. A. G. Davies,
University College of Science,
Tower Street,
London (W.C. 2.)

3. Dr. C. L. Areus
Battersee College of Science & Technology,
London (S.W. 11).

Internal Referees (*For Viva voce*)

(1) Dr. R. C. Shah,
Deputy Director,
N.C.L., Poona.

(2) Dr. Suresh Shethna,
Professor of Chemistry,
M. S. Uni. of Baroda,
Baroda.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૯૧૭૨૬-૪૩/૧૯૬૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
સપ્ટેમ્બર ૫, ૧૯૬૧,
ભાદ્રપદ ૧૪, ૧૮૮૩ (શક).

કું. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૮

સને ૧૯૬૧ના માર્ચ/એપ્રિલમાં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો/પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોની ભૂલો અંગેના કેસો તેમજ વિદ્યાર્થીઓએ અનુભાવેલ ગેરવાજબી ધલાજાના કેટલાક કેસો ઉપર વિચારણા કરવા પરીક્ષાશુદ્ધિ સમિતિની એક બેઠક ઉપકુલપતિશ્રીના બંગલે તા. ૨૪-૭-૧૯૬૧ના રોજ સાંજે ૪-૦૦ કલાકે મળી હતી. તેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૩. શ્રી. બી. પી. શાહ	ગેરહાજર
૪. શ્રી. એમ. પી. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. એસ. આર. ભટ્ટ	હાજર.

સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. એલ. આર. દેસાઈએ લીધું હતું.

તા. ૪-૭-૧૯૬૧ના રોજ મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૧. સૌ પ્રથમ સદરહુ સમિતિની તા. ૪-૭-૧૯૬૧ની સભાના ઠરાવને અનુલક્ષીને સમિતિ સમક્ષ એપ્રિલ ૧૯૬૧માં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૪૪૮ કે જેની કેમિસ્ટ્રી પેપર ૩ના વિભાગ ૧ અને ૨ની ઉત્તરવહીમાં હસ્તાક્ષરો જુદા માલૂમ પડ્યા હતા. તે બાબતમાં વધુ તપાસ માટે શ્રી. સુમંત દેસાઈ તથા જુનિયર સુપરવાઇઝર શ્રી. સી. સી. ભટ્ટને બોલાવવામાં આવેલા હતા. તે પૈકી હાજર રહેલ શ્રી સી. સી. ભટ્ટની તપાસ કરવામાં આવી અને તેઓ જુનિયર સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા હોવા છતાં તેમના બ્લોકની સદરહુ વિદ્યાર્થીની વિભાગ ૧ની ઉત્તરવહીને બદલે જુદા જ અક્ષરવાળી અને જેના ઉપર તેમની સહી જણાય છે તેવી ઉત્તરવહી કઈ રીતે આવવા પામી તે અંગે પૂછપરછ કરવામાં આવી. તે બાબતમાં જુનિયર સુપરવાઇઝર કોઈ સ્પષ્ટતા કરી શકયા ન હતા. તેઓએ તપાસમાં જણાવેલ કે, પ્રશ્નપત્ર પૂરું થતાં ઉત્તરવહીઓ એકઠી કરતાં તેઓ ઉત્તરવહી ઉપર સહીની ચકાસણી કરતા નથી. વળી પરીક્ષા ચાલુ હતી તે દરમિયાન કોઈ આવીને આપી ગયું હોય તેવો તેમને ખ્યાલ નથી. છેવટે આ બાબતમાં વિચારણા કરી એમ ઠરાવવામાં આવ્યું કે, સિન્ડિકેટને ભલામણ કરવી કે, વિદ્યાર્થી નં. ૧૪૪૮ને ચાલુ વર્ષે નાપાસ ગણી, તા. ૩૧-૧૨-૧૯૬૩ સુધી યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવો નહિ તથા આ પરીક્ષામાં કે અગાઉ મેળવેલ એકઝમ્પશન

૨૬ ગણવાં. વધુમાં એમ ઠરાવવામાં આવ્યું કે, જુનિયર સુપરવાઇઝર શ્રી. સી. સી. ભટ્ટે નિરીક્ષક તરીકેની ફરજમાં બેદરકારી અને કાળજી રાખી ન હોવાથી એક દિવસનું મહેનતાણું રૂપિયા દસ કાપી લેવું.

ત્યાર બાદ તા. ૨૪-૭-૧૯૬૧ની સદરહુ સમિતિની સભા સમક્ષ કામને લગતા સંબંધકર્તા કાગળો જોઈતપાસીને તથા તે અંગે વિગતે ચર્ચાવિચારણા કરીને ઠરાવવામાં આવ્યું કે, સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવી:

૨. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૫૭૯ની લોજિક વિષયની પ્રશ્નપત્ર ૧, વિભાગ ૨ની ઉત્તરવહીમાં પરીક્ષણનું કામ કરતી વેળાએ સૂચના ૫૮(૩)નું પાલન ન કરવા બદલ તેમ જ પ્રશ્ન નં. ૧૧ના ૪ ગુણ ઉત્તરવહીના મુખપૃષ્ઠ ઉપર પ્રશ્ન નં. ૧૩માં પૂરી પ્રશ્ન નં. ૧૩ના ઉત્તરવહીમાં આપેલ ત્રણ ગુણ કુલ સરવાળામાં ન ગણવા બદલ પરીક્ષક શ્રીમતી વી. એન. પટેલના મહેનતાણામાંથી રૂપિયા દસ કાપવા.

૩. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી બી.કોમ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૦૦૪ની એકાઉન્ટન્સી વિષયની પ્રશ્નપત્ર ૧ની મુખ્ય અને ગૌણ ઉત્તરવહીઓમાં સદરહુ વિદ્યાર્થીએ સવાલ નં. ૧ લખ્યો હોવા છતાં પરીક્ષક શ્રી. એમ. એમ. પટેલે આખા સવાલના ગુણ સવાલના છેડે ન દર્શાવતાં મુખ્ય ઉત્તરવહીમાં જ્યાં સદરહુ સવાલ શરૂ થતો હતો ત્યાં દર્શાવેલ. આમ પરીક્ષકે પરીક્ષકને આપવામાં આવતી સૂચના ૫૮(૧)નું પાલન કર્યું નથી તેથી શ્રી. એમ. એમ. પટેલને ભવિષ્યમાં યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી પ્રત્યેક સૂચનાનું પાલન કરવાની ચેતવણી સાથે ઉપરોક્ત ભૂલ માટે તાકીદ આપવી.

૪. એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૮૧૧ની અંગ્રેજી વિષયની પ્રશ્નપત્ર ૧, વિભાગ ૨ની ઉત્તરવહીમાં પરીક્ષણનું કામ કરતી વેળાએ પ્રશ્ન નં. ૫ના ઉત્તરવહીમાં ચાર ગુણ અને ઉત્તરવહીના મુખ્ય પાના ઉપર મજકૂર પ્રશ્નના પાંચ ગુણ દર્શાવવાની થયેલ ભૂલ બદલ પરીક્ષક શ્રી. જી. આર. કોટવાલના મહેનતાણામાંથી રૂપિયા પાંચ કાપવા.

૫. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી એસ.ઈ. (સિવિલ) પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૧ની મટિરિયલ્સ ઍન્ડ સ્ટ્રક્ચર્સ વિષયની ઉત્તરવહીમાં પ્રશ્ન ૧માં પરીક્ષકે ૭ ગુણ આપેલ; જ્યારે મુખ્ય ઉત્તરવહીના મુખપૃષ્ઠ ઉપર સદરહુ સવાલના પાંચ ગુણ દર્શાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. વી. એસ. શાહના મહેનતાણામાંથી રૂપિયા પાંચ કાપવા.

૬. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૭૫૦ને લોજિક વિષયના પ્રશ્નપત્ર ૧માં ૫૫ ગુણ મળતા હોવા છતાં પરીક્ષકે તેણે આપેલ ગુણપત્રકમાં ૪૫ ગુણ દર્શાવવાની થયેલ ભૂલ બદલ આ વિષયના અધ્યક્ષ શ્રી. યુ. જે. ત્રિવેદીના મહેનતાણામાંથી રૂા. દસ કાપવા.

૮. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૦૪૨ના આવેદનપત્રમાં વિદ્યાર્થીએ જણાવ્યા પ્રમાણે "સોસાયટી અને સોશિયલ એમિલિયોરેશન" મથાળા

હેઠળ સદરહુ આવેદનપત્ર ગોઠવવાને બદલે "જનરલ સોશિયોલોજી" એ મથાળા હેઠળ ગોઠવવાની કાર્યાલયના કર્મચારીઓ શ્રી. બી. આર. શાહ અને શ્રીમતી એન. પી. શાહની થયેલ ભૂલ બદલ તે દરેકનો એક રૂપિયો કાપવો.

૯. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૮૦૫નું આવેદનપત્ર જૂનાગઢ કેન્દ્રમાં ગોઠવવાને બદલે જામનગર કેન્દ્રમાં ગોઠવવાની કાર્યાલયના કર્મચારી શ્રી. એસ. જી. સમાની થયેલ ભૂલ બદલ તેમનો એક રૂપિયો કાપવો.

૧૦. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી બી.એ.ની પરીક્ષાના સંસ્કૃત વિષયના પ્રશ્નપત્ર ૧ અને ૨ ભૂજ અને વલસાડ કેન્દ્ર પર છપાવવાના હોવા છતાં સદરહુ કેન્દ્રો ઉપર પ્રત્યેક પેપરની છપેલી નકલો કેટલી જોઈશે તે માહિતી દર્શાવતા મોકલેલ સ્ટેટમેન્ટમાં ઉપરોક્ત પેપરો છપાવવાનાં નથી તેવી નોંધ મૂકવાની થયેલ ભૂલ બદલ શ્રી. જ. મં. મહેતા તેમ જ શ્રી. આર. પી. દવેને તાકીદ આપવી.

૧૨. સને ૧૯૬૧માં લેવાયેલી દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૦૩૦ અને ૬૯૧૯ કે જેઓ સને ૧૯૬૧માં મળેલી એ.ટી.કે.ટી.ના આધારે ચાલુ વર્ષે પ્રથમ વર્ષ વિનયનના બાકી રહેલા વિષયોમાં તથા દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેસનાર હતા. તેઓ બન્ને વિદ્યાર્થીઓએ ઉભય પરીક્ષાઓ માટે નામ રજિસ્ટ્રેશન કરાવવા અરજી કરવા છતાં તેમનાં નામ પ્રી-યુનિવર્સિટી વિનયનની પરીક્ષા માટે રજિસ્ટર કરવાનાં રહી જવાની ભૂલ અંગે કાર્યાલયના સભ્ય શ્રી. બી. એલ. જંડાવાલાનો રૂપિયો એક કાપવો.

૧૩. સને ૧૯૬૧માં લેવાયેલી દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૭૫૩૩ના આવેદનપત્રમાં એડિશનલ અંગ્રેજી દર્શાવેલ હતું તે ફોર્મ એડિશનલ હિંદીમાં ગોઠવવાની થયેલ ભૂલ બદલ કાર્યાલયના સભ્યો શ્રી. આર. જે. પટેલ, શ્રી. એલ. આઈ. શાસ્ત્રી, શ્રીમતી એન. પી. શાહ અને શ્રી. પી. કે. શાહનો પ્રત્યેકનો રૂપિયો એક કાપવો.

૧૪. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી એસ.ઈ. (સિવિલ) પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૬૪નું પરિણામ તૈયાર કરવામાં તેને ઑર્ડિ. ૧૪૦ લાગુ પાડવાનો ચૂકી જવાની શ્રી. એસ. એસ. વોરા તેમ જ શ્રી. વી. એમ. વ્યાસની થયેલ આ ભૂલ બદલ તે પ્રત્યેકનો એક રૂપિયો કાપવો.

૧૫. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી એસ.ઈ. (સિવિલ) પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૭૬ને ઑ. ૧૪૦ ન લાગુ પાડવા બદલ શ્રી. એસ. એસ. વોરા તેમ જ શ્રી. વી. એમ. વ્યાસની થયેલ આ ભૂલ બદલ તે પ્રત્યેકનો એક રૂપિયો કાપવો.

૧૬. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થિની નં. ૩૧૯૯ને ઉપલા ધોરણ માટે સત્રો ભરવાનો લાભ આપવો જોઈતો હતો, પરંતુ તે પરિણામ-પત્રકમાં ન દર્શાવવા બદલ કાર્યાલયના સભ્યો શ્રી. કે. સી. જાની અને શ્રી. બી. કે. શાહનો એક એક રૂપિયો કાપવો.

૧૭. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૭૫૦ કે જેને તર્કશાસ્ત્રના વિષયમાં ગુણપત્રકમાં ૮૧ ગુણ આપ્યા હતા તે પરિણામપત્રકમાં ઉતારતી વેળાએ ભૂલથી ૪૧ ઉતારવા બદલ શ્રી. વી. બી. પટેલ, શ્રી. બી. એમ. જાની અને શ્રી. વી. એન. પટેલની થયેલ ભૂલ બદલ તે પ્રત્યેક સભ્યના બે રૂપિયા કાપવા.

૧૮. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૯૦૫ કે જે ભૌતિકવિજ્ઞાનની લેખિત પરીક્ષામાં અને જીવવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષામાં એમ બેમાં નાપાસ થતા હોવા છતાં ઉપલા વર્ગનાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવે છે એમ ખોટું પરિણામ તૈયાર કરવાની ભૂલ બદલ શ્રી. આર. બી. ભાવસાર તેમજ શ્રી. આર. ડી. ભગત બન્નેના રૂા.એ રૂપિયા કાપવા.

૧૯. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી બી.ઈ. (મિકેનિકલ)ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૩૩ કે જે એકઝમ્પશન રાખી પાર્ટ એકઝામિનેશનમાં બેઠેલ તેમને પાસ વર્ગમાં ઉત્તીર્ણ કરવાને બદલે દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ કરવાની કાર્યાલયના સભ્યો શ્રી. આર. વી. દેસાઈ અને શ્રી. જી. એ. દેસાઈની થયેલ ભૂલ બદલ પ્રત્યેકનો રૂપિયો એક કાપવો.

૨૦. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૯૦ કે જે એ.ટી.કે.ટી.ના આધારે પ્રથમ વર્ષ વાણિજ્યની પરીક્ષામાં પણ બેઠક નં. ૧૨૪૭થી બેઠા હતા અને પાસ જાહેર થયેલ હોવા છતાં તેમનું દ્વિતીય વર્ષ વાણિજ્યનું પરિણામ અનામત રાખવાની કાર્યાલયના સભ્યો શ્રી. પી. ટી. પટેલ અને કુ. પુષ્પા પી. શાહની થયેલ ભૂલ બદલ તે પ્રત્યેકનો એક રૂપિયો કાપવો.

૨૧. સને ૧૯૬૦માં લેવાયેલી દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૨૭૯ કે જેણે એ.ટી.કે.ટી.ના આધારે બાકી રહેલા વિષયોની પ્રથમ વર્ષ વાણિજ્યની પરીક્ષા સને ૧૯૬૧માં બેઠક નં. ૧૧૬૪થી પાસ કરી હોવા છતાં દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષાનું પરિણામ અનામત રાખવાની કાર્યાલયના સભ્ય શ્રી. પી. ટી. પટેલની થયેલ ભૂલ બદલ તેમનો એક રૂપિયો કાપવો.

૨૨.(અ) માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૦૨૮ કે જેણે એ.ટી.કે.ટી.ના આધારે સને ૧૯૬૦માં બાકી રહેલા વિષયોની પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષા પાસ કરી હતી છતાં તેનું દ્વિતીય વર્ષ વિનયનનું પરિણામ અનામત રાખવાની કાર્યાલયના સભ્યો શ્રી. એસ. જી. દેસાઈ અને શ્રી. વી. ડી. પરમારની થયેલ ભૂલ બદલ તે પ્રત્યેકનો એક રૂપિયો કાપવો.

(બ) વધુમાં સદરહુ વિદ્યાર્થીનું અનામત પરિણામ દ્વિતીય વર્ગમાં જાહેર કરવાને બદલે પાસ વર્ગમાં જાહેર કરવાની ભૂલ બદલ કાર્યાલયના સભ્ય શ્રી. આર. પી. દવેનો એક રૂપિયો કાપવો.

૨૩. માર્ચ/એપ્રિલ ૧૯૫૯માં લેવાયેલી બી.કોમ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૪૮ કે જેઓ ઓ. ૩૦૯ની રૂએ સને ૧૯૬૧માં દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં બેઠક નં. ૧૦૩૦થી

બેઠા હતા અને મજકૂર પરીક્ષા પાસ કરી હતી તેના આધારે મજકૂર પરીક્ષાનું બી.કૉમ.નું અગાઉ અનામત રખાયેલ પરિણામ જાહેર નહિ કરવાની ભૂલ બદલ કાર્યાલયના સભ્ય શ્રી. આર. સી. શાહનો રૂપિયો એક કાપવો.

૨૪. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૯૯ કે જેણે પ્રથમ વર્ષ વાણિજ્યની પરીક્ષા સને ૧૯૫૭માં પાસ કરી હતી છતાં તેનું દ્વિતીય વર્ષ વાણિજ્યનું પરિણામ અનામત રાખવા બદલ શ્રી. એલ. આઈ. શાસ્ત્રીનો એક રૂપિયો કાપવો.

૨૫. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૯૪૩નું પરિણામ તૈયાર કરવામાં ભૂલ કરવા બદલ શ્રી. એમ. ડી. સોની, શ્રી. જે. જે. ચૌહાણ તથા શ્રી. આર. જે. પટેલનો એક એક રૂપિયો કાપવો.

૨૬. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી બી.એસસી.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૨૧ને નાપાસ જાહેર કરવાને બદલે પાસ જાહેર કરવાની થયેલ ભૂલ બદલ શ્રી. જે. એમ. મહેતા તેમજ શ્રી. જી. એ. દેસાઈ દરેકના પાંચ રૂપિયા કાપવા.

૨૭. સને ૧૯૬૧માં લેવાયેલી પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૨૧૪૪ના નાગરિકશાસ્ત્રના ગુણ પરિણામપત્રકમાં ઉતારવાના રહી જવાની ભૂલ માટે કાર્યાલયના સભ્યો શ્રી. બી. ડી. પટેલ, શ્રી. જે. જે. ચૌહાણ અને શ્રી. બી. એસ. શાહ દરેકનો એક એક રૂપિયો કાપવો.

ત્યાર બાદ સને ૧૯૬૧ના માર્ચ/એપ્રિલમાં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવાજબી ઇલાજો અજમાવ્યા હતા તે પૈકીના કેટલાક કેસો વિચારણા માટે સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યા હતા. સદરહુ કેસોના બધા કાગળો સમિતિ જોઈતપાસી નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરે છે:

વિદ્યાર્થી નં.	પરીક્ષા	સમિતિની ભલામણ
૩૭૦	એફ ઈ.	આ વિદ્યાર્થી સામે કોઈ પગલાં લેવાં નહિ અને પરિણામ જાહેર કરવું.
૩૭૧	એફ.ઈ.	આ વિદ્યાર્થી સામે કોઈ પગલાં લેવાં નહિ અને પરિણામ જાહેર કરવું.
૩૯૫	એફ.ઈ.	આ વિદ્યાર્થીને ભવિષ્યમાં વિદ્યાર્થીને અપાતી સૂચનાનું પાલન કરવાની ચેતવણી આપવી અને પરિણામ જાહેર કરવું.
૪૩૫૦	પ્રથમ વર્ષ વિનયન	આ વિદ્યાર્થીની સામે કોઈ પગલાં લેવાં નહિ અને પરિણામ જાહેર કરવું.
૪૩૫૨	પ્રથમ વર્ષ વિનયન	આ વિદ્યાર્થીને ચાલુ વર્ષે નાપાસ જાહેર કરવો.

વિદ્યાર્થી નં.	પરીક્ષા	સમિતિની ભલામણ
૩૬૬૬	પ્રથમ વર્ષ વિનયન	આ વિદ્યાર્થી સામે કોઈ પગલાં લેવાં નહિ અને તેનું પરિણામ જાહેર કરવું.
૩૬૬૭	પ્રથમ વર્ષ વિનયન	આ વિદ્યાર્થીને ચાલુ વર્ષે નાપાસ જાહેર કરવો.
૨૯૧	બી.કૉમ.	આ વિદ્યાર્થી સામે કોઈ પગલાં લેવાં નહિ અને પરિણામ જાહેર કરવું.

પરિશિષ્ટ "ખ"
કામકાજ કમાંક ૨૯

List of Polling Centres, Polling Places and Polling Officers for the Bye-election to the Senate by the Head Masters' Constituency

Polling Centre	*Polling Place*	*Polling Officers*
1. Ahmedabad ..	1. Gujarat College, Ahmedabad. ..	1. Principal, Gujarat College, Ahmedabad.
	2. V. S. Trivedi Tutorial High School, Three Gates, Ahmedabad. ..	2. Principal, M. G. Science Institute, Ahmedabad.
2. Amreli ..	Municipal Office Amreli. ..	Chief Officer, Amreli Municipality, Amreli.
3. Bardoli ..	Gramya Panchayat Office, Bardoli. ..	Sarpanch, Gramya Panchayat, Bardoli.
4. Bhavnagar ..	Samaldas College, Bhavnagar. ..	Principal, Samaldas College, Bhavnagar.
5. Bhuj ..	R. R. Lalan College, Bhuj. ..	Principal, R. R. Lalan College, Bhuj.

Polling Centre		*Polling Place*		*Polling Officers*
6. Broach	..	Municipal Office, Broach.		Principal, Jayendrapuri Arts & Science College, Broach.
7. Borsad	..	Municipal Office, Borsad.	..	Secretary, Borsad Municipality, Borsad.
8. Bulsar	..	Municipal Office, Bulsar.	..	Principal, N. K. M. Arts & Science College, Bulsar.
9. Chhota-Udepur	..	Municipal Office, Chhota-Udepur.	..	Secretary, Chhota-Udepur Municipality, Chhota-Udepur.
10. Dabhoi	..	Arts College, Dabhoi.	..	Principal, Arts College, Dabhoi.
11. Devgad-Baria	..	Baria Municipality, Devgad-Baria	..	Secretary, Devgad-Baria Municipality, Devgad-Baria
12. Dhandhuka	..	Municipal Office, Dhandhuka.	..	Secretary, Dhandhuka Municipality, Dhandhuka.
13. Dholka	..	Municipal Office, Dholka.	..	Secretary, Dholka Municipality, Dholka.
14. Dwarka	..	Municipal Office, Dwarka, Dist. Jamnagar.	..	Secretary, Dwarka Municipality, Dwarka.

Polling Centre		*Polling Place*		*Polling Officers*
15. Dohad	..	Municipal Office, Dohad.	..	Secretary, Dohad Municipality, Dohad.
16. Godhra	..	Municipal Office, Godhra.	..	Chief Officer, Godhra Municipality, Godhra.
17. Gondal	..	Municipal Office, Gondal (Dist. Raj.).	..	Secretary, Gondal Municipality, Gondal (Dist. Rajkot).
18. Himatnagar	..	Municipal Office, Himatnagar.	..	Secretary, Himatnagar Municipality, Himatnagar.
19. Idar	..	Municipal Office, Idar.	..	Secretary, Idar Municipality, Idar.
20. Jambusar	..	Municipal Office, Jambusar.	..	Secretary, Jambusar Municipality, Jambusar.
21. Junagadh	..	Bahauddin College, Junagadh.	..	Principal, Bahauddin College, Junagadh.
22. Kalol (N. G.)	..	Municipal Office, Kalol (N.G.).	..	Secretary, Kalol Municipality, Kalol (N.G.).
23. Jamnagar	..	D. K. V. Arts & Sc. College, Jamnagar.	..	Principal, D. K. V. Arts & Sc. College, Jamnagar.
24. Mahuva	..	Municipal Office, Mahuva.	..	Chief Officer, Mahuva Municipality, Mahuva.

Polling Centre	Polling Place	Polling Officers
25. Mandvi ..	Municipal Office, Mandvi (Kutch). ..	Chief Officer, Mandvi Municipality, Mandvi (Kutch).
26. Mangrol ..	Graduate Basic Training Centre, Mangrol. ..	Principal, G. B. T. C., Mangrol.
27. Mehsana ..	Municipal Office, Mehsana. ..	Chief Officer, Mehsana Municipality, Mehsana.
28. Morvi ..	Lukhdhirji Engg. College, Morvi.	Principal, Lukhdhirji Engg. College, Morvi.
29. Nadiad ..	J. & J. College of Science, Nadiad. ..	Principal, J. & J. College of Sc., Nadiad.
30. Navsari ..	S. B. Garda College, Navsari. ..	Principal, S. B. Garda College, Navsari.
31. Palanpur ..	Municipal Office, Palanpur. ..	Chief Officer, Palanpur Municipality, Palanpur.
32. Patan (N. G.) ..	Arts & Science College, Patan (N.G.). ..	Principal, Arts & Sc. College, Patan (N.G.).
33. Petlad ..	Petlad College, Petlad. ..	Principal, Petlad College, Petlad.
34. Porbandar ..	Mahila College, Porbandar. ..	Principal, Mahila College, Porbandar.

Polling Centre		*Polling Place*		*Polling Officers*
35. Prantij	..	Municipal Office, Prantij.	..	Secretary, Prantij Municipality, Prantij.
36. Rajkot		Dharmendrasinhji College, Rajkot.	..	Principal, Dharmendrasinhji, College, Rajkot.
37. Rajpipla	..	Municipal Office, Rajpipla.	..	Secretary, Rajpipla Municipality, Rajpipla.
38. Surat	..	Sorabji J. J. Govt. Training College, Surat.	..	Principal, M. T. B. College, Surat.
39. Surendra-nagar	..	M. P. Shah Arts College, Surendranagar.	..	Principal, M. P. Shah Arts College, Surendranagar.
40. Viramgam	..	Municipal Office, Viramgam.	..	Chief Officer, Viramgam Municipality, Viramgam.
41. Visnagar	..	M. N. College, Visnagar.	..	Principal, M. N. College, Visnagar (N.G.).

પરિશિષ્ટ "ગ"
ક્રમાંક ક્રમાંક ૩૨

SCHEME OF TRANSLATION OF STANDARD WORKS IN HINDI AND REGIONAL LANGUAGES

One of the essential pre-requisites of a change over in the medium of instruction at any stage is an adequate supply of appropriate books of high academic standard with a uniform terminology. Till now, however, even those universities which were desirous of adopting regional languages as the media of instruction have not been able to make much headway in this direction for want of appropriate standard books in the regional languages. Academic bodies which could have produced such literature have also not been able to do so for want of funds. A scheme of preparation and translation of suitable works and text-books was drawn up for Hindi only to begin with as that is the constitutional responsibility of the Union Government. In the meantime, however, the Order of the President (dated 27th of April, 1960) was issued requiring that in the work of evolution of scientific and technical terminology maximum possible identity should be aimed at in all the Indian languages. This work has now been entrusted to the Commission for Scientific and Technical Terminology. The scheme has, therefore, been extended to cover all the regional languages of India.

2. The objectives of the scheme are :

(*i*) Translation of standard books into Hindi and Regional languages;

(*ii*) Preparation, adaptation and re-orientation from the Indian standpoint and eventual publication of Standard Works in Hindi by using the terminology evolved by the Ministry of Education; and

(*iii*) Preparation of original books.

The Government of India has taken up the first of the three objectives to start with; but action with regard to the other two objectives may also go on 'pari passu'.

Important features of the Scheme :

3. The special features of the scheme are :

(*i*) The Government of India will bear the total cost of the preparation and production of the proposed books;

(*ii*) the sale proceeds of the books will be credited into a fund to be utilised by the agency concerned for further preparation and production of such books;

(*iii*) the terminology evolved by the Ministry of Education shall be used in these books as far as possible; and

(*iv*) writing and publication of original books will also be undertaken under this scheme.

Phased working of the Scheme :

4. About 300 books will be produced in the first instance. In the selection of books (which was done by experts in the concerned fields) care has been taken to see that the standard books (in each subject) are not omitted. The phasing of the implementation of the scheme will be as follows :

(*a*) *The First Phase :*

The Ministry of Education will take necessary steps to assume all the copy-rights pertaining to the titles which have already been selected or which may be selected hereafter. Co-ordination Committees at the various State levels will be set up by inviting the representatives of the Universities, State Governments and their academic bodies at the State capitals. An officer from the Ministry of Education will be associated with each Co-ordination Committee.

(*b*) *The Second Phase :*

The second phase will consist of distribution of translation work to the translators or the groups of translators by the Universities/academic agencies of the State Government.

The translating bodies will take the following steps :

(*i*) allotment of translation;

(*ii*) formal assignment of work by entering into a contract with the translators;

(*iii*) preparation of time schedule for the completion of translation;

(*iv*) submission of specimen translation for approval; and

(*v*) vetting of the translation.

(*c*) *The Third Phase :*

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં, ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટર તરીકે શ્રી. સી. સી. પટેલની નિમણૂક ફક્ત ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવી, તથા આગામી શૈક્ષણિક વર્ષની શરૂઆત થાય તે પહેલાં યોગ્ય લાયકાત ધરાવનાર ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૨૯. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. ચંદ્રવદન ચુ. શાહના નીચેના ઠરાવ પર અભિપ્રાય આપવા બાબત:

"(અ) ગુજરાત યુનિવર્સિટીના ધારા હેઠળ એના ઉપકુલપતિ ખંડ-સમયના અવેતન હોદ્દેદાર હોય એમ વિચાર્યું હોવા છતાં, યુનિવર્સિટીના કામના નિરંતર વધતા જતા વિસ્તારને પહોંચી વળવા સારુ ઉપકુલપતિ નિશ્ચિંતપણે પોતાનો પૂરો સમય યુનિવર્સિટીનાં કામો પાછળ આપે એ અનિવાર્ય હોવાથી સેનેટની આ સભા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૦ (૪)ની રૂએ મળેલી સત્તા અનુસાર ઠરાવે છે કે,—

૧. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ પૂરા સમયના અવેતન અધિકારી હોવા જોઈએ.

૨. એમને પોતાના હોદ્દાના સમય દરમિયાન માસિક રૂા. ૧,૦૦૦નો પુરસ્કાર (honorarium) ઉપરાંત સ્ટેચ્યૂટ ૧૩૦-એ અને ૧૩૦-બી માં દર્શાવેલી સવલતો મળવી જોઈએ.

(આ) ઉપર્યુક્ત નિર્ણયોને અમલી બનાવવા સેનેટની આ સભા વધુમાં સ્ટે. ૧૩૦-એ માં નીચેના સુધારા મંજૂર કરે છે :

(ક) નીચેની નવી કલમ પેટાકલમ તરીકે ઉમેરવી:

'(1) That the Vice-Chancellor be paid an honorarium of Rs. 1,000/- per month during his term of office;'

(ખ) જૂની પેટાકલમો (૧), (૨) અને (૩)નો ક્રમાંક બદલી અનુક્રમે (૨), (૩) અને (૪) મૂકો.

(ગ) પેટાકલમ (૩)માં 'admissible to Grade I .. hold his office', એ શબ્દો કમી કરવા અને તેને બદલે નીચેના ઉમેરવા:

'of Rs. 25/- per day within the State of Gujarat and Rs. 55/- per day outside the State.'

(ઘ) પેટાકલમ (૪)માં 'house accommodation .. and further that' એ શબ્દો કમી કરવા અને તેને બદલે નીચેના ઉમેરવા:

'furnished quarters befitting the status and dignity of his office, and that a telephone and ..'

ઉપર મુજબ સુધારેલો સ્ટેચ્યૂટ ૧૩૦-એ નીચે મુજબ વંચાશે :

St. 130-A :

"The following shall be the conditions subject to which the honorary office of the Vice-Chancellor shall be held :

1. that the Vice-Chancellor be paid an honorarium of Rs. 1,000/- per month during his term of office;
2. that the Vice-Chancellor be paid travelling allowance as per O. 153 from the date of his nomination as long as he holds office;
3. that the Vice-Chancellor be paid daily allowance when out of Head Quartes (i.e., Ahmedabad) on University work at the rate of Rs. 25/- per day within the State of Gujarat, and Rs. 35/- per day outside the State.
4. that the Vice-Chancellor be provided with furnished quarters, befitting the status and dignity of his office, and that a telephone and a suitable motor conveyance be placed at his disposal."

આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે, સેનેટને નીચે પ્રમાણે અભિપ્રાય આપવો :

ઉપકુલપતિશ્રીનો હોદ્દો માનદ પ્રકારનો રાખવો અને તેઓશ્રીને હાલ મળતી સવલતો ઉપરાંત માસિક રૂા. ૧,૦૦૦નું માનદ વેતન આપવું.

૩૦. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર ડૉ. કે. જી. નાયકના નીચેના ઠરાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

"(I) To move the amendment of the Statute No. 136 as recommended by the Syndicate:

For all purposes of *the* Act—

(*a*) The term 'teacher', within the meaning of Section 2, Sub-clause (12), shall include—

(*i*) Professors, Readers, Lecturers *and such full-time Demonstrators* and *Tutors as hold a Master's Degree,* giving instructions in a recognised Institution or an affiliated College ***or a University Department;***

(*ii*) every person who is appointed or recognised as a teacher of the University as defined by Section 2 (13);

(*iii*) Instructors of Physical Training who are graduates ***and hold a Diploma in Physical Education***, provided they are on the permanent staff of college;

(*iv*) (*a*) Honoraries or Assistant Honoraries who are Tutors in Medical Colleges;

(*b*) Honorary consultants in Medical Colleges or Recognised Institutions provided they put in teaching/research guidance to post-graduate students for a minimum of four hours a week.

Notwithstanding anything contained in (*i*), (*ii*) and (*iii*) above, the name of part-time teacher who does not work for at least four periods a week or in the case of a teacher doing exclusively research guidance for at least four hours a week in any one affiliated College, recognised Institution or University Department, shall not be included in the electoral roll of the teachers in any Faculty.

(*b*) Teachers imparting instruction in a High School in the University area for not less than twelve hours or eighteen periods per week, whichever is less, are declared to be Secondary Teachers under Section 2 (10).

(*c*) The term 'Head Master' shall mean the head of a High School.

(II) The Senate recommends to the Syndicate to take all necessary steps to enable those who have passed their Master's Degree Examinations and taken their degrees in a definite subject, to appear again at the same subject, which with a view to give them a chance to improve their future career."

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૧૮-૯-૧૯૬૧ની સભામાં આ બાબત પર ઘટતી વિચારણા કરીને સિન્ડિકેટે રજૂ. ૧૩૬ના પાઠમાં જે ફેરફાર સૂચવ્યો છે તે જોતાં આ બાબત પર વિશેષ અભિપ્રાય આપવાપણું રહેતું નથી.

૨. આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી.

૩૧. નીચેની કૉલેજ તરફથી આવેલ જોડાણ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત:

કૉલેજ	વિષયો
૧. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	... બી.એ. (સ્પે.) હિન્દી તથા બી.એ. (જન.) સમાજશાસ્ત્ર માટે ચાલુ જોડાણ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજની જોડાણ અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૨. "ઇન્ડિયન ફાર્માસ્યુટિકલ કૉંગ્રેસ એસોસિયેશન"નું ૧૪મું અધિવેશન ઔરિસ્સા મુકામે તા. ૨૬થી ૩૧ ડિસેમ્બર ૧૯૬૧ દરમિયાન મળનાર હોઈ આ અધિવેશનમાં આપણી યુનિવર્સિટીમાંથી પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના માનદ સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૩-૯-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ડૉ. આર. પી. પટેલને નીમવા.

૩૩. ઇંદોર મુકામે આગામી વર્ષના જાન્યુઆરી માસમાં તા. ૧૯થી ૨૨ દરમિયાન "એસોસિયેશન ઑફ ફિઝિશિયન ઑફ ઇન્ડિયા", "ધી કાર્ડિયોલોજિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા", "ધી ન્યુરોલોજિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા", "ધી ઇન્ડિયન એસોસિયેશન ઑફ ચેસ્ટ ડિસીઝ" ઇત્યાદિની સંયુક્ત પરિષદમાં બાળકોના એક નિષ્ણાત (Padiatrisian)ની આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવા "ધી એસોસિયેશન ઑફ પેડિયાટ્રિશિયન ઑફ ઇન્ડિયા"ના મંત્રી તરફથી આવેલ તા. ૨૫-૮-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૩૪. ઑ. ૨૫૩ (૧) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"Shall have attained the age of 17 years or shall attain that age on first October of the year of their joining the College."

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨/૧૩-૮-૧૯૬૧ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૨૫૩(૧) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૨૫૩ની કલમ (૧) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી.

૩૫. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.એ. અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રૉફેસર એફ. સી. દાવરને નીમવામાં આવેલા છે તે અંગે સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી ઉપરથી, પુનર્વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર સ્થાનિક શિક્ષણગણ હોય તો શ્રી. એચ. સી. ત્રિવેદીને ફક્ત ચાલુ વર્ષ પૂરતા અંગ્રેજીના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા.

૩૬. પ્રકાશન અંગેની ચકાસણી સમિતિની તા. ૧૮-૮-૧૯૬૧ની બેઠકની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

"૧. પારિભાષિક શબ્દો યુનિવર્સિટીએ નિયત કરેલ જે તે વિષયની પરિભાષાને આધારે જ હોવા જોઈએ.

૨. યુનિવર્સિટીનાં પ્રકાશનોનાં રૂપરંગ અને કદમાં ચોક્કસ ધોરણ જળવાય તે આ સમિતિને ઇચ્છવા યોગ્ય જણાય છે અને તેથી સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરે છે :

(૧) ૪૦૦થી ઓછાં પાનાં હોય તો કદ ½ ડેમી રાખવું;

(૨) ૪૦૦થી વધારે પાનાં હોય તો ½ ક્રાઉનનું કદ રાખવું;

(૩) કાગળની જાત સામાન્ય રીતે નીચે પ્રમાણે રાખવી :

૨૨½"×૩૫"/૩૬ રતલી (½ ડેમીના કદનાં પ્રકાશનો માટે)

૩૦"×૪૦"/૫૨ રતલી (½ ક્રાઉનના કદનાં પ્રકાશનો માટે);

(૪) બાઇન્ડિંગ માટે સામાન્ય રીતે નીચે પ્રમાણે ધોરણ રાખવું :

(૧) ૨૦૦થી ૨૫૦ પાનાંવાળાં પુસ્તકો માટે ગ્રેબોર્ડ સાથે ફ્લૅપ બાઇન્ડિંગ જૅકેટવાળું રાખવું;

(૨) ૨૫૦થી ૫૦૦ પાનાં સુધીના પુસ્તકનું બાઇન્ડિંગ છીંટપટ્ટીનું પાકું બાઇન્ડિંગ જૅકેટ સાથે રાખવું;

(૩) ૫૦૦થી વધુ પાનાં હોય તો સળંગ છીંટનું પાકું બાઇન્ડિંગ રાખવું;

(૪) ગદ્યપદ્યસંગ્રહો માટે ગ્રેબોર્ડ સાથે ફ્લૅપ બાઇન્ડિંગ જૅકેટવાળું રાખવું;

(૫) ટાઇપ માટે સામાન્ય રીતે નીચે પ્રમાણે ધોરણ રાખવું :

ટાઇપ ૧૨ પૉઇન્ટ ગુજરાતી પૈકા અને અવતરણો અને પાદટીપ સામાન્યરીતે નાના ટાઇપ (૧૦ પૉઇન્ટ)માં લેવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે —

૧. સદરહુ સમિતિની ભલામણ નં. ૧ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી:

"સામાન્યપણે, પારિભાષિક શબ્દો, યુનિવર્સિટીએ નિયત કરેલ જે તે વિષયની પરિભાષાને આધારે હોવા જોઈએ."

૨. સદરહુ સમિતિની ઉપરોક્ત ભલામણ નં. ૨ મંજૂર કરવી.

૩૭. સ્થાયી સમિતિની તા. ૬-૯-૧૯૬૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સ્થાયી સમિતિની તા. ૭-૯-૧૯૬૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૮. (૧) "શ્રી. પ્રાણુલાલ હરકિશનદાસ જેટલી પારિતોષિક". (૨) "શ્રીમતી મૂળીબા પ્રાણુલાલ જેટલી ગ્રંથવિજ્ઞાન પારિતોષિક". અને (૩) "શ્રીમતી લીલાલક્ષ્મી છગનલાલ જેટલી પારિતોષિક" દરેક રૂપિયા ૧૦૦ની કિંમતનાં પુસ્તકોમાં આપવા માટેના દરેક પ્રદાન માટે રૂ. ૪,૦૦૦ની હાલની કિંમતની ૩ ટકાની કન્વર્ઝન લોન, ૧૯૬૬ની આપવા બાબતના રાવબહાદુર છગનલાલ પ્રાણુલાલ જેટલીના તા. ૬૧-૮-૧૯૬૧ના પત્રો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રદાનોનો સાભાર સ્વીકાર કરવો.

૩૯. ગ્રંથાલય સમિતિની તા. ૫-૯-૧૯૬૧ની સભાના નીચે જણાવેલ ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

"યુનિવર્સિટીની જરૂરિયાતો ધ્યાનમાં લઈને ૧૯૬૧-૬૨ના વર્ષ દરમિયાન નીચેના પુસ્તકવિક્રેતાઓ પાસેથી તેમણે આપેલા તેમજ માન્ય રાખેલા શરતો તથા દરોએ તા. ૩૧મી ઑગસ્ટ, ૧૯૬૨ સુધી યુનિવર્સિટી ગ્રંથાલય માટે પુસ્તકો મગાવવાનું ઠરાવવામાં આવે છે:

૧. મેસર્સ ન્યૂ ઑર્ડર બુક કંપની, અમદાવાદ
૨. મેસર્સ બાલગોવિંદ કુબેરદાસની કંપની, અમદાવાદ
૩. મેસર્સ બુક સેન્ટર (પ્રાઇવેટ) લિ., મુંબઈ
૪. મેસર્સ ઇન્ટરનેશનલ બુક હાઉસ (પ્રાઇવેટ) લિ., મુંબઈ
૫. ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, મુંબઈ (તેમનાં તથા જે પ્રકાશકોનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેમનાં પ્રકાશનો માટે)
૬. મેસર્સ આત્મારામ ઍન્ડ સન્સ, દિલ્હી (અંગ્રેજી ઉપરાંત હિન્દી પુસ્તકો માટે)
૭. મેસર્સ ઓરિયેન્ટ લૉંગમેન્સ લિ., મુંબઈ (તેમનાં તથા જે પ્રકાશકોનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેમનાં પ્રકાશનો માટે)
૮. મેસર્સ એન. એમ. ત્રિપાઠી (પ્રાઇવેટ) લિ., મુંબઈ (કાયદાનાં પ્રકાશનો માટે)
૯. મેસર્સ કૉસરી બુક ડિપો, મુંબઈ (મેડિકલ પ્રકાશનો માટે)
૧૦ મેસર્સ સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ (ટેક્નોલોજીના વિષયનાં પુસ્તકો, સંસ્કૃત પુસ્તકો અને તમામ ગુજરાતી પ્રકાશનો માટે)
૧૧. મેસર્સ ડબલ્યુ. ડી. ગોલીસ, મુંબઈ (જે પ્રકાશકોનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેમનાં પ્રકાશનો માટે)
૧૨. મેસર્સ પૉપ્યુલર બુક ડિપો, મુંબઈ
૧૩. મેસર્સ લાલવાની બ્રધર્સ, મુંબઈ (મેકમિલન, હાર્પર અને હરપિનનાં પ્રકાશનો માટે)

૧૪. મેસર્સ ટુડે એન્ડ ટુમોરો બુક એજન્સી લિ., દિલ્હી
૧૫. મેસર્સ મુનશીરામ મનોહરલાલ, દિલ્હી (હિન્દી પ્રકાશનો માટે)
૧૬. મેસર્સ રાજકમલ પ્રકાશન (પ્રાઇવેટ) લિ., દિલ્હી (હિંદી પ્રકાશનો માટે).

પરંતુ અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જો પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવામાં ઉપરના કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે, ગ્રંથાલય સમિતિની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૪૦. શ્રી. રસિકલાલ બાલચંદ શાહે સેનેટની સભામાં નીચેના જે ઠરાવો રજૂ કરવા નોટિસ આપી છે તે ઠરાવો ઉપર અભિપ્રાય આપવા વિચારણા કરવા બાબત :

ઠરાવ નં. ૧:

"સેનેટની આ સભા આથી સિન્ડિકેટને વિનંતી કરે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓની ફરિયાદો સાંભળી તેનો વાજબી અને સંતોષકારક ઉકેલ લાવવા નીચે પ્રમાણે ચાર સભ્યોની બનેલી એક કાયમી સમિતિ નીમવી :

(અ) સિન્ડિકેટના સભ્યોએ સિન્ડિકેટમાંથી ચૂંટી કાઢેલ એક સભ્ય

(બ) સેનેટના બધા સભ્યોએ સિન્ડિકેટના સભ્ય સિવાયના બાકીના સેનેટ સભ્યોમાંથી ચૂંટી કાઢેલ એક સભ્ય

(ક) યુનિવર્સિટીના ત્રીજા વર્ગના કર્મચારીઓમાંથી તે વર્ગના કર્મચારીઓએ ચૂંટી કાઢેલ એક સભ્ય

(ડ) યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓમાંથી તે વર્ગના કર્મચારીઓએ ચૂંટી કાઢેલ એક સભ્ય."

ઠરાવ નં. ૨ :

"પ્રથમ વર્ષ વાણિજ્ય, વિનયન અને વિજ્ઞાનમાં A.T.K.T.ના જે વિદ્યાર્થીઓને લાભ મળતો હોય તેવા વિદ્યાર્થીઓને ત્રીજા વર્ષે એક જ વિષયમાં પરીક્ષા આપવાની હોવાથી તેમની પરીક્ષા અંગેની ફી બધા વિષયોમાં લેવામાં આવતી ફી કરતાં ઓછી લેવા જરૂરી નિયમ ઘડવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

ઠરાવ નં. ૩ :

"યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી પરીક્ષાઓમાં પરીક્ષકો તેમ જ પ્રાશ્નિકોની નિમણૂક બાબતોમાં નીચેના સિદ્ધાંતોને અનુલક્ષીને જરૂરી નિયમો ઘડવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે :

(૧) પ્રાશ્નિકોની નિમણૂક ઓછામાં ઓછી એક વ્યક્તિ, પ્રશ્નપત્ર અંગેનો વિષય તે સમયે ભણાવતી હોવી જોઈએ.

(૨) પરીક્ષક અથવા પ્રાશ્નિક તરીકે નીમવામાં આવતી વ્યક્તિઓ આ યુનિવર્સિટી સિવાયની બીજી યુનિવર્સિટીઓના વધુમાં વધુ બે જ નિમણૂકો સ્વીકારી શકે.

(૩) આ યુનિવર્સિટીમાં પરીક્ષક તરીકે અરજી કરનાર વ્યક્તિને અરજી ન કરી હોય તેવી વ્યક્તિ કરતાં પ્રથમ પસંદગી આપવી જોઈએ."

ઠરાવ નં. ૪ :

"આ યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી એકસ્ટર્નલ પરીક્ષાઓનો લાભ લેનાર વિદ્યાર્થીઓ મોટે ભાગે સરકારી કર્મચારીઓ, શિક્ષકો કે એવી બીજી કામગીરી બજાવતા હોવાથી સામાન્ય રીતે માર્ચ માસમાં નાણાકીય વર્ષ અને બીજાં એવાં કારણોનું લઈને જરૂરી રજાઓ મેળવી શકતા નથી, અને તેથી એકસ્ટર્નલ પરીક્ષાઓ ઑકટોબર માસમાં પણ લેવાય એ પ્રમાણેનો નિયમ ઘડી કાઢવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી એવો સેનેટને અભિપ્રાય આપવો.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી.

૪૧. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર ડા. નરેન્દ્ર દેસાઈના નીચેના ઠરાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા એવો અભિપ્રાય ધરાવે છે કે એન.સી.સી. (N.C.C.)નું ફરજિયાત શિક્ષણ યુનિવર્સિટીના પ્રત્યેક વિદ્યાર્થી અને વિદ્યાર્થિની માટે દાખલ કરવું અને તેમ કરવા માટેનાં જરૂરી પગલાં લેવા માટે સિન્ડિકેટને વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી એવો સેનેટને અભિપ્રાય આપવો.

૪૨. એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન બાબત કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના જોડાણ અંગે સેનેટે મૂકેલી શિક્ષકોની નિમણૂક અંગેની શરતોનું યથાર્થ પરિપાલન થયું નથી તે જોતાં, તેના જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરી શકાય નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરીને રિપોર્ટ કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૪૩. એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢને પ્રી-યુનિવર્સિટી સાયન્સ (એગ્રિ.) તથા પ્રથમ વર્ષ બી.એસસી. (એગ્રિ.)ના ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ બી.એસસી. (એગ્રિ.)ના વધારાના જોડાણ માટે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ જોડાણઅરજી ઉપર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બાબત નં. ૪૨ અંગેના ઠરાવના સંદર્ભમાં સદરહુ કૉલેજના ચાલુ જોડાણ માટે આવેલી અરજી પરત્વે આ તબક્કે સ્થાનિક તપાસસમિતિ નીમવાનું ઉચિત નથી.

૪૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૮-૧૯૬૧ની ભલામણ પ્રમાણે ઑર્ડિનન્સ ૨૮૨-એ નીચે જરૂરી ફેરફાર કરવા બાબત :

O. 282-A :

For the purpose of approving appointments under N.B. below, Ordinance 65-K, Ordinance 295 (*ii*) and Ordinance 295 (*iii*) and also for the purpose of approving appointments for the prosecution of Diploma Courses under Regulations 359, 358, 359, 360, 361 and 362, etc. it will be competent for an affiliated college or a recognised institution in the Faculty of Medicine to utilise (1) an ancillary non-teaching hospital or institution in the case of post-graduate medical subjects, or (2) an ancillary college or a recognised institution in the case of post-graduate subjects in Basic Science, after obtaining prior approval of the Faculty in the manner stated herebelow, provided that such hospital or institution is situated in the place where the affiliated college or recognised institution, as the case may be, is situated.

An affiliated college or a recognised institution in the Faculty of Medicine may apply for approval of a hospital or an institution or a college, as mentioned in paragraph 1 above, by addressing an application to the Registrar. The Registrar shall, thereupon, consult the Dean of the Faculty of Medicine and obtain relevant information in respect of the application. The application together with the information thus obtained shall be placed before the Faculty of Medicine for consideration, and the Faculty shall make such recommendation to the Syndicate as it thinks fit in that behalf. The decision of the Syndicate on the recommendation of the Faculty of Medicine, shall be final.

The college or the recognised institution in the Faculty of Medicine shall keep a list of such approved institutions for the guidance of duly registered post-graduate students.

It shall be the duty of the college or recognised institution concerned to ensure that the position regarding the staff and the facilities on the basis of which the approval of the Syndicate has been earned, shall continue so long as there is any post-graduate student continuing his studies through such approved institution. It shall also be the duty of the college or the institution concerned to get all changes in staff and

facilities that subsequently occur in such approved institutions, approved by the Syndicate, provided that the period during which such approval of the Syndicate has not been obtained shall not be counted towards the requirements of minimum attendance by the post-graduate student concerned.

In the event of any doubt or dispute regarding the approval of the hospital, or the college or the institution, as the case may be, and regarding attendance of the post-graduate students concerned, the decision of the Vice-Chancellor shall be final.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૨૮૨-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૪૫. ઑક્ટોબર ૧૯૬૧માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે સીનિયર સુપરવાઇઝરોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑક્ટોબર ૧૯૬૧માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે મંજૂર કરવામાં આવ્યા મુજબ સીનિયર સુપરવાઇઝરોની નિમણૂંકો કરવી.

(મંજૂર કરવામાં આવેલી નિમણૂંકોની યાદી પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૪૬. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશનની તા. ૨૨-૨-૧૯૬૧ની સભાની નોંધને મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૪૭. મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ શ્રી. પી. એચ. પ્રભુને "Study leave" સિન્ડિકેટે મંજૂર કરેલ હોવાથી તેઓની ગેરહાજરી દરમિયાન રીડર ડૉ. સી. ટી. ભોપટકરને વહીવટી કામકાજ માટે રૂા. ૧૮૦ સુધીનો ખર્ચ કરવા સત્તા આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષ દરમિયાન, મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષની ગેરહાજરીમાં, મનોવિજ્ઞાનના રીડર ડૉ. સી. ટી. ભોપટકરને, ભવનના વહીવટી કામકાજ માટે રૂા. ૧૦૦ સુધીનો ખર્ચ કરવા માટે સત્તા આપવી.

૪૮. એમ.ઈ. (ઇ.એમ.ડી.) પરીક્ષાના પરીક્ષકોને માટે નીચે જણાવેલ વિષયના ફર નક્કી કરવા બાબત:

		Rs.nP.
1. Advanced Electrical Laboratory :		
(*a*) Term Work	..	2–50
(*b*) Practical of 9 hours	..	10–00

			Rs. nP.
2.	Design Drawing :		
	(*a*) Term work	..	2–50
	(*b*) Oral	..	10–00
3.	Dissertation on analysis or Design Problem	..	25–00

(*N.B.*—The proposed rates are per candidate per examiner.)

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ઈ. (ઈ.એમ.ડી.) પરીક્ષાના પરીક્ષકોને માટે મહેનતાણાનો દર ઉપર મુજબ મંજૂર કરવો.

૪૯. એસોસિયેશન ઑફ પ્રિન્સિપાલ્સ ઑફ ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂશન (ઇન્ડિયા) ન્યૂ દિલ્હીના મંત્રીના, તેમના કાર્યાલયના વડા મથકના મકાન ફાળામાં આર્થિક સહાય આપવા બાબતના તા. ૨૪-૬-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેમની અપેક્ષા રૂા. ૬,૦૦૦ના પ્રદાનની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભંડોળમાં આ યુનિવર્સિટી તરફથી કશો ફાળો આપવો નહિ.

૫૦. મ્યુનિસિપલ કમિશનરના પત્રાંક DED/26/344, તા. ૨૩-૮-૧૯૬૧ પત્રત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રમાં નિર્દિષ્ટ યુનિવર્સિટીની જમીનમાં આવેલા ખાડાનું પુરાણ કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને વિનંતી કરવી.

(અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના પત્રની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૫૧. યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં ડિસ્ટેમ્પર કરવા અંગે આવેલાં ટેન્ડરો તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના મકાનનું "ડિસ્ટેમ્પર" કરાવવા માટે, દર ચોરસ ફૂટના રૂા. ૧૨ના દરથી આ કામ મેસર્સ જે. બી. ઠક્કર એન્ડ કંપનીને સોંપવું તથા તે અંગે આશરે રૂા. ૫,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૫૨. સ્ટાફ ક્વાર્ટર્સ, વિજ્ઞાન વિદ્યાભવનનાં મકાનો તથા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના છાત્રાલયના મકાનના Consulting Engineer મે. રાજ અને વકીલ સાથે કરવાનું કરારનામું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા કરારનામાના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

૫૩. ઑ. ૧૮૫ મુજબ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ, તરફથી નીચે દર્શાવેલ શાળાઓ પ્રાયોગિક શિક્ષણ માટે રાખવામાં આવી છે તેની નોંધ લેવા બાબત:

1. A. G. High School, Navrangpura, Ahmedabad–9.
2. C. N. Vidyalaya, Ambavadi, Ellisbridge, Ahmedabad–7.

3. Diwan Ballubhai High School, Ellisbridge, Ahmedabad-7.
4. Navchetan High School, Ellisbridge, Ahmedabad-6.
5. Unnati Vidyalaya, Ellisbridge, Ahmedabad-7.
6. Vidyanagar High School, Wadaj Road, Ahmedabad.
7. New High School, Piramshah Road, Ahmedabad.
8. R. M. Trivedi New Education High School, Relief Road, Ahmedabad.
9. H. B. K. New High School, Outside Delhi Gate, Ahmedabad.
10. Tutorial High School, Kalupur, Ahmedabad.
11. Tutorial High School, Three Gates, Ahmedabad.
12. Sarvodaya High School, Manek Chowk, Ahmedabad.
13. New Sarvodaya High School, Manek Chowk, Ahmedabad.
14. Municipal Girls' High School, Danapith, Ahmedabad.
15. Navjivan High School, Khamasa Gate, Ahmedabad.
16. Girls' Own High School, Sankadi Sheri, Ahmedabad.
17. Vanita Vishram High School, Khadia, Ahmedabad.
18. G. C. Girls' High School, Outside Raipur Gate, Ahmedabad.
19. Jyoti High School, Near Old Civil Hospital, Ahmedabad.
20. Swastik High School, Pankore Naka, Ahmedabad.
21. Preyas High School, Khanpur, Ahmedabad.
22. Shreyas High School, Ellisbridge, Ahmedabad-7.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૪. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, મોડાસા તથા શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાતમાં અનુક્રમે શ્રી. પંડા તથા શ્રી. જે. આર. શાહની થોડા સમયના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકો તરીકેની નિમણૂકને કામચલાઉ માન્ય કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૫. એસ. પી. આર્ટ્સ કૉલેજ, દ્વારકાના ઑનરરી પ્રૉફેસર ઑફ સંસ્કૃત તથા સંસ્કૃત ઍકૅડેમી ઍન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકાના ડાયરેક્ટર શ્રી. દવે ત્રંબકલાલ નંદકેશ્વરને બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ પીએચ.ડી. સંસ્કૃત વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા તા. ૧૪-૫-૧૯૬૨ સુધીની મુદત માટે આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૬. સમાજ વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-સ્ટેટિસ્ટિકસ તરીકે કામ કરતા શ્રી. એસ. એન. શાહની મુંબઈ ખાતે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળ આગળ અભ્યાસ અને સંશોધનના કામ માટે તા. ૨૫-૯-૧૯૬૧થી તા. ૨૧-૧૦-૧૯૬૧ સુધીની ૨૧ દિવસની "Study leave" મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૭. એલએલ.એમ.ના અનુસ્નાતક અભ્યાસક્રમ કૉલેજમાં સત્રો રાખીને તે સાથે ઓ. ૧૭૪-એ મુજબ બી.એ.ની પરીક્ષા માટે બહારના વિદ્યાર્થી તરીકે નોંધવા માટે શ્રી. એચ. પી. સોમપુરાની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એલએલ.એમ.ના અભ્યાસક્રમ માટે નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. એચ.પી. સોમપુરાને બહારના વિદ્યાર્થી તરીકે, ૧૯૬૨માં લેવાનારી બી.એ.ની પરીક્ષા માટે નામ નોંધાવવાની પરવાનગી આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૦૧૨૪-૪૧/૧૯૬૧.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.

ઑક્ટોબર ૩, ૧૯૬૧.
આશ્વિન ૧૧, ૧૮૮૩ (શક).

ક. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૬

સંલગ્ન કૉલેજોના તથા માન્ય સંસ્થાઓના અધ્યાપકવર્ગમાં થતા ફેરફારો ઉપર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની બેઠક તા. ૧૬-૮-૧૯૬૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિ શ્રી. એલ. આર. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. પ્રિ. એસ. આર. ભટ્ટ	હાજર
૩. પ્રિ. ડૉ. વાય. જી. નાયક	હાજર
૪. પ્રિ. ડૉ. કે. જી. નાયક	હાજર
૫. પ્રિ. એમ. સી. દેસાઈ	હાજર
૬. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૭. પ્રિ. વલ્લભરામ વી. વૈદ્ય	ગેરહાજર
૮. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર

૧. તા. ૨૫-૧-૧૯૬૧ના રોજ મળેલી સ્થાયી સમિતિની બેઠકની કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૫-૧-૧૯૬૧ના રોજ મળેલી બેઠકની કામકાજની નોંધને બહાલી આપી અને તેના ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. બી.એ. બીજે વર્ગ અર્થશાસ્ત્ર તથા એમ.એ. બીજે વર્ગ અર્થશાસ્ત્રનાં ચાર પેપર અને રાજ્યશાસ્ત્રનાં ચાર પેપરો સાથે પરીક્ષા પસાર કરનાર તેમજ ત્રણ વર્ષનો રાજ્યશાસ્ત્ર શીખવવાનો અનુભવ ધરાવનાર શિક્ષક, રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે લાયક ગણી શકાય કે કેમ, તે અંગે એમ ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરતના આચાર્ય તરફથી આવેલ તા. ૧૪-૪-૧૯૬૧ના પત્રાંક ૧૯૮ ઉપર વિચારણા કરવા બાબત.

એમ. ટી. બી. કૉલેજ, સુરતના આચાર્યશ્રીની વિનંતી માન્ય કરવા ભલામણ છે.

૩. શ્રી. આર. જે. દવે, બી.એ. પાસ વર્ગ અને એમ.એ. બીજે વર્ગ અર્થશાસ્ત્ર સાથે ધરાવે છે અને લગભગ બે વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે તેમને ઇતિહાસ તથા અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે માન્ય કરવા આર. આર. લાલન કૉલેજ, ભૂજના આચાર્ય તરફથી આવેલ તા. ૨૯-૩-૧૯૬૧ના પત્રાંક સી. ૭૨૫ ઉપર વિચારણા કરવા બાબત.

શ્રી. આર. જે. દવે ફક્ત અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે માન્ય થઈ શકે અને તેઓ ઇતિહાસ શીખવી શકે નહિ એમ આર. આર. લાલન કૉલેજ, ભૂજના આચાર્યશ્રીને જણાવવું.

૪. ગઈ બેઠકમાં કરાવ્યા પ્રમાણે એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના નીચેના શિક્ષકો અંગે આવેલ વધુ માહિતી :

૧. ડૉ. એમ. સી. મંકોડી	...	એમ.બી., બી.એસ., ડી.ઓ. એમ.એસ. શૈક્ષણિક અનુભવ પાંચ મહિના; વ્યાવસાયિક ૨૫ વર્ષ. ઑપ્થાલ્મોલોજીના ટ્યૂટર.
૨. ડૉ. શ્રીમતી કે. એસ. પરીખ	...	એમ.બી., બી.એસ., એમ.ડી., પાર્ટ ૧, બ્રાન્ચ થર્ડ અનુભવ ૧૬ મ સનો. ઑબ્સ્ટ્રેટ્રિક્સ અને ગાયનેકોલોજીનાં ટ્યૂટર.

ડૉ. એમ. સી. મંકોડીની ઑપ્થાલ્મોલોજીના ટ્યૂટર તરીકેની નિમણૂક જો તે વિભાગમાં સીનિયર શિક્ષક હોય તો જ મંજૂર કરવી. વધુમાં તેઓ ઑપ્ટન કોર્સ વિભાગમાં કામ ન કરે તે પણ જણાવવા ભલામણ કરવામાં આવે છે.

ડૉ. શ્રીમતી કે. એસ. પરીખની ઑબ્સ્ટ્રેટ્રિક્સ અને ગાયનેકોલોજીના ટ્યૂટર તરીકેની નિમણૂક જો તે વિભાગમાં માનદ શિક્ષક અને મદદનીશ માનદ શિક્ષક હોય તો જ તે મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે.

૫. ગઈ બેઠકમાં નામંજૂર કરવામાં આવેલ એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના ડૉ. એસ. એન. શાહની ઑર્થોપેડિક્સના ડેપ્યુટી સર્જન અને સીનિયર લેક્ચરર તરીકેની નિમણૂક અંગે પુનર્વિચારણા કરવા બાબત.

(નોંધ. — ડૉ. એસ. એન. શાહ, એમ.બી., બી.એસ અને એમ.એસ. પદવી ધરાવે છે અને જરૂરી અનુભવ પણ ધરાવે છે).

ડૉ. એસ. એન. શાહને ઑર્થોપેડિક્સના ડેપ્યુટી સર્જન અને સીનિયર લેક્ચરર તરીકે માન્ય કરવા અંગેની શ્રી. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના આચાર્યશ્રીની વિનંતી માન્ય કરવા ભલામણ છે.

૬. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના અધ્યાપકવર્ગમાં થયેલા ફેરફાર અંગે આવેલા અહેવાલો ઉપર વિચારણા કરવા બાબત.

(અ) નીચે જણાવેલી કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂક માન્ય કરવા સિન્ડિકેટ ભલામણ કરવી :

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ અને હોદ્દા
૧.	બી. ડી. કૉલેજ, અમદાવાદ ...	૧. શ્રીમતી આર. જી. મહેતા, Food & Nutritionના થોડા સમયનાં વ્યાખ્યાતા.
		૨. શ્રી. કે. કા. શાસ્ત્રી, ગુજરાતીના ઍસોસિયેટ પ્રાધ્યાપક

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ અને હોદ્દો
		૩. શ્રીમતી હંસા જે. પટેલ, વનસ્પતિશાસ્ત્રનાં વ્યાખ્યાતા
		૪ શ્રી. બી. કે. જોષી, ભૂગોળના થોડા સમયના વ્યાખ્યાતા
		૫. શ્રી. કે. એસ. શાસ્ત્રી, સંસ્કૃતના વ્યાખ્યાતા
		૬. શ્રી. એમ. સી. શાહ, રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા.
૨.	જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ ...	૧. શ્રી. કે. એમ. શાહ, ગણિતના પ્રાધ્યાપક
		૨. શ્રી. એન. સી. રાવલ, અંગ્રેજીના ટ્યૂટર
		૩. શ્રી. જે. પી. શાહ, ગણિતના વ્યાખ્યાતા
		૪. શ્રી. બી એચ. ચાલવાલા, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
		૫. શ્રી. એસ. સી. રાવલ, હિંદીના વ્યાખ્યાતા.
૩.	એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર ...	૧. શ્રી. ડી. એન. વોરા, રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા.
		૨. શ્રી. એસ. એમ. પટેલ, ગણિતના વ્યાખ્યાતા.
૪.	શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત ...	શ્રી. કે. ડી. પરમાર, સંસ્કૃતના વ્યાખ્યાતા.
૫.	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ ...	૧. શ્રી. એન. પી. ભામોરે, ગણિતના પ્રાધ્યાપક
		૨. શ્રી. વી. પી. પરીખ, અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
		૩. શ્રી. બી. એમ. ઉપાધ્યાય, સંસ્કૃતના પ્રાધ્યાપક
		૪. શ્રી. એમ. એમ. પટેલ, ગુજરાતીના પ્રાધ્યાપક
		૫. શ્રી. જી વી. ગગલાણી, રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા
		૬. શ્રી એ. સી. ચાવડા, રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા
		૭. શ્રી. એસ. એસ. મજમુદાર, ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા
		૮ શ્રી. એસ. જે. પુરાણી, વનસ્પતિશાસ્ત્રના વ્યાખ્યાતા

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ અને હોદ્દો
		૯. શ્રી. જી. એલ. ભાવસાર, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
		૧૦. શ્રી. આઈ. એચ. ગાંધી, ઇતિહાસના વ્યાખ્યાતા
		૧૧. શ્રી. એમ. એમ. પટેલ, મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા.
		૧૨. શ્રી. એન. એમ. પટેલ, રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર.
		૧૩. શ્રી. આર. કે. શાહ, રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા.
૬.	ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર ...	૧. શ્રી. એચ. એમ. જોષી, તત્ત્વજ્ઞાન અને તર્કશાસ્ત્રના વ્યાખ્યાતા
		૨. શ્રી. કે. શિવસુબ્રહ્મણ્યમ, અંગ્રેજીના પ્રાધ્યાપક
		૩. શ્રી. કે. સી. જાની, ગુજરાતીના પ્રાધ્યાપક.
૭.	એસ. વી. ગાર્ડા કૉલેજ, નવસારી ...	૧. શ્રી. એન. એન. ભરૂચા, અંગ્રેજીના પ્રાધ્યાપક
		૨. ડૉ. ડી. ડી. મહેતા, મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક
		૩. શ્રીમતી એસ. એન. પટેલ, હિંદીના પ્રાધ્યાપક
		૪. શ્રી. એસ. એચ. મીનોચરહોમજી, અંગ્રેજીના વ્યાખ્યાતા
		૫. શ્રી. કે. એમ. દેસાઈ, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા.
		૬. શ્રી. એમ. આર. પટેલ, મનોવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર-કમ-ટચૂટર.
૮.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ ...	૧. શ્રી એચ. એન. રાવલ, રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક
		૨. શ્રી. આઈ. એસ. જોષીપુરા, ગુજરાતીના પ્રાધ્યાપક
		૩. શ્રી. વી. એમ. શાહ, રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા
		૪. શ્રી. એસ. એમ. શાહ, અંગ્રેજીના પ્રાધ્યાપક.
૯.	એમ. એન. કૉલેજ, વિસનગર ...	૧. શ્રી. એ. એસ. ત્રિવેદી, રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા
		૨. શ્રી. ઝેડ. વી. કોઠારી, તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા.

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ અને હોદ્દો
૧૦.	શ્રી શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા ...	શ્રીમતી કે. બી. ખ્રિસ્તી, વ્યાયામ શિક્ષક.
૧૧.	નવયુગ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર ...	૧. શ્રી. સી. એ. ટોપીવાલા, ગુજરાતીના વ્યાખ્યાતા ૨. શ્રી. વાય. ટી દેસાઈ, અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ૩. શ્રી. સી. કે. ભટ્ટ, વ્યાપારના વ્યાખ્યાતા.
૧૨.	સર. કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત ..	૧. શ્રી. એસ. જે. સુખડવાલા, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા ૨. શ્રી. જી. કે. ઠક્કર, વ્યાપારના પ્રાધ્યાપક.
૧૩.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ અમદાવાદ ...	શ્રી. આર. એસ. પટેલ, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા.
૧૪.	આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર ...	કુ. ડી. જી. માંડવિયા, ભાષાનાં વ્યાખ્યાતા.
૧૫.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ ...	૧. શ્રીમતી સી. એલ. ભટ્ટ, શિક્ષણનાં પ્રાધ્યાપક ૨. શ્રી. જી. એન. પટેલ, શિક્ષણના વ્યાખ્યાતા ૩. શ્રી. કે. કે. શુકલ, ,, ,, ૪. શ્રી. પી. વી. રિસ્વડકર, શિક્ષણના વ્યાખ્યાતા.
૧૬.	સિટી લૉ કૉલેજ, અમદાવાદ ...	૧. શ્રી. એસ. એન. શેલત, લૉના વ્યાખ્યાતા.
૧૭.	એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ ...	૧. શ્રી. સી. એમ. શાહ, લૉના થોડા સમયના વ્યાખ્યાતા ૨. શ્રી. સી. આર. મણિયાર, લૉના થોડા સમયના વ્યાખ્યાતા ૩. શ્રી. પી. ટી. છાયા, લૉના થોડા સમયના વ્યાખ્યાતા.
૧૮.	આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર ...	ડૉ. ડી. એસ. શાહ, નિદાનચિકિત્સાના માનદ વ્યાખ્યાતા.
૧૯.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ ...	૧. ડૉ. સી. એચ. નાયક, મેડિસિનના વ્યાખ્યાતા અને માનદ તબીબ ૨. શ્રીમતી ડી. એસ. અંકલેશ્વરિયા, ઑબ્સ્ટ્રેટ્રિકસ અને ગાયનેકોલોજીનાં માનદ વ્યાખ્યાતા ૩. ડૉ. એસ. જી. જોષી, ઑબ્સ્ટ્રેટ્રિકસ અને ગાયનેકોલોજીના ટ્યૂટર

ક્રમાંક	કૉલેજનું નામ		શિક્ષકનું નામ અને હોદ્દો
			૪. ડૉ. શ્રીમતી યુ. ટી. પટેલ, ઑબ્સ્ટ્રેટ્રિક્સ અને ગાયનેકૉલોજીનાં વ્યાખ્યાતા
			૫. ડૉ. જી. એચ. શાહ, ઑબ્સ્ટ્રેટ્રિક્સ અને ગાયનેકૉલોજીના વ્યાખ્યાતા
			૬. શ્રી. સી. આઈ. ઝાલા, પેથૉલોજીના વ્યાખ્યાતા
			૭. શ્રી. વી. જે. કિનારીવાલા, મેડિસિનના ટ્યૂટર
			૮. શ્રી. પી. એસ. પુર, મેડિસિનના વ્યાખ્યાતા.
૨૦.	શ્રી. એમ. પી શાહ મેડિકલ કૉલેજ, જામનગર	...	૧. ડૉ. પી. જે. પટેલ, ફાર્માકૉલોજીના વ્યાખ્યાતા
			૨. ડૉ. એ. આર. છાયા, ઈ. એન. ટી.ના વ્યાખ્યાતા
			૩. ડૉ. વી. કે. દેશપાંડે, એનેસ્ટેસીના વ્યાખ્યાતા.
૨૧.	કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ	..	ડૉ. એસ. એ. ત્રિવેદી, વ્યાખ્યાતા.
૨૨.	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	...	૧ શ્રી. એ. એ. મોદી, એપ્લાઇડ મિકેનિક્સના વ્યાખ્યાતા
			૨ શ્રી. એસ એમ. શાહ, એપ્લાઇડ મિકેનિક્સના વ્યાખ્યાતા
			૩. શ્રી. પી. સી. પંડિત, સિવિલ એન્જિનિયરિંગના વ્યાખ્યાતા
			૪. શ્રી. એસ. જે. બાદશાહ, સિવિલ એન્જિનિયરિંગના વ્યાખ્યાતા
			૫. શ્રી. એમ. એમ. વાસવાણી, વર્કશોપ સુપરિન્ટેન્ડેન્ટ.
૨૩.	શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ	...	૧. શ્રીમતી કે. એસ. પંડ્યા, અંગ્રેજીનાં વ્યાખ્યાતા
			૨. શ્રી જે. વી. પટેલ, ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા
			૩. શ્રી. એલ. બી. પટેલ, ગુજરાતીના વ્યાખ્યાતા
			૪. શ્રી. સી. એ. ભટ્ટ, વ્યાયામ શિક્ષક
			૫. શ્રી. ડી. સી. પટેલ, રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા
			૬. શ્રીમતી આઈ. એચ. પરીખ, રસાયણવિજ્ઞાનનાં ડેમોન્સ્ટ્રેટર
			૭. શ્રી. કે. એચ. પટેલ, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ અને હોદ્દો
		૮. શ્રી. જે. એમ. શાહ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વ્યાખ્યાતા (ફક્ત ઇન્ટર કક્ષાએ ઇતિહાસ શીખવી શકે).
૨૪.	શ્રી એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત ...	૧. શ્રીમતી આર. પી. પાઠકજી, સંસ્કૃતનાં વ્યાખ્યાતા ૨. શ્રી. આઈ. સી. જરીવાલા, મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા ૩. શ્રી. એસ. સી. શેઠ, ઇતિહાસના વ્યાખ્યાતા ૪. શ્રી. એમ. એસ. ત્રિવેદી, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા.
૨૫.	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત ...	શ્રી. આર. એમ. દેસાઈ, ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા.
૨૬.	બી. જે. ઇન્સ્ટિ. ઑફ લર્નિંગ એન્ડ રિચર્સ, અમદાવાદ ...	શ્રી. સી. જે. પંડ્યા, સંસ્કૃતના થોડા સમયના વ્યાખ્યાતા (ફક્ત વ્યાખ્યાનકાર્ય માટે જ).
૨૭.	આઈ. સી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ ...	શ્રી. જે. જી. સોલંકી, હિંદીના વ્યાખ્યાતા.
૨૮.	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત ...	૧. શ્રી. એમ. આઈ. જોષી, અંગ્રેજીના વ્યાખ્યાતા ૨. શ્રી. એસ. આર. વકીલ, હિંદીના ,, ૩. શ્રી. એસ. એસ. દેસાઈ, ગણિતના ,, ૪. શ્રી. બી. એન. પટેલ, રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા.
૨૯.	જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ ...	શ્રી. એસ. આર. મહેતા, અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક (ફક્ત ચાલુ સત્ર માટે જ).
૩૦.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ. ...	૧. પ્રો. કે. જી. શાહ, અંગ્રેજીના વ્યાખ્યાતા ૨. શ્રીમતી એચ. એ. ઝાલા, ગણિતનાં વ્યાખ્યાતા ૩. શ્રીમતી બી. સી. શાહ, તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનનાં થોડા સમયનાં વ્યાખ્યાતા ૪. શ્રી. આઈ. કે. દેસાઈ, તર્કશાસ્ત્રના ટ્યૂટર.

ક્રમાંક	કૉલેજનું નામ		શિક્ષકનું નામ અને હોદ્દો
૩૨.	એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર	...	૧. શ્રી. આર. જી. મજમુદાર, ઇતિહાસ અથવા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ૨. શ્રી. એસ. આર. રાવલ, તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા.
૩૨.	પેટલાદ કૉલેજ, પેટલાદ	...	૧. શ્રી. એ. પી. દલવાડી, રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા ૨. શ્રી. વાય. કે. જોષી, રસાયણ વિજ્ઞાનના વ્યાખ્યાતા ૩. શ્રી. કે. આર. તલાટી, ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા ૪. શ્રી. આર. કે. દેસાઈ, ઇતિહાસ અને રાજ્ય-બંધારણના વ્યાખ્યાતા.
૩૩.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	૧. શ્રી. બી. જી. પંડ્યા, ગણિત અને આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ૨. શ્રી. ટી. એમ. મિસ્ત્રી, અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ૩. શ્રી. એ. ટી. દેસાઈ, ભૂગોળના વ્યાખ્યાતા ૪. કુ. પી. આઈ. દીક્ષિત, અંગ્રેજીનાં થોડા સમયના વ્યાખ્યાતા ૫. શ્રી. આર. એમ. ભટ્ટ, ગુજરાતીના થોડા સમયના વ્યાખ્યાતા ૬. કુ. એમ. એ. શાહ, ગુજરાતીનાં થોડા સમયનાં વ્યાખ્યાતા ૭. શ્રી. આર. બી. શાહ, અર્થશાસ્ત્રના થોડા સમયના વ્યાખ્યાતા ૮. શ્રી. આઈ. વાય. ખેડાવાલા, પરિશિયનના થોડા સમયના વ્યાખ્યાતા.
૩૪.	પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી	...	શ્રી. આર. એસ. શુકલ, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
૩૫.	શ્રી. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત	...	૧. શ્રી. જે. કે. દેસાઈ, દ્રવ્યગુણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર ૨. શ્રીમતી એમ. એફ. પટેલ, સ્ત્રીરોગવિજ્ઞાનનાં થોડા સમયનાં વ્યાખ્યાતા (યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ આપવું.)

આંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ અને હોદ્દો
		૩. શ્રી. બી. ડી. પંડ્યા, રસશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર
		૪. શ્રી. આર. વી. ભક્ત, પંચકર્મમાં વૈદ્ય.
૩૬.	સાર્વજનિક લૉ કૉલેજ, સુરત ...	શ્રી. એ. એસ. રમાર્ત, લૉના થોડા સમયના પ્રાધ્યાપક (યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ આપવું.)
૩૭.	આર. આર. લાલન કૉલેજ, ... ભૂજ	૧. શ્રીમતી એચ. કે. માંકડ, વ્યાયામશિક્ષક ૨. શ્રી. ડી. એન. શાહ, ગણિતના વ્યાખ્યાતા ૩. શ્રી. આઈ. એમ. કીકાની, સંસ્કૃતના વ્યાખ્યાતા ૪. શ્રી. સી. એ. શુક્લ, ગુજરાતીના વ્યાખ્યાતા ૫. શ્રીમતી એસ સી. મહેતા, અર્થશાસ્ત્રનાં વ્યાખ્યાતા.
૩૮.	આર્ટ્સ કૉલેજ, ... ડભોઈ	૧. શ્રી. આર. ડી. પાઠક, હિંદીના વ્યાખ્યાતા ૨ કુ. એસ એલ. સિંહા, તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનનાં વ્યાખ્યાતા ૩. શ્રી. બી. એન. ગાંધી, ઇતિહાસના વ્યાખ્યાતા
૩૯.	એમ. એન. કૉલેજ, ... વિસનગર	૧. શ્રી. જી. આર. ત્રિવેદી, ઇતિહાસના વ્યાખ્યાતા ૨. શ્રી. કે. સી. પટેલ, સંસ્કૃતના વ્યાખ્યાતા
૪૦.	આર. આર. લાલન કૉલેજ, .. ભૂજ	શ્રી. એ. એમ. આરપા, પરિશિયનના થોડા સમયના વ્યાખ્યાતા (નિષ્ણાતોનો અભિપ્રાય આવ્યેથી ઘટતું કરવા ઉપકુલપતિને સત્તા આપવી. યુનિવર્સિટીએ મુકરર કરેલ પગારધોરણ આપવા જણાવવું.).
૪૧.	નવયુગ આર્ટ્સ એન્ડ કોમર્સ ... કૉલેજ, પોરબંદર	શ્રી. પી. યુ. શાહ, હિંદીના વ્યાખ્યાતા.
૪૨.	ગુજરાત કૉલેજ, ... અમદાવાદ	૧. શ્રી. એન. એમ. કંસારા, સંસ્કૃતના વ્યાખ્યાતા ૨. શ્રી. જે. ડી. ઓઝા, વનસ્પતિશાસ્ત્રના પ્રાધ્યાપક ૩ ડૉ. પી. એ. વ્યાસ, રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક.

ક્રમાંક	કૉલેજનું નામ		શિક્ષકનું નામ અને હોદ્દો
૪૩.	એમ. એન. કૉલેજ, વિસનગર	...	૧. શ્રી. પી. એ. પટેલ, ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર ૨. શ્રી. આર. વી શાહ, રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા ૩. શ્રી. કે. આર. પટેલ, રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર ૪. શ્રી. કે. એન. વસાવડા, ,, ,, ૫. શ્રી. એ. આઈ. ડોઈ, પર્શિયનના વ્યાખ્યાતા.
૪૪.	કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, કલોલ	...	૧. શ્રી. જે. કે. શાહ, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા ૨. શ્રી. આર. એન. દેસાઈ, અંગ્રેજીના વ્યાખ્યાતા.

(અ) નીચેની કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂક માન્ય કરવી નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	કૉલેજનું નામ		શિક્ષકનું નામ અને હોદ્દો
૧.	એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર	...	શ્રીમતી વિ. વિ. મિશ્ર, અંગ્રેજીનાં વ્યાખ્યાતા.
૨.	એમ. એન. કૉલેજ, વિસનગર	...	૧. શ્રી. એ. એસ. વાધ, ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા ૨. શ્રી. વી. એ. પટેલ, ગણિતના વ્યાખ્યાતા ૩. શ્રી. ડી. એ. પટેલ, ઇતિહાસના વ્યાખ્યાતા ૪. શ્રી. આર. એસ. પાલ, અંગ્રેજીના વ્યાખ્યાતા.

(ક) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાંથી છૂટા થયેલા શિક્ષકો, શ્રી. આર. જી. શાહ, વાણિજ્યના વ્યાખ્યાતા અને શ્રી. કે. જી. શાહ, અંગ્રેજીના વ્યાખ્યાતા, અંગેની નોંધ લેવામાં આવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની કૉલેજોના અહેવાલો પરત્વે વિચારણા હાથ ધરવામાં આવી :

૧. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી
૨. શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૩. લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી
૪ આર્ટ્સ કૉલેજ, ડભોઈ
૫. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૬. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.

(અ) નીચે જણાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂક માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	કૉલેજનું નામ		શિક્ષકનું નામ અને હોદ્દો
૧.	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	...	૧. જી. એ. ઝવેરી, રસાયણવિજ્ઞાનમાં ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટર

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ અને હોદ્દો
		૨. શ્રી. કે. આર. દેસાઈ, રસાયણવિજ્ઞાનમાં ટચૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટર
		૩. શ્રી. એલ. પી. પટેલ, રસાયણવિજ્ઞાનમાં ડેમોન્સ્ટ્રેટર
		૪. શ્રી. જે. એમ. શાહ, રસાયણવિજ્ઞાનમાં ડેમોન્સ્ટ્રેટર
		૫. શ્રી. એન. આર. શાસ્ત્રી ૬. શ્રી. જે. ડી. પટેલ ૭. શ્રી. એ. બી. ગાંધી } : થોડા સમયના ડેમોન્સ્ટ્રેટરો.
૨.	શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ ... એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	૧. શ્રી. એમ. સી. પરીખ, તર્કશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા
		૨. શ્રી. એસ. જી. દવે, ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા
		૩. શ્રી. બી. એમ. જોષી, હિંદીના વ્યાખ્યાતા
		૪. શ્રી. જે. એન. ભટ્ટ, ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
		૫. શ્રી. કે. જી. મહેતા, રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
		૬. શ્રી. એસ. એન. બાંભણિયા, ,, ,,
		૭. શ્રી. યુ. એમ. દવે, ભૌતિકવિજ્ઞાનના થોડા સમયના ડેમોન્સ્ટ્રેટર
		૮. શ્રી. એ. એન. ઝા, ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
		૯. શ્રી. એલ. બી. કારગાથ્રા, ભૌતિકવિજ્ઞાનના થોડા સમયના ડેમોન્સ્ટ્રેટર
		૧૦. શ્રી. આર. પી. પટેલ, રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
		૧૧. શ્રી. જી. બી. દવે, રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
		૧૨. શ્રી. જી. કે. કાઝી, ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
		૧૩. શ્રી. એન. બી. પઠાણ, બાયોલોજીના થોડા સમયના ડેમોન્સ્ટ્રેટર
૩.	લખ્ખીરજી એન્જિનિયરિંગ ... કૉલેજ, મોરબી	શ્રી. બી. કે. ખત્રી, ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના પ્રાધ્યાપક.
૪.	આર્ટ્સ કૉલેજ, ડભોઈ ...	શ્રી. એ. કે. દવે, અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક.
૫.	શ્રી. એમ. પી. શાહ મેડિકલ ... કૉલેજ, જામનગર	ડૉ. આર. એલ. વાડી, ડેપ્યુટી સર્જન અને સીનિયર લેક્ચરર-ઇન-પેડિયાટ્રિક્સ.
૬.	એચ. એલ. કૉલેજ ઑફ ... કૉમર્સ, અમદાવાદ	શ્રી. બી. સી. હક્કર, વાણિજ્યના વ્યાખ્યાતા (પ્રાધ્યાપકની જગ્યાએ વ્યાખ્યાતાની નિમણૂક કરવાનાં કારણો પુછાવવાં અને પ્રાધ્યાપક હોય તો જ મંજૂર કરવી અથવા પ્રાધ્યાપક નીમવા જણાવવું.).

(બ) નીચેની કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂક માન્ય કરવી નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ અને હોદ્દો
૧.	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી ...	૧. શ્રી. એ. ડી. પટેલ, માઇક્રોબાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર
		૨. કુ. પી. જે. દેસાઈ, બાયોલોજીનાં ડેમોન્સ્ટ્રેટર.
૨.	લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી ...	શ્રી. વી. કે. ચાવડા, સિવિલ એન્જિનિયરિંગના પ્રાધ્યાપક.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ગુ. અં. દેસાઈ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૪

A meeting of the Selection Committee for recommending a suitable candidate for the post of Reader in Botany in the University School of Sciences, was held on 20th August, 1961 at 1–00 p.m. in the University Office, when the following members were present:

1. Shri L. R. Desai, Vice-Chancellor (Chairman)
2. ,, L. A. Mahabale
3. Rev. Fr. Santa Pan
4. Dr. J. J. Chinoy.

The following candidates were called for an interview:

1. Shri S. C. Pandeya	.. .. ..	Present
2. ,, Sankar Narayan Swami	.. .. ..	Absent
3. ,, Dattani Subhashchandra	.. .. ..	Present

After interviewing the two candidates, the Committee resolved as follows:

That it be recommended to the Syndicate that Shri S. C. Pandeya be appointed to the post of a Reader in Botany in the University School of Sciences in the pay-scale of Rs. 500–25–800 on a starting basic pay of Rs. 500 per month on probation, in the first instance, for a period of two years.

Ahmedabad.
August 20, 1961.

L. R. Desai,
Rev. Fr. Santa Pan,
J. J. Chinoy,
L. A. Mahabale.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૮

University Grants Commission,
Rafi Marg,
New Delhi–1.
2nd August, 1961.

No. F. 33/55/61(CUP)

To

The Registrar,
Gujarat University,
Ahmedabad.

Sub.—Indian Universities—II five-year plans—nature of posts sanctioned in the—

Sir,

I am directed to say that it has been represented to the University Grants Commission that under the existing arrangements the Universities often find it difficult to attract and retain really first rate persons to fill the posts of University teachers sanctioned by the University Grants Commission for the five-year development plans, as the posts are not treated as 'permanent' but as for a limited period only. During the 2nd Five-Year Plan, assistance to the State Universities was given for the creation of posts required for the post-graduate departments on a sharing basis and it was made clear to the Universities that assistance on that sharing basis will continue for a period of five years only and thereafter the Universities/State Governments will have to take the entire responsibility on themselves.

The matter has been reconsidered by the Commission and it has been decided that to enable the Universities to recruit competent teachers for the posts sanctioned under schemes of planned development, the posts should be generally sanctioned on a permanent basis.

It is, therefore, suggested that the matter may please be examined and placed before the appropriate authorities of the University and their views on the above suggestion be communicated to the Commission after consultation with the State Governments, if necessary, as early as possible.

This, however, will still necessitate an assurance from the University that after the first period of 5 years the posts will be continued even when they become the full liability of the University.

Yours faithfully,

S. MATHAI,
Secretary.

પરિશિષ્ટ "ઘ"
ક્રમાંક ૨૦

CHAPTER 25—LEGAL EDUCATION

(1) The system of legal education has been defective and is not calculated to produce either jurists or competent legal practitioners; and in recent years, there has been considerable deterioration in the standards of legal education (paras 5 and 6).

(2) Only graduates should be allowed to take the degree course in Law (para 17).

(3) The University course in Law should extend over a period of two years and should be confirmed to the teaching of the theory and principles of the Law. Procedural, taxation and other Laws of a practical character should not be included in the University course but should be taught during the period of practical training, as such subjects would have more importance to the students aspiring for a professional career (paras 23 and 24).

(4) Roman Law should not be taught as a compulsory subject; it would be advantageous to teach Jurisprudence in the second year as by then the student will have acquired some knowledge of law and legal principles (paras 26 and 27).

(5) Law teaching should be by full-time teachers having outstanding distinction in law and legal research; further the law colleges should be full-time institutions (paras 28 and 31).

(6) Persons who are in employment or who are pursuing other courses of study should not be permitted to join full-time law colleges. For the benefit of persons in employment who wish to acquire knowledge of law, a diploma course may be conducted; but they should not be eligible to enter the legal profession (paras 41 and 42).

(7) The principal method of teaching law is and must continue to be, by lectures (para 32).

(8) Every Lecturer should prepare a synopsis or outline of his lecture and distribute it to the students in advance of the lecture (para 33).

(9) Lectures should be supplemented by seminars of group discussions (para 34).

(10) An effort should be made to introduce the tutorial system in law colleges as, by this method, the student gets individual attention from the Lecturer (para 35).

(11) Moot courts and mock trials may more properly find a place in the professional course (third year) as their utility is limited (para 36).

(12) The case method of teaching law is very valuable and should be adopted in so far as it is feasible (para 37).

(13) The existing standards of law examinations are deplorably low and should be improved (para 39).

(14) In order to maintain proper standards, entry to the law colleges should be controlled by a system of strict tests (para 43).

(15) Law colleges should be encouraged to undertake research in law in order to stimulate thought in legal problems; for this purpose the state should provide funds (paras 44 to 46).

(16) A person wishing to practise the profession of law should complete a professional course conducted by the Bar Council in procedural and practical subjects; a mere law-degree holder should not be permitted to join the Bar (paras 48 to 50 and 55).

Professional courses conducted by the Bar Council should Comprise the procedural laws, etc., stated above and also a course in professional ethics and drafting pleadings, etc. (para 55).

(17) It is unnecessary to establish a Council of Legal Education as recommended by some bodies, if the autonomy of the Uuiversities is not to be interfered with (para 52).

(18) The All India Bar Council should be empowered to ascertain whether law colleges maintain the requisite minimum standards and should be empowered to refuse recognition (for the purpose of entry

into the profession) of degrees conferred by institutions not conforming to the minimum standards laid down (paras 53 and 54).

(19) The Bar Council should arrange for lectures to be delivered and attendance at a certain minimum number of lectures by the apprentice should be compulsory.

(20) Those who wish to enter the legal profession should be required to work in the chembers of an experienced lawyer and maintain diaries showing the work done by them (para 57).

(21) The apprentices should be subjected to a stiff practical test.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૨૪

"શ્રીમતી શાન્તાબેન ભીમભાઈ દેસાઈ સુવર્ણચંદ્રક"

૧. પ્રદાન આપનારનું નામ: ડૉ. બી. એન. દેસાઈ, ૧૭૩, ઘોડબંદર રોડ, વિલેપાર્લે (પશ્ચિમ), મુંબઈ-૫૭.

૨. પ્રદાનની રકમ: રૂા. ૭,૫૦૦ રોકડ.

૩. દેણગીનો પ્રકાર: એક સુવર્ણચંદ્રક.

૪. દેણગી સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૩-૬-૧૯૬૧ની સભામાં કામકાજ નં. ૧૨૨થી સ્વીકાર્યું છે.

નિયમો

૧. "શ્રીમતી શાન્તાબેન ભીમભાઈ દેસાઈ સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂપિયા ૨૮૫ની કિંમતનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે જે વિદ્યાર્થિની ત્રીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષામાં ઑક્ટોબર અને તે પછીની માર્ચ એપ્રિલ/પરીક્ષાઓમાં પ્રથમ વારમાં પસાર થઈને સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થાય, તેને અર્પણ કરવામાં આવશે.

૨. ચંદ્રક શક્ય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને આપવામાં આવશે.

૩. વિજેતાને ચંદ્રક આપવામાં નાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહિ.

૪. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત કરીને તેટલી રકમ યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૩૭

ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓને લગતા વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૭-૯-૧૯૬૧ના રોજ સાંજે ૪-૦૦ કલાકે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૩. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. ડી. એલ. શર્મા	હાજર
૬. શ્રી. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૭. શ્રી. કે. સી. પરીખ	હાજર

૧. ડૉ. જે. જે. દેસાઈના તા. ૨૭-૭-૧૯૬૧ના પત્ર પર સિન્ડિકેટે તેની તા. ૧૯-૮-૧૯૬૧ની સભામાં ઠરાવ્યા પ્રમાણે વિચારણા કરવા અંગે. ડૉ. જે. જે. દેસાઈના તા. ૨૭-૭-૧૯૬૧ના પત્ર બાબતમાં લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી અને ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું હતું કે, આ બાબતની વધુ વિચારણા કરવા માટે આ સમિતિની એક સભા તા. ૧૩-૯-૧૯૬૧ના રોજ બપોરે ૩-૦૦ વાગે બોલાવવી.

૨. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ક્લબના સામાન્ય મંત્રી તરફથી આવેલ રમતોની હરીફાઈઓમાં ભાગ લેતા પ્રતિનિધિઓને ફરજ પરની રજા ગણવા અંગેના તા. ૮-૮-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ક્લબના સામાન્ય મંત્રી તરફથી આવેલ રમતગમતોની હરીફાઈમાં ભાગ લેતા પ્રતિનિધિઓને ફરજ પરની રજા ગણવા અંગેની તેઓની તા. ૮-૮-૧૯૬૧ની વિનંતી મંજૂર કરવી નહિ.

૩. શ્રી. પી. કે. કડિયા (નાયક)ની તેઓને તેમને મળતા સ્કેલમાં તા. ૧-૧૨-૧૯૬૦ના રોજ એક ઇન્ક્રિમેન્ટ આપવાની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, શ્રી. પી. કે. કડિયા (નાયક)ને તેઓને મળતા સ્કેલમાં તા. ૧-૧૨-૧૯૬૦ના રોજ એક ઇન્ક્રિમેન્ટ આપવા અંગેની અરજી મંજૂર કરવી નહિ.

૪. યુનિવર્સિટી પ્રેસમાં બે પ્રૂફ-રીડર અને બે કૉપી-હૉલ્ડરોની જગ્યાઓ ઊભી કરવાની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસમાં હાલ પૂરતી નીચે પ્રમાણેની નવી જગ્યાઓ કાયમી ધોરણે ઊભી કરવી:

૧. પ્રૂફ-રીડર — જગ્યા ૧ — પગારધોરણ રૂા. ૧૨૦-૫-૧૫૦-ઈ.બી.-૫-૨૦૦

૨. કૉપી-હૉલ્ડર — જગ્યા ૨ — પગારધોરણ રૂા. ૫૫-૫-૧૧૦-૮-૧૫૦-ઈ.બી.-૧૦-૧૬૦.

૫. યુનિવર્સિટી પ્રેસમાં ખાલી પડેલી પ્રેસ-મૅનેજરની જગ્યા માટે, સિન્ડિકેટે તેની તા. ૧૬-૮-૧૬૧૧ની સભામાં ઠરાવ્યા પ્રમાણે પગાર અને લાયકાતના ધોરણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસ માટે પ્રેસના મૅનેજરનું પગાર અને લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું:

પગારધોરણ ... રૂા. ૩૦૦-૧૫-૪૨૦-ઈ.બી.-૨૦-૬૦૦.

લાયકાતનું ધોરણ ... Graduate with at least ten years' experience of Press work of which not less than five years' experience must be administrative experience in a good press.

ત્યાર પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૪૫

ઑક્ટોબર ૧૯૬૧ માં જુદાં જુદાં કેન્દ્રો પર લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે સીનિયર સુપરવાઇઝરોની નિમણૂક કરવા માટેનાં નામોની યાદી

કેન્દ્ર	કૉલેજ	પરીક્ષા	આશરે વિદ્યાર્થીઓની સંખ્યા	સી. સુપરવાઇઝર
અમદાવાદ	એચ. કે. આર્ટ્સ	પ્રથમ વર્ષ વિનયન	૭૪૦	પ્રિ. વાય. પી. શુકલ પ્રૉ. એલ. એચ. ટેંગશે શ્રીમતી પી. જે. શાહ.
,,	એલ. ડી., આર્ટ્સ	બી.એસસી. (સપ્લસી.)	૧૩૦	પ્રિ. પી. જી. માવળંકર
		બી.કૉમ.	૩૭૦	— — —
		બી.ફાર્મ.	૧૧	પ્રૉ. આર. એમ. શુકલ.
		પીએચ.ડી.	૧	— — —
,,	એચ.એ. કૉમર્સ	લૉ પરીક્ષાઓ : લૉ પ્રિલિમિનરી પ્રથમ અને દ્વિતીય એલએલ.બી.	૬૭૫	પ્રિ. એમ. સી. દેસાઈ પ્રૉ. જે. સી. ત્રિવેદી.
,,	બી. જે. મેડિકલ	પહેલી, બીજી, ત્રીજી એમ.બી., બી.એસ.	૨૮૮	ડૉ. ઈ. એમ. એસ્ટ
		એમ.ડી.	૩૩	ડૉ. એમ. એલ. રાવલ.
		એમ.એસ.,ડી.એ., ડી.ઓ. એમ.એસ., બી.એસસી. (મેડ.)		
,,	એલ.ડી. એન્જિનિયરિંગ	બી.ઈ.	૬૬	પ્રિ. આર. વી. પંડિત પ્રૉ. કે. જે. ભટ્ટ.
ભાવનગર	શામળદાસ કૉલેજ	પ્રથમ વર્ષ વિનયન	૨૧૫	પ્રિ. જે. બી. સાણ્ડિલ
		બી.એસસી. (સપ્લસી.)	૩૩	પ્રૉ. એસ. એસ. દવે
,,	એમ. જે. કૉમર્સ	બી.કૉમ.	૧૨૫	પ્રિ. એસ. સી પાઠક પ્રૉ. પી. પી. મહેતા.

૧	૨	૩	૪	૫
ભૂજ	આર. આર. લાલન	પ્રથમ વર્ષ વિનયન	૨૬	પ્રિ. એસ. એમ શાહ પ્રૉ. જે. એન. શુકલ.
ગોધરા	પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ	પ્રમમવર્ષ વિનયન	૧૦૫	પ્રિ. સી. સી. શાહ પ્રૉ. ટી આર. શુકલ.
જામનગર	એમ. પી. શાહ મેડિકલ	પહેલી–બીજી એમ.બી.,બી.એસ.	૫૩	પ્રિ. એસ. એમ. સેન (એમ. પી. શાહ)
		પહેલી-બીજી-ત્રીજી બી.એ.એમ.એસ.	૬૦	ડૉ. એચ. એચ. શાહ (એમ. પી. શાહ).
નડિયાદ	જે. એન્ડ જે.	પ્રથમ વર્ષ વિનયન	૨૫૦	પ્રિ. એસ. આર. મહેતા (આઈ. વી.) પ્રૉ. આર. એચ. ગાંધી (જે. એન્ડ જે.)
મોરબી	લખધીરજી	બી.ઈ.	૪૪	પ્રિ. જી. જે. કુલકર્ણી પ્રૉ. એસ. એસ. પટેલ.
રાજકોટ	ધર્મેન્દ્રસિંહજી	પ્રથમ વર્ષ વિનયન	૬૦૦	પ્રિ. એમ. એન. કોરગાંવકર
		બી.એસસી. (સબ્સી.)	૫૦	પ્રૉ. પી. વાય. દેશપાંડે
		લૉ પરીક્ષાઓ	૧૯૩	પ્રિ. એચ. એસ. સંઘવી (લૉ કૉલેજ).
સુરત	એમ. ટી. બી.	પ્રથમ વર્ષ વિનયન	૩૫૦	પ્રિ. કે. એલ. દેસાઈ (એમ. ટી. બી.)
		બી.એસસી. (સબ્સી.)	૧૨૫	
		લૉ પરીક્ષાઓ	૧૧૮	પ્રિ. એમ. એસ. દેસાઈ (સાયન્સ) પ્રિ. સી. ડી. વ્યાસ (લૉ કૉલેજ)
		બી.એ.એમએસ.	૮૮	—
,,	કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ	બી.કૉમ.	૧૪૪	પ્રિ. એ. આર. દેસાઈ પ્રૉ. કે. એમ. તલાટી.
વિસનગર	એમ. એન. કૉલેજ	પ્રથમ વર્ષ વિનયન	૧૪૦	પ્રિ. કે. બી. વ્યાસ પ્રૉ. આર. એસ. એટાઈ.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૪૬

સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની સભા, તા. ૨૨-૨-૧૯૬૧ના રોજ, બુધવારે સાંજે ૪-૦૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભાસદોની હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. પ્રિ. કે. એલ. દેસાઈ	ગેરહાજર
૩. પ્રિ. રો. પાય. જી. નાયક	હાજર
૪. પ્રિ. એસ. સી. પાઠક	હાજર
૫. પ્રિ. એસ. કે. કાત્રક	હાજર
૬. પ્રિ. એચ. કે. સંઘવી	હાજર
૭. રો. એમ. જે. શાહ	ગેરહાજર
૮. શ્રી. વલ્લભરામ પી. વૈદ્ય	હાજર.

૧. તા. ૨૩-૭-૧૯૬૦ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૩-૭-૧૯૬૦ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. રે. ૭. મુજબ દિલ્હી યુનિવર્સિટીની ક્વૉલિફાઇંગ પરીક્ષાને આપણી પ્રથમ વર્ષ વિનયન તથા વિજ્ઞાન તુલ્ય ૧૯૬૧ની સાલ સુધી માન્ય કરેલ છે તો આ મુદત વધુ લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય:

The recognition can continue.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય:

The courses of study of qualifying examination of Delhi University are comparable to Pre-University Examination of this University. This can be given equivalence to the Pre-University Examination of Gujarat University on a reciprocal basis.

દિલ્હી યુનિવર્સિટીની કવૉલિફાઇંગ પરીક્ષાને આપણી યુનિવર્સિટીની પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિનયન અને પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિજ્ઞાન તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૩. મુંબઈ યુનિવર્સિટીએ આપણી બી.ફાર્મ.ની પદવી પરીક્ષાને તેમની બી.ફાર્મ.ની પદવી તુલ્ય માન્ય કરી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪. ગુરુકુળ કાંગડી વિશ્વવિદ્યાલય, હરદ્વારના મહામાત્રની નીચે જણાવેલી પરીક્ષાઓને માન્યતા આપવાની માગણી પરત્વે વિચારણા કરવા બાબત :

વિદ્યાધિકારી, વિદ્યાવિનોદ, અલંકાર, વાચસ્પતિ.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

Alankar Examination be recommended as equivalent to our B.A. Examination.

બીજી યુનિવર્સિટીઓને આ પરીક્ષાની માન્યતા અંગે પુછાવતાં આવેલા જવાબો :

૧. યુનિવર્સિટી ઑફ પૂના :

The examinations are not recognised. No request has so far been made in that behalf by Vidyalaya.

૨. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા :

The question of recognition of (1) Vidyadhikari, (2) Vidyavinod, (3) Vachaspati examinations of Gurukul Vishwavidyalaya has not come up before the University. The request for recognition of the Alankar Degree Examination is not granted as the Gurukul University has not been granted a charter by the Government.

૩ સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ :

None of the examinations is recognised.

૪. મુંબઈ યુનિવર્સિટી :

(જવાબ આપેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ગુરુકુળ કાંગડી વિશ્વવિદ્યાલયની ઉપર જણાવેલ કોઈ પણ પરીક્ષા માન્ય કરવી નહિ.

૫. કુરુક્ષેત્ર યુનિવર્સિટીના મહામાત્ર તરફથી તેમની એમ.એ. (સંસ્કૃત)ની પદવી પરીક્ષાને આપણી એમ.એ. (સંસ્કૃત) પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરવા આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય:

May be considered as equivalent to our M.A. with Sanskrit provided the candidate has also done English.

બીજી યુનિવર્સિટીઓ તરફથી તે પરીક્ષાની માન્યતા અંગે પુછાવતાં આવેલા જવાબો :

૧. મુંબઈ યુનિવર્સિટી :

This University has not recognised any examination of the Kurukshetra University, and no request so far has been received to recognise the examination.

૨. એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડા :

Under consideration.

૩. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ :

M.A. (Sanskrit) Degree awarded by the Kurukshetra University is recognised as equivalent to M.A. (Sanskrit).

૪. યુનિવર્સિટી ઓફ પૂના :

M.A. (Sanskrit) Degree Examination is recognised as equivalent to corresponding examination of this University for purposes of registration for Ph.D. in Sanskrit.

પીએચ.ડી. (સંસ્કૃત) નો અભ્યાસ કરવા માટે કુરુક્ષેત્ર યુનિવર્સિટીની એમ.એ. (સંસ્કૃત) પદવી પરીક્ષાને આ યુનિવર્સિટીની એમ.એ. (સંસ્કૃત) તુલ્ય માન્ય કરવી.

૬. ઉત્કલ યુનિવર્સિટી, કટકના મહામાત્ર તરફથી તેમની નીચે જણાવેલ પરીક્ષાઓને માન્ય કરવાની વિનંતી પર વિચારણા કરવા બાબત :

પ્રી-પ્રોફેશનલ, ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની પ્રથમ પરીક્ષા (આર્ટ્સ, કોમર્સ, સાયન્સ) તથા એમ.એડ. પરીક્ષા.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

There are four papers including a practical examination, and one dissertation. They seem to be well planned. The M.Ed. of Utkal may be considered as equivalent to our M.Ed.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

Since the entire Three Years' Degree Course is not submitted, it is not good to opine over the Syllabus. However, if I have to compare

it with the First Year Degree Course of this University, it compares very unfavourably. We have seven papers as under :

1. English,
2. General Education,
3. Economics I,
4. Accountancy,
5. Business Administration — Paper I,
6. 2 papers of the optional group.

Considering this the Utkal University Examination in this Commerce course for the First Year is rather very poor, 30% passing in a subject, and 35% in the aggregate; and since they do not compare favourably with our standard of 40%. I do not recommend its eqivalence to the corresponding examination of our University.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

The courses of study are comparable to our present Inter Science courses, and hence, it is possible to give equivalence to Pre-professional and First examination in Science, to Pre-Uni. Science Exam. of Gujarat University.

બીજી યુનિવર્સિટીઓને તે પરીક્ષાઓની માન્યતા અંગે પુછાવતાં આવેલા જવાબો :

૧. મુંબઈ યુનિવર્સિટી :

Under Consideration.

૨. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ :

Not recognised.

૩. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા :

Pre-University = Preparatory Examinations in Arts, Science, and Commerce.

M.Ed. = M.Ed.

With regard to the recognition of (*i*) Pre-professional, (*ii*) First Examination of Three Years' Degree Course in Arts, Science; and Commerce, the matter is under consideration.

૪. યુનિવર્સિટી ઑફ પૂના :

Pre-University examination of all Statutory Universities in India are recognised as equivalent to corresponding Pre-degree examination. The question of recognition of Pre-professional and Three Years' Degree Examination is under consideration.

No request for recognition of M.Ed. Examination has so far been made.

ઉત્કલ યુનિવર્સિટીની એમ.એડ, પ્રી-પ્રોફેશનલ તથા ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની પ્રથમ પરીક્ષા (વિજ્ઞાન) જો તે યુનિવર્સિટી સેતી હોય તો તેને આ યુનિવર્સિટીની ઇન્ટર સાયન્સ તુલ્ય, તથા ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની પ્રથમ પરીક્ષા (વિનયન)ને આ યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સની પરીક્ષા તુલ્ય માન્ય કરવી જ્યારે ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની પ્રથમ પરીક્ષા (વાણિજ્ય)ને, વિદ્યાર્થી આ યુનિવર્સિટીની ઇન્ટર કૉમર્સની પરીક્ષાના એકાઉન્ટન્સીના વિષયમાં આ યુનિવર્સિટીની બીજી કોઈ પરીક્ષામાં બેસતાં પહેલાં અગર તેની સાથે પાસ કરે તે શરતે, આ યુનિવર્સિટીની ઇન્ટર કૉમર્સની પરીક્ષા તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવી.

૭. એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈના મહામાત્ર તરફથી તેમની (૧) પ્રી-યુનિવર્સિટી, (૨) ફર્સ્ટ ઇયર ઑફ થ્રી-ઇયર્સ ડિગ્રી કોર્સ, તથા (૩) બી.એ.ની પરીક્ષાઓને માન્યતા આપવાની માગણી બાબતે વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

1. We have still a Four Years' Degree Course; they have a Three Years' Degree Course.

2. English is not compulsory in S.N.D.T. University.

For these reasons, it would not be proper to give equivalence at this stage.

બીજી યુનિવર્સિટીઓને તે યુનિવર્સિટીની પરીક્ષાઓની માન્યતા અંગે પુછાવતાં આવેલા જવાબો :

૧. મુંબઈ યુનિવર્સિટી :

B.A. Degree Examination of S.N.D.T. University is recognised only for the purpose of admission to Diploma Course in Librarianship.

૨. યુનિવર્સિટી ઑફ પૂના :

The examinations of S.N.D.T. University are not given general recognition. However, individual applications are considered on their own merit.

૩. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ :

The following examinations are recognised :

Pre-University, F.Y.Arts, S.Y.Arts, B.A. and M.A. (Under the revised four years' course only).

૪. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા :

Each application for admission to any Faculty from the candidates who have passed the last qualifying examination of S. N. D. T. University, Bombay, be referred to the standing committee on equivalence of examinations for consideration on individual merits.

એસ. એન ડી. ટી. યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી, ફર્સ્ટ ઇયર ઑફ થ્રી ઇયર્સ ડિગ્રી કોર્સ, તથા બી.એ.ની પરીક્ષાઓ જે તે અંગ્રેજીના વિષય સાથે અને નવા ચાર વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમ મુજબ પાસ કરી હોય અને તે યુનિવર્સિટી લેતી હોય, તો પરસ્પરના ધોરણે માન્ય કરવી.

૮. શ્રી. વેંકટેશ્વર યુનિવર્સિટી, તિરુપત્તીના મહામાત્રની નીચે દર્શાવેલી ત્રણ વર્ષના અભ્યાસક્રમની ડિગ્રી પરીક્ષાઓને માન્યતા આપવા માટેની વિનંતી પર વિચારણા કરવા બાબત:

બી.એ. (જનરલ), બી.એ. (સ્પેશિયલ), બી.એસસી. (જનરલ), બી.એસસી. (સ્પેશિયલ), બી.કૉમ., એમ.એ., અને એમ.એસસી.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

Pre-Uni. and B.A., Exams. may be considered as equivalent to our examinations.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

The B.Sc. and M.Sc. courses can be considered as equivalent to our B.Sc. and M.Sc. courses, and hence, the equivalence can be given on a reciprocal basis.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય:

Courses of B.Com. are similar to ours and their standard of passing is 30% in a subject, and 40% in aggregate. As such B.Com. Degree can be considered as equivalent to ours, provided our degree is recognised at their level on a reciprocal basis.

બીજી યુનિવર્સિટીઓને તે પરીક્ષાઓની માન્યતા અંગે પુછાવતાં આવેલ જવાબો:

૬. યુનિવર્સિટી ઑફ પૂના:

Pre-University, Three Years' B.A. Degree (Sp. & Gen.) and M.A. Examinations are recognised. The question of giving recognition to the

B.Sc., B.Com. and M.Sc. Examinations is being consid'ered by appropriate authorities.

૨. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા :

Pre-University is recognised as equivalent to Preparatory examinations. Question of recognition of other examinations is under consideration.

૩. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ :

Pre-University, B.A. (Sp.), B.A. (Gen.), B.Sc. (Gen.), B.Sc. (Sp.), B.Com., M.A. and M.Sc. Degree examinations (3 years' course), are recognised as equivalent to corresponding examinations.

૪. મુંબઈ યુનિવર્સિટી :

(હજુ સુધી જવાબ આવ્યો નથી.)

શ્રી. વેંકટેશ્વર યુનિવર્સિટી, તિરુપત્તીની બી.એ. (જનરલ), બી.એ. (સ્પે.), બી.એસસી. (જનરલ), બી.એસસી. (સ્પે.), બી.કૉમ., એમ એ. અને એમ.એસસી. પરીક્ષાઓ પરસ્પરના ધોરણે માન્ય કરવી.

૯. યુનિવર્સિટી ઑફ ગોરખપુરના મહામાત્ર તરફથી તેમની નીચે જણાવેલી પરીક્ષાઓને માન્યતા આપવાની વિનંતી પર વે વિચારણા કરવા બાબત :

બી.એ., એમ એ , બી.એસસી., એમ.એસસી., બી.કૉમ., એમ કૉમ., બી.એડ., એમ.એડ. અને એલએલ.બી.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

B.A., M.A., B.Ed. and M.Ed. examinations may be recommended as equivalent to the corresponding examinations of our University.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

The B.Sc. and M.Sc. courses of studies can be respectively compared to B Sc. (Subsi.), and B.Sc. (Prin.) courses. It is, therefore, not possible to recognise these courses as equivalent but when 3 years' degree courses are introduced, it may be possible to equate these to B.Sc. (Gen.) and M.Sc. (Gen.) courses.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

The subjects and syllabus for the B.Com. Examination are more or less the same as ours. Since the Degree is recognised by the Calcutta, Bombay and Madras University, I see no reason why its degree should not be recognised provided our degree is recognised as equivalent on a eciprocal basis.

બીજી યુનિવર્સિટીઓને એ યુનિવર્સિટીની પરીક્ષાઓની માન્યતા અંગે પુછાવતાં આવેલા જવાબો :

૧. મુંબઈ યુનિવર્સિટી :

The question of recognition of the examinations of Gorakhpur University is being placed before the University authorities for consideration.

૨. યુનિવર્સિટી ઑફ પૂના :

B.A., M.A., B.Sc., M.Sc., B.Com., M.Com., B.Ed. and M.Ed. examinations are recognised as equivalent to corresponding examination. No request for recognition of LL.B., B.Sc. (Agri.) and Ph.D. examinations has been made.

૩. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ :

(Under consideration.)

૪. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા :

B.A., M.A., B.Sc., M.Sc., B.Ed., M.Ed., B.Com. and M.Com. degree examinations are recognised on a reciprocal basis for admission to higher courses. But that in actual admission of students for any courses of study or research, the Dean of the Faculty concerned has been authorised to assess actual merit by such measures as he deems proper and admit, at his discretion, as per O. 175.

ગોરખપુર યુનિવર્સિટીની બી.એ., બી.એસસી., બી.કૉમ., બી.એડ. તથા એલએલ.બી. પરીક્ષાઓ પરસ્પરના ધોરણે માન્ય કરવી.

૧૦. ગૌહત્તી યુનિવર્સિટી (આસામ)ની બી.એસસી. પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્યતા આપવા બાબત.

(**નોંધ.**—આપણી બી.એસસી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા શ્રી. જી. કે. મેવાડા નામના વિદ્યાર્થીને ગૌહત્તી યુનિવર્સિટીમાં એમ એસસી.ના વર્ગમાં પ્રવેશ આપવાનો સવાલ ઊભો થયો ત્યારે તે યુનિવર્સિટીની બી.એસસી.ની પરીક્ષાને ઉપકુલપતિશ્રીએ કામચલાઉ ધોરણે માન્યતા આપેલી છે.)

ગૌહત્તી યુનિવર્સિટીની બી.એસસી. પરીક્ષા પરસ્પરના ધોરણે માન્ય કરવી.

૧૧. વિક્રમ યુનિવર્સિટી તરફથી તેમના ત્રણ વર્ષના અભ્યાસક્રમની બી.એસસી. પરીક્ષાના પ્રથમ ભાગને બી.એસસી. (ભાગ ૧), આપણી ઇન્ટરમીડિયેટ સાયન્સ પરીક્ષાની તુલ્ય ગણવાની વિનંતી પર પુનર્વિચારણા કરવા માટે સદરહુ યુનિવર્સિટીની વિનંતી પર વિચારણા કરવા બાબત

(નોંધ.—ઍક્ટિવેટેસ કમિટીની તા. ૨૩-૭-૧૯૬૦ની સભામાં ઉપરોક્ત બાબત વિચારણા માટે રજૂ થયેલી, અને તે પરીક્ષાને આપણી ઇન્ટરમીડિયેટ સાયન્સ તુલ્ય માન્ય કરવી નહિ, એમ ઠરાવેલું.)

વિક્રમ યુનિવર્સિટીની બી.એસસી. (ભાગ ૧) પરીક્ષા, જો તે યુનિવર્સિટી લેતી હોય તો, પરસ્પરના ધોરણે ઇન્ટર સાયન્સ તુલ્ય માન્ય કરવી.

૧૨. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠમાં પીએચ.ડી.ની પદવી માટે અનુવાદની પરીક્ષા (Translation Test)માં ઉત્તીર્ણ થયેલા શ્રી. આઈ. જી. વશીને આપણે ત્યાં પીએચ.ડી.ની પદવી માટેની અનુવાદની પરીક્ષામાંથી મુક્તિ આપવાની વિનંતી પર વિચારણા કરવા બાબત :

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

M.Sc. Translation Test of Vallabhbhai Vidyapeeth can be considered equivalent to this University and Shri I. G. Vashi *can be exempted from appearing in the same.*

એમ.એસસી. ટ્રાન્સલેશન ટેસ્ટમાંથી મુક્તિ આપવાની શ્રી. વશીની વિનંતી માન્ય કરવી નહિ.

૧૩. નાગપુર યુનિવર્સિટીના સ્નાતકની તેમની ઇન્ટર કૉમર્સ, બી.કૉમ. તથા એમ.કૉમ. પરીક્ષાઓને માન્યતા આપવાની વિનંતી પર વિચારણા કરવા બાબત :

(નોંધ.—પ્રી-યુનિવર્સિટી-ઇન-કૉમર્સ તેમજ બી.કૉમ. ત્રિજી પરીક્ષાનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે.

રે ૭ મુજબ નાગપુર યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી કૉમર્સ અને એલએલ.બી.ની પરીક્ષામાં દાખલ થવા માટે બી.કૉમ. પરીક્ષા આપણે માન્ય કરેલી છે.)

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

The Commerce Degree of Nagpur University cannot be given equivalence with the Gujarat University because of the following reasons :

(1) The standard of passing in the Nagpur University is only 33% for all Commerce examinations, while our standard of passing is 40%.

(2) Their prospectus of three years' integrated courses is not in conformity either with the present syllabus, and courses of the Gujarat University or with the prospectus in 3 years' degree course in Commerce of the Gujarat University already drafted. I, therefore, do not recommend to give equivalence of the Commerce examinations of the Gujarat University with the Commerce examinations of the Nagpur University.

નાગપુર યુનિવર્સિટીની કૉમર્સ પરીક્ષાઓની માન્યતા અંગે બીજી યુનિવર્સિટીઓને પુછાવતાં આવેલા જવાબો :

૧. મુંબઈ યુનિવર્સિટી :

The question of recognition of the Inter Commerce and B.Com. examinations of the Nagpur University was considered by the Syndicate, and it was resolved that they were not in favour of granting recognition to those examinations. The B.Com. Degree Examination of the Nagpur University, however, has been recognised for the purpose of admission to LL.B. Course, provided the medium of instruction is English. The question of recognition of Pre-University Examination in Commerce is under consideration.

૨. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા :

(1) Pre-University in Commerce = Preparatory Examination in Commerce.

(2) Inter Commerce = First Year B.Com. Examination of three years' degree course.

(Subject to the conditions that such students will be allowed to selected only those subjects for their degree examination as are considered suitable for them by the Dean of the Faculty concerned.)

(3) B.Com. (for purposes of admission to M.Com. courses, if passed with 40% of the total marks prescribed for each subject.)

૩. યુનિવર્સિટી ઑફ પૂના :

Pre-University examinations in Arts, Science and Commerce of all Statutory Universities in India is recognised equivalent to the corresponding pre-degree examination on a reciprocal basis.

The Inter Commerce Examination of the Nagpur University is recognised as equivalent to the Corresponding Examination, and their B.Com. Examination is recognised for admission to LL.B. course only. The question of giving recognition to the B.Com. (Three years' degree examination and M.Com. Examination is under consideration.

૪. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ :

No request for recognition of the Commerce examinations of the Nagpur University has so far been received.

નાગપુર યુનિવર્સિટીની ઇન્ટર કૉમર્સ, બી.કૉમ. તથા એમ.કૉમ પરીક્ષાઓ માન્ય કરવી નહિ.

૧૪. રાજસ્થાન યુનિવર્સિટીની નીચે જણાવેલ પરીક્ષાઓને માન્યતા આપવા અંગે તે યુનિવર્સિટીના મહામાત્રની વિનંતી પર વિચારણા કરવા બાબત :

એમ.કૉમ., એમ.એડ., એલએલ.એમ., બી.ઈ. (સિવિલ), એમ.બી., બી.એસ., એમ.ડી., એમ.એસ. અને એમ.એસસી.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

I am in favour of granting recognition to M.Ed. Examination.

ફેકલ્ટી ઑફ ટેકનોલોજી ઇન્કલ્યુડિંગ એન્જિનિયરિંગના ડીનનો અભિપ્રાય :

B.E. (Civil) Degree of the Rajasthan University, Jaipur, may be recognised as equivalent to our B.E. (Civil) Degree.

ફેકલ્ટી ઑફ લૉના ડીનનો અભિપ્રાય :

I recommend recognition on a reciprocal basis.

ફેકલ્ટી ઑફ મેડિસિનના ડીનનો અભિપ્રાય :

M.B.,B.S., M.D., and M.S. examinations be recognised by us as equivalent to our respective examinations, provided that the examinations are recognised by the Medical Council of India. This recognition should be given to the M.Sc. Examination and Ph.D. Examination, and to the D.Sc. Examination as also to all other examinations of this University that lead up to the qualifications under consideration.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

(હજુ આવેલ નથી.)

બીજી યુનિવર્સિટીઓને તે પરીક્ષાઓની માન્યતા અંગે પુછાવતાં આવેલા જવાબો :

યુનિવર્સિટી ઑફ પૂના :

The following examinations of Rajasthan University, are recognised :

(1) B.Ed., (2) M.Ed., (3) LL.M., (4) M.Com., (5) B.E. (C.M. & E.) & Tele Course, and (6) M.E./M.Sc. (Electronics).

The B.Ed. Examination if passed with exemptions as allowed under provisions of O. 329–F of the Rajsthan University, is not recognised as equivalent to B.T. Examination of this University.

એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડા :

The following examinations are recognised :

(1) M.Com., (2) M.Ed., (3) B.E. (Civil), (4) M.B., B.S. (Provided the Degree is included in first schedule of the Indian Medical Council Act.)

Question of recognition of M.D. and M.S. Examinations is under consideration.

As the following examinations are not conducted by this University, the question of recognition does not arise : (1) M.Sc. (Med.), (2) I. Pharm., (3) B. Pharm.

સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ :

The following examinations of Rajasthan University are recognised : B.A., M.A., B.Sc., M.Sc.

First B.E. Examination (C., M. & E.)=Pre-University.

Second B.E. (C., M. & E.)= F.E.

Third B.E. (C., M. & E.)= S.E.

B.E. (C., M. & E.) Examinations=B.E. and;

B.Com. Examination if passed with Advanced Accountancy and Auditing or Advance Banking as a special subject, provided the candidate appears and passes the B.Com. Examination of this University without being required to keep terms in the following: *viz.*, two papers in the Principles of Economics and one paper in Modern Economic Development.

મુંબઈ યુનિવર્સિટી :

(હજુ જવાબ આવેલ નથી.)

રાજસ્થાન યુનિવર્સિટીની એમ.કૉમ., એમ.એડ., એલએલ.એમ., બી.ઈ. (સિવિલ), એમ.બી.,બી.એસ., એમ.ડી., એમ.એસ., એમ.એસસી. (મેડ.)ની પરીક્ષાઓ પરસ્પરના ધોરણે માન્ય કરવી.

૧૫. ગુજરાત યુનિવર્સિટીની એક્સ્ટર્નલ પરીક્ષાઓને કેટલીક યુનિવર્સિટીઓએ માન્ય રાખેલી નથી. આ બાબત ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડની સભામાં મૂકવા આપણે પ્રસ્તાવ કરેલો, જેના જવાબમાં ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાના મંત્રી તરફથી આવેલ તા. ૩-૨-૧૯૬૨ના પત્રાંક ૫૧૨૬-ઈ-૭-૧૯૬૦/૬૧ પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલને વિચારણા કરવા માટે મોકલી આપવી.

૧૬. કર્ણાટક યુનિવર્સિટી, ધારવાડની પરીક્ષાઓને આપેલી માન્યતાની મુદતમાં વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—રે. ૭ મુજબ કર્ણાટક યુનિવર્સિટીની કેટલીક પરીક્ષાઓને આપણે જૂન, ૧૯૫૮ સુધી માન્યતા આપેલી, ધ્રુવિવેલેન્સ કમિટીની તા. ૧૦-૬-૧૯૫૯ની સભામાં કર્ણાટક યુનિવર્સિટીએ આપણી યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓને, નિયમિત વિદ્યાર્થી તરીકે પાસ કરી હોય તો, તે અરસપરસના ધોરણે માન્ય કરી છે, તે બાબત વિચારણા માટે મૂકેલી. આ બાબતમાં કર્ણાટક યુનિવર્સિટી સાથે આપણી પ્રી-યુનિવર્સિટી, ઇન્ટર આર્ટ્સ તથા બી.એ. એકસ્ટર્નલ પરીક્ષાઓને પણ માન્ય કરવા અંગે ઘટતો પત્રવ્યવહાર કરવાનું સમિતિએ સૂચવેલું. (કર્ણાટક યુનિવર્સિટી આપણી એકસ્ટર્નલ પરીક્ષાઓને માન્ય રાખતી નથી.)]

કર્ણાટક યુનિવર્સિટીની જે જે પરીક્ષાઓ જૂન, ૧૯૫૮ સુધી માન્ય કરી હતી તેની માન્યતા પરસ્પરના ધોરણે ચાલુ રાખવી.

૧૭. ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના સંચાલકના તા. ૨૯-૧૨-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ પત્રમાં બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, કરાચી, તેમજ બીજાં બૉર્ડ્સ તથા પાકિસ્તાનની યુનિવર્સિટીઓએ ભારતની યુનિવર્સિટીઓની પરીક્ષાઓ માન્ય કરી છે, તેથી અરસપરસના ધોરણે સદરહુ સંસ્થાઓની પરીક્ષાઓ આપણે માન્ય કરવી જોઈએ એમ સૂચન છે.)

(**નોંધ.**—ધ્રુવિવેલેન્સ કમિટીની તા. ૧૫-૭-૧૯૫૭ની સભામાં સિંધ યુનિવર્સિટીની કેટલીક પરીક્ષાઓને માન્યતા આપવાનો પ્રશ્ન રજૂ થયો ત્યારે, વ્યક્તિગત કેસના ગુણદોષ વિચાર્યાથી માન્યતા આપવાનું ઠરાવ્યું હતું.)

આથી ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજ્યના શિક્ષણ સંચાલકે કરેલું સદરહુ સૂચન સ્વીકારવું તથા પરસ્પરના ધોરણે પાકિસ્તાનની સ્ટેચ્યુટરી યુનિવર્સિટીઓ અને બૉર્ડોની જે તે પરીક્ષાઓ આ યુનિવર્સિટીની જે તે પરીક્ષાઓ તુલ્ય ગણવી.

૧૮. આંધ્ર યુનિવર્સિટી, વોલટેરના ઑનર્સ ગ્રેજ્યુએટ 'Efflux of time'ની રૂએ અપાતી એમ.એ. પદવીને આપણી એમ.એ.ની પદવી તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓમાં માન્યતા અંગેની પરિસ્થિતિ નીચે મુજબ છે:

૧. એમ. એસ. યુનિ. ઑફ બરોડા	...	માન્ય કરી છે.
૨. યુનિવર્સિટી ઑફ પૂના	...	માન્ય કરી છે.
૩. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ	...	માન્યતા માટે વિનંતી આવી નથી.
૪. મુંબઈ યુનિવર્સિટી	...	જવાબ આવ્યો નથી.
૫. નાગપુર યુનિવર્સિટી	...	જવાબ આવ્યો નથી.

આંધ્ર યુનિવર્સિટીના ઑનર્સ ગ્રેજ્યુએટને 'Efflux of time'ની રૂએ અપાતી એમ.એ.ની પદવી માન્ય કરવી નહિ.

૧૯. યુનિવર્સિટી ઑફ રાજસ્થાન, જયપુરે પહેલાં આપણી બી.એ. (એકસ્ટર્નલ) પરીક્ષા અમુક શરતોએ માન્ય કરેલી, પરંતુ ભેદભાવ રાખ્યા સિવાય તમામ પ્રકારના વિદ્યાર્થીઓ માટે આપણી

બી.એ. (એક્સ્ટર્નલ) પરીક્ષા માન્ય કરવાની વિનંતી કરતાં તે માન્યતા સંપૂર્ણપણે નામૂદ કરી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. શર્મા એસ. એલ. નામના વિદ્યાર્થીએ આપણી બી.એ. (એક્સ્ટર્નલ) પરીક્ષા પાસ કરી રાજસ્થાન યુનિવર્સિટીમાં એમ.એ.માં પ્રવેશ મેળવવા અરજી કરેલી. પરંતુ તેને પ્રવેશ ન મળતાં ફરિયાદ કરેલી જેથી આ પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. રે. ૭ મુજબ રાજસ્થાન યુનિવર્સિટીની બી.એ. ડિગ્રી પરીક્ષા આપણે માન્ય કરેલી છે.)

યુનિવર્સિટી ઑફ રાજસ્થાનની નિયમિત વિદ્યાર્થી તરીકે પાસ કરેલી પરીક્ષાઓને આપેલી માન્યતા ચાલુ રાખવી.

૨૦. સિન્ધ યુનિવર્સિટીની મેટ્રિકયુલેશન પરીક્ષાને એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય ગણીને શ્રી. દોલતાની બી. કે. નું નામ પ્રથમ વર્ષ વિનયન (એક્સ્ટર્નલ) પરીક્ષા માટે નોંધવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવામાં આવે.

૨૧. ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીઝ, મુંબઈમાં 'સોશિયલ સર્વિસ'ના અનુસ્નાતક ડિપ્લોમાને એમ.એ. પરીક્ષા તુલ્ય ગણીને વિનયન વિદ્યાશાખાના ડીનના અભિપ્રાય પ્રમાણે પીએચ.ડી. માટે પ્રવેશપાત્રતાનું પ્રમાણપત્ર શ્રી. ઈન્દુભાઈ બી. રાવલને કાઢી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવામાં આવે.

૨૨. મદ્રાસ યુનિવર્સિટીની ત્રણ વર્ષના અભ્યાસક્રમની પ્રથમ વર્ષની પરીક્ષાને આપણી ઇન્ટર આર્ટ્સની પરીક્ષા તુલ્ય ગણીને શ્રી. છગનલાલ જોષીનું નામ બી. એ. (એક્સ્ટર્નલ) પરીક્ષા માટે નોંધવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવામાં આવે.

૨૩. નીચે જણાવેલ યુનિવર્સિટીઓની તેમની સામે દર્શાવેલ પરીક્ષાઓ આપણે માન્ય કરેલી છે. તેને પરસ્પરના ધોરણે માન્ય કર્યાના તે યુનિવર્સિટીઓના અનુમોદનની નોંધ લેવા બાબત:

૧. ત્રિભુવન યુનિવર્સિટી, નેપાળ	...	ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, બી.એ , બી.એસસી., બી.કૉમ., એમ.એ. અને બી.એલ.
૨. યુનિવર્સિટી ઑફ જબલપુર, જબલપુર	...	ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, ઇન્ટર કૉમર્સ, બી.એ., બી.એસસી., બી.કૉમ., એમ.એ., એમ.એસસી., એમ.કૉમ., બી.ટી., એમ.એડ., બી.ઈ. (સિવિલ, મિકેનિકલ એન્ડ ઇલેક્ટ્રિકલ); તથા એલએલ.બી. ફાઇનલ.

૩. જાદવપુર યુનિવર્સિટી, કલકત્તા ... બી.એ. (ઑનર્સ), બી.એસસી. (ઑનર્સ)

૪. મરાઠવાડ યુનિવર્સિટી, ઔરંગાબાદ (ડેક્કન) ... પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ એન્ડ સાયન્સ; ઇન્ટરમીડિયેટ આર્ટ્સ, સાયન્સ એન્ડ કૉમર્સ; બેચલર ઑફ આર્ટ્સ, સાયન્સ એન્ડ કૉમર્સ; એલએલ.બી. અને બી.એડ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવામાં આવે.

૨૪. નાગપુર યુનિવર્સિટીની બી.ફાર્મ. પદવી પરીક્ષાને અરસપરસના ધોરણે માન્યતા આપવાની તે યુનિવર્સિટીના મહાનાત્રની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ડીન, ફેકલ્ટી ઑફ મેડિસિનનો અભિપ્રાય માગતાં તેમણે આ બાબતમાં પ્રિન્સિપલ આર. પી. પટેલનો અભિપ્રાય મગાવવા જણાવેલું. પ્રિન્સિ. આર. પી. પટેલનો અભિપ્રાય હજુ આવેલ નથી.)

નાગપુર યુનિવર્સિટીની બી.ફાર્મ.ની પરીક્ષા માન્ય કરવી નહિ.

૨૫. બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, મધ્યપ્રદેશના મંત્રી તરફથી નીચેની પરીક્ષાઓને માન્ય કરવાની વિનંતી પર વિચારણા કરવા બાબત :

(*i*) Higher Secondary Certificate "B" Exam. (Pre-Uni. Exam.)
(*ii*) Higher Secondary School Certificate Exam. (3 years' course)

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

Their Higher Secondary School Certificate Examination may be considered as equivalent to the S.S.C. and their Higher Secondary Certificate "B" Examination equivalent to our F.Y.Arts, Sc., or Commerce."

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય:

The Higher Secondary School Certificate courses of study both types are equivalent to our Pre-University courses. However, as only three science subjects (including Maths.) are compulsory, the students are bound to omit one of the four compulsory subjects (*viz.*, Physics, Chemistry, Biology and Maths.), it is not possible to recommend equivalent to this examination to Pre-University Examination in Science.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

(હજુ આવેલ નથી.)

બીજી યુનિવર્સિટીઓને તે પરીક્ષાઓની માન્યતા અંગે પુછાવતાં આવેલા જવાબો :

૧. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ :

The following examinations of Board of Secondary Education M.P. have so far been recognised. High School Inter Examinations in Arts,

Science and Commerce provided English continues to be a compulsory subject at all the examinations, on the condition that High School — if passed with 35% in each subject or if passed in First or Second Division and Inter Commerce if passed with 40% in each subject.

૨. એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા :

1. Higher Secondary Certificate "B" Examination = Preparatory Examinations in Arts, Science and Commerce.

2. Higher Secondary Certificate Examination (3 years' course) = Preparatory Examinations in Arts, Science and Commerce.

આથી આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, મધ્ય પ્રદેશની હાયર સેકન્ડરી સર્ટિફિકેટ "બી" પરીક્ષાને તેમ જ હાયર સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા (ત્રણ વર્ષનો અભ્યાસક્રમ)ને પ્રી-યુનિવર્સિટી પરીક્ષા તુલ્ય માન્ય કરવી. પરંતુ, વિજ્ઞાનની પ્રી-યુનિવર્સિટી પરીક્ષાની માન્યતા અંગે નીચેની શરત આવશ્યક રહેશે :

પરીક્ષામાં વિદ્યાર્થીએ વિજ્ઞાનનો જે વિષય ના લીધો હોય તે વિષયમાં આ યુનિવર્સિટીની ઇન્ટર સાયન્સની પરીક્ષામાં બેસતાં પહેલાં કે સાથોસાથ ઉત્તીર્ણ થવું જોઈશે, અને આ વિષયમાં ઉત્તીર્ણ ન થનાર વિદ્યાર્થીને ઇન્ટર સાયન્સની પરીક્ષામાં ઉત્તીર્ણ જાહેર કરી શકાશે નહિ.

૨૬. જી.એફ.એ.એમ.ની પરીક્ષા આ યુનિવર્સિટીની એમ.બી., બી.એસ. પરીક્ષા તુલ્ય ગણી ભારતમાં કે પરદેશમાં આગળ અભ્યાસ કરી શકાય કે કેમ તે ફેકલ્ટી ઑફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ ઑફ મેડિસિનને કાર્યાલયથી પુછાવ્યું છે તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ડીન, ફેકલ્ટી ઑફ મેડિસિનનો અભિપ્રાય છે કે, જી.એફ.એ.એમ. પરીક્ષા આ યુનિવર્સિટીની એમ.બી., બી.એસ. પરીક્ષાની સમકક્ષ ગણી શકાય નહિ.

મેડિકલ ફેકલ્ટીએ તેની તા. ૨૨/૨૩-૬-૧૯૬૦ની સભામાં જી.એફ.એ.એમ.ની પરીક્ષાની સમકક્ષતા અંગે નીચે મુજબ ઠરાવ કર્યો છે :

"આથી ઠરાવવામાં આવે છે કે, જી.એફ.એ.એમ.ની પરીક્ષા આ યુનિવર્સિટીની એમ.બી., બી.એસ. પરીક્ષાની સમકક્ષ ગણી શકાય નહિ તેવો મજકૂર ફેકલ્ટીના ડીનનો અભિપ્રાય આ ફેકલ્ટી સ્વીકારે છે.")

આથી આ સભા ઠરાવે છે કે, એમ.ડી., એમ.એસ., તથા અનુસ્નાતક ડિપ્લોમા-ઇન-મેડિસિનમાં અભ્યાસ કરવા માટે જી.એફ.એ.એમ.ની પરીક્ષા માન્ય કરી શકાય નહિ એમ અભિપ્રાય જણાવવો.

૨૭. આગ્રા યુનિવર્સિટીના મહામાત્ર તરફથી તેમની એમ.કૉમ.ની પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીમાં પીએચ.ડી. (Ph.D.) માટે માન્ય કરવાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

Since the courses and the papers are similar to our University for M.Com. Degree. I see no reason why the M.Com. Degree of Agra University should not be given equivalence to our M.Com. Degree provided they also give equivalence to our M.Com. Degree in the same manner ?

બીજી યુનિવર્સિટીઓને આ પરીક્ષાની માન્યતા અંગે પુછાવતાં હજુ સુધી કોઈ યુનિવર્સિટીનો જવાબ આવેલ નથી.

આથી આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, પરસ્પરના ધોરણે આગ્રા યુનિવર્સિટીની એમ.કોમ.ની પરીક્ષાને પીએચ.ડી. કરવા માટે માન્ય કરવી.

૨૮. રાષ્ટ્રભાષા પ્રચારસમિતિ, વર્ધાના મંત્રી તરફથી તેમની કોવિદ પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બી.એ. (હિન્દી) ડિગ્રી પરીક્ષા તુલ્ય માન્ય કરવાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

How can 'Kovid' be considered equivalent to B.A. ? Our B.A. with Hindi includes two papers of compulsory English and also two papers in other language (Subsidiary). I am not in favour.

બીજી યુનિવર્સિટીઓને આ પરીક્ષાની માન્યતા અંગે પુછાવતાં હજુ કોઈ પણ યુનિવર્સિટી તરફથી જવાબ આવેલ નથી.

આથી આ સભા ઠરાવે છે કે, રાષ્ટ્રભાષા કોવિદની પરીક્ષાને બી.એ. તુલ્ય માન્ય કરવી નહિ.

નીચેની બાબતો પ્રમુખશ્રીની પરવાનગીથી રજૂ કરવામાં આવી :

૨૯. કુ. વિભા દવેને પ્રથમ વર્ષ વિજ્ઞાનમાં પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી આ સભા ઠરાવે છે કે, કુ. વિભા દવેને એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ પ્રથમ વર્ષ વિજ્ઞાનમાં પ્રવેશ આપવા ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

૩૦. શ્રી. કે. બી. વાર્શ્નેયના તા. ૧૯-૨-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી આ સભા ઠરાવે છે કે, શ્રી. વાર્શ્નેયની વિનંતી માન્ય કરવી નહિ, પણ વિદ્યાર્થીઓની અરજી આવ્યેથી આ બાબત અભ્યાસક્રમ વગેરે મગાવીને ડીનનો અભિપ્રાય મેળવવો તથા આ સમિતિ સમક્ષ તે બાબત રજૂ કરવાનું રાખવું.

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૫૦

મ્યુનિસિપલ કૉર્પોરેશન,
અમદાવાદ-૧.

નં. ડી/ઈડી/૨૬-૩૪૪.

તા. ૨૩-૮-૧૯૬૧.

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા,
અમદાવાદ-૯.

સાહેબ,

વિષય.—પ્રતિમા હાઉસિંગ સોસાયટીની દક્ષિણે આવેલા ખાડા પૂરી નાખવા બાબત.

ધી પ્રતિમા કો-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ.ના ઑન. સેક્રેટરી શ્રી. પી. જી. અમીન જણાવે છે કે, તેમની સોસાયટીની આજુબાજુ ગુજરાત યુનિવર્સિટીએ ઈંટો પાડી મોટા મોટા ખાડા પાડ્યા છે અને તેમાં ત્રાસદાયક ગંદકી થાય છે. તેમના જણાવ્યા મુજબ આજુબાજુ વસતા લોકો બજરૂ જાય છે અને ઈંટોના થોકેથોક પડ્યા છે તેમાં ઝેરી જીવજંતુઓ વસે છે. ખાડાઓ ઊંચાનીચા હોઈ ખૂબ ગંદવાડ થાય છે અને દેખાવ ખૂબ ભયજનક લાગે છે. ઝેરી જીવજંતુઓથી સોસાયટીના રહીશોના જાન જોખમમાં મુકાવા પૂરો સંભવ છે એમ તેમની ફરિયાદ છે.

આ ખાડાઓ તરત પુરાવી સપાટ મેદાન જેવું બનાવવા આપને વિનંતી છે, જેથી ઉપર જણાવેલી ફરિયાદ વહેલી તકે દૂર થાય.

આપનો વિશ્વાસુ,

(સહી) (.....)
મ્યુનિસિપલ કમિશનર.

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૫૨

An AGREEMENT made this the day of 1961, between the GUJART UNIVERSITY, AHMEDABAD, and the consulting Engineers Mr. Mahendra Raj, 33, Vaswani Mansion, Dinshaw Vachha Road, Bombay 1 and Dr. Rasvihari N. Vakil, 26, Government Servants Society, Navrangpura, Ahmedabad–9 and; carrying on business as consulting Engineers under the name 'Raj and Vakil', hereinafter referred to as 'Consulting Engineers'.

Condition of contract and mode of engagement

1. For the Science Laboratory buildings comprising of four buildings:
   (*i*) Physics
   (*ii*) Mathematics
   (*iii*) Chemistry
   (*iv*) Botany,
2. Gujarat University staff quarters type 'B', 'C' and 'D',
3. Hostel for men students, mess and Rector's flat,
4. Hostel for women students, mess and Lady Superintendent's flat,

in the University Campus, Navrangpura, Ahmedabad–9, between Mr. Mahendra Raj, Consulting Engineer, Bombay, and Dr. Rasvihari N. Vakil, Consulting Engineer, Ahmedabad, and the Gujarat University.

(*A*) *Services:*

The services of the Consulting Engineers shall comprise of the following:

1. Preparation of preliminary structural design, sketches and estimates of the structural cost;
2. Preparation of working structural drawings with structural specifications, estimates and quantities and other details sufficient for the Contractor to carry out the proper execution of the Work;

3. Supervision of construction of the structural part of the Work as and when deemed necessary by the Engineer.
4. The Consulting Engineers shall be responsible for the structural stability of the above four works.

(*B*) *Cost and fees :*

For all the above services, the fees of the Consulting Engineers shall be 3 per cent of the structural cost of construction.

The structural cost shall include all the items mentioned in the Drawings and Specifications issued by the Engineer for the Work and any additions and/or alterations authorized by the Engineer.

(*C*) *Mode of Payment :*

1. On submission of preliminary design and cost estimates 1/3rd of the total fees shall be paid on the estimated cost.
2. On completion of the working drawings and specifications 1/3rd of the total fees shall be paid on the estimated cost;
3. The remaining 1/3rd of the total fees shall be paid on the estimated cost by installments as the construction proceeds upon submission of such bills by the Engineer;
4. The final installment of the total fees shall be paid on 3 per cent of the final actual structural Cost of the Work less the amount already paid as per sub-Clause No. 1, 2 and 3 of Clause 'C'.

Note.— The term "Structural Cost of Construction" and "Cost of R.C.C." as commonly used in the trade may be considered synnonymous.

Signature _____ Signature _____

For Mr. Mahendra Raj,
Consulting Engineer
Dr. Rasvihari N. Vakil,
Consulting Engineer.

For the Gujarat University.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯.

G.U.P. 298-250-10-61

ખાનગી

સિન્ડિકેટ (ઑક્ટોબર)
તા. ૭-૧૦-'૬૧

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૧ના ઑક્ટોબર માસની સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, શનિવાર, તા. ૭-૧૦-૧૯૬૧ના રોજ, બપોરના ૧૨-૩૦ વાગ્યે ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ડી. એલ. શર્મા, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૮. શ્રી. ધનશ્યામભાઈ સી. ઓઝા	હાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪. ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજ
૧૫. આચાર્ય સં. ૨. ભટ્ટ	હાજર
૧૬. આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૮. આચાર્ય વલ્લભરામ વી. વૈદ્ય	હાજર.

૧. તા. ૯-૯-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૧ના સપ્ટેમ્બર માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૯-૯-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૧ના સપ્ટેમ્બર માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. નીચેની કૉલેજ તરફથી આવેલ જોડાણ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત :

કૉલેજનું નામ	વિષયો
દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટી, દહેગામ.	... પ્રથમ વર્ષ વિનયન અને વાણિજ્યના અભ્યાસક્રમો માટે જોડાણ

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
૨. આચાર્ય એસ. આર. મહેતા.

૩. અમદાવાદ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદને નીચેના વિષયોમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને દોરવણી આપવા માટે માન્યતા ચાલુ રાખવા માટે આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત :

૧. ભૌતિકવિજ્ઞાન
૨. રસાયણવિજ્ઞાન (ઑર્ગેનિક, ઇનઑર્ગેનિક અને ફિઝિકલ)
૩. મનોવિજ્ઞાન.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય જે. બી. સાવિડલ
૨. પ્રોફેસર સી. એમ. દેસાઈ
૩. ડૉ. શિવકુમાર મિત્ર.

૪. અખિલ ભારતીય અંગ્રેજી-શિક્ષક પરિષદનું બારમું અધિવેશન, મૈસૂર મુકામે તા. ૨૮થી ૩૦ ડિસેમ્બર, ૧૯૬૧ દરમિયાન મળનાર હોઈ આ અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે, "ઇન્ડિયન એસોસિયેશન ફૉર ઇંગ્લિશ સ્ટડીઝ"ના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૫-૮-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય એસ. એમ. શાહ અને ડૉ. આર. આઈ. પટેલને મોકલવા.

૫. ઉજ્જૈન મુકામે આગામી નવેમ્બર માસના ચોથા અઠવાડિયામાં અખિલ ભારત લોક-સંસ્કૃતિ (All-India Folk Culture)ની તૃતીય પરિષદ મળનાર હોઈ આ પરિષદમાં

આપણી યુનિવર્સિટી તરફથી પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના મંત્રી તરફથી આવેલ તા. ૧૮-૯-૧૯૬૧ના પત્રાંક ૩૭૫ પર વિચારણા કરવા બાબત.

અને

૪૦. વિક્રમ યુનિવર્સિટીના આશ્રયે, ઉજ્જૈન મુકામે, તા. ૨૨થી ૨૪ નવેમ્બર, ૧૯૬૧ દરમિયાન "કાલિદાસ સમારોહ" યોજનાર હોઈ સમારોહમાં, આ યુનિવર્સિટીના સંસ્કૃત વિદ્વદ્વર્યને પ્રતિનિધિ તરીકે મોકલવા "કાલિદાસ-ઉજ્જયણી-સમિતિ"ના અધ્યક્ષ તરફથી આવેલ તા. ૨૧-૯-૧૯૬૧ના પત્રાંક કે./૬૧/૧૦૮૦ પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૫ અને ૪૦ની વિચારણા સાથે કરવામાં આવી, અને તે પરત્વે નીચે પ્રમાણે ઠરાવવા આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બેઉ પરિષદોમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રોફેસર ડોલરરાય ર. માંકડને મોકલવા.

૬. આગામી વર્ષના નવેમ્બર માસમાં કાનપુર મુકામે "કોરોઝન ઑફ મેટલ્સ" અંગેની એક પરિષદ, મધ્યસ્થ સરકારના સંરક્ષણ ખાતા અને કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક ઍન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચના સંયુક્ત આશ્રયે મળનાર હોઈ, આ પરિષદમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા પરિષદના અધ્યક્ષ તરફથી આવેલ તા. ૨-૮-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એમ. એન. દેસાઈ (વિજ્ઞાન વિદ્યાભવન)ને મોકલવા.

૭. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨-૮-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૦૮માં વિનયન વિદ્યાશાખા હેઠળ 'ફાઇન આર્ટ્સ'નો વિષય ઉમેરીને તે મંજૂર કરવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવા, તથા તે પ્રમાણે સ્ટે. ૧૦૮માં ઘટતો સુધારો કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૮. ગુજરાત સ્ટેટ કો-ઑપરેટિવ યુનિયન, અમદાવાદના વાઇસ-ચેરમેન તરફથી કો-ઑપરેશનનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ આ યુનિવર્સિટીમાં દાખલ કરવા બાબતમાં આવેલ તા. ૨૨-૫-૧૯૬૧ના પત્ર ઉપરથી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨-૮-૧૯૬૧ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સહકાર (Co-operation)ના વિષયના અભ્યાસ માટે અનુસ્નાતક ડિપ્લોમા સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવા, તથા તે પ્રમાણે રૂટે. ૧૭૯માં ઘટતો સુધારો કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૯. ગુજરાત યુનિવર્સિટીની અભ્યાસસમિતિઓના બંધારણમાં ફેરફાર સૂચવવા ડા. વિક્રમ સારાભાઈ વગેરે તરફથી સેનેટની તા. ૨૦/૨૧-૧૨-૧૯૬૦ની સભામાં રજૂ કરાયેલ ઠરાવ જે સેનેટે સિન્ડિકેટને તથા સિન્ડિકેટે ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલેલ, તે ઉપર ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨-૮-૧૯૬૧ની સભામાં કરેલ નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫માં તાજેતરમાં જે સુધારો કરવામાં આવ્યો છે તે જોતાં સદરહુ બાબત પરત્વે કશું કરવાની જરૂર ઍકેડેમિક કાઉન્સિલને જણાતી નથી, એમ સિન્ડિકેટને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૦. ઑર્ડિનન્સ ૬૫-એચની નોટમાં નીચે પ્રમાણે ઉમેરો કરવા તથા તેને નોટ નં. ૧ અને ૨ એમ ક્રમાંક આપવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨-૮-૧૯૬૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Note 1.—In the recognised Institutions which admit students for research for Ph.D. only, the teachers possessing the minimum qualifications laid down by the University for the appointment of Readers in the University Departments shall be deemed to have been recognised as post-graduate teachers for guiding students for the Ph.D. Degree in their respective subjects.

Note 2.—In regard to a Research Institute which admits students for Ph.D. only, or a University Department, this qualification of five years' standing as a recognised post-graduate teacher in (*c*) above may be condoned if the applicant for recognition as a recognised teacher for guiding Ph.D. students for such an Institution or Department has at least three years' standing in the Institution or Department has at least three years' standing in the Institution or the Department as the case may be, and during that period he has to his credit his own independent research publications of recognised merit over and above the one for which he might have got his research degree (i.e., excluding those based on the thesis submitted for any research degree)."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવી.

૧૧. તા. ૨૮-૬-૧૯૬૧ના રોજ મળેલ લૉ ફેકલ્ટીની સંયુક્ત અભ્યાસસમિતિઓની તથા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨-૮-૧૯૬૧ની સભાઓ અંગેની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત:

લૉ ફેકલ્ટીની ભલામણ

"૧. લૉ પ્રિલિમિનરીનો અભ્યાસક્રમ જૂન, ૧૯૬૨થી બંધ કરવો અને લૉ પ્રિલિમિનરીની છેલ્લી પરીક્ષા માર્ચ/એપ્રિલ, ૧૯૬૩ સુધી લેવી અને તે અનુસાર ઑર્ડિ. ૨૪૫, ૨૪૬ તથા

રેગ્યુ. ૧૪૫, ૧૪૫-એ, ૧૪૬ અને ૧૪૭ રદ કરવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. એલએલ.બી.ના અભ્યાસક્રમમાં દાખલ થવાનું ધોરણ વિદ્યાર્થીએ કોઈ પણ વિદ્યાશાખાની 'બેચેલર્સ ડિગ્રી' પાસ કરી હોવી જોઈએ, તેમ રાખવું અને તે અનુસાર ઑર્ડિ. ૨૪૨ તથા ૨૪૭ નીચે પ્રમાણે સુધારવા :

O. 242:

Candidates for the Degree of LL.B. must have passed a Bachelor's Degree examination of this University in any Faculty or of any other University recognised as equivalent to the corresponding examination of this University, and will be required to pass two examinations, the first to be called "First examination for the Degree of LL.B." and the second to be called the "Second examination for the Degree of LL.B.", provided that candidates who have passed Law Preliminary Examination of this University or the Law Preliminary Examination of any other University recognised as equivalent thereto before June, 1963, will be eligible for admission to the course of First examination for the Degree of LL.B.

O. 247:

No candidate will be admitted to this examination unless he shall have passed the Bachelors Degree examination of this University in any Faculty or an examination of any other University recognised by this University as equivalent thereto, and have thereafter, kept two terms in a Law College affiliated to this University.

Provided that candidates who have passed Law Preliminary Examination of this University or the Law Preliminary Examination of any other University recognised as equivalent thereto before June, 1963, and have thereafter kept two terms in a Law College affiliated to this University, will be admitted to this examination."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"૧. આથી ઠરાવવામાં આવે છે કે, ધારાશાસ્ત્રની વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાએ કરેલી ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે ઑર્ડિનન્સ ૨૪૫ અને ૨૪૬ તથા રેગ્યુલેશન ૧૪૫, ૧૪૫-એ, ૧૪૬ અને ૧૪૭ રદ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૨૪૨ તથા ૨૪૭ ઉપર મુજબ સુધારવા, તથા તેને જૂન ૧૯૬૨થી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે ઑર્ડિનન્સ ૨૪૨ અને ૨૪૭ મંજૂર કરવા, તથા તેને જૂન ૧૯૬૨થી અમલમાં મૂકવા.

૧૨. સિન્ડિકેટે તેની તા. ૪-૩-૧૯૬૧ની સભામાં ઑ. ૩૬૫, ૩૬૫-એ અને ૩૬૫-બી નીચેનાં સૂચનો સાથે પુનર્વિચારણા માટે મોકલ્યા હોઈ તે અંગે અકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨-૮-૧૯૬૧ની સભામાં કરેલ ઠરાવો પર વિચારણા કરવા બાબત:

સિન્ડિકેટનાં સૂચનો

૧. (ક) સ્થાપત્ય (ખ) ચિત્રકળા, તથા (ગ) શિલ્પકળાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રાજ્ય સરકારની ઇન્ટરમીડિયેટ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું ધોરણ આવશ્યક રાખવું જોઈએ નહિ કેમ કે આ વિષયો હવે એસ.એસ.સી.ની કક્ષાએ ઐચ્છિક વિષયો તરીકે શીખી શકાય છે; અને

૨. લલિતકળાઓના અભ્યાસક્રમ માટે બાનગી રાહે અભ્યાસ કરવાની જોગવાઈ કરવાનું સૂચન તપાસવામાં આવે.

અકેડેમિક કાઉન્સિલના ઠરાવો

૧. આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૩૬૫ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો તથા ઑર્ડિનન્સ ૩૬૫-એ અને ૩૬૫-બીમાં કશો ફેરફાર કરવો નહિ:

O. 365:

"No student shall be admitted to a course of studies leading to a Diploma in Fine Arts in any of its branches, *viz.* Dramatics, Music, Painting & Sculpture, Architecture or Dancing unless he has passed the S.S.C. Examination of the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects, provided that a student seeking admission to a course of studies leading to a Diploma in Fine Arts in the branches of (1) Architecture, and (2) Painting and Sculpture shall be further required to have passed either his S.S.C. Examination with Drawing as one of his subjects or Intermediate Examination in Drawing."

૨. આથી ઠરાવવામાં આવે છે કે લલિતકળાઓનો અભ્યાસ બાનગી રાહે કરવાની જોગવાઈ કરવાનું સૂચન મંજૂર કરવું નહિ.

આથી ઠરાવવામાં આવે છે કે, અકેડેમિક કાઉન્સિલની ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી, તથા ભલામણ નં. ૧ પ્રમાણે ઑર્ડિનન્સ નં. ૩૬૫ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો, તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૧૩. અકેડેમિક કાઉન્સિલની તા. ૧૨-૮-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયે સૂચવ્યા પ્રમાણે ટ્રાન્ઝિટરી રેગ્યુલેશન નં. ૨ અને રે. ૭૩ સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, અકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર સુધારેલા ટ્રાન્ઝિટરી રેગ્યુલેશન નં. ૨ અને રેગ્યુલેશન નં. ૭૩ને મંજૂર કરવા, તથા તેને

તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(સુધારેલા ટ્રાન્ઝિટરી રેગ્યુલેશન નં. ૨ અને રેગ્યુલેશન નં. ૭૩ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૪. તા. ૧૦–૧–૧૯૬૧ના રોજ મળેલ જીવશાસ્ત્રની અભ્યાસસમિતિની તથા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૮–૧૯૬૧ની સભાઓની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

અભ્યાસસમિતિની ભલામણ

"દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષાના રે. ૭૧માં બાયોલોજીની પ્રાયોગિક પરીક્ષાના ઑ. ૧માં નીચેની નોંધ ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

'*N.B.*—The dissection of circulatory system of Lobster is not expected from the students.'"

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, જીવશાસ્ત્રની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે રે. ૭૧માં સુધારો કરવા માટે, તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુલેશન નં. ૭૧માં સુધારો કરવો, તથા સુધારેલા રેગ્યુલેશન નં. ૭૧ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૧૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૮–૧૯૬૧ની સભાની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, બી.એસસી. (મુખ્ય) કેમિસ્ટ્રીની પ્રાયોગિક પરીક્ષા માટે ગુણની વહેંચણી અંગે નીચે પ્રમાણે ધોરણ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી:

In the B.Sc. Practical examination the distribution of marks shall be as follows:

1. Physical Chemistry	.. 30 marks
2. Organic Chemistry	.. 45 marks
3. Inorganic Quantitative Analysis	.. 55 marks
4. Inorganic Qualitative Analysis	.. 30 marks
	Total.. 160 marks"

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૮–૧૯૬૧ની સભાની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૭૮ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી:

"At the B.Sc. Examination 20 per cent of the marks in practical shall

be reserved for the credit to be given to the candidates by the respective colleges for their day-to-day work and test examination in practicals conducted by the colleges in the Principal subject. The remaining 80 per cent of the marks for practicals shall be assigned to the candidate's performance at the practical examination held by the University.

In order to pass the examination the candidate must obtain 33 per cent of the marks separately in credit as well as in the University practical examination."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુલેશન નં. ૭૮ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને સુધારેલા રેગ્યુલેશનને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૧૭. બી.એ. ૧૯૬૨ અને ૧૯૬૩ના વર્ષની ફરજિયાત અંગ્રેજી વિષયની પરીક્ષામાં ગદ્ય અને પદ્યના પાઠ્યપુસ્તકોમાંથી સંદર્ભ સાથે સમજૂતીના પ્રશ્નો પૂછવા બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ની સભાના ઠરાવો અંગે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨-૮-૧૯૬૧ની સભાએ કરેલ સ્પષ્ટતા અને સૂચન.

તા. ૧૫-૧૦-૧૯૬૦ના રોજ મળેલી અંગ્રેજીની અભ્યાસસમિતિની ભલામણ

"બી.એ. ફરજિયાત અંગ્રેજી વિષયમાં જ્યાં જ્યાં કવિતા અને નાટકનાં પુસ્તકોનો અભ્યાસ કરવાનો હોય છે તેમાં જ રેફરન્સના સવાલો પુછાશે; ગદ્યમાં રેફરન્સના સવાલો નહિ પુછાય. આ અંગેની સૂચના સને ૧૯૬૧ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના પરીક્ષકોને પણ આપવી.

બી.એ.ના રેગ્યુ. ૧૮માં નીચેની નોંધ ઉમેરવા બાબત:

"*Note.*—The questions on reference to context will be asked from the text-books prescribed for poetry and drama only for Compulsory English at B.A. Examination."

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ."

તા. ૧૫-૧૦-૧૯૬૦ના રોજ મળેલી અંગ્રેજીની અભ્યાસસમિતિની ભલામણ

સને ૧૯૬૩માં લેવાનારી, બી.એ., એમ.એ., બી.કોમ. અને લૉ પ્રિલિમિનરી પરીક્ષા માટેનાં અંગ્રેજી વિષયનાં આ સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનાં પાઠ્યપુસ્તકો નિયત કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં નીચેની નોંધ સને ૧૯૬૨ માટે ભલામણ કરેલા બી.એ.ના પાઠ્યપુસ્તક માટે ઉમેરવા ભલામણ કરવામાં આવે છે:

(૨) સને ૧૯૬૨ના વર્ષમાં થનારી બી.એ. ફરજિયાત અંગ્રેજી વિષયની પરીક્ષા માટે નિયત કરેલ પાઠ્યપુસ્તક Selections from the Poems of William Wordsworth (The Cambridge University Press)માંથી પાનાં ૧થી ૫૧ પૂરાંમાં સમાયેલાં કાવ્યો

(1. Remembrance of Collins; 2. From leter Bell; 3. Selections from Michael; 4. Joanna; 5. Yew-trees; and 6. Yarrow Unvisited સિવાયનાં) વિગતવાર અભ્યાસ માટે છે, અને તેમાંથી સંદર્ભ સાથે સમજૂતીના પ્રશ્નો પૂછી શકાશે. બાકીનાં કાવ્યો, સામાન્ય અભ્યાસ માટે છે અને તેમાંથી સંદર્ભ સાથે સમજૂતીના પ્રશ્નો પુછાશે નહિ."

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી."

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨-૮-૧૯૬૧ની સભાની સ્પષ્ટતા અને સૂચન

"આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, બી.એ ના પ્રશ્નપત્ર નં. ૨માં ફક્ત ગદ્યનાં પુસ્તકોમાંથી 'રેફરન્સ ટુ કોન્ટેકસ્ટ'ના સવાલો પૂછી શકાય નહિ, પણ કવિતા અને નાટકોમાંથી પૂછી શકાય, તથા તે અંગે પ્રાશ્નિકોને ઘટતી સૂચના આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨-૮-૧૯૬૧ની સભામાં કરેલી ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર પ્રાશ્નિકોને ઘટતી સૂચના આપવી.

૧૮. એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓની ચકાસણી અંગેની આવેલ કુલ ૧૦૦૩ અરજી પરથી લાગતાવળગતા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓના ગુણની ચકાસણી કરતાં કુલ ૪૨ કેસોમાં પરીક્ષકોની ભૂલો માલૂમ પડી હોવાથી મોડરેશનની પદ્ધતિ જે હાલમાં છે તે રદ કરી દરેક પરીક્ષામાં વેરિફાયર્સ રાખવા માટે કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા અને મોડરેશનની ચાલુ પદ્ધતિમાં હાલ કશો ફેરફાર કરવો નહિ.

૧૯. પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટમાં જુનિયર બી.કૉમ.ના વર્ગમાં દાખલ થવા માટે શ્રી. ચૌહાણ મંગીલાલે બનાવટી ગુણપત્રક રજૂ કર્યાના કૃત્ય પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ચૌહાણ મંગીલાલને, ડિસેમ્બર, ૧૯૬૬ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે કૉલેજ/સંસ્થામાં પ્રવેશ આપવો નહિ, તથા આ બાબતની જાણ બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, રાજસ્થાનને તથા સંલગ્ન કૉલેજોના આચાર્યોને કરવી.

૨૦. યુનિવર્સિટીએ નક્કી કરેલાં સર્વમાન્ય (standard) પુસ્તકોના અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરવા હાથ પર લીધેલાં ૧૪૭ પુસ્તકોની એક એક નકલ પ્રકાશન વિભાગ માટે ખરીદ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જે પુસ્તકોનો અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે તે પુસ્તકોની એક એક નકલ ખરીદવા માટે રૂા. ૩,૧૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૨૧. કાર્યાલય તથા ગ્રંથાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા બાબત:

૧. શ્રી. રામધર ભૈજનાથ માળી, એસ્ટેટ વિભાગ, તા. ૨-૮-૧૯૬૧

૨. શ્રી. કે. એસ. રાણા, પટાવાળા, ગ્રંથાલય, તા. ૨૮-૧૧-૧૯૬૧

ઉપરોક્ત સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

૧. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રામધર ભૈજનાથ માળીને, માળીની જગ્યા ઉપર તા. ૩-૮-૧૯૬૧થી કાયમ કરવા.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. એસ. રાણાની અજમાયશી મુદત વધુ એક વર્ષ લંબાવવી, તથા તેમને તેમના કામકાજમાં પૂરતી કાળજી રાખવા જણાવવું, અને જો આ લંબાવવામાં આવેલી અજમાયશી મુદત દરમિયાન તેમનું કામકાજ સંતોષકારક જણાશે નહિ તો તેમને છૂટા કરવામાં આવશે એવી ચેતવણી આપવી.

૨૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા બાબત:

૧. કુ. ડૉ. એસ. આર. દેસાઈ, લેક્ચરર, વિજ્ઞાન વિદ્યાભવન, તા. ૬-૧૧-૧૯૬૧

૨. ડૉ. પી. સી. વૈદ્ય, પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાભવન, તા. ૬-૧૧-૧૯૬૧

ઉપરોક્ત સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના સભ્યોને, તેમનાં નામ સામે જણાવેલ જગ્યાએ અને તારીખથી કાયમ કરવા:

૧. કુ. ડૉ. એસ. આર. દેસાઈ	વનસ્પતિવિજ્ઞાનનાં લેક્ચરર	તા. ૧૦-૧૧-૧૯૬૧
૨. ડૉ. પી. સી. વૈદ્ય	ગણિતશાસ્ત્રના પ્રોફેસર	તા. ૭-૧૧-૧૯૬૧

૨૩. સમાજ વિદ્યાભવનમાં ખાલી પડેલી રીડર-ઇન-સ્ટેટિસ્ટિક્સની જગ્યા માટે મળેલી વરણીસમિતિના તા. ૧૮-૯-૧૯૬૧ના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વરણીસમિતિની સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે, ડૉ. ચિનુભાઈ ચેલાભાઈ પત્રીની, સમાજ વિદ્યાભવનમાં રીડર-ઇન-સ્ટેટિસ્ટિક્સની જગ્યા ઉપર, રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૬૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(વરણીસમિતિની ભલામણની નોંધ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૨૪. સિન્ડિકેટે તેની તા. ૪–૩–૧૯૬૧ની સભામાં ફોટોગ્રાફર-કમ-આર્ટિસ્ટની એક જગ્યા મંજૂર કરીને તે જગ્યા અંગે લાયકાત તથા પગારધોરણ માટેની માહિતી બીજી યુનિવર્સિટી પાસેથી મગાવી ઉપકુલપતિશ્રીની ભલામણ સાથે રજૂ કરવાનું ઠરાવ્યું, તેની રૂએ ઉપકુલપતિશ્રીએ ભલામણ કરેલ નીચેની લાયકાત અને પગારધોરણ ઉપર વિચારણા કરવા બાબત :

લાયકાતનું ધોરણ : At leist five years' practical experience of Photography, Processing and Printing.

Desirable : A Diploma in Photography from a Govt. Arts School and experience of preparing charts, graphs, etc.

પગારધોરણ : રૂા. ૯૦–૫–૧૪૦ ઈ.બી. ૧૦–૨૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૫. ૨૬મી ગણિત પરિષદ જે અમદાવાદમાં ભરવાની છે તેનો અંદાજી કુલ ખર્ચ રૂા. ૧૧,૦૦૦ને સામે રૂા. ૩,૦૦૦ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તથા રાજ્ય સરકારની ગ્રાન્ટના મંજૂર થયેલા છે તેમ જ રૂપિયા ૫,૯૦૦ અંદાજે, વ્યક્તિઓ તથા સંસ્થાઓના ફાળાના આવશે, તે જોતાં બાકીના રૂા. ૩,૦૦૦નું ખર્ચ યુનિવર્સિટી તરફથી ગ્રાન્ટ તરીકે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ડિયન મેથેમેટિકલ સોસાયટીના આ યુનિવર્સિટીના આશ્રય હેઠળ, આગામી ડિસેમ્બર માસમાં ભરાનાર સત્તાવીસમા અધિવેશનના ખર્ચ માટે રૂા. ૩,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવી.

૨૬. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનનાં મકાનો માટે યુ.જી.સી.એ રૂા. ૧૩,૩૬,૦૦૦નો રિવાઇઝ્ડ અંદાજ મંજૂર કર્યો છે તેમ જ રૂા. ૧ લાખની એડવાન્સ ગ્રાન્ટ તે માટે મંજૂર કરી છે તેની નોંધ લેવા બાબત તથા બીજી પંચવર્ષીય યોજનામાં રૂા. ૧૦ લાખ ૮૦ હજારની યોજના મંજૂર કરી હતી, તેના વધારાના રૂા. ૨ લાખ ૫૬ હજારના અંદાજી ખર્ચને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી, તથા વિજ્ઞાન વિદ્યાભવનનાં મકાનો માટે રૂા. ૨,૫૬,૦૦૦–૦૦ નો વધારાનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૨૭. કોન્વોકેશન વખતે નીચેની ડિગ્રી/ડિપ્લોમા માટે 'સ્કાર્ફ' તથા 'બેજના' રંગ નક્કી કરવા બાબત :

૧. ડિપ્લોમા-ઇન-લેબર-વેલ્ફેર
૨. ડિપ્લોમા-ઇન-એનેસ્થેસિયા
૩. ડિપ્લોમા-ઇન-ઓપ્થાલમોલોજી — ડી.ઓ.એમ.એસ.
૪. બેચેલર ડિગ્રી ઑફ આયુર્વેદિક મેડિસિન ઍન્ડ સર્જરી
૫. આયુર્વેદિક ફેકલ્ટીના ડીન માટેનો બેજ.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ડિગ્રી/ડિપ્લોમા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ માટે 'રંકાર્ફ' અને 'બેજ' નીચે પ્રમાણે નક્કી કરવા :

	રંકાર્ફ		બેજ
૧. ડિપ્લોમા-ઇન-લેબર-વેલ્ફેર	વાયોલેટ બૉડી પર્પલ બૉર્ડર	ડાર્ક બ્લ્યૂ	બે તારા
૨. ડિપ્લોમા-ઇન એનેસ્થેસિયા	ક્રિમ્સન બૉડી ડાર્ક-બ્લ્યૂ બૉર્ડર	,, ,,	બે તારા
૩. ડિપ્લોમા-ઇન ઓપ્થેલ્મોલોજી (ડી.ઓ.એમ.એસ.)	ક્રિમ્સન બૉડી ગ્રીન બૉર્ડર	,, ,,	બે તારા
૪. બેચેલર્સ ડિગ્રી ઑફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી (બી.એ.એમ.એસ.)	વાયોલેટ બૉડી ક્રિમ્સન બૉર્ડર	,, ,,	એક તારો

૨. આથી ઠરાવવામાં આવે છે કે, આયુર્વેદિક મેડિસિનની ફેકલ્ટીના ડીનને માટે 'બેજ'નો રંગ 'રેડ' રાખવો.

૨૮. ગુજરાત યુનિવર્સિટી તરફથી અપાતી 'બાઈ રૂક્ષ્મણી ચીમનલાલ કપૂરચંદ વૈષ્ણવ મંડાણ ટ્રસ્ટ' શિષ્યવૃત્તિના નિયમમાં "tenable for a period of 2 years" શબ્દો ઉમેરીને સુધારો કરવા બાબત.

સુધારેલો નિયમ નીચે મુજબ વંચાશે :

A scholarship called 'Bai Rukshmani Chimanlal Kapurchand Vaishnav Mandan Trust' Scholarship tenable for a period of two years of the value of Rs. 300 per year shall be awarded annually and paid in eight equal quarterly instalments to a candidate who reads for the degree of M.A., or Ph.D. in Shrimad Vallabhacharya's Suddhawait Philosophy Pushtimargiya Siddhanta or Anubhashyam. The candidate will be selected from amongst the applicants who hold the Bachelor's Degree in *Philosophy* or Sanskrit at least in a Second Class. In the event of there being no suitable candidate for the purpose of the award, the amount shall be credited to the Scholarship Fund.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ શિષ્યવૃત્તિ અંગેનો ઉપરોક્ત સુધારેલો નિયમ મંજૂર કરવો.

૨૯. યુનિવર્સિટી વિસ્તારમાં નીચેના બે રસ્તાઓ તૈયાર કરવાના અંદાજ પર વિચારણા કરવા બાબત :

૧. ઑપન-એર-થિયેટરથી હોસ્ટેલ સુધીનો ગ્રીડને સમાંતર રસ્તો.

૨. કૉમર્સથી આવતા હાલના રસ્તાથી હેલ્થ-સેન્ટર થઈને સિન્ડર ટ્રેક સુધી જતો રસ્તો.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત બેઉ રસ્તાઓ માટે રૂા. ૧,૫૨,૪૫૦-૦૦ સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૩૦. ગ્રંથાલય સમિતિના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીમેલી ગ્રંથાલય સમિતિની ભલામણો પેટાસમિતિએ સૂચવેલા સુધારાવધારા સાથે સામાન્ય રીતે સ્વીકારવામાં આવે છે અને તે સિન્ડિકેટની વિચારણા માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીમેલી ગ્રંથાલય સમિતિની ભલામણો સાથે આ યુનિવર્સિટી સામાન્ય રીતે સંમત છે, પરંતુ તે ભલામણોના અમલને કારણે જે વધારાનો ખર્ચ કરવાનો થાય તે અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી શી મદદ મળી શકશે તે જાણ્યા પછી આગળ પગલાં લઈ શકાશે, એમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જણાવવું.

(ગ્રંથાલય સમિતિના હેવાલની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૧. ગ્રંથાલય સમિતિના નીચેના ઠરાવોની નોંધ લેવા બાબત:

"૧. ગ્રંથાલયના ઉપયોગની માહિતી દર્શાવતા જાન્યુઆરી, ૧૯૬૧થી જૂન ૧૯૬૧ સુધીના છમાસિક પત્રકની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.

૨. ગ્રંથાલયના તા. ૧-૭-૧૯૬૦થી તા. ૩૦-૬-૧૯૬૧ સુધીના વાર્ષિક આવકના ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત બેઉ ઠરાવની નોંધ લેવી."

૩૨. શ્રી. શશિકાન્ત ધરમદાસ શાહ જેમનું માર્ચ/એપ્રિલ, ૧૯૬૧ની બી.કૉમ.ની પરીક્ષાનું પરિણામ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર ન કઢાવ્યાના કારણે અનામત રાખવામાં આવેલું, તેમનું પરિણામ તે પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર રજૂ થતાં જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૩. R.C.C. Specialistને સેનેટના સભ્યને અપાય છે તે ફરે દૈનિક ભથ્થું આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૪. R.C.C. Specialist મે. રાજ અને વકીલ સાથે Staff quarters અંગેના કરારનામામાં નીચેની કલમ ઉમેર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

"In case of staff quarters 3 per cent shall be charged on the cost of reinforced concrete work of the first unit of each type of quarters, and 1 per cent of the R.C.C. cost shall be charged on the total cost of Reinforced concrete work of all such repeatations."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૫. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨-૮-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ :

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૧૭ (૬) નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારવો :

"No candidate shall be permitted to appear for the B.A. Special or General examination with the same subjects with which he has passed the M.A. Degree Examination."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર રેગ્યુલેશન નં. ૧૭ (૬)ને સુધારવો, અને સુધારેલા રેગ્યુલેશનને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૩૬. શ્રી. સી. કે. શાહ (લેક્ચરર, વિજ્ઞાન વિદ્યાભવન)ને સિન્ડિકેટે તેની તા. ૧૯-૮-'૬૧ની સભામાં તા. ૬-૧૧-૧૯૬૧થી તા. ૨૦-૧૧-૧૯૬૧ સુધીની Birbal Sahni Institute of Paleobotany, Lucknowની સંસ્થામાં Fossil Botanyનો અભ્યાસ કરવા માટે મંજૂર કરવામાં આવેલી અભ્યાસની રજાનો સમય તા. ૬-૧૧-૧૯૬૧થી તા. ૨૦-૧૧-૧૯૬૧ને બદલે તા. ૧૩-૧૧-૧૯૬૧થી તા. ૨૯-૧૧-૧૯૬૧ સુધીની ફેરવવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૭. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલોના કેસો ઉપર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજોના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૧-૯-૧૯૬૧ના રોજ મળેલ પરીક્ષા-શુદ્ધિ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૮. પ્રથમ વર્ષ (ડિપ્લોમા) માટે ફાર્મસી કૉલેજમાં એક સત્ર ભર્યા પછી પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિજ્ઞાનની પરીક્ષામાં બીજું સત્ર રાખી સ્પેશિયલ કેસ તરીકે બેસવા દેવાની શ્રી. બી. એ. શાહની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફાર્મસીના ડિપ્લોમાના પ્રથમ વર્ષના અને પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી) વિજ્ઞાનના અભ્યાસક્રમોમાં ઠીક ઠીક સામ્ય હોવાથી, શ્રી. બી. એ. શાહને ખાસ કેસ તરીકે, પ્રથમ સત્રના અંતે, ડિપ્લોમા-ઇન-ફાર્મસીના વર્ગમાંથી પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી) વિજ્ઞાનના વર્ગમાં દાખલ થવાની પરવાનગી આપવી.

૩૯. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને જુદા જુદા વિષય તથા પદવી માટે તા. ૧૪-૫-૧૯૬૨ સુધીની મુદત સુધી માન્ય અનુસ્નાતક શિક્ષક અગર

માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા લંબાવી આપવામાં આવેલી હોવાથી તેમની તે તે વિષય તથા પદવી માટેની માન્યતા જૂન ૧૯૬૫ સુધીની મુદત માટે લંબાવી આપ્યાના કાર્યાલયના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ માન્યતા સિન્ડિકેટના ઠરાવથી તા. ૧૪-૫-૧૯૬૨ સુધી લંબાવવામાં આવેલી છે. અનુસ્નાતક શિક્ષણ વગેરે અંગેના નિયમોમાં જે ફેરફાર વગેરે થયેલા છે તે કેન્દ્ર ઉઘાડવાની અને વિદ્યાર્થીને પ્રવેશ વગેરે આપવાની બાબતમાં થયેલા છે. આ બાબત આગામી એકેડેમિક કાઉન્સિલ સમક્ષ છે.

અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશની બાબતના નિયમોમાં કાંઈ ફેરફાર થયેલ ન હોવાથી અને સમય ટૂંકો હોવાથી આ માન્યતા જૂન ૧૯૬૫ સુધી લંબાવવા સૂચન કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, માન્ય અનુસ્નાતક શિક્ષકો અને માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશોની માન્યતા ચાલુ રાખવા અંગે, પ્રત્યેક કેસના ગુણદોષ જોઈને પોતાની ભલામણો રજૂ કરવા માટે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને જણાવવું.

૪૦. આ બાબતની વિચારણા આગળ બાબત નં. ૫૧ સાથે કરવામાં આવેલી હોઈ, તે અંગેનો ઠરાવ ત્યાં આપવામાં આવેલો છે.

૪૧. એમ. એન. કૉલેજ, વિસનગરને બી.એ. (રૂપે. અને જન.) માં અંગ્રેજી તથા બી.એ. (જનરલ)માં હિંદી વિષય માટે કાયમી જોડાણ મેળવવા માટે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલી જોડાણ-અરજી અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઑ. ૧૨૦ મુજબ જોડાણ-અરજી મોડામાં મોડી આ કાર્યાલયને તા. ૧૫-૯-૧૯૬૧ સુધીમાં મળવી જોઈએ એ તેને બદલે તા. ૨૦-૯-૧૯૬૧ના રોજ આ કાર્યાલયને મળી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મુદત બહાર આવેલી સદરહુ અરજી ઉપર, ઑર્ડિનન્સ ૧૨૦ અનુસાર, વિચારણા કરવા માટે સિન્ડિકેટને અવકાશ નથી.

૪૨. એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢની જોડાણ અંગેની શરતોના પરિપાલનમાં શિક્ષકોની શૈક્ષણિક લાયકાતની ક્ષતિઓને તેમની ધંધાકીય લાયકાતો જોતાં કન્ડોન કરવાની આચાર્યશ્રીની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના શિક્ષકોની નિમણૂકો, ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય કરવી, તથા સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૪૩. સિન્ડિકેટની તા. ૯-૯-૧૯૬૧ની સભાના ઠરાવ અન્વયે સ્થાનિક તપાસસમિતિઓને આપવાની સૂચનાઓના કાર્યાલયે ઘડેલા મુસદ્દા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. ઑ. ૧૨૦-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત:

"O. 120-B:

(*i*) The provisions under this Ordinance shall come into force with effect from.....

(*ii*) There shall not be more than 1200 students in a College.

(*iii*) If a College has more units than one, the total strength of such units taken together shall not exceed 1200 students.

(*iv*) If the total strength in two or more units of a College taken together exceeds 1200 students, there shall be two or more different Principals as may be required at the rate of one Principal per 1200 students provided always that no Principal shall be in charge of more than two units.

(*v*) No division shall consist of more than a hundred students provided the Vice-Chancellor, may, in his discretion and at the request of a College, allow it to admit such number of more students as does not exceed ten per cent of the maximum number permissible in each class or a division thereof.

Notwithstanding anything contained above, it shall be competent for the Vice-Chancellor to permit, in his discretion and at the request of a Medical College, to admit such number of additional students as does not exceed twenty per cent of the maximum number of students permissible in a class or a division thereof."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૨૦-બી ના પાઠમાં નીચે પ્રમાણે સુધારા કરીને તેને ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવો:

"O. 120-B:

(*i*) The provisions under this Ordinance shall come into force with effect from....

(*ii*) There shall not be more than 1200 students or more than two Faculty units in a College.

(*iii*) If a College has more Faculty units than one, the total strength of such units taken together shall not exceed 1200 students.

(*iv*) If the total strength in two units of a College taken together exceeds 1200 students, there shall be two or more different Principals as may be required at the rate of one Principal per 1200 students, provided always that no Principal shall be in charge of more than two units.

(*v*) No division shall consist of more than a hundred students provided the Vice-Chancellor may, in his discretion and at the request of a College, allow it to admit such number of more students as does not exceed ten per cent of the maximum number permissible in each class or a division thereof.

Notwithstanding anything contained above, it shall be competent for the Vice-Chancellor to permit, in his discretion and at the request of a Medical College, to admit such number of additional students as does not exceed twenty per cent of the maximum number of students permissible in a class or a division thereof."

૪૫. જરૂરી લાયકાતવાળી વ્યક્તિ લભ્ય ન હોવાથી કુ. પી. જે. દેસાઈની બાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર તરીકેની કામચલાઉ નિમણૂકને ચાલુ વર્ષ પૂરતી માન્ય રાખવા વિનંતી કરતા એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— કુ. પી. જે. દેસાઈએ બી.એસસી. (ઑટાની) પરીક્ષા ગૌણ વિષયો સાથે બીજા વર્ગમાં પસાર કરેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. પી જે. દેસાઈની નિમણૂકને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય કરવી, તથા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભ પહેલાં યોગ્ય લાયકાત ધરાવનાર ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરીને યુનિવર્સિટીને જાણ કરવી.

૪૬. ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ તથા કૉમર્સ કૉલેજ, ઉપલેટાને યોગ્ય લાયકાત ધરાવનાર વ્યાયામશિક્ષક ન મળતા હોવાથી શ્રી. જયંતકુમાર અ. જોષીની નિમણૂકને કામચલાઉ માન્ય કરવા માટે મજકૂર કૉલેજના આચાર્યશ્રીના આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ. — શ્રી. જયંતકુમાર જોષીએ રાજપીપળાનો સર્ટિફિકેટ કોર્સ પાસ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, વ્યાયામશિક્ષકની જગ્યાને માટે યુનિવર્સિટીએ નક્કી કરેલા પગાર-ધોરણ પ્રમાણે પગાર આપવામાં આવે તે શરતે, શ્રી. જયંતકુમાર અ. જોષીની નિમણૂકને ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવી, તથા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભ પહેલાં યોગ્ય લાયકાત ધરાવનાર વ્યાયામશિક્ષકની નિમણૂક કરીને યુનિવર્સિટીને તેની જાણ કરવી.

૪૭. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સૂચનને અનુલક્ષીને તબીબી વિદ્યાશાખામાં બાયોકેમિસ્ટ્રીના શિક્ષકની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨/૧૩–૮–૧૯૬૧ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

Post	*Academic qualification*	*Subjects*
Professor	(Where there is a separate department) Post-graduate/research degree or diploma — M.Sc. with Biochemistry as a special subject or Ph.D., etc.	Biochemistry

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૪૮. કલકત્તા મુકામે, આગામી નવેમ્બર માસની તા. ૧૮થી ૨૨, દરમિયાન યોજાનાર ભારતીય સંસ્કૃતિ ભવનની છઠ્ઠી વાર્ષિક પરિષદમાં "ભારતીય રાષ્ટ્રીય એકતા" નામક

પરિષદમાં આપણી યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે, મજકૂર સંસ્થાના સ્વાગત સમિતિના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૨૪-૯-૧૯૬૧ના પત્રાંક બી.એસ.બી. (xxi) ૫૬૨ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૪૯. ઑલ-ઇન્ડિયા લેબર ઇકોનોમિક્સની પાંચમી પરિષદ, કર્ણાટક યુનિવર્સિટીના આશ્રયે, ધારવાર મુકામે, આગામી ડિસેમ્બર માસમાં મળનાર હોઈ, આ પરિષદમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે, "ધી ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર ઇકોનોમિક્સ"ના માનદ કોષાધ્યક્ષ તરફથી આવેલ તા. ૨૨-૯-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. જે. એલ. ધોળકિયા (સમાજ વિદ્યાભવન) ને મોકલવા.

૫૦. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની ૩૬મી વાર્ષિક પરિષદના ઠરાવો પર કાર્યાલયની નોંધ પ્રમાણે થવું કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાના ઠરાવ નં. ૩(૧), ૫(૪), ૫(૬-એ), ૫(૬-બી), ૧૦(૨) તથા ૧૦(૯) પરત્વે, કાર્યાલયે રજૂ કરેલી નોંધને અનુલક્ષીને અભિપ્રાય જણાવવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડનો ઠરાવ નં. ૩(૪) બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડના બાકીના ઠરાવો, સિન્ડિકેટની આગામી સભા સમક્ષ વિચારણા માટે રજૂ કરવા.

(ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડના ઠરાવો તથા તે પરત્વે કાર્યાલયની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૫૧. એપ્રિલ ૧૯૬૧ની બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૦૪૭, શ્રી. નાયક ભૂપેન્દ્ર દુર્લભભાઈ કે જેમને સદરહુ પરીક્ષામાં ઉત્તીર્ણ જાહેર કરવામાં આવ્યા છે તેમને પોતે જરૂરી હાજરી ભરી નથી, પરંતુ તેમના વતી હાલમાં સીનિયર બી.એ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી. એસ. સી. પટેલ હાજરી પુરાવતા હતા એમ જાણવા મળ્યું છે તેથી શ્રી. બી. ડી. નાયકને પદવી તથા તેનું પ્રમાણપત્ર આપવાં કે કેમ તે અંગે હાલ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૧ની બી.એ.ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી નં. ૩૦૪૭, શ્રી. નાયક ભૂપેન્દ્ર દુર્લભભાઈનો ખુલાસો આવ્યેથી તે સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવો તથા તે અંગે

આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી તેમને પદવી અર્પણ કરવી નહિ અને અનુસ્નાતક વિદ્યાર્થી તરીકેનું તેમનું નામ નોંધાયું છે તે કામચલાઉ (provisional) રીતે જ નોંધાયેલું ગણવું.

૫૨. ઑ. ૨૫૨-એ અને ઑ. ૨૫૨-બી નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત:

O. 252-A:

No candidate shall be admitted to the Examination of the Diploma in Labour Laws and Practice unless he has passed the LL.B. Degree examination of this University, or of any other University recognised as equivalent thereto and after passing the said examination has duly kept two terms. The candidate shall be required to keep two-third of the attendance of the total number of lectures.

O. 252-B:

No candidate shall be admitted to the examination of the Diploma in Taxation Laws and Practice unless he has passed the B.Com. or the LL.B. Degree examination of this University recognised as equivalent thereto and has after passing the said examination duly kept his terms in this University. The candidate shall be required to keep two-third of the attendance of the total number of lectures.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ નં. ૨૫૨-એ અને ૨૫૨-બી ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

૫૩. ગુજરાત યુનિવર્સિટીની આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૫-૯-૧૯૬૧ના રોજ મળેલી ૧૬મી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૫-૯-૧૯૬૧ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નોંધ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૫૪. કેન્દ્ર સરકારની સર્વસામાન્ય પુસ્તકોના હિંદી તેમજ પ્રાદેશિક ભાષામાં અનુવાદ કરવા અંગેની યોજના અંગેની કો-ઑર્ડિનેશન કમિટીમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ ઉપર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈની નિમણૂક કરવી.

(સદરહુ પત્રની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૫૫. સ્થાયી સમિતિની તા. ૧૯-૯-૧૯૬૧ અને તા. ૪-૧૦-૧૯૬૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી તથા સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવી.

(નોંધ.—બની શકે તો આ માટે સિન્ડિકેટની એક ખાસ સભા, ઑકટોબર માસના અંતમાં બોલાવવામાં આવે એમ સૂચવવામાં આવ્યું.)

૫૬. કાર્યાલયમાં કામ કરતા ચોકીદારો અને માળીનો તેમનાં નામ સામે દર્શાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા બાબત:

ક્રમાંક	નામ	વિભાગ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ
૧.	શ્રી. સુજ્જનસિંગ કાનસિંગ, વોચમેન-કમ-ગ્રાઉન્ડ મેન	કાર્યાલય, એસ્ટેટ વિભાગ	૩-૮-૧૯૬૧
૨.	શ્રી. ગેરાઉદ્દીન ગ્યાનદીન જાદવ, ચોકીદાર	,,	૩-૮-૧૯૬૧

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

૧. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સુજ્જનસિંગ કાનસિંગનો પ્રોબેશનનો સમય વધુ એક વર્ષ લંબાવવો, તથા તેમના મહેનતુપણા, નિયમિતતા, રીતભાત, કામની સૂઝ, સ્ટાફના બીજા સભ્યો સાથેના વર્તન વગેરે બાબતોમાં સુધારો કરવા જણાવીને, જો લંબાવેલા પ્રોબેશનના સમય દરમિયાન આ બાબતમાં સુધારો નહિ થાય તો તેમને છૂટા કરવામાં આવશે એવી ચેતવણી આપવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ગેરાઉદ્દીન ગ્યાનદીન જાદવનો પ્રોબેશનનો સમય વધુ એક વર્ષ લંબાવવો, તથા તેમના મહેનતુપણા, નિયમિતતા કામની સૂઝ વગેરે બાબતોમાં સુધારો કરવા જણાવીને, જો લંબાવેલા પ્રોબેશનના સમય દરમિયાન આ બાબતોમાં સુધારો નહિ થાય તો તેમને છૂટા કરવામાં આવશે એવી ચેતવણી આપવી.

૫૭. વેકેશનના સમય દરમિયાન એમ.એ.ની મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષાના કામ માટે મનોવિજ્ઞાન વિદ્યાભવનના ડેમોન્સ્ટ્રેટર શ્રી. એસ. એમ. આપ્ટેને મુંબઈથી અમદાવાદ આવવાનું થયેલું હોઈ તેમને મુસાફરીભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષા માટે શ્રી. એસ. એમ. આપ્ટેને યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર મુસાફરીભથ્થું આપવું, પણ તેમને રોકાણભથ્થું આપવું નહિ.

૫૮. સિન્ડિકેટની તા. ૫-૧૨-૧૯૫૯ની બેઠકમાં મધ્યસ્થ યુવક કલ્યાણ-પ્રવૃત્તિ સમિતિ ઉપર શ્રી. બટુભાઈ હ. દેસાઈ, ડૉ. નાનુભાઈ ર. દેસાઈ અને આચાર્ય ડૉ. આર. પી. પટેલ સભ્યો તરીકે નિયુક્ત થયા હતા, પરંતુ તેમાંના ડૉ. નાનુભાઈ ર. દેસાઈ અને આચાર્ય ડૉ. આર. પી. પટેલ હાલ સ્ટુડન્ટ્સ વેલ્ફેર બૉર્ડના સભ્ય નહિ હોવાથી તેમની ખાલી પડેલી જગ્યાએ બીજા બે સભ્યોની યુથ વેલ્ફેર કમિટીની પ્રથમ સભાથી ત્રણ વર્ષની મુદ્દત માટે નિમણૂક કરવા બાબત.

(નોંધ. — હાલમાં ઑ. ૫૧ પ્રમાણે નીચેના સભ્યો નિમાયેલા છે :

૧. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
૨. પ્રિ. ડૉ. કે. જી. નાયક
૩. શ્રી. પી. જી. શાહ

૪. ડૉ. નરેન્દ્ર દેસાઈ

૫. પ્રિ. એસ. આર. ભટ્ટ

૬. પ્રિ. જે. બી. સાણ્ડલ.)

આથી ઠરાવવામાં આવે છે કે, મધ્યસ્થ યુવક કલ્યાણ-પ્રવૃત્તિ સમિતિ ઉપર ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ અને આચાર્ય ડૉ. આર. પી. પટેલની ખાલી પડેલી જગ્યાઓએ ડૉ. નરેન્દ્ર એચ. દેસાઈ અને આચાર્ય સં. ૨. ભટ્ટને નીમવા.

૫૯. તા. ૧૮-૭-૧૯૬૧ની અમદાવાદ વિભાગ સ્થાનિક રમત-સમિતિની નીચેની ભલામણ:

"આથી યુનિવર્સિટી વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ સિન્ડર-ટ્રેક તથા અંદરના મેદાનનો ઉપયોગ અમદાવાદ શહેરની, મોટું મેદાન ન હોય તેવી, કૉલેજોને કરવા દેવાની તથા આ ઉપયોગ માટે ત્યાં પહોંચવાનો સારો એપ્રોચ-રોડ અને ટ્રેક માટે તેમ જ મેદાનોનો ઉપયોગ થઈ શકે તેવી હાલતમાં રાખવા માટે જરૂરી માણસોની વ્યવસ્થા કરી આપવા માટે આ સભા યુનિવર્સિટી સત્તાવાળાઓને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડર-ટ્રેક તૈયાર થાય તે પછી તેના નિભાવ માટે નવી જગ્યાઓ ઊભી કરવાનું વિચારવું. દરમિયાન, જો કોઈ સાધનસામગ્રી ખરીદવાની જરૂર જણાય તો તે અંગે શારીરિક શિક્ષણના અધિકારીની સાથે ચર્ચાવિચારણા કરીને તે અંગે ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૦. તા. ૨૫-૮-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, આ સભાનો પણ ચોક્કસ અભિપ્રાય છે કે યુનિવર્સિટીની બધી કૉલેજોને તેમ જ યુનિવર્સિટીની ટીમોને યોગ્ય તાલીમ આપી શકે તેવા બેત્રણ રમતોનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતા હોય તેવા બે કે ત્રણ કોચને નીમવા. આના પ્રથમ પગલારૂપે સાર્વજનિક સાયન્સ કૉલેજ, સુરતના પી. ટી. ઇન્સ્ટ્રક્ટર શ્રી. સી. એસ. ભાલાવાલા, કે જેઓ વૉલીબૉલ, એથલેટિક્સ, હૉકી ઉપરાંત ટેનિસ, બેડમિન્ટન વગેરે રમતો રમી જાણી તે વિષે સારું જ્ઞાન ધરાવે છે તેમને, જો તેઓ યુનિવર્સિટીને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે કોચિંગ માટે તેઓની સેવાઓ આપવાની બાંયધરી આપે તો તેમને, નવેમ્બર, ૧૯૬૧થી પતિયાળા મુકામે શરૂ થતા બેઝ-હૉક કોચિંગમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના ખર્ચે મોકલવાની મંજૂરી આપવા આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે. ખર્ચનો આશરે અંદાજ રૂ. ૫૦૦ છે અને તે મંજૂર કરવા સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. એસ. ભાલાવાલા તથા તેમની કૉલેજ ઉપરના ઠરાવમાં જણાવી છે તેવી બાંયધરી આપે તે શરતે તેમને સદરહુ તાલીમ-શિબિરમાં ભાગ લેવા માટે મોકલવા, અને તે માટે રૂ. ૫૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૬૧. નીચે જણાવેલ સંસ્થાઓએ જૂન, ૧૯૬૨થી શરૂ કરાનાર કૉલેજો માટે કરેલી જોડાણ-અરજીઓ પાછી ખેંચી લેાઈ તે અંગે નોંધ લેવા બાબત :

ક્રમાંક	સંસ્થાનું નામ		અભ્યાસક્રમ
૧.	ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ	...	૧. દ્વિતીય વર્ષ વિનયન અને વિજ્ઞાન ૨. કાયદો
૨.	આદર્શ વિદ્યામંદિર, કુબેરનગર, અમદાવાદ	...	દ્વિતીય વર્ષ વિનયન
૩.	આર્ય વિદ્યાસભા, જામનગર	...	દ્વિતીય વર્ષ વિનયન.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૬૨. સિન્ડિકેટે તેની તા. ૧૦–૩–૧૯૬૦ની સભામાં ઠરાવ્યા પ્રમાણે ઉર્દૂ તથા ફારસીના વિષયેામાં ગદ્ય અને પદ્યની કૃતિઓના સંગ્રહો તૈયાર કર્યા છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૬૩. નીચે જણાવેલ કૉલેજોએ જૂન, ૧૯૬૨થી તેમનાં નામ સામે જણાવેલ વિષયેામાં જોડાણ મેળવવા માટે કરેલ જોડાણ-અરજીઓ ઉપર સ્થાનિક તપાસસમિતિઓ નીમ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષયેા	સ્થાનિક તપાસસમિતિના સભ્યો
૧.	શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત	દ્વિતીય વર્ષ વિજ્ઞાન માટે ચાલુ જોડાણ; બી.એસસી. ના વિષય માટે વધારાનું જોડાણ.	૧. ડૉ. એમ. ડી. અવસારે ૨. પ્રિ. કે. વી. દેસાઈ.
૨.	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ	બી.એસસી. વનસ્પતિશાસ્ત્ર (મુખ્ય) અને પ્રાણીશાસ્ત્ર (ગૌણ) માટે ચાલુ જોડાણ.	૧. ડૉ. જે. જે. વિનોય ૨. પ્રો. જે. ડી. ઓઝા.
૩.	શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત	બી.એ. (જન.)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, સમાજ-શાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, અર્ધમાગધી માટે વધારાનું જોડાણ.	૧. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી ૨. ડૉ. તારાબેન પટેલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવા.

૬૪. એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ બી.એસસી. અને એમ.એસસી. પરીક્ષામાં નવસારી કેન્દ્ર પર માયક્રોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષા વખતે વધારાના સ્ટાફની ઉપકુલપતિશ્રીએ આપેલ મંજૂરીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૬૫. ફાઇનાન્સ કમિટીની તા. ૫-૧૦-૧૯૬૧ની સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૬૬. જુનિયર એમ.એ.ના વર્ગમાં અભ્યાસ કરતા શ્રી. એમ. પી. જયસંઘાણીની ચાલુ સાલ ૧૯૬૨માં લેવાનારી બી.એ. એક્સ્ટર્નલ પરીક્ષામાં નામ નોંધવાની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. પી. જયસંઘાણીને, તેઓ બી.એ.ની પરીક્ષામાં એમ.એ. કરતાં જુદા વિષયો સાથે બેસે તે શરતે ૧૯૬૨ની બી.એ.ની પરીક્ષામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે બેસવા માટે પરવાનગી આપવી.

૬૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી "વિદ્યાર્થી સહાયક ફંડ" યોજના હેઠળ આપવામાં આવતી સહાય પરત્વે કૉલેજ/સંસ્થાઓમાં દાખલ કરવામાં આવેલ કુલ વિદ્યાર્થિનીઓના ૨૫ ટકા અને કુલ વિદ્યાર્થીઓના ૨૦ ટકાને Free Studentship લાયક વિદ્યાર્થિની અને વિદ્યાર્થીને આપવા અંગેની ભલામણ કરતા તે કમિશનના સેક્રેટરી તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફ્રી સ્ટુડન્ટશિપ્સ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સૂચનનો અમલ કરવાનું શકય નથી, એમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જણાવવું.

(કમિશનના સદરહુ પત્રની નકલ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૬૮. માર્ચ/એપ્રિલ, ૧૯૬૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામોમાંથી ઉપકુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ સુધારેલાં પરિણામોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૬૯. રિપબ્લિક ડે કન્ટિન્જન્ટમાં જનાર એન.સી.સી. કેડેટ/ઑફિસર દીઠ રૂા. ૧૦૦ની નાણાકીય સહાય આપવાના સરકલ કમાન્ડરના તા. ૫-૧૦-૧૯૬૧ના પત્રાંક ડી.ઓ.પી.આર.જે. પર્સનલ/૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૭૦. તા. ૨૬-૯-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના નીચેના ઠરાવને બહાલી આપવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, કૉલેજોની ૧૯૬૦-૬૧ની તપાસ દરમિયાન માલૂમ પડેલ કમ-વજનવાળા વિદ્યાર્થી દીઠ રૂા. ૨ પ્રમાણે ગણતાં જે રકમ થાય તેટલી રકમની ગ્રાન્ટ જે તે કૉલેજોને આપવી અને તે કૉલેજના આચાર્યશ્રીને યોગ્ય લાગે તેવા જરૂરિયાતવાળા લાગતાવળગતા

વિદ્યાર્થીને ઘટતી દવાઓ, દૂધ વગેરે આપીને વાપરવાની સત્તા આપવી અને આચાર્યશ્રીને વર્ષના અંતે આ અંગેનો રિપોર્ટ તથા હિસાબ યુનિવર્સિટી કાર્યાલય ઉપર મોકલી આપવા જણાવવું."

(નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યા ... ૨૯૦૦થી ૩૦૦૦
અંદાજી ખર્ચ ... ૫૮૦૦થી ૬૦૦૦
બજેટમાં જોગવાઈ ... રૂા. ૧૦,૦૦૦)

આથી ઠરાવવામાં આવે છે કે, ગરીબ વિદ્યાર્થીઓને આરોગ્ય સુધારવા માટે આપવામાં આવતી સહાય અંગેની યુનિવર્સિટીની હાલની યોજના હેઠળ, કમ-વજનવાળા વિદ્યાર્થીઓને પણ તબીબી સહાય અને/અથવા પોષણવર્ધક ખોરાક અને દવાઓ આપવા માટે યોગ્ય કેસોમાં મદદ આપવાનું બની શકશે, એ મતલબનો ઘટતો પરિપત્ર કૉલેજોના આચાર્યોને મોકલવો.

૬૧. ભારતની મધ્યસ્થ સરકાર પાંચ લેખકોનું પ્રતિનિધિમંડળ (ઇન્ડિયન કલ્ચરલ ડેલિગેશન) ૨૧ દિવસ માટે રશિયા મોકલતી હોઈ શ્રી. ઉમાશંકર જોશી (અધ્યક્ષ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન)ને તે અંગે નિમંત્રણ મળ્યું હોવાથી તેમને તા. ૬–૧૦–૧૯૬૧થી તા. ૨૧–૧૦–૧૯૬૧ની ૧૬ દિવસની ખાસ રજા આપવાની તેમની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ઉમાશંકર જોશીની ૧૬ દિવસની રજાઓ ખાસ કેસ તરીકે મંજૂર કરવી.

૬૨. ગુજરાત યુનિવર્સિટીના એમ્પ્લોયીઝ યુનિયનના ઑનરરી જનરલ સેક્રેટરી તરફથી વર્ક્સ કમિટી માટે તેમણે સૂચવેલાં નામોની યાદી તથા તે કમિટીની સભા બોલાવવા અંગેના તેમના તા. ૩૦–૯–૧૯૬૧ના કાગળ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે સિન્ડિકેટે નીચેનો ઠરાવ કર્યો છે:

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ 'વર્ક્સ કમિટી' સ્થપાય તે પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે શ્રી. નવનીતલાલ શોધન, શ્રી. બિહારીલાલ પો. શાહ અને પ્રિન્સિ. એમ. સી. દેસાઈની નિમણૂક કરવી.")

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે બધી બાજુઓ તપાસીને તે અંગે પોતાનો અભિપ્રાય આપવા માટે સ્થાયી કાનૂની સમિતિને જણાવવું.

૬૩. ઑક્ટોબર ૧૯૫૯ની સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રો છાપવાની બાબતમાં મેસર્સ પોપ્યુલર બુક સ્ટોર્સ, સુરત યુનિવર્સિટીના કોપીરાઇટના હકનો ભંગ કરવા બદલ તેમણે અમદાવાદ તથા સુરતનાં વર્તમાનપત્રોમાં જાહેર દિલગીરી દર્શાવેલ છતાં ફરીથી તેના સંચાલકોએ ૧૯૬૦ના બી.કૉમ અંકાઉન્ટન્સીનાં પ્રશ્નપત્રો છાપીને કોપીરાઇટનો ફરીથી ભંગ કર્યો હોઈ તે અંગે પગલાં લેવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સ્થાયી કાનૂની સમિતિની વિચારણા માટે મોકલવી.

૭૪. સ્ટે. ૨૦૯માં ગુજરાતી-ભાષી વિદ્યાર્થીઓને વિકલ્પે અંગ્રેજી માધ્યમ વાપરવાની છૂટ છે તે ગાળા દરમિયાન શિક્ષણ અને પરીક્ષણના કેટલાક વિષયોમાં માધ્યમ માટે અંગ્રેજી અને કેટલાકમાં ગુજરાતી એમ બંને ભાષાઓનો ઉપયોગ કરવાની છૂટ આપવા અંગે આચાર્યશ્રી, એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સના તા. ૭-૧૦-૧૯૬૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટે આ બાબત અંગે વિચારણા કરીને નીચે પ્રમાણે ઠરાવ્યું:

૧. આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સ્ટે. નં ૨૦૯માં આપવામાં આવેલા સમયપત્રકની મર્યાદામાં રહીને, જે વિદ્યાર્થીઓ પરીક્ષાના માધ્યમ તરીકે અંગ્રેજીનો ઉપયોગ કરવા ઇચ્છતા હશે તેમને એક કે વધુ વિષયોમાં, ગુજરાતીનો ઉપયોગ કરવાની છૂટ પણ રહેલી છે.

૨. આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૩૦૮ હેઠળ બી.કૉમ.ની પરીક્ષા માટે સત્રો ભરતા વિદ્યાર્થીઓ કે જેમને ઇન્ટરમીડિયેટ કૉમર્સના 'એકાઉન્ટન્સી' અને 'ફૉર્મ્સ ઑફ ઇકૉનોમિક ઑર્ગેનિઝેશન'ના વિષયોની પરીક્ષા આપવાની છે, તેઓ બી.કૉમ.ના જ વિદ્યાર્થીઓ ગણાય, અને તેથી સ્ટે. ૨૦૯ અનુસાર, ૧૯૬૩ના અંત સુધી, બી.કૉમ.ના વિદ્યાર્થીઓને, એક કે વધુ વિષયોમાં અંગ્રેજીના માધ્યમનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવેલી છે, તે છૂટનો ઉપયોગ, આવા વિદ્યાર્થીઓ ઇન્ટરમીડિયેટ કૉમર્સની પરીક્ષા માટે પણ ૧૯૬૩ના અંત સુધી કરી શકશે.

૭૫. સને ૧૯૬૨-૬૩ના વર્ષ માટે માસિક રૂા. ૨૦૦ની એક એવી દશ પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિઓ આપવા અંગે સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશિપ અને ફેલોશિપ અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૬-૧૦-૧૯૬૧ના રોજ મળેલ બેઠકની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૧૧૪૫૧-૬૮/૧૯૬૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ઑક્ટોબર ૨૦, ૧૯૬૧.
આશ્વિન ૨૮, ૧૮૮૩ (શક).

ક. ચ. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૧૩

Transitory Regulation 2:

"A candidate who has obtained—

(1) 40% of the total marks in any subject or head of passing in the case of Pre-University Examination in Arts;

(2) 40% of the total marks in the subject of 'Languages' or in any heads of passing under the subject of 'Languages' or 44% of marks in any other subject in the case of F.Y. (Pre-University) Examination in Science shall, at his option, be excused from appearing in that subject or head of passing, as the case may be, at a subsequent examination and will be declared to have passed the whole examination, when he has passed in the remaining subject or subjects of the examination, provided that in the subject or subjects in which he appears on the last occasion he must obtain the minimum number of marks in each paper or subject required for passing under the relevant regulations. The candidate passing the examination in this manner by compartments shall not be eligible for a class or for any prize or scholarship to be awarded at the examination.

Notwithstanding what is stated above, candidates who are appearing at the F.Y. (Pre-Uni.) Science Examination with exemption in either one or both of the heads of passing under the head of languages shall be held eligible for a class in accordance with Transitory Regulation 1 (Faculty of Science), but shall not be eligible to any prize or scholarship or other award. It is further provided that a candidate who obtains exemptions in any college or University examination in head of passing only which as a sub-head under a

joint head shall be excused from appearing in the individual subject in which he has earned exemption and shall be required to obtain 25% of the total marks in the remaining subject or subjects under that joint head in order to pass in that joint head."

Regulation 73:

A candidate who has obtained 40% of the total marks in Head I or in an individual subject under Head I or 44 per cent of the total marks in any of the other subjects (including practicals) at an examination, may, at his option, be excused from appearing in that subject, provided he has obtained the minimum in each paper and practical of that subject required under Regulation 72 at a subsequent examination, and will be declared to have passed the whole examination when he has passed in all the subjects of the examination, provided further that in the head or heads in which he appears on the last occasion he shall obtain the minimum in each head of passing as required under Regulation 72. Candidates passing the examination in this manner in compartments will not be eligible for a prize or a scholarship or any other award.

Notwithstanding what is stated above, a candidate who appears at this examination with exemption in either or both the papers under the head of languages or who has earned exemptions at one sitting in all subjects other than a language or languages shall be entitled to a class in accordance with R. 72 on his passing in the remaining subject or subjects at a subsequent examination.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૩

A meeting of the Selection Committee for recommending names for appointment of a Reader in Statistics in the University School of Social Sciences, Gujarat University, was held on Monday, the 18th of September, 1961, at 11-30 a.m., in the Office of the Bombay University, Shri Lalbhai R. Desai, Vice-Chancellor, Gujarat University, presiding.

The following was the attendance of the Members:

1. Shri L. R. Desai	Present
2. Dr. N. M. Bhatt	Present
3. Shri K. V. Ramchandran	Present
4. Prof. M. C. Chakrabarti	Present

The following candidates appeared for interview for the post of Reader:

1. Shri Khatri Chinubhai Ghelabhai
2. Shri K. N. Mazumdar
3. Shri Shantilal M. Shah.

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved as follows:

Dr. Khatri be appointed as a Reader in Statistics, on a starting salary of Rs. 600 per month in view of his research work and experience.

L. R. Desai
N. M. Bhatt
K. V. Ramchandran
M. C. Chakrabarti.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૦

ગુજરાત યુનિવર્સિટીની ગ્રંથાલય સમિતિએ તા. ૨૩-૩-૧૯૬૧ના રોજ મળેલી સભામાં તેના ઠરાવ નં. ૩૯થી નીચેના પાંચ સભ્યોની એક પેટાસમિતિ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ગ્રંથાલય-સમિતિના હેવાલનો ઝીણવટથી વિગતવાર અભ્યાસ કરી, તે વિશેનો પોતાના અભિપ્રાયનો હેવાલ ગ્રંથાલય-સમિતિ સમક્ષ રજૂ કરવા માટે નીમી હતી :

૧. પ્રૉ. બી. આર. શિનોય
૨. પ્રૉ. ઉમાશંકર જોશી
૩. પ્રિ. ડૉ. વાય. જી. નાયક
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૫. શ્રી. કીકુભાઈ ૨. દેસાઈ (કન્વીનર).

આ સમિતિની ત્રણ સભાઓ તા. ૧-૪-૧૯૬૧, તા. ૧-૮-૧૯૬૧ અને તા. ૧૭-૮-૧૯૬૧ના રોજ મળી હતી. પહેલી સભામાં નીચેના ચાર સભ્યો હાજર હતા :

૧. પ્રિ. ડૉ. વાય. જી. નાયક
૨. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૩. પ્રૉ. બી. આર. શિનોય
૪. શ્રી. કીકુભાઈ ૨. દેસાઈ.

બીજી સભામાં બધા જ સભ્યો હાજર હતા અને ત્રીજી સભામાં નીચેના ચાર સભ્યો હાજર હતા :

૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૨. પ્રૉ. ઉમાશંકર જોશી
૩. પ્રૉ. બી. આર. શિનોય
૪. શ્રી. કીકુભાઈ ૨. દેસાઈ.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ગ્રંથાલય-સમિતિના અહેવાલ પરત્વે સમિતિના સભ્યો સર્વાનુમતે નીચે જણાવેલો અભિપ્રાય વ્યક્ત કરે છે :

૧. મકાન, ફિટિંગ્સ અને ફર્નિચર વિશેની ભલામણો નીચેના સુધારા સાથે સ્વીકારવા જેવી છે :

(ક) આપણી યુનિવર્સિટી મુખ્યત્વે જોડાણ આપનારી (affiliating) હોવાથી વાચન-ખંડોમાં વાચકો માટે રાખવાની બેઠકો અમદાવાદના જ વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં લઈ રાખવી,

અને તે પ્રમાણે જોતાં ગ્રંથાલયના નવા મકાનમાં અધ્યયન-ખંડમાં ૪૦૦ અને વાચનાલય-ખંડમાં ૨૦૦ બેઠકો રાખવી જોઈએ અને સંશોધન-વિદ્યાર્થીઓ માટે ૫૦ ઓરડીઓ (cubicles) રાખવી જોઈએ.

(ખ) નવા મકાનમાં મેન્યુસ્ક્રિપ્ટ્સ તથા કિંમતી અપ્રાપ્ય પુસ્તકો માટેનો એક ખંડ ઉપરાંત વાચકો છૂટથી પુસ્તકોનો પરિચય મેળવે તે માટે રાખવામાં આવનારા બીજા એક ખંડ (browsing room)ને પણ વાયુ-અનુકૂલિત (air-conditioned) કરાવવો.

(ગ) યુનિવર્સિટી વિસ્તારમાં સહકારી ધોરણે ચાલતો પુસ્તકો વેચવાનો સ્ટોર હોય તે ઇચ્છવા-જોગ છે. પરંતુ તે ગ્રંથાલયના ભાગ તરીકે ન હોવો જોઈએ. તે ગ્રંથાલયની નજીક હોય તેટલું જ પૂરતું છે.

(ઘ) ભાષાઓ શીખવા માટે તેમ જ જુદા જુદા વિષયોનાં વ્યાખ્યાનોની રેકર્ડો બીજાઓને ખલેલ ન પહોંચે એવી રીતે સાંભળવા માટેનો એક ખંડ (listening room) નવા મકાનમાં રાખવો જોઈએ.

૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ગ્રાન્ટના ઉપયોગ સંબંધીની બધી જ ભલામણો સ્વીકારવા જેવી છે અને ગ્રંથાલયમાં આવતાં પુસ્તકો જલદીમાં જલદી વાચકોના ઉપયોગમાં આવતા થઈ જાય તેમ કરવા માટે કમિશને પોતાની ગ્રાન્ટનો ⅓ ભાગ એ કામ માટે જોઈતા વધારાના સ્ટાફ પાછળ ખર્ચવાની છૂટનો પૂરેપૂરો ઉપયોગ કરવો જોઈએ.

૩. વાચનસામગ્રી વિષેની ભલામણો નીચેના સુધારા સાથે સ્વીકારવા જેવી છે :

(ક) પાઠ્યપુસ્તકોની એકથી વધારે નકલો રાખતો જે સંગ્રહ રાખવામાં આવે તે હાલ પૂરતો અનુસ્નાતક તથા સ્નાતક કક્ષાનાં પુસ્તકો માટે મર્યાદિત રાખવો અને એ સંગ્રહમાંનાં પુસ્તકો ગ્રંથાલયમાં જ રહે એવી વ્યવસ્થા કરવી.

(ખ) દરેક વિષયમાં તે વિષય માટે રાખેલી રકમની પેટા-ફાળવણી ન કરતાં હાલની પ્રથા (પુસ્તકો માટે તથા સામયિકો માટે જુદી રકમની બજેટમાં ફાળવણી) ચાલુ રાખવી એ ઇચ્છવાજોગ છે.

(ગ) પુસ્તકો માટે જોગવાઈ કરેલી રકમની વિષયવાર ફાળવણી હાલના તબક્કે કરવી ઇચ્છવા જોગ નથી; એને બદલે હાલની પ્રથા ચાલુ રાખવા જેવી છે.

(ઘ) ભવનોને વારંવાર ઉપયોગમાં આવે એવાં ૨૦૦૦ પુસ્તકો તેમને લોન તરીકે આપવામાં આવે એ ભલામણના અમલની સાથે સાથે એ પુસ્તકસંગ્રહની વ્યવસ્થા માટે એક કારકુન આપવાની વ્યવસ્થા થવી જોઈએ.

૪. પુસ્તકના પ્રકાશક તેમ જ વિક્રેતા જોડેના સંબંધ વિશેની ભલામણોનો સાર્વત્રિક અમલ ન થાય ત્યાં સુધી હાલની પ્રથા ચાલુ રાખવાનું ઇચ્છવાજોગ છે.

૫. ગ્રંથાલયના કર્મચારીઓ વિશેની ભલામણો (તેમની ફરજો, સંખ્યા, વેતન વગેરે) સ્વીકારવા

યોગ્ય છે, અને આપણા ગ્રંથાલયના કર્મચારીઓની હાલની સંખ્યામાં ક્રમે ક્રમે વધારો કરી ત્રણ વર્ષમાં ગ્રાન્ટ્સ કમિશનની સમિતિની ભલામણમાં જણાવેલા પ્રમાણ જેટલી કરવી જોઈએ.

૬. હાલમાં આપણી યુનિવર્સિટીમાં ગ્રંથપાલ તાલીમ વર્ગ ન હોવાથી એ વર્ગની વ્યવસ્થા વિશેની ભલામણો સંબંધી વિચાર કરવામાં આવ્યો ન હતો.

પ્રો. બી. આર. શિનોય
શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
પ્રિ. ડૉ. વાય. જી. નાયક
પ્રો. ઉમાશંકર જોશી
શ્રી. કીકુભાઈ ૨. દેસાઈ (કન્વીનર).

સમિતિના સભ્યો

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૩૭

સને ૧૯૬૧ના માર્ચ/એપ્રિલ માસમાં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પરીક્ષકોના હસ્તક થયેલ ભૂલોના કેસો ઉપર તેમ જ વિદ્યાર્થીઓએ અનુભાવેલ ગેરવાજબી ઇલાજોના કેસો ઉપર વિચારણા કરવા પરીક્ષા શુદ્ધિસમિતિની એક બેઠક યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૧-૯-૧૯૬૧ના રોજ ૩-૩૦ વાગ્યે મળી હતી. તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. એમ. ડી. પટેલ	હાજર
૩. શ્રી. એમ. પી. દેસાઈ	હાજર
૪. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ	ગેરહાજર
૫. શ્રી. ઇન્દ્રવદન નાણાવટી	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિશ્રીએ લીધું હતું.

૧. શરૂઆતમાં તા. ૨૪-૭-૧૯૬૧ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની સભા બાદ શ્રી. વી. એસ. વણીકર ઉપકુલપતિશ્રીને મળ્યા હતા અને તે બાબતમાં શ્રી. વણીકરનો પત્ર આવ્યો હોવાથી બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૪૪૭ના કેસમાં ફરી વિચારણા કરવામાં આવી હતી.

૨. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૪૫૧ની ગણિત વિષયની પ્રશ્નપત્ર બે, વિભાગની એકની ઉતરવહીમાં પ્રશ્ન નં. ૫ના ગુણ અલગ ન દર્શાવતાં પ્રશ્નપત્ર ૬ના ગુણ ભેગા ગણ્યા તે ભૂલ બદલ પરીક્ષક શ્રીમતી વી. બી. ત્રિપાઠીના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.

૩. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૭ની અંગ્રેજી વિષયની બીજી ગૌણ ઉત્તરવહીમાં પ્રશ્ન ૫(સી) વિદ્યાર્થીએ છેલ્લે પાને લખ્યો હતો, જે નહિ તપાસવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. એમ. વી. રાજાધ્યક્ષના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.

૪. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૭૮૦ની સાયકોલોજી 'માનસશાસ્ત્ર' વિષય વિભાગ ૨ની ઉત્તરવહીમાં પ્રશ્ન નં. ૬ના ગુણ પ્રશ્નને છેડે આપેલા નથી પણ આગળના પાને આપેલા છે તથા પ્રશ્ન નં. ૭ના ગુણ પ્રશ્ન તપાસ્યો હોવા છતાં આપ્યા નથી તે ભૂલ બદલ પરીક્ષક શ્રી. આર. જી. ભટ્ટના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.

૫. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૦૭ની અંગ્રેજી વિષયની ઉત્તરવહીમાં વિદ્યાર્થીએ પ્રશ્ન ૨ લખેલ નહિ હોવા છતાં પરીક્ષકે ઉત્તરવહીના મુખપૃષ્ઠ પર માર્કિંગ કોલમમાં પ્રશ્ન ૨ના ખાનામાં ૩ ગુણ મૂકયા અને મજકૂર ૩ ગુણ સરવાળામાં પણ ગણ્યા છે તે ભૂલ બદલ પરીક્ષક શ્રીમતી વી. એસ. નવલકરના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.

૬. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૭૮૬એ અંગ્રેજી વિષયના પ્રશ્ન નં. ૨ મુખ્ય ઉત્તરવહી પરનાં પાનાં ૬, ૭ અને ગૌણ ઉત્તરવહીનાં પહેલા, બીજા અને ત્રીજા પાનાં સુધી લખ્યો છે, જેમાં પરીક્ષકે વ્યકિતગત ગુણ ૧½ + ૨ + ૧½ + ½ દર્શાવેલ છે; જ્યારે મજકૂર પ્રશ્નનો સરવાળો ૫½ એટલે ૬ને બદલે ૪ ગુણ દર્શાવ્યો છે તે બદલ પરીક્ષક શ્રી. એન. જે. ત્રિવેદીના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.

૭. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૯૪૬એ અંગ્રેજી વિષયના પ્રશ્નપત્રમાં પ્રશ્ન ૨ બીજી ગૌણ ઉત્તરવહીના ૩, ૪ અને ત્રીજી ગૌણ ઉત્તરવહીના મુખપૃષ્ઠ પર સુધી લખ્યો છે જેના વ્યકિતગત ગુણ ૧ + ૧ + ૧½ + ½ = ૪ થાય છે, જ્યારે પરીક્ષકે ૩ ગુણ દર્શાવેલ છે, તે ભૂલ બદલ પરીક્ષક શ્રીમતી વી. એસ. નવલકરના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.

૮. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૮૧૬એ તર્કશાસ્ત્ર — પેપર ૧, વિભાગ ૧નો પ્રશ્ન ૪, પાના નં. ૭ અને ગૌણ ઉત્તરવહીના પાના નં. ૧ સુધી લખ્યો છે જેમાં પરીક્ષકે પ્રશ્ન ૪(અ)માં ૧½ ગુણ અને પ્રશ્ન ૪ (બ)માં ½ ગુણ + ૧½ ગુણ + ½ ગુણ એમ વ્યકિતગત ગુણ દર્શાવી સરવાળે ૨½ ગુણને બદલે ૩½ ગુણ ગણ્યા છે. તેથી પ્રશ્ન ૪નો કુલ સરવાળો ૪ને બદલે ૫ દર્શાવેલ છે તે ભૂલ બદલ પરીક્ષક શ્રી. એસ. એમ. આંબાણીના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.

૯. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં ૧૨૬૮એ ભારતનો આર્થિક ઇતિહાસ — પેપર ૧, વિભાગ ૨માં પ્રશ્ન નં. ૧૧ અને ૧૨ ઉત્તરવહીમાં લખ્યા છે. ઉત્તરવહીમાં પ્રશ્ન ૧૨ ઉત્તરવહીમાં લખ્યા છે. ઉત્તરવહીમાં પ્રશ્ન ૧૨ના ૮ ગુણ આપ્યા છે. જ્યારે ઉત્તરવહીના મુખપૃષ્ઠ પર મજકૂર પ્રશ્નના ગુણ રદ કરી ૧૧મા સવાલની સામે ૮ દર્શાવવાની તથા મુખ્ય ઉત્તરવહીમાં પાનાં નં. ૩ અને ૪ પર લખેલ સવાલ નં. ૧૧ ન તપાસવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. એમ. એ. શાહના મહેનાતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.

૧૦. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૦૩એ ફિઝિકસ — પ્રશ્નપત્ર ૨, વિભાગ ૧ના પ્રશ્ન ૪ ગૌણ ઉત્તરવહીના પહેલા, બીજા, ત્રીજા અને ચોથા પાનાં સુધી લખ્યો છે જેમાં પરીક્ષકે પાના નં. ૧ ઉપર ૧ ગુણ, પાના ૨ ઉપર ૧ ગુણ, પાના ૩ ઉપર ૩ ગુણ અને પાના ૪ ઉપર ૪ ગુણ દર્શાવ્યા છે, જેનો વ્યકિતગત સરવાળો ૯ ગુણ થાય છે જ્યારે પરીક્ષકે ૮ ગુણ દર્શાવ્યા છે તે બદલ પરીક્ષક શ્રી. આઈ. એમ. પંડિતના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.

૧૧. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૦૮૫૫ના નાગરિકશાસ્ત્ર વિષયની મુખ્ય ઉત્તરવહીનાં પાનાં ૪થી ૭ પરના પ્રશ્નો નં. ૬, ૮ અને ૧૧ નહિ તપાસ્યાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. જી. એલ. ભાવસારના મહેનતાણામાંથી રૂા. ૨૦-૦૦ કાપી લેવા.

૧૦. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ બી ઈ. (મિકેનિકલ) પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૯૨ની મટિરિયલ્સ અને સ્ટ્રક્ચર વિષયની પ્રશ્નપત્ર ૨, વિભાગ એની ઉત્તરવહીના પ્રશ્ન ૧૦ કે જે બીજી ગૌણ ઉત્તરવહીના પાનાં નં. ૨ અને ૩ ઉપર લખેલ છે ન તપાસ્યાની ભૂલ બદલ પરીક્ષક શ્રી બી. એમ. જનાના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.

૧૩. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ પ્રથમ વર્ષ વાણિજ્યની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૪૭૭ની અંગ્રેજી વિષયના પ્રશ્ન ૧માં વિદ્યાર્થીએ મુખ્ય ઉત્તરવહીના પાના ૭ અને ગૌણ ઉત્તરવહીના પહેલા પાના સુધી લખ્યો છે, જેમાં પરીક્ષકે મુખ્ય ઉત્તરવહીના પાના ૭ ઉપર ૩ ગુણ દર્શાવેલ છે અને ગૌણ ઉત્તરવહી ઉપર લખેલ લખાણ તપાસાયું જણાતું નથી અને પ્રશ્નપત્ર ૨ના પ્રશ્ન ૨ના ગુણ વ્યક્તિગત ૧½ + ૧½ એમ અનુક્રમે પાના ૩ અને ૪ પર દર્શાવી કુલ ૨ ગુણ, પાના નં. ૪ ઉપર ગણ્યા છે; પરંતુ મજકુર પ્રશ્નના કુલ ગુણ ૨ને બદલે ૩ થાય છે, તે ભૂલ બદલ પરીક્ષક શ્રી ટી. કે મોદીના મહેનતાણામાંથી રૂા. ૫.૦૦ કાપી લેવા.

૧૪. માર્ચ એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૭૪૮ની ફિઝિક્સ વિષયની ઉત્તરવહીમાં વિદ્યાર્થીએ પ્રશ્ન ૩ કે જે મુખ્ય ઉત્તરવહીના પાના ૭ ઉપર લખ્યો છે જેના ૬ ગુણ પરીક્ષકે મુખ્ય ઉત્તરવહીના મુખપૃષ્ઠ પર નથી તથા વિદ્યાર્થીએ સાતને બદલે આઠ સવાલ કર્યા છે તેથી પ્રશ્ન ૨ના ૦ ગુણ આ કાર્યાલયે મોકલેલ સૂચના ૫૮(૩) પ્રમાણે રદ કરવો જોઈએ તે રદ કરેલ નથી.

સદરહુ સૂચનાનું પાલન ન કરવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. એચ. એમ. શાહને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.

૧૫. માર્ચ/એપ્રિલ ૧૯૬૧ના એપ્રિલ માસમાં લેવાયેલ પહેલી એમ.બી.,બી એસ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૨૬ કે જેણે ફિઝિયોલોજી — પ્રશ્નપત્ર ૨, વિભાગ ૨ની ઉત્તરવહીમાં પ્રશ્નવાર ૧૨ + ૮ + ૧૨ = ૩૨ ગુણ મેળવ્યા હતા, પરંતુ સદરહુ ઉત્તરવહીના મુખપૃષ્ઠ ઉપર ૩૦ સરવાળો કરવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. ડી. એન. બાગચીના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.

૧૬. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૦૬૦ની લોજિક વિષયના પ્રશ્નપત્ર ૨ની ઉત્તરવહીમાં વિભાગ ૧ અને વિભાગ ૨ના અનુક્રમે ગુણ ૧૧ + ૩૧ = ૪૨ માલૂમ પડ્યા, જ્યારે પરિણામપત્રકોમાં અને પરીક્ષકે આપેલ ગુણપત્રકોમાં સદરહુ વિદ્યાર્થીના પ્રશ્નપત્ર એક અને એના કુલ ગુણ ૫૧ માલૂમ પડ્યા. કાર્યાલયને તપાસ કરતાં જણાયું કે અધ્યક્ષ પરીક્ષકે પ્રશ્નપત્ર એકના વિભાગ ૨ના વ્યક્તિગત ગુણ કોન્સોલિડેટેડ ગુણપત્રકમાં ઉમેર્યા નહોતા. વધુ તપાસ કરતાં જણમાં આવ્યું કે, આ પ્રકારની ભૂલ સળંગ નં. ૨૦૪૧થી ૨૧૦૦ સુધી રહેવા પામી હતી જે પાછળથી જાહેરનામા નં ૧૦૮થી તા. ૩-૮-૧૯૬૧ના રોજ સુધારી લેવામાં આવી હતી. સદરહુ ભૂલ બદલ અધ્યક્ષ શ્રી. યુ. જે. ત્રિવેદીના મહેનતાણામાંથી રૂા. ૨૫.૦૦ કાપી લેવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે અધ્યક્ષ શ્રી. યુ. જે. ત્રિવેદીને આગામી બે વર્ષ માટે આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં પ્રાશ્નિક કે પરીક્ષક તરીકેની કામગીરી સોંપવી નહિ.

૧૭. સને ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૧૪૪ને 'જગતના ધર્મો'ના વિષયમાં ૩૧ ગુણ મળતા હતા. પરંતુ આ વિદ્યાર્થીને તેની કૉલેજ આપેલી પરિણામપત્રકની નકલમાં ૪૪ ગુણ દર્શાવેલા હોવાથી મજકૂર વિદ્યાર્થીએ સદરહુ વિષયમાં મુક્તિ મળે છે એમ ધારી છેવટની ઘડી સુધી તે આ વિષયની તૈયારી કરી શકયો નહોતો. આ ભૂલ બદલ કાર્યાલયના સભ્ય શ્રી. આઈ એસ. શાહના રૂા. ૨-૦૦ કાપવા.

૧૮. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ બી.કૉમ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૮ કે જેને ઑકાઉન્ટિંગ અને ઑડિટિંગ વિષયના પ્રશ્નપત્ર બેમાં ૨૫ ગુણ મળતા હતા. પરીક્ષકે તે ગુણપત્રકમાં ૩૩ ઉતાર્યા હતા, એવો તેઓને ૩૩નો ૨૫ કરવાનો સુધારો પરિણામપત્રકમાં નહિ દર્શાવવાની ભૂલ બદલ કાર્યાલયના સભ્યો સર્વ શ્રી. બી. ડી. પટેલ અને એચ. સી. મંડયાના દરેકના રૂા. ૨-૦૦ કાપવા.

૧૯. સને ૧૯૬૧ના માર્ચ/એપ્રિલ માસમાં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૯૭૯ કે જે અગાઉ ૧૯૬૦માં મળેલ ઉપલા ધોરણનાં સત્રો ભરવાના લાભને આધારે ૧૯૬૧માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં પણ બેઠક નં. ૧૩૨થી બેઠો હતો. મજકૂર વિદ્યાર્થીને તેને ૧૯૬૦ના પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષાનું ગુણપત્રક તૈયાર કરતી વેળાએ અને ચકાસણી વેળાએ આ વિદ્યાર્થીને અંગ્રેજી અને હિંદીના વિષયોમાં બેસવાનું છે તેમ ન દર્શાવતાં ફક્ત અંગ્રેજીના જ વિષયમાં બેસવાનું છે તેમ ખોટી રીતે જણાવ્યું હતું, જેથી તેમ ન દર્શાવાતાં ફક્ત તે અંગ્રેજીના જ વિષયમાં બેઠો હતો અને હિંદીના વિષયમાં બેઠો નહોતો. આ અંગેની તપાસ દરમિ ાન તેનું અન્ને પરીક્ષાએ નું પરિણામ અનામત રાખવું પડયું હતું. જે પાછળથી. તા. ૮-૭-૧૯૬૧ની સિન્ડિકેટના હરાવ મુજબ જાહેરનામા નં. ૮૭૫૫ તા. ૧૪-૭-૧૯૬૧ના રોજ પાસ વર્ગમાં ઉત્તીર્ણ થતાં જાહેર કર્યુ અને તેનું દ્વિતીય વર્ષ વિનયનનું અનામત પરિણામ નાપાસ હોવાથી નાપાસ તરીકે જાહેર કર્યું. આ પ્રમાણે ખોટું ગુણપત્રક તયાર કરવાની ભૂલ બદલ કાર્યાલયના સભ્યો સર્વ શ્રી. કે. બી. શાહ અને સી એમ. જોસના દરેકના રૂા ૫-૦૦ કાપવા.

૨૦. સને ૧૯૬૧માં માર્ચ/એપ્રિલ માસમાં લેવાયેલ દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૫૦૭ કે જેઓ અગાઉ મળેલ એ.ટી.કે ટી.ના આધારે સને ૧૯૬૧ની પ્રથમ વર્ષ વાણિજ્યની પરીક્ષામાં પણ બેઠક નં. ૧૪૭૯થી આપ્રા રહેલા વિષયોમાં બેઠા હતા અને તેમાં ઉત્તીર્ણ થયા હતા છતાં તેમનું દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષાનું પરિણામ અનામત રખાવવાની ભૂલ બદલ કાર્યાલયના સભ્યો શ્રી. પી. ટી. પટેલ તથા કુ પુષ્પાબેન પી. શાહના દરેકના રૂા. ૫-૦૦ કાપવા.

૨૧. સને ૧૯૫૯ના માર્ચ/એપ્રિલ માસમાં લેવાયેલ બી કૉમ.ની પરીક્ષામાં ઓ. ૩૦૯ની રૂએ બેઠેલ વિદ્યાર્થી નં. ૪૫૪ તથા ૪૭૮નાં અનામત પરિણામો તેઓ સને ૧૯૬૧માં લેવાયેલ દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં અનુક્રમે બેઠક નં. ૧૮૦૩ અને ૧૮૩૮થી બેસી ઉત્તીર્ણ થયા હોવાથી જાહેર કરવાં જોઈએ પણ તે જાહેર ન કરવાની ભૂલ બદલ અનામત પરિણામમાં જાહેર કરવાની યાદી તૈયાર કરતી વેળાએ સંબંધકર્તા તમામ જાહેરનામાં બરાબર નહિ જોવાથી થયેલ ભૂલ બદલ કાર્યાલયના સભ્ય શ્રી આર. સી. શાહના રૂા. ૫-૦૦ કાપવા.

૨૨. સને ૧૯૬૧ના એપ્રિલ માસમાં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૭૭૬ તથા વિદ્યાર્થી નં. ૬૫૮૬ કે જેમને ઇકોનોમિક હિસ્ટરી વિષયના પ્રશ્નપત્ર બે, વિભાગ બે-ના પરીક્ષકોએ આપેલ ગુણોના સરવાળામાં પરીક્ષકના હસ્તક જે ભૂલો રહેવા પામી હતી તે ગુણપત્રો ચકાસણીનું કામ કરતી વેળાએ પેપર ૧ અને ૨ના સંયુક્ત ગુણપત્રકમાં જે સુધારો કરવો આવશ્યક હતો તે રહી જવાની ભૂલ બદલ કાર્યાલયના સભ્યો સર્વશ્રી ડી. જે. આવીશી તથા બી. એસ. શાહના દરેકના રૂા. ૨-૦૦ કાપવા.

૨૩. સને ૧૯૬૧ના માર્ચ માસમાં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૭૦૩ કે જેને હિંદી-ગુજરાતીના વિષયમાં ૩૭ અને અંગ્રેજીના વિષયમાં ૩૩ એમ ભાષાકીય જૂથમાં કુલ ૭૦ ગુણ મળે છે જ્યારે પરીક્ષકોએ સુપરત કરેલ ગુણપત્રકમાં ઉપરોક્ત બન્ને વિષયોના ગુણનો સરવાળો કરતી વેળાએ અને ચકાસણી વેળાએ કુલ સરવાળો ૭૦ને બદલે ૬૦ દર્શાવવાની ભૂલ બદલ કાર્યાલયના સભ્યો સર્વશ્રી. આર. સી. શાહ અને બી. એલ. જાડાવાલાના દરેકના રૂા. ૨-૦૦ કાપવા.

ત્યાર બાદ સને ૧૯૬૧ના માર્ચ/એપ્રિલ માસમાં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવાજબી ઇલાજો અજમાવ્યા હતા તે પૈકીના બાકીના કેસો વિચારણા માટે સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યા હતા. સદરહુ કેસોના બંધ કાગળો સમિતિએ જોઈતપાસી નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરેલ છે:

વિદ્યાર્થી નંબર	પરીક્ષા	સમિતિની ભલામણ
૪૧૩૮	દ્વિતીય વર્ષ વિનયન	આ વિદ્યાર્થી સામે કોઈ પગલાં લેવાં નહિ અને પરિણામ જાહેર કરવું.
૪૧૩૯	,,	આ વિદ્યાર્થી સામે કોઈ પગલાં લેવાં નહિ અને પરિણામ જાહેર કરવું.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૫૦

ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની ૩૬મી વાર્ષિક સભામાં થયેલા ઠરાવો પૈકી યુનિવર્સિટીઓને ધ્યાનું કરવા મોકલાયેલ નીચેના ઠરાવો :

ઠરાવ	કાર્યાલયનું સૂચન
I (1) Recognition of Universities, degrees and examinations: The attention of the members of the Board was invited to the resolution on the Report of the Committee with regard to the mutual recognition of degrees by Universities. —University of Madras. ***Reference :*** The Report of the Committee is printed as Appendix 'A' to the Proceedings of the Twenty-seventh Annual Meeting of the Inter-University Board, held at Delhi on Saturday, 21st December, 1951. ***Resolution of the Board on the item :*** "Resolved that the Report as modified be approved and suitable action taken thereon." ***Note.***— The recommendations of the Committee were sent to the Universities and most of the Univers ties were in favour of the recommendations. Resolved that for admission to the post-graduate classes each case from another University should be decided on its merit taking into consideration the standard of achievement in the main subject studied and the nature of the subjects proposed to be offered for the post-graduate classes.	સૈદ્ધાન્તિક સ્વીકાર કરવા સૂચન છે.

III (1) Recognition of non-University qualifications:

Considered the recommendations of the Inspection Committee appointed by the Standing Committee on the question of equivalence of the Rural Services Diploma with the first degree of Universities.

Resolved that the Inter-University Board generally agrees with the recommendations of the Inspection Committee appointed by the Standing Committee on the question of equivalence of the Rural Services Diploma with the first degree of Universities and requests the Universities to implement them as far as possible. The recommendation of the Committee is as follows:

"After taking into consideration the quality of students that seek admission to these Institutes, the courses of study and the training generally imparted and its standard of examinations, we would recommend that selected candidates be accepted as well for purposes of post-graduate instruction. The only point is for what subjects will students of these Institutes be fit for carrying on post-graduate work of the University standard. Obviously they will not be qualified for English, Mathematics or a Science subject. The courses in which they can with profit prosecute higher studies are Economics, Sociology and History and some other disciplines in the Humanities. In view of the valuable experiment that is being carried on in Education by these institutes we would like that Universities should extend the maximum possible amount of consideration to these students and will admit the deserving ones to post-graduate classes in the subjects Of course, the admission to post-graduate classes are always made on merit and those students who have obtained the first or second class in the diploma examination be considered eligible for admission to post-graduate courses. We also recommend them for professional training like Education, Law, Public Administration, etc."

આ બાબત હમણાં મળેલ ઇક્વિવેલેન્સ સમિતિ સમક્ષ હતી તેની નીચેની ભલામણ, જે સિન્ડિકેટે મંજૂર કરી છે તે મુજબ જણાવવું:

"આથી ઠરાવવામાં આવે છે કે રૂરલ સર્વિસીઝના ત્રણ વર્ષના અભ્યાસક્રમને ડિપ્લોમા પાસ કરી આવનાર વિદ્યાર્થીના કેસ વ્યક્તિગત ગુણવત્તા જોઈને ઘટતી વિચારણા કરવાનું રાખવું"

III (4) Considered the following recommendation of the Estimates Committee of the Lok Sabha made in their 7th Report received from the Council of Scientific and Industrial Research, New Delhi :

"The Committee finds that while some laboratories have been recognised for post-graduate research work by a few Universities others have been recognised by a large number of Universities. The Committee see no reason why there should be such a diversity in this respect. They consider that the question of recognition of National Laboratories/Institutes by the various Universities for research work needs further attention and suggest that the necessary steps may be taken to bring about greater uniformity in the matter as early as possible."

Note 1 — References : Resolution No. VI(1) of the 28th Annual Meeting of the Inter-University Board of India held at Waltair on 5th January, 1953, reproduced below :

"The Inter-University Board is of opinion that ordinarily non-University Diplomas cannot be recognised as equivalent to University degrees, but it feels that in the case of those who hold non-University professional qualifications of a high class, the Universities concerned may waive a strict compliance with the Regulations and admit such candidates to pursue courses of study for higher degrees in the Universities if satisfied of their capacity."

The Inter-University Board is of opinion that the National Laboratories that have been established and are working under the Council of Scientific and Industrial Research should be recognised for purposes of post-graduate study and research by the different Universities but so far as the first research degree is concerned, the Inter-University Board is of opinion that this should always be taken at a University.

બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ સમક્ષ મૂકવા સૂચન છે.

The Inter-University Board is also of opinion that candidates working in these National Laboratories, or any where also in laboratories and Institutes recognised by the Inter-University Board, should, after the period of research, supplicate for any post-graduate degree to the University from which they had previously graduated."

2. A list showing the names of National Laboratories which have been recognised by different Universities for research is printed in Appendix 'E'

Resolved that all National Laboratories be given general recognition.

Resolved Further that each University will have to consider in the light of its own regulations and its requirements to what subjects of research recognition can be given. It is understood that where the University is fully equipped for research in its own departments, candidates will naturally be expected to work in those departments. Research for the first degree should preferably be conducted in the University departments if full facilities and personnel are available. In cases where the Universities are not in a position to provide these facilities, the National Laboratories will be requested to accept candidates for research, such candidates being asked to supplicate for the research degrees of their own Universities.

IV. Student-discipline:

Considered the steps for preventing students of colleges from coming under the influence of local political/communal/religious or other groups.

—University of Kerala.

સિન્ડિકેટના નિર્ણયની અપેક્ષા છે.

Resolved that the Inter-University Board recognises the influences of political or communal groups to be deleterious for the welfare of the students and would suggest that each University should take such steps as may be found desirable to avoid as far as possible such influences being exerted on the student population.

V.(4) Considered the recommendations made by the All-India Law Conference regarding legal studies in Universities.

Resolved that the report of the sub-Committee on Legal Studies be printed and circulated to the Universities for their opinion and placed before the next meeting of the Inter-University Board.

સિન્ડિકેટના નીચેના ઠરાવ પ્રમાણે જવાબ આપવો :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં મુદ્દા નં. ૨૦ અને ૨૧ આ યુનિવર્સિટીને સ્પર્શતા નથી, તથા મુદ્દા નં. ૧૮નો સ્વીકાર કરવો નહિ તથા તે સિવાયના અન્ય મુદ્દાઓ પરત્વે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ભલામણ મંજૂર કરવી."

V. Considered the following proposal of the University of Kerala:

(5–a) Improving standards of teaching and learning of English in the University classes.

Resolved that improvement of teaching and learning of English in the college classes will follow only (1) if sufficient attention is devoted to the teaching of the subject in the secondary schools and the teaching imparted by persons who are well qualified to teach the language; (2) Teachers of English both at the University stage and the secondary stage should be specially trained and should be competent to carry out teaching both by virtue of their general qualifications and also by the special training they have received in the methods of teaching English; (3) In the colleges themselves in the Pre-University classes there should be special tutorial classes for students deficient in English; (4) Special care should be taken to frame the courses at the Pre-University stage so that the students may be properly grounded in both the comprehension of the language and its expression.

સિન્ડિકેટના નિર્ણયની અપેક્ષા છે.

V(6–a) Considered the classification and ranking in various examinations of the Indian Universities.

— University of Mysore.

આ બાબતમાં સિન્ડિકેટે એક વાર અસંમતિ દર્શાવી છે, એટલે હવે કશું કરવાપણું રહેતું નથી.

Reference.— Resolution No. 8 of the Standing Committee which met on 30th September, 1960.

"The Standing Committee suggests a revision in regard to grades as follows:

D plus to represent Distinction, 85% or over.

D to represent Distinction, 75% and above but below 85%.

A plus to represent First Class, 68% and above but below 75%.

A to represent First Class, 60% and over but below 68%.

B plus to represent Second Class, 55% and over but below 60%.

B to represent Second Class, 50% and over but less than 55%.

C plus to represent Third Class, 45% and over but less than 50%.

C to represent Third Class, 40% and over but less than 45%.

V(6-b) Considered the following resolution forwarded by the University of Jammu & Kashmir:

"Resolved that a uniform pattern of rules governing the pass percentage and allotment of divisions to candidates in the various examinations be drawn up by the Board for circulation among all the Universities in the country."

આ બાબતમાં સિન્ડિકેટે એક વાર અસંમતિ દર્શાવી છે, એટલે હવે કશું કરવાપણું રહેતું નથી.

Not sent by the University :

"There is great diversity in the rules and regulations governing the pass percentages and allotment of divisions to candidates in various examinations held by Universities in India. In the interest of uniformity of standards it is desirable that the Inter-University Board should provide some guidance in this behalf to the Universities."

Reference.—Resolution No. 8 passed at the meeting of the Standing Committee held on 30th September, 1960 reproduced above.

Resolved that Resolution No. 8 of the Standing Committee which met at Madras on 30th September, 1960, be approved and forwarded to the Universities.

V (7) Considered the following items received from the Ministry of Health, Government of India, New Delhi :

(*i*) Integration of pre-medical courses in the Medical colleges.

(*ii*) Inadequate knowledge of English hampering studies in the initial stages of medical educational and being a contributory cause to the high failure rate in the early medical examinations.

(*i*) Resolved that it is very important that for the First Year of the integrated courses (pre-professional course) senior and well qualified Professors must be available to teach the basic sciences required and if such teachers are not or cannot be provided in the Professional colleges, the courses should be taught in efficient Science colleges where the facilities are available.

(*ii*) Resolved that opportunities of general education including the teaching of English through special methods by specially qualified teachers should be provided at the pre-professional stage at the institutions where the teaching is being imparted.

મેડિકલ ફેકલ્ટી તથા ઇજનેરી ફેકલ્ટીને પૂછવું.

મેડિકલ ફેકલ્ટી તથા ઇજનેરી ફેકલ્ટીના નીચેના અભિપ્રાયો સિન્ડિકેટ સમક્ષ મૂકવા :

ઇજનેરી વિદ્યાશાખાનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયનું જ્ઞાન આપવું આવશ્યક છે તે સિદ્ધાંત સાથે આ વિદ્યાશાખા સહમત છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઇજનેરી વિદ્યાશાખામાં પાંચ વર્ષનો સુગ્રથિત અભ્યાસક્રમ દાખલ કરવાનો હોઈ અને તેમાં અંગ્રેજી વિષયનો અધ્યાપનનો પ્રશ્ન સમાયેલો હોઈ આ બાબતમાં હાલ કશું કરવાનું નથી."

મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ :
(નોંધ મંજૂર થઈ નથી.)

"એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમમાં અંગ્રેજીના માધ્યમ અંગે ચર્ચા-વિચારણા કરી, આ વિદ્યાશાખા એવો અભિપ્રાય આપે છે કે, પ્રથમ એમ.બી , બી.એસ.ના અભ્યાસ દરમિયાન અંગ્રેજીનો અભ્યાસ ફરજિયાત કરાવવો અને આ અંગ્રેજીનો અભ્યાસક્રમ તબીબી વિજ્ઞાનને પ્રાધાન્ય (Medical bias) આપે તેવો હોવો જોઈએ."

X. Miscellaneous :

1. Considered the following proposals of the University of Mysore :

   (*a*) Grant of sabbatical leave to Professors and Heads of Departments in Indian Universities.

   સિન્ડિકેટના નિર્ણયની અપેક્ષા છે.

   (*b*) The institution of Travelling fellowships from the Central Fund, to which contribution may be made by the Government of

   સિન્ડિકેટના નિર્ણયની અપેક્ષા છે.

India, University Grants Commission and Universities.

Resolved that the proposals be forwarded to the Universities and their views obtained.

2. Considered whether a uniform and more equitable policy can be prescribed in regard to admission of students in the Universities so that preference may not be given to some students of particular University over better students coming from outside.

— Ministry of Education, Government of India.

Reference.— Resolution No. 10 of the Standing Committee which met at Madras on 30th September, 1960.

"The Standing Committee is of opinion that the principle suggested would be applicable to the Central Universities which are expected to cater to the needs of all the States; in admitting students to a State University first consideration will have to be given to the alumni of that University, but, in view of the fact that the University should be thrown open to all, the Committee would suggest that at least 10% of the seats at the post-graduate level should be available on merit to students from other States, it being understood that this will be followed by all the State Universities."

Resolved that the resolution of the Standing Committee which met at Madras on 30th September, 1960, be approved.

પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટની પ્રથાવાળી આપણે ત્યાંની નીતિ શકય તેટલી સરળ જ છે તે સમજવું.

X(4) Considered the proposal of Jadavpur University that no Migration Certificate be required to be submitted by students who have obtained a degree or diploma from another University.

Reference.— Resolution No. 4 (*d*), dated 29th October, 1959, of the Standing Committee:

"Resolved that when a candidate holds a Degree or Diploma from another University, Migration Certificate need not be insisted upon;

સિન્ડિકેટના નિર્ણયની અપેક્ષા છે.

whereas, however, if he has migrated in the middle of a course for admission to another University, he must produce a certificate from the Institution where he last studied."

Note.—When the above resolution was placed before the Board at their 35th Annual Meeting held at Baroda on 18th and 19th December, 1959, the Board decided to postpone consideration of the subject.

Resolved that Resolution No. 4 (*d*) of the Standing Committee which met on 29th October, 1959, be accepted.

X(5) Considered the question of voluntary agreement between the Universities and the Institutes (Professional) which hold entrance examinations so that there may not be any clash between their dates of examinations which put the candidates at a very great disadvantage.

—University Grants Commission.

સૈદ્ધાંતિક સ્વીકાર કરવા સૂચન છે.

Resolved that the proposal of the University Grants Commission be communicated to the Universities for their opinion.

X(8) Considered the following proposal received from the Ministry of Defence, Government of India, New Delhi:

"Formation of Mountaineering Clubs by the Universities in India."

સિન્ડિકેટના નિર્ણયની અપેક્ષા છે.

"Resolved that the proposal be forwarded to the different Universities for their opinion.

X (9) Considered the following draft resolution received from the Ministry of Education, Government of India, New Delhi, regarding concessions to be granted to physically handicapped students:

Considering that it is desirable to afford to physically handicapped students adequate educational opportunities and having regard to their special needs, this Board recommends

સિન્ડિકેટના નીચેના ઠરાવને અનુલક્ષીને જવાબ આપવો:

(૧) આ યુનિવર્સિટીની વિનયનની વિદ્યાશાખામાં બી.એ. કક્ષા સુધીની બહારના વિદ્યાર્થીઓને માટે લેવાની પરીક્ષાઓમાં શારીરિક ખોડખાપણવાળા વિદ્યાર્થીઓ બેસી શકે છે, તેની ઇન્ટર યુનિ.

the following measure to the various Universities:

(*a*) That all physically handicapped students who can produce reasonable evidence of having difficulty in attending normal institutions should be permitted to appear as private candidates for non-technical examinations, not involving practical training.

(*b*) That wherever necessary physically handicapped candidates should be provided free of cost the services of competent amanuenses who need not be less qualified than the examinees.

(*c*) That wherever physically handicapped examinees so desire, they may be permitted to typewrite their answers.

(*d*) That blind students should be permitted to take up an Arts subject at the Matriculation or an equivalent examination.

The Board understand that the provisions with regard to physically handicapped students are such as have been suggested by the Government of India and adopted in several Universities and the Board recommends that these provisions be introduced by all the Universities as far as practicable.

બૉર્ડ ઑફ ઇન્ટરને જાણ કરવી, અને ઉમેરવું કે આ યુનિ.ની બીજી કોઈ પરીક્ષામાં બહારના વિદ્યાર્થીઓને બેસવાની છૂટ આપવામાં આવતી નથી અને તેમાં શારીરિક ખોડ ખાપણવાળા વિદ્યાર્થીઓને માટે અપવાદ રચવાનું યુનિવર્સિટીને યોગ્ય લાગતું નથી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, શારીરિક ખોડ-ખાપણવાળા વિદ્યાર્થીઓ માટે જે લહેયો નીમવામાં આવે છે તેમની પરીક્ષા અંગેનું નિરીક્ષકનું ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવું, પણ તેમના લહેયાનું ખર્ચ યુનિવર્સિટીએ આપવું નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ લહેયાઓ ઉમેદવારો કરતાં ઊંચી શૈક્ષણિક લાયકાતવાળા હોવા જોઈએ નહિ એ જરૂરનું છે.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, યોગ્ય કેસોમાં શારીરિક ખોડ-ખાપણવાળા વિદ્યાર્થીઓને પોતાના ઉત્તરો ટાઇપરાઇટ કરવાની મંજૂરી આપવાનો સવાલ પ્રત્યેક કેસની ગુણવત્તા ઉપર વિચારવાનું રહ્યું.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત આ યુનિવર્સિટીને રજૂ કરતી નથી અને તેની નોંધ લેવી."

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૫૩

ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની સત્તરમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર, તા. ૧૫-૯-૧૯૬૧ના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. પ્રિ. ડૉ. કે. જી નાયક	ગેરહાજર
૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૪. ડૉ. કે. આર. રામનાથન	હાજર
૫. શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. એસ. કે. કાત્રક	હાજર

૧. ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૭-૧૨-૧૯૬૦ના રોજ મળેલી સોળમી બેઠકની કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૭-૧૨-૧૯૬૦ના રોજ મળેલી સોળમી બેઠકની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી સંશોધન કરવા માટે સને ૧૯૬૧-૬૨ અને ૧૯૬૨-૬૩નાં બે વર્ષ માટે સંશોધન ગ્રાન્ટની માગણી માટે આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

૧૯૬૧-૬૨ના વર્ષ માટે સંશોધન ગ્રાન્ટની માગણી પરત્વે આવેલી અરજીઓ ઉપર વિચારણા કરી નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યું :

(અ) રસાયણવિજ્ઞાન (કેમિસ્ટ્રી) તેમ જ ભૌતિકવિજ્ઞાન (ફિઝિકસ) વગેરે શાખાની સંશોધન ગ્રાન્ટ માટે આવેલ અરજીઓ (૧) ડૉ. કે. આર. રામનાથન, (૨) ડૉ. બી. કે. દૈદ્ય, અને

(૩) ડૉ. આર. ડી. દેસાઈને દરેક અરજી સંબંધી તેમનાં મંતવ્યો રજૂ કરવા માટે મોકલી આપવી:

ક્રમાંક	અરજદારનાં નામ		સંસ્થા
૧.	ડૉ. જે. પી. ત્રિવેદી	...	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ.
૨.	ડૉ. એ. એમ. ત્રિવેદી	...	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.
૩.	ડૉ. એમ. જે. પટણી	...	,,
૪.	શ્રી. આર. કે. શાહ	...	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૫.	પ્રૉ. ડી. એમ. દેસાઈ	...	ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.
૬.	પ્રૉ. વી. એ. વ્યાસ	...	,,
૭.	ડૉ. વી. એમ. હાકોર	...	ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.
૮.	શ્રી. એચ. બી. નાયક	...	,,
૯.	શ્રી. જી. એસ. પટેલ	...	,,
૧૦.	પ્રૉ. જે. જે. ત્રિવેદી	...	શ્રીમતી બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજ ખંભાત.
૧૧.	પ્રૉ. એમ. એન. દેસાઈ	...	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
૧૨.	કુ. કે. સી. અંતીન	...	ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.
૧૩.	શ્રી. બી. કે. રાવલ	...	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, માણસા.
૧૪.	પ્રૉ. જે. ડી. તલાટી	...	પાટણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ.
૧૫.	પ્રૉ. એમ. એમ. પટેલ	...	જે. ઍન્ડ જે. કૉલેજ, નડિયાદ.
૧૬.	ડૉ. વાય. જી. નાયક	...	ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.
૧૭.	પ્રૉ. એચ. એન. પાટીલ	...	ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.

(૫) તબીબી શાખા માટેની અરજીઓ ડૉ. એમ. ડી. પટેલ અને ડૉ. નરેન્દ્ર દેસાઈને દરેક અરજી સંબંધી તેમનાં યોગ્ય મંતવ્યો રજૂ કરવા માટે મોકલી આપવી:

ક્રમાંક	અરજદારનાં નામ		સંસ્થા
૧.	ડૉ. વી. પી. ભટ્ટ	...	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.
૨.	ડૉ. એમ. એસ. કાન્વિન્દે	...	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૬.
૩.	ડૉ. વી. પી. વૈષ્ણુવ અને ડૉ. સી. આઈ. ઝાલા	...	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬.
૪.	ડૉ. આર. જી. પટેલ	...	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬.
૫.	ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા	...	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૬.
૬.	ડૉ. એમ. ડી. દેસાઈ	...	,, ,,
૭.	ડૉ. એમ. એન. ઝિન્દાલ અને ડૉ. બી. એલ. માથુર	...	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬.

(૬) નીચેના અરજદારો તરફથી આવેલ સંશોધન ગ્રાન્ટ માટેની અરજીઓ પરત્વે વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે, આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં કામ કરતા નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ રકમની સંશોધન ગ્રાન્ટ સને ૧૯૬૧-૬૨ના વર્ષ માટે આ યુનિવર્સિટીના સંશોધન-મદદ અંગેના નિયમોને અધીન રહીને યોગ્ય સામયિક (Journal)માં તે પ્રસિદ્ધ કરવાની શરતે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

ક્રમાંક	નામ		વિષય	રકમ
				રૂા.
૧.	પ્રો. ગોવર્ધન શર્મા, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૯.	..	Ramraso of Madhodas 17th Century Manuscripts to be edited and its Study — Literary and Linguistic — to be under taken.	૧૦૦

ક્રમાંક	નામ	વિષય	રકમ
			રૂ.
૨.	શ્રી યુ. આર. ભટ્ટ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	.. Gujarati Diary Literature.	૧૦૦
૩.	ડૉ. કે. જી. દેસાઈ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.	.. Educational and Psychological Testing: To standardize a hand-writing scale for School pupils.	૫૦૦
૪.	શ્રી. સી. એમ. મહેતા, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.	.. Survey of Science teaching at the Secondary level in the districts of Ahmedabad, Mehsana, Sabarkantha, and Banaskantha.	૩૦૦ (ફક્ત સ્ટેશનરી અને પ્રિન્ટિંગ માટે)
૫.	પ્રિ. પી. ચંદરવાકર, શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત.	.. Research in Folk-lore and Folk-culture of Gujarat — Speciality in Folk-songs and Folk-tales in Gujarat.	૨૦૦ (ફક્ત પર્યટન માટે)

(૬) નીચે જણાવેલ શિક્ષકની અરજી પરની વિચારણા હાલ મુલતવી રાખવી અને તેમણે પહેલાં આપેલી ગ્રાન્ટ દ્વારા સુરતી અને સોરઠના ખારવાઓની બોલી વગેરે અંગે જે સંશોધનકાર્ય પૂરું કર્યું છે તે કામ ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના પ્રો. ડૉ. પ્રબોધ પંડિતને મોકલી તે અંગે તેમનો અભિપ્રાય મગાવવો :

નામ	વિષય	માગેલી રકમ
પ્રો. બિપિન ઝવેરી, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.	ડાંગી બોલી અથવા કચ્છી બોલી	રૂ. ૮૦૦

(૭) નીચેના અધ્યાપકોની અરજીઓ નામંજૂર કરવી :

ક્રમાંક	નામ	સંસ્થાનું નામ
૧.	પ્રિ. ડી. જી. વશી અને શ્રી. જી. સી. પટેલ	... વી. એસ. પટેલ કૉલેજ, બીલીમોરા.

ક્રમાંક	નામ		સંસ્થાનું નામ
૨.	પ્રૉ. જે. એમ. શુક્લ	...	એલ ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૩.	શ્રી. આર એન. પટેલ	...	ડી કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર.
૪.	શ્રી. વી. જે. ચોકસી	...	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ.
૫.	શ્રી. પી. એ. પટેલ	...	એ. જી ટીચર્સ કૉલેજ, અમદાવાદ.
૬.	પ્રૉ. જી. કે. હઝર	...	સર કે પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.

૩. વર્ષ ૧૯૫૯-૬૦ અને વર્ષ ૧૯૬૦-૬૧ દરમિયાન નીચે જણાવેલ શિક્ષકોને આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટ ચાલુ (renew) કરીને તેમનાં નામ સામે જણાવેલ રકમનો બાકીનો બીજો હપ્તો આપવા બાબત:

વર્ષ ૧૯૬૯-૬૦

ક્રમાંક	નામ	વિષય	રકમ રૂા. ન.પૈ.
૧.	શ્રી. જે. એમ શુક્લ, એલ ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯.	"Study of Philosophic concepts in preparinian works on Grammar."	૫૦-૦૦
૨.	ડૉ. મનોહર રાજાપૂરકર, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.	"The role of acetazole amide (Diamox) in prevention of experimental peptic Ulceration."	૧૫૦-૦૦
૩.	શ્રી. એમ જે. મહેતા, સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ-૬.	"History of infanticide in Gajarat under the British rule."	૫૦-૦૦
૪.	ડૉ. પી વાય. દેશપાંડે, ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.	"Dipole moment and viscosity of solutions."	૨૫૦-૦૦

વર્ષ ૧૯૬૦-૬૧

ક્રમાંક	નામ	વિષય	રકમ
૫	ડૉ. પી. પી. ભટ્ટ, એમ પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.	"Radio'ogical Determination of age of appearance and Union of centre of ossification for the lower end of Femur."	૨૫૦-૦૦
૬.	ડૉ. આર. જી. પટેલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	"Study of cho'estroal valves in toxinices of pregnancy."	૨૦૦-૦૦
૭.	ડૉ. એમ. એન. ઝિંદાલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	"(1) Production of cirrchosis of the liver in the experimental animals. (2) Study of the prevention and treatment of cirrchosis."	૬૭૫-૦૦
૮.	ડૉ. આર. ડી. દેસાઈ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	"Studies in Xanthone series."	૩૭૫-૦૦
૯	ડૉ. એ. એમ. ત્રિવેદી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	"(*a*) Corrosion in aqueous solutions. (*b*) Properties of saline soils. (*c*) Studies in colloidal system. (*d*) Complex Formation."	૫૦૦-૦૦
૧૦.	ડૉ. જે. જે. ત્રિવેદી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	"Synthesis of Physio'ogically active compounds like local anesthetic anti-convulsants, etc.	૩૫૦-૦૦
૧૧.	ડૉ. એમ. જે. પટણી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	"Studies in Inorganic colloidal Systems."	૧૫૦-૦૦
૧૨.	ડૉ. એ. જી મુનશી, એમ. એન. કૉલેજ, વિસનગર.	"Study in substituted 5-amino-acridine series."	૩૦૮-૦૦

ક્રમાંક	નામ	વિષય	રકમ રૂા. ન.પૈ.
૧૩.	ડૉ. જે. જે. શાહ અને ડૉ. સી. કે. શાહ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.	"Flora of Taranga Hill." "Collection Indentification and preservation of the plants of Taranga."	૫૦૦–૦૦
૧૪.	ડૉ. જે. જે. શાહ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.	"Morpho-histogenic studies of common Yams of Gujarat."	૩૦૦–૦૦
૧૫.	શ્રી. બી. એસ. વૈદ્ય, ગુજરાત કૉલેજ, અમદાવાદ–૧.	"Ecological study of Vasna–Sarkhej Track."	૨૭૫–૦૦
૧૬.	ડૉ. એમ. એસ. કાન્વિન્દે અને ડૉ. એમ. ડી. દેસાઈ, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ–૧.	"Serum proteins in Surgical Tuberculosis."	૫૦૦–૦૦
૧૭.	ડૉ. એમ. એસ. કાન્વિન્દે, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ–૧.	"Serum Transaminase activity in Renal disease."	૨૫૦–૦૦
૧૮.	ડૉ. કુ. એસ. સી. પંડ્યા, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ–૧.	"Value of Blood from the placents (Foetal) as an agent for blood Transfusions."	૫૦૦–૦૦
૧૯.	અધ્યક્ષશ્રી, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ–૧.	"For the help of Technician To Dr. Kanvinde and Dr. M. D. Desai for Two projects."	૧,૨૦૦–૦૦
૨૦.	ડૉ. એચ. એચ. શાહ, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.	"Studies in the Pathogensis of Lithiasis."	૩૭૫–૦૦

ક્રમાંક	નામ	વિષય	રકમ રૂ. ન.પૈ.
૨૧.	પ્રૉ. એમ. કે. પટેલ, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.	"Further Investigations on plant Pathogenic Bacteria."	૮૫૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે—

(અ) પ્રૉ. જે. એમ. શુકલ તથા ડૉ. એમ. એસ. કાન્વિન્દે અને ડૉ. એમ. ડી. દેસાઈની બાબતમાં તેમનાં કાર્યનો પ્રૉગ્રેસ-રિપોર્ટ મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(બ) નીચે દર્શાવેલ સભ્યોને તેમની સંશોધન મદદનો બીજો હપ્તો હાલ આપવાની જરૂર નથી :

ક્રમાંક	સભ્યનું નામ		સંસ્થાનું નામ
૧.	ડૉ. મનોહર રાજપૂરકર	...	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.
૨.	ડૉ. પી. વાય. દેશપાંડે	...	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.
૩.	ડૉ. એચ. એચ. શાહ	...	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.
૪.	પ્રૉ. એમ. કે. પટેલ	...	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.

(ક) ઉપર પેટાકલમ (અ) અને (બ)માં દર્શાવેલ શિક્ષકો સિવાય બાકીના શિક્ષકોને વર્ષ ૧૯૫૯-૬૦ અને ૧૯૬૦-૬૧ માટે આપવામાં આવેલી સંશોધન મદદ ચાલુ (renew) કરીને તેમનાં નામ સામે જણાવેલ રકમનો બાકીનો બીજો હપ્તો નિયમોને અધીન રહીને અદા કરવો.

૪. એમ. એન. કૉલેજ, વિસનગરના ડૉ. જી. સી. અમીનને વર્ષ ૧૯૫૯-૬૦ દરમિયાન "The Fries Rearrangement, Synthesis of 2' hydroxy chalkones and related compounds" એ વિષયમાં સંશોધન અર્થે રૂ. ૭૫૦ની ગ્રાન્ટ આપવામાં આવી હતી. તેનો પ્રથમ હપ્તો રૂ. ૩૭૫ તા. ૧૬-૩-૧૯૬૦ના રોજ અદા કરવામાં આવ્યો હતો. કાર્યનો પ્રૉગ્રેસ-રિપોર્ટ તેમ જ કાર્યનો અમુક ભાગ જે પ્રસિદ્ધ થયો છે તેની રિપ્રિન્ટની નકલ, રૂ. ૪૦૮-૩૬ નવા પૈસાના ખર્ચ અંગેનાં વાઉચરો વગેરે તેમણે મોકલી આપ્યાં છે, પરંતુ તેઓ એમ. એન. કૉલેજમાંથી રાજીનામું આપી બીજે નોકરીમાં ગયા હોવાથી ગ્રાન્ટના બીજા હપ્તાની રકમ રૂ. ૩૭૫ હવે આપવી કે નહિ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. જી. સી. અમીનને, તેમને આપેલ ગ્રાન્ટના બીજા હપ્તાની રકમ રૂ. ૩૭૫ આપવી.

૫. વર્ષ ૧૯૬૦–૬૧ દરમિયાન ડૉ. એચ. એસ. ખંધેરિયાને "Amount of A.T.S. required in the treatment of Tetanus in Association with Antibiotic (Erythromycin) and Corticosteroids" એ વિષયમાં સંશોધન કાર્ય માટે રૂા. ૩૫૦ની ગ્રાન્ટ આપવામાં આવી હતી પરંતુ તેમની તબિયત સારી નહિ હોવાથી ગ્રાન્ટનો ઉપયોગ કરી શકયા નહોતા તેથી તેમની ગ્રાન્ટ વર્ષ ૧૯૬૧–૬૨ માટે ચાલુ (renew) કરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એચ. એસ. ખંધેરિયાને તેમની સંશોધન મદદની રૂા. ૩૫૦ની રકમ વર્ષ ૧૯૬૧–૬૨ માટે ચાલુ (renew) કરી આપવી.

૬. ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૭–૧૨–૧૯૬૦ની સભાની ભલામણ પરથી સિન્ડિકેટે તેની તા. ૭–૧–૧૯૬૧ની સભામાં ઠરાવ્યા પ્રમાણે શેઠ કે. એમ સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચના શિક્ષકોની ત્રણ સંશોધન યોજનાઓમાં ટેકનિશિયનની સહાય પૂરી પાડવા રૂા. ૨,૪૦૦ની ગ્રાન્ટ વર્ષ ૧૯૬૦–૬૧ માટે સંસ્થાને આપવામાં આવી હતી, પરંતુ તેમાંથી એક શિક્ષક ડૉ. કે. સી. ગુપ્તાને રૂા. ૭,૫૦૦ની ગ્રાન્ટ્ ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ સંસ્થા તરફથી મળી છે. તો આ કારણે ટેકનિશિયનની સહાય માટે આપેલ રૂા. ૨,૪૦૦ની ગ્રાન્ટની રકમમાં કંઈ ફેરફાર કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સંસ્થાને સંશોધન યોજનાઓ માટે ટેકનિશિયનની સહાય પૂરી પાડવા આપવામાં આવેલ રૂા. ૨,૪૦૦ની ગ્રાન્ટમાં કાંઈ ફેરફાર કરવો નહિ.

૭. વર્ષ ૧૯૬૦–૬૧ દરમિયાન નીચે જણાવેલ શિક્ષકોને આપવામાં આવેલ સંશોધન ગ્રાન્ટ તેમનાં નામ સામે જણાવેલ કારણસર સ્વીકારી શકયા નથી તેની નોંધ લેવા બાબત:

નામ	કારણ
(અ) ડૉ. કે. સી. ગુપ્તા, શેઠ કે. એમ સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ–૬.	... "Estimation of blood Fats of normal and diseased persons in Gujarat" એ વિષયમાં સંશોધન-કાર્ય માટે રૂા. ૭,૫૦૦ની ગ્રાન્ટ ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ સંસ્થા તરફથી મળી છે.
(બ) ડૉ. એમ. ટી. મહેતા, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ–૬.	... સિવિલ હૉસ્પિટલ ઑનરરી ઑર્થોપેડિક સર્જન તરીકે નિમાયા છે તેથી સંશોધન કાર્ય કરી શકે તેમ નથી.
(ક) ડૉ. જી. અમીન, એમ. એન. કૉલેજ, વિસનગર.	... શિક્ષણક્ષેત્ર છોડી બીજે ખાનગી સંસ્થામાં જોડાયા છે, તેથી સ્વીકારી શકે તેમ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની નોંધ લેવી.
ત્યાર બાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

જ. મં. મહેતા,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "બ"
ઠરાવકાળ ક્રમાંક ५४

GOVERNMENT OF INDIA
Central Hindi Directorate (Ministry of Education)

No. 17-32/60 (T-I) I-II

15/16, Faiz Bazar, Darya Ganj,
Delhi-7.

September 25, 1961.

From

The Director,
Central Hindi Directorate.

To

The Registrar,
Gujarat University,
Ahmedabad-9.

Sub.—Scheme of translation of standard works of University level into Hindi.

Sir,

I am directed to refer to your letter No. 03744, dated the 3rd August, 1961, addressed to the Deputy Secretary, on the above subject.

It may be pointed out that the first phase towards the implementation of translation scheme is the formation of a Co-ordination Committee on translation. The Government of India have decided that a small Co-ordination Committee of the representatives of the State Government, academic bodies of the State Governments and Universities within the area should be set up in each State at its capital. This Committee would serve as a forum for discussion and take decisions on various problems arising during the course of implementation of translation project. The allotment of translation work to the Universities/academic bodies will be taken up by the said Committee.

I am, therefore, to request that the name of the nominee of the Gujarat University for the Co-ordination Committee may please be intimated to this Directorate at an early date, in order to facilitate further action.

Yours faithfully,
Bishwa Nath Prasad,
Director.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૧૫

ફાઇનાન્સ કમિટીની તા. ૫-૧૦-૧૯૬૧ની સિન્ડિકેટને ભલામણો

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, મે. મંગળદાસ એન્ડ કંપનીને ઉત્તરવહીઓ વગેરે નાશ કરવા માટે નીચે પ્રમાણેના ભાવે આપવું:

		રૂા. ન.પૈ.	
૧.	ઉત્તરવહીઓ	... ૭·૫૦	કાચા મણના
૨.	પરચૂરણ રદ્દી	... ૭·૫૦	,, ,,
૩.	પ્રેસ કટિંગ	... ૫·૭૫	,, ,,
૪.	છાપાં	... ૧૫·૪૦	,, ,,

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિકેમ સ્પેકટ્રો ફોટોમીટર માટેની એસેસરીઝ નીચે પ્રમાણે ખરીદવી (આ સાધનો માટે ઇમ્પોર્ટ લાયસન્સ લેવું કે યુનેસ્કો કુપન દ્વારા ખરીદવાં તેનો નિર્ણય લાવવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવામાં આવે છે.):

Accessaries		*Rs. nP.*
SP. 540	Diffuse Reflectance Attachment	1250–00
SP. 545	10 cm. Cell Housing	136–00
SP. 550	Fluorimeter Attachment	1840–00
SP. 570	Constant Temperature Cell Housing	800–00
SP. 580	Microcell Attachment	900–00
Spare Parts		
SP. 512	5 mm. fused glass cells with lids	80–36
SP. 513	5 mm. fused silica cells with lids	138–00
SP. 515	10 mm. fused, silica cells complete with lids	130–00

		Rs. nP.
SP. 520	40 mm. fused glass cells with lids	93–28
SP. 521	40 mm. fused silica cells with lids	165–36
SP. 527	Spare MA fused	0–62
SP. 536	Indicator Bulbs	2–65
SP. 537	3 amp. fuses	0–62
	Total Rs.	5536–89

૩. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે અંગ્રેજી, ગુજરાતી તથા હિન્દી ટાઇપરાઇટર નં. ૩ રેમિંગ્ટન રેન્ડ ઑફ ઇન્ડિયા લિ. પાસેથી રૂા. ૧,૨૩૯·૧૨ ન.પૈ.ના નંગની કિંમતે ખરીદવાં.

૪. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હૉલેરિથ મશીન માટે રેક્ટીફાયર નંગ એક મે. ઑટોમેટિક ઇલેક્ટ્રિક પ્રાઇવેટ લિ. પાસેથી સારી બનાવટનું હોવાથી રૂા. ૩,૨૦૦ની કિંમતે ખરીદવું.

૫. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, મે. ટોસનીવાલ બ્રધર્સને કસ્ટમ ડ્યુટીની રકમ આપવી.

પરિશિષ્ટ "૯"
ઠરાવઠરાવ ક્રમાંક ૬૭

UNIVERSITY GRANTS COMMISSION
Old Mill Road, New Delhi

No. F.34-17/61 (CUP).
23rd May, 1961.

To

The Registrar,
Gujarat University,
Ahmedabad.

Sub. — University Grants Commission —
Recommendation regarding increasing free studentships.

Sir,

As you are aware, the Commission has been assisting in setting up students-aid-funds in the colleges and the Universities for the benefit of needy students persuing higher education. While this scheme has helped the students considerably, the Commission feels that there is some further scope for assistance to needy and meritorius students and after careful consideration has recommended that the colleges and Universities should provide free studentships at least to the extent of 25 per cent of the total enrolment of women and 20 per cent of the total enrolment of men. These free studentships should be based both on need and merit. I am directed to request that these recommendat ons of the Commission may be placed before the appropriate authorities of the University for consideration and adoption. The action taken on this may please be intimated to the Commission in due course.

Yours faithfully,
R. K. Chhabra,
Assistant Secretary.

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૭૫

સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશિપ અને ફેલોશિપ વગેરે બાબતો ઉપર વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની ૧૪મી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર, તા. ૬–૧૦–૧૯૬૧ના રોજ સાંજના ૪–૦૦ કલાકે મળી હતી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. ઉમાશંકર જોશી	...	ગેરહાજર
૨. શ્રી. વાય. જી. નાયક	...	હાજર
૩. શ્રી. એસ. વી. દેસાઈ	...	ગેરહાજર

૧. વર્ષ ૧૯૬૧-૧૯૬૨ના સમય માટે રૂા. ૨૦૦ની એક એવી ૧૦ પીએચ.ડી.ની પદવી માટેના વિદ્યાર્થી માટેની સંશોધન-શિષ્યવૃત્તિ કોને આપવી તે નક્કી કરવા બાબત.

આવેલ અરજીઓ બાબત વિચારણા કરી આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલ અરજદારોને માસિક રૂા. ૨૦૦ પ્રમાણે ચાલુ સાલે શિષ્યવૃત્તિઓ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. શ્રી. નરેન્દ્ર ડાહ્યાભાઈ દેસાઈ	...	મનોવિજ્ઞાન ભવન, અમદાવાદ.
૨. શ્રી. અશ્વિનીકુમાર હરપ્રસાદ ભટ્ટ	...	,, ,, ,,
૩. શ્રી. રમેશ ચતુરભાઈ જમીનદાર	...	શેઠ ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ.
૪. કુ. સુમનાકુમારી પ્રભાતસિંહ જાડેજા	...	,, ,, ,,
૫. શ્રી. ચતુરભાઈ ઈશ્વરભાઈ પટેલ	...	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૬. કુ. દિવ્યમાલિની મંડોડી	...	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૭. શ્રી. સુરેશ મધુસૂદનરાય મજમુદાર	...	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.
૮. કુ. વિનોદબાળા પ્રાણલાલ જાની	...	દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા.
૯. શ્રી. જગર્લામુડી એ. રાવ	...	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. દીપો સીતલદાસ મીરાણી, સમાજ વિદ્યાભવન, અમદાવાદ, એમની બાબતમાં તેમની સ્નાતક પદવી અંગેની માહિતી મગાવવી; અને જો તે બીજા વર્ગમાં ઉત્તીર્ણ હોય તો તેમને શિષ્યવૃત્તિ આપવી, પણ તેમ ન હોય તો આ શિષ્યવૃત્તિ શ્રી. પૂનમચંદ જેસિંગભાઈ પટ્ટણી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

કં. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

G.U.P. 411 300-11-61

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક ખાસ સભા, શનિવાર, તા. ૨૧-૧૦-૧૯૬૧ના રોજ, બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના અમુખપદે મળી હતી. તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ડી. એલ. શર્મા, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. અટુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૮. શ્રી. ઘનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર
૧૦. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪. ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર
૧૫. આચાર્ય સં. ૨. ભટ્ટ	હાજર
૧૬. આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૮. આચાર્ય વલ્લભરામ વી. વૈદ્ય	હાજર.

૧. તા. ૬-૧૦-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૧ના ઑક્ટોબર માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૭-૧૦-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૧ના ઑક્ટોબર માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સ્થાયી સમિતિની તા. ૧૯-૯-૧૯૬૧ અને તા. ૪-૧૦-૧૯૬૧ની સભાઓની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પર લંબાણ ચર્ચાવિચારણા કરવામાં આવી. તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(૧) આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સ્થાયી સમિતિની તા. ૧૯-૯-૧૯૬૧ની સભાએ કરેલી ભલામણ નં. ૨ મંજૂર કરવી.

(૨) આથી બહુમતે ઠરાવવામાં આવે છે કે, તા. ૪-૧૦-૧૯૬૧ના રોજ મળેલી સ્થાયી સમિતિએ કરેલો રિપોર્ટ મંજૂર કરવો.

(૩) આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, તા. ૪-૧૦-૧૯૬૧ના રોજ મળેલી સ્થાયી સમિતિની સભાની ભલામણ નં. ૨, ૩ અને ૪ મંજૂર કરવી.

[સ્થાયી સમિતિની (૧) તા. ૧૯-૯-૧૯૬૧ની સભાની નોંધની નકલ તથા (૨) તા. ૪-૧૦-૧૯૬૧ની નોંધ (બાબત નં. ૧ ઉપરના અહેવાલ સાથે)ની નકલ, અનુક્રમે પરિશિષ્ટ "ક" અને "ખ" તરીકે સામેલ છે.]

૩. જરૂરી લાયકાત ધરાવનાર વ્યક્તિ અપ્રાપ્ય હોવાથી ફા. વી. વી. મિશ્રને અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકેની કામચલાઉ નિમણૂકને માન્ય કરવા શ્રી. એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગરના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૨૯-૯-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— ફા. વી. વી. મિશ્ર, બી.એ. અંગ્રેજી સાથે બીજો વર્ગ તથા એમ.એ. પાસ વર્ગ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ફા. વી. વી. મિશ્રની નિમણૂક ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય કરવી, તથા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભ પહેલાં, અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે, યોગ્ય લાયકાત ધરાવનાર વ્યક્તિની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૪. "ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટી"ની ૨૭મી વાર્ષિક પરિષદ અમદાવાદ મુકામે, ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે મળનાર હોઈ આ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા "ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટી"ના મંત્રી તરફથી આવેલ તા. ૧૫મી સપ્ટેમ્બર ૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી :

૧. ડૉ. પી. સી. વૈદ્ય
૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ
૩. ડૉ. એ. આર. રાવ.

૫. આગામી ડિસેમ્બર માસમાં, નવી દિલ્હી ખાતે "ફિફ્થ ટેકનિકલ કન્વેન્શન"ની ૯મી વાર્ષિક સામાન્ય સભા મળનાર હોઈ તે સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે "ધી ઇન્સ્ટિટ્યૂશન આફ ટેલિકૉમ્યુનિકેશન એન્જિનિયર્સ"ના માનદ મંત્રીના તારીખ ૨૫મી સપ્ટેમ્બરના પત્રાંક આઇ.ટી.ઇ.ટી.સી.ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૬. યુનેસ્કોની યોજના હેઠળ અને પ્રાચીન તત્ત્વજ્ઞાન સંસ્થા (Institute of Oriental Philosophy)ના આશ્રયે આગામી જાન્યુઆરીની તા. ૬થી ૮ દરમિયાન "પાશ્ચાત્ય અને પૂર્વીય આધ્યાત્મિક જીવનનાં મૂલ્યો" (Western and Eastern Spiritual Values of Life) નામક પરિસંવાદ, વૃંદાવન મુકામે યોજાનાર હોઈ આ પરિસંવાદમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે ઉપર જણાવેલ સંસ્થાના રેકરના તા. ૬ઠ્ઠી ઑક્ટોબર ૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૭. શ્રી. આર. સી. સોની (ડાયરેક્ટર)નું રાજીનામું તા. ૩૧-૮-૧૯૬૧થી મંજૂર થયેલ હોઈ તેમને બાકી નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા તેમની તા. ૨૭-૯-૧૯૬૧ની અરજી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૬-૯-૧૯૬૧ના રોજ ગ્રંથાલયમાં ગેઝેટેડ હતા અને તા. ૩૧-૮-૧૯૬૧થી ગ્રંથાલયના સમય બાદ છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. સી. સોનીને બાકી નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર પરત કરવી.

૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ. ૧૮-૧-૧૯૬૧ (એચ) તા. ૫-૬-૧૯૬૧થી યુનિવર્સિટીને લાયબ્રેરીની ગ્રાપડીઓ અને હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સનાં જર્નલો ખરીદવા અંગે ત્રીજી પંચવર્ષીય યોજનાના સમય દરમિયાન રૂ. બિયા એક લાખ મંજૂર કર્યાની સિન્ડિકેટને જાણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૯. શ્રી. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃત વિદ્યામંદિર ટ્રસ્ટ, અમદાવાદ, સંચાલિત અનુસ્નાતક સંસ્થાને અમદાવાદમાં પ્રાકૃત, સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયો પી.એચ.ડી. પદવી માટે શીખવવા માન્યતા આપવા બાબત આવેલ અરજી ઉપર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિ ઉપર પ્રા. ઉમાશંકર જોશી અને ડૉ. ટી. એન. દવે ઉપરાંત પ્રાકૃતના વિષય માટે શ્રી. બેચરદાસ દોશીની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૦. ગુજરાત રાજ્યમાં વિવિધ ગૃહોપયોગી ચીજોનું અમુક ચોક્કસ ધોરણોનું માપ પ્રસ્થાપિત કરવા અને આવી પ્રવૃત્તિઓનું ક્ષેત્રફળ વિસ્તૃત કરવા માટે ઑકટોબર માસની તા. ૨૬મીએ ગુજરાત રાજ્યના આરોગ્ય અને ઉદ્યોગ વિભાગ તરફથી એક પરિષદ યોજવામાં આવી હતી તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. જે. જે. ચિનોય અને તેઓ ન જઈ શકે તો તેમના વતી જે અન્ય પ્રતિનિધિ જાય તેની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૧. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ અંગે રેફરીના રિપોર્ટને અનુલક્ષીને તેમને તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ : **શ્રી. પંડયા પ્રેમકાન્ત સંપતરાય**
વિષય : **રસાયણવિજ્ઞાન**
પદવી : **એમ.એસસી.**

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૨. પરીક્ષાના યંત્રવિભાગ માટે જરૂરી સ્ટીલ ફર્નિચર ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડર અને ભાવો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પર વિચારણા કરીને ઘટતો નિર્ણય લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૧૩. તા. ૨૬-૯-૧૯૬૧ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની બેઠકની નીચેની ભલામણ:

"(૨) આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૯-૬૦ની સાલના તબીબી તપાસના ચીફ મેડિકલ ઑફિસરના હેવાલને મંજૂર કરવો અને તેને છપાવી પ્રસિદ્ધ કરવો અને તે માટેનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. નરેન્દ્ર દેસાઈ કંઈ સૂચના કરે તો તે ઉમેરી પુસ્તિકાની પાંચ હજાર નકલો છપાવવી અને જે વિદ્યાર્થીઓ માગે તેમને વિનામૂલ્યે આપવા માટે આચાર્યોને જણાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી.

૧૪. સાંસ્કૃતિક શિક્ષણ સમાજ, રાજકોટ, તરફથી રાજકોટ મુકામે બી.એડ.ની પદવી માટેનો અભ્યાસક્રમ શીખવવા માટે કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

(નોંધ.— તેમની મૂળ અરજી તા. ૮-૭-૧૯૬૧ની સિન્ડિકેટની સભામાં મૂકવામાં આવી હતી, પરંતુ તેઓ તેમના દ્વારા સંચાલિત પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સમાં બી.એડ.નો અભ્યાસક્રમ શીખવવા માગે છે તે કારણે અરજી માન્ય કરવામાં આવી ન હતી. પરંતુ હવે સ્પષ્ટતા કરવામાં આવી છે કે તેઓ જુદી જ કૉલેજ કરવા માગે છે. મૂળ અરજી ઑ. ૧૨૦ મુજબ સમયસર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય એચ. ઈ. હર્યામ
૨. આચાર્ય સી. સી. શાહ.

૧૫. સણોસરા મુકામે તા. ૨, ૩ અને ૪ નવેમ્બરના રોજ ભરનાર ગુજરાતીના અધ્યાપક સંઘના તેરમા સંમેલનમાં યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના એક અધ્યાપકને પ્રતિનિધિ તરીકે મોકલવા માટે સંઘના મંત્રીના તા. ૧૦-૧૦-૧૯૬૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંમેલનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૧૬. ગુજરાત રાજ્યની હાઈકોર્ટમાં શ્રીકૃષ્ણ રંગનાથ મુધોલકર તરફથી માધ્યમ અંગે કરાયેલ રિટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સ્થાયી કાનૂની સમિતિની વિચારણા માટે મોકલી આપવી.

(**નોંધ.**—સ્થાયી કાનૂની સમિતિની સભા તા. ૨૫-૧૦-૧૯૬૧ના રોજ સાંજે પાંચ વાગ્યે બોલાવવાનું તથા સિન્ડિકેટની હવે પછીની સભા તા. ૧૧-૧૧-૧૯૬૧ના રોજ બોલાવવાનું સૂચવવામાં આવ્યું.)

૧૭. બી.એ. એક્ઝટર્નલ પરીક્ષા ૧૯૬૧ અંગે જે વિદ્યાર્થીઓનાં પરિણામ તેમનાં રજિસ્ટ્રેશનની તપાસ અંગે અનામત રાખવામાં આવેલ છે તે અંગે નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

(૧) નીચે જણાવેલ બેઠક નંબરવાળા વિદ્યાર્થીઓ કે જેમણે ઉપરોક્ત પરીક્ષાનાં રજિસ્ટ્રેશન માટે યુનિવર્સિટીના નિયમ મુજબ જૂના મુંબઈ રાજ્યમાં જરૂરી વસવાટ કરવો જોઈએ તે તેમણે કર્યો નથી એમ સ્પષ્ટપણે જણાવેલ હોઈ તેમનું સદરહુ પરીક્ષા માટેનું રજિસ્ટ્રેશન રદ કરવા તથા તેમને કોઈ પણ જાતની ફી પરત નહિ કરવા સૂચન છે :

રાજકોટ જૂથ :

નં. ૩૯૭, ૭૮૪, ૩૧૯૯, ૩૨૫૩, ૩૨૫૮, ૩૨૬૨, ૩૨૬૫, ૩૨૬૬, ૩૨૬૭, ૩૨૬૯, ૩૨૭૦, ૩૩૪૨, ૩૩૪૮, ૩૩૫૬, ૩૩૫૭, ૩૩૬૨, ૩૩૬૬, ૩૩૮૨, ૩૫૦૯, ૩૬૦૦,

૩૬૦૩, ૩૬૦૭, ૩૬૦૯, ૪૨૭૪, ૪૨૭૫, ૪૨૭૭, ૪૨૮૦, ૪૨૮૧, ૪૨૮૨, ૪૨૮૬ અને ૪૨૮૭.

નાગપુર જૂથ:

નં. ૩૮૬૫ અને ૪૧૫૯.

(૨) નીચે જણાવેલ વિદ્યાર્થીઓના ઉપરોક્ત પરીક્ષા માટેનાં રજિસ્ટ્રેશન અંગેના જરૂરી પરવાટ બાબતમાં ખુલાસા સંતોષકારક જણાય છે.

નં. ૩૪૦૩:

ઑલ-ઇન્ડિયા રેડિયો, રાજકોટના આસિ. સ્ટેશન ડાયરેક્ટર વિદ્યાર્થીને જતે ઓળખે છે અને રહેવાણ અંગેનું એતે જે પ્રમાણપત્ર આપેલ છે તે બરાબર છે એમ જણાવે છે.

નં. ૪૨૪૨:

મેજિસ્ટ્રેટ, મેંગલોર સમક્ષની ઑફિડેવિટ સાથે તા. ૧૫-૨-૧૯૬૦થી તા. ૩૦-૮-૧૯૬૦ સુધી તેઓ ૧૯૯ દિવસની લાંબી રજા ઉપર હતા તેનાં પ્રમાણપત્રો રજૂ કરેલ છે.

(૩) નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં ઉપરોક્ત પરીક્ષા માટેના રહેવાણ અંગેનાં નિવેદન વાંચ્યાં છે તેમ જણાવતો પોલિસનો હેવાલ આવેલ છે:

નં. ૩૭૬૮:

તેઓ નાગપુરમાં છેલ્લાં દસ વર્ષથી રહે છે તેમ તેમના ખુલાસામાં જણાવે છે. ઑફિડેવિટ પણ મોકલેલ છે.

નં. ૪૨૦૪:

એન. સી. સી. ઑફિસરનું પ્રમાણપત્ર રજિસ્ટ્રેશનની અરજી ઉપર હતું તથા નાગપુરમાં જેમના મકાનમાં ભાડે રહેતા હતા તે મકાનમાલિકનું પ્રમાણપત્ર પણ મોકલેલ છે. ઑફિડેવિટ રજૂ કરેલ નથી.

નં. ૪૨૬૪:

તેમણે ઇન્ડિયન બ્યુરો ઑફ માઇન્સ, નાગપુરના અધિકારીનું છેલ્લાં ત્રણ વર્ષથી નોકરી કરે છે તે બાબતનું પ્રમાણપત્ર પણ મોકલેલ છે. ઑફિડેવિટ રજૂ કરી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સ્થાયી કાનૂની સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૮. તા. ૨૧-૧૦-૧૯૬૧ના રોજ મળેલ સિન્ડિકેટની વરણીસમિતિની બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યા અંગેની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી, તથા શ્રી. રમેશચન્દ્ર શિવશંકર પંડ્યાની, બિલ્ડિંગ સુપરવાઇઝરની હંગામી જગ્યા પર પાંચ વર્ષ માટે રૂા. ૨૦૦ના માસિક પગાર (fixed)થી નિમણૂક કરવી.

(વરણીસમિતિની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૯. બાંધકામ સમિતિની તા. ૯–૧૦–૧૯૬૧ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. વિજ્ઞાન વિદ્યાભવનના વિભાગોના બાંધકામ અંગેના કૉન્ટ્રેક્ટર સાથેના બિલ્ડિંગ કરારનામામાં માલસામાન મગાવવામાં આવે તેના અંદાજી ખર્ચના ૮૦ ટકા જેટલી કિંમત advance તરીકે કૉન્ટ્રાક્ટરે યુનિવર્સિટીની સૂચનાથી આપવાની શરતનો પાઠ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત:

"The Contractor shall purchase, if so desired by the University, the materials like steel, cement, brick, kapachi, steel windows, flush doors etc., on his own cost and risk, before 31–3–1961 in such manner as the University may direct from time to time, and store them at site in a manner entirely satisfactory to the Architects and Engineer-in-Charge of the work. The University will in that case make an advance of 80% of the cost of such materials on receiving the recommendation from the Architect who shall, after verifying the vouchers and examining the quality and quantity of materials, certify that the payment of advance be made. The amount so advanced shall be deducted from the running interim bills to the Contractor to the extent of the materials used for the works up to the date of such bills.

The Contractor shall be responsible for proper custody, storage and care of these materials and shall hold them in trust for the University and keep them open for inspection at any time by the Architects or of any official or representative of the University and he will have to pay for any qualitative and quantitative loss in storages materials for which the advance payment has been made by the University.

Notwithstanding anything contained elsewhere in this agreement it shall be competent to the University at any time to decide that it shall not make any advance payment, if it so chooses, for the materials in which case the Contractor as and when necessary shall arrange to purchase at his own cost the required materials or the rest of the materials, as the case may be, and

shall not be required to store them at site, provided that in the event of the University requiring the Contractor to purchase materials in part, the advance payment to be made to the Contractor as above shall be prorata and shall be adjusted against the future bills as and when they fall due to him for payment.

It is further provided that in the event of the contract being terminated on account of the Contractor's fault, the Contractor shall fortwith reimburse the University all advances outstanding against the Contractor on the day of the termination, and the property in University materials so purchased shall vest in the University till such reimbursement is made, provided that if such reimbursement is not made within a fortnight, the University shall be free to dispose of the materials in any manner it chooses at the Contractor's own cost and risk.

In the event of any materials being purchased as a result of prior instructions by the University, advance payment shall be paid on account at 80% of the following rates:

Bricks : Rs. 45/- per thousand
Cement : Rs. 140/- per ton
Steel : Rs. 800/- per ton
Kapachi: Rs. 80/- per 100 cft.
Grit : Rs. 70/- per 100 cft.
Tiles : Rs. 60/- per 100 cft.

Provided that where the actual rates paid by the Contractor are less than the above mentioned rates, 80% of the material cost shall be paid for materials purchased under the University's instruction."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ આસત પરત્વેના કરારનામાની કલમનો પાઠ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં મકાનોના બાંધકામના કૉન્ટ્રેક્ટરોને, માલસામાનના અંદાજી ખર્ચના ૮૦ ટકા બેટલી કિંમત તરીકે એડવાન્સ આપવાની આ કલમને ભવિષ્યમાં પ્રથા (precedent) તરીકે ગણવી નહિ.

૨૧. ગ્રંથાલયમાં આવતાં સામયિકો ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ, મારફત મગાવવા ગ્રંથાલય સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલયનાં સામયિકો, ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ, મારફતે, તેમના તરફથી અઠી ટકા કમિશન મળતું હોઈ, મગાવવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૧૪૨૮૩–૧૧૪૩૦૦/૬૬૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૯.
નવેંબર ૧, ૧૯૬૧.
કાર્તિક ૧૦, ૧૮૮૩ (શક).

કં. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૯-૯-૧૯૬૧ના રોજ ૪-૦૦ વાગ્યે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિશ્રી — પ્રમુખ	હાજર
૨. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર
૩. શ્રી. જિતેન્દ્રભાઈ જે. દેસાઈ	હાજર
૪. શ્રી. ડી. એલ. શર્મા	હાજર
૫. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ	હાજર.

૧. ડૉ. જે. જે. દેસાઈના તા. ૨૭-૭-૧૯૬૧ના પત્ર પર સિન્ડિકેટે તેની તા. ૧૯-૮-૧૯૬૧ની સભામાં હરાવ્યા પ્રમાણે વધુ વિચારણા કરવા બાબત.

ડૉ. જે. જે. દેસાઈના તા. ૨૭-૬-૧૯૬૧ના પત્ર ઉપર વધુ વિચારણા કરવામાં આવી. તેના સંદર્ભમાં સેનેટના સભ્ય શ્રી. આર. બી. શાહ તરફથી તા. ૧૫-૮-૧૯૬૧નો આવેલો પત્ર પણ સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. આ અંગે લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે સિન્ડિકેટને કરવાના અહેવાલને હવે પછીની સભામાં આખરી રૂપ આપવું.

૨. પ્રેસના કર્મચારીઓની તેમને આપવામાં આવતાં સાયકલ એલાવન્સ, મકાનભાડા તથા લોકલ કૉમ્પનસેટરી એલાવન્સ, ઓવરટાઇમ આપવાની ગણતરીમાં પગાર તરીકે ગણવા અંગેની તા. ૨૯-૮-૧૯૬૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

પ્રેસના કર્મચારીઓની તા. ૨૯-૮-૧૯૬૧ની ઓવરટાઇમની ગણતરી માટે સાયકલભથ્થું, મકાનભાડા ભથ્થું તથા લોકલ કૉમ્પનસેટરી એલાવન્સ ગણતરીમાં લેવા અંગેની અરજી બાબતમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે તેમની વિનંતી માન્ય કરવી નહિ.

ત્યાર બાદ સભા બરખાસ્ત થઈ હતી.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૪-૧૦-૧૯૬૧ના રોજ ૪-૦૦ વાગ્યે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિશ્રી — પ્રમુખ	હાજર
૨. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર
૩. શ્રી. જિતેન્દ્રભાઈ જે. દેસાઈ	હાજર
૪. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૫. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર
૬. શ્રી. ડી. એલ. શર્મા	ગેરહાજર
૭. શ્રી. ક. ચ. પરીખ	હાજર.

૧. ડૉ. જે. જે. દેસાઈના તા. ૨૭-૭-૧૯૬૧ના પત્ર પર સિન્ડિકેટે તેની તા. ૧૯-૮-૧૯૬૧ની સભામાં ઠરાવ્યા પ્રમાણે વધુ વિચારણા કરી હેવાલ તૈયાર કરવા બાબત.

ડૉ. જે. જે. દેસાઈના તા. ૨૭-૭-૧૯૬૧ના પત્ર બાબતમાં સિન્ડિકેટને પરિશિષ્ટ ખ(૧)માં બતાવ્યા પ્રમાણે રિપોર્ટ કરવા ઠરાવવામાં આવ્યું.

૨. યુનિવર્સિટીમાં કામ કરતા સુથાર શ્રી. એ. વી. ગજ્જરને પહેરવેશ તરીકે ખાખી કપડાં આપવાની તેમની તા. ૨૪-૭-૧૯૬૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સુથાર શ્રી. એ. વી. ગજ્જરને યુનિવર્સિટી તરફથી પહેરવેશ આપવાની જરૂરિયાત આ સમિતિને જણાતી નથી.

૩. ડૉ. જે. જે. શાહ, રેક્ટર, યુનિવર્સિટી હૉસ્ટેલ્સ, તા. ૧૫-૯-૧૯૬૧થી હૉસ્ટેલના "રેન્ટ-ફ્રી" ક્વાર્ટર્સમાં રહેવા ગયા હોઈ તેમને સપ્ટેમ્બરના આખા માસનું મકાનભાડું આપવાની તેમની તા. ૧૮-૯-૧૯૬૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી છાત્રાલયના ગૃહપતિ ડૉ. જે. જે. શાહને અપવાદ તરીકે તેમના જૂના મકાન માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે મકાનભાડા ભથ્થું . ૩૦-૯-૧૯૬૧ સુધી આપવું.

૪. પરીક્ષા અંગેની યંત્રવિભાગની તાલીમ માટે કાર્યાલયના જે કર્મચારીઓને મુંબઈ મોકલવાના છે તેમની ત્યાંના રહેઠાણ માટે દૈનિક ભથ્થું રૂા. ૭-૫૦ ન.પૈ. આપવા અંગેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે પરીક્ષા વિભાગના યંત્રવિભાગની તાલીમ માટે મોકલેલા શ્રી. પી. પી. શાહ, શ્રી. એમ. ડી. ત્રિવેદી અને શ્રી. વિનોદ પટેલને મુંબઈના તેમના રહેઠાણ દરમિયાન ખાસ કેસ તરીકે દૈનિક રૂા. ૪-૦૦ ન.પૈ.ના દરે રહેઠાણભથ્થું આપવું.

ત્યાર બાદ સભા બરખાસ્ત થઈ હતી.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ખ (૧)"

ડૉ. જે. જે. દેસાઈના તા. ૨૭-૭-૧૯૬૧ના પત્ર પર સ્થાયી સમિતિની તા. ૭-૯-૧૯૬૧, તા. ૧૯-૯-૧૯૬૧ અને તા. ૪-૧૦-૧૯૬૧ની સભાઓમાં વિચારણા કરવામાં આવી હતી. તેના સંદર્ભમાં, સેનેટના સભ્ય શ્રી. આર. બી. શાહ તરફથી, તા. ૧૫-૮-૧૯૬૧નો આવેલો પત્ર પણ સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યો હતો.

ચર્ચાવિચારણાને અંતે સમિતિએ સિન્ડિકેટને નીચે પ્રમાણે રિપોર્ટ કરવાનું ઠરાવ્યું:

રિપોર્ટ

૧. પગારધોરણમાં સુધારો:

નીચલી કક્ષાના કર્મચારીઓનાં પગારધોરણો સિન્ડિકેટની તા. ૨/૩-૮-૧૯૫૮ની સભાના ઠરાવથી પહેલી વાર સુધારવામાં આવ્યાં. આ સુધારેલાં પગારધોરણો [જુઓ પરિશિષ્ટ ખ(૨)] તા. ૧-૭-૧૯૫૭થી અમલમાં આવ્યાં હતાં. પણ યુનિવર્સિટીએ કરેલા પગારધોરણોના સુધારાથી કર્મચારીઓને સંતોષ થયો નહિ, અને તેઓ તા. ૨૬-૨-૧૯૫૯થી હડતાળ ઉપર ઊતર્યા. હડતાળ ચાલુ હતી તે દરમિયાન મુંબઈ સરકારે તેના તા. ૪-૩-૧૯૫૯ના હુકમથી યુનિવર્સિટીના કર્મચારીઓની માગણીઓ પર વિચારણા કરવા માટે ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલની નિમણૂક કરી. ટ્રિબ્યુનલે બંને પક્ષોના કેસ સાંભળ્યા, તા. ૧૩-૭-૧૯૬૦ના

રોજ ચુકાદો આપ્યો. આ ચુકાદામાં નીચેનું વિધાન ખાસ નોંધપાત્ર છે :-

> "In fixing the wages, however, it is the total emoluments that would be relevant and not merely the basic wage, as certain allowance like compensatory allowance, cycle allowance, house rent allowance and other allowances are paid by the Gujarat University which are not paid in Bombay."

કેવળ મૂળ પગાર નહિ, પણ કુલ વેતન લક્ષમાં લેવું ઘટે, એ આ ચુકાદાનો એક મહત્ત્વનો સૂર છે. ટ્રિબ્યુનલના ચુકાદા પ્રમાણે જુદી જુદી કક્ષાના કર્મચારીઓનાં સુધારેલાં પગારધોરણો બતાવતું પત્રક પરિશિષ્ટ ખ(૨) તરીકે સામેલ છે.

યુનિવર્સિટીએ ટ્રિબ્યુનલના ચુકાદા પ્રમાણે નક્કી કરવામાં આવેલી બધી શરતોનું પાલન કર્યું છે, અને તે પ્રમાણે કર્મચારીઓને જે કાંઈ આપવાનું થયું તે બધું ચૂકતે કરવામાં આવ્યું છે.

આ બાબતમાં વિચારણા કરતાં જણાય છે કે, કર્મચારીઓની માગણી, મુંબઈ યુનિવર્સિટીમાં પ્રવર્તતાં પગારધોરણો તેમને મળે તથા તે સાથે ગુજરાત યુનિવર્સિટીમાં મળતાં મોંઘવારીભથ્થાં ઉપરાંતનાં અન્ય ભથ્થાંઓ (જે મુંબઈ યુનિવર્સિટીમાં આપવામાં આવતાં નથી) ચાલુ રહે તે મતલબની છે. મુંબઈ યુનિવર્સિટીનાં પગારધોરણો, ગુજરાત યુનિવર્સિટીનાં પગારધોરણો કરતાં થોડાંક ઊંચાં છે, પણ મુંબઈ યુનિવર્સિટીમાં પટાવાળાઓ અને ચોકીદારો સિવાય બાકીના કર્મચારીઓને મૂળ પગાર ઉપરાંત ફક્ત મોંઘવારીભથ્થું જ આપવામાં આવે છે, જ્યારે ગુજરાત યુનિવર્સિટીમાં, મોંઘવારીભથ્થા ઉપરાંત, કર્મચારીઓને મકાનભાડાભથ્થું, કૉમ્પનસેટરી લોકલ ઍલાવન્સ તથા સાયકલ ઍલાવન્સ આપવામાં આવે છે. આથી મુંબઈ યુનિવર્સિટીના કર્મચારીઓને મળતા કુલ વેતન એટલે કે, પગાર તથા મોંઘવારીનો કુલ આંક, અને આપણી યુનિવર્સિટીમાં મળતા પગાર અને અન્ય ભથ્થાંઓ સાથેના વેતનનો કુલ આંક તપાસવામાં આવે તો તે અંગેની સ્થિતિ બરોબર સમજી શકાય. એટલે આ સાથે પરિશિષ્ટ ખ(૩) તરીકે, મુંબઈ યુનિવર્સિટીમાં તથા આપણી યુનિવર્સિટીમાં, જુદી જુદી કક્ષાના કર્મચારીઓને, તેમના હાલના પગારધોરણમાં, શરૂઆતના પગાર પર તથા વધુમાં વધુ પગાર પર કુલ કેટલું વેતન મળે છે તે દર્શાવતું પત્રક જોડયું છે. આ પત્રક જોવાથી સમજી શકાશે કે, મુંબઈ યુનિવર્સિટીના કર્મચારીઓ કરતાં ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓનાં જુદી જુદી કક્ષાનાં પગારધોરણોમાં એટલે કે, તેમને મળતા કુલ વેતનમાં લગભગ તફાવત નથી.

નીચલી કક્ષાના કર્મચારીઓના પગાર ઔદ્યોગિક અશાંતિના ચુકાદાને અનુસરીને સુધારવામાં આવ્યા, તેથી કરીને ઉપરની કક્ષાના અધિકારીઓનાં પગારધોરણો સુધારવાનું આપોઆપ આવશ્યક બન્યું. તેથી સિન્ડિકેટે તેની સ્થાયી સમિતિ મારફતે આ બાબત વિગતે તપાસી, અને તા. ૪-૩-૧૯૬૧ની તેની સભામાં ઉપરની કક્ષાના કર્મચારીઓનાં પગારધોરણો સુધાર્યાં, જે પણ પરિશિષ્ટ "ખ(૩)"માં બતાવવામાં આવ્યાં છે. આ પરિશિષ્ટમાં મુંબઈ યુનિવર્સિટીના સમકક્ષ કર્મચારીઓનાં પગારધોરણો તથા બન્ને યુનિવર્સિટીઓમાં તેમને મળતા કુલ વેતનના તુલનાત્મક આંકડા પણ આપવામાં આવ્યા છે. આ તુલનાત્મક આંકડાઓ ઉપરથી જણાશે કે, આ બેઉ યુનિવર્સિટીઓમાં નીચલી કક્ષાના

કર્મચારીઓના કુલ વેતનમાં તફાવતનું જે પ્રમાણ છે, લગભગ તે જ પ્રમાણ, એકાદ અપવાદ સિવાય, ઉપરની કક્ષાના કર્મચારીઓને મળતા કુલ વેતનમાં પણ જળવાયું છે.

સર્વગ્રાહી તપાસને અંતે સમિતિને જણાયું છે કે, ઉપલી કક્ષાના કર્મચારીઓનાં પગારધોરણો સુધારતી વખતે, મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓના સંયુક્ત મંડળની ભલામણો, મુંબઈ યુનિવર્સિટીમાં તે જ કક્ષાના કર્મચારીઓનાં પગારધોરણો તથા આપણે ત્યાં સમકક્ષ પગારધોરણવાળી અન્ય જગ્યાઓનાં જૂનાં-નવાં પગારધોરણો લક્ષમાં લેવામાં આવ્યાં છે. આમ, સિન્ડિકેટે તેની તા. ૪-૩-૧૯૬૧ની સભામાં ઉપરની કક્ષાના કર્મચારીઓનાં પગારધોરણો સુધાર્યાં છે તે વાજબી લાગે છે. આ પગારસુધારો ઉપરની કક્ષાના કર્મચારીઓને માટે તા. ૧-૭-૧૯૫૯થી અમલમાં મૂકવામાં આવ્યો છે, જ્યારે નીચલી કક્ષાના કર્મચારીઓનાં પગારધોરણો પહેલી વાર તા. ૧-૭-૧૯૫૭થી સુધાર્યાં હતાં, અને બીજી વાર ચુકાદાને પરિણામે તા. ૧-૭-૧૯૫૯થી સુધાર્યાં છે, એ પણ નોંધવું ઘટે. આપણે ત્યાં પહેલાં મળતાં હતાં તે તમામ ભથ્થાં તમામ કર્મચારીઓને માટે ચાલુ રાખ્યાં છે, અને કુલ વેતન કેટલું થાય છે તે લક્ષમાં લેવામાં આવ્યું છે.

રૂા. ૫૦ કે તેથી ઓછા પગાર મેળવતા કર્મચારીઓને મોંઘવારીભથ્થામાં માસિક રૂપિયા પાંચનો, અને રૂા. ૩૦૦ કે તેથી ઓછો પગાર મેળવતા કર્મચારીઓને મળતા મોંઘવારીભથ્થામાં રૂપિયા દસનો જે વધારો તાજેતરમાં રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે જાહેર કર્યો છે, તે આ યુનિવર્સિટીના કર્મચારીઓને આપવામાં આવતાં, મુંબઈ યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીના નીચલી કક્ષાના કર્મચારીઓના તુલનાત્મક પગારના આંકડા આપણે ત્યાં વધારે સુધરશે [જુઓ પરિશિષ્ટ "ખ(૩)"], એ હકીકત તરફ પણ આ સમિતિ સિન્ડિકેટનું ધ્યાન ખેંચે છે.

પગારધોરણોના સુધારાને પરિણામે હિસાબ ગણતાં જે તફાવત જે જે કર્મચારીને આપવાનો થાય તે આપવો આવશ્યક બને, એ સમજવાની ભાગ્યે જ જરૂર રહે છે. ચુકાદાના અમલથી એક પણ કર્મચારીને લાભ મળ્યો નથી, તેવું માનવું મુશ્કેલ છે.

ઉપરની હકીકત જોતાં, ડૉ. જે. જે. દેસાઈ અને શ્રી. રસિકલાલ આ. શાહ તરફથી જે રજૂઆત થઈ છે તેનો ખુલાસો મળી રહે છે.

૨. નવી જગ્યાઓ ઉઘાડવા બાબત :

ત્યાર બાદ સમિતિએ યુનિવર્સિટીના કર્મચારીઓની જુદી જુદી જગ્યાઓ અંગે પણ વિચારણા કરી, અને લંબાણ વિચારણા કર્યા બાદ ભલામણ કરવામાં આવી કે, હાલમાં નક્કી કરવામાં આવેલી ઉપરના વર્ગની જગ્યાઓ ઉપરાંત નવી જગ્યાઓ ઉઘાડવાની હાલને તબક્કે કોઈ જરૂર નથી.

૩. બઢતી અને સીનિયોરિટી :

બઢતી હકપૂર્વક માગી શકાય નહિ એ હકીકતનું આ સમિતિ પુનરુચ્ચારણ કરે છે, અને ધ્યાન ખેંચે છે કે, જ્યારે કોઈ પણ જગ્યા ખાલી પડે કે નવી ઊભી થાય ત્યારે કર્મચારીઓ જરૂરી લાયકાત ધરાવતા હોય તો તે માટે અરજી કરી શકે છે, તથા તેમની અરજી પર ઘટતી વિચારણા કરવામાં આવે છે અને સીનિયોરિટી લક્ષમાં લેવામાં આવે છે. પણ બઢતી આપવાનો સવાલ વિચારવામાં આવે ત્યારે કેવળ 'સીનિયોરિટી'નું ધોરણ નિર્ણાયક નથી, અને તે જ નીતિ સરકારની પણ છે.

પરિશિષ્ટ "ખ (૨)"

ક્રમાંક	હોદ્દો	મૂળ પગારધોરણ (યુનિવર્સિટીની શરૂઆતથી તા. ૩૦-૬-૧૯૫૭ સુધી)	યુનિવર્સિટીએ સિન્ડિકેટની તા. ૨/૩-૮-૧૯૫૮ની સભામાં સુધારેલ પગારધોરણ (તા. ૧-૭-૧૯૫૭થી ૩૦-૬-૧૯૫૯)	ચુકાદા પ્રમાણે સુધરેલ પગારધોરણ (તા. ૧-૭-૧૯૫૯થી શરૂ)
૧.	પટાવાળા, હમાલ, ચોકીદાર	૩૦-½-૩૫	૩૦-૧-૪૫	૩૦-૧-૪૫
૨.	ડ્રાઇવર	૧૧૦ (બધા મળીને)	૧૧૦ (બધા મળીને)	૫૫-૪-૯૫
૩.	નાયક	૩૫-૧-૪૫	૩૫-૧½-૫૦	૪૦-૨-૫૬
૪.	જુ. ક્લાર્ક, ટાઇપિસ્ટ	૫૫-૩-૮૫-૪-૧૨૫ ઈ.બી. ૫-૧૩૦	૫૫-૫-૧૧૦ ઈ.બી. ૮-૧૫૦	૫૫-૫-૧૧૦-૮-૧૫૦ ઈ.બી. ૧૦-૧૬૦
૫.	સીનિયર ક્લાર્ક	૧૦૦-૮-૧૪૦	૧૦૦-૮-૧૪૦ ઈ.બી. ૧૦-૨૦૦	૧૦૦-૮-૧૪૦ ઈ.બી. ૧૦-૨૦૦
૬.	હેડ ક્લાર્ક	૧૫૦-૧૦-૨૦૦	૧૫૦-૧૦-૨૦૦ ઈ.બી. ૧૦-૨૫૦	૧૭૦-૧૦-૨૮૦
૭.	સ્ટેનોગ્રાફર (જૂનો ગ્રેડ)	૧૨૦-૮-૨૦૦-૧૦-૨૫૦	૧૨૦-૮-૨૦૦-૧૦-૨૫૦	૧૨૦-૮-૨૦૦-૧૦-૨૨૦ ઈ.બી. ૧૦-૨૮૦
૮.	સ્ટેનોગ્રાફર (નવો ગ્રેડ)	૧૦૦-૫-૧૨૫-૬-૧૫૫ ઈ.બી. ૬-૧૮૫-૮-૨૨૫	૧૦૦-૭-૧૩૫ ઈ.બી. ૧૦-૨૨૫	
૯.	કેશિયર	૭૦-૫-૧૫૦	૧૦૦-૮-૧૪૦	૧૩૦-૧૦-૨૩૦
૧૦.	આસિ. લાયબ્રેરિયન	૨૦૦-૧૦-૨૫૦ ઈ.બી. ૧૫-૪૦૦	૨૦૦-૧૦-૨૫૦ ઈ.બી. ૧૫-૪૦૦	૨૩૦-૧૫-૩૫૦ ઈ.બી. ૨૦-૪૩૦

પરિશિષ્ટ "ખ(૩)"

Comparative scale of pay of the Bombay University and the Gujarat University and percentage differences in the minimum and maximum of the scale

Serial No.	Name of the post	Bom. Uni. scale	Guj. Uni. scale	Total emoluments drawn				Difference in percentage			
				Minimum of the scale		Maximum of the scale		Before increase of D.A.		After increase of D.A.	
				Bom. Uni.	Guj. Uni.	Bom. Uni.	Guj. Uni.	Mini. of scale	Maxi. of scale	Mini. of scale	Maxi. of scale
1	2	3	4	5	6	7	8	9	10	11	12
1.	Registrar	800–50–1250	800–50–1000 Free quarters. (800–50–1250 without free quarters when statute is amended.)	1150	1000 1000	1500	1200 + Rent-free quarters. (When statute is amended) = 1350.	(–)13	(–)20	(–)13	(–)20
2.	Dy. Registrar	500–25–800	500–25–800	680	*667·50	1000	* 1020	(–)2	(+)2	(–)2	(+)2
3.	Asst. Registrar	400–20–500	350–20–450–E.B. –25–650	503·25	501·25	612	833	(–)½	(+)36	(–)½	(+)36
4.	Accountant	400–25–700	350–20–450–E.B. –25–700	470	451·25	785	837	(–)4	(+)7	(–)4	(+)7
5.	Dy. Accountant	300–20–440	230–15–350–E.B. –20–430	370	320	510	537	(–)13	(+)5¼	(–)11	(+)5¼
6.	Asst. Accountant	200–12–320	170–10–300	265	255	390	387	(–)4	(–)1	Nil	(+)2
7.	Office. Supdt.	320–20–440 (Sr.)	230–15–350–E.B. –20–430	390	320	510	537	(–)18	(+)5	(–)15	(+)5
	–do–	250–20–350 (Jr.)	—	—	—	—	—		—		

8.	Head Clerk	200-12-320	170-10-280	265	255	390	366	(-)4	(-)6	Nil	(-)3½
9.	Sr. Clerk	—	100- 8-140-E.B. -10-200	—	—	—	—	—	—	—	—
10.	Jr. Clerk	75-5-100-8-180 -10-250	55-5-110-8-150 -E.B.-10-190.	130	120	320	275	(-)8	(-)14	Nil	(-)11
11.	Typist Clerk	-do- +Rs.15/- Special Pay.	-do- +Rs. 10/- Special Pay.	145	130	335	285	(-)10	(-)15	(-)3½	(-)12
12.	Steno. Jr.	140-8-200-E.B. -10-270	120-8-200-10-220 -E.B.-10-280	200	179	330	366	(-)1½	(+)11	(+)3½	(+)14
	Steno. Special	250-20-350	—	—	—	—	—	—	—	—	—
	Steno. Senior	180-10-300	—	—	—	—	—	—	—	—	—
13.	Cashier	200-12-320	130-10-230	265	207	390	320	(-)22	(-)18	(-)18	(-)15½
14.	Asst. Cashier	—	55-5-110-8-150 E.B. 10-190.	—	—	—	—	—	—	—	—
15.	Havaldar	50-3-80	50-3-80	102	105	142	145	(+)3	(+)2	(+)8	(+)9
16.	Naik	45-2½-70	40-2-55	97	95	132	121	(-)2	(-)8	(+)3	(-)¾
17.	Peons	40-2-60	30-1-45 (Peons, Mali, Faras & Watchman)	92	85	122	100	(-)8	(-)18	(-)2	(-)14
18.	Driver	—	55-4-95	—	—	—	—	—	—	—	—
19.	P.A. to V.C.	—	230-15-350-E.B. -20-430 (Rs. 75/- Sp. allowance)	—	—	—	—	—	—	—	—
20.	Director of Phy. Edu.	—	350-20-450-E.B. -25-650	—	—	—	—	—	—	—	—
21.	Chief Medical Officer	—	500-25-700-E.B. -30-1000	—	—	—	—	—	—	—	—

*This does not include Rs. 100/- paid to the present incumbent for extramural work.

1	2	3	4	5	6	7	8	9	10	11	12
22.	Publication Officer	—	300-15-600	—	—	—	—	—	—	—	—
23.	Librarian	800-50-1250	500-25-800	900	607·50	1250	960	(-)33	(-)23	(-)33	(-)23
24.	Translator	—	200-10-400	—	—	—	—	—	—	—	—
25.	Dy. Librarian	300-25-450-E.B. -25-600	—	—	—	—	—	—	—	—	—
26.	Senior Asst.	200-12-320	170-10-300 (Technical Asst.)	265	255	390	387	(-)4	(-)1	Nil	(+)2
27.	Asst. Librarian	250-20-450 (In the Dept. only)	230-15-350-E.B. -20-430	320	320	520	537	Nil	(+)3¼	(+)3	(+)3¼

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૮

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા તા. ૨૧-૧૦-૧૯૬૧ના રોજ ૧૧-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં, એસ્ટેટ વિભાગમાં ખાલી પડેલ બિલ્ડિંગ સુપરવાઇઝરની હંગામી જગ્યા માટે, ઉમેદવારોની મુલાકાત લેવા માટે મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. એલ. આર. દેસાઈએ લીધું હતું. હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. એમ. ડી. રાજપાલ	હાજર
૩. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૪. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૫. શ્રી. ઘનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર
૬. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	ગેરહાજર
૭. આચાર્ય વલ્લભરામ વી. વૈદ્ય	ગેરહાજર
૮. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૯. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૧૦. બદુભાઈ હ. દેસાઈ	હાજર
૧૧. શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર
૧૨. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૩. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૪. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર
૧૫. ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર
૧૬. આચાર્ય સં. ૨. ભટ્ટ	હાજર
૧૭. આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૧૮. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર.

એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના પ્રિન્સિપાલ શ્રી. આર. વી. પંડિત ખાસ નિમંત્રણથી હાજર રહ્યા હતા.

નીચેના ઉમેદવારોને બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યા માટે, મુલાકાત માટે, બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. પંડ્યા રમેશચન્દ્ર શિવશંકર	હાજર
૨. શ્રી. દેસાઈ અનિલ બંસીલાલ	હાજર
૩. શ્રી. ભટ્ટ અશ્વિનકુમાર રાજેન્દ્રપ્રસાદ	ગેરહાજર
૪. શ્રી. પટેલ નરોત્તમભાઈ કચરાભાઈ	ગેરહાજર
૫. શ્રી. ત્રિભોવી જેરામ સંતદાસ	હાજર
૬. શ્રી. શાહ પ્રવીણચંદ્ર સારાભાઈ	ગેરહાજર
૭. શ્રી. દવે હીરાલાલ ઈશ્વરલાલ	હાજર.

સમિતિએ હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધી અને પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

શ્રી. પંડ્યા રમેશચંદ્ર શિવશંકરને બિલ્ડિંગ સુપરવાઇઝરની હંગામી જગ્યા ઉપર પાંચ વર્ષ માટે રૂા. ૨૦૦ના માસિક પગાર (fixed)થી નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G.U.P. 445-330-11-61

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૧ના નવેંબર માસની સભા, શનિવાર, તા. ૧૮-૧૧-૧૯૬૧ના રોજ, બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ મા. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ડી. એલ. શર્મા, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૪. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૫. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૭. શ્રી. ધનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર
૮. શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૯. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૧૦. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૧. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૨. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૩. ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર
૧૪. આચાર્ય સં. ૨. ભટ્ટ	હાજર
૧૫. આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૧૬. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૭. આચાર્ય વલ્લભરામ વી. વૈદ્ય	હાજર

૧. તા. ૨૧-૧૦-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૧ના ઑક્ટોબર માસની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૨૧-૧૦-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની સુધારેલી કલમ ૨૫ (૨) અને (૩) ૧ નવેંબર, ૧૯૬૧થી અમલમાં આવતી હોવાથી સ્ટે. ૧૧૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત, તથા સ્ટે. ૧૧૦માં કંઈ સુધારો કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

St. 110 :

All Boards of Studies shall, save as otherwise provided, be formed every five years at the meeting of the Faculties.

St. 111 :

The persons to be co-opted by a Board of Studies shall be co-opted at the meeting of that particular Board of Studies.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ (૨) અને (૩)ના અમલમાંથી ઊભા થતા કાનૂની મુદ્દાઓ તથા સ્ટે. ૧૧૦ અને ૧૧૧ સુધારવાનો સવાલ, સ્થાયી કાનૂની સમિતિની વિચારણા માટે મોકલવો.

૩. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાઇલ્ડ ડેવેલપમેન્ટ, અમદાવાદની માનસશાસ્ત્રના વિષયમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટેની માન્યતા ચાલુ રાખવા માટે આવેલ અરજી ઉપર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. સી. ટી. બોપટકર અને પ્રૉફેસર મુખરજી (મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા)ની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૪. યુનિવર્સિટીના સને ૧૯૬૦-૬૧ના વર્ષનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા અંગે સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૬૦-૬૧ના વર્ષનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. ઉપકુલપતિશ્રી,
૨. ડૉ. મોતીભાઈ ડી. પટેલ,
૩. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ,
૪. આચાર્ય સં. ૨. ભટ્ટ,
૫. આચાર્ય એમ. સી. દેસાઈ.

૫. મુંબઈ યુનિવર્સિટીના આશ્રયે અને મુંબઈ મુકામે અંગ્રેજી સાહિત્ય અંગેના પરિસંવાદ, બ્રિટિશ કાઉન્સિલ તરફથી તા. ૨થી ૧૦ જાન્યુઆરી, ૧૯૬૨ દરમિયાન યોજાનાર હોઈ આ પરિસંવાદમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે 'ધી બ્રિટિશ કાઉન્સિલ' તરફથી તા. ૧૩ ઑક્ટોબર, ૧૯૬૧ના પત્રાંક બૉમ્બે—૬૦૩-૨ ઈ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય સં. ૨. ભટ્ટની નિમણૂક કરવી.

૬. કટક મુકામે ઉત્કલ યુનિવર્સિટીના આશ્રયે આગામી ડિસેંબર માસની ૨૬થી ૨૮ તારીખ દરમિયાન 'ઇન્ડિયન પૉલિટિકલ સાયન્સ એસોસિયેશન'ની ૨૪મી પરિષદ મળનાર હોઈ આ પરિષદમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના ૯મી ઑક્ટોબર, ૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય પુ. ગ. માવળંકરની નિમણૂક કરવી.

૭. મદ્રાસ મુકામે આગામી ડિસેંબર માસની ૨૭થી ૨૯મી તારીખ દરમિયાન યોજાનાર 'અખિલ ભારતીય મનોવિજ્ઞાન પરિષદ'ના પાંચમા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે 'ધી મદ્રાસ સાયકોલોજી સોસાયટી'ના પ્રમુખશ્રી તરફથી આવેલ તા. ૧૯-૧૦-૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. શિવકુમાર મિત્રની નિમણૂક કરવી.

૮. ઉદયપુર મુકામે આગામી ડિસેમ્બર માસની ૨૬થી ૨૮મી તારીખ દરમિયાન 'અખિલ ભારતીય વિજ્ઞાન શિક્ષક પરિષદ'નું છઠ્ઠું અધિવેશન મળનાર હોઈ આ અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે 'ઑલ ઇન્ડિયા સાયન્સ ટીચર્સ એસોસિયેશન'ના મંત્રી તરફથી આવેલ તા. ૧૪ ઑક્ટોબર, ૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદ મુખ્યત્વે માધ્યમિક શિક્ષકોને લગતી હોય તો તેમાં કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ, પણ જો તે પરિષદ ઉચ્ચ શિક્ષણને લગતી હોય તો તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. પી. ડી. પાટકની નિમણૂક કરવી.

૯. 'એરિડ ઝોન પ્રૉબ્લેમ્સ' પર એક પરિસંવાદ, જોધપુર મુકામે આગામી શિશિર ઋતુમાં યોજાનાર હોઈ આ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા ડિફેન્સ લેબોરેટરી, જોધપુરના અધ્યક્ષ તરફથી આવેલ તા. ૯મી ઑક્ટોબરના પત્રાંક ડી.એલ.-૧૪૯-સી. આઈ. આર. પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રોફેસર જે. જે. ચિનોયની નિમણૂક કરવી.

૧૦. સિન્ડિકેટે તેની તા. ૧૯-૯-૧૯૬૧ની સભામાં ઠરાવ્યા મુજબ તબીબી વિદ્યાર્થીઓની તાલીમ માટે ઓછામાં ઓછી ૭૫ ટકા હાજરી ભરેલી હોવી જોઈએ, તે અનુસાર ઓ. ૨૭૨-એની કલમ (ii)માં નીચે મુજબ સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત:

O. 272-A:

(*ii*) The minimum attendance for the purpose of completion of the internship under this Ordinance shall be 75% of the total number of days available for internship.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૨૭૨-એ (*ii*) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૧૧. ડેપ્યુટી સેક્રેટરી ટૂ ધી ગવર્નમેન્ટ ઑફ ગુજરાત, હેલ્થ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટ તરફથી તા. ૨૪/૨૫-૩-૧૯૬૧ના રોજ કલકત્તા મુકામે ભરાયેલી 'સેન્ટ્રલ મેડિકો-લીગલ એડવાઇઝરી કમિટી'ની મેડિકો-લીગલ ઇન્સ્ટિટ્યૂટ્સ સ્થાપવા બાબતમાં આવેલા પત્રાંક ૨૫૬૧-૩૪૭૩૫-બી./૩ ઉપર વિચારણા કરવા બાબત:

(નોંધ.— આ અંગે ફેકલ્ટીના ડીનનો અભિપ્રાય નીચે મુજબ છે:

There is already a Chair for Professor, Forensic Medicine at B. J. Medical College. Such arrangements as are proposed are good.)

આથી ઠરાવવામાં આવે છે કે, મેડિકો-લીગલ એડવાઇઝરી કમિટીની ભલામણ પ્રમાણે મેડિકો-લીગલ ઇન્સ્ટિટ્યૂટ્સ સ્થાપવા જેવી છે એમ રાજ્ય સરકારને અભિપ્રાય જણાવવો.

૧૨. મેડિકલ કાઉન્સિલના મંત્રીના તા. ૧૯-૫-૧૯૬૧ના પત્રાંક એફ-૪૯૫-ચી. ૩૫-૬૧/૧૯૬૭થી આવેલ નીચેની ભલામણ ઉપર તબીબી વિદ્યાશાખાએ કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત:

ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલની ભલામણ

"The Executive Committee recommends to the Council that in view of the fact that there is a shortage to man the specialist department in the growing number of Medical Colleges in the country, the Central and the State Governments be requested to relax the age of superannuatian to sixty years at least for the next ten years.

It further resolves that the resolution be sent to the Central and State Governments, Universities, Directors of Health Services

and the Heads of the Medical Colleges with the request to make immediate action in the matter."

તબીબી વિદ્યાશાખાની ભલામણ

"મેડિકલ કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ ઉપર વિચાર કરી આ ફેકલ્ટી મેડિકલ કૉલેજોના શિક્ષકોની નિવૃત્તિ-વય-મર્યાદા નજીકના ૧૦ વર્ષ સુધી ૬૦ વર્ષની રાખવાના સૂચન સાથે સહમત છે અને તે માટે ઘટતાં પગલાં લેવા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટી સાથે જોડાયેલી એકે મેડિકલ કૉલેજો રાજ્ય સરકારને હસ્તક ચાલતી હોઈ, આ યુનિવર્સિટીને સદરહુ બાબતમાં કાંઈ કરવાપણું આવતું નથી.

૧૩. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની ૩૬મી વાર્ષિક પરિષદના ઠરાવો પર વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણા પછી, ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાને નીચે પ્રમાણે જવાબ આપવા, એમ ઠરાવવામાં આવ્યું :

ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડના ઠરાવ નં.	ઠરાવ
૬ (૧)	આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક વર્ગોમાં પ્રવેશ આપવા માટે પ્રત્યેક કેસ તેના ગુણદોષ પર વિચારાય તે બાબત પરત્વે આ યુનિવર્સિટી પરસ્પર માન્યતા જળવાય તે શરતે, સૈદ્ધાંતિક રીતે સંમત છે, એમ ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડને અભિપ્રાય જણાવવો.
૪	આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવ આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો તથા માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના આચાર્યો અને અધ્યક્ષોને પરિપત્રિત કરવો.
૫	આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગ્રેજીની અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલવી.
૫ (૭)	આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બેઉ ઠરાવોની નોંધ લેવી.
૧૦ (૧)(એ)	આ બાબતના સંદર્ભમાં, એજન્ડાની બાબત નં. ૧૮નો પણ વિચાર કરવામાં આવ્યો હતો, અને તે પરત્વે ઠરાવવામાં આવ્યું કે, વિશિષ્ટ શક્તિ (out-standing ability) ધરાવતા શિક્ષકોને (sabbatical leave) આપવાનો સવાલ, પ્રત્યેક કેસના ગુણદોષને અનુલક્ષીને વિચારી શકાય, એમ ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડને અભિપ્રાય જણાવવો.
૧૦ (૧)(બી)	આથી ઠરાવવામાં આવે છે કે, ટ્રાવેલિંગ ફેલોશિપ્સ સ્થાપવી ઇચ્છવા યોગ્ય છે, એમ ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડને અભિપ્રાય જણાવવો.
૧૦ (૪)	આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટી સદરહુ ઠરાવની તરફેણમાં નથી, અને માને છે કે, પદવી પરીક્ષા પાસ કરીને એક યુનિવર્સિટીમાંથી

ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડના ઠરાવ નં.

ઠરાવ

બીજી યુનિવર્સિટીમાં જવા ઇચ્છતા વિદ્યાર્થીને માટે પણ સ્થળાંતરનું પ્રમાણપત્ર (Migration Certificate) આવશ્યક હોવું જોઈએ, એમ ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડને અભિપ્રાય જણાવવો.

૧૦ (૫) આથી ઠરાવવામાં આવે છે કે, સિદ્ધાંતની દૃષ્ટિએ આ યુનિવર્સિટી સદરહુ ઠરાવની તરફેણમાં છે, એમ ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડને અભિપ્રાય જણાવવો.

૧૦ (૮) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવ કૉલેજો, સંસ્થાઓ વગેરેને પરિપત્રિત કરીને તેમના અભિપ્રાય મગાવવા, તથા તેમની કૉલેજ કે સંસ્થાના કેટલા વિદ્યાર્થીઓ આવી કલમમાં જોડાવા તૈયાર છે તે અંગે માહિતી પુછાવવી.

૧૪. હાલના યુનિવર્સિટીના ઑ. ૬૮ મુજબ વિનયન વિદ્યાશાખાની પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષા માટે બંને સત્રોની હાજરી પ્રત્યેક સત્રમાં ૬૦ દિવસની રાખી છે તેના અનુસંધાનમાં વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખામાંથી વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ પણ પ્રત્યેક સત્રમાં ૬૦ દિવસની હાજરી ભરવી જરૂરી છે. વિદ્યાશાખા બદલવાની છૂટ આપતા ઑ. ૧૬૦ અને ઑ. ૧૬૧ કે જેમાં ૬૫ દિવસની હાજરી જણાવી છે તે ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લઈ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલા ઑર્ડિનન્સ ૧૬૦ અને ૧૬૧ મંજૂર કરવા, તથા તેમને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા ઑર્ડિનન્સ ૧૬૦ અને ૧૬૧ની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૫. માર્ચ/એપ્રિલ, ૧૯૬૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પરીક્ષકો તેમ જ કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલોના કેસો ઉપર અને વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજોના કેસો ઉપર વિચારણા કરવા, તા. ૬–૧૦–૧૯૬૧ના રોજ મળેલ પરીક્ષા-શુદ્ધિ સમિતિની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૬–૧૦–૧૯૬૧ની સભાની ભલામણો, ભલામણ નં. ૧ અને ૨૭માં નીચેના ફેરફાર સાથે મંજૂર કરવી :

૧. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. બી. વ્યાસને, દસ વર્ષ સુધી, યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં પ્રાશ્નિક/પરીક્ષક તરીકે નીમવા નહિ, અને તેમને એપ્રિલ, ૧૯૬૧ની બી.એ.ની પરીક્ષાનું પ્રાશ્નિક/પરીક્ષક તરીકેનું મહેનતાણું આપવું નહિ.

૨૭. આથી ઠરાવવમાં આવે છે કે, બી.કૉમ.ના વિદ્યાર્થી નં. ૬૬૪ની સામે કાંઈ પગલાં લેવાં નહિ, અને તેનું પરિણામ જાહેર કરવું.

(પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૬–૧૦–૧૯૬૧ની સભાની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૬. ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ્સ કઢાવવાની મુદત તા. ૩૧-૧૨-૧૯૬૧ સુધી લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આશરે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ હજુ સુધી ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ્સ કઢાવી લીધાં નથી. વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ્સ એ. ૭૦ મુજબ બીજું સત્ર શરૂ થાય તે પહેલાં કઢાવી લેવાં આવશ્યક છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનાં પાકાં પ્રમાણપત્રો (Final Eligibility Certificates) કઢાવ્યાં ન હોય તેમને તે પ્રમાણપત્રો કઢાવવા માટે તા. ૩૧-૧૨-૧૯૬૧ સુધી મુદત લંબાવી આપવી.

૧૭. યુનિવર્સિટીમાં દાખલ થવા માટે વયમર્યાદા બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી આવેલ તા. ૨૮-૯-૧૯૬૧ ના પત્રાંક નં. એફે. ૩૩-૧૧૪/૫૯ (સી.યુ.પી.) પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. સિન્ડિકેટની તા. ૮-૪-૧૯૬૧ની બેઠકમાં યુનિવર્સિટીમાં દાખલ થવા માટે ઠરાવવામાં આવેલું કે, ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમમાં દાખલ થવા માટે વિદ્યાર્થીની વયમર્યાદા ૧૬ વર્ષની રાખવાની તરફેણમાં આ યુનિવર્સિટી છે.

૨. તા. ૨૮-૯-૧૯૬૧ના પત્રથી યુ.જી.સી. જણાવે છે કે, યુનિવર્સિટીમાં દાખલ થવા માટે Crucial Date 1st October હોવી જોઈએ.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું ઉપરોક્ત સૂચન મંજૂર કરવું, તથા ત્રણ વર્ષનો સુગ્રથિત અભ્યાસક્રમ દાખલ થાય તે પછી તેને અમલમાં મૂકવું.

૧૮. આ યુનિવર્સિટીના શિક્ષકો અને/અથવા આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા Outstanding Ability ધરાવતા શિક્ષકોને Sabbatical Leave આપવાની યોજના હોય તો તે, અને ન હોય તો તે દાખલ કરવાની જરૂરિયાત યુનિવર્સિટીને લાગે છે કે કેમ, તે જણાવવા માટે યુનિ. ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી આવેલ તા. ૧૩-૧૦-૧૯૬૧ ના પત્રાંક એફ. ૧-૯૦/૬૧ (જી) પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૩માં જણાવેલ ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાના ઠરાવ નં. ૧૦ (૧) (એ)ના સંદર્ભમાં કરવામાં આવી હતી, અને તેથી તે અંગેનો ઠરાવ ત્યાં જણાવવામાં આવ્યો છે.

૧૯. આવર્તક ખર્ચ (Recurring Expenditure) અંગે યુનિ. ગ્રાન્ટ્સ કમિશન તરફથી આર્થિક સહાય ક્યાં સુધી મળી શકશે, તે બાબતમાં સ્પષ્ટતા કરતો ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી આવેલ તા. ૧૦-૧૦-૧૯૬૧નો પત્રાંક એફ. ૩૩-૬૮/૬૦ (Cup.) III.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૦. ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચર સ્ટેટિસ્ટિક્સની ૧૫મી વાર્ષિક સભા ડિસેંબર માસની તા. ૨૬, ૨૭ અને ૨૮ના રોજ ચંદીગઢ મુકામે મળનાર હોઈ, તેમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના યોગ્ય Research Workerને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૨૧. પ્રી-યુનિવર્સિટી વર્ગો માટેના અંગ્રેજી વિષયના ગદ્યપદ્યસંગ્રહની જે કૃતિઓના કોપી-રાઇટ અંગેના દર રૂા. ૧૦૦ કરતાં વધારે છે તેવા, સાથેની યાદીમાં મૂળ પ્રકાશકો દ્વારા જણાવવામાં આવેલા દર મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૃતિઓના કોપી-રાઇટ અંગે બ્રિટિશ પબ્લિશર્સ એસોસિયેશન, કેર ઑફ ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસને ઘટતો પત્ર લખીને રોયલ્ટીના દર ઓછા કરાવવા સૂચવવું, તથા તે અંગે ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૨. પ્રાચીન સાંસ્કૃતિક ઇતિહાસ અને પુરાતત્ત્વ વિષયની પરિભાષા અંગેની તારીખ ૨૧-૯-૧૯૬૧ની સભાએ ઠરાવ્યા મુજબ શિલ્પ, સ્થાપત્ય અને ચિત્ર ઇત્યાદિ લલિત કળાઓની એક અલગ પરિભાષા ઉપસમિતિની નિમણૂક કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે, લલિત કળાઓ માટે પરિભાષા તૈયાર કરવા સારુ નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ,
૨. શ્રી. રવિશંકર રાવળ,
૩. શ્રી. યજ્ઞેશ શુક્લ,
૪. શ્રી. બી. પી. સોમપુરા.

૨૩. મનોવિજ્ઞાન વિદ્યાભવનના મનોવિજ્ઞાનના રીડર ડૉ. સી. ટી. ભોપટકરને તેઓના નામ સામે બતાવેલ તારીખે બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તે જગા ઉપર કાયમી કરવા બાબત.

નામ	હોદ્દો	ભવન	અજમાયશી સમય પૂરો થયાની તારીખ
શ્રી. સી. ટી. ભોપટકર	રીડર	મનોવિજ્ઞાન વિદ્યાભવન	૧૧-૧૨-૧૯૬૧

ડૉ. સી. ટી. ભોપટકરની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે પછી ઠરાવવામાં આવ્યું કે, ડૉ. સી. ટી. ભોપટકરને મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં મનોવિજ્ઞાનના રીડર તરીકે તા. ૧૨-૧૨-૧૯૬૧થી કાયમ કરવા.

૨૪. કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એમ. વી. ચમારનો અજમાયશી સમય તેઓના નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ, તેઓને તે જગા ઉપર કાયમ કરવા બાબત.

નામ	હોદ્દો	સ્થળ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ
શ્રી. એમ. વી. ચમાર	પટાવાળા	કાર્યાલય	૧૨-૧૨-૧૯૬૧

શ્રી. એમ. વી. ચમારની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. એમ. વી. ચમારને પટાવાળાની જગ્યા પર તા. ૧૩-૧૨-૧૯૬૧થી કાયમ કરવા.

૨૫. શ્રી. દત્તારામ શ્રીપત નિકમ અત્રેના કાર્યાલયમાં તા. ૧૯-૮-૧૯૬૧થી પટાવાળા તરીકે જોડાયા હતા અને તા. ૨૮-૧૨-૧૯૬૧ના રોજ મરણ પામ્યા હતા. આથી તેમની પત્નીને તેઓના ફાળે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.— શ્રી. દત્તારામ નિકમને ફાળે રૂા. ૧૪-૫૧ ન.પૈ. નીકળે છે અને તપાસ કરતા તેઓને અપાયા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. દત્તારામ શ્રીપત નીકમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ, યુનિવર્સિટીનો ફાળો ઉમેરીને, તેમનાં પત્નીને આપવી.

૨૬. શ્રી. એ. એસ. વ્યાસ તા. ૧-૩-૧૯૬૦થી અત્રેના કાર્યાલયમાં જુનિ. ક્લાર્ક તરીકે કામ કરતા હતા અને તેઓ રાજીનામું આપી છૂટા થયેલા હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૧-૩-૧૯૬૦થી નોકરીમાં જોડાયા હતા અને તા. ૯-૧૦-૧૯૬૧થી છૂટા થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એ. એસ. વ્યાસને, તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૨૭. ગુજરાત સ્ટેટની એસ.એસ.સી.ની પરીક્ષામાં જે પહેલો આવે અને ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજમાં આગળ અભ્યાસ કરે તેને એક સુવર્ણચંદ્રક; અને જે વિદ્યાર્થી ગુજરાત યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષામાં પહેલો આવે તેને એક સુવર્ણચંદ્રક આપવા શ્રી. કરમસિંહજીભાઈ જે. સોમૈયા તરફથી રૂા. ૧૦,૦૦૦ની કિંમતની સખાવત આપવા અંગેના શેઠ શ્રી. અમૃતલાલ હરગોવનદાસના તા. ૭-૧૦-૧૯૬૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સ્ટેટની એસ.એસ.સી.ની પરીક્ષામાં પાસ થઈને ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં અભ્યાસ કરવા માટે જોડાયેલ વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીને સૌથી વધારે ગુણ મળ્યા હોય તે વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવો જોઈએ એ સ્પષ્ટતા સાથે ઉપરોક્ત બેઉ સુવર્ણચન્દ્રકો માટેના પ્રીતિદાનનો સાભાર સ્વીકાર કરવો.

૨૮. યુનિવર્સિટી ફિલ્મ કાઉન્સિલ તરફથી આવેલા તા. ૧૫-૯-૧૯૬૧ના પત્રાંક ડી. ૧૧-૧૮-૧૯૬૧ અનુસાર ઘડવામાં આવેલું ગુજરાત યુનિવર્સિટી ફિલ્મ સોસાયટીનું નવું બંધારણ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીની ફિલ્મ સોસાયટીનું સુધારેલું બંધારણ મંજૂર કરવું.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા બંધારણની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૯. એસ.એસ.સી. પાસ થઈ કૉલેજના પ્રથમ વર્ષમાં અગર માન્ય ડિપ્લોમાના વર્ગમાં દાખલ થતા વિદ્યાર્થીઓ માટે જેમ શારીરિક શિક્ષણના વર્ગોમાં હાજરી આપવી ફરજિયાત છે અને સંસ્થામાં શારીરિક તાલીમના શિક્ષક રોકવા ફરજિયાત છે તે પ્રમાણે યુનિવર્સિટીમાં નવા સ્થાપવામાં આવેલા ડિપ્લોમાના અભ્યાસક્રમ, જેવા કે લલિતકળા, પત્રકારત્વ વગેરેના ડિપ્લોમામાં પ્રવેશ મેળવતા એસ.એસ.સી. પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ફરજિયાત હાજરીનો તથા તેવો અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા માટે ફરજિયાત શારીરિક તાલીમના શિક્ષક રોકવા બાબતનો, શારીરિક તપાસ અંગે કોઈ ઉલ્લેખ તે માટેના અભ્યાસ-ક્રમ કે નિયમોમાં નથી તો તે અંગે ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ડિપ્લોમાઓના અભ્યાસક્રમમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓને માટે વ્યાયામશિક્ષણ દાખલ કરવાની જરૂર નથી.

૩૦. સિન્ડિકેટે તેની તા. ૧૦-૩-૧૯૬૧ની સભામાં ઠરાવ્યા પ્રમાણે હિન્દી વિષયોમાં ગદ્ય અને પદ્ય કૃતિઓનો સંગ્રહ તૈયાર કર્યો છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૧. રુગ્ણાલયોની ત્રિવાર્ષિક તપાસ અંગેની સમિતિ ઉપર સેવા આપવાની ડૉ. એન. સી. શાહે અશક્તિ દર્શાવ્યાથી તેઓની જગ્યાએ ડૉ. સી. એચ. નાયકની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૨. સને ૧૯૬૧ના ઑક્ટોબર માસમાં લેવાયેલ જુદી જુદી પરીક્ષામાં નિમાયેલ પ્રાધ્યિકો પૈકી કેટલાકે મજકૂર કામ કરવાની અશક્તિ દર્શાવી હોવાથી અથવા તેઓ જે પરીક્ષામાં નિમાયા હતા તે પરીક્ષામાં કામ કરી શકે તેમ ન હોવાથી તેમની જગ્યાએ અવેજીની નિમણૂકો કર્યા બદલના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૩. તા. ૨૫-૯-૧૯૬૧ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણ :

"યુનિવર્સિટીની બધી કૉલેજોના વિદ્યાર્થીઓને તાલીમ આપી યુનિવર્સિટીનું રમતગમતનું ધોરણ સુધરે તે માટે અને ખાસ કરીને યુનિવર્સિટીની પસંદ થયેલ ટુકડીઓને તાલીમ આપવા

માટે એથી વધારે રમતોનું નિષ્ણાત જ્ઞાન ધરાવતા હોય તેવા અને/અથવા પતિયાળા સ્પોર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટમાં તાલીમ લીધી હોય તેવા બે અથવા ઓછામાં ઓછા એક કોચની કાયમી ધોરણે નિમણૂક કરવાનું મંજૂર કરવા તથા તેઓનાં યોગ્ય પગારધોરણ નક્કી કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી નહિ.

૩૪. તા. ૨૫-૭-૧૯૬૧ના રોજ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકમાં મંજૂર કરવામાં આવેલ કોચિંગ કૅમ્પની યોજનાને બહાલી આપવા બાબત.

"(અ) આથી ઠરાવવામાં આવે છે કે, ફૂટબૉલ, હૉકી અને એથ્લેટિક્સ માટે વિખ્યાત કોચના હાથ નીચે યુનિવર્સિટીના હરીફોને કોચિંગ આપવાની વ્યવસ્થા કરવી અને તે માટે જરૂરી કોચિંગ કૅમ્પો યોજવા અને દરેક રમતના કોચ અંગેના રૂા. ૩૦૦ના ખર્ચને મંજૂર કરવો તથા કોચિંગ માટે આવનાર વિદ્યાર્થીઓનો જરૂરી ખર્ચ, રૂા. ૫,૦૦૦ કોચિંગ કૅમ્પ માટે રાખ્યા છે તેમાંથી, કરવાનું મંજૂર કરવું તથા કોચિંગ માટેના જરૂરી સંખ્યાના ખેલાડીઓને બોલાવવાની સત્તા પ્રમુખ અને મંત્રીને આપવી.

(બ) બીજી રમતો માટે પસંદ થયેલા હરીફોને આંતર-યુનિવર્સિટીના સ્થળે જતાં પહેલાં ચાર પાંચ દિવસ કોચિંગ આપવાની વ્યવસ્થા કરવી અને તે માટે નિમાતા કોચને સ્થાનિક હોય તો રૂા. પનું માનદ વેતન અને બહારગામથી નિમાતા કોચને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ભાડું-ભથ્થું આપવું.

(ક) આ કોચિંગ અંગેનો તમામ ખર્ચ કોચિંગ કૅમ્પ માટે મંજૂર કરવામાં આવેલ રૂા. ૫,૦૦૦ની રકમમાંથી, કરવાનું મંજૂર કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૩૫. સને ૧૯૬૨ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનારી જુદી જુદી પરીક્ષાઓ માટે જ્યાં કેન્દ્રો નથી ત્યાં યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે નવાં કેન્દ્રો આપવા બાબત તેમના તરફથી આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

અને ૧૯૬૨ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્રો આપવા બાબતની જુદી જુદી કૉલેજોની વિનંતીઓ પર નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

૧. નીચેનાં સ્થળોએ, તેનાં નામ સામે જણાવેલી પરીક્ષા માટે, કેન્દ્રો આપવાની વિનંતીઓ મંજૂર કરવી:

સ્થળ		પરીક્ષા
૧. અમરેલી	...	પ્રથમ વર્ષ વિનયન
૨. બીલીમોરા	...	૧. પ્રથમ વર્ષ વિનયન
		૨. પ્રથમ વર્ષ વિજ્ઞાન
૩. ખંભાત	...	પ્રથમ વર્ષ વિનયન

સ્થળ		પરીક્ષા
૪. જામનગર	...	પ્રથમ વર્ષ વાણિજ્ય
૫. જૂનાગઢ	...	દ્વિતીય વર્ષ કૃષિવિદ્યા
૬. કલોલ	...	પ્રથમ વર્ષ વિનયન
૭. કપડવંજ	...	૧. પ્રથમ વર્ષ વિનયન
		૨. પ્રથમ વર્ષ વિજ્ઞાન
૮. મોરબી		પ્રથમ વર્ષ વિજ્ઞાન
૯. નડિયાદ	...	૧. દ્વિતીય વર્ષ વાણિજ્ય
		૨. પહેલી અને બીજી એલએલ.બી.
૧૦. પિલવાઈ	...	પ્રથમ વર્ષ વિનયન અને વિજ્ઞાન
૧૧. સુરત	...	૧. બી.એડ.
		૨. એફ.ઈ.
૧૨. સિદ્ધપુર	...	૧. પ્રથમ વર્ષ વિનયન
		૨. પ્રથમ વર્ષ વાણિજ્ય પરીક્ષાઓ માટે.

૨. નીચેનાં સ્થળોએ કેન્દ્રો આપવાની વિનંતીઓ મંજૂર કરવી નહિ :

સ્થળ		પરીક્ષા
૧. અમરેલી	...	દ્વિતીય વર્ષ વિનયન
૨. બીલીમોરા	...	૧. દ્વિતીય વર્ષ વિનયન
		૨. દ્વિતીય વર્ષ વિજ્ઞાન
૩. ખંભાત	...	૧. દ્વિતીય વર્ષ વિનયન
		૨. દ્વિતીય વર્ષ વિજ્ઞાન
૪. ડભોઈ	...	દ્વિતીય વર્ષ વિજ્ઞાન
૫. ગોધરા	...	૧. દ્વિતીય વર્ષ વિનયન
		૨. દ્વિતીય વર્ષ વિજ્ઞાન
૬. જામનગર	...	ત્રીજી એમ.બી., બી.એસ.
૭. મોડાસા	...	૧. દ્વિતીય વર્ષ વિનયન
		૨. દ્વિતીય વર્ષ વિજ્ઞાન
૮. મોરબી	...	૧. દ્વિતીય વર્ષ વિનયન
	...	૨. દ્વિતીય વર્ષ વિજ્ઞાન
૯. નડિયાદ		બી.કૉમ.
૧૦. નવસારી	...	૧. એમ.એ.
		૨. એમ.એસસી.
૧૧. પાટણ	...	બી.એસસી. (સર્વેસ્ડિયરી)
૧૨. પેટલાદ	...	૧. બી.એ.
		૨. બી.એસસી.

સ્થળ		પરીક્ષા
૧૩. પિલવાઈ	...	૧. દ્વિતીય વર્ષ વિનયન
		૨. દ્વિતીય વર્ષ વિજ્ઞાન
૧૪. સિદ્ધપુર	...	૧. દ્વિતીય વર્ષ વિનયન
		૨. દ્વિતીય વર્ષ વાણિજ્ય
૧૫. તલોદ	...	૧. દ્વિતીય વર્ષ વિનયન
		૨. દ્વિતીય વર્ષ વિજ્ઞાન
		૩. બી.એ.
૧૬. માણસા	...	૧. દ્વિતીય વર્ષ વિનયન
	...	૨. દ્વિતીય વર્ષ વિજ્ઞાન

૩. તલોદમાં પ્રથમ વર્ષ વિનયન અને પ્રથમ વર્ષ વિજ્ઞાન માટે કેન્દ્ર આપવાની વિનંતી બાબતમાં તપાસ કરીને ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(નોંધ.—જે સ્થળોએ યુનિવર્સિટીની પરીક્ષા પ્રથમ વાર લેવાની થતી હોય તે સ્થળોએ પ્રશ્નપત્રો છાપવા માટે જરૂરી વ્યવસ્થા છે કે કેમ, તેની ખાતરી કરીને આ નિર્ણયનો અમલ કરવા માટે ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.)

આ પછી, સભાગૃહની સંમતિથી એજન્ડા પરનાં કામ અનુક્રમે નં. ૪૪ અને ૫૧ હાથ ધરવામાં આવ્યાં, અને તે પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

૪૪. સેનેટની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૧ની સભામાં, આચાર્ય ડૉ. કે. જી. નાયકનો નીચેનો ઠરાવ મંજૂર થયેલ હોઈ, તે પર આગળ ઘટતું કરવા બાબત:

૮. ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૬૨-૬૩ના વર્ષ માટેનું અંદાજપત્ર તૈયાર કરવા અંદાજપત્ર સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૨-૬૩ના વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવા માટે, નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિશ્રી,
૨. રો. મોતીભાઈ ડી. પટેલ,
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ,
૪. આચાર્ય સં. ૨. ભટ્ટ, અને
૫. આચાર્ય એમ. સી. દેસાઈ.

૯. ફાઇનાન્સ કમિટીની તા. ૬-૧૧-૧૯૬૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફાઇનાન્સ કમિટીની તા. ૬-૧૧-૧૯૬૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૦. બાંધકામ સમિતિની તા. ૯-૧૦-૧૯૬૧ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બાંધકામ સમિતિની તા. ૯-૧૦-૧૯૬૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૧. સેનેટની છેલ્લી સામાન્ય સભામાં થયેલાં નીચેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત:

૧. કૉલેજોના આચાર્યો માટે પગારધોરણ નક્કી કરવું.
૨. અનુસ્નાતક પરીક્ષાઓ વહેલી લેવી અને નવું સત્ર શરૂ થાય તે પહેલાં તેનાં પરિણામો બહાર પાડવાં.
૩. વિદ્યાર્થીઓને ગુણપત્રકો વિનામૂલ્યે આપવાં અને તે કૉલેજો મારફત વહેંચાય.

શ્રી. લાલભાઈ ૨. દેસાઈ સામે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરવામાં આવેલ 'રિટ' અરજી ક્રમાંક ૬૨૪/૧૯૬૧ની સુનાવણી દરમિયાન યુનિવર્સિટી તથા ઉપકુલપતિશ્રી તરફથી બચાવ કરવા રોકવામાં આવેલ ઍડવોકેટ શ્રી. એમ. પી. અમીનને નીચે મુજબના દરે મહેનતાણું ચૂકવવા બાબત તથા તેમની મદદમાં બે સ્થાનિક વકીલો રોકવા બાબત :

૧. રૂા. ૧,૫૦૦·૦૦ એક દિવસના (દિવસ અનુસાર);

૨. મુંબઈથી અમદાવાદ આવવાજવાનું બે જણનું ભાડું (પ્રથમ વર્ગ એરકન્ડિશન્ડ કે હવાઈ પ્રવાસ);

૩. કામા હોટેલ્સમાં બે જણની વ્યવસ્થા કરવાનું ખર્ચ; તથા

૪. સલાહ માટે દર કલાકના રૂા. ૧૨૦·૦૦.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કેસમાં, ગુજરાત યુનિવર્સિટી અને તેના ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈ તરફથી, શ્રી. એમ. પી. અમીન તથા બે સ્થાનિક વકીલો, શ્રી. વી. જી. હાકોર અને શ્રી. એચ. કે. હાકોરને નીમ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને મંજૂર કરવું, તથા તે માટે ઉપર જણાવેલ ખર્ચ મંજૂર કરવો.

(**નોંધ.**—બે સ્થાનિક વકીલોની ફી નો ખર્ચ અલગ રહેશે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી તરફથી જવાબની ઍફિડેવિડ કરવા માટે શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી.

૬. યુનિવર્સિટી સામે શ્રી. બી. એ. પટેલે માંડેલા રૅ. જ્યુરી દાવા નં. ૧૧૬/૬૦માં યુનિવર્સિટીએ વકીલ તરીકે રોકેલા શ્રી. મગનલાલ સી. મહેતાને નીચે પ્રમાણે રૂા. ૩,૧૦૦-૦૦નું મહેનતાણું આપવા બાબત:

રૂા.	૨,૩૦૦·૦૦	ઍડવોકેટ ફીના
રૂા.	૪૦૦·૦૦	જુનિયર ઍડવોકેટની ફીના
રૂા.	૧૦૦·૦૦	બ્રીફ તૈયાર કર્યાના ખર્ચના
રૂા.	૩૦૦·૦૦	પરચૂરણ ખર્ચ હિસાબે જે થાય તેના
રૂા.	૩,૧૦૦·૦૦	કુલ

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં શ્રી. મગનલાલ સી. મહેતાને વકીલ તરીકે રોકવાના ઉપકુલપતિશ્રીના કાર્યને મંજૂર કરવું, તથા તે માટે નીચે પ્રમાણેનો ખર્ચ મંજૂર કરવો :

રૂા.	૧,૦૦૦·૦૦	ઍડવોકેટની ફી
રૂા.	૧૫૦·૦૦	જુનિયર ઍડવોકેટની ફી
		પરચૂરણ ખર્ચ (out of pocket expenses) જે થાય તે.

આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા ભારત સરકારના તા. ૪ નવેંબર, ૧૯૬૧ના પત્રાંક ૧૯(૧૯) ૬૧-એસ.આર. ૫૨ વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— ૧. રહેવાજમવાનો ખર્ચ સરકાર આપવાની છે.
૨. પ્રતિનિધિઓએ 'પેપર' વાંચવું પડશે અને ચર્ચામાં ભાગ લેવો પડશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ગ્રીષ્મશાળામાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૨૫. યુનિવર્સિટી કાર્યાલય માટે સને ૧૯૬૨ના વર્ષની રજાઓ મંજૂર કરવા બાબત.

(**નોંધ.**— ગયે વર્ષે આ ઉપરાંત મકરસંક્રાન્તિ, કાળીચૌદશ, ભાઈબીજ અને યુનિવર્સિટી સ્થાપનાદિનની રજાઓ આપવાની ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત રાજ્ય સરકારે ૧૯૬૨ના વર્ષ માટે જાહેર કરેલી રજાઓની યાદીમાં મકરસંક્રાન્તિ, ભાઈબીજ અને યુનિવર્સિટી સ્થાપનાદિનની ત્રણ રજાઓ ઉમેરીને તે યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યાદીની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૨૬. સને ૧૯૬૦-૬૧ના વર્ષ માટે રિવાઇઝ્ડ અંદાજ કરતાં થયેલા વધારાના ખર્ચને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૦-૬૧ના વર્ષમાં રિવાઇઝ્ડ અંદાજ કરતાં થયેલા વધારાના ખર્ચને મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા વધારાના ખર્ચની નોંધ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૨૭. આગામી વર્ષના એપ્રિલ માસની તા. ૯થી ૧૪ દરમિયાન સિંગાપોર ખાતે, "એશિયન રિજિયોનલ મેડિકો-સર્જિકલ કોંગ્રેસ" ભરાનાર હોઈ, આ કોંગ્રેસમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે ભારત સરકારના આરોગ્ય ખાતાના તા. ૧-૩-૧૯૬૧ના પત્રાંક એફ. ૨૪-૭/૬૧ એમ.આઈ. ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૨૮. સને ૧૯૬૧ના ઑક્ટોબર માસની પરીક્ષાની મોસમ દરમિયાન જુદાં જુદાં કેન્દ્રો પર લેવાયેલ આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નીમવામાં આવેલા મુખ્ય નિરીક્ષકની નિમણૂકોમાં ઉપકુલપતિશ્રીની મંજૂરીથી કરવામાં આવેલ ફેરફારની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૯. યુનિવર્સિટી કાર્યાલયમાં ભાષાંતરકારની એક જગ્યા ભરવા માટે વરણીસમિતિની તા. ૧૧-૧૧-૧૯૬૧ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની તા. ૧૧-૧૧-૧૯૬૧ની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે, કુ. એસ. જે. શાહની, ભાષાંતરકાર (Translator)ની જગ્યા ઉપર રૂા. ૨૦૦-૧૦-૪૦૦ના પગારધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૦૦થી એ વર્ષના પ્રોબેશન પર નિમણૂક કરવી.

(વરણીસમિતિની નોંધની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૩૦. ગુજરાત યુનિવર્સિટીના ધારાની સુધારેલી કલમ ૨૫ (૨) (૩)ને તા.૧-૧-૧૯૬૧થી અમલી કરતા રાજ્ય સરકારના કેળવણી અને શ્રમ ખાતાના તા. ૧૮ ઑક્ટોબર ૧૯૬૧ના પત્રાંક યુજીએવી-૪૨૬૧-બીના હુકમની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૧. ત્રીજી પંચવર્ષીય યોજનાના ગાળા દરમિયાન આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓ જેમનાં નામ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના કાયદાની કલમ ૨-એફ મુજબ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીએ મંજૂર રાખેલ યાદીમાં ઉમેરાયા હોય તેવી કૉલેજો/સંસ્થાઓને નીચેની યોજનાઓ માટે તે અંગેના નિયમોને અધીન રહી આર્થિક સહાય ચાલુ રાખવામાં આવશે એમ જણાવતો યુ.જી.સી. તરફથી આવેલ પત્ર.

1.	Non-resident Students' Centre	..	Max. Rs. 35,000.
2.	Hobby Workshops	..	Max. Rs. 25,000.
3.	Constructions of Men's Hostels	..	Equal share *or* 50:50.
4.	Constructions of Women's Hostels	..	Three-fourth *or* 75:25.
5.	Extension of Libraries including purchase of books	..	Two-third *or* $\frac{2}{3}:\frac{1}{3}$.
6.	Extension of Laboratories and purchase of equipment after taking into account the assistance that may have been given or may be given under the 3-year degree course scheme	..	Two-third *or* $\frac{2}{3}:\frac{1}{3}$.
7.	Construction of staff quarters	..	Equal share *or* 50:50)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રની નોંધ લેવી.

(સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ "ઞ"** તરીકે સામેલ છે).

૩૨. સેનેટે તેની તા. ૯, ૧૦, ૨૦, ૩૦-૩-૧૯૬૧ની સભામાં મંજૂર કરેલ શ્રી. ચંદ્રવદન ચુ. શાહના નીચેના ઠરાવ પર સિન્ડિકેટે કરેલ રિપોર્ટ જે સેનેટે તેની તા. ૧૪, ૧૫-૧૦-૧૯૬૧ની

સભામાં "રિફ્ર એક" કરેલ છે તે અંગે વિચારણા કરવા બાબત :

"છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણનો જે ફેલાવો થઈ રહ્યો છે તેથી આ યુનિવર્સિટીને સંતોષ થાય એ સ્વાભાવિક છે છતાં આ દિશામાં થતા પ્રયાસો એકજ વિસ્તારમાં બેવડાય નહિ, નવી સંસ્થાઓ સ્થાનિક જરૂરિયાતોને અનુલક્ષીને જ સ્થપાય અને આપણાં મર્યાદિત નાણાકીય સાધનોનું પૂરું વળતર મળે એવો વિવેકપૂર્વક ઉપયોગ થાય એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવા સારુ ભિન્ન ભિન્ન વિદ્યાશાખાઓની ઉચ્ચ શિક્ષણની સંસ્થા કાઢવાને કેટલી ઓછામાં ઓછી પૂર્વતૈયારી સંસ્થાના પુરસ્કર્તાઓએ કરવી જોઈએ, તેને આર્થિક તેમ જ શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમ એકમ બનાવવા કેટલા વિદ્યાર્થીઓ આવશ્યક છે ને તેનો પૂર્ણ વિકાસ કરવા સારુ એકંદરે કેટલા ભંડોળની જરૂર પડશે ઇત્યાદિ મુદ્દાઓને આવરી લેતો એક પ્રમાણિત મુસદ્દો (blue print) તૈયાર કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૩. સિન્ડિકેટની તા. ૯-૯-૧૯૬૧ની સભાના ઠરાવ અન્વયે સ્થાનિક તપાસ-સમિતિઓને આપવાની સૂચનાઓની કાર્યાલયે ઘડેલા મુસદ્દા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૪. માર્ચ/એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ નીચેના વિદ્યાર્થીનું પરિણામ સુધાર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

વિદ્યાર્થીનો નંબર	... ૧૧૨૬૭
જાહેરનામા નંબર	... ૧૧૯
અગાઉ જાહેર કરેલ પરિણામ	... નાપાસ
સુધારેલું પરિણામ	... પાસ
પરિણામ સુધારવાનું કારણ	... નંબર લખવામાં વિદ્યાર્થીની ભૂલ તેમ જ કાર્યાલયની ભૂલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૫. ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીના સભ્ય ડૉ. કે. આર. રામનાથન તા. ૧૬-૧૧-૧૯૬૧થી આ કમિટીના સભ્યપદેથી રાજીનામું આપી છૂટા થવા માગતા હોઈ તે સમિતિ પર તેમની જગ્યાએ તા. ૧૫-૧૧-૧૯૬૩ સુધીની મુદત માટે બીજા કોઈ સભ્યની ઑર્ડિ. ૩૭ અનુસાર નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે ઉપકુલપતિશ્રીએ સ્પષ્ટતા કરી કે, ડૉ. કે. આર. રામનાથને સદરહુ સમિતિ પર ચાલુ રહેવા માટે અનુમતિ આપેલી છે, તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૩૬. યુનિવર્સિટી કાર્યાલયમાં ટાઇપિંગ વિભાગમાં કામ કરતા શ્રી. એ. બી. દવેને, તા. ૧૫-૧-૧૯૬૧થી ૨૯-૫-૧૯૬૧ સુધી ૧૫ દિવસનું, ગણિતશાસ્ત્રના ગ્રીષ્મ વર્ગોના કામ માટે,

આસ કેસ તરીકે, વધારાનું મહેનતાણું રૂા. ૫૬-૨૫ ન.પૈ., રોજના રૂા. ૩-૭૫ ન.પૈ. લેખે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૬. 'રેડિયો-ફિઝિક્સ અને ઇલેક્ટ્રોનિક્સ' વિષયમાં અનુસ્નાતક અભ્યાસ તથા સંશોધન પરત્વે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝના રીડરે તૈયાર કરેલ યોજના પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૮. સિન્ડિકેટે તેની તા. ૯-૯-૧૯૬૧ની સભાની કાર્યવાહીમાં સાર્વજનિક લૉ કૉલેજ, સુરતને ત્રિવાર્ષિક તપાસ અંગેની સમિતિના સભ્ય તરીકે આચાર્ય શ્રી. એમ. એસ. પંડિતને બદલે શ્રી. એમ. એસ. પરીખ છપાયું હોઈ તે પ્રમાણે સુધારી લીધાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૯. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ અંગે રેફરીના રિપોર્ટને અનુલક્ષીને તેમને તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. મોદી જગદીશચંદ્ર રમણલાલ	રસાયણવિજ્ઞાન	એમ.એસસી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૦. પરીક્ષકોએ આપવાના અહેવાલ અંગેનું નિયત પત્રક સુધારીને મંજૂર કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૧. યુનિવર્સિટીની ઇજનેરની હંગામી [પાંચ વર્ષની] મુદતની જગ્યા પૂરવા માટે સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની તા. ૨-૧૨-૧૯૬૧ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની તા. ૨-૧૨-૧૯૬૧ની ભલામણ મંજૂર કરવી, તથા શ્રી. એલ. કે. હકકરની, રૂા. ૪૦૦-૨૫-૭૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૫૦૦થી, યુનિવર્સિટી એન્જિનિયરની હંગામી જગ્યા ઉપર, બે વર્ષના પ્રોબેશન પર નિમણૂક કરવી.

(વરણીસમિતિની સભાની નોંધની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૪૨. બહેનોની આંતર-યુનિવર્સિટી હૉકી હરીફાઈ વડોદરા મુકામે યોજાવાની હોવાથી તેમાં ભાગ લેવા આપણી યુનિવર્સિટીની બહેનોની ટુકડીને મોકલવા માટે થનાર રૂા. ૬૦૦-૦૦ નો અર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત માટે રૂા. ૬૦૦-૦૦ સુધીનો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૪૩. ભારત સરકારના અણુશક્તિ ખાતા તરફથી "Cosmic Rays and Elementary Particles" નામક પરિસંવાદ મદ્રાસ મુકામે ડિસેંબર માસની તા. ૨૦થી ૨૩ દરમિયાન યોજનાર હોઈ આ પરિસંવાદમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા, ભારત સરકારના અણુશક્તિ ખાતા તરફથી આવેલ તા. ૧૩-૧૧-૧૯૬૧ના પત્રાંક ૧૫-૨-૧૯૬૧ [ટેક.]-૧ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં ભાગ લેવા માટે, આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એસ. પી. પંડ્યાને મોકલવા.

૪૪. ડૉ. ય. ગુ. નાયક હવે સિન્ડિકેટના સભ્ય તરીકે ચાલુ ન હોવાથી યુનિવર્સિટી કાર્યાલયના ચેકો ઉપર સહી કરવા માટે બીજા એક સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. ય. ગુ. નાયકની જગ્યાએ બૅન્ક ઑફ ઇન્ડિયાના ખાતામાં લેવડદેવડ કરવા માટે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ ને સત્તા આપવી.

૪૫. સંસ્કૃત વિશ્વપરિષદનું એક અધિવેશન મુંબઈ મુકામે આગામી ડિસેંબર માસમાં તા. ૧૫થી ૧૭ દરમિયાન મળનાર હોઈ તે અધિવેશનમાં ભાગ લેવા આ યુનિવર્સિટી તરફથી એક પ્રતિનિધિ મોકલવા માટે તે સંસ્થાના માનદ સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૧૫-૧૧-૧૯૬૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રૉફેસર ભગવતીપ્રસાદ પંડ્યાને મોકલવા.

૪૬. ક્લિનિકલની શૈક્ષણિક જગ્યા માટે યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિ મળતી નહિ હોવાથી બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં મેડિસિનના પ્રાધ્યાપક તરીકે નિમાયેલ ડૉ. ઓ. પી. ગુપ્તાનો આશરે એકાદ વર્ષ જેટલો ખૂટતો શૈક્ષણિક અનુભવ ઓછો છે તે ચલાવી લેવા (condone કરવા) માટે ગુજરાત રાજ્યના આરોગ્ય અને ઉદ્યોગ ખાતાના સચિવના તા. ૧૯-૮-૧૯૬૧ના પત્રાંક MCG. 1061/36196-B-III માં કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. ઓ. પી. ગુપ્તાનો એકાદ વર્ષ જેટલો ખૂટતો શૈક્ષણિક અનુભવ ખાસ કેસ તરીકે માફ કરીને તેમની "મેડિસિન"ના પ્રૉફેસર તરીકેની નિમણૂક નાન્ય કરવી.

૪૭. "ઇન્ડિયન લૉ ઇન્સ્ટિટ્યૂટ"ના ઉપક્રમે, આગામી વર્ષના જાન્યુઆરી માસની તા. ૧૫થી ૨૭ દરમિયાન, "Legal Philosophy" નામક પરિસંવાદ, નવી દિલ્હી મુકામે

યોજનાર હોઈ, આ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા મજકૂર સંસ્થાના રિસર્ચ ડાયરેક્ટરના તા. ૯ નવેમ્બર ૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—પ્રતિનિધિને દરરોજ રૂા. ૭·૫૦ લેખે રોકાણુભથ્થું ઇન્સ્ટટચૂટ આપશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે શ્રી. બટુભાઈ હ. દેસાઈને મોકલવા.

૪૮. સને ૧૯૬૧માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો, પરીક્ષકો તેમજ કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલોના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૩-૧૧-૧૯૬૧ના રોજ મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૩-૧૧-૧૯૬૧ની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૪૯. એમ.ડી.ની પરીક્ષામાં વિદ્યાર્થી જો લેખિત અને પ્રાયોગિક પરીક્ષામાં પાસ થાય પરંતુ તેનું ડિઝર્ટેશન પરીક્ષકોએ સ્વીકાર્યું ન હોય તો ઓ. ૨૭૮ મુજબ તેને નાપાસ જાહેર કરવો કે તેનું લેખિત અને પ્રાયોગિક પરીક્ષાનું પરિણામ અનામત રાખી તેને ફરી ડિઝર્ટેશન રજૂ કરવા જણાવી તે સ્વીકારાય પછી તેનું પરિણામ જાહેર કરવું એ બાબત અંગે સ્પષ્ટતા કરવા બાબત.

O. 278:

Every candidate presenting himself for Part II of the M.D. Examination for the first time, shall submit, with his application for admission to the examination. three type-written copies of a dissertation, prepared under the direction and guidance and to the satisfaction of his University teacher. The dissertation may relate to a series of clinical cases, autopsy record, discussion of a topic (modern or historical) or a review of the work on a specific theme. The dissertation shall be referred to the Examiners for Part II of the examination for the particular branch, and acceptance of it by the Examiners shall be a condition precedent to his being declared successful. It may form the basis of the viva voce examination and due credit may be given to the same.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ઓર્ડિનન્સ ૨૭૮ના અર્થઘટન (interpretation)ને લગતી હોઈ તે પરત્વે ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

૫૦. સને ૧૯૬૨ની પરીક્ષા સમિતિમાં સિન્ડિકેટ તરફથી નિયુક્ત થયેલ સભ્યો શ્રી. જે. બી. સાણ્ડલ તેમજ શ્રી. એમ. સી. દેસાઈની અનુક્રમે વિજ્ઞાન તેમજ વાણિજ્ય વિદ્યાશાખાના ડીન તરીકે વરણી થઈ હોવાથી તેઓશ્રી પરીક્ષા સમિતિના એકસ ઑફિશિયો સભ્ય બને છે; માટે તેમની અવેજીમાં સિન્ડિકેટ તરફથી વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓ માટે બીજા બે સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય એમ. સી. દેસાઈની જગ્યાએ શ્રી. ધનવદન એમ. નાણાવટીની નિમણૂક કરવી.

(**નોંધ.**— આચાર્ય જે. બી. સાણ્ડલને, સદરહુ સમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિ તરીકે નીમવામાં આવેલા નથી તે જોતાં, તે અંગે કશું કરવાપણું રહ્યું નહિ.)

૫૧. યુનિવર્સિટીના સને ૧૯૫૯-૬૦ના હિસાબો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી ઑડિટરોએ તપાસેલા અને સર્ટિફાઈ કરેલા, યુનિવર્સિટીના સને ૧૯૫૯-૬૦ના હિસાબો મંજૂર કરવા.

૫૨. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા ડેમો-સ્ટ્રેટર શ્રી. એસ. એમ. આપ્ટેનો તા. ૪-૧-૧૯૬૨ના રોજ અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા બાબત.

શ્રી. એસ. એમ. આપ્ટેની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. એમ. આપ્ટેને તા. ૫-૧-૧૯૬૨થી મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં ડેમોન્સ્ટ્રેટર તરીકે કાયમ કરવા.

૫૩. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં રિસર્ચ ફેલો કુ. કે. કે. સિંગની સેવાનો એક વર્ષનો સમય તા. ૫-૧૧-૧૯૬૧ના રોજ પૂરો થતો હોઈ તેમને વધુ એક વર્ષ માટે ચાલુ રાખવા માટે સદરહુ વિદ્યાભવનના અધ્યક્ષની ભલામણ પર વિચારણા કરવા બાબત તથા તે દરમિયાન ઉપકુલપતિશ્રીના આદેશ અનુસાર તેમને તા. ૩૧મી ડિસેંબર ૧૯૬૧ સુધી મુદત વધારી આપવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી, તથા કુ. કે. કે. સિંગની નિમણૂકની મુદત, તા. ૪-૧૧-૧૯૬૨ સુધી લંબાવવી.

૫૪. સને ૧૯૫૯-૬૦ અને ૧૯૬૦-૬૧ના વર્ષ દરમિયાન યુનિવર્સિટીને અર્થ કરતાં આવકનો વધારો અનુક્રમે રૂા. ૫,૨૨,૧૪૫-૬૨ અને રૂા. ૨,૭૦,૩૬૯-૬૮નો થયેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "યુનિવર્સિટી કેમ્પસ ડેવેલપમેન્ટ ફંડ" ખાતે રૂા. ૨,૦૦,૦૦૦ની રકમ "ઇયરમાર્ક્ડ" કરીને જમા લેવી, તથા "મેચિંગ ગ્રાન્ટ્સ ફંડ" નામનું એક નવું ફંડ ઊભું કરીને તે ખાતે રૂા. ૫,૫૦,૦૦૦ની રકમ "ઇયર માર્ક્ડ" કરીને જમા લેવી.

૫૫. યુનિવર્સિટીમાં જુનિ. ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એચ. એમ. શાહને એન્સર-બુકના પલ્પિંગ અંગે ગોંડલમાં દશ દિવસ કરતાં ૧૮ દિવસના વધુ રોકાણ માટે પૂરેપૂરું ભથ્થું (એટલે કે રૂ. ૧-૭૫) આપવા અંગે તેઓની તા. ૧૮-૧૦-૧૯૬૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એચ. એમ. શાહને તેમના ૧૮ દિવસના વધુ રોકાણ માટે, દૈનિક રૂા. ૧-૭૫ લેખે, અપવાદ તરીકે ભથ્થું આપવું.

૫૬. ગણિતની અભ્યાસસમિતિની તા. ૯-૯-૧૯૬૦ની ભલામણો ઉપર સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૨-૧૯૬૧ની સભાના ઠરાવ પર વિચારણા કરી ગણિતની અભ્યાસસમિતિની તા. ૩૧-૭-૧૯૬૧ની સભાએ કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

ગણિતની અભ્યાસસમિતિની તા. ૯-૯-૧૯૬૦ની ભલામણો

"1. The Registrar is requested to inform the Examiners to submit typed reports.

2. The Board recommends that the Gujarati and English version of the question-papers in Mathematics and Statistics be printed separately."

સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૨-૧૯૬૧ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ."

તા. ૩૧-૭-૧૯૬૧ના રોજ મળેલી ગણિતની અભ્યાસસમિતિની ભલામણ

"બોર્ડના આ બે ઠરાવો તેના હેતુઓની સ્પષ્ટતા કર્યા વગર સાદા રૂપમાં થયા તેથી કદાચ સિન્ડિકેટને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવી ન શકયો હોય એમ આ બોર્ડ માને છે. ખાસ કરીને ઠરાવ નં. ૨ ગણિતના પરીક્ષણ માટે બહુ અગત્યનો હોઈ તે અંગે નીચેનાં કારણોસર પુનર્વિચારણા કરવા બોર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે.

બી.એસસી. તથા એમ.એસસી.નાં ગણિત અને સ્ટેટિસ્ટિક્સનાં બધાં મળીને ૩૬થી વધુ પેપરો દર વર્ષે હોય છે. દરેક પેપરમાં સરેરાશ ૧૨ સવાલ હોય છે. બીજગણિત કે અવકલ સમીકરણો જેવાં પાંચ જેટલાં પેપરો બાદ કરતાં બાકીનાં ત્રીસ ઉપરાંત બધાંજ પેપરોમાં દરેક સવાલમાં એક થિયરી તથા એક દાખલો એમ બે ભાગ આવે છે અને પ્રત્યેક ભાગમાં ઓછામાં ઓછી ચાર છાપેલી લીટી તથા એકાદ ગણિતનું સાંકેતિક માળખું, જેવું કે —

$$\left[1 - \frac{(2/y)^2}{3/n}\right]^{\frac{3}{2}} \Big/ d^2 y/a^2 n^2.$$

આથી વધુ છાપેલી લાઇન બે ભાગ વચ્ચે પૅરેગ્રાફની જગ્યા અને ગણિતસંકેતનું એકાદું માળખું એમ આવે, તેથી ટાઇટલ પેજ ઉપર ત્રણ સવાલ અને બીજા પાના ઉપર પાંચ સવાલ વધુમાં વધુ સમાઈ શકે એ જોતાં દર વર્ષે છપાતાં બી.એસસી. અને એમ.એસસી.નાં ગણિતનાં પેપરોમાંનાં ત્રીસ ઉપરાંત પેપરો જો એક જ ભાષામાં છાપવામાં આવે તો ઓછામાં ઓછાં અઠી પાનાંનાં અને વધુમાં વધુ ચાર પાનાંનાં થાય છે અને પ્રત્યેક સવાલ પહેલાં ગુજરાતીમાં અને પછી નીચે જ તે સવાલ અંગ્રેજીમાં એ પ્રમાણે છાપીએ તો ઘણાંખરાં પેપરો પાંચથી આઠ ફૂલસ્કેપ પાનાંનાં થાય છે. પેપરનું આવડું મોટું કદ થવાથી નીચે પ્રમાણે મુશ્કેલી થાય છે:

૧. વિદ્યાર્થીને આખું પેપર જોઈ જવા માટે કાઈક વાર ૮ પાનાં ફેરવવાં પડે છે, જે લગભગ નાની પુસ્તિકા જ થઈ ગણાય.

૨. પેપર લખતાં લખતાં પમો, ૬ઠ્ઠો કે ૭મો સવાલ વિદ્યાર્થીને જો શરૂ કરવો હોય તો બે કે ત્રણ પાનાંના પેપરમાં જેટલી સરળતાથી આ પ્રશ્નો વિદ્યાર્થી જોઈ શકે તેટલી સરળતાથી ૮ પાનાંના પેપરમાંથી ન જ જોઈ શકે.

૩. ગુજરાતી અને અંગ્રેજી સવાલો એક નીચે એક એમ છાપવાના હોવાથી ગુજરાતી વાકયોની વચ્ચે આવતું ગણિતસંકેતનું માળખું ગુજરાતી તથા અંગ્રેજી વિભાગો માટે જુદું કંપોઝ કરવું પડે છે. આવાં પેપરો છાપવામાં મુશ્કેલ અને આવા ગણિતસંકેતોનું કંપોઝ કરવાનું કામ સમય લેનારું હોય છે, તેથી આ મુશ્કેલ કામ બેવડાય છે અને તેથી ઘણી વખત (ખાસ કરીને એમ.એ.-એમ.એસસી. પરીક્ષામાં) પેપર સમયસર કમ્પોઝ થઈ શકતું નથી.

૪. પહેલાં બારેબાર પ્રશ્નો ગુજરાતીમાં છાપીને પછી તે જ બારેબાર પ્રશ્નો અંગ્રેજીમાં છાપીને પેપર તૈયાર કરવામાં આવે તો એક ભાષા માટે કમ્પોઝ કરેલું ગણિતસંકેતનું માળખું તે ભાષાનું પાનું છપાઈ જાય એટલે એમને એમ ઉઠાવીને બીજી ભાષામાં યોગ્ય જગ્યાએ મૂકી દેવાય અને આમ ભૂલ ઉત્પન્ન કરનાર, સમય લેનાર અને મુશ્કેલ કંપોઝનું કામ બેવડાવવાની જરૂર ન રહે.

બી.એસસી. તથા એમ.એસસી.નાં ગણિત તથા સ્ટેટિસ્ટિકસનાં પ્રશ્નપત્રોમાં પ્રત્યેક પ્રશ્ન પહેલાં ગુજરાતીમાં અને પછી તરત જ અંગ્રેજીમાં એ પ્રમાણે છાપવાને બદલે પહેલાં બધા પ્રશ્નો સળંગ ગુજરાતીમાં અને પછી બધા પ્રશ્નો સળંગ અંગ્રેજીમાં છાપવા દેવાની પરવાનગી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની નીચેની ભલામણો મંજૂર કરવી:

"1. The Registrar is requested to inform the Examiners to submit typed reports.

2. The Board recommends that the Gujarati and English versions of the question-papers in Mathematics and Statistics be printed separately."

૫૭. એપ્રિલ ૧૯૬૧ની બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૮૪૭ શ્રી. ભૂપેન્દ્ર દુર્લભભાઈ નાયક કે જેમને ઉત્તીર્ણ જાહેર કરવામાં આવેલ છે તેમણે પોતે જરૂરી હાજરી ભરી નથી. પરંતુ તેમના વતી હાલમાં સીનિયર બી.એ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી. એસ. સી. પટેલ હાજરી પુરાવતા હતા, તે બાબતના કેસ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સંબંધમાં પોતાની કૉલેજમાં હાજરી પૂરવાની બાબતમાં વધુ કાળજી રાખવાની જરૂર છે તે તરફ કૉલેજનું ધ્યાન ખેંચીને તેઓ તે અંગે શાં પગલાં લેવા માગે છે તે પુછાવવું.

૫૮. યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષાના કામ માટે ખરીદવામાં આવનાર હૉલેરિથ મશીનના ટેબ્યુલેટર તથા રિપ્રોડ્યુસર ભાગોમાં જરૂરી ફેરફાર કરવા અંગે મેસર્સ ઇન્ટરનેશનલ કૉમ્પ્યુટર્સ એન્ડ ટેબ્યુલેટર્સ (ઇન્ડિયા) પ્રા. લિ., મુંબઈ તરફથી આવેલ તા. ૧૭-૧૧-૬૧ના પત્ર પ્રમાણે જરૂરી એગ્રીમેન્ટ કરવા માટે ઉપકુલપતિશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—આથી રૂા. ૨૮નું માસિક ખર્ચ ઘટશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૯. ફાઇનાન્સ કમિટીની તા. ૧-૧૨-૧૯૬૧ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

તા. ૧-૧૨-૧૯૬૧ના રોજ ફાઇનાન્સ કમિટીની સભા મળી શકી નહોતી તે જોતાં, તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૬૦. રાજ્ય સરકારના જાહેર બાંધકામ ખાતાના ઑવરસિયરો સર્વશ્રી. જી. જી. શાહ અને એ. વી. પોટાની ઉછીની લીધેલી સેવાઓ માટેની શરતો મંજૂર કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ ભાઈઓની સેવાઓ સિન્ડિકેટના તા. ૮-૪-૧૯૬૧ના ઠરાવ પ્રમાણે રાજ્ય સરકાર પાસેથી ઉછીની માગવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારના જાહેર બાંધકામ ખાતાના ઑવરસિયરો સર્વશ્રી. જી. જી. શાહ અને એ. વી. પોટાની ઉછીની લીધેલી સેવાઓ માટેની શરતો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી શરતોની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૬૧. કલકત્તા મુકામે તા. ૨૮મી ડિસેંબર ૧૯૬૧થી તા. ૧લી જાન્યુઆરી ૧૯૬૨ દરમિયાન મળનાર ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૧મા અધિવેશનમાં ગુજરાત યુનિવર્સિટીના એક અથવા બે પ્રતિનિધિઓ મોકલવાની વિનંતી કરતા પરિષદ-મંત્રીના તા. ૨૫-૧૧-૧૯૬૧ના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. પ્રબોધ પંડિત તથા આચાર્ય મનસુખલાલ ઝવેરીને નીમવા.

૬૨. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે દર્શાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ અંગે રેફરીના રિપોર્ટને અનુલક્ષીને તેમને તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. ઘડિયાળી મહેન્દ્ર પોપટલાલ	ભૌતિકવિજ્ઞાન	એમ.એસસી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૩. Participation by Students in Political Demonstrations એ વિષય પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તા. ૨૧-૧૦-૧૯૬૧ના પત્રાંક એફ. ૩૪-૧૫/૬૧(કેપ) સાથે આવેલ ભારત સરકારના કેળવણી ખાતાના તા. ૨૬-૯-૧૯૬૧ના પત્રાંક એફ. ૧૨-૧૩૬/૬૧ યુ.૫(પાંચ) પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૪. "યુથ હૉસ્ટેલ્સ ઍસોસિયેશન ઑફ ઇન્ડિયા"ની છઠ્ઠી રાષ્ટ્રીય યુથ હૉસ્ટેલ પરિષદ, આગામી જાન્યુઆરી માસમાં તા. ૧થી ૪ દરમિયાન વડોદરા મુકામે યોજાનાર હોઈ, તે પરિષદમાં ભાગ લેવા આ યુનિવર્સિટી તરફથી એક પ્રતિનિધિ મોકલવા માટે, તે સંસ્થાના રાષ્ટ્રીય મંત્રી તરફથી આવેલ તા. ૨૪-૧૧-૧૯૬૧ના પત્રાંક ૧૬૫૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. જે. જે. શાહને નીમવા.

૬૫. આગામી ડિસેંબર માસની તા. ૨૬થી ૨૮, ૧૯૬૧ દરમિયાન વારાણસી મુકામે, "ધી ફિફ્થ કૉન્ફરન્સ ઑફ ટીચર્સ ઑફ લૉ ઇન ઇન્ડિયા" મળનાર હોઈ આ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે, બનારસ હિન્દુ લૉ કૉલેજના આચાર્યના તા. ૨૩મી નવેમ્બર ૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૬ તરીકે થઈ ગયેલી હોઈ, તે પરત્વે વિશેષ કશું કરવાપણું રહ્યું નહિ.

૬૬. મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. પી. એચ. પ્રભુને કુલગ્રાઉટ વિઝિટિંગ પ્રોફેસરશિપ અંગે નવ મહિનાની રજા આપેલ હોવાથી અને તેમનો અધ્યક્ષ તરીકેનો ચાર્જ શ્રી. સી. ટી. ભોપટકર પાસે તા. ૨૨-૮-૧૯૬૧થી હોવાથી ડૉ. સી. ટી. ભોપટકરને ઍક્ટિંગ ઍલાવન્સ આપવાના સવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાભવનના અધ્યક્ષની ગેરહાજરીમાં વિદ્યાભવનનું કામકાજ સંભાળવા માટે, ડૉ. સી. ટી. ભોપટકરને તા. ૨૩-૮-૧૯૬૧થી માસિક રૂા. ૮૦નું ભથ્થું આપવું.

૬૭. મનોવિજ્ઞાન વિદ્યાભવન માટે લૅબોરેટરી અંગેનાં વૈજ્ઞાનિક સાધનો ખરીદવાના હેતુથી અંદાજપત્રમાં રૂા. ૨૫,૦૦૭ની વધુ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે, ચાલુ વર્ષના અંદાજપત્રમાં વધારાના રૂા. ૧૮,૦૦૦ની જોગવાઈ કરવી.

૬૮. ગુજરાત યુનિવર્સિટીની આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૫-૧૧-૧૯૬૧ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૫-૧૧-૧૯૬૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૬૯. સને ૧૯૬૨ના પ્રથમ ભાગમાં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ કરવાની ઓ. ૧૨૯ મુજબની તારીખોમાં ફેરફાર કરીને કાર્યાલયે સૂચવેલ તારીખોએ પરીક્ષાઓ શરૂ કરવા માટેના સમયપત્રક પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૬૨ના પૂર્વાર્ધમાં લેવાનારી યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ કરવાનો, કાર્યાલયે સૂચવેલો કાર્યક્રમ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા કાર્યક્રમની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૭૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી ડૉક્ટરેટ ડિગ્રી સિવાયના યુનિવર્સિટી દ્વારા સ્વીકૃત મહાનિબંધો (Humanities)ના પ્રકાશન અંગે રૂા. ૧૦,૦૦૦થી વધુ નહિ એમ ૫૦ ટકા જેટલી આર્થિક સહાયની યોજનાને અનુલક્ષીને તે પરત્વે, તેવા છપાવવા યોગ્ય મહાનિબંધોની કમિશનને ભલામણ કરવા અંગે તથા બાકીનું ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચના પ્રાધ્યાપક શ્રી. હરિહરભાઈ ભટ્ટે કરેલ શ્રી. એસ. બી. દીક્ષિત રચિત "History of Indian Astronomy"ના અનુવાદને પ્રસિદ્ધ કરવા માટે ભલામણ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત, પ્રકાશનો અંગેની વહીવટી સમિતિની વિચારણા માટે મોકલવી.

૭૧. માર્ચ/એપ્રિલ તેમજ ઑક્ટોબર ૧૯૬૧માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો, પરીક્ષકો તેમજ ગેરવાજબી કલાકો અજમાવનાર વિદ્યાર્થીઓના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૯-૧૧-૧૯૬૧ના રોજ મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૯-૧૧-૧૯૬૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "દ"** તરીકે સામેલ છે.)

૭૨. તા. ૧૭-૪-૧૯૬૧ની સિન્ડિકેટે ભાષાંતર કરનાર માટે તથા મૌલિક પુસ્તક તૈયાર કરનારને પુરસ્કાર આપવા જે ધોરણ સ્વીકારેલું છે (અનુવાદિત કૃતિના ½ ડેમી કદના પ્રત્યેક પાના દીઠ રૂ. ૫થી ૭ અને મૌલિક કૃતિના ½ ડેમી કદના પ્રત્યેક પાના દીઠ રૂ. ૧૦થી વધારે નહિ) તેમાં નીચે પ્રમાણે સુધારો કરવા પ્રકાશન અંગેની વહીવટી સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે તેના પર વિચારણા કરવા બાબત :

"જે વ્યક્તિને પ્રત્યેક પાના દીઠના પુરસ્કારના ઉપરોક્ત દર માન્ય ન હોય તેમને પુસ્તકના વેચાણ ઉપર યુનિવર્સિટીના નાણાકીય વર્ષના અંતે પ્રથમ આવૃત્તિ માટે ૨૦ ટકાના દરે રોયલ્ટી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, જે વ્યક્તિઓને, પ્રત્યેક પાના દીઠ સંપૂર્ણ કોપીરાઇટ આપવા માટે ઉપરના દર માન્ય ન હોય તેમને, પુસ્તકના વેચાણ પર, યુનિવર્સિટીના નાણાકીય વર્ષને અંતે, નીચેના દરે રોયલ્ટી આપવાનું રાખવું :

પહેલી ૫,૦૦૦ સુધીની નકલો માટે	...	૧૫ ટકા
૫,૦૦૧થી ૧૦,૦૦૦ સુધીની નકલો માટે	...	૧૨½ ટકા
૧૦,૦૦૦થી વધુ નકલો માટે	...	૧૦ ટકા

૭૩. સમાજ વિદ્યાભવનમાં કામ કરતા પટાવાળા શ્રી. વાઘેલા ચીમનલાલ કેશવલાલનો અજમાયશી સમય તા. ૧૧ નવેમ્બર, ૧૯૬૧ના રોજ પૂરો થયો હોઇ તેમને કાયમ કરવા બાબત.

શ્રી. વાઘેલા ચીમનલાલ કેશવલાલની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. વાઘેલા ચીમનલાલ કેશવલાલને તા. ૧૨-૧૧-૧૯૬૧થી પટાવાળા તરીકે કાયમ કરવા."

કામકાજની યાદી પરનાં બાકી રહેલાં કામો પર વિચારણા કરવા માટે સિન્ડિકેટની સભા રવિવાર, તા. ૩-૧૨-૧૯૬૧ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે રાખવામાં આવી, પણ "કોરમ" ના અભાવે કામકાજ આગળ ચાલી શકયું નહિ.

નં. સિં./૦૫૫૬૩-૭૮/૧૯૬૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ડિસેંબર ૧૪, ૧૯૬૧.
માર્ગશીર્ષ ૨૩, ૧૮૮૩ (શક).

ક. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૪

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (Legal) સમિતિની એક સભા તા. ૬-૧૧-૧૯૬૧ને સોમવારના રોજ સાંજના ૫-૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૪. શ્રી. ઘનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર
૫. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર

ઉપકુલપતિશ્રીએ સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું.

૧. સિન્ડિકેટે તેની તા. ૨૧-૧૦-૧૯૬૧ની સભામાં કામકાજ નં. ૧૭થી નીચેની બાબત આ સમિતિને અભિપ્રાય માટે મોકલાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"બી.એ. (એક્સ્ટર્નલ પરીક્ષા) ૧૯૬૧, અંગે જે વિદ્યાર્થીઓનાં પરિણામ તેમના રજિસ્ટ્રેશનની તપાસ અંગે અનામત રાખવામાં આવેલ છે તે અંગેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત :

(અ) નીચે જણાવેલ બેઠક નંબરવાળા વિદ્યાર્થીઓ કે જેમણે ઉપરોક્ત પરીક્ષાના રજિસ્ટ્રેશન માટે યુનિવર્સિટીના નિયમ મુજબ જૂના મુંબઈ રાજ્યમાં જરૂરી વસવાટ કરવો જોઈએ તે તેમણે કર્યો નથી તેમ સ્પષ્ટપણે કબૂલ કરે છે. આ વિદ્યાર્થીઓએ પોતાની રજિસ્ટ્રેશનની અરજીમાં રહેઠાણ અંગેનું ખોટું નિવેદન કરેલું હોઈ તેમનાં રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવા તથા તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા વગેરેની ફી જપ્ત (forfeit) કરવા તથા તેમનાં પરિણામ રદ થયેલાં ગણવા ભલામણ છે :

રાજકોટ જૂથ :

નંબર : ૩૬૭, ૭૮૪, ૩૧૬૬, ૩૨૫૩, ૩૨૫૮, ૩૨૬૨, ૩૨૬૫, ૩૨૬૬, ૩૨૬૭, ૩૨૬૯, ૩૨૭૦, ૩૩૪૨, ૩૩૪૮, ૩૩૫૧, ૩૩૫૭, ૩૩૬૨, ૩૩૬૬, ૩૩૮૨, ૩૫૦૯, ૩૬૦૦, ૩૬૦૩, ૩૬૦૭, ૩૬૦૯, ૪૨૭૪, ૪૨૭૫, ૪૨૭૭, ૪૨૮૦, ૪૨૮૧, ૪૨૮૨, ૪૨૮૬ અને ૪૨૮૭.

નાગપુર જૂથ :

નંબર : ૩૮૬૬ અને ૪૧૫૬.

(બ) નીચે જણાવેલ વિદ્યાર્થીઓના બી.એ. (એક્સ્ટર્નલ પરીક્ષા) ૧૯૬૧ની પરીક્ષા માટેના રજિસ્ટ્રેશન અંગેના જરૂરી વસવાટ બાબત અંગેના ખુલાસા સંતોષકારક જણાતા હોઈ તેમનાં પરિણામ જાહેર કરવા ભલામણ છે :

નંબર : ૩૪૦૩ અને ૪૨૪૨.

(ક) નીચે જણાવેલા વિદ્યાર્થીઓના બી.એ. (એક્સ્ટર્નલ પરીક્ષા) ૧૯૬૧ની પરીક્ષા માટે રહેઠાણ અંગેનાં નિવેદન ખરાં હોવાનો પોલિસનો હેવાલ આવેલ છે, તથા તે ઉપરાંત રહેઠાણ અંગેના જે પુરાવા રજૂ કરેલા છે તે જોતાં તેમનાં પરિણામ જાહેર કરવા ભલામણ છે :

નંબર : ૩૭૬૮, ૪૨૦૪ અને ૪૨૬૪.

(**નોંધ.**— પોલિસને આ હકીકતની જાણ કર્યા બાદ એક અઠવાડિયા પછી પરિણામ જાહેર કરવા સૂચન છે.)

૨. (અ) બી.એ. (એક્સ્ટર્નલ) પરીક્ષા, ૧૯૬૧ના બાકી રહેલા તપાસ હેઠળના કેસો પૈકીના કેટલાક વિદ્યાર્થીઓના કેસો ઉપર વિચારણા કરવા બાબત :

બી.એ. (એક્સ્ટર્નલ પરીક્ષા) ૧૯૬૧ના ઇન્કવાયરી કેસો પૈકીના નીચે જણાવેલ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન અંગેના જરૂરી વસવાટ અંગેના પુરાવા રજૂ કર્યા છે તે છતાં તેમના નંબર સામે સૂચવ્યા મુજબ વધુ તપાસ કરવા ભલામણ છે :

નંબર ૩૬૦૪	...	તેમના ઉત્તરપત્રો કઢાવવા તથા તેમના રહેઠાણ અંગે તેઓ જે વ્યક્તિની સાથે રહેવાનું જણાવે છે તેમને પુછાવવું કે તેમનો આ ભાઈની સાથે શો સંબંધ છે અને આ ભાઈ ત્યાં શું કરતા હતા વગેરે અંગે માહિતી મગાવવી.
નંબર ૩૨૫૫	...	શ્રી. સિંઘ અને તેમની વચ્ચે થયેલ પત્રવ્યવહાર રજૂ કરવા અને જો હાલમાં નોકરી કરતા હોય તો તેની વિગત જણાવવા લખવું. ઉપરાંત તેમના ઉત્તરપત્રો કઢાવવા તથા આ ભાઈના જવાબમાંથી તપાસના અન્ય મુદ્દાઓ પણ જોઈ જવા.
નંબર ૪૧૬	...	જેમને ત્યાં આ વિદ્યાર્થી રહેતા હતા તે બાબતમાં પુછાવવું. તેમની પરીક્ષાની ઉત્તરવહીઓમાં માધ્યમ તરીકે કઈ ભાષા વાપરી છે તે જોવું તથા શકય તેટલી અન્ય તપાસ કરવી.
નંબર ૪૧૯૮	...	ઉપર મુજબ.
નંબર ૪૨૬૩	...	ઉપર મુજબ.
નંબર ૪૨૨૭	...	પોલિસનો હેવાલ મગાવવો.
નંબર ૪૨૨૯	...	અમદાવાદમાં વસવાટ અંગેની વિગતો તથા પુરાવા મગાવવા.

(૫) બી.એ. (રજિસ્ટ્રેશન પરીક્ષા) ૧૯૬૧ના તપાસ હેઠળના કેસો પૈકીના નં. ૭૮૦, ૭૮૭, ૧૯૨૯ અને ૪૨૩૦ના વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન માટેના રહેવાણ અંગેની ઍફિડેવિટ રજૂ કરેલ છે; પરંતુ તેઓ જૂના મુંબઈ રાજ્યની બહાર નોકરી કરે છે તે સંસ્થાના અધિકારીઓને પૂછતાં તેઓ ઘણા વખતથી નોકરી કરે છે તેમ જ રજિસ્ટ્રેશન માટેના આ નિયત સમય દરમિયાન પણ રજા ઉપર નહોતા તે રીતે જોતાં તેમની ઍફિડેવિટ વગેરે ખોટી જણાય છે, તો તેમનાં રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવાં, પરિણામ રદ ગણવાં અને તેમની તમામ ફી જપ્ત કરવી તથા તેમને ડિસેંબર ૧૯૬૨ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં પ્રવેશ માટે બિનલાયક ગણવા.

વિદ્યાર્થી નંબર ૧૩૪૫ કે જેઓ જૂના મુંબઈ રાજ્યની બહાર નોકરી કરે છે તે સંસ્થાના અધિકારીને પૂછતાં તેઓ રજિસ્ટ્રેશન માટેના નિયત સમય દરમિયાન જૂના મુંબઈ રાજ્યમાં રહ્યા નથી તેમ જણાય છે. આ વિદ્યાર્થીએ કોઈ પણ જાતનો જવાબ આપેલ નથી, તે રીતે જોતાં તેમનું રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવું, પરિણામ રદ ગણવું તથા તેમની તમામ ફી જપ્ત કરવી.

(૬) નીચે જણાવેલ બી.એ. (એકસ્ટર્નલ પરીક્ષા) ૧૯૬૧ના તપાસ હેઠળના કેસો પૈકીના નીચે જણાવેલા જે વિદ્યાર્થીઓ પોલિસે તપાસ્યા હતા અને તેઓ રજિસ્ટ્રેશન માટેના નિયત સમય દરમિયાન જૂના મુંબઈ રાજ્યની બહાર રહેતા હોવાનું પોલિસને જણાવેલ છે તે જોતાં તેમનાં રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવાં, પરિણામ રદ ગણવાં તથા તેમની તમામ ફી જપ્ત કરવી.

નંબર: ૯૮૩, ૩૬૨૬, ૩૭૧૮, ૩૭૨૪, ૩૭૪૪, ૩૭૫૪, ૩૭૫૫, ૩૭૭૮, ૩૯૦૬, ૩૯૦૭ અને ૪૨૯૭.

(૭) ૧૯૬૧ની બી.એ. (એકસ્ટર્નલ પરીક્ષા)ના તપાસ હેઠળના કેસો પૈકી નીચે જણાવેલ વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન માટેના રહેવાણ અંગે સંતોષકારક ખુલાસા મોકલવા માટે પત્રો લખવામાં આવ્યા હતા, પરંતુ હજુ સુધી તેમના તરફથી કોઈ પણ જાતના જવાબ આવેલ નથી તો તેમનાં રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવાં, તેમનાં પરિણામ રદ ગણવાં તેમ જ તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા વગેરેની તમામ ફી જપ્ત કરવી.

નંબર: ૧૯૪૯, ૩૬૨૭, ૩૭૧૬, ૩૮૫૦, ૪૧૬૧, ૪૧૬૩, ૪૧૭૩, ૪૧૭૭, ૪૨૦૧ અને ૪૨૨૮.

(૮) ૧૯૬૧ની બી.એ. એકસ્ટર્નલ પરીક્ષાના ઇન્કવાયરી કેસો પૈકી નીચે જણાવેલ વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન માટેના રહેવાણ અંગે સંતોષકારક ખુલાસા મોકલવા માટે પત્રો લખવામાં આવ્યા હતા, જે કાર્યાલયમાં પરત આવ્યા છે તેમ જ તેમનાં બીજાં કોઈ સરનામાં કાર્યાલયના દફ્તરમાં નથી. વિદ્યાર્થીઓ તરફથી પરિણામ બાબતમાં કોઈ પત્રો આવ્યા નથી તે જોતાં તેમનાં રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવાં, પરિણામ રદ ગણવાં, તેમ જ તેમની તમામ ફી જપ્ત કરવી.

નંબર: ૮૧૪, ૪૧૭૬, ૪૧૯૭, ૪૨૨૬ અને ૪૨૪૦.

૩. ૧૯૬૦ની બી.એ. (જનરલ) એકસટર્નલ પરીક્ષામાં સફળ થનાર વિદ્યાર્થી સર્વશ્રી. જૈન રિખાબદાસ તથા માથુર ભનવરલાલના રહેઠાણ બાબતની ફરિયાદ અંગે શ્રી. મોહનલાલ ભોમચંદના પત્ર પર વિચારણા કરવા બાબત.

આ બાબતમાં આ તબક્કે હાલમાં કાંઈ પણ કરી શકાય તેમ નથી એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

૪. સિન્ડિકેટે તેની તા. ૭-૧૦-૧૯૬૧ની સભામાં કામકાજ નં. ૭૨થી નીચેની બાબત આ સમિતિને અભિપ્રાય માટે મોકલાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના એમ્પ્લોઈઝ યુનિયનના ઑનરરી જનરલ સેક્રેટરી તરફથી વર્ક્સ કમિટી માટે તેમણે સૂચવેલાં નામોની યાદી તથા તે કમિટીની સભા બોલાવવા તેમના તા. ૩૦-૯-૧૯૬૧ના કાગળ ઉપર વિચારણા કરવા બાબત."

આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

ક. ચ. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૯

ફાઇનાન્સ કમિટીની તા. ૬-૧૧-૧૯૬૧ની સિન્ડિકેટને ભલામણો

૧. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગ માટે રૂા. ૧૯,૧૦૦ની સી.આઈ.એફ. કિંમતના ગ્લાસવેર સાધનો આયાત કરવા માટે ભલામણ કરવામાં આવે છે.

૨. યુનિવર્સિટી પ્રેસ માટે જરૂરી મશીનરી ખરીદવા અંગે મે. પ્રિન્ટર્સ એમ્પોરિયમ, અમદાવાદ સાથે મૂકવામાં આવેલ ઓર્ડર તેઓના બદલે તેઓના પ્રિન્સિપાલ મે. ઇન્ડો-યુરોપીયન મશીનરી કું. પ્રા. લિ., મુંબઈ ને ટ્રાન્સફર કરી આપવા ભલામણ કરવામાં આવે છે.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૬૦

બાંધકામ સમિતિની એક સભા તા. ૯-૧૦-૧૯૬૧ને સોમવારના રોજ સાંજના ૬-૦૦ કલાકે ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ	હાજર
૩. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૪. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૫. શ્રી. ટી. એ. દેસાઈ	હાજર
૬. શ્રી. ડી. જે. મહેતા	હાજર

૧. બાંધકામ સમિતિની તા. ૭-૮-૧૯૬૧ની સભાની કાર્યવાહીની નોંધને મંજૂર કરવા બાબત :

બાંધકામ સમિતિની તા. ૭-૮-૧૯૬૧ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે ઉપર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ઉપકુલપતિશ્રીના બંગલાના ચોગાનમાં મોટર માટે એ ગૅરેજ બાંધવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના બંગલાઓના ચોગાનમાં મોટર માટે એ ગૅરેજ બાંધવાનો પ્રસ્તાવ મંજૂર કરવા તથા આ કામ માટે આલેખ તથા અંદાજ તૈયાર કરવાનું કામ સ્થપતિ શ્રી. બી. વી. દોશીને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. વિદ્યાર્થિનીઓના છાત્રાલયની સાઇટ પર આંબાનાં ઝાડ આવતાં હોવાથી સાઇટ-પ્લાન અંગે પુનર્વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થિનીઓ ॥ છાત્રાલયના સ્થળ પર આંબાનાં ઝાડ આવતાં હોવાથી તેની ૭૧મા સભામાં રજૂ થયેલા આલેખ પ્રમાણે સૂચિત રસ્તાથી થોડી પાછી નક્કી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. અતિથિગૃહના મકાનના સાઇટ-પ્લાન અંગે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, સૂચિત અતિથિગૃહનું મકાનનું સ્થળ અધ્યક્ષશ્રીના બંગલાની ઉત્તર બાજુએ સભામાં રજૂ થયેલા આલેખમાં બતાવ્યા પ્રમાણે રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી કાર્યાલયની ઉત્તર અને દક્ષિણ બાજુની બંને પાંખોમાં ટેરેરા ઉપર વૉટર-પ્રૂફિંગ કરવા અંગે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયની ઉત્તર અને દક્ષિણ બાજુની બંને પાંખોમાં અગાસી ઉપર વૉટર-પ્રૂફિંગ કરાવવા રૂા. ૧૦,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી તથા આ માટે ભાવ મગાવી આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૬. હેલ્થ-સેન્ટરના બાંધકામમાં પ્લિન્થ લેવલ પર આર.સી.સી. કોપિંગ કરવા માટેનો રૂા. ૨,૧૭૦·૫૮ ન. પૈસાનો ખર્ચ મંજૂર કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, આરોગ્યકેન્દ્રના બાંધકામમાં પ્લિન્થ લેવલ પર આર.સી.સી. કોપિંગ કરવા માટે રૂા. ૨,૦૦૦નો વધારાનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, આ કોપિંગનો દર ઘનફૂટે રૂા. ૫·૫૦ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. પ્રેસ બિલ્ડિંગ તથા પ્રેસ મૅનેજરના બંગલાના બાંધકામમાં થયેલા વધારાના કામકાજ માટે સ્થપતિની ભલામણ પ્રમાણેના ભાવ ગણતાં ૫૦ ટકાની રકમ કૉન્ટ્રાક્ટરને હિસાબે આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, મુદ્રણાલયના મકાન તથા પ્રેસ મૅનેજરના બંગલાના બાંધકામમાં થયેલા વધારાના કામકાજ માટે સ્થપતિની ભલામણ પ્રમાણેના ભાવ ગણતાં ૫૦ ટકાની રકમ કૉન્ટ્રાક્ટરને હિસાબે (on account) આપ્યાની ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૮. કૉન્ટ્રાક્ટર મે. દલાલ ઍન્ડ પટેલના તા. ૨૦-૮-૧૯૬૧ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, હેલ્થ-સેન્ટરના જૂના કૉન્ટ્રાક્ટર મે. દલાલ ઍન્ડ પટેલ પાસેથી તેમના ટેન્ડર અને મે. કે. બી. મહેતાના ટેન્ડરની રકમનો તફાવત તેમની પાસેથી યુનિવર્સિટીએ માગ્યો હતો, પરંતુ તેના જવાબમાં તેમણે કરેલી અપીલને લક્ષમાં રાખી આ વિષે નિર્ણય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. યુનિવર્સિટી વિસ્તારમાં ટયુબવેલ કરાવવા અંગેના આવેલા ભાવો તપાસી ભલામણ કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં ટયુબવેલ કરવાનું કામ નીચેના દરોથી ધી સુરત કૉટન સ્પિનિંગ ઍન્ડ વીવિંગ મિલ્સ (પ્રાઇવેટ) લિમિટેડને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

Question for Sinking Tube Well

Labour Charges for Drilling

Sr. No.	Firm	Rate 0 to 100 per Rft.	Rate 100 to 200 per Rft.	Rate 200 to 300 per Rft.	Rate 300 to 400 per Rft.	Rate 400 to 500 per Rft.	Rate 500 & onwards per Rft.	Conditions
1.	The Surat Cotton Spg., & Weaving Mills (Pri.) Ltd.							1. 40% amount to be paid advance after completing the works.
	12"×6"	28·00	30·00	32·00	34·00	36·00	3·00 Extra charge per Rft. more for every 100 ft.	2. Balance to be paid within 7 days.
	10"×6"	26·00	28·00	30·00	32·00	34·00	—do—	3. The rates quoted are excluding pipes slotted pipes, gravel.
	8"×6"	24·00	26·00	28·00	30·00	32·00	—do—	4. Gravel Packing extra Rs. 3/- per Rft.
								5. Turbine Pump test Extra Rs. 1,000/- per job.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયના મકાનના બીજે માળે વાયર નેટિંગ અને કાચનાં પાર્ટિશનો કરવા અંગે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના બીજે માળે વાયર નેટિંગ અને કાચનાં પાર્ટિશનો કરવા અંગે આશરે રૂા. ૬,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. સાયન્સ બિલ્ડિંગના કૉન્ટ્રાક્ટર મે. શાહ ઍન્ડ પટવાને સિમેન્ટની ખરીદી ઉપર ઍડવાન્સ આપવા અંગે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ બિલ્ડિંગના કૉન્ટ્રાક્ટર મે. શાહ ઍન્ડ પટવાને સિમેન્ટની ખરીદી ઉપર ઍડવાન્સની રકમ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ઘ"
ઠરાવકાળ ક્રમાંક ૧૮

No. F. 55-H/1/60(G)

UNIVERSITY GRANTS COMMISSION,
OLD MILL ROAD,
NEW DELHI.
Date : 14-8-1961.

From

The Secretary,
University Grants Commission,
New Delhi.

To

The Registrar,
Gujarat University,
Ahmedabad (Gujarat).

Subject.— Implementation of the Commission's Scheme of Travel Grants by the Universities.

Sir,

The University Grants Commission has decided that instead of the Commission selecting candidates for the award of travel grants, it will be a better arrangement to give a grant to each University desiring to send any of its teachers on such visits, leaving the Universities free to utilise the grant according to their needs and under rules for general guidance which are sent herewith.

The revised procedure under which the Commission's scheme of travel grants is transferred to the Universities for implementation is given in Enclosure I.

The maximum annual grant available to your University including the colleges for this scheme is of Rs. 8,000. You are requested to indicate

the amount which will be necessary for meeting expenditure on this account during the current financial year.

Any expenditure that may have been already incurred by the Commission on travel grants to members of your University during the current financial year will be deducted from the total grant permissible to your University for the current year.

You are requested to observe the conditions and rules given in Enclosure I, so that the Commission's assistance for the purpose of travel grants may be made available to the University without delay.

Your attention is particularly invited to paras 8 and 9 of Enclosure I, wherein instructions have been given with regard to the audit certificate and the statement of accounts.

Yours faithfully,

J. N. KAUL,
for Secretary,

* * *

No. Gen./A/U.G.C./(G)/047402-90/61.
Office of the Gujarat University,
Ahmedabad-9.
Date : 18-10-1961.

Copy forwarded with compliments to the Principals of the Affiliated Colleges and Heads of the Recognised Institutions and University Departments.

They are requested to see that the applications (in duplicate), complete in all respects, if any, are forwarded so as to reach this office *latest by 1st November, 1961.*

Incomplete applications and those received after the prescribed date will neither be considered nor returned.

K. C. JANI,
for Registrar.

Rules and regulations for the award of Grants-in-aid to Science Personnel of the Gujarat University to visit Research and Training Centres in India

1. *Purpose of the Award.*— Purpose of the Travel Grants is to enable Science Personnel of this University to get specialised training in their field of work (in order to make progress in their research) at appropriate Centres in India, i.e., various University Centres, National Laboratories and other National Institutions like the Indian Institute of Science, Bangalore; Indian Institute of Technology, Kharagpur; Forest Research Institute, Dehradun; Institute of Nuclear Physics, Calcutta; Tata Institute of Fundamental Research, Bombay; Agricultural Research Institute, Delhi, etc., etc., or such other institutions as the Vice-Chancellor may generally or specifically approve for this purpose.

2. *Eligibility for Travel Grant.*— Teachers, Scholars, Technicians (in case of Science subjects) and such other personnel of Post-graduate Departments in the University and Post-graduate Departments of constituent and affiliated colleges, who have put in at least 2 years as Post-graduate Teachers or actually worked as Asst. Post-graduate Teacher are considered suitable for further training in their fields of specialisation, will be eligible for the travel grant.

3. Applications for the travel award should be sent to the Registrar, Gujarat University, along with the recommendations of the Heads of the Institutions. Final selection will be made by the University.

4. The applicants should give full particulars regarding their qualifications subject in which they are specialising, the place where they want to go, the subject of the visit, and its duration, along with statement of estimated expenditure and the grant asked for.

5. The person selected will be entitled to the following travelling and incidental charges:

(*a*) First Class Railway Fare bothways or actual expenses incurred, if journey is performed by road.

(*b*) Halting Allowance of Rs. 10/- per day for recognised Post-graduate Teachers and Rs. 5/- per day for others.

6. Generally, applications for travel grant will be received by the University twice a year, i.e., by the end of January and the end of October. The period of travel will ordinarily be during a vacation. The period of stay at the selected Research Centres, should not ordinarily exceed three months and should not be less than a fortnight. However, extension may be given by the Vice-Chancellor if he is satisfied regarding special reasons for the longer stay, and the prior approval of the University is asked for.

7. The candidate concerned should obtain from the Head of the Host Institution a certificate to the effect that the topic, chosen for study, can be studied at the Research Centre and for which the candidate will be provided all the facilities available at the centre.

8. On the expiry of the visit of the candidate to the Research Centre, the Head of the Host Institution will be requested to send to the University, a confidential report on the work and conduct of the awardee, during his stay at the Research Centre.

9. Receipients of this travel award will be required to submit a brief report on the expiry of their visit indicating to actual time spent, the nature of work done, and the benefit, derived on the visit.

10. All payments under the grant will be made to the candidate concerned, in two instalments :

(1) Payable in advance, and

(2) At the end of the visit after full account of the expenses incurred are submitted to the University.

11. *Audit Certificate.*— The Head of the Institutions concerned will send to the University, at the end of the financial year, an Audit Certificate in quintuplicate to the effect that the grant has been spent for the purpose for which it has been given, in accordance with the

conditions laid down by the University. (Proforma for the Certificate is given in Appendix 'A'.)

12. The statement of account of the travel award as implemented by the University may be sent to the University Grants Commission, at the end of each academic year. (The proforma to be used is given in Appendix 'B'.)

Appendix 'A'

UTILISATION CERTIFICATE

Date : _____

CERTIFIED that the College/Institution _____ has utilised an amount of Rs. _____ (_____) in the year _____ out of the grant of Rs. _____ paid by the University for the purpose of awarding travel grants. This amount has been spent in accordance with the conditions laid down by the University for governing the Scheme of Travel Grants.

_____ (*Auditors of the Institution*)

_____ (*Principal/Head of Institution*)

Appendix 'B'

Account of Travel Grants Approved and paid by the University of _____

During _____

Sr. No.	Name, designation and department of the candidate	Experience teaching-research	Centre of Research visited by the awardee	No. of days of stay	*Grants paid* Halting Allowance	Rly. fare both ways	Total expenditure incurred	Remarks

Date: _____

Total _____

Amount received from the Commission _____

Amount spent on travel grants _____

Balance _____

REGISTRAR,

University of _____.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૨૨

Audit Report on the Accounts of the Gujarat University, Ahmedabad, for the Year 1959-60

No. L.30/B-2.

Office of the Director of
Accounts and Treasuries,
Local Audit Department,
O.P.D. New Civil Hospital,
Ahmedabad-16.

From

The Assistant Examiner,
Local Funds Accounts,
Ahmedabad-16.

To

The Registrar,
Gujarat University,
Ahmedabad.

